THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ ટ્રસ્ટ સ્થાપિત

**સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય મંડળ**

પ્રથમ શ્રેણી-પુષ્પ દશમું

# વિશ્વોદ્ધારક શ્રી મહાવીર

**ભાગ ૨જો**

: લેખક :

**મફતલાલ સંઘવી**

આવૃત્તિ ૧લી　　મૂલ્ય ૩ રૂપિયા　　માર્ચ ૧૯૪૯
પ્રત ૧૬૨૫

સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન છે.

સોલ એજન્ટસ :—
સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય
મહાજન ગલી—વડોદરા

મુદ્રક : મુદ્રણસ્થાન :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રિં. પ્રેસ
મોદીખાના રોડ—વડોદરા
તા. ૨૦—૨—૪૯

# અનુક્રમણિકા


| ખંડ ત્રીજો | | | પાનું |
|---|---|---|---|
| પ્રકરણ | ૧ લું | પૃથા ઉપદેશ ... ... ... | ૧ |
| " | ૨ જું | આર્દ્રકુમાર ... ... ... | ૫૨ |
| | | નંદિષેણની દીક્ષા ... ... ... | ૬૩ |
| | | ઉપદેશ અને દીક્ષા ... ... ... | ૭૦ |
| | | ઉપદેશ પ્રથા ... ... ... | ૭૨ |
| " | ૩ જું | વિહાર અને પ્રકાશ વર્ષણ ... ... | ૭૫ |
| | | શાલિભદ્ર–ધન્યકુમાર ... ... | ૧૦૭ |
| | | અન્ય દીક્ષાઓ ... ... ... | ૧૨૬ |
| " | ૪ થું | રાજગૃહી ... ... ... ... | ૧૩૦ |
| " | ૫ મું | વહેતાં જીવન–તેજ ... ... ... | ૧૫૧ |
| " | ૬ ઠ્ઠું | આર્યાવર્તની અમરવેલ ... ... | ૧૮૮ |
| | | શિવરાજર્ષિ ... ... ... | ૨૧૧ |
| | | શાલ–મહાશાલની દીક્ષા ... ... | ૨૧૩ |
| | | રાજા દશાર્ણભદ્ર ... ... ... | ૨૧૫ |
| | | ભારતનું ભાવિ ... ... ... | ૨૧૭ |
| | | રાજા ગાંગલિની દીક્ષા ... ... | ૨૨૧ |
| | | અષ્ટાપદે ... ... ... ... | ૨૨૩ |
| | | કાળનું સ્વરૂપ ... ... ... | ૨૩૪ |

પ્રકરણ ૭ મુ અણમોલ તત્ત્વો ... ... ... ૨૩૭
„ ૮ મું શ્રી મહાવીર સંવત અને નિર્વાણ સંવત નિર્ણય ૨૬૫
„ ૯ મું નિર્વાણભૂમિ નિર્ણય; ચંપાપુરીનું સ્થાન ? ૩૧૩
„ ૧૦ મું સમકાલિન ભક્ત–રાજાઓ ... ... ૩૩૧
પ્રભુ મહાવીરે વહાવેલી જ્ઞાનગંગા ... ૩૩૭
જ્ઞાનની વિશિષ્ટતા .. ... ... ૩૩૮
અહિંસાનો અર્થ ... ... ... ૩૪૦
આત્મા વડો કે શરીર ? ... ... ૩૪૨
પ્રગતિ કોને કહેવાય ... ... ... ૩૪૫
સંસારના મૂલ્ય ... ... ... ૩૪૬
દીક્ષાની જરૂર ... ... ... ૩૪૯
જીવન નિયમો ... ... ... ૩૫૧
વિજય–પરાજય ... ... ... ૩૫૫
પ્રકરણ ૧૧ મું જૈનદર્શનની વિશિષ્ટતા–સ્યાદ્વાદ ... ૩૫૮
શ્રી મહાવીર જીવન પ્રતિભા ... ... ૩૬૧

# વિશ્વોદ્ધારક શ્રી મહાવીર

## ભાગ ૨ જો

## ખંડ ત્રીજો

## વિશ્વોદ્ધારકનો પ્રકાશ

*

### પ્રકરણ પહેલું

### વૃથા ઉપદેશ

મહાવીરને દિવ્ય દર્શન લાધતાં એક પળ કાજે સૃષ્ટિમાં આનંદ સૂર રેલાયો. તે સૂરનો તેજભીનો તીવ્ર શબ્દ ઇન્દ્રના અંતરે સ્પર્શ્યો. તે વિચારમાં પડયો. જ્ઞાનબળે તેણે જોયું, તો વીરના દિવ્ય દર્શનનો ખ્યાલ આવ્યો. તે રાજી થયો. વીર જે સ્થળે હતા તે સ્થળે આવ્યો. ત્યાં આવીને તેણે એક આસન તૈયાર કર્યું. તે પર બેસીને વિશ્વનાયક શ્રી મહાવીર ભવ્ય જીવોને ધર્મનો બોધ આપવા લાગ્યા. તેમના તે બોધનો પ્રકાશ તે સભામાં આવેલા કોઇ પણ જીવને ન જગવી શક્યો કેમકે તે સર્વે દેવો હતા તેમાં કોઈ મનુષ્ય નહોતું. આ પ્રમાણે પ્રથમ ઉપદેશ તેમનો વૃથા ગયો. મહામાનવનો બોલ વૃથા નીવડે તે તો કાળની નવાઈ જ ગણાય !

**મધ્યમ અપાપા પૂર્તિ મંગલ પ્રયાણ**—ઉપદેશ વૃથા જતાં કેવળ જ્ઞાની શ્રી વીર બીજે જવા તૈયાર થયા. સૂર્ય ડૂબી ગયો હતો. અજવાળી રાતનો ચન્દ્રમા આકાશમાં ચળકતો હતો. મધ્યમ અપાપા પુરીને રસ્તે શ્રી મહાવીર ચાલવા માંડયા જૃંભક ગામથી અપાપા બાર યોજન થાય બાર બાર ગોજન[1] એટલે અડતાળીસ ગાઉ. એક રાતના[2] બાર કલાકમાં અડતાળીસ ગાઉની સફર પૂરી કરીને શ્રી મહાવીર મહાજ્ઞાની મધ્યમ અપાપાની પવિત્ર ભૂમિમાં પધાર્યા. ત્યાંના મહાસેન નામે ઉદ્યાનમા તેમણે વાસ કર્યો

તે સમયે આપાપામાં સોમીલ નામે એક ધનાઢય બ્રાહ્મણને ત્યાં યજ્ઞ વિધિની ધામધૂમ થઇ રહી હતી. યજ્ઞવિધિમાં ભાગ લેવા સારૂ તેણે અગ્યાર વિચક્ષણ પંડિતોને પોતાને ઘેર આમંત્ર્યા હતા. તે પંડિતો ચાર વેદના પારગામી હતા. તર્ક અને ન્યાયનો તેઓનો અભ્યાસ ઊંડો હતો. વેદમા ફરમાવેલ સિદ્ધાન્તો પ્રમાણે તેઓ વર્તતા હતા. તે અગીયારે પંડિતોનાં નામ, ગામ ને જ્ઞાતિ નીચે પ્રમાણે છેઃ—

**ઇંદ્રભૂતિ–અગ્નિભૂતિ ને વાયુભૂતિ** આ ત્રણ ભાઇઓ હતા. વસુભૂતિ તેમના પિતા, પૃથ્વી તેમની માતા, ગૌતમ તેમનુ ગોત્ર. મગધ દેશમાં આવેલા ગોબર ગામના તેઓ વાસી. **વ્યક્ત** અને **સુધર્મા** ધનુમિત્ર વ્યક્તના પિતા. ધમ્મિલ સુધર્માના પિતા. પહેલાની માતા વારુણી બીજાની ભદ્રિલા. કોલાક તેમનું ગામ. મંડિક ધનદેવ તેના

(૧) આ પ્રમાણે અત્યારનું માપ છે. પરંતુ તે વખતે જુદું પણ હોય વળી જુદા જુદા પ્રદેશમાં જુદું જુદું માપ હોય છે જેમ કોષ, ગાઉ માઇલ વીઘું ઇ. ઈ.નાં માપ ભિન્નભિન્ન છે.

(૨) હવે કલ્પાતીત થયા હોઇને રાત્રિના વિહારનો તેમને બાદ ન ગણાય, સામાન્ય–કલ્પીને તો રાત્રિનો વિહાર જ ન કલ્પે.

પિતા, વિજયાદેવી માતા. મૌર્ય ગામનો તે વાસી, મૌર્યપુત્ર; ધન-દેવની પત્ની વિજયા સાથે પરણેલ. મૌર્યનો તે પુત્ર. મૌર્યગામનો તે રહેવાસી. અકંપિત, વિમલાપુરીના દેવનામા બ્રાહ્મણનો તે પુત્ર. જયંતિ તેની માતા. અચલભ્રાતા કોશામ્નગરીના વાસી, વસુ બ્રાહ્મણનો તે પુત્ર. માતાનું નામ નંદા. તૈતાર્ય વત્સ દેશમાં આવેલ તુંગિક ગામમાં રહેતા દત્ત નામે બ્રાહ્મણનો તે પુત્ર. કરુણા તેની માતાનું નામ પ્રભાસ બલ તેના પિતા અતિભદ્ર માતા; રાજગૃહીનો તે વાસી. ઉક્ત અગ્યારેય વિદ્વાન બ્રાહ્મણોની સાથે અનેક વિદ્વાન શિષ્યો હતા.

ઉપદેશઃ—આ તરફ મહાસેન ઉદ્યાનમાં શ્રી. વીરના ઉપદેશની તૈયારીઓ થઈ રહી હતી. સમવસરણની ( વ્યાખ્યાન પીઠ અને તેનો મંડપ ) રચના પૂરી થતાં, કેવળ જ્ઞાનમય શ્રી મહાવીરે પૂર્વના દ્વારથી પ્રવેશ કર્યો, બત્રીસ ધનુષ્ય(૧) ઊંચા રત્નનાં પ્રતિચ્છંદ જેવા ચૈત્ય વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા કરી, " તીર્થાય નમઃ " એમ કહી, મધ્યમાં ગોઠવાયલા રત્નમય સિંહાસન ઉપર પૂર્વ દિશાએ મુખ રાખીને બેઠા. તે સમયે તેમની મુખકાન્તિ સેંકડો સૂર્ય-ચન્દ્રના પ્રકાશથી વધુ નિર્મળ જણાતી હતી મનોભાવ અતલ હતા. દૃષ્ટિ કાળવ્યાપી હતી. સમવસરણને ચાર મુખ્ય દ્વાર હતા., પૂર્વ દ્વારે શ્રી મહાવીર બેઠા અને ત્રણ દ્વારે તેમના આત્મ પ્રકાશની જ બનેલી તેમની ત્રણ પ્રતિ મૂર્તિઓ બેઠી. ચાર દ્વારે એક શ્રી મહાવીર શોભવા લાગ્યા. તેમનું વ્યાખ્યાન સાંભળવાને દેવ માનવ પશુ અને પક્ષી તમામ પ્રકારના જીવો ત્યાં હાજર થયા હતા. સહુ પ્રાણી શ્રી વીરનું વ્યાખ્યાન પોતપોતાની ભાષામાં સમજી શકતું. કારણ કે તે વ્યાખ્યાનનું મૂળ સ્નેહ હતું અને સ્નેહ સદા કાળને માટે સર્વ

(૧) મનુષ્યના પોતાના એક હાથની આંગળીના છેડાથી આખા હાથના ખભા સુધીનું જે અંતર તેને એક ધનુષ્ય કહેવાયછે.

વ્યાપી જ રહે છે. વ્યાખ્યાન મંડપમાં આવતા જીવો એકમેક પ્રત્યેના વેરઝેરને વીસરી જતા. વાઘ ને ગાય એક સાથે બેસીને સ્નેહામૃતનું પાન કરતા. કારણ કે વ્યાખ્યાન પીઠ ઉપર બેઠેલા આત્માનું એટલું બધું તેજ હતું કે, તેમને જોતા જ ભલભલાના ગર્વ ગળી જતા. તે સભામાં આજની માફક પથરા ન ઊડતા કે ગાળાગાળી ન થતી. કારણ કે ત્યાં તો નિર્મળ આત્મ કવિતાના સૂર જ રેલાતા. સર્વ સ્પર્શી શબ્દો જ ઉચ્ચારાતા,

શ્રી મહાવીર વ્યાખ્યાનપીઠે બિરાજ્યા. સભાજીવો ઉપર અમીભીની આંખો ફેરવીને વાણીના પાંત્રીસગુણે[1]યુક્ત ઉપદેશ-ધારા વહાવી.

---

[1] વાણીના પાંત્રીસ ગુણઃ—(૧) सस्कारवत्वः-સંસ્કૃતાદિ લક્ષણ યુક્ત, (૨) औदात्यं:—શબ્દમાં ઉચ્ચપણું, (૩) उपचारपरीतताः—ગામડાના રહેનાર પુરૂષ સમાન અસંસ્કારી વચન વાપર્યા વિના. (૪) मेघगंभीरघोषत्वं:—મેઘની સમાન ગંભીર શબ્દ (૫) प्रतिनाद्-विधायिताः—પ્રતિધ્વનિ સહિત (૬) दक्षिणत्वं:—વચનની સરળતા (૭) उपनीतरागत्वं:—માલકોશાદિ રાગ સંયુક્ત (૮) महार्थताः—અત્યંત મોટો જેમાં અભિધેય કહેવા યોગ્ય અર્થ છે. (૯) अव्याहतत्त्वं:—પૂર્વાપર વિરોધ રહિત. (૧૦) शिष्टत्वं:—અભિમાન સિદ્ધાન્ત ઉક્ત અર્થતા, એટલે કે વક્તાના કહેવાના આશયની શિષ્ટતા. (૧૧) संशयानामसभवः— જેના કથનમાં શ્રોતાને લેશ પણ સંભવ થતો નથી. (૧૨) निराकृताऽन्योत्तरत्वं:—જેના કથનમાં પારકાના દૂષણનો સંપૂર્ણ અભાવ. (૧૩) हृदयंगमताः—સાંભળતાં હૃદય બારંબાર ઉતરી જાય તેવું. (૧૪) मिथः साकांक्षता—અરસપરસ વાક્યોનું સાપેક્ષપણું, (૧૫) प्रस्तावौचित्यं—દેશકાળને અનુકૂળ. (૧૬) तत्त्वनिष्ठताः—વિવક્ષિત વસ્તુના સ્વરૂપને અનુસરવાપણું, એટલે કહેવાનું હોય તેજ ઉદ્દેશનું લક્ષ્ય. (૧૭) अप्रकीर्णप्रसृतत्वं:—સુસંબંધનો વિસ્તાર અથવા અસંબંધ અધિકારનો વિસ્તાર નહિ

વાણીના આ પાંત્રીસ ગુણો કેવળજ્ઞાન સાંપડયા બાદ સંભવે છે. વાણીના ગુણને વચનાતિશય કહેવાય. તીર્થંકર થનારને જે ચોત્રીસ અતિશયો ( Wonderful merits ) સાંપડે છે, તેમાં અપેક્ષાએ નીચેના ચાર અતિશયો પણ હોય છે. એક તો વચનાતિશય એટલે પાંત્રીસ ગુણયુકત તેમની વાણી હોય. જે ગુણ ઉપર વર્ણવ્યા છે. પછી એક છે તે પ્રથમ ગણવા જેવો છે તે બીજો જ્ઞાનાતિશય. એટલે કેવળજ્ઞાન તથા કેવળદર્શને કરી ભૂત, ભવિષ્ય વર્તમાન કાળમાં જે સામાન્ય

---

તે. ( ૧૮ ) अस्वश्लाघाऽन्यनिंदताः—આત્મોત્કર્ષ તથા પરનિંદાના દૂષણ રહિત. ( ૧૯ ) आभिजात्यः—પ્રતિપાદ્ય વસ્તુની ભૂમિકાને અનુસરવા રૂપ. ( ૨૦ ) अतिस्निग्धमधुरत्वः—ઘી–ગોળની જેમ સુખાકારી. ( ૨૧ ) प्रशस्यताः—કહેલા ગુણોની યોગ્યતા પ્રાપ્ત થઇ છે, શ્લાઘા. ( ૨૨ ) अमर्मवेधिता.—જેમાં પારકા મર્મ ઉઘડયાં હોય નહિ. ( ૨૩ ) औदार्य—જેમાં અભિધેય વસ્તુનુ તુચ્છપણ નહિ. ( ૨૪ ) धर्मार्थप्रतिबद्धताः—ધર્મ તેમજ અર્થ સયુકત. ( ૨૫ ) कारकाद्यविपर्याः—કારક, કાલ વચન તેમજ લિંગાદિના વિપર્યાય રહિત. ( ૨૬ ) विभ्रमादिवियुक्तताः—વકતાના મનમાં ભ્રાંતિ વિક્ષેપાદિ દોષ ન હોવા. ( ૨૭ ) चित्रकृत्वंः—સાંભળનારને જેમાં નિરંતર આશ્ચર્ય ઉત્પન્ન થયા કરે. ( ૨૮ ) अद्भूतत्वंः—અતિશય ઉત્સુકતા રહિતા બોલવું તે. ( ૨૯ ) अनतिविलंबिताः—અતિવિલંબ રહિત. ( ૩૦ ) अनेकजातिवैचित्र्यः—વર્ણન કરવા યોગ્ય અનેક વસ્તુ સ્વરૂપના આશ્રય યુકત. ( ૩૧ ) आरोपितविशेषताः—બીજાના વચનની અપેક્ષાએ વિશેષપણું જેમાં સ્થપાયેલ છે. ( ૩૨ ) सत्यप्रधानताः—સત્યનો પ્રધાન નિયમ સાચવીને. ( ૩૩ ) वर्णपदवाक्यविविक्तता.—વર્ણ પદ, વાકય વગેરે છૂટાં પાડીને સમજી શકાય તે રીતે. ( ૩૪ ) अव्युछित्तिः—વિવિક્ષિત અર્થની સમ્યક પ્રકારે જ્યાં સુધી સિદ્ધિ ન થાય ત્યાં સુધી અવ્યછિન્ન વચનનું પ્રમેયપણું:—( ૩૫ ) अखेदित्वंः—વકતા તથા શ્રોતાને શ્રમરહિતપણું.

મોહના સ્નેહીઓ છે. સ્નેહભીના અંતરે સુખ દુઃખનાં ચિત્રો ન હોય, ત્યાં તો સનાતન વિશ્વપ્રેમનું સંગીત ગૂંજતું હોય. જ્યારે તમારા અંતરમાં સત્તા ને લક્ષ્મીનાં ગાયનો ગૂંજ્યાં કરે છે.

પણ ચેતો ! ચેતન છે તો ચેતાવો, અજ્ઞાન–નિદ્રામાં સમય ન બગાડો. માનવ જીવન મળ્યું છે, તો તે વડે આગામી જીવનના ઘડતરની તૈયારી કરો. વર્ષાની વાદળી જેવું યૌવન કાલ વરસીને વહી જશે. પણ જો ઇન્દ્રિયો ખડકાળ જમીન જેવી હશે, જો તેને આત્માનો ભેજ નહિ લાગ્યો હોય તો તે સૂકી ને સૂકી રહેશે. અને તેના આશ્રયે જીવતા, તમે મળેલા માનવ જીવન વડે પશુ જીવનને શરમાવતાં કાર્યો કરશો. ઇન્દ્રિયોનો સ્વભાવ છે અગ્નિ જેવો. ગમે તેટલું તેને આપો, બધું સ્વાહા. પાછી ભૂખીને ભૂખી, ઇન્દ્રિય ભૂખ મટે નહિ, ત્યાં સુધી સાચું સુખ શું છે તે સમજાય નહિ. ચળવિચળ ઇન્દ્રિયોને ઠેકાણે લાવવા તમારા શરીરમાં આત્માને મોટો ગણો.તમારી લગામ આત્માના હાથમાં આપો. પછી જુઓ શું પરિણામ આવે છે ? આત્માનો અવાજ પડતાં જ ઇંદ્રિયો સીધી થશે, મન સ્થિર બનશે, બુદ્ધિ સારગ્રહી થશે. પણ જ્યાં સુધી તમે શરીરમાં આત્માને નાનો ગણો છો અને ઇન્દ્રિયોને મોટી ગણો છો ત્યાં સુધી તમે પોતે ઇન્દ્રિયોના બંધનમાંથી મુક્તિ નહિ મેળવી શકો.

મુક્ત થવું હોય તો મુક્તિમંદિરના મહાપ્રકાશ આત્માની આંગળી ઝાલો તે તમને સાચવીને, સાચા રાહે દોરી જશે ને તમારૂં કલ્યાણ થશે.'

**આત્મતેજનું આકર્ષણઃ**—અપાપામાં સોમીલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞક્રિયા થતી હતી, ને અહીં મહાસેન ઉદ્યાનમાં આત્મપ્રકાશ વર્ષતો હતો. સોમીલે આદરેલું યજ્ઞકાર્ય મહાન હતું. દેશદેશના મહાજનોને તેણે પોતાને ત્યાં આમંત્ર્યા હતા. તેમજ તેના યજ્ઞની ઊડતી વાત સંભળીને ઘણા તેને ત્યાં આવવા તૈયાર થયા હતા. યજ્ઞ વખતે સમયે

ચાલુ થયો. ઇન્દ્રભૂતિ ગૌતમ પ્રધાનપદે હતા. યજ્ઞમાં હોમાતા ઘીની અનલમિશ્ર આરોગ્યપ્રદ શિખાઓ ઊંચે ઊંચે જણાવા લાગી જ્વાળાના તાપે આકર્ષાઇને અનેક જીવો ત્યાં આવવા તૈયાર થયા.

જે જે જીવો અપાપાના પ્રવેશદ્વારમાં પગ મુકતાં, તે તે જીવો યજ્ઞક્રિયામાં ભાગ લેવાના બદલે સીધા મહાસેન ઉદ્યાન તરફ જવા લાગ્યા. થોડીવારમાં મહાસેન ઉદ્યાન માનવ પ્રાણીઓ વડે ઉભરાવા લાગ્યું. સોમીલનો યજ્ઞમંડપ સૂનો જણાવા લાગ્યો. આકાશમાર્ગે વિહરતા અનેક શક્તિસંપન્ન માનવ દેવોને અપાપા પ્રતિ આવતા જોઇને સોમીલને શરૂમાં ગર્વ થતો, પણ જ્યારે તે સર્વે યજ્ઞમાં નહિ આવવાને બદલે શ્રી મહાવીરના આત્માનો પ્રકાશ પીવા જતા તેના જોવામાં આવ્યા ત્યારે તેનુ વદન મ્લાન થઇ ગયું. અત્યાર સુધી તે એમ માનતો હતો કે જગતમાં યજ્ઞથી વિશેષ પવિત્ર અને કલ્યાણદાયી બીજું એકેય કાર્ય નથી. તેની તે માન્યતા પર પાણી ફરી વળ્યાં. ઇન્દ્રભૂતિ ગૌતમે આ વાત જાણી. તેને અચંબો થયો. પોતાના કરતાં જ્ઞાનમાં ચઢીઆતો બીજો માનવી દુનિયામાં ન હોવાનુ તે માનતો હતો. છતાં પોતાને ત્યજીને માણસો બીજી દિશામાં ચાલતા આત્મ યજ્ઞમાં ભાગ લેવા જતા તેણે જોયા ત્યારે તે વિમાસણમાં પડી ગયો, વાયુભૂતિ–અગ્નિભૂતિના જાણવામાં આ વાત આવી. મહાસમર્થ વડીલ બન્ધુની વિમાસણ નિવારવા તેઓ મહાસેન ઉદ્યાનમાં બેઠેલા મહા માનવ સાથે ચર્ચા કરીને તેને હરાવવા માટે જવાને તૈયાર થયા પણ ઇન્દ્રભૂતિ ગૌતમે તેમને વાર્યા અને પોતેજ તે મહા માનવી સાથે આત્મા સબંધી ચર્ચા કરવા જવા તૈયાર થયો.

બહારના રંગઢંગ કરતાં આત્માનાં તેજ નિરાળાં છે. સોમીલે યજ્ઞ મંડપની સજાવટમાં ઘણીજ કુશળતા દર્શાવી હતી. ઉપરાતમાં તે પોતે ધનાઢ્ય હતો. સંબંધીઓ પણ સારા ધરાવતો હતો. દેશોદેશમાં તેણે આમંત્રણો પણ પાઠવેલાં છતાં ત્યા આવવા નીકળેલા

વિશેષાત્મક વસ્તુ છે તેનું તથા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત ત્રિકાલ-સંબંધી જે સત વસ્તુઓનું જાણવું તેનું નામ જ્ઞાનાતિશય. ત્રીજો અપાયાપગમાતિશય, એટલે ઉપદ્રવ નિવારક કેવળીને ઉપદ્રવ નડે નહિ. ચોથો પૂજાતિશય જેથી તીર્થંકર ત્રણુલોકના પૂજનીય બને. દર્શન, જ્ઞાન, ચારિત્રની સાર્વત્રિક વૃદ્ધિમાંથી અતિશયતા જન્મ લે છે. જેને જોઇને જગતના અન્ય જીવો આશ્ચર્યમાં ગરક થાય છે. પણ ખરી રીતે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી, કારણકે સાચા માર્ગે ચાલનારો આદર્શવાદી આત્મા વખત વીતતાં પોતાનો રાહ મેળવી શકે, પણ સંસારમાં રચ્યાપચ્યા રહેનારા જીવો આત્માના વિચારની તક મેળવ્યા વિના તેનાં સુખ ચાહે તે તો કઇ રીતે બને. આત્માના અચળ વૈભવ કાજે લક્ષ્મીના સત્તા ક્ષણુભંગુર મોહની પાછળ ખર્ચાતી શારીરિક, માનસિક અને બૌદ્ધિક શક્તિઓનો થોડો ઘણો સદુપયોગ આત્મહિતાર્થે થાય તો જરૂર આત્માનાં અજબગજબ સુખ સાંપડે, જે જોતાં આજનું સુવિકસિત વિજ્ઞાન પણ હેબતાઇ જાય. પણ તે અર્થે પુરૂષાર્થ કરનાર, ભવ્ય આત્માઓ જણાતા નથી.

‘ હે ભવ્યાત્માઓ ! સંસાર–સાગરના અફાટ જળમાં ઊઠતા સુખઃદુઃખરૂપી તરંગોની મધ્યમાં થઇને પસાર થતી તમારી જીવન-નૈયાનું લક્ષ્ય પંચસૂચક દીવાદાંડીરૂપ ધર્મદીપની દિશામાં રાખજો, અન્યથા માર્ગમાં આવતા માન–મોહાદિ ખડકો સાથે અથડાઇને નષ્ટપ્રાય બની જશો. ખાતાં, પીતાં, ઊઠતાં, સૂતાં, જાગતાં, વાતો કરતાં, ધંધો કરતાં–તમારી આંતરદૃષ્ટિ ત્યાં ઠેરવીને તમારાં બધાં જીવનકાર્યો કરજો, જ્યાં તમારે જવાની ઇચ્છા હોય. જીવનની પ્રત્યેક ક્રિયા આદરતી પળે, તમારા અંતરમાં જે ભાવનું પુષ્પ વિકસતું હશે, તેજ ભાવપુષ્પની પરાગ તમે સૂંઘી શકશો.

ઇન્દ્રિયો ચપળ છે, મન તેથી યે ચપળ છે. એ જ્યાં લઇ જાય

ત્યાં પગલાં ભરતાં પહેલાં વિચાર કરજો કે, "હું જયાં જઈ રહ્યો છું ત્યાંથી શું મેળવી શકીશ. ત્યાં જવામાં મને સાચો કયો લાભ છે, મારે ત્યાં જઈને શું કરવાનું છે?" જીવન અવધો ટૂંકી છે. એ ટુંકી અવધોમાં પણ એવાં સત્કાર્યો કરો કે એવી ટૂંકી અવધો જોવાનો વારોજ ન આવે. એ શી-સો વર્ષની એક જીંદગી માટે તમે જે જે હિંસા-અસત્ય ચોરી-અનાચાર વગેરે કરો છો, તેથી શું તમે તેટલા વર્ષ પૂરતા સુખમાં રહી શકો છો? ના. તો પછી એ બધું કોના માટે?

'જે કરે તે ભોગવે! એ સિદ્ધાન્ત જાણુતા છતાં તમે કુટુમ્બ પરિવાર કાજે નીતિ ને ધર્મની બાંધી-પાળો તોડીને જે પગલાં ભરો છો તે પગલાં તમને તમારાજ ભાવિ જીવનના અભ્યુદયને દાબવામાં ઉપયોગી થશે. એમ ન માનશો કે, કરેલાં કુકર્મો સમય જતાં ભૂંસાઈ જાય છે. વાણિયાના ચોપડે લખ્યા આંક સાચા ગણાય છે, તો આતો અવકાશના અણુએ અણુએ કોરાયલાં કર્મ લેખો! તે કઈ રીતે નાબૂદ થાય. એટલું જરૂર કે સંસારીને સંસાર ધર્મ નભાવવો પડે અને તે પૂરતી ઢીલચાલમાં થતો દોષ વહોરવો પડે. પણ તમારામાં એવું છેજ કયાં? જે સુખી હોય છે, તે પોતે વિશેષ સુખની કાલ્પનિક આશામાં ન કરવાનું કરી બેસે છે, દુઃખી હિમ્મત ખોઈને અશ્રુ સારતો જણાય છે. બેય વસ્તુ ખોટી છે. જે માનવી સુખઃદુખની અસ્થિર વાદળીની છાપથી નિજના અંતરને રંગે છે, તેને માટે સુખ-દુઃખ ભયંકર નીવડે છે સુખદુઃખને જાઆવ કરનારાં સ્વજન જેવા પ્રમાણવા જોઈએ. એટલે કે જાઆવ કરનારૂં જેટલું આ સંસારમાં છે, તેની સાથે સંબંધ રાખવો, પણ તે જતાં ગભરાવું નહિ, આવતાં હરખાવું નહિ કારણ કે શરીર છતાં આત્મા નથીજ જતો, અને શરીરને સમય થતાં જવુ જ પડે

સાચો સ્નેહી વિશ્વપ્રલયને પણ સ્નેહભીની આંખે જોઈ શકે છે. સાચો સ્નેહજ જૂદી વસ્તુ છે. તમે સંસારીઓ સ્નેહના નહિ, માયા ને

માણસો જ ગામમાં દાખલ થતાંની સાથે યજ્ઞની દિશામાં વળવાને બદલે શ્રી મહાવીરના મુખારવિંદે હસતા આત્મ તેજમાં લીન બનીને ત્યાંજ ખેંચાઈ જતાં. સરળ આત્મભાવ સમીપે ગમે તેટલી બનાવટ કે બાહ્ય આકર્ષકતા નથી જ ટકી શકતી.

ચલચિત્રની ઘણીજ કલામયતા અને રંગભરી ભભક છતાં, મંદિરની શાંત છાયામાં જે આત્માનંદ અનુભવી શકાય છે, તેના એકસોમા ભાગની શાંતિ પણ ત્યાં નથી જડતી. તેનું કારણ કે આત્મા જ્યારે એના સાહજિક સ્વભાવ મુજબ પ્રકાશ કિરણો વેરતો થાય, ત્યારે અન્ય જડ સ્વભાવના માનવોને તે ભીંજવી શકે, અને તેઓ તે દિશામા નમતા થાય.

યજ્ઞના મુખ્ય વિદ્વાન ઇન્દ્રભૂતિમાં જે આત્મા હતો, તેજ આત્મા મહાસમર્થ અને કેવળજ્ઞાની મહાવીરનો હતો પરન્તુ ઇન્દ્રભૂતિનો આત્મા એટલા દરજ્જે વિકાસ ન્હોતો પામ્યો, જેટલા દરજ્જે શ્રીમહાવીરનો આત્મા વિકસી ચૂકયો હતો. ટુંકાણમાં શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞ થયા હતા જ્યારે ઇન્દ્રભૂતિ આત્મજ્ઞની ભૂમિકાએ પણ ન્હોતા પહોંચ્યા.

**ઇન્દ્રભૂતિની શંકાનું સમાધાનઃ**—યજ્ઞકાર્ય, અગ્નિભૂતિ અને વાયુભુતિને સોંપી, ઇન્દ્રભૂતિ ગૌતમ પોતાના પાંચસો શિષ્યો સહિત મહાસેન ઉદ્યાન તરફ રવાના થયો. રસ્તે ચાલતા તેના મનમાં અનેક તર્કવિતર્કો ઊઠવા લાગ્યા. મારાથી વધુ જ્ઞાની આ તે વળી કોણ હશે? મારે તેનો દંભ ખુલ્લો પાડવો જ જોઇએ. તે પોતાને 'સર્વજ્ઞ' કહેવડાવી જગતના જીવોને ઊંધે રાહે દોરે છે.' અંતર તરંગે ઝૂલતો ઇન્દ્રભૂતિ સમવસરણના પ્રથમ દ્વારે આવી ઊભો. તેને જોતાં જ સર્વજ્ઞ શ્રી મહાવીર ઉપદેશ—ધારા અટકાવીને બોલ્યા, 'હે ગૌતમગોત્રી ઇન્દ્રભૂતિ? તમે કુશળ છો ને?

નામ સાંભળતાં ઇન્દ્રભૂતિ ગૌતમ વિચારમાં પડયા. આ મારૂં નામ જાણે! વળી તેને થયું કે, હું જગપ્રસિદ્ધ મહાજ્ઞાની, મારૂં નામ કોણ ન જાણે? જે રીતે મારૂં નામ બતાવ્યું છે, તેજ રીતે જો આ ભવ્ય પુરુષ, મારા અંતરમાં રહેલા સંશયને છેદશે તો હું એમને ખરા સર્વજ્ઞ માનીશ. ઇન્દ્રભૂતિના મનમાં જેવો આ વિચાર સ્ફૂર્યો કે તરતજ તેની છબિ શ્રી મહાવીરના અંતરમાં પડી. ઇન્દ્રભૂતિ ગૌતમ પોતાનો સંશયનો ખુલાસો માગે તે પહેલા મહાજ્ઞાની મહાવીરે તે અંગે તેમને પ્રશ્ન કર્યો, "હે ઇન્દ્રભૂતિ, તમારા મનમાં જીવ વિષેનો સંશય છે, પણ હે ગૌતમ! જીવ છે; પણ અરૂપી તે ચિત્, ચૈતન્ય, વિજ્ઞાન અને સંજ્ઞા વગેરે લક્ષણોથી જાણી શકાય છે. જીવ સબંધી વેદના વાક્યનો અર્થ તમે બરાબર સમજી શકયા નથી અને તેથીજ તમારા મનમાં તે સંશય રહી ગયો છે. વેદનું પદ નીચે પ્રમાણે,

" विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्तीति. "

" વેદની ઉક્ત શ્રુતિનો અર્થ તમે એમ કરો છો કે, 'ગમનાગમનની ચેષ્ટાવાળો આત્મા, પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશમાંથી–પ્રવાગમાં મદશક્તિની પેઠે–ઉત્પન્ન થઇને, પાછો તેઓમાંજ લય પામી જાય છે; એવી રીતે પંચભૂતથી લિપ્ત આત્માને તમે પુનર્જન્મ રહિત માનો છો. પણ હે ઇન્દ્રભૂતિ! એ અર્થયુક્ત નથી. તેનો વાસ્તવિક અર્થ નીચે પ્રમાણે થાય છેઃ—

**વિજ્ઞાન** એટલે જ્ઞાન, આત્મા '**ચિન્મય** હોવાથી તે **વિજ્ઞાનઘન** પણ કહેવાય. એવો 'વિજ્ઞાનઘન' અને ઉપયોગાત્મક આત્મા ભૂતો થકી ઉત્પન્ન થાય છે. ભૂત જતાં તે ભૂલાય છે પણ અન્ય ભૂતોની અપેક્ષાએ તે હોયજ છે. અને નવા આકારમાં પાછો દેખા દે છે, તેથી ફરીને તેને પ્રેતસંજ્ઞા હોતી નથી.'

'આત્મા જ્ઞાનમય છે, જો જીવ ન હોય તો પુણ્યપાપનું પાત્ર કોણ? અને પછી તમે આ યજ્ઞ-દાન કરાવો છો તેનો અર્થ શો? દૂધમાં જેમ ઘી, તલમાં તેલ, કાષ્ટમાં અગ્નિ, પુષ્પમાં પરાગ, ચન્દ્રકાન્તમા અમૃત, તેમ આ શરીરમા આત્મા છે. હે ઇન્દ્રભૂતિ! જ્ઞાનથી અનુભવાતો સિદ્ધ છે.'

"હે આયુષ્યમન્! કેવળજ્ઞાનથી હું આત્માને જોઇ શકું છું. તેમજ તમે 'અહં' શબ્દ વડે આત્માને છતો કરો છો. આત્મા ન હોવાનો તમારો સંશયજ સાબિત કરે છે કે આત્મા છે. અન્યથા તમને આત્મા વિષેનો સંશય થાયજ કઇ રીતે? જે વસ્તુ દુનિયામાં મોજુદ હોય નહિ, તે વસ્તુના હોવા ન હોવાપણાનો માનવીને ખ્યાલજ કયાંથી આવે? તમારા દેહમાં આત્મા છે, તેવો બીજાના દેહમાં પણ છે. હર્ષ, શોક, સંતાપ, સુખદુઃખ, વગેરે વિજ્ઞાનનો ઉપયોગ સર્વ દેહોમાં જણાય છે. આત્મા કુંથુ જેવડો થઇને હાથી જેવડો પણ થાય છે. દેવ થઇને તિર્યંચ પણ થાય છે. તેથી ચિંતવી ન શકાય તેવો તે અચિંત્ય, શકિતવાન, સમર્થ, કર્તા, ભોક્તા, જ્ઞાતા, અને કર્મથી ભિન્ન ભિન્ન સ્વરૂપવાળો છે. આત્મા વિના લાગણીઓનો જન્મ સંભવેજ નહિ. જે સ્નેહ આ સૃષ્ટિમાં ઠેરઠેર છવાએલો છે અને જેના આધાર વડે માનવો ટકી શકે છે તે સ્નેહ આ આત્માનુંજ સૂક્ષ્મ તેજ છે. કદાચ તમને તે નહિ વંચાતો હોય, પણ સ્નેહભીની સર્વસ્પર્શી આંખો તેને સારી રીતે સમજી શકે છે."

આત્માના અસ્તિત્વ વિષેનું શ્રી મહાવીરનું જ્ઞાન જોઇને ઇન્દ્રભૂતિ આશ્ચર્ય પામ્યા. પોતે કરેલા વેદના અર્થની ભૂલ, શ્રી વીરે જે રીતે સુધારીને સમજાવી તે રીતે તેમના અંતરમાં ઊતરી ગઇ. શ્રી મહાવીર પ્રત્યે તેમને બેહદ માન પેદા થયું. એ જમાનાના પંડિતો આજની માફક ખોટો ઘમંડ ન્હોતા ધરાવતા. જ્યાં તેમને તેમનાથી ચઢીઆતો આત્મા મળતો, ત્યાં તેમનું મસ્તક ઢળી જતું. જ્યારે આજે તો અલ્પ-

જ્ઞાનીઓ પણ પોતાને મહા અભ્યાસી કહેવડાવે છે, અને કોઇ સારા અભ્યાસી સાથે ચર્ચામાં ઊતરવાનો પ્રસંગ પડે અને તેમાં જો પોતાની હાર થતી જણાય તો મારામારીના હલકટ પ્રસંગો ઊભા કરે છે. આજનો કાળજ વિચિત્ર છે. આજની દુનિયાનો રાહજ આત્માની ઉલ્ટી દિશામાં જતો જણાય છે. આજે કોઇનેય આત્માની અમૃતભીની વાતોની પડી નથી, સર્વને જોઇએ છે ઉજળા ટકા !

**પ્રથમ ગણધર:**—ઇન્દ્રભૂતિ ગૌતમ આત્માને સમજતા થયા. પરમજ્ઞાની શ્રી મહાવીરે સમજાવેલ આત્મધર્મ પ્રતિ તેમને અચલ વિશ્વાસ ઉપન્યો. પોતાને સાચો રાહ દર્શાવનારા પરમ તેજ દીપકનું શરણું સ્વીકારવા તે તૈયાર થયા. શ્રી વીરે તેમના મનની વાત જાણી. લાયક ગણીને તેમને શિષ્યપદ આપવાની 'હા' ભણી. શરીરભાવ છોડી ગૌતમ સાધક બન્યા. શ્રી મહાવીરના તે પ્રથમ શિષ્ય. તેમને ગણધર કહેવાય છે.

**બીજા ગણધર:**—ગૌતમ સાધુ બન્યા. તેમના ભાઇ અગ્નિભૂતિ ગૌતમને કાને આ વાત પડી. તેઓ વિચારમાં પડયા. પોતાના શિષ્ય સમુદાય સાથે તેઓ મહાસેન ઉદ્યાન તરફ ચાલ્યા. સન્મુખ આવતા તે અગ્નિભૂતિ ગૌતમને શ્રી મહાવીરે કુશળ સમાચાર પૂછયા આસ-પાસ શાંતિને સમભાવ જગવતા શ્રી વીરને જોતા જ અગ્નિભૂતિ નરમ થયા. અગ્નિભૂતિ શાસ્ત્રના અભ્યાસી હતા. છતાં તેમના મનમાં એક વાતનો સંદેહ હતો. અને તે એ કે, 'કર્મ છે કે નહિ ?' વેદની શ્રુતિના નીચેના વાકયનો અર્થ બરાબર નહિ સમજાતાં અગ્નિભૂતિના અંતરમાં કર્મનો સંશય રહી ગયેલો.

" पुरुष एवेदं ग्नि सर्वं यद्भूतं यच्चभाव्यं इत्यादि "

હે અગ્નિભૂતિ ! આ પદનો તમે એવો અર્થ કરો છો કે, 'જે અતીત કાળમાં થયેલુ છે, તથા ભાવિમાં જે થવાનું છે, તે સઘળું

'पुरुएव' આત્મા જ છે. એમાં એવકાર કર્મ, ઈશ્વર આદિકના નિષેધ માટે છે. 'म्निं' વાક્યના અલંકાર માટે છે આવા અર્થથી જે મનુષ્ય, દેવ, તિર્યંચ, પર્વત, પૃથ્વી આદિ વસ્તુઓ દેખાય છે, તે સઘળું આત્મા જ છે, એમ સમજીને તમે કર્મનો નિષેધ કરો છો તે અર્થ બરોબર નથી. કેમકે વેદના તે પદો પુરુષનાં ગુણગાન છે. વેદ વાકયના ત્રણ પ્રકાર છે કેટલાંક વિધિ વાકયો, કેટલાંક અનુવાદ સૂચવનારાં અને કેટલાંક વાકયો સ્તુતિરૂપ છે. જે વાક્યના પઠનથી તમને કર્મનો સંદેહ ઉત્પન્ન થયો છે, તે વાકય વિષ્ણુના મહિમાર્થે યોજાયલું છે. નહિ તો

' पुण्यं पुण्येन कर्मणाः पापं पापेन कर्मणा '

આદિ વેદવાક્યો નિરર્થક થાય.

જો કર્મ જેવું કાંઈ આ દુનિયામાં ન હોય, તો એક દુઃખી, બીજો સુખી, એક દેખતો, બીજો અંધ, એક પુત્રવાન, બીજો પુત્રહીન, તેનું કારણ શું ? તમે પોતે જ અત્યારે જે ખાસ હાલતમાં બંધાયલા છો, અને અમુક સમય પછી તમારી તે હાલત બદલાશે તેનું પ્રયોજન શું ? આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિ કાળથી છે એટલે કે શુભાશુભના બંધ આત્માની આડે આવે છે. અને મન બુદ્ધિ કે ઇન્દ્રિયોના પોષણમાંથી જન્મે છે, તેમાંનું ઘણું ખરું કર્મરૂપ બનીને આત્માના સાહજિક વિકાસની આડે વાદળરૂપે પથરાઇ જાય છે. દુનિયામાં જો કોઈ કર્મને ન માને તો માનવી, માનવીને ખાઇ જતાં પણ વિચાર ન કરે. કર્મના વિચારે જ માનવી નીતિના કે ધર્મના આછા બંધનોનો યે સ્વીકાર કરે છે. પાપની દિશામાં ડગલું ભરતાં માનવી જે ખંચકાટ અનુભવે છે તેનું કારણ જ કર્મ છે. પાપકર્મથી કંપતો ધર્માત્મા સંસારને વહેલો તરે ને કર્મના તત્ત્વને ન પ્રમાણનારો ચોર્યાસીના ચક્કરમાં ફર્યા કરે.

અગ્નિભૂતિ ગૌતમનો સંશય ટળી ગયો, શ્રી મહાવીરના જ્ઞાને તેઓ અંજાઇ ગયા. પરમપદદાયી ભાગવતી દીક્ષા કાજે તેઓ તૈયાર

થયા. તેમના શિષ્યો તેમને અનુસરે તેવા જ હતા. વેદધર્મના પારગામી, બ્રાહ્મણ કુળમાં ઉપનેલા, પૂર્વવૈભવમાં મ્હાલતા અગ્નિભૂતિ ગૌતમે પોતાના કરતાં વધારે સમર્થ આત્માની ચરણરજમા શિર ઝૂકાવ્યું. નમ્રતા એ જ્ઞાનનો મહા ગુણ છે. 'અધૂરા છલકે, ભર્યા ગભીર રહે.' દીક્ષા સમયે અગ્નિભૂતિની વય છેતાળીસની હતી દશ વર્ષ પર્યંત સાધુ જીવન ગાળ્યું; પછી કેવળજ્ઞાની થયા અને કુલ બાસઠમા વર્ષે સિદ્ધિપદને પામ્યા.

આજના વિજ્ઞાનવાદના જમાનામાં સર્વ અભ્યાસી ગણાતા માનવોને સૌથી મોટો સંશય કર્મનો જ છે. પણ તે સંશયના નિવારણનો ઉપાય તદ્દન સરળ છે હું એમ પુછું છુ કે, 'કર્મ નથી તો માનવીને અચાનક જ અમુક ખાસ સંયોગોમા મૂકાવું પડે છે કઇ રીતે? અમુક શારીરિક બંધારણપૂર્વક જ તેનો વિકાસ થાય છે કઇ રીતે? આ દુનિયામાં એક માણસના શરીરના બંધારણને બંધ બેસતુ એવું જ બીજું શરીર મળતું શા માટે નથી? એક ગાંધીજી કે જવાહરને મળતા બીજા શરીરો શા માટે નહિ? કારણ સહેલું છે. પૂર્વજન્મમા જીવે જે પ્રકારના કર્મોનું વાદળ નિજની આસપાસ ઉપજાવ્યું હોય, તેજ પ્રકારનું શારીરિક બંધારણ તેને નવા જન્મે સાંપડે. આ વાતનો અસ્વીકાર ગમે તેવા પંડિત કે વિજ્ઞાન નરેશથી પણ થઇ શકે તેમ નથી. કર્મનો વિરોધ આત્માના અનર્થમાં જ નીવડે છે.

**ગણધર ત્રીજા:**—ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ બન્નેએ શ્રી વીરનું શરણું સ્વીકાર્યું. દીક્ષા લીધી. વાયુભૂતિ ગૌતમે આ વાત જાણી એટલે તેઓ પણ શ્રી વીર પાસે ગયા. જીવ અને શરીર વિષેનો પોતાના મનનો સંશય ત્યાં રજુ કર્યો. પરમજ્ઞાની મહાવીરે તે સંશય ટાળી વાયુભૂતિના મનનું સમાધાન કર્યું વાયુભૂતિએ પણ પોતાના શિષ્યો સહિત દીક્ષા અંગીકાર કરી.

**બીજા આઠ ગણધરો:**–વ્યક્તાદિ બીજા આઠ પંડિતો પણ નિજ-નિજની શંકાના સમાધાનાર્થે મહાસેન ઉદ્યાનમાં આવ્યા. સોમીલનું યજ્ઞકાર્ય ત્યાંજ અટકી પડયું. શ્રી મહાવીરે પ્રત્યેકની શંકા ટાળી.

વ્યકત પંડિતના મનમાં, 'જગત્ શૂન્ય' હોવાની શંકા હતી. જે શંકા આજે ય ઘણાના મનમાં ઘર કરીને બેઠી છે. આત્માની અપેક્ષાએ કનક, કામિનીનું સૂચવાતું અનિત્યપણું પંચભૂતોના નિષેધને નથીજ આવકારતું. જો જગત મિથ્યા હોય તો તેમાં ગામ, નગર, જંગલ–અરણ્ય, સાગર, સરિતા વિગેરેના ભેદનો અર્થ શો? પંચભૂતોના અનસ્તિત્વનો સંશય ખોટો છે.

**મૌર્ય પુત્રની શંકા**–'દેવતાઓની દુનિયા છે કે નહિ' પળને માટે માનો કે દેવતાઓની દુનિયા નથી, પરન્તુ સંસારીજીવોને સાંપડતા ભિન્ન ભિન્ન પ્રકારના વૈભવો જોતાં સમજાય છે કે, દુનિયામાં ગરીબ તવંગર છે તો તવંગરની તેવી બીજી દુનિયા કેમ ન હોય?

મંડિક પંડિતના મનમાં હતું કે, 'જીવને બંધ, નિર્જરા અને મોક્ષ છે કે નહિ?' આત્માને બંધ અને મોક્ષ થાય છે એ વાત સર્વ વિદિત છે. મિથ્યાત્વ, અવિરતી, કષાય અને યોગ એ કર્મબંધના મુખ્ય હેતુઓ છે. તેના સેવનથી જીવો જે કર્મનો બંધ કરે તે બંધ કહેવાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રનું આરાધાન, કર્મ નિર્જરા (વિયોગ) ના હેતુઓ છે. તેના પાલનથી પ્રાણીઓ કર્મથી રહિત થાય છે. અને તેને મોક્ષ કહે છે. બંધ અને નિર્જરા પરસ્પરના પૂરક છે જેવી રીતે સુખ–દુઃખ, દિવસ–રાત. બંધ હોય ત્યાં મુક્તિ હોય જ.

**અચલભ્રાતા છઠ્ઠા પંડિત**–તેમને શંકા હતી કે, 'પુણ્ય પાપ છે કે નહિ!' પુણ્યપાપ વિષે શંકા ધરવી તે નાજુક વાત ગણાય. શાસ્ત્રના પ્રચંડ અભ્યાસીઓને આવી શંકાઓ થાય તેનું કારણ છે. કારણ કે તેઓ શાસ્ત્રાભ્યાસ વડે સર્વ સત્યનો નિચોડ કાઢવા મથતા હોય છે. એટલે તેમને આવી કોઈક બાબતમાં શંકા થઇ આવે.

રશિયન સમ્રાટ સ્ટેલીન આજે પુણ્ય-પાપના દ્વન્દ્વને ભૂલવા ને ભુલાવવા તૈયાર થયો છે. તેના સામ્રાજ્યમાં સર્વને સરખા દરજ્જે જીવવાનાં તેણે ફરમાનો કાઢ્યાં છે. તે ફરમાનોના અમલ પાછળ તે કરડી નજર રાખે છે. મને આ બધું સ્વપ્ન જેવું જણાય છે. ગમે તેમ કરો, કર્મનાં પ્રેર્યાં માનવી, કર્મોની ગતિ પ્રમાણે જ વર્તવાનો છે. કાયદાથી ડરતો માનવી, શરીરથી ગુન્હો ન કરે, પણ તેના માનસિક ગુન્હા બદલ જવાબદાર કોણ ?

એક રાજાએ પોતાના નગરમાં પધારેલા એક મહાત્માને પૂછ્યું કે, સ્વામીજી, અમારા નગરની પ્રખ્યાત ગણિકા રતિનો ઉદ્ધાર થાય તેવો માર્ગ બતાવો. સ્વામીજી શિર પંપાળતા બોલ્યા, 'રાજન જો તારા નગરની તે ગણિકા ફક્ત એક જ રાત માટે નૈષ્ઠિક બ્રહ્મ ચર્યનું પાલન કરે, તો તરત જ તેનો ઉદ્ધાર થાય.' રાજાએ આ વાત રતિને કરી. જે પ્રમાણે વર્તવાનો તેણે તેને કડક હુકમ કર્યો. તેના ભવનને બારણે ચોકીદારો ગોઠવ્યા. રાત પડી. રતિને મળવા આવતા માણસોને ચોકીદારોએ કાઢી મૂક્યા. રતિ એકલી મકાનમાં બેસીને વિચારવા લાગી. મારો રતિધર્મ આજે બરબાદ થશે. અંતરમા ઘોળાતી ઝેરી ભાવનાએ તેને બુદ્ધિ સૂઝાડી. તે રાતે તેણે નિજના માનસદેશે સેંકડો પરિચિત માનવોને ચીતર્યાં અને પોતાનો ધર્મ પૂરો કર્યો.

રશિયન સમ્રાટ ભલે એમના માનવો પ્રતિ કડક રહે, કડક ફરમાન કાઢે પણ તેથી તે તેમના મનનો સમ્રાટ નહિજ બની શકે, અને એક દિવસ આવશે કે જ્યારે આપણે રશિયાના સમાનવાદનાં પુસ્તકોની ચિતા ભડકાતી જોઇશું અને તેના પ્રકાશમાં રશિયન નર-નારીમાં દીપાવલીના પ્રકાશનો અનુભવ કરશું. એટલે કે પુણ્ય-પાપનો આદર ધર્મ પ્રમાણે છે. સુખ-દુઃખનું આદિ નિદાન કર્મ છે, યોજનાઓ ઘડવાથી કે ભાષણ કરવાથી પ્રજાઓને સાચાં સુખ ન જ

મળે. પુણ્ય-પાપનો મર્મ સમજવાથી જ જગત પ્રજાઓમાં એક દિવસ જરૂર સાચો સંતોષ ફેલાશે.

સુધર્મા પંડિત:–તેમને શંકા હતી કે 'આ જીવ જેવો આ ભવમાં છે, તેવોજ પરભવમાં થાય છે, એટલે કે મનુષ્યને માનવજન્મ મળે, પશુને પશુ તરીકે જન્મવું પડે. ઘણા અંગ્રેજ વિદ્વાનો પણ આ વાતને ટેકો આપે છે. શરીરનાં બાહ્ય લક્ષણોનું કારણ પોતાના મતજન્મના તે તે પ્રકારના ભાવો છે અને આત્મા તો એનો એ જ હોય છે સમજો કે આ ભવે આપણને માનવ અવતાર મળ્યો છે. હવે આ માનવ અવતાર દરમ્યાન જો આપણા ભાવો, ક્રિયાઓ ઇત્યાદિમાંથી આપણી માનવતા ઝરે તો આગામી ભવે આપણે મહામાનવને યોગ્ય શરીર અને સુવિકસિત આત્મા પામીએ. પણ જો આ ભવે આપણે, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, નમ્રતા, ઔદાર્યતા આદિ ઉચ્ચ ગુણોને ભૂલી જઈ તેથી ઉલ્ટી રીતે ચાલીએ તો આપણે પોતે આગામી ભવે તે રીતનું કલેવર પામીએ; આ ભવે બહુ ક્રોધપૂર્વક જીવ્યા હોઈએ તો સર્પનું, કામીજીવનને માટે રતિનું. પણ માનવીને માનવ જન્મ અને પશુને પશુયોનિ મળવાનો એકાંત નિયમ નથી.

અકંપિત પંડિતની શંકા:—'નારકીના જીવો નજરે દેખાતા નથી, તેથી નારકી નથી.' આ શંકાના મૂળમાં ઘણું રહસ્ય સમાયલું છે. નારકી એટલે નીચલી ભૂમિકા દુઃખીમાં દુઃખી જીવન તે જીવોને જોવા માટે સુખમાં રંગાયલી સંસારી આંખો કામ ન આવે, નારકીના જીવો જેવી સ્થિતિમાં આજે આ સંસારમાં ઘણાં જીવો દિવસ પસાર કરે છે. તેમને જોવાની કે તેમની સ્થિતિનું સાચું રહસ્ય સમજવાની આપણને પડી નથી, તો પછી જે જીવો ભયંકર પ્રકારની યાતનાઓ વચ્ચે જીવન અવધિ પૂરી કરે છે, તેમને આપણે જોઇ શકીએ જ કઇ રીતે? અધમમાં અધમ રીતે જીંદગી ગૂજારતા સંસારી જીવોને મરીને જ્યાં જવું પડે છે તે નરક જ ગણાય. એ જીવોએ સંસારમાં રહીને જે

તાપ સળગાવ્યો હોય, તેથી શતગણા તાપમાં તેમને જીવવું જ પડે. કર્મ ફળના ધોરણે નારકી પ્રમાણરૂપ છે અને નારકી હોય તો ત્યાં જીવો પણ હોય જ.

**દશમા મેતાર્ય પંડિતઃ**—તેમના મનમા સંશય હતો કે, ‘ભવાંતરમાં પ્રાપ્ત થવા રૂપ પરલોક નથી; મતલબ કે પુનર્ભવ નથી. તે સમયના પંડિતોની એકે એક શાસ્ત્રીય શંકા આજના સુધરેલા માનવસમાજની આંતરિક વિચારણાને સંપૂર્ણ રીતે મળતી આવે છે. જે તે સમયના પંડિતોના સંશય હતા, તે જ આજના પંડિતોના સંશય છે. તે પંડિતોના સંશય તે શાસ્ત્રાર્થ વડે ટળ્યા, તે જ શાસ્ત્રાર્થના અભ્યાસ કરવાની આજના વિદ્વાનોને નમ્ર અરજ છે.

પુનર્ભવની બાબતમાં જીવની સ્થિતિ સર્વભૂતથી જુદી જ છે. બધા ભૂતો (પંચ-મહાભૂત) એકત્ર થાય, તો પણ તેમાથી ચેતના ઉત્પન્ન થતી નથી, જે જીવોનો ધર્મ છે. चेतना लक्षणो जीवः ચેતના પંચમહાભૂતથી જૂદી છે. એ ચેતના લક્ષણવાળો જીવ આયુષ્ય પૂરું થયા બાદ પરલોકમાં જાય છે, જો પુનર્ભવ ન હોય તો આ ભવમાં જે શુભાશુભ કાર્ય કર્મો કરવામા આવે છે તેનું ફળ ‘કોણ ભોગવશે? જો પરભવ ન હોય અને શુભાશુભ કર્મનું ફળ ભોગવવાનુ પણ ન હોય, તો પછી સારા કર્મો કરવાની અને નઠારાં કર્મો ત્યજવાની વિચારણા જ શું કરવા જોઈએ? પછી તો દરેક પોતાના મનસ્વી તરંગો પ્રમાણે વર્તવું એમજ નક્કી થાય. પરંતુ જગતમાં શુભાશુભ કર્મોના ફળ ભોગવતા જીવ જોવામા આવે છે, તે જીવો જે કર્મફળ ભોગવે છે, તે કાંઇ આ ભવમાં કરેલાં કર્મોનું પરિણામ હોય છે તેમ નથી, માટે જ પુનર્ભવ છે, પરલોક છે. આ લોકનું દર્શન, પરલોક હોવાની એક સાબિતી છે.

**અગ્યારમા પ્રભાસપંડિતઃ**—પ્રભાસપંડિતને સંદેહ હતો કે, “નિર્વાણ (મુક્તિ-મોક્ષ) છે કે નહિ!” નિર્વાણ એટલે અનિર્વાચ્ય

સ્નેહના વિશ્વવ્યાપી આંદોલનમાં ઝીલાવું. નિર્વાણની ભૂમિકા આત્માની અંતિમ ભૂમિકા છે. દરેકને પોતાનું અંતિમ લક્ષ્યબિંદુ હોય. આપણા શરીરમાં જે આત્મપ્રકાશ વહે છે, તે અવશ્ય નિર્વાણપદને પામવાનો, પણ ક્યારે ? જ્યારે આપણામાં આત્મદષ્ટિ ખીલશે, આપણી આંખો પરમાં આપણને ઓળખતી થશે, આપણામાં અવરને પીછાનતી થશે. મુક્તિના મંગલતમ મંદિરમાં મ્હાલવાને ઉત્સુક થવા માટે સંસારના વૈભવો કડવા બને, જેને સંસારસુખ કડવાં વખ જેવાં લાગે, તેને સમજવું કે. મુક્તિ સમીપ જઈ રહ્યા છીએ. સસારમાં મસ્ત રહેનારને સૂક્ષ્મ આનંદની અણમોલ પળ ઘણી જ મોડી આવે છે.

**સંઘ સ્થાપના:**—અગ્યાર બ્રાહ્મણ પંડિતો જૈન–સાધુ બન્યા. શ્રી વીરના આત્મતેજમાં તેમના પાંડિત્ય ઓગળી ગયાં.

મહાસેન ઉદ્યાનમાં પરમ તેજસ્વી શ્રી મહાવીર નિર્મળ જ્ઞાન ગંગા વહાવી રહ્યા છે. તેની શિતલ લહરીમાં સહુ જીવો ઊંડી શાંતિ માણે છે. વ્યાખ્યાનપીઠની બન્ને બાજુએ ગણધરો બેઠા છે. શ્રી મહાવીર ચતુર્વિધ સંઘ સ્થાપવાનો વિચાર કરે છે. સાચા સાધુ, સાધવી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર મળે એટલે શ્રી સંઘ કહેવાય. ત્યાં ગૌતમાદિ સાધુ હતા. શ્રાવક શ્રાવિકા ધર્મની કક્ષાએ ઘણા ઉચ્ચ જીવો તૈયાર હતા. ખોટ હતી સાધવીની. તે ખોટને પૂરવા ચંદનબાળા હાજર થઈ. ચંદનબાળાના જીવનનો આછો પરિચય પાછલા પ્રકરણમાં અપાઈ ગયો છે. તે શ્રી વીરના કેવળજ્ઞાનની રાહ જોતી દિવસો વ્યતીત કરતી હતી. જેવી તેને કેવળજ્ઞાનની ખબર પહોંચી તેવી તરત જ તે મહાસેન ઉદ્યાનમાં ઉપદેશ ધારા વહાવતા શ્રી મહાવીરની પવિત્ર છાયામા આવીને ઊભી રહી. શ્રી મહાવીરે તેને પરમ પવિત્ર ભાગવતી દીક્ષા આપી. હજારો નરનારીઓને શ્રાવકને ઉચિત વ્રત આપીને શ્રાવકપણામાં સ્થાપિત કર્યાં.

એવી રીતે ચતુર્વિધ સંઘથી પવિત્ર એવા ધર્મતીર્થની સ્થાપના કરી ગૌતમાદિ અગ્યાર પંડિતોને ગણધર પદે સ્થાપી, ઉત્પાદ વ્યય અને ધ્રુવાત્મક ત્રિપદી કહી સંભળાવી. તે ત્રિપદી વડે તેમણે દ્વાદશાંગીની રચના કરી. સાધ્વીઓમાં સંયમના ઉપયોગની ઘટનાને માટે ચંદનાને પ્રવર્ત્તિની પદે સ્થાપિત કરી.

**શ્રી સંઘનું મહાત્મ્ય:**—સંઘ એ પચીસમું તીર્થ ગણાય છે. ચોવીસ તીર્થો તે ૨૪ તીર્થંકરોએ સ્થાપ્યાં તે, અને તેમની ગેરહાજરીના કપરા સમયે પ્રત્યેક સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને આ સંઘતીર્થની આજ્ઞાનુસાર વર્તવાનું હોય છે.

**સંઘના ચાર અંગ:**—સાધુ, સાધ્વી–શ્રાવક શ્રાવિકા. સાધુનો ધર્મ પંચ મહાવ્રતના પાલને કરીને જગતના જીવોને ધર્મનો બોધ આપવો, દુનિયામાં સાર વસ્તુ શું છે તે સમજાવવી. ચોમાસાના ચાર મહિના સિવાયના આઠ મહિનામાં ઠેર ઠેર વિહાર કરવો. એક સ્થળે વધુ સમય ન રોકાવું. જો સંઘના હિતની વાત હોય તો વિચારપૂર્વક સ્થિરતા કરવી નહિતર નહિ. સાધુ મહારાજ એ સંઘનું મુખ્ય અંગ છે. તેમની વ્રતશિથિલતાની સંઘ ઉપર માઠી અસર થાય. એકલા વિહાર કરવાની સાધુને શ્રી વીરે મના કરી છે. એકલા વિહરવાથી પરિણામે આત્માનું અહિત થાય છે. સાધુ એટલે આત્મસાધના કાજે મેદાને પડેલા તેજસ્વી સુભટ. આત્માના હિતની દિશામાં કામ કરતા તેને જગતની મગે તેવી જાળો ન રોકી શકે. તેનું એકજ ધ્યેય હોય, અને તે સ્વપરના આત્મહિતમાં ઊભા રહેવું. શાસનની ઉન્નતિના પ્રત્યેક કાર્યમાં તે મહત્ત્વનો ભાગ ભજવે. શાસ્ત્રકાર મહારાજાએ ફરમાવેલ સિદ્ધાંતથી લેશ પણ આછો પાછો પગ તેનાથી ન ભરાય. ચોમાસાના ચાર મહિના તે એક સ્થળે સ્થિર રહે અને ભવ્ય જીવોને ધર્મનો સદ્‌બોધ આપે. ગુરુ હોય તો શિષ્યોને શાસ્ત્રાર્થ સમજાવે, શિષ્ય હોય તો ગુરુમહારાજનો વિનય વૈયાવચ્ચ કરે. સાધુ અને સાધ્વીના

ધર્મમાં કાંઇ ખાસ ફેર નથી. જે ધર્મના આશ્રયે સાધુઓ આત્માને સાધે તેજ રીતે સાધ્વીઓ સાધી શકે. પછી આવે શ્રાવક અને શ્રાવિકા; તેમને માટે ધર્મના બંધનો છે જ સમ્યક્ત્વ મૂલ બારવ્રતના પાલનથી શ્રાવકધર્મનું પાલન થાય. આ વ્રતના પાલન વડે માર્ગાનુસારીના પાત્રીસ ગુણોનુ પાલન કરવું પડે. તે પાલન કરનાર જ સમ્યક્ત્વમૂલ બારવ્રતનું પાલન કરવા સમર્થ થાય.

**માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો**:—માર્ગાનુસારી એટલે સાચા માર્ગને અનુસરવા યોજાયેલ નિયમો. આ માર્ગને અનુસરતો માનવી સંસારમા રહેવાની સાથે પોતાના આત્માનું હિત પણ કરી શકે.

(૧) ન્યાય સંપન્નવિભવ, એટલે કે સાચા વીતરાગ ધર્મને અનુસરતો જીવ ગમે તે સંયોગોમા, ગમે તેટલા ઓછાથી ચલાવે, પણ ન્યાયના માર્ગે મળેલું જ લે.

(૨) શિષ્ટાચાર, માર્ગે મળતા કે આંગણે આવતા શત્રુ—મિત્ર પ્રત્યે યોગ્ય આચારપૂર્વક વર્તે.

(૩) સરખા ધર્માચરણવાળા સાથે વિવાહ સંબંધ બાંધવો. જો વિજાતિય પ્રજાઓ સાથે ધર્મસંબંધ યોજાય, તો જતે દહાડે સંસ્કારની સુરક્ષિતતા શંકાભરી બને.

( ૪ ) પાપથી ડરવું; એટલે અનીતિના બધા રસ્તા છોડી દેવા. જે કૃત્યોથી આત્માનો સાહજિક પ્રકાશ રોધાય તે અપકૃત્યો ન કરવાં.

( ૫ ) દેશાચાર પ્રમાણે વર્તવું; જે દેશમાં રહેતા હોઇએ તે દેશના આચારને જીવનની બાહ્ય ક્રિયાઓમાં સ્થાન આપવું.

( ૬ ) કોઇના અવર્ણવાદ બોલવા નહિ: એકબીજાની ગેરહાજરીમાં એકબીજાની સામે સાચું ખોટું ન બોલવું. જેનાથી સંસારીઓમાં ખટપટ વધે તેવી રીતનો વર્તાવ બંધ કરવો.

(૭) બહુ પેસવા નીકળવાના રસ્તાવાળા ઘરમાં વસવું નહિ, કારણ કે તેનાથી બે મોટા અહિતનો સંભવ છે, ઘરમા અનીતિ ફેલાય યા તો ચોર ચોરી કરી જાય.

(૮) અશુદ્ધ સ્થાનકવાળા ઘરમાં રહેવુ નહિ. તેવા ઘરમાં રહેવાથી આપણી દૈનિક શુદ્ધ ક્રિયાઓનું પરિણામ ઝંખવાઇ જાય.

(૯) અતિગુપ્ત સ્થાનમાં રહેવું નહિ. જેમકે ભોંયરામાં, સાતમે માળે. આવા સ્થાનકોમાં રહેવાનું પુણ્ય બળવાન હોય તો ભલે તેને કાંઇ ન થાય, પણ આજ કાલ જે ખૂન કે અનાચારો ફેલાય છે તે આવા સ્થળેથી.

(૧૦) અતિ પ્રગટ સ્થાનમાં પણ રહેવું નહિ. આવા સ્થાનકે રહેવાથી ઘરની મર્યાદા બરાબર જળવાય નહિ.

(૧૧) ગુણી પુરૂષોનો સંગ કરવો. સારાની સોબતમાં સારૂં જ મળે. ફૂલની સોબતે દોરાને જેમ પૂજ્ય પ્રતિમાને કંઠે ચઢવા મળે છે તેમ.

(૧૨) માતાપિતાની આજ્ઞામાં રહેવું. વડીલોની આજ્ઞામાં રહેવાથી આપણુ સરસ રીતનું ઘડતર થાય, વિવેક સદ્‌ગુણુ ખીલે તેમજ જતે દિવસે માતાપિતાના જતાં જ્યારે કુટુંબની જવાબદારી આવે ત્યારે તે સંભાળવાને આપણે પૂરા લાયક બન્યા હોઇએ.

(૧૩) જ્યાં સ્વરાજાનો અથવા પરરાજાનો ભય હોય ત્યાં રહેવું નહિ. એટલે અમૂલ્ય જીવનને અકારણુ જોખમમાં ન ઉતારવું, કારણુસર ભલે તે જોખમ વહોરવું એ જરૂરી છે પણુ અકારણુનું બધું નકામું છે.

(૧૪) આવકના પ્રમાણુમાં ખર્ચ કરવું. જેટલી માસિક આવક હોય, તેને ખ્યાલમાં રાખીને ખર્ચો કરવો કે જેથી ભવિષ્યમાં મૂંઝાવાનો વખત ન આવે અને આવતા ખર્ચો નીકળ્યે જાય.

(૧૫) ધન મુજબ વસ્ત્ર પહેરવાં. આજે આ સિદ્ધાન્તની કોઇનેય પડી હોય તેમ જણાતું નથી. શ્રીમંતો ફાટેલાં વસ્ત્રો પહેરે છે, ગરીબ રોજ દિવાળી ઉજવે છે. શાસ્ત્રકારે વસ્ત્રપરિધાન કરવામાં જે મહત્તા લેખી છે, તેને આજ કોઈ અપનાવતું નથી. પણ મોભાસરનાં કપડાંથી માનવીનો સમાજમાં દરજ્જો રહે છે.

(૧૬) શાસ્ત્રશ્રવણ કરવામાં ચિત્ત રાખવું. ધર્મના પવિત્ર સૂત્રો સાંભળવામાં રોજનો અમુક સમય વ્યતીત થવો જોઇએ. લક્ષ્મી પાછળ રાતદિવસ ન ગણનારા ગુણીજનો જો તેમનો અમુક સમય લક્ષ્મીને ભૂલી જઈ, આત્માની અવિચળ લક્ષ્મીના ગુણગાનમાં ગાળશે તો ભાવિમાં તેમનું બધી વાતે ભલું જ થશે.

(૧૭) અજીર્ણ થતાં આહાર કરવો નહિ. વૈદકના નિયમ પ્રમાણે માનવીએ ભૂખ હોય તે કરતાં બે-ચાર કોળિયા ઓછા ખાઇને ચળું કરવું જોઇએ. તેમ કરવાથી ખાધેલા ખોરાકને હલનચલનમાં સગવડ મળે છે અને તરત પચી જાય છે અને લોહીના રૂપમાં બદલાય છે. સારી જણાતી વસ્તુ હદ ઉપરાંત ન ખાવી જોઇએ; તેમજ ન ભાવતી વસ્તુ જોઇને ભૂખ્યા ન રહેવું જોઇએ.

(૧૮) અકાળે ભોજન કરવું નહિ. આજે સમયસર ભોજન કરનારા ભવ્ય જીવો જ ગણ્યાગાંઠ્યા મળશે. સાંજે ઘેરથી ભૂખ્યા રહીને, હોટેલમાં જઇને જમવું ગમે છે, પણ ઘરની નિયમસર રસોઈ નથી ગમતી. અકાળનું ભોજન આયુષ્યને ટૂંકાવે છે.

(૧૯) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ સાધવા. સંસારીને માટે આ ત્રણ અર્થ જ સાધ્ય લેખાય છે, ત્રણેયની સાધના પાછળ પોતાનો સમય નક્કી કરનારને મૂંઝાવાનો વારો નથી આવતો.

(૨૦) અતિથિ, સાધુ અને દીન-ગરીબ, દુઃખી-માણસની યથાયોગ્ય ભક્તિ કરવી. સેવાના ધર્મની કેટલી વિશદ છણાવટ છે આ

નિયમમા, સમાજના દુઃખીમાં દુઃખીથી માંડીને, સુખીમાં સુખી માણુસની ભક્તિ–સેવાનો કેટલો સરળ સિદ્ધાન્ત છે આ અતિથિસેવા, આર્યધર્મનું ( આત્મ ધર્મનું ) ગૌરવ છે. આંગણે આવેલા શત્રુ કે મિત્રની સેવા કરવામા આર્યોએ કદી મોઢું છૂપાવ્યું નથી. આજે પણ ગામડામાં આ સિદ્ધાન્તનું પાલન થાય છે. શહેરના વાતાવરણમાં ઉછરતા માનવો આ સિદ્ધાન્તની ઉપેક્ષા કરે છે, અને તેનું મૂળ કારણ તેમનું રંક માનસ કે શિક્ષણ હોવા કરતાં રાજ્યકર્તાએ બિછાવેલી રાજનીતિ છે

(૨૧) સર્વજ્ઞ ભગવતના કહેલા ધર્મ ઉપર રાગ ધરવો. એટલે કે શાસ્ત્રવચનોને પ્રમાણભૂત લેખવાં. 'ધર્મ' પ્રત્યે અનુરાગ ધરવો. આ પ્રમાણે વર્તવાથી જીવનમાં સુખ, શાંતિ અને સંયમનો સુસંયોગ થાય છે.

(૨૨) ગુણના પક્ષપાતી થવું. જ્યાં જ્યાં ગુણ જણાય, ત્યાં ત્યાં ડગલાં ભરવાં અને તેનો સ્વીકાર કરવો. બગલાની એકાગ્રતા કે પતંગની કુરબાનીમાંથી પણ સાર ગ્રહણ કરવો. ગમે તેના દોષ જોવા કરતાં, જડતા ગુણોના અધિકારી થવું, કારણકે માનવી માત્રમાં દોષ હોય છે. દોષ રહિત કેવળ પરમાત્મા છે. છતાં સંસારમાં સાચુ જીવન વ્યતીત કરવા માટે, જ્યાંથી મળે ત્યાંથી ફૂલ વીણી વીણીને તેની માળા બનાવી અંતરમાં ધારણ કરવી જોઇએ. કહ્યું છે કે, ' મળે તો કચરામાંથી પણ સોનું લઈ લેવું '

(૨૩) દેશકાળની વિરૂદ્ધ ચર્યાનો ત્યાગ કરવો: જે દેશમા અને જે કાળમાં જે વસ્તુ જે ચર્યા અનુપયુક્ત ગણાતી હોય, એનો ત્યાગ કરવો. આ રીતે વર્તવાથી રાજનીતિના ભોગ બનવાનો પ્રસંગ નથી આવતો અને આપણું જીવન કૂડી ધમાલમાંથી ઉગરી જાય છે. સુધરેલા ગણાતા માનવોની દેશ કાળની વિરૂદ્ધ ચર્યાથી આજે આર્ય સંસ્કૃતિનો લોપ થઇ રહ્યો છે.

માર્ગે જતાં આપણને એક અંધ માનવી મળ્યો, તે માનવીને જોતાં જ ખરી રીતે આપણું દિલ દ્રવવું જોઇએ. આપણામાં કરુણારસ પ્રગટવો જોઇએ; કારણકે દયા–સ્નેહ એવો અજબ ગુણ છે, કે જે પરમાં આપણને નિરખે છે, આપણામાં પરને નિહાળે છે.

(૩૨) આર્ય નર–નારીની આકૃતિ–સ્વભાવ વિગેરે શાન્ત હોય, ગંભીર હોય, ક્રૂરતા રહિત હોય. ગાંભીર્ય અને શાન્તિ જીવનની ગુપ્ત શક્તિઓને ખીલવે.

(૩૩) પરોપકાર કરવામાં–બીજાનું ભલું કરવામાં પુરૂષાર્થી બનવું–એમાં પાછા ન પડવું. પોતાનું ભૂંડું થતું કોઇનેય ગમતું નથી. પણ જ્યારે પરનું ભૂંડુંય જોયું ન જાય ત્યારે જ ખરો આર્યધર્મ (આત્મધર્મ) જાળવ્યો ગણાય. આજે પરોપકાર જેવી વાત જ નથી રહી દરેકના દિલ રંક થતાં જાય છે હાઇસ્કુલ કે કોલેજમાં ભણતા આજના વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓએ પરોપકારનો જે અર્થ ઉપજાવી કાઢ્યો છે તે જોતાં તો હસવું જ આવે છે. એકબીજાને જરૂર હોયને કાગળ કે પેન્સીલ આપે, તો પણ સામેથી ‘આભાર’ (thanks) નો વરસાદ વરસે. એકબીજાની ફરજ બજાવે ત્યાં વળી આભાર કેવો ?

(૩૪) અંતરંગ–અંતરના છ શત્રુઓ–ક્રોધ, માન, માયા, લોભ, હર્ષ અને કામ–એનો ત્યાગ કરવામાં–એનું દમન કરવામાં એને પાતળા કરવામાં હમેશાં તત્પર રહેવું. આ છ અવગુણો માનવ પ્રાણીના મહાન શત્રુઓ છે. જે એમને આધીન થાય છે, તેનું તો સત્યાનાશ જ નીકળી જાય છે. આ મહાન શત્રુઓ ઉપર વિજય મેળવવાનો સરળ રસ્તો ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને સમતોલ કરવામાં છે. જો એક એક ઇન્દ્રિયના મૂળ હાર નીચે આત્મવેલી વવાય તો ઇન્દ્રિયનો બાહ્ય સ્વભાવ બદલવા માટે, અને આત્માના ગુણધર્મો પ્રગટવા માટે પણ જ્યાં સુધી શરીરમાં આત્મા કરતાં ઇન્દ્રિયો–મન

વિગેરેને વધારે મહત્ત્વ અપાય છે, ત્યાં સુધી ઉક્ત અવગુણોનું બળ ઢીલું નથી જ પડતું.

( ૩૫ ) આર્ય, ઇન્દ્રિયોને આધીન બનાવવા પ્રયત્ન કરે. સર્વ દુઃખનું મૂળ ઇન્દ્રિયવિકાર સમજીને ઇન્દ્રિયોના વિષયોને આધીન બનાવે.

ઉક્ત પાંત્રીસેય ગુણોની પુષ્પમાળા જેને કંઠે મ્હેકતી હોય, તેને શ્રાવક (આર્ય) કહેવાય. ઉક્ત પાંત્રીસ ગુણોમાં આખું જીવનશાસ્ત્ર સમાયલુ છે. તેમાં નીતિના, ધર્મના, રાજ્યના, સમાજના, વિજ્ઞાનના, વૈદકના, તમામ ગુણધર્મોનું સૂક્ષ્મ વર્ણન છે. આ ગુણોને આવકારતો માનવી સંસારને કોઈ પણ રીતે ભારરૂપ ન નીવડે, પણ તે એવુ જીવે કે તેથી વિશ્વના પ્રાણી માત્રને ઓછોવત્તો લાભ થાય. જૈન ધર્મના પ્રત્યેક ફરમાનમાં વિશ્વના પ્રાણી માત્રના હિતનો ખ્યાલ કરાયલો છે. તેણે જે–જે રચ્યું છે, તે સઘળું તેને માનનારાના જ લાભની ગણત્રીએ નહિ પણ વિશ્વના જીવમાત્રના હિતની ઉચ્ચ અને નિર્મળ ગણત્રીએ. જૈનધર્મ વિશ્વની નજીકનો નજીક ધર્મ છે. જે નર કે નારીને વિશ્વની સમીપમાં જ જીવન વ્યતીત કરવું હોય, એટલે પોતાના જીવન વડે વિશ્વના જીવમાત્રને સુખશાંતિનો પયગામ પાઠવવો હોય, તે નર–નારી જૈનધર્મના ઉદાત્ત નીતિ નીયમોના પાલન વડે તે પ્રમાણે જીવી શકે છે.

શ્રાવકના જે ગુણધર્મો હોય, તેમાંના ઘણાખરા શ્રાવિકાને લાગુ પડે. ઉક્ત પાંત્રીસ નિયમો પાળવાને શ્રાવક જ્યારે શક્તિમાન થાય, ત્યાર બાદ તેને બારવ્રતની પ્રતિજ્ઞા લેવી પડે. એટલે કે જીવનને ઉજળું અને વ્યવસ્થિત બનાવતા બાર નિયમો અંગીકાર કરવા પડે.

(૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત—કોઇ પણ નિરપરાધી, ત્રસ જીવની હિંસા ન કરવી તે. હિંસાના મુખ્ય બે પ્રકાર. સ્થૂલ અને સૂક્ષ્મ. સ્થુલ હિંસા એટલે નજરે દેખાતા કે દેખતાં–નજરે ચઢે એવા

(૨૪) વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધ પુરૂષોની સેવા કરનાર થવું પૂજક બનવું:—વ્રતધારીઓની સેવાથી વ્રતનો ઉદય આવે છે, અને જ્ઞાનીઓની સેવાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે. પૂજક–નમ્ર થવામાં નવસો ગુણ રહેલા છે, જ્યારે પૂજ્ય થવામાં સામાન્ય માણસને માટે ઘણુંજ નુકસાન સમાયલું છે.

(૨૫) પોષણ કરવાને યોગ્ય એવાં માતા, પિતા, ભાઇ, બ્હેન, સ્ત્રી, પુત્ર–પરિવારનું પોષણ કરવું. એમને કષ્ટ ન પડે એવો ખ્યાલ રાખવો. કર્તવ્યપાલન એ ખાસ ધર્મ છે. વળી આદર્શની ધૂનમાં ફના થતા, અને અન્યને ફના કરતા, મંદ માનસના માનવોને આ નિયમથી ઘણો ફાયદો થાય એમ છે. જવાબદારી એ ધર્મજ એવો છે કે, જે તેનો સ્વીકાર કરે, તે ઘડાઇને તૈયાર થઇ જાય અને પછી સંસારની ગમે તેવા પ્રકારની ભયંકર યાતનાઓ સામે પણ અણનમ શિરે હસતો રહે. આવા પ્રસંગે આદર્શવાદી આપઘાત સિવાય અન્ય માર્ગે નથી વળી શકતો.

(૨૬) કોઇપણ કાર્ય બહુ દીર્ઘ વિચાર કરીને કરવું:–દીર્ઘદર્શી પુરૂષ સાહસ ન કરે. સાહસ માનવીને સંસારના સીધા ચીલા પરથી બાજુમાં ગબડાવી દે. નાના–મોટા કોઇ પણ કાર્યના પ્રારંભમાં, તેના લાભાલાભનો સૂક્ષ્મ વિચાર માનવીના જીવનમા પશ્ચાતાપની ઘડીને નથી પ્રવેશવા દેતો. કોઈ પણ કાર્ય શરૂ કરતા પહેલાં, તેના ભૂતકાળના સ્વરૂપનો તથા ભાવિમાં ઉપજનારા સ્વરૂપનો પૂરો ખ્યાલ રાખવો જોઇએ. દીર્ઘદષ્ટિને કારણેજ પરદેશીઓ અહીં ફાવ્યે જાય છે અને આપણે પાછા પડીએ છીએ.

(૨૭) સાચો આર્ય (શ્રાવક) વસ્તુ, અવસ્તુ, કૃત્ય, અકૃત્ય, સાર, અસાર વિગેરેનો સંપૂર્ણ વિચાર કરનાર હોય–એને જાણનાર હોય. આજે આપણા જીવનમા આ લક્ષણના કેટલા અંશ છે? તાત્કાલિક લાભને પ્રસંગે આપણને કૃત્યાકૃત્યનો વિચારજ ક્યાં સ્ફુરે છે?

(૨૮) પરના ગુણો અને ઉપકારને ભૂલવા ન જોઇએ. જે માણસ પોતાના ઉપર કરેલા ઉપકારોને ભૂલી જાય છે તે કૃતઘ્ન કહેવાય છે આ સંસારમાં એકને બીજાની જરૂર પડેજ અને તે પ્રસંગે એક બીજાએ હાજર થવું જોઇએ; આવશ્યક સહાય કરવી જોઇએ, પણ તે સહાય–ઉપકારને ભૂલી જવો તે સારા માણસનું લક્ષણ નથી. તેમ થવાથી સંસારમાં રમતી સ્નેહની ભાવનાને ફટકો પહોંચે છે અને માનવી ગુલામ બને છે.

( ૨૯ ) દુનિયામાં જે પ્રમાણિક–પ્રતિષ્ઠિત મનુષ્યો હોય છે, તે લોક કહેવાય છે. એવા લોકોમાં પોતાના વિવેક, વિનયાદિ ગુણો વડે કરીને વલ્લભ થવું. એટલે વિવેક વડે પ્રતિષ્ઠિત જનસમાજમાં નામ સ્થાપવું. વિવેક ગુણ ઘણો મોટો છે વિવેકને આત્માનું નયન પણ કહેવાય. વિવેક–ઝરણુ અંતરે પ્રગટ થતાં, માનવીની અનેક કાર્યશકિતઓને વેગ મળે છે, અને તેથી સંસારને લાભ થાય છે.

( ૩૦ ) લજ્જાયુક્ત રહેવું. અર્થાત્–દાક્ષિણ્ય–શરમ–મર્યાદા એ અવશ્ય રાખવાં. જ્યારે આજના સુધારાના પવનમાં લજ્જાનો છેડોજ ખસી ગયો છે. અને નિર્લજ્જતાનું દર્શન થાય છે. ખરી રીતે જીવનમાં લજ્જાને સ્થાન હોવું ઘટે, લજ્જા એ નાના–મોટા વચ્ચેનો વિવેક છે. લજ્જા એટલે 'કેવળ લાજ કાઢવી' એમ નહિ; પણ નાના મોટા પ્રત્યેના વિવેક ધર્મને જાળવવો અને સ્ત્રીઓએ વિશેષ લજ્જાયુક્ત રહેવું. લજ્જા સ્ત્રી જીવનનો અણુમોલ અલંકાર છે. નુકસાનની અપેક્ષાએ લજ્જાથી લાભ વિશેષ છે. ચોવીસેય કલાક ખુલ્લે મોઢે ફરતી સ્ત્રી, અને ચારેક કલાક લજ્જામાં રમતી સ્ત્રીના મુખભાવ અવલોકતાં જ, લજ્જાનો મર્મ સમજાઈ જશે.

( ૩૧ ) દયાળું રહેવુ: ગમે તેવા દુઃખીને જોઇને દિલમાં દયા ઉત્પન્ન ન થાય, તો એ મનુષ્યનું હૃદય ન કહેવાય. અને દયા વિના ધર્મને યોગ્ય પણ ન બનાય. દયા સ્નેહનું અંગ છે. ધારો કે

જીવોની હિંસા. અને સૂક્ષ્મ હિંસા એટલે આંખે ન દેખાય એવા જીવોની હિંસા સંસારમાં રહેનાર સૂક્ષ્મ હિંસાથી ન બચી શકે, એટલે તેના માટે સ્થૂલ હિંસાથી વિરમવાનું શાસ્ત્રકારે ફરમાવ્યું છે. પ્રાણાતિપાત એટલે કોઇ પણ જીવને પ્રાણથી રહિત કરવો; વિરમણ એટલે વિરમવું અને વ્રત એટલે નિયમ એટલે સ્થૂલ હિંસાથી દૂર થવાનો નિયમ કરવો.

(૨) સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત—કન્યા સંબંધી જૂઠું ન બોલવું, અર્થાત નાની હોય તે મોટી કહેવી, મોટી હોય તે નાની કહેવી વગેરે.

ગાય, ભેંસ આદિ જાનવર સંબંધી જૂઠું નહિ બોલવું નાનીને મોટી ને મોટીને નાની, દૂધ ન દેતી હોય તેને દૂધ આપે છે એમ કહેવું વિગેરે.

ભૂમિ, ખાતર, મકાન સંબંધી જૂઠું ન બોલવું કોઇની જમીન હોય તે કોઈની કહી દેવી વિગેરે.

કોઇ મનુષ્યે કોઈ પણ ચીજ અનામત યા તો ગીરવી મૂકી હોય તેને હજમ કરી જવી અર્થાત જે શરતોથી આપી હોય. તે શરતે પાછી ન આપવી.

કોર્ટમાં અથવા કોઈ પણ ઠેકાણે જૂઠી સાક્ષી આપવી. આ બધા જૂઠાના પ્રકાર છે. તે પ્રત્યેક પ્રકારમાંથી નિર્દોષ જ છૂટનાર સ્થૂલ સત્યનો આદર કરનાર કહેવાય. આજે સત્યની આછી ફોરમ પણ સૂંઘવા મળતી નથી. વેપારમાં કેવળ અનીતિ ચાલે છે અને બીજા તેવા ક્ષેત્રોમાં પણ તેજ પ્રમાણે ચાલે છે. કોઇ પણ વસ્તુને પોતાની કરવા માટે બોલાતું અસત્ય, આત્માના પ્રકાશને ઢાંકે છે.

(૩) સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતઃ—અદત્તાદાન એટલે વગર આપ્યે લેવું. ગાંઠ છોડીને ચીજ લઇ જવી. ગજવું કાતરીને અંદરની

મતા લેવી, ઘરમાં ખાતર પાડવું, તાળું તોડીને ચોરી કરવી, રસ્તામાં આવતા-જતાને લૂંટવા. કોઇની પડેલી ચીજ ઉપાડી પોતાની પાસે રાખી લેવી આ બધા અદત્તાદાનના પ્રકાર છે. સાચો શ્રાવક ઉપરનું એકે અકૃત્ય ન કરે અર્થાત જેનાથી આત્મા ચોરાય એવી ચોરીના ક્ષેત્રમાં ડગલું ન ભરે.

(૪) સ્થૂલ મૈથુન વિરમણવ્રતઃ—પોતાની વિવાહિતા સ્રીને છોડીને સંસારની સમસ્ત સધવા, વિધવા, અવિવાહિતા યા વેશ્યા આદિ સાથે કાયાથી વિષય સેવનનો ત્યાગ. આવી રીતે સ્રીઓને માટે પર-પુરુષનો ભોગ. આ પ્રમાણે વર્તવાથી ચોથું વ્રત પાળી શકાય

આ વ્રતની ઉપેક્ષા માનવીના જીવનની કરુણમાં કરૂણ હાલત કરી મૂકે છે, ચારિત્ર્યહીન માનવી આ સંસાર પાટલે પશુથી પણ હલકટ જીવન ગુજારે છે .

સંસારીએ પણ શક્ય હોય ત્યાં સુધી, બીજ, પંચમી, અષ્ટમી, એકાદશી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા તથા પર્વના અન્ય કલ્યાણકારી દિવસોમા બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. ભોગના રોગથી જેટલી ઘડી માટે દૂર રહેવાય તેટલું સારૂ સમજીને વર્તવું જોઇએ.

(૫) સ્થૂલ પરિગ્રહ પરિમાણવ્રતઃ—" ધન, ધાન્ય, ખેતર, ઘર જાનવર, આભૂષણ, રોકડ આદિ સમસ્ત મિલકત કુલ રૂા.......સુધીની રાખીશ અને તેનાથી વધારે થશે તે બધીય ધર્મકાર્યમા વાપરી નાખીશ." આ પ્રમાણેનું જે શ્રાવક વ્રત ઉચ્ચરે તેને સ્થૂલ પરિગ્રહ પરિમાણવ્રત ઉચ્ચર્યું ગણાય, આ વ્રતના પાલનથી માનવીના અસંતોષી અને અધૈર્યમય જીવનમા સંતોષ અને ધૈર્યની સરવાણીઓ ફૂટવી શરૂ થાય છે. કારણ કે વ્રત ગ્રહણ કર્યા બાદ પ્રતિપળે તે એજ ધૂનમાં રમતો હોય કે, " મારી પાસે ક્યારે આટલી મૂડી થાય અને હું તેમાંથી મોટો ભાગ ધર્મ કાર્યમાં ખર્ચી નાખુ." આ ભાવના કેવળ લક્ષ્મીસંચયી ક્ષુદ્ર ભાવના કરતાં ઉચ્ચ અને રાજસી છે. કેવળ સંચ-

યના ઇરાદાથી મેળવાતી લક્ષ્મી અનીતિને માર્ગેથી પણ આવે; જ્યારે કેવળ શુભાશયની મણુત્રીએજ એકઠી કરાતી લક્ષ્મી અનીતિનો અવળો રસ્તો નજ સ્વીકારે.

પરિગ્રહ પરિમાણ વ્રતની ઓથે ત્યાગની પ્રચંડ શક્તિ પણ છૂપાયલી છે.

(૬) દિશિપરિમાણવ્રતઃ—દિશાઓમા અમુક નક્કી કરેલા અંતરથી વધારે દૂર ન જવું તે અગેનું જે વ્રત તે આ છઠ્ઠું વ્રત છે. ધર્મકાર્યને માટે ગમે ત્યાં જા-આવ કરી શકાય, પણ અંગત સ્વાર્થને માટે નક્કી કરેલા અંતરથી એક ડગલું પણ આગળ ન જવાય. જેમકે પૂર્વ દિશામાં કલકત્તાથી આગળ ન જવાનું વ્રત લીધું હોય, તો પછી રંગુનમાં ધોળે દિવસે રૂપિયા લૂંટાતા હોય, તો પણ વ્રતભંગ થઇને ત્યાં ન જ જવાય. ટપાલ વ્યવહાર ગમે ત્યાંનો રાખી શકાય.

(૭) ભોગોપભોગ વિરમણ વ્રતઃ—ભોગ અને ઉપભોગમાંથી વિરમવા માટે, તે તે પ્રકારની વસ્તુઓના ઉપયોગનો સંયમ રાખવો તે.

જે ચીજ એકજ વખત કામમાં આવે તે ભોગ છે જેમકે ભોજન વિલેપન પુષ્પ વગેરે.

જે ચીજ અનેકવાર કામમાં આવે તે ઉપભોગ છે. જેમકે વસ્ત્ર, અલંકાર, સ્ત્રી આદિ. આવી રીતે ભોગ અને ઉપભોગમાં આવતી વસ્તુઓનું પરિણામ કરવું.

આ વ્રતના પાલન માટે રોજ સવાર-સાંજ ચૌદ નિયમ ધારવા જોઇએ. અને કામમાં આવવા વાળી ચીજોનો નિયમ કરવો જોઇએ.

ચૌદ નિયમઃ—(૧) સચિત્ત-માટી, મીઠું વગેરે......શેરથી વધારે ન ખપે, પાણી પીવું, સ્નાન કરવું તથા અન્ય કામ માટે...... ડોલ અથવા તો......ઘડાથી વધારે ન ખપે. અગ્નિ-ચૂલા-સગડી...

થી વધારે ન ખપે. વાયુ, પંખા, હિંડોળા......થી વધારે ન ખપે. વનસ્પતિ, લીલી વનસ્પતિ......થી વધારે ન ખપે.

(૨) દ્રવ્યઃ—ખાવા પીવાના પદાર્થ......વધારે ન ખપે.

(૩) વિગયઃ—માંસ, દારૂ, મધ, માખણ આ ચાર મહા વિકૃતિકારક વસ્તુઓનો ત્યાગ. ઘી. તેલ, દૂધ, દહીં, ગોળ, તળેલી ચીજ, આ છમાંથી......જ ખપે. બાકીનો ત્યાગ.

(૪) વાણુહઃ—અર્થાત્ બૂટ–સ્લીપર, મોજાંની જોડ, ચંપલ ખપે અથવા કુલ જોડી એકી સાથે લખી દેવી.

(૫) તંબોલઃ—પાન, સોપારી, ઈલાયચી આદિ મુખવાસની ચીજો......ખપે.

(૬) વસ્ત્રઃ—......ખપે.

(૭) કુસુમઃ—ફૂલ, તેલ, અત્તર......ખપે.

(૮) વાહનઃ—ગાડી, ઘોડા, ટાંગા, વહાણુ, એરોપ્લેન...ખપે.

(૯) શયનઃ—શય્યા તથા જુદા જુદા સ્થાનમાં બેસતા જે આસનો ઉપયોગમાં આવે તે, બધા શયને......ખપે.

(૧૦) વિલેપનઃ—ચંદન, તેલ, અત્તર, સાબુ......શેર ખપે.

(૧૧) બ્રહ્મચર્યઃ—પરસ્ત્રી ( સ્ત્રીને માટે પરપુરુષ ) નો ત્યાગ. સ્વસ્ત્રી ( સ્વપતિ )ના માટે ધારી લેવું.

(૧૨) દિશિઃ—શરીરથી—ગાઉથી આગળ ન જવું.

(૧૩) સ્નાન.—......થી વધારે વખત ન કરવુ. હાથપગ શુદ્ધિની જયણા. અથવા કોઈ લોકાચારનું કારણ આવી પડે તો જયણા.

(૧૪) ભત્ત–ભોજનઃ—ભોજન–શેર ખપે, પાણી......શેર ખપે, દૂધ, શરબત......શેર ખપે. આ ઉપરાંત તરવાર–શસ્ત્ર–ઓજાર...

ખપે. મસી–ખડીઆ કલમ...ખપે. હોલ્ડર, પેન્સીલ ખપે, કૃષી, જમીન–વીઘા, બગીચાની જયણા.

આ ચૌદ નિયમો પહેલી નજરે સ્થૂલ જણાય, પણ તેના પાલનની અંતરે સૂક્ષ્મ ઉદ્દેશો તરી રહ્યા છે. ચૌદ નિયમોમાં ધારવાની તમામ વસ્તુઓ આ દુનિયામાં મોજુદ છે. આપણે મન ફાવે તે રીતે તેનો ઉપયોગ કરી શકીએ. કદાચ કોઇને લાગે કે આવી વસ્તુઓના વપરાશનો નિયમ કરવાથી શો લાભ? સરિતાના અથાગ જળમાં એક ડૂબકી મારી તો શું સરિતાનું જળ ઘટી ગયું? કે વગર ધાર્યે ગમે તે વસ્તુ વાપરવાથી દોષ લાગે?

મુદ્દો સરળ છે, હેતુ સૂક્ષ્મ છે. આ વિશ્વમાં પંચ મહાભૂત છે. તે મહાભૂતો ચેતન્ય–પ્રવાહના બળે ગતિમાન થાય છે. દરેક ભૂત નિજ નિજના ગુણધર્મો વડે વિશ્વના જીવોને પોષે છે. પૃથ્વી–કાઠિન્ય સમર્પે, અપ–જળકાયનું બળ જગવે. તેજ તેજસ્વી સ્ફુલિંગોને પ્રેરે, વાયુ–ગતિમયતાને સાનુકૂળ બને; અનલ–અન્નાદિને પચાવે. ઉક્ત પંચ મહાભૂતો પ્રત્યેક પ્રાણીધારી અને શરીરધારીના જીવનધર્મો સાથે સંકળાયલા હોય. ધારો કે આપણે નદીના નિર્મળ જળમાં નાહવાને પડયા, આખી નદીના પાણીને એથી આપણા શરીરનો સ્પર્શ થાય, આખી નદી આપણા સ્નાનમાં ઉપયોગમાં આવી ગણાય અને તેજ પ્રમાણે જળકાયના જીવોને અવહેલના પહોંચે. હવે જો આપણે નદીમાંથી એક ડોલ પાણી બહાર કાઢીને સ્નાન કરવા બેસીએ, તો તે ડોલમાં આવતા પાણી પૂરતો દોષ લાગે. ચૌદેય નિયમો આવા સૂક્ષ્મ વિચારથી સભર છે. આપણે ફરવા ગયા. રસ્તામાં હોટલ આવી, ત્યાં સંબંધીઓ મળ્યા, તેમણે ચ્હા લેવાનો આગ્રહ કર્યો, હવે જો આપણે દિવસમાં અમુક કપ ચ્હાથી વધારે નહિ લેવાનો નિયમ હોય તો, આપણને તે કપ પીવા પૂરતોજ દોષ લાગે, નહિતર વિશ્વના પરમાણુ પરમાણુએ પ્રસરતા ચ્હાના સર્જનના દોષો આપણને લાગે, કારણ કે આપણે ચ્હાના વિશાળ

સાગરના સફરી છીએ. મ્હાના દરિયાની અંદર ઊભા રહીને તે પીનારા છીએ નિયમ વડે જે મુક્તિ મળે છે, તે વગર નિયમે નજ મળે, નિયમ વિના વપરાતી વસ્તુ, વિશ્વમાં વર્તતા નિજના ગુણાવગુણમાં તેના વાપરનારને લપેટે જ.

સવારના પહોરમાં ઊઠીનેજ આખા દિવસમાં વાપરવાની વસ્તુઓના ઉક્ત ચૌદ નિયમો ધારણ કરવાથી, મન, વિશ્વની અંદર આવેલી વસ્તુઓમાંથી મુક્ત થાય અને ધારેલી વસ્તુઓના એક નાના વર્તુળમાંજ ફરતું થાય, પણ ત્યાં તેને ફરવું ન ગમે; કારણ કે તે તો તેને ગળનારી વસ્તુઓજ છે. એટલે તે હતાશ થાય અને જતે દહાડે નિયમના બળથી 'મન' માર્યું જાય. નિયમધારીનો આખરી વિજય થાય. કેવળ આધ્યાત્મિક દૃષ્ટિ ઉપરાંત, નિયમ પ્રમાણે વર્તવાથી શારીરિક અને આર્થિક લાભ પણ ઘણા છે. જૈન દર્શને જે-જે નિયમો ઘડયા છે, તેમાંનો એક પણ એક પક્ષી નથીજ. તેની રચના ઘણી સૂક્ષ્મ છે. જૈન દર્શન સંસારીને પણ બને તો હમેશા ઉકાળેલું પાણી પીવાનું કહે છે. કારણ-તેથી લોહીનું બંધારણ સૂક્ષ્મ અને ટકાઉ થાય, તેમજ ગમે તેવા ભયંકર ચેપી રોગના હુમલા સામે ટકી શકાય. શરીરવિજ્ઞાન અને અધ્યાત્મ ઉભયની વચ્ચે પુલ સ્વરૂપે ઊભતું જૈનદર્શન વિશ્વનું કલ્યાણ-પ્રકરણ છે. જેને પઢવાથી-સાંભળવાથી કે અનુસરવાથી જીવમાત્રનું કલ્યાણ થાય છે.]

(૮) **અનર્થ દંડ વિરમણ વ્રત**:—જેનાથી નિરર્થક પાપ લાગે એવું કાર્ય ન કરવું. જ્યાં હિંસાનું કાર્ય થતું હોય ત્યાં જોવા ન જવું. બને ત્યાં સુધી નાટક-ચેટક, પાડાઓની લડાઇ, તેતરની લડાઈ આદિ જોવા ન જવું. કોઇ જીવને હિંસા થાય એવું હથિયાર બીજાને ન આપવું.

(૯) **સામાયિક વ્રત**:—સામાયિક એટલે એકાસને અડતાળીસ મિનિટ સુધી બેસવું. બેસવું એમ નહિ, પણ બેસીને વિશ્વના જીવોની સાથે સ્નેહ બાંધવા. સમભાવ, સમદૃષ્ટિ કેળવવી. સામાયિક વ્રતનો નિયમ આત્માને બોલતો કરે છે.

(૧૦) દેસાવગાસિક વ્રતઃ—એક સાથે દશ સામાયિક થાય એટલે તે દેસાવગાસિક વ્રત કહેવાય. ચૌદ નિયમ ધારવા તેનેય દેસાવગાસિક કહેવાય છે.

(૧૧) પૌષધ વ્રતઃ—પૌષધ બને તો આઠ પ્રહરી કરવો, નહિતર ચાર પ્રહરી. પૌષધ એટલે ઘરના આરંભ–સમારંભનો ભાર ત્યજી, ઉપાશ્રયની પવિત્ર ભૂમિમાં જઈ ગુરૂ મહારાજ સમીપે અથવા તેમની છબિ સમિપે ચાર પ્રહર સુધી સાધુ અવસ્થામાં ટકવાનો નિયમ. પૌષધ કરનારે ઉપવાસ નહિ તો આયંબિલ કે એકાસણા સહિત પૌષધ કરવો જોઇએ. પૌષધ સાધુ જીવનમાં પ્રવેશવાનુ પ્રથમદ્વાર છે.

(૧૨) અતિથિસંવિભાગવ્રતઃ—મુનિ મહારાજને ગોચરી વહોરાવીને ભોજન કરવું, તેનું નામ અતિથિસંવિભાગ. મુનિરાજનો યોગ નહોય તો કોઇ સાધર્મી બન્ધુને જમાડીને જમવું. આવા અતિથિસંવિભાગ વર્ષમાં......કરવા.

સાચો આર્ય (શ્રાવક) આર્યા (શ્રાવિકા) નીચેની વસ્તુ નજ વાપરે.

બાવીસ અભક્ષ્યઃ–એટલે નહિ ખાવા યોગ્ય બાવીસ વસ્તુઓઃ તેનાં નામો (૧) વડના ફળ (૨) પીંપળાના ફળ (૩) પીળખણનાં ફળ (૪) કઠંબરના ફળ (૫) ગુલરના ફળ (૬) મદિર (૭) માંસ (૮) મધુ (૯) માંખણ (૧૦) બરફ (૧૧) નિશા (૧૨) કરા (૧૩) માટી(સચિત) (૧૪) રાત્રિભોજન (૧૫) બહુબીજવાળા ફળ (૧૬) સંધાન (બોળ-અથાણુ (૧૭) વિદળ-દહીંની સાથે કઠોળ મેળવવું (૧૮) રીંગણાં (૧૯) તુચ્છ ફળ (ખાવાનુ થોડું, ફેંકવાનુ વધારે) (૨૦) અજાણ્યું ફળ (૨૧) ચલિત રસ. (૨૨) બત્રીસ અનંતકાય.

બત્રીસ અનન્તકાય પણ શ્રાવક–શ્રાવિકાને ન ખપે.

(૧) સૂરંણકન્દ (૨) વજ્રકન્દ (૩) લીલી હળદર (૪) સિતાવરી (૫) લીલો નરકચૂર (૬) આદુ (૭) વરિયાળી કન્દ (૮) કુંવારી–કુંવાર

રપાકું (૯) થોર (૧૦) લીલી મજા (૧૧) લસણુ (૧૨) વાંસકારેલાં (૧૩) ગાજર (૧૪) લુણિયાની ભાજી (૧૫) લોઢિયાની ભાજી (૧૬) ગિરિકર્ણિકા (૧૭) પાંદડાંની કુપળો (૧૮) ખરસુઆ (૧૯) થેગી (૨૦) લીલી મોથ (૨૧) લોણુ સુખબાળી (૨૨) બિલહુડા (૨૩) અમૃતવેલા (૨૪) કાંદા-મૂળા (૨૫) છત્ર-ટોપ-બિલાડીનાં ટોપા (૨૬) વિદલનાં અંકુર (૨૭) બથુઆની ભાજી (૨૮) બાલ (૨૯) પાલક (૩૦) કૂળી આંમલી. (૩૧) આલુકન્દ-બટાટા. (૩૨) પિંડાલૂ.

પંદર પ્રકારનાં નીચેનાં કર્મોમાંથી જેટલાં બને એટલાનો શ્રાવકે (આર્યે) ત્યાગ કરવો જરૂરી છે.

ધુંઆલ કર્મ:—ચૂનો, ઈંટ, નળિયાં આદિ પકાવવાનું કર્મ શ્રાવકને ઉચિત નથી.

વનકર્મ:—જંગલોને કપાવવાનું કાર્ય પણ જૈનને ન શોભે.

સાડીકર્મ:—ગાડી, હળ વિગેરેનો વ્યાપાર પણ ન કરવો જોઇએ.

ભાડીકર્મ:—ગાડી, ઘોડા વિગેરે ભાડેથી ફરવા દેવામાં અનેક કર્મ બંધન થાય.

ફોડીકર્મ:—ખાણો ખોદાવવી, સુરંગો તોડાવવી એ પણ આત્મધર્મીને ન શોભે.

દંત વાણિજ્ય:—હાથી દાંત વિગેરેનો વ્યાપાર ન કરવો જોઇએ.

લકખવાણિજ્ય:—લાખ તથા ગૂંદનો વ્યાપાર પણ ન ચલાવવો જોઇએ.

રસવાણિજ્ય:—ઘી-ગોળ-તેલ આદિના વ્યાપારથી દૂર રહેવું જોઈએ.

વિષવાણિજ્ય:—અફીણ,સોમલ આદિ ઝેરી ચીજોનો વ્યાપાર ત્યજવો જોઇએ.

કેશવાણિજ્ય:—પશુ પક્ષીના કેશ, પીંછા ઊન આદિનો વ્યાપાર પણ ન કરવો જોઇએ

યંત્રપીલ્લણ:—મિલ, જીન, સંચા, ઘંટી આદિનો હિંસાત્મક ધંધો ન જ કરવો.

નિર્લછન કર્મ:—બળદ-ઘોડા આદિને નિર્લછન કરવાનો ઘાતકી વ્યાપાર જૈન ન જ કરે.

દવ:—જંગલમાં અગ્નિદાહ દેવો. આ કાર્ય સાચા શ્રાવકનું છે જ નહિ.

શોષણકર્મ:—તળાવ-સરોવર આદિનું પાણી સૂકાવવું. શ્રાવકને આ ધંધો ન છાજે.

અસતી પોષણ:—રમત-ગમત માટે કૂતરા, બિલાડા, પોપટ આદિનું પાળવું જૈનને અણછાજતું ગણાય.

ભક્ષ્યાભક્ષ્યનું પ્રયોજન:—ભક્ષ્યાભક્ષ્યનો જે ઝીણો વિચાર જૈન શાસ્ત્રોમાં નજરે પડે છે તેની પાછળ ઘણા હેતુઓ રહેલા છે તે હેતુઓ શારીરિક વિજ્ઞાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જૈનની શારીરિક શક્તિ સુંદર રીતે જળવાઇ રહે, તેથી કેવળ જૈન દર્શનને નહિ, પરન્તુ વિશ્વસાથે ગાઢ સંપર્ક ધરાવતા પ્રત્યેક જીવને લાભ છે, જૈનનું જીવન તેની માલિકીનું હોવા કરતાં, આખા વિશ્વનો તે ઉપર હક છે. જૈનનુ જીવન પવિત્ર અને સંસ્કારમય રહે, તેથી વિશ્વને જ લાભ છે. તે લાભ અન્યદર્શનીય માનવોના જીવનની અપેક્ષાએ અનેક ગણો છે. જૈનના અધ્યાત્મમય પવિત્ર સંસ્કારોને જીવંત રાખવાની ગણત્રીએ જ જૈન શાસ્ત્રકારોએ તેને માટે ઘણી વસ્તુઓનો ત્યાગ જરૂરી ફરમાવેલ છે તેમાં જીવહિંસા પ્રધાનપણે હોવા કરતાં, વિશ્વ-સ્નેહ પ્રથમ છે. વિશ્વની અમૂલ્ય સંસ્કાર લક્ષ્મી તે જૈન. જો તેના સંસ્કારો સદા નિર્મળ અને સુદૃઢ રહે તો વિશ્વની પ્રજાઓના જીવનને તેથી લાભ થાય અને જૈન જો મન ફાવે તે રીતે વર્તે તો વિશ્વનું જળવાતું સંસ્કારબળ તૂટી પડે. સંસ્કારની શુદ્ધિ અને ટકાવને માટે જૈને જેમ બને તેમ ઉચ્ચ પ્રકારનું જીવન જીવવું જોઇએ અને તેવા જીવનને માટે આવશ્યક નીતિનિયમો તેણે પાળવા જ જોઇએ.

આજના અભ્યાસી વિવેચકો આ બાબતમાં એમ દલીલ કરી શકે કે, "ભિન્ન ભિન્નપ્રકારની વનસ્પતિના ત્યાગથી સંસ્કારની નિર્મળતા

કઇ રીતે ખીલતી હશે !" ઊગતી તે તે પ્રકારની ત્યાજ્ય વનસ્પતિઓની સીધી અસર ઉપયોગ કરનાર માનવીના ચારિત્ર અને સંસ્કારને સુદૃઢ કરવાને બદલે, તેની ઇન્દ્રિઓ અને માનસને ઉત્તેજિત કરે છે જેને પરિણામે વિશ્વની સુખ શાંતિને બાધા પહોંચે. જેમ કે રીંગણાં; રીંગણાં જે અનુકૂળ હવામાન અને સંયોગો વચ્ચે પેદા થાય છે, તે હવામાન અને સંયોગો તેનો ઉપયોગ કરનાર માનવીને અસર કરે અને તે અસર માનવ સ્વભાવમાં સૂક્ષ્મ પણ વિકૃતિજ પેદા કરે. કેવળ શરીરશાસ્ત્રને અનુસરીને મન ફાવે તે વસ્તુનો ઉપયોગ કરવા જતાં, આત્માને વિસારી દઇ શરીરને જ અમર કરવાની વાતો જ થાય અને આત્માને ભૂલાવી દેવા માટેજ વીટામીન ( પોષક તત્ત્વો ) ની યોજનાઓ ઘડાઇ જાય છે. આજે એમ કહેવાય છે કે, ઘઉંના લોટમાં ફલાણું વીટામીન છે તે ખાવાથી શરીરના ફલાણા ભાગને પુષ્ટિ મળે, કાલે એમ કેમ નહિ કહેવાય કે માસમાં કે ઈંડામાં ફલાણું વીટામીન છે અને તે ખાવાથી શરીરના અમુક અગત્યના ભાગને લાભ થાય છે ? તો શું શરીરની ખાતર આપણે આત્માના ધર્મને પણ ભૂલી જઇશું ? એટલા માટેજ વિશ્વના કલ્યાણના હિતેચ્છુ માત્રે શાસ્ત્રના ફરમાનથી જરા પણ આઘો પાછો પગ ન મૂકતાં, તેની ચાલે ચાલે ચાલવુ જોઇએ, તેમાં તેનું અને જીવ માત્રનું ભલું છે.

અમુક પ્રકારના કર્મો—વ્યાપારના ત્યાગના ફરમાનની પાછળ પણ આવા જ સૂક્ષ્મ હેતુઓ છુપાયલા છે. શ્રાવકને માટે હિંસામય ધંધા નકામા ગણાય. અને તેજ ધંધા બીજી કોમો સ્વીકારે તો વ્યાજબી ગણાય. કારણ કે શ્રાવક દુનિયાનો દીવો છે, અંધારૂં પીને પણ અન્યને પ્રકાશ પાવાની તેની નીતિ હોવી જોઇએ. પ્રકાશવર્ષી કર્મ સિવાય સઘળું તેને માટે ત્યાજ્ય હોવું જોઇએ.

જ્યારે આજના નિયમન ( Control ) ના કપરા કાળમા તેથી વિપરીત જ જણાય છે. જે ધંધે ઘરમાં લક્ષ્મીનાં પૂર વળતા હોય તે

ધંધો આજે શ્રાવક સોનાનો ગણે છે અને તે તદ્દન ખોટું છે. જો તેના જેવો મોભાદાર અને ધર્મશ્રીમંત જીવ, લક્ષ્મીના ચપળ પ્રકાશમાં અંજાઇને ડગી જશે, તો દુનિયાની અન્ય પ્રજાઓની શી દશા થશે? માનવી માત્રે પોતાના મોભા પ્રમાણે વર્તવું જોઇએ અને તેમાં જ તેની મહત્તા ગણાય. વિશ્વને ટકાવતા ધર્મસ્થંભના પાયાતૂલ્ય શ્રાવક જો સંસારની ક્ષણભંગુર સંપત્તિઓ સાથે ખેંચાશે તો તેનું અને તેના આશ્રયે ટકતા આત્માઓનું અહિત જ થશે.

આજે નિયમન ( Control ) યુગ છે, વસ્તુઓ જોઇતા પ્રમાણમાં મળતી નથી. તે મેળવવા માટે કાળા બજાર ( Black-markets ) આપવા પડે છે વિગેરે વાત તદ્દન સાચી છે. પણ શાસ્ત્રકારે ફરમાવેલ નિયમો પ્રમાણે જીવન વહનારને માટે આવા પ્રસંગો આવે તેમજ નથી. નથી તેને કાળો બજાર નડે એમ અને નથી મોંઘવારી નડે એમ. પણ ક્યારે નડે છે કે જ્યારે શ્રાવક પોતે લૂંટાતી અઢળક લક્ષ્મી તરફ હાથ પ્રસારે છે ત્યારે જ.

સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાના બનેલા શ્રી સંઘનું બળ:— એક જમાનો હતો કે જ્યારે દરેક શહેર ગામ અને ગામડામાં જૈન નગરશેઠ જ જોવા મળતા. અરે! આખા હિંદના જૈન સંઘના નગર-શેઠને પદે પણ જૈન જ આવતા. નગરશેઠ એટલે તે નગરનો રાજા. ધર્મ સમાજ કે ગમે તેના ઝઘડા તે પતાવે. તેનો બોલ એટલે રાજાનો બોલ. મુર્શિદાબાદમાં રહેતા તે વખતના નગરશેઠને મળવા માટે ગવર્નર જાતે ત્યાં જતા. કોઇ સ્થળે જમણવારમાં પણ નગરશેઠની હાજરી આવશ્યક લેખાતી. આથી લાભ એ થતો કે ઘરના ઝઘડા-રગડા ઘરમાંજ પતી જતા અને ત્રીજા પાસે "વાંદર ન્યાય" માટે જવું ન પડતું.

પણ જ્યારથી પરદેશીઓએ આ ભૂમિમાં પગ મૂક્યો ત્યારથી આ સ્થિતિ પલટાતી આવી છે. આજે શ્રી સંઘનું બળ વેરણછેરણ થઇ

ગયું છે. ધાર્મિક મિલ્કતો પણ સરકારી ખાતાઓની નજરમાં લખાઈ ચૂકી છે, ઠેકઠેકાણે થતા ધાર્મિક ઝઘડા શમાવનારૂં કોઈ રહ્યું નથી સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા એકેય ને આજે આત્માની અમૃતરંગી કવિતાના બોલની જરૂર જણાતી નથી. દરેકને ખાલી ઉપાધિ અને ખટપટોમાં જ રસ પડે છે. મંદિરોમાં અને ઉપાશ્રયોમાં પણ જમાનાના સુધારાનો પવન વાઈ રહ્યો છે. શ્રી. સંઘના જીવનમાંથી કુદરતી બળો ઘટતાં જાય છે અને કૃત્રિમ દાખલ થતાં જાય છે. આ બધું નિવારવાનો એકજ ઉપાય રહ્યો છે. દરેકે ધર્મપ્રેમી બનવાનો. ધર્મ પ્રત્યેના સંપૂર્ણ મમત્વ વિના, તેના અભ્યુદય કે પતન એકેય તરફ કોઈની નજર નહિ મંડાય અને શ્રી સંઘના બળને હાનિ પહોંચી જશે.

ધર્મચક્રવર્તી શ્રી મહાવીરે આ રીતે શ્રી સંઘની સ્થાપના કરી. (ષટખંડ ધરાને જીતે તે પ્રદેશચક્રવર્તી, ષડરિપુઓને જીતે તે ધર્મ-ચક્રવર્તી) મધ્યમ આપાપાના મહાસેન ઉદ્યાનથી વિહાર કરીને શ્રી મહાવીરસ્વામી આગળ વિહાર આદરે છે. તે વિહારને વર્ણવતાં પહેલાં તેમના છદ્મસ્થપણાના વિહારની ટૂંકી સમાલોચના જરૂરી છે. સમાલોચના વિહારક્રમ નીચે મુજબ છે.

**છદ્મસ્થપણાના વિહારઃ—**

| ગામ | સૂચના |
|---|---|
| ક્ષત્રિયકુંડ | માગસર સુ. ૧૦ |
| જ્ઞાતખંડવન | ત્રીજા પ્રહરે દીક્ષા |
| કુમારગ્રામ | પ્રથમ દિવસ |
| કુમીરગ્રામ | ગોપ ઉપસર્ગ |
| કોલ્લાગ સંનિવેશ | નાલંદાપાસે |
| કોલ્લાક | પ્રથમ પારણું |
| મોરાગ | ( મોરાગ ) |

| ગામ | સૂચના |
|---|---|
| દુઈજ્જંત આશ્રમ | ચોમાસું પહેલું |
| અસ્થિકગ્રામ | ( વર્ધમાન ) |
| વેગવતી નદી | ( દામોદર—નદી ) |
| મોરાગ | સન્નિવેશ |
| દક્ષિણવાચાલ | — |
| સ્વર્ણવાલુકા | ( સોનભદ્રા ) |
| કનકખલ | ચંડકૌશિક ઉપસર્ગ |
| રૌપ્યવાલુકા | નદી |
| સેય વિયા | ( શ્વેતાંબી ) |
| સુરભિપુર | સુદંષ્ટ્રપીડા |
| ગંગાનદી | — |
| થૂણાગ | — |
| નાલંદાપાડો | ચોમાસું બીજું |
| રાજગૃહી | ગોશાળો મળ્યો |
| કુલ્લાઅ | સ નિવેશ |
| સુવર્ણખલ | — |
| બ્રાહ્મણગ્રામ | — |
| ચંપા | ચોમાસું ત્રીજુ |
| કાલાય | સંનિવેશ |
| પત્તાલગ | ( પત્તકાલય ) |
| કુમારાય | ( કુમારક સં ) |
| ચોરાગ | — |
| પૃષ્ટચ પા | ચોમાસું ચોથું |
| કયંગલા | — |
| સાવત્થી | — |

| | |
|---|---|
| હાલિદ્દુગ | — |
| નંગલા | — |
| આવત્તા | — |
| ચોરાગ | — |
| કલંબુકા | — |
| લાઢદેશ | ( ૨૧૯ ) અનાર્ય |
| પુર્ણકલશ | અનાર્ય ગામ |
| ભદ્દિયા | **ચોમાસું પાંચમું** |
| તંબાય | ( તામ્રલિપ્તિ ) |
| કુપીઆ | — |
| વિશાલા | ( બિસાડપટ્ટી ) |
| સાલીસીષ | (લોકાવધિજ્ઞાન) |
| ભદ્દિઅનગર | **ચોમાસું છઠું** |
| આલભિકા | **ચોમાસું સાતમું** |
| કુડાગ | — |
| મદ્દણુ | — |
| લોહગ્ગલા | જિતશત્રુ રાજા |
| પુરિમતાલ | ( પ્રયાગ ? ) |
| ઉણ્ણાગ | — |
| ગોભૂમિ | — |
| રાજગૃહી | **ચોમાસું આઠમું** |
| લાઢ દેશ | ( અનાર્યભૂમિ ચોમાસું નવમું ) |
| વજ્જભૂમિ | — |
| શુદ્ધભૂમિ | — |
| સિદ્ધાર્થ પુર | કુર્મગ્રામ ( ઉનાળો—લેશ્યા ) |

| ગામ | સૂચના |
|---|---|
| વૈશાલી | શંખ રાજા |
| ગંડકી નદી | નાવથી ઊતર્યો |
| વાણિજ્યગ્રામ | — |
| શ્રાવસ્તિ | ચોમાસું દશમું |
| સાનુલટ્ઠિઅ | પ્રતિમાવહન |
| દૃઢભૂમિ | ( અનાર્ય દેશ ) |
| પેઢાલ ગામ ને તેનું પોલાસ ચૈત્ય | સંગમનો ઉપસર્ગ શરૂ |
| વાલુકા | — |
| સુભોગા | — |
| સુચ્છેત્તા | — |
| મલય | — |
| હસ્તિશીર્ષ | — |
| તોસલી | — |
| મોસલી | — |
| તોસલી | — |
| સિદ્ધાર્થપુર | ( વૈશાલી પાસે ! ) |
| વ્રજગામ | ગોકુળ |
| વ્રજગામ | સંગમ ગયો |
| આલંભિકા | ભદ્દિઆપાસે |
| શ્રાવસ્તિ | — |
| કૌશાંબી | ( કોસમ ગામ ) |
| વાણારસી | ( બનારસ ) |
| રાજગૃહી | — |
| મિથિલા | ( સીતામઢી જંકશન ) |

| | |
|---|---|
| વિશાલા | (બિસાઢ) ૧૧મું ચોમાસું |
| સુસુમારપુર | ચમરોત્પાત |
| ભોગપુર | — |
| નંદિગ્રામ | — |
| મેંઢિય ગામ | |
| કૌશાંબી | બાકુલાદાન |
| ( ગુજરાતી પોષ વદ એકમથી જેઠ | સુદ અગ્યારસ સુધી ) |
| સુમંગલા | — |
| પાલગ | — |
| ચંપા | ચોમાસું બારમું |
| જંભિય ગામ | — |
| મેંઢિય ગામ | |
| છમ્માણી | કાનમાં ખીલા |
| મધ્યમા અપાપા | — |
| જંભિય ગામ | |
| ઋજુવાલુકા નદી | ઉત્તરકાંઠે |
| શાલવૃક્ષ નીચે | વૈ. સુ ૧૦ કેવળ જ્ઞાન |
| જંભિય ગામ | સમવસરણ |
| મધ્યામ અપાપા | વૈ. સુ ૧૧ |

શ્રી વીરના છદ્મસ્થાવસ્થાના સાડાબાર વર્ષ લગભગનો આ વિહારક્રમ છે.

**શ્વેતામ્બી:**—અહીં શ્રી મહાવીર બે વખત આવે છે. એક—અસ્થિગ્રામ, સોનભદ્રા, કનકખલ, શ્વેતામ્બી થઇ રાજગૃહ (વર્ષ—૨). બીજુ આલંભિકાથી શ્વેતામ્બી, શ્રાવસ્તિ કાશી થઈ રાજગૃહ (વર્ષ ૧૧) પહેલી વાર પ્રદેશી વિગેરે શ્રી વીરનું સ્વાગત કરે છે.

લાઢ—( રાઢ ) રાજમહલ, બાંકુરા, મીદનાપુર, બરદ્વાન હુગલી—વચ્ચેનો પ્રદેશ.

કલ્યાણવિજય મહારાજ કહે છે કે, રાઢ તે પશ્ચિમ બંગાલ છે. તામ્રલિપ્તિ તે બંગાળની રાજધાની–બંદર હતું. ઉત્તર બંગાળની રાજધાની પુંડ્રવર્દ્ધણિઆ હતું (તેજ પૂર્ણકલશ હશે.)

**ભદ્દિઅનગરઃ**–ગયાની દક્ષિણે ૩૨ માઇલ ભદ્દિલપુર હતું.

સ્વ. શ્રીયુત્ દયાલજી ભણસાળી લખે છે કે–દક્ષિણ બંગાળમાં તામ્રલિપ્તિ તે તામલુક બંદર છે, કદલી સમાગમ તે કોલા ઘાટ ગામ છે, અને કટક પાસે તોસલી છે, કલિંગની રાજધાની તે ધવલી છે, તથા હસ્તિશીર્ષ તે હાથીગુફા છે.

હસ્તિશીર્ષ તે હસ્તિનાપુર નહિં પણ હાથીગુફા હશે.

**ધર્મચક્રીના અતિશયોઃ**—કેવળજ્ઞાન ઉપન્યા બાદ ધર્મચક્રીને જે અગિયાર અતિશયો (Wonderful merits) ઉત્પન્ન થાય છે તે શ્રી મહાવીરને પણ ઉપન્ન થયા હતા. વિહાર સમયે ને દેશના સમયે તે અતિશયો તેમની આસપાસ હાજર રહે છે.

(૧) ધર્મચક્રવર્તીના સમવસરણની ભૂમિ, માત્ર ચાર ગાઉના વિસ્તારવાળી હોય છે, તો પણ તેટલી ભૂમિમાં કરોડો દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચોનો સમાવેશ થાય છે અને પરસ્પર સંકોચ વિના અને સુખથી બેસી શકે છે.

(૨) ઇન્દ્રિયો ઉપરના સર્વ પ્રકારના પ્રભુત્વને કારણે–બોલાતી પ્રભુ–ભગવંતની દેશના, વાણીના પાછળ વર્ણવેલા પાત્રીસ ગુણોથી યુક્ત હોય. તેની અર્ધમાગધી ભાષા, દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચોને પોતપોતાની ભાષામાં સમજાવાથી ધર્મનો અવબોધ કરનારી હોય છે તથા તે વાણી એક યોજનના સમવસરણમાં રહેલા સર્વ પ્રાણીઓને એક રીતે સંભળાય.

(૩) આત્મ જ્યોતિર્મય તીર્થપતિના મસ્તકની પાછળ બાર સૂર્યબિંબની કાન્તિથી પણ અધિક તેજસ્વી અને મનુષ્યોને મનોહર લાગે

તેવું ભામંડળ હોય છે. તીર્થપતિના આત્મતેજને અન્ય માનવ-પ્રાણી ન સહન કરી શકે એટલા માટે આ ભામંડળ ઉપસ્થિત થાય છે અને તેમાં તીર્થેશ્વરની આત્મજ્યોતિ સંક્રાન્ત થવાથી માનવ-પ્રાણી તેમના મંગલ દર્શનનો લાભ ઉઠાવી શકે છે.

( ૪ ) આત્મવિભૂતિમય તીર્થપિતા જે જે સ્થળે વિહાર કરે, તે તે સ્થળની સર્વ દિશાઓમાં સો-સો ગાઉ સુધી અને ઊંચે પચાસ ગાઉ-એમ પાંચસો ગાઉ સુધીના સઘળા વિસ્તારમાંથી રોગ-શોક નાબૂદ થાય છે અને નવા થતા નથી. નિર્મળ જળ વરસવાથી રોગ-શોક મટે છે, તો પછી આત્માના નિર્મળ પ્રકાશ-વર્ષણથી રોગ-શોક નાબૂદ થાય જ.

( ૫ ) ઉપર જણાવ્યા મુજબ વિસ્તારમાં વસતા પ્રાણીઓ, વિશ્વસ્નેહીના સ્નેહકાવ્યની પ્રતિભાથી-સ્વપરના ભેદ ભૂલીને એક થાય છે.

(૬) તેટલાજ વિસ્તારમાં ઘાસ વિગેરે નાશ કરનારા તીડો-સૂડા, અને ઉંદર વિગેરે ઉત્પન્ન થતા નથી.

(૭) તેટલીજ ભૂમિમાં મરકી આદિ ઉપદ્રવ તથા અકાલ મૃત્યુ થતાં નથી.

(૮) તેટલાજ પ્રદેશમાં અતિવૃષ્ટિ થતી નથી.

(૯) તેટલા વિસ્તારમાં અનાવૃષ્ટિનો યોગ પણ બનતો નથી.

(૧૦) તેટલી ભૂમિમાં દુષ્કાળ પડતો નથી.

(૧૧) તેટલા વિસ્તારમાંથી સંગ્રામનો ભય નાબૂદ થાય છે.

ષટખંડ ધરણીનો ધણી જ્યારે પોતાના તેજઝરતા ચક્ર સાથે પૃથ્વી ઉપર પગ માંડે છે અને આગળ વધે છે, ત્યારે સૌ માનવ-પ્રાણીઓ તેના બોલમાં 'પ્રભુ' ને સાંભળે છે અને તેના શબ્દ પ્રમાણેજ વર્તે છે, તો પછી જે ષડરિપુઓના પ્રદેશોને જીતી લે છે,

અને આત્મ પ્રકાશ પામીને ધર્મચક્રવર્તી બને છે, તેના પ્રકાશની અવગણના કોઈ કઇ રીતે કરી શકે છે. કુદરત સ્વયં તે પુરૂષની આજ્ઞામાં વર્તે છે. પછી પૂછવું જ શું ?

ઓગણીસ અતિશયો દેવતાઓ તરફથી થાય છે.

(૧) ધર્મચક્રવર્તી જે સ્થળે વિહરે ત્યાં આકાશમાં દેદીપ્યમાન ધર્મ ચક્ર ફરે ( આગળ ચાલે )

(૨) આકાશમાં બન્ને બાજુએ શ્વેત ચામરો ચાલે.

(૩) પાદપીઠ સહિત રચેલું નિર્મળ સ્ફટિક મણિનું સિંહાસન ચાલે.

(૪) મસ્તક પ્રાન્તે ત્રણ છત્ર ઝૂલે.

(૫) રત્નમય ધ્વજ આગળ ચાલે, તેને ઇન્દ્રધ્વજ કહેવાય છે. આ પાંચ અતિશયો જ્યાં જ્યાં જગદ્‌ગુરૂ વિહાર કરે, ત્યાં આકાશમાં ચાલ્યા કરે અને જ્યાં બેસે ત્યાં યથા યોગ્ય સ્થાને ગોઠવાઇ જાય. ધર્મચક્ર અને ધર્મધ્વજ આગળના ભાગમાં રહે, પાદપીઠ પગ તળે રહે, સિંહાસને શ્રી તીર્થપિતા આરૂઢ થાય, ચામરો બે બાજુ વીંઝાય ને છત્રો મસ્તકે શાંત-છાયા પ્રસારે.

(૬) તીર્થંકર પગ મૂકે ત્યાં સુવર્ણના બે કમળો હોય, ચાલે ત્યારે આવી રીતનાં નવ કમળો ગોઠવાઈ જાય છે અને વારાફરતી નિર્મળ જ્ઞાનસિન્ધુના સ્પર્શને પામી પવિત્ર થાય છે.

(૭) તીર્થપિતા દેશના દે, તે સ્થળે દેવતાઓ સમવસરણની રચના કરે. સમવસરણની રચના મણિ, સુવર્ણ અને રૂપાના અલૌકિક, કલામય ત્રણ ગઢની બનેલી હોય છે. તેમાં પ્રથમ મણિનો ગઢ, તે વૈમાનિક દેવતાઓ બનાવે છે; બીજો સુવર્ણનો, તે જ્યોતિષી દેવતાઓ બનાવે, અને ત્રીજો જે રૂપાનો તે ભુવનપતિ દેવતાઓ બનાવે.

(૮) તીર્થંકર જ્યારે સમવસરણમાં સિંહાસને બિરાજે, ત્યારે તેમનું મુખારવિંદ ચારે દિશામાં ચળકતું દેખાય. પોતે પૂર્વમાં મુખ સ્થાપીને બેસે, બાકીની ત્રણ દિશાઓ તેમનાજ જેવી અલૌકિક માનવ પ્રતિમાથી ઝળઝળે અને ચારે દિશામાં બેઠેલા શ્રોતાઓને શ્રદ્ધા ઉપજે કે અમને સ્વયં તીર્થંપતિ જ દેશના સંભળાવે છે.

(૯) જ્યાં જ્યાં ભગવંત (મન, બુદ્ધિ ને ઇંદ્રિયોના સ્વામી-પ્રભુ-ભગવન) સ્થિતિ કરે, તે તે દેવતાઓ અશોકતરુની રચના કરે. ઋષભસ્વામીથી આરંભીને શ્રી પ્રાર્શ્વનાથ સ્વામી સુધીના તીર્થંકરો ઉપર તેમના પોતાના શરીરના પ્રમાણથી બારં ગણો ઊંચો રચવામાં આવતો હતો, પણ શ્રી વીરપ્રભુના ઉપર બત્રીસ ધનુષ્ય ઊંચો રચવામાં આવતો.

(૧૦) જિનેશ્વર (જિન+ઇશ્વર. જિન એટલે અંતરંગ શત્રુઓને તેણે જીતી લીધા છે તે જૈન અને તેના જે ઇશ્વર તે જિનેશ્વર.) જ્યાં વિહાર કરે, ત્યાં રસ્તામાં આવતા વૃક્ષો નમીને તેમને વન્દના વન્દે.

(૧૧) વિહાર કરે ત્યાં કાંટાઓ અધોમુખ થાય, કાંટાની અણીઓ નીચી નમી જાય.

(૧૨) વિચરે ત્યાં આકાશમાં દેવદુંદુભિ વાગ્યા કરે.

(૧૩) વિહાર કરે ત્યાં સંવર્તક જાતિનો વાયુ એક એક યોજન પ્રમાણ પૃથ્વીને શુદ્ધ કરે, અને સુગંધી શિતળ તેમજ મંદમંદ અતિ ધારે.

(૧૪) જગદ્ગુરૂ જ્યાં જ્યાં વિહરે, ત્યાં ત્યાંના પક્ષીઓ (મોર-પોપટ આદિ) તેમને પ્રદક્ષિણા ફરે.

(૧૫) જે સ્થળે જિનરાજ બેસે, ત્યાં મેધકુમાર દેવો ઘનસારાદિ યુક્ત ગંધોદકની વૃષ્ટિ કરે ને ધૂળને દાબીને સરખી કરી દે.

(૧૬) સમવસરણની તે ભૂમિમાં ચંપક વિગેરે પાંચ રંગના પુષ્પોની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય, પ્રભુના અતિશયથી તે પુષ્પો ઉપર ચાલવાથી તેને કાંઇ બાધા કે પીડા થતી નથી.

(૧૭) તીર્થંકરના મસ્તકના કેશ, દાઢી, મુછ તથા હાથપગના નખ વૃદ્ધિ પામતા નથી.

(૧૮) તીર્થેશ્વરની સમીપે સર્વદા ઓછામાં ઓછા એક કરોડ ભુવનપતિ વિગેરે ચાર નિકાયકા દેવો રહે.

(૧૯) જિનેશ્વર જે સ્થળે વિહરે, ત્યાં બધી ઋતુઓ અનુકૂળ વર્તે.

અતિશયોનું આ લંબાણ વિવેચન આજના વિજ્ઞાન પ્રિય અભ્યાસીઓને પહેલી નજરે કદાચ કડવું લાગે તો નવાઇ નહિ. પણ મેં જે લખ્યું છે, તે તદ્દન સત્ય અને પક્ષપાતરહિત છે.

એક વ્યક્તિ ધારે તો કેટલી શક્તિ સંપ્રાપ્ત કરી શકે? શ્રી મહાવીર માનવ હતા, આપણે પણ માનવી છીએ. તેમણે જે આત્મતેજ અવલોક્યું તે આજે આપણે માટે અશક્ય નથી, પણ આપણી નજર જ બહારના ઉપભોગ પ્રતિ દોડે છે. આપણને અંદરના અરૂપી તેજસિન્ધુ ઉપર પૂરો ભરોસો નથી.

આજે એક શ્રીમંતની આસપાસ 'હાજી' 'હાજી' 'હા' ભણનારા કેટલા માણસો હોય છે? નથી તેમને ખ્યાલ રહેતો કુળનો કે નથી રહેતો ધર્મનો, તેઓ તો ફક્ત ધનની લાલચે કે લાગવગની નજરે શ્રીમંતોના પાસા સેવે છે.

શ્રીમંતની લક્ષ્મી (ચંચળ) જ્યારે અનેકને આકર્ષી શકે છે, અને અનેક સુખસગવડો આણી શકે છે, ત્યારે ધર્મ શ્રીમંતની વાત જ શી?

શ્રી મહાવીર, એક વ્યક્તિ, તેમણે વ્યક્તિત્વ ખીલવ્યું, આત્મવીર્ય ફોરવ્યું. તેઓ વિશ્વવન્દ્ય બન્યા. અણુ અણુને છપતો તેમનો

આત્મસ્નેહ સૃષ્ટિના જે ચેતનમાં વ્યાપી ગયો તેથીજ તેઓ જ્યાં જ્યાં જતા, ત્યાં ત્યાં સઘળું અનુકૂળ જણાતું.

તીર્થંકરને કુલ ચોત્રીશ અતિશય, તેમાના ચાર આમળ વર્ણવેલ છે. બાકીના ત્રીસ વર્ણવી દીધા.

સામાન્ય કેવળી અને તીર્થંકર:—જેને કેવળજ્ઞાન ઉપજે તે તીર્થંકર ન જ કહેવાય, પણ જે કેવળજ્ઞાની તીર્થની સ્થાપના કરે તેને જ તીર્થંકર કહેવાય. જો કે સામાન્ય કેવળી અને તીર્થંકર નામકર્મના ઉદયે બનેલા તીર્થંકરની આત્મિક જ્યોતિ સરખી હોય છે છતાં તીર્થંકરની બાહ્યઋદ્ધિ વિશેષ હોય છે. જે અતિશયો તીર્થપતિને હોય છે, તે કેવળીને નથી હોતા.

આ કાળમાં કેવળજ્ઞાન અને સામાન્ય કેવળીનો અભાવ છે; તેમજ મનઃપર્યવ જ્ઞાનનો પણ અભાવ છે. અવધિજ્ઞાનનો અભાવ નથી. છતાં અવધિજ્ઞાનીઓ થયેલા હોય એમ જાણવામાં નથી. ફક્ત મતિ અને શ્રુત એ બે જ્ઞાનજ વિદ્યમાન છે. તેમાં પણ ચૌદ પૂર્વધર સંપૂર્ણ શ્રુત જ્ઞાનીઓનો અભાવ છે. જાતિસ્મરણજ્ઞાન એ મતિજ્ઞાનનો ભેદ છે. છતાં જાતિસ્મરણજ્ઞાન આ દુઃષમ કાળમા ક્વચિત કોઈને થતું હોય તો તેનો નિષેધ નહિ.

દુઃષમ કાળ છે. આત્મધર્મ ભૂલાઈ રહ્યો છે,

■

# પ્રકરણ બીજું

## આર્દ્રકુમાર

*

ભગવાન મહાવીરના આધ્યાત્મિક જીવન સાથે સંકળાયલા તે કાળના રાજવીઓનો આછો પરિચય જરૂરી હોવાથી, પ્રસંગાનુસાર તેનું નિરુપણ અસ્થાને નહિ જ ગણાય.

શ્રી મહાવીર પ્રભુ મધ્યમા અપાપાથી વિહરતા રાજગૃહ નગરે આવ્યા. રાજગૃહનો રાજા શ્રેણિક, અભય તેનો કુમાર અને સામ્રાજ્યનો મહામંત્રી. અભયકુમારને આર્દ્રકુમાર નામે એક સ્નેહી મિત્ર. આર્દ્રનગર તેનું વતન. આર્દ્રદેશ કે આર્દ્રનગર કયાં આવેલ છે તે સંબંધમાં જૈન સંશોધકોએ અભ્યાસમાં ઉતરવાની જરૂર જોઇ નથી. કેટલાકે પ્રસંગોપાત જરૂર પડતાં એડનને આર્દ્રનગર' તરીકે ઓળખાવ્યું. પરંતુ એડનની ખીલવણી તો ઇ સ. પૂર્વે ૨૪ ના 'રોમન વિજય પછી થઇ છે, ને ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં તો ત્યાં માછીમારોનાં ઝૂંપડાં સિવાય કાંઇ જ નહોતું. ઉચ્ચાર ગણત્રીએ પણ એડન શબ્દ આર્દ્રને સમાંતર નથી. એટલે 'આર્દ્રનગર માટે અન્યત્ર નજર દોડાવવી રહી.

પશ્ચિમ એશિયામાં આવેલો મેસોપોટેમિયા દેશ અતિ પ્રાચીન કાળમાં ઉત્તર, મધ્ય ને દક્ષિણ એમ ત્રણ ભાગમાં વ્હેંચાયલો હતો. ઉત્તર વિભાગ પોતાના પાટનગર અસુરના નામ પરથી એસીરિયાના નામે ઓળખાતો. મધ્ય ભાગની પ્રાચીન રાજધાની કીશ હતી, પણ હમુરાબીના સમયમાં (ઇ. સ. પૂર્વે ૨૧૨૩ થી ૨૦૮૧) બેબોલોનની વિશેષ ખીલવણી થતાં મધ્ય ભાગનું પાટનગર બેબીલોન બન્યું ને સમય જતાં મધ્ય વિભાગ પણ બેબીલોનના નામે ઓળખાવા લાગ્યો. સાગરકાંઠે આવેલા દક્ષિણ ભાગનું પ્રાચીન પાટનગર ઍર્દુ (Erdiu) બંદર હતું પણ તે ધીમે ધીમે પુરાવા માંડતા રાજધાની ઉરમાં ફેરવાણી.

જૈન સાહિત્યમાં વર્ણવાયલ આર્દ્રનગર આ ઍર્દુનગર હોવાને પૂરતો સંભવ છે. પ્રાચીન કાળમાં જાહોજલાલી ભોગવતાં નગરોમાં આર્દ્રને સમાંતર બીજું એક પણ નગર નથી.

ઍર્દુ બંદરની જાહોજલાલી ઇ.સ. પૂર્વ ૫૦૦૦ માં શરૂ થાય છે. જલપ્રલય પૂર્વેનાં જગતના ચાર મુખ્ય બંદરોમાંનું એ એક હતું. સાગર કાંઠે યુફ્રેટીસ નદીના મુખ પર વસેલું હોઇ તેનો દેખાવ બેટ સમો લાગતો. હિંદ સાથે એ બંદરને સીધા જળમાર્ગનો સંબંધ હતો.

ધીમે ધીમે નદીના કાંપને લીધે પુરાવા લાગ્યું ને તેનું મહત્ત્વ ઘટવા લાગ્યું. આજે એ નગરના ખંડિયેરો ઉરથી બાર માઇલ દક્ષિણ પશ્ચિમે પથરાયલા પડયા છે. બસરાથી ઇરાક દોડતી રેલ્વે ખંડિયેરોની તેર માઇલ પૂર્વેથી પસાર થાય છે.

ઇ. સ. પૂર્વે ૬૦૪ માં બેબીલોનની ગાદીએ જગમશહૂર સમ્રાટ નેબુચન્દનેઝાર બિરાજ્યો. તેના પિતા નેબોપોલશારે તેને વિશાળ રાજ્યનો વારસો સોંપ્યો હતો, પણ નેબુચન્દનેઝારને ભવ્ય સામ્રાજ્ય સર્જવું હતું. પિતાની હયાતિ દરમ્યાન (ઇ. સ. પૂર્વે ૬૦૫માં) તેણે એસીરિયાને હરાવીને તે પ્રદેશ તો બેબીલોનમાં ભેળવી જ દીધો હતો.

હવે તે દિગ્વિજયે નીકળ્યો. તેઓને હરાવીને તેણે એશિયામાંથી યુરોપ અને આફ્રિકાનો પગ કાઢયો. તે પછી બેબીલોનની નબળી દશામાં જેણે જેણે તેને નુકસાન પહોંચાડયું હતુ તે બધાં રાજ્યોને તેણે જીતવા માંડયા. ટાયરના બળવાને પણ તેણે સખત હાથે દાબી દીધો. ને એ રીતે તે પશ્ચિમ એશિયાનો યશસ્વી સમ્રાટ બની રહ્યો.

બેબીલોનમાં તેણે અનેક દેવમંદિરો બંધાવ્યાં. નગરના રક્ષણ માટે તેણે બંધાવેલી ભવ્ય દિવાલ જોઇ પરદેશી મુસાફરો મુગ્ધ બની ગયેલા. ચીનની જે દિવાલ પર આજનું જગત અચંબો વર્ષાવી રહ્યું છે તે નેબુચન્દનેઝારની એ દિવાલના આધારે બંધાવેલી છે. બેબીલોનમાં તેણે એવા સ્વર્ગીય મહેલો બંધાવેલા કે પછીના યુગે મોહ પામી એમને ઝુલતા બાગો (Hanging gardens)ની ઉપમા આપેલી. તેણે પોતાના નિવાસ માટે ઈ. સ. પૂર્વે ૫૬૧ માં બંધાવેલો અદ્વિતીય મહેલ અવર્ણ્ય લેખાયો છે. ઈ. સ. પૂર્વે ૩૨૬ માં હિંદથી પાછા ફરેલ સીકંદરે એ મહેલ પર મુગ્ધ બની ત્યા જ પોતાનો વાસો રાખ્યો. ત્યાં તે દિવસો સુધી રહેલ અને એ જ મહેલમા તેનું ખૂન થયેલું.

નેબુચન્દનેઝાર સમસ્ત મેસોપોટેમિયાનો સમ્રાટ હોઇને સ્વાભાવિક રીતેજ તે ઐર્દનો સ્વામી હતો.

તે ભગવાન મહાવીર અને મગધપતિ શ્રેણિકનો સમકાલિક ઐર્દપતિ છે.

ઉત્તરાવસ્થામાં નેબુચન્દનેઝાર કયો ધર્મ પાળતો હતો તેનો હજી નિર્ણય થયો નથી. કેમકે, સાયરસના શિલાલેખોથી એ તો પુરવાર થયું છે કે, બેબીલોનમા વંશપરંપરાગત ચાલી આવતી મર્ડુકની પૂજા અને બલીદાન આપવાની પ્રથા તેણે બંધ કરી હતી. તેમજ બાઇબલના જૂના કરારમાં નેબુચદનેઝારની રાજકીય પ્રભુતાનો સ્વીકાર થયા છતાં તેને અને તેના વારસોને ભયંકર નાસ્તિક તરીકે ઓળખાવવામાં આવેલ છે. શરૂઆતમાં મર્ડુકના તેણે બંધાવેલા ભવ્ય મંદિરથી એ

તો નિશ્ચિત છે કે પૂર્વાવસ્થામાં તે મર્દુકનો પૂજારી હતો; પણ ઉત્તરાવસ્થામાં પુત્રની દીક્ષાપછી તેણે જૈન ધર્મ સ્વીકારેલ હોવાનો વિશેષ સંભવ છે.

ઉત્તર વયમાં તેણે બેબીલોનમાં નવ ફૂટ ઊંચી અને નવ ફૂટ પહોળી એક સુવર્ણની પ્રતિમા બનાવરાવેલી. તેજ અરસામાં તેણે બંધાવરાયેલા પોતાના મુખ્ય પૂજન–મંદિરમાં એક મૂર્તિની સમીપ સાપનું અને બીજીની સમીપ સિંહનું બિંબ હતું. આ વસ્તુસ્થિતિ નેબુચન્દનેઝારે જૈન ધર્મ અપનાવ્યો હોય એ દલીલમાં ટેકારૂપ બનવા સાથે સિંહ તે શ્રી મહાવીરનું અને સર્પ તે શ્રી પાર્શ્વનાથનું ઓળખ લંછન હોઇને આવાં ચિહ્નોના કર્તાને આ બે મહાન જૈન ધર્મપ્રવર્તકોના સમય પરત્વે કે તે ઉપરના ભક્તિદર્શન સાથે સંબંધ ધરાવતો ગણી શકાય કે કેમ તે માટે જૈન સંશોધકોના અભ્યાસનું ક્ષેત્ર ખુલ્લું કરે છે.

બેબીલોનના ‘ Epic of creation ’માં બેબીલોનનો એક રાજકુમાર પોતાના એક મિત્રની મદદથી સ્વર્ગમાં પહોંચવાનો પ્રયાસ કરે છે. પરંતુ તે અધવચથીજ સરકી પડે છે એનું સૂચન છે–જે રૂપક અભયકુમારની પ્રેરણાથી આર્યાવર્ત પહોંચીને દીક્ષા લેવાની આર્દ્રકુમારની તમન્ના અને પાછળથી તેણે કરેલા દીક્ષાત્યાગને સમાંતર છે.૧

આર્દ્ર દેશ, આર્દ્રરાજ અને આર્દ્રકુમારનું આ ઐતિહાસિક સ્વરૂપ છે. હવે આર્દ્રકુમારના અંગત જીવનમાં પ્રવેશીએ.

એર્ધ ( આર્દ્ર ) બંદરને હિંદ સાથે સીધા જળમાર્ગનો સંબંધ હતો. હિંદના કિનારેથી ત્યાં વ્હાણો આવતાં. એક વખત આર્યાવર્તનાં વ્હાણો એર્ધ બંદરે પહોચ્યા. વહાણુમાંના વ્યાપારીઓ કિમતી ભેટો

૧ “ મહાવીર જૈન વિદ્યાલય રજત–સ્મારક ગ્રંથમાં શ્રી ચીમનલાલ અમુલખદાસ સંઘવીએ, ‘ આર્દ્રકુમાર નેબુચન્દનેઝાર ’ એ વિષય પર લખેલા લેખને આધારે. ”

સાથે ત્યાંના રાજાને નમવા ગયા. રાજાએ તેમનો સારો આદરસત્કાર કર્યો. તેઓ કયાંથી આવે છે અને તેમનો રાજા કોણ છે તે સંબંધી-પૂછપરછ કરી વ્યાપારીઓ બોલ્યા, આર્યાવર્તમાં ઉજળો મગધ અમારો દેશ, શ્રેણિક અમારો રાજા.

આ વાતચીત ચાલતી હતી તે દરમ્યાન આર્દ્રકુમાર સભામાં બેઠા હતા. એકાએક કુદરતી પ્રેરણાથી તેમણે વ્યાપારીઓને પુછ્યું, તમારા રાજાને પુત્ર છે ?' વ્યાપારીઓ સહજભાવે બોલ્યા, અમારા રાજાને ઘણા કુંવર છે, તેમાં અભયકુમાર મુખ્ય છે. તેની બુદ્ધિપ્રતિભા અતિ તિવ્ર છે. આ સાંભળતા આર્દ્રકુમારનું અંતર મલક્યું. અભયકુમારને મિત્ર બનાવવાની ભાવના તેના વિશાળ અંતરમાં જાગૃત થઇ. તેણે-વ્યાપારીઓને પોતાને દેશ જતાં પહેલાં, પોતાને મળીને જવાની સૂચના કરી.

અનુકૂળ સમય અને વા વાતાં વ્યાપારીઓ સ્વદેશ જવા તૈયાર થયા. વહાણમાં ચઢે તે પહેલા તેમાંનો એક આર્દ્રકુમારને આપેલા કોલ અનુસાર તેને મળવા માટે ગયો. આર્દ્રકુમારે અણમોલ મોતી અને પરવાળાનો એક દાબડો તૈયાર કર્યો અને તે વ્યાપારીના હાથમાં મૂકતાં તેને જણાવ્યું કે, " તમારા રાજકુમાર અભયકુમારને આ આપજો, ને વધારામાં કહેજો કે, આર્દ્રદેશના રાજાનો કુમાર આર્દ્ર તમારી મૈત્રી ઇચ્છે છે."

વ્યાપારીઓ વિદાય થયા. વહાણો હિંદની દિશામાં હંકારી મૂકયાં મહાસાગરની મસ્તીભરી મુસાફરી કરતાં કેટલાક દિવસે કિનારે પહોંચ્યાં.

અભયકુમારને ભેટ પહોંચી, સંદેશો મળ્યો. તે વિચારમાં પડયો. કયાં આર્દ્ર ? કયાં આર્યાવર્ત ? કયાં તે ? કયાં હું ? છતાં તેણે મને આવી ઉત્તમ ભેટ મોકલાવી. આ ભેટ મોકલવાને તેને થયેલી પ્રેરણાની પાછળ ગમે તે પ્રકારનું બળ કામ કરતું હોવું જોઇએ. અન્યથા તે મારી મૈત્રી શા માટે ઝંખે ! શું તેને ત્યાં સ્નેહીજ નહિ જડતો

હોય ? નહિ ! નહિ ! આ ભેટની પાછળ રહસ્ય છેજ. પણ તે રહસ્યનો પાર પમાય કઈ રીતે ! લલાટે હાથ ટેકવીને તે વિચારવા લાગ્યો. બુદ્ધિ નિધાનને મગે તેવા વિકટ માર્ગે પણ સરળ માર્ગ મેળવવામાં કેટલી વાર લાગે ? તેને વિચાર સૂઝી આવ્યો.

તેણે ચંદન–કાષ્ટની એક પેટી મગાવી. તે પેટીની અંદર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીની પ્રતિમા મૂકી. ઘંટ, ધૂપદાન અને ઓરસિયા મૂકયા. સુખડ અને પૂજાના સાધન મૂકયા. પછી પેટી લઇ જનારને તૈયાર કર્યો. તેને પાસે બોલાવીને કહ્યું, ' આ પેટી આર્દ્ર કુમારને આપજે અને એકાંતમાં જઇને તે ઉઘાડવાનું કહેજે.

નોકર પેટી સાથે રવાના થયો, ટૂંક સમયમાં આર્દ્ર બંદરે જઇ પહોંચ્યો. આર્દ્રકુમારને મળ્યો, પેટી આપી, અભયકુમારનો સ્નેહ ઝરતો સંદેશ વર્ણવ્યો.

આર્દ્રકુમારનું અંતર હલકયુ, અભય જેવો આર્યકુમાર પોતાનો પરમ મિત્ર થશે, એમ જાણીને તે હર્ષભીનો બન્યો. આગ તુક ચાકરને સત્કાર સાથે આરામે ઢળવાનું સૂચવી તે એકાંતમાં ગયો. સાચવીને પેટી ઉઘાડી, ચપળ નજર અંદર નાખી. વિવિધ પ્રકારની વસ્તુઓ તેમજ મૂર્તિના પ્રથમ દર્શને તે જરા વિહ્વળ બન્યો. પેટીમાથી એકેય વસ્તુને તે ઓળખી શકયો નહિ, છતાં તેણે પોતાની નજર તે પેટીમાંની પ્રતિમાના દર્શનમાજ કેન્દ્રિત કરી. જેમ તેની નજર ઊંડી ઊતરતી ગઇ, તેમ તે પૂર્વજન્મોના ભૂતકાળમાં ખસવા લાગ્યો. સાંપ્રત તેની નજર સામેથી હઠી ગયુ. ભમતું મન અને શરીર ભૂતકાળની ડાળે જઈ બેઠું. સાંપ્રતે અવાક અને અકંપ બન્યો. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાન થવાનું હોય છે તે પહેલાં મૂચ્છાં વિગેરે ચિન્હો સ્પષ્ટ દેખા દે છે. જાતિસ્મરણ જ્ઞાનના પ્રકાશ વડે તે પોતાનો પૂર્વભવ વાંચવાને સમર્થ થયો. આર્દ્રકુમારના દેહ વડે–જાતિસ્મરણના બળથી તે પોતાના બીજા દેહને વાંચવા માંડયો.

" મગધદેશ. ત્યાં વસંતપુર નામે નગર. ત્યાં સામાયિક કણબી રહેતો. તેને બંધુમતી નામે સ્ત્રી હતી. એ બંનેને વૈરાગ્ય થયો. બન્નેએ દીક્ષા લીધી. દીક્ષા પછી બન્ને જણે પોતપોતાના ગુરુ–ગુરૂણી સાથે જુદા જુદા પ્રદેશમાં વિહાર કરી સાધુ ધર્મનું સેવન કર્યું હતું. સામાયિક સાધુ જે સ્થળે સ્થિર હતા, તે સ્થળે એકદા કર્મસંયોગે ફરતાં ફરતાં બંધુમતી સાધ્વી પોતાની ગુરૂણી સાથે આવી. બંધુમતીને જોતાં સામાયિકને પોતાની સંસારી અવસ્થાનો ખ્યાલ આવ્યો. ખ્યાલની પરંપરા વધતી ચાલી; શુદ્ધ અંતર ને મન, અશુદ્ધ ખ્યાલમાં માર્ગ ભૂલ્યાં. સામાવિક બંધુમતી પ્રતિ ખેંચાયો, પવિત્ર સાધ્વી બંધુમતી સામાવિકનું મન માપી ગયાં. સામાયિકને ભયંકર પાપગર્તામાં ગબડતો રોકવા અને પોતાના ચારિત્ર ધર્મનું સંપૂર્ણ પાલન કરવાના શુભાશયથી બંધુમતીએ પોતાની ગુરૂણીની આજ્ઞા લઈને અનશનવ્રત અંગીકાર કર્યું અને દેહ પડયે તે સ્વર્ગમાં સંચરેલ.

પૂર્વજન્મનું ચિત્ર લંબાયે જતું હતું. બંધુમતી જતાં તેની ગુરૂણીજીએ પણ અનશન વ્રતે કરીને શરીર છોડયું. સામાયિક એકલો રહ્યો. ન એ બંધુમતીને મેળવી શકયો, ને ન તેનું ચારિત્ર નિર્દોષ બનાવી શકયો. મન વડે ચારિત્રભંગ કર્યા છતાં તેણે પણ અનશનવ્રત આદર્યું, અને દેવગતિમાં જન્મ લીધો. મનોરમ્ય ચિત્રદર્શન પૂરું થયું. ભૂતની ડાળે ઝુલતી આર્દ્રકુમારની આંખો સાંપ્રતના ઝરૂખે સ્થિર થઇ.

પરંતુ આર્દ્રકુમારના અનશનની પાછલી ભૂમિકા સદોષ હતી; અશુદ્ધ વિચારો વડે ખરડાયલી હતી. તે અશુદ્ધ વિચારોને લીધે આત્માની આસપાસ પથરાયલા મલિન કણોને દૂર કરવા માટે, ગીતાર્થ ગુરૂ પાસે પ્રાયશ્ચિત લેવુ જોઇતું હતું તે લીધું નહિ. આટલા માનસિક દોષથી તેમણે ચારિત્રની જે વિરાધના કરી હતી, તેના પરિણામે તે અશુભ કર્મ ઉદયમાં આવવાથી તેમને અનાર્ય કુળ અને અનાર્ય દેશમાં જન્મ લેવો પડયો તેની સાથે તેમણે જે શુદ્ધાશયે

ચારિત્ર ધર્મ અંગીકાર કર્યો હતો, તેના ફળથી રાજકુળમાં ઉત્પન્ન થયા અને અભયકુમાર જેવા ચારિત્ર સંપન્ન આર્ય સાથે મૈત્રી બંધાઇ અને સુયોગ પ્રાપ્ત થતાં જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યુ. આ પ્રમાણે શુભ અને અશુભ કર્મ કેવી રીતે પોતપોતાના ફળવિપાક પ્રાણીને આપે છે, તે વિચારવા માટે સુંદર દૃષ્ટાંત પુરૂં પાડે છે "

પૂર્વજન્મના દર્શને આર્દ્રકુમારની ઇચ્છા પલટાણી. આર્યદેશ પ્રતિ રવાના થવાનો તેમને વિચાર થયો, તે માટે તેમણે પિતા પાસે પરવાનગી માગી. એકના એક પુત્રને નજરથી દૂર કરવાનું રાજાને ન ગમ્યું તેમણે નકાર ભણી. કુમાર મૂંઝાયો. ગમે તે ઉપાયે આર્યાવર્તની આત્મરંગી ભૂમિ તરફ રવાના થવાનો માર્ગ શોધવા લાગ્યો. પિતાએ નીમેલા સુભટોની છાયામાં સમય વ્યતીત કરતો આર્દ્રકુમાર ઘોડેસવારીને બહાને નિત્ય બહાર ફરવા જવા લાગ્યો. એક દિવસ લાગ જોઇને તે છટકી ગયો. તૈયાર કરાવેલા વહાણમાં બેસી, સફર કરતા કરતાં આર્યભૂમિને કિનારે પગ મૂકયો. આ ભૂમિ પર પગ મૂકતાં જ તેમનું હૈયું ભક્તિ ને વૈરાગ્યથી ઉભરાવા લાગ્યુ. પોતાના હાથે જ મુનિવેશ પહેરવા તૈયાર થયા. તેવામાં આકાશવાણી થઇ, હે કુમાર ! હાલ દીક્ષા લઇશ નહિ. તારે સંસારનાં સુખ ભોગવવાનાં બાકી છે. આકાશવાણીને ન ગણકારતાં દીક્ષાઘેલા આર્દ્રકુમારે જાતે મુનિનો વેશ પહેરી લીધો.

સંયમ અને તપે સ્થિત આર્દ્રમુનિ વિહરતા વિહરતા એકદા વસંતપુર ગામે આવ્યા. ત્યાંના એક મંદિરમાં ધ્યાનસ્થ રહ્યા. તે મંદિરમા થોડીવારે શ્રીમતી નામે એક કન્યા આવી. સાથે સખીઓનું ટોળું. તેઓ દર્શન કરીને મંડપમાં ફરવા લાગી. ત્યાં ધ્યાનમગ્ન મુનિ દેખાયા. સહુનો આત્મા તેમને નમ્યો; ન નમવામા રહી એક શ્રીમતી. મુનિને જોતાં જ તેની આંખો સ્થિર બની. મુનિમા તે બીજા જ ભાવ અવલોકવા લાગી. તેના અંતરમાં રાગનું ઝરણું પ્રગટયુ, તે ઝરણામાં

મુનિને રીઝાવવાને ઉત્સુક બની. સખીઓ ચાલવા લાગી. શ્રીમતી પણ ન છૂટકે પાછળ–પાછળ પગ ભરતી ઘર ભેગી થઇ.

રાત પડી. જીવન માત્ર આરામે ઢળ્યા. શ્રીમતીનો આરામ મુનિ પાછળ રખડતો થયો હતો. બીજી સવારે તે મંદિરે ગઇ. મુનિ કુમારને પગે પડી. રૂપરસ ઝરતી યુવાન કન્યાને જોતાં જ મુનિએ ક્ષોભ અનુભવ્યો, તેઓ પોતે ત્યાંથી તરત જ રવાના થઇ ગયા.

શ્રીમતી લગ્નયોગ્ય થઇ. ઘણાં ઘણાં માગાં આવવા લાગ્યાં. શ્રીમતીના પિતાએ તે અંગે શ્રીમતીને વાત કરી. શ્રીમતી અવાક્ રહી. જે હોય તે કહેવાનું પિતાનું દબાણ થતાં શ્રીમતી બોલી.

પિતાજી ! માગામાંનો કોઇ મને યોગ્ય નથી. થોડા દિવસ પહેલાં અહીં આવેલા મુનીને હું મનથી વરી ચૂકી છું. પુત્રીના શબ્દો સાંભળીને પિતા ચમક્યા. એક મુનિ સાથે લગ્ન ! પિતાએ આશ્ચર્ય સૂચક પ્રશ્ન કર્યો. ધારો કે તે મુનિ હવે આ તરફ ન આવે તો ? મુનિ પવન જેવા હોય, તેમને હરવા ફરવાનાં સ્થળ નક્કી ન હોય, તારો આ વિચાર છોકરબુદ્ધિ સૂચક છે. માટે હઠ છોડીને બીજો વિચાર કર.

શ્રીમતીએ કહ્યું ' પિતાજી ! મેં જે કર્યું છે તે બરાબર છે. તમે એવી વ્યવસ્થા કરો કે હું આવતા જતા સાધુને જોઇ શકું. ' પિતાએ તુરત જ તે પ્રમાણે વ્યવસ્થા કરી. શ્રીમતી પોતાને હાથે આવતા જતા સાધુઓને અન્નદાન આપવા લાગી. દાન દેતાં દેતાં બાર વરસ નીકળી ગયાં.

બાર વર્ષને અંતે આર્દ્રમુનિ પુનઃ વસંતપુર નગરે આવ્યા. તેમને ભૂતકાળ યાદ આવ્યો. પણ એ વાતને બાર વર્ષ થયાં હતાં આજે શું ! એમ વિચારી તેઓ ભિક્ષા માગવાને ગામમાં આવ્યા ફરતાં ફરતાં શ્રીમતીને આંગણે જઇ ઊભા, શ્રીમતીના સ્નેહે તેમને ઓળખ્યા. શ્રીમતી હર્ષઘેલી બની, તે પોતાના પિતાને ત્યાં બોલાવી લાવી. શ્રીમતીના પિતા

તથા ગામના રાજાએ મુનિને શ્રીમતીનો હાથ સ્વીકારવાનું સમજાવ્યું. મુનિને અટલ આકાશવાણી યાદ આવીઃ મારે ભોગ ભોગવવાના બાકી લાગે છે. નહિતર આવો બનાવ ક્યાંથી બને ! ભોગાવલી કર્મ અવશેષ હોય, ત્યાં સુધી દીક્ષા લેવાય જ નહિ અને કદાચ લેવાય તો પણ ભોગાવલી કર્મ ખપાવવા પુનઃ સંસારપ્રવેશ કરવો જ પડે ( કેણુબી અને બંધુમતીના ભવમાનો તેમનો જીવન સબંધ સરખાવવાથી આ વસ્તુસ્થિતિ ઉપજવાનું કારણ મળી રહેશે. )

આર્દ્રમુનિ પુનઃ આર્દ્રકુમાર બન્યા, તેમણે સંસાર પ્રવેશ કર્યો, શ્રીમતીનું પાણીગ્રહણ કર્યું. સમય વ્યતીત થતાં શ્રીમતીથી તેમને એક પુત્રનો જન્મ થયો પુત્રના જન્મ બાદ આર્દ્રકુમાર પુનઃ દીક્ષા કાજે તૈયાર થયા શ્રીમતીને તેમણે તે અંગે વાત કરી. શ્રીમતીએ તેનો જવાબ ન વાળ્યો, પણ પોતાના ગભરુ બાળને તે હકીકત જણાવવા તે રેંટિયો[૧] લઈને બેઠી. ધવલ મેઘખંડશી રૂની પુણી લઇ કાંતવા લાગી. આ જોઈ નાનુડો બાળક કાલીઘેલી વાણીમા બોલ્યો, બા ! બા ! આ તું શું કરે છે ? તેણે જવાબ આપ્યો. બેટા ! તારા પિત હવે દીક્ષા લેવાના છે, ઘર છોડી ચાલ્યા જનાર છે. એટલે રેંટિયાની સોબત વિના પેટનું પૂરું ન થાય. આજથી હું તેની દોસ્તીમાં પડું છુ. '

આ સાંભળી બાળક બોલ્યો, ' હું તેમને પકડી લાખીશ. પછી શી રીતે જશે ! એમ કરી પાસે પડેલુ કાચું સૂતર લઇને તે આર્દ્રકુમાર બેઠા હતા ત્યાં આવ્યો. તેમને તે સૂતરના રાગજાળે ભીંજાયલા મોહશા તાર વીંટવા લાગ્યો. બાળકનુ આ વર્તન જોઇ આર્દ્રકુમાર ભીંજાયા

૧. ઇ. પુ. છઠ્ઠી સદીમાં રેંટયાનું અસ્તિત્વજ હતું એટલુજ નહિ પણ તે એક નેધારાને આધારરૂપ હતો. એમ એ વસ્તુ આ દૃષ્ટાંતથી પુરવાર થઈ જાય છે. મહાત્મા ગાંધીજીની પ્રવૃત્તિ સાથે આ ઘટનાને સરખાવો.

તેમણે સૂતરના આંટા ગણ્યા તો બાર થયા એટલે બીજા બાર વર્ષ સુધી સંસારમાં રહેવાનો વિચાર કર્યો.

બાર વરસ જોતજોતામા વીતી ગયાં. એટલે આર્દ્રકુમારે દીક્ષા લીધી. તપ ત્યાગ ને સંયમનું બળ તેમની અંદર અને આસપાસ તરવા લાગ્યું. રાજગૃહીના માર્ગે જતા તેમને રસ્તામાં પાંચસો ચોરોનો ભેટો થયો. વાતચીતને અંતે માલમ પડયું કે તે પાંચસો ચોરો તે, આદ્રકુમારના પિતાએ આર્દ્રકુમારની દેખરેખ અંગે નીમેલા પાંચસો સુભટો હતા કુમાર ગુમ થતાં, રાજાની બીકે તેઓ આ દેશમાં નાસી આવેલા અને ચોરીના ધંધા વડે ગુજરાન ચલાવતા હતા. ધર્મનો ધોરી માર્ગ-સમજાવી મુનિએ તેમની દીક્ષા આપી અને મર્વેની સાથે આગળ ચાલ્યા.

માર્ગમા હસ્તિતાપસોનો આશ્રમ આવ્યો તેઓનો એવો મત હતો કે, એક મોટા હાથીને મારીને તેના માંસથી ઘણા દિવસો નિર્ગમન કરવા, તેથી ઘણા જીવોનો બચાવ થાય. આવા દયાભાસ ધર્મવાળા તાપસોએ એક મસ્ત માતંગને મારવાને માટે તે આશ્રમમાં બાંધ્યો હતો માર્ગમાંથી પસાર થતાં આર્દ્રમુનિને વંદન કરવાની ઉજ્વળ ભાવના માતંગમાં પેદા થઇ તે નમવા ગયો કે તરતજ તેનાં બંધનો તૂટી ગયાં. સૂંઢથી મુનિના ચરણને સ્પર્શ કરી તે હાથી જંગલમાં ચાલ્યો ગયો. તાપસો મુનિ તરફ ગુસ્સે થયા. આર્દ્રમુનિએ ઉપદેશ બળે તેમને ભીંજવ્યા અને શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લેવા મોકલ્યા. મહાવીરે તેમને દીક્ષા આપી.

ગજેન્દ્રમુક્તિ અને તાપસોના પ્રતિબોધની હકીકત સાંભળી-શ્રેણિક રાજા અને અભયકુમાર આર્દ્રકુમાર પાસે આવ્યા અને તેમને વંદન કર્યું. મુનિએ અભયકુમારનો ખરા અંતઃકરણથી આભાર માન્યો, કેમકે તેમની સાચી દૃષ્ટિ અપાવવાના કારણ રૂપ જ તે હતો. તે પછી આર્દ્રમહામુનિ રાજગૃહમાં પધાર્યા, ત્યાં પધારેલા શ્રી

વીરસ્વામીને વંદના કરી તેમના ચરણકમળની સેવાથી કૃતાર્થ થઈ, અંતે મોક્ષને વર્યા.

આર્દ્રકુમારનુ આખુંય જીવન કર્મના અટલ સિદ્ધાન્તના એક અજબ પ્રતીક તૂલ્ય છે.

**મેઘકુમારને નંદિષેણની દીક્ષાઃ**—શ્રી મહાવીર પ્રભુ રાજગૃહી નગરીની પ્રજાને ધર્મના અલભ્ય અણમોલ તત્ત્વો સમજાવે છે. સાંસારિક ભોગરોગ તથા ભાગ રાગ છોડી ઘણા તેમની છાયામાં આવીને વસે છે. ઉપદેશ ધારામાં વહેતું સનાતન સ્નેહ સંગીત અંતરના મર્મ ભાગે અજબ ગડમથલ પેદા કરે છે.

એકદા તેમનો આત્મ બોલ ઝીલવા શ્રેણિકરાજાના મેઘકુમાર ને નંદિષેણ નામે રાજપુત્રો સમવસરણમાં ગયા. શ્રી વીરની આત્મ પ્રભાના પ્રથમ દર્શને તેમનો અંતર મેલ ધોવાઈ ગયો. આત્મ કલ્યાણની દીક્ષા લેવાની તેમને પ્રેરણા મળી. બન્ને બંધુઓ રાજભવને પાછા ફર્યા. માતા પિતા આગળ દીક્ષાની વાત રજુ કરી. મેઘકુમાર આઠ સ્વરૂપવતી સ્ત્રીઓનો સ્વામી હતો. તે આઠેયને તજવા તે તૈયાર થયો. સંસારના સકલ વૈભવો છતાં, આત્મ વૈભવ આગળ તેને તે તુચ્છ લાગ્યા. માતા–પિતા, પત્ની વગેરેની અનુમતિ મળતાં તે શ્રી વીર પાસે દીક્ષા લેવા ગયો. દીક્ષાનો અધિકારી જાણી પરમ ઉપકારી શ્રી મહાવીર પ્રભુએ તેને દીક્ષા આપી, આત્મ ધર્મનો નિર્મળ ધવળ વાઘો પહેરાવ્યો. ભગવંત સાથે ઘણા સાધુ રહેવા લાગ્યા.

નંદિષેણ પાંચસો સ્ત્રીઓનો ભરથાર હતો, સર્વેને સમજાવી તે પણ શ્રી વીરનો શિષ્ય બન્યો.

મેઘકુમાર–મગધના મહારાજા શ્રેણિકનો પુત્ર સાધુ થયો. દીક્ષાની પ્રથમ રાત્રે પૌરસી ભણાવ્યા પછી, સંથારો કરતાં નાના મોટાના વ્યવહારથી તેમનો સંથારો ( શય્યા ) સર્વ સાધુની પછી ઉપાશ્રયના બારણા નજીક આવ્યો. ત્યાં તેમને નિદ્રા આવી નહિ, કેમકે આવતા

જતા સર્વ સાધુના ચરણ સ્પર્શથી તેમને જરા માઠું લાગ્યું. પૂર્વ જીવન સ્મૃતિ પટે તરી આવ્યું. સુખાકારી આવાસને પુષ્પ શય્યા નજરમાં તરવા લાગ્યાં. સાધુ જીવન આ રીતે વ્યતીત કરવું તેમને ન ગમ્યું.

પ્રભાત થયું. મેઘકુમાર મુનિ શ્રી મહાવીર પાસે આવ્યા. તેમને જોતાં જ શ્રી મહાવીર બોલ્યા, 'હે મેઘ! તેં રાત્રીના ચારે ય પ્રહર દુઃખમાં ગાળ્યા છે અને ઘેર જવાનો વિચાર કર્યો છે. આ વાત ખરી છે?' મેઘમુનિએ કહ્યું, 'હા, પ્રભુ ખરી છે.' 'હે મેઘમુનિ! આ દુઃખ તો કંઇ નથી એના કરતાં તો તેં પાછલા ભવોમાં ભોગવેલાં દુઃખ અતિ ભયકર છે.' એમ કહીને શ્રી વીરે મેઘમુનિને તેમના પૂર્વજન્મની દુઃખ પૂર્ણ કથા કહી સંભળાવી. ભગવંતના ઉપદેશ સ્મરણથી મેઘમુનિને જાતિ સ્મરણ જ્ઞાન થયું, ને પ્રભુના કહેવા પ્રમાણે સઘળું જોવા મળ્યું. તે સઘળું જોતાં, સંસાર પ્રતિનો તેમનો રાગતંતુ તૂટી ગયો અને શ્રી વીરને વાંદી, ચારિત્ર ધર્મમાં લીન થયા.

નંદિષેણ મુનિએ સામયિકથી માંડીને દશ પૂર્વ સુધીનો અભ્યાસ કર્યો ને પછી ભિન્ન ભિન્ન પ્રકારના તપ કરવા લાગ્યા. તપના બળે તેમને ઘણા પ્રકારની લબ્ધિઓ[1] પ્રાપ્ત થઇ.

---

૧ મનુષ્યને સાંપડતી ઉચ્ચ પ્રકારની પ્રત્યક્ષ ઋદ્ધિ—શક્તિ તેજ લબ્ધિ કહેવાય. તપોબળ સિવાય લબ્ધિ ન સાપડે.

• લબ્ધિના મુખ્ય અઠ્ઠાવીસ પ્રકાર છે:—

૧ આમોસહિ લબ્ધિ. આ લબ્ધિ જેને પ્રાપ્ત થાય, તેના સ્પર્શથી અનેકના રોગ મટી જાય.

૨ વિપ્પોસહિ લબ્ધિ. જે મહાનુભાવને આ લબ્ધિ પ્રાપ્ત થઇ હોય, તેના મૂત્ર અને મળાદિક પણ ગમે તેના ગમે તેવા રોગ મટાડી શકે.

લબ્ધિના આ મુખ્ય પ્રકાર છે. લબ્ધિ પ્રાપ્ત કરવા માટે તે તે પ્રકારની સખત તપશ્ચર્યાઓ કરવી પડે છે. તેમજ શરીરનો મોહ ત્યાગવો પડે છે. લબ્ધિ અને અતિશયમાં ફેર છે, તીર્થંકરોને એવી લબ્ધિઓ જન્મથીજ હોય છે. તે ઉપરાંત અતિશયો પણ હોય છે. અતિશયના અધિકારી કેવળ તીર્થંકરો જ છે. જ્યારે લબ્ધિ શુદ્ધ ચારિત્રને તપના બળથી સંપ્રાપ્ત થાય છે.

લબ્ધિઓનો વિચાર કરતાં, આજનું વૈજ્ઞાનિક બળ નહિ જેવું જ જણાય છે. કારણ કે લબ્ધિ આત્માની પ્રભા છે, ને વિજ્ઞાન બુદ્ધિનું બચ્ચું છે.

---

૩ ખેલોસહિ લબ્ધિ. જે સાધુ પુરૂષને આ લબ્ધિ પ્રાપ્ત થાય, તેના શ્લેષ્માદિ પણ ગમે તેવા રોગને નાબૂદ કરી શકે.

૪ જલૌષધિ લબ્ધિ. જેને આ લબ્ધિ પ્રાપ્ત થાય, તેના દાંત, કાન, નાસિકા, જીભ તથા શરીરનો મળ સુગંધયુક્ત હોય છે. અને તે મળથી ગમે તેવા અસાધ્ય રોગો મટે.

૫ સર્વૌષધિ લબ્ધિ. આ લબ્ધિ જે પુરૂષને વરે, તે પુરૂષના કેશ, નખ વગેરે પણ ઔષધ સમાન બની જાય. આ લબ્ધિના પ્રભાવથી સ્પર્શાયેલ વરસાદ કે નદીનું જળ પણ ગમે તેવા રોગ મટાડી શકે.

૬ સંભિન્ન શ્રોતલબ્ધિનો એવો પ્રભાવ છે કે પાંચ ઇન્દ્રિયના વિષય ગમે તે એક ઇન્દ્રિયથી ભોગવી શકાય અને તેનું સ્વરૂપ જાણી શકાય. જેમકે જોવાનો વિષય આંખનો છે, છતાં ઉક્ત લબ્ધિના પ્રભાવે કાનથી જોઇ શકાય અને તે પદાર્થને ઓળખી શકાય, છતાં પણ આંખનો જોવાનો ગુણ કાયમ જ રહે.

૭ અવધિજ્ઞાન, લબ્ધિ. આ લબ્ધિનું સ્વરૂપ આગળ વર્ણવાઇ ગયું છે.

૮ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ. ૯. કેવળજ્ઞાન લબ્ધિ આ જ્ઞાન

મુનિ નંદિષેણનું તપોબળ જેમ ખીલતું ગયું, તેમ કાળનો ઉદય પણ વ્યાપક બનતો ગયો. કારણ કે, નિકાચીત ભોગકર્મ ભોગવ્યા સિવાયજ ઉતાવળથી તેમણે દીક્ષા લઇ લીધેલી. અને તે ભોગકર્મ દિન પ્રતિદિન વિશેષ ઉગ્ર બનવા લાગ્યું. નંદિષેણ મુનિ વ્રત ટકાવ અર્થે પ્રાણાંત કષ્ટ સહન કરવા લાગ્યા. અંગીકાર કરેલા વ્રતને ત્યાગવામાં તેમને આત્માનું ખૂન થતું લાગ્યું.

એક બાજુ કર્મબળ, બીજી બાજુ પુરૂષબળ, પુરૂષ કર્મવિશેષ ભોગવવા બંધાયલો છે, અવશેષ કર્મો ખપાવ્યા પહેલાં તે સંસારની પેઢી બંધ કરે તો દેવાળીઓ ગણાય. તેણે કર્મરૂપી રકમ ચૂકવવી જ પડે.

---

લબ્ધિઓનું સ્વરૂપ પણ આગળ જણાવાઇ ગયું છે. આ લબ્ધિઓ સામાન્ય કોટિના જીવને લભ્ય નથી હોતી.

૧૦. ગમનાગમન લબ્ધિ. જે મુનિને આ લબ્ધિ પ્રાપ્ત થાય, તેને જંઘાચરણ અને વિદ્યાચરણ લબ્ધિના નામથી ઓળખવામાં આવે છે. આ બે લબ્ધિઓ ગમનાગમન લબ્ધિના જ મુખ્ય બે પાસા રૂપ છે. જંઘાચરણ લબ્ધિના પ્રભાવે, સૂર્યનાં કિરણ ઝાલીને બહુ દૂર સુધી સફર કરી શકાય. વિદ્યાચરણથી પણ સૂર્યનાં કિરણ ઝાલીને સફર કરી શકાય પણ તેનું પ્રમાણ જંઘાચરણથી ઓછું રહે.

૧૧ વ્યોમચારણ લબ્ધિ. જેના પ્રભાવે આકાશમાં ફરાય, બેઠા બેઠા આકાશમાં જઇ શકાય, તેજ વ્યોમચારણ લબ્ધિ.

૧૨ જળચારણ લબ્ધિ. જેને જળચારણ લબ્ધિ પ્રાપ્ત થઇ હોય, તે કુવા, વાવ, તળાવ, સરોવર, સરિતા કે સમુદ્રમાં અપકાયના જીવની વિરાધના કર્યા સિવાય ગમનાગમન કરી શકે.

૧૩ પુષ્પચારણ લબ્ધિ. આ લબ્ધિને ધારનાર મહામુનિ, સૂક્ષ્મ જીવોને દુઃખ પહોંચાડયા સિવાય કુસુમની પાંખડીના સમુદાયને અવલંબીને રહી શકે છે.

એક દિવસ છઠ્ઠને પારણે મુનિ નંદિષેણ રાજગૃહીમાં ભિક્ષાર્થે નીકળ્યા. કર્મના તીવ્ર પ્રભાવે આકર્ષાયલા તે ભૂલમાં ગણિકાને ઘેર જઈ ચઢયા અને ધર્મલાભ આપ્યો. 'અમારે ધર્મલાભથી શું ?' ગણિકા મલકાતી બોલી. 'અમે તો અર્થલાભનાં રસિયાં.' ગણિકાના શબ્દબાણે, મુનિ પોતાના મુનિધર્મને ભૂલી અભિમાનને પાટલે બેઠા, 'અરે, આ સ્ત્રી મારી મશ્કરી કરી ગઈ ? શું હું સત્વહીન છું ? મારે તેને બતાવવું જોઇએ કે હું કોણ છું ? ' હું કોણ ? ના ' ઘમંડી સૂરે મુનિ–અમુનિ બન્યા. માર્ગમાં પડેલા ઘાસના પૂળામાંથી એક તૃણ ખેંચો, પ્રાપ્ત લબ્ધિના પ્રભાવે, મુનિએ ગણિકાના ચોકમાં સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરીને અભિમાનના ઉત્તુંગ શિખરે ડોલતા બોલ્યા, 'જો, ધર્મલાભ ન જોઈએ, તો ધનનો લાભ સ્વીકારી લે.'

---

૧૪ શ્રેણિચારણુ લબ્ધિ. આ લબ્ધિને ધારતો મહાત્મા ગગનમાં સીધો ને સીધો ૪૦૦ યોજન સુધી વિહરી શકે અને પાછો આવી પણ શકે.

૧૫ અગ્નિશિખા ચારણુ લબ્ધિ. આ લબ્ધિ જેને પ્રાપ્ત થાય, તે સાધુ, અગ્નિકાયના જીવોને હાનિ પહોચાડયા સિવાય, અગ્નિની શિખાના અવલંબને ગમનાગમન કરે, છતા તેના અંગાગને અગ્નિ શિખા ન જ સ્પર્શે.

૧૬ ધૂમચારણુ લબ્ધિ. આ લબ્ધિના પ્રભાવે માનવી, ધૂમ્ર (ધૂમાડા) નો આશ્રય ગ્રહીને ગમે ત્યાં જા–આવ કરી શકે છે.

૧૭ મર્કટતંતુ ચારણુ લબ્ધિ. આ લબ્ધિના તેજથી વાકાચૂકાં વૃક્ષોના અંતરાયમાંના અવકાશોમાં વૃક્ષ તતુના આશ્રયે ગમનાગમન કરી શકાય.

૧૮ ચક્રમણુ જ્યોતિ રશ્મિ ચારણુ લબ્ધિ. આ લબ્ધિ ધારી મહા માનવ સૂર્ય, ચન્દ્ર, તારા, નક્ષત્ર, ગ્રહ કે બીજા કોઇપણ જ્યોતિના કિરણુનો સૂક્ષ્મ કોમળ કર ઝાલીને ગમે ત્યાં ગમનાગમન કરી શકે.

આટલું બોલી મુનિ ઘર બહાર જવા તૈયાર થયા. ગણિકાએ તેમનો છેડો ઝાલ્યો. ભાષાના મદરસે મુનિને ભીંજવ્યા. ભોગકર્મનો રસ પણ તેમાં ભળ્યો. મુનિને વેશ્યાના મંદિરમાં વાસ કરવો પડયો. વાસ કરતાં તેમણે એક અભિગ્રહ ( ભારે પ્રતિજ્ઞા ) લીધો કે, " આ વેશ્યાભવને આવતા પુરુષોમાંથી દશને પ્રતિબોધ પમાડી, નિયમિત રીતે

---

૧૯ વાયુચરણ લબ્ધિ. આ લબ્ધિથી વાયુની દિશામાં ગમન કરી શકાય.

૨૦ નિહારચારણ લબ્ધિ. આ લબ્ધિના પ્રભાવે, અપકાયના જીવને દુઃખ પહોંચાડયા સિવાય ઝાકળનું અવલંબન કરીને તેની જ સાથે ગતિ કરી શકાય.

૨૧ મેઘચારણ લબ્ધિ. ૨૨ ઉસચારણ લબ્ધિ. ૨૩ ફળચારણ લબ્ધિ. આ લબ્ધિઓના પ્રભાવે તે તે દ્રવ્યોના અવલંબને—કોઇ પણ દ્રવ્યના જીવને હાનિ કર્યા સિવાય ગમનાગમન કરી શકાય.

૨૪ તેજોલેષ્યા લબ્ધિ. આ લબ્ધિના બળે માનવી ક્રોધમાં આવીને બીજાને બાળી શકે, ગોશાલકે આ લબ્ધિ પ્રાપ્ત કરેલી.

૨૫ શીતલેશ્યા લબ્ધિ. આ લબ્ધિવંતમુનિ તેજોલેષ્યાને પાછી વાળવા, તેના પ્રતિસ્પર્ધી ગુણવાળી શક્તિ મૂકે.

૨૬ વૈક્રિય લબ્ધિ. આ લબ્ધિના પ્રભાવે શરીર નાનામાં નાનું કમળતંતુના છિદ્રમાં પ્રવેશી શકે એવુ, તેમજ મેરૂપર્વતથી પણ મોટું બની શકે.

૨૭ લઘુત્વ લબ્ધિ. વાયુથી પણ અત્યંત હલકું શરીર બનાવવા માટે આ લબ્ધિ છે.

૨૮ ગુરૂત્વ લબ્ધિ. આ લબ્ધિને ધારતો મુનિ પોતાના શરીરને વજ્રથી પણ ભારે કરી શકે અને ઇન્દ્રાદિકને પણ થથરાવી શકે.

શ્રી મહાવીર પ્રભુ સમીપે દીક્ષા લેવા મોકલીને હું ભોજન કરીશ." પછી મુનિવેશ ત્યજી કુમાર નંદિષેણુ, સંસારરંગે રંગાયા. ને દશ માણસોને પ્રતિબોધ પમાડી દરરોજ શ્રી વીર પાસે મોકલવા લાગ્યા.

જોતજોતામાં સાડા બાર વર્ષ વીતી ગયાં. દશ માણસો દરરોજ દીક્ષિત બનવા લાગ્યા. એક દિવસ દશને બદલે નવને જ પ્રતિબોધ સ્પર્શ્યો. દશમા સોનીને ઉપદેશની લેશ પણ અસર ન થઈ. નંદિષેણુ ત્યાં સુધી ભાણે ન બેઠા, વેશ્યાએ તેનું કારણ પૂછ્યું. નંદિષેણુ ગમગીન ચ્હેરે બોલ્યા, 'આજે નવને જ પ્રતિબોધ પમાડ્યા છે, ને દશમો આ સોની ધર્મથી દૂર દોડવા મથી રહ્યો છે. દશમો આવે ને પ્રતિબોધ પમાડું, તો જ ભોજન કરી શકું. 'ઓહ ! એમાં શું ? દશમા તમે જ !' જે શબ્દબાણે મુનિ નંદિષેણુને અ-મુનિ બનાવ્યા હતા, તે જ શબ્દે આજે પુનઃ તેમને મુનિધર્મની દિશા બતાવી. ભોગ કર્મનો શેષ રસ પણ જળીને ભસ્મ થઇ ગયો હતો. ભોગવિલાસને ઠોકરે મારી, નંદિષેણુ સીધા શ્રી વીરપ્રભુ પાસે ગયા અને દીક્ષા ગ્રહણ કરી.

લબ્ધિધારી મહામુનિઓને જે કર્મે નથી છોડયા, તે કર્મ આપણુને ઊંચાનીચા કરે તેમા નવાઈ શી ? છતાં તે કાળની મહત્તા એ હતી કે, પાપી પોતાનું પાપ કોઈ રીતે છૂપાવવાનો પ્રયાસ ન કરતો. પરંતુ પાપ કરતાં કરતાં પણ પુણ્યના પંથની પ્રતીક્ષારૂપ કાર્ય કરતો. નહિતર વેશ્યાના મંદિરમાં જઇને ધર્મોપદેશ કરવાનું મન કોને થાય ! છતાં નંદિષેણે તે પ્રમાણે સાડાબાર વર્ષ સુધી ચલાવેલું અને તે પછી શ્રી વીર પાસે જઇ, પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરી દીક્ષા અંગીકાર કરેલી.

**પહેલું ચોમાસું:**—કેવળી જીવનનું પ્રથમ ચોમાસું શ્રી મહાવીરે રાજગૃહમા જ વીતાવ્યું. અને ઉપદેશના પવિત્ર પ્રકાશથી ઘણા જીવોને સંસારના અંધારામાંથી બહાર લાવ્યા. મહારાજા શ્રેણિક

અને અભયકુમાર ઉપર તેમના પવિત્ર આત્મતેજની સારી જેવી અસર પડી ચૂકી હતી. મહાપુરૂષની અમીદ્દષ્ટિ જેના ઉપર પડે, તેનો વ્હેલો મોડો ઉદ્ધાર જ સમજવો.

**ઋષભદત્ત–દેવાનંદા:**—વર્ષાકાળ વ્યતીત થતાં ભગવાન મહાવીર આગળ વધ્યા. ચારે તરફ સૌમ્યરસ રેલાવતા, કુદરતના એ પ્રતિભાસંપન્ન પુરુષને સૃષ્ટિના જીવો નમવા લાગ્યા. જ્યાં એમના આત્માનું નિર્દોષ–નિર્મળ રશ્મિ રેલાતું. ત્યા આનંદરંગ જામતો. તેતાળીસની વયે ત્રેવીસનાને શરમાવે એવી શ્રી મહાવીરની ચાલ હતી: ડગલે–ડગલે શાંતિ–કણ વેરતા તેઓ આગળ વધતા, વિહાર કરતા શ્રી વીર બ્રાહ્મણકુંડ ગામે પધાર્યા. બ્રાહ્મણકુંડ ગામ વૈશાલીની દક્ષિણે આવેલું હતું અને વૈશાલીના તાબાનું હતું.

**ઉપદેશ ને દીક્ષા:**—બ્રાહ્મણકુંડ ગામે સમવસરણની રચના થઈ ગામમાંથી નાના મોટાં સૌ શ્રી મહાવીરનો ઉપદેશ સાંભળવા સમવસરણમા આવ્યાં, તેમાં ઋષભદત્ત બ્રાહ્મણ અને તેની સુશીલા પત્ની દેવાનંદા પણ હતાં. સિંહાસનસ્થ શ્રી વીરસ્વામીને જોતાં જ દેવાનંદાની આંખમા અમીપૂર પ્રગટયા, શરીરે રોમાંચ થયો; પયોધર સ્નેહવર્ષતા થયા. નિર્નિમેષ નયને દેવાનંદા મહાવીરને જોઈ રહી.

દેવાનંદાની આ સ્થિતિ જોઇને ગૌતમ સ્વામી વિચારમાં પડયા. તેનુ કારણ તેમને સમજાયું નહિ તેમણે અંજલી જોડી તે વિષે પ્રભુને પૂછયું. શ્રી વીર બોલ્યા, " હે ગૌતમ ! હું એ દેવાનંદાની કુક્ષીમાં ઉત્પન્ન થયેલો. પ્રથમના બ્યાસી દિવસ મે ત્યાંજ વીતાવેલા. દેવાનંદા આ પળે એ વાતથી અજ્ઞાત છે છતાં સ્નેહના અટલ નિયમાનુસાર મને જોતાં જ, મારા પ્રતિ તેનો વાત્સલ્ય ભાવ પ્રગટ થયો છે." આ સાંભળી સર્વ શ્રોતાઓ વિસ્મય પામ્યા દેવાનંદા અને ઋષભદત્ત પોતાના પુત્રનુ ઉજળુ જીવન જોઇને હરખાયાં. બ્રાહ્મણ દંપતીને સાચો જીવનરાહ ચીંધવા કરુણાસિન્ધુ શ્રી મહાવીરે ઉપદેશ ધારા વહાવી.

'માનવ-પ્રાણીઓ ? સંસારમાં જે જે નજરે દેખાય છે, તે તે સર્વેનું સત્યમય છે, એ ભૂલ ભરેલી માન્યતા તમારા માનસ પ્રદેશમાંથી દૂર કરજો. જે દેખાય છે, તે જ નહિ દેખાવાને માટે છે અને નથી દેખાતું તે જ શાશ્વત–સ્થિર છે. તમે જે વસ્તુની પાછળ રાત દિવસ દોડયા કરો છો, તે, તે વસ્તુ નથી; પણ તેનો જ પડછાયો છે. પડછાયાને ઝાલવાજ તમે દોડધામ કરો છો, પણ પડછાયા કદી કોઇએ ઝાલ્યા સાંભળ્યા છે !

સુખી થવાની લાલસામાં તમે લક્ષ્મીની પાછળ દોડો છો, પણ લક્ષ્મી આજ સુધી કોઇની બની છે ? હવે તમે તેને તમારી બનાવો તો જુદી વાત ? લાલસાઓનું મૂળ ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયોની લગામ મનને હાથ છે, મનની અસર પ્રમાણે જ બુદ્ધિ કામ કરે છે.

વિચારો કે આ તમારો પ્રથમ જન્મ તો નથી જ આની પહેલાં તમે ઘણા જન્મો કર્યાં હશે. તે તે જન્મદરમ્યાન તમે અનેક સુખ-વૈભવ માણ્યા હશે. બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને ઇન્દ્રનાં સુખ ભોગવ્યાં હશે, ઘણાકે ભયંકર યાતનાઓ પણ સહન કરી હશે. ઘણા માનવો, પોતાને મનગમતી રમાના રામ પણ બન્યા હશે. પૂર્વ-જન્મોનાં આટઆટલાં સુખો અને દુઃખો ભોગવવા છતાં આજે તમે કઈ સ્થિતિમાં છો, તે વિચારની નિર્મળ આંખો વડે જુઓ. તેનું કારણ શું ? અઢળક સુખ-દુઃખો 'સ્વાહા' કરી જઇને તમારી ઇન્દ્રિયો આજે શાના માટે તલપી રહી છે. ઇન્દ્રિયો તમારી હજી સુધી સંતોષ કેમ નથી અનુભવતી ? એને એવુ શું જોઇએ છે કે એ તમને રાતદિવસ ઊંચા–નીચા કરે છે ?

આંખો સામે નજર કરો. આજે એને શું પ્રીય છે, એનો વિચાર કરો એ સત્યને છોડી અસત્યમાં કૂદકા મારવા કેમ તત્પર થાય છે તે શોધો. આંખ જેવીજ તમારી ઇન્દ્રિયોની સ્થિતિ છે. મન પણ મર્કટની જેમ કૂદાકૂદ કરી રહ્યું છે.

ઇન્દ્રિયોનો એ સ્વભાવ છે કે શરીરમાં એને જેમ જેમ આગળ પડતું સ્થાન અપાય તેમ તેમ તે શરીરને નિજના પંજામાં રીતસર ફસાવી દે. પછી તેમાથી મુક્ત થતાં સૈકાંના સૈકાં નીકળી જાય.

ઇન્દ્રિયોના વિષયને જગવતી ઇચ્છાની જે જે અણિના મૂળમા આત્માના રસનું એક એક ટીપું ટપકાવવાની જરૂર છે, આત્મ-રસનું ટીપું અડતાંજ ઇચ્છાની અણિઓ નરમ પડશે અને તે સાથેજ ઇન્દ્રિયોની 'સ્વાહા' શકિત ઓછી થવા માંડશે.

માનવલોક આજે શરીર ધર્મને સાંભળી રહ્યો છે. આત્મધર્મની વાત સહુ કોઇને અણગમતી લાગે છે. પણ શરીરનો ધર્મ કયાં સુધી ટકશે? આખરે આત્માજ સાચો સાબિત થશે અને આત્મધર્મના નામે જ આયેસનું કલ્યાણ થશે.'

ઉપદેશના એક એક વાકયે અને શબ્દે પ્રગટતા આત્માના અમૃત કણોવડે સભામંડપ ઝધમગવા લાગ્યો, અનેક જીવો ઉપદેશ રંગે રંગાયા. બ્રાહ્મણ દંપતીને સંસાર કરતાં આત્મા વડો લાગ્યો. આત્માનું વડપણ ખીલવવા દીક્ષા અંગીકાર કરવાનો તેમણે નિશ્ચય કર્યો. શ્રી મહાવીર પાસે દીક્ષા માગી, યોગ્યતા જાણી શ્રી વીરે તેમને દીક્ષા આપી.

**ઉપદેશ પ્રથાઃ**—તે સમયની ઉપદેશ પ્રથા અને આજની ઉપદેશ પ્રથામાં ઘણો ફેર છે; તે સમયે જે બોલાતું, તે શ્રોતાઓ શાન્તિથી સાંભળતા. તેમાં કોઈ પ્રશ્નમાં પૂછવા જેવું લાગતું, તો વિવેકપૂર્વક પ્રશ્ન કરતા અને વ્યાખ્યાતા તેનો સમાધાનકારક ઉત્તર આપતા. અમુક ગુણની અપેક્ષાએ જ સાચો શ્રોતા બની શકે અને શાસ્ત્રશ્રવણ વડે પોતાનું હિત પ્રમાણી શકે. તેમાં મુખ્ય ગુણ વિવેકનો છે. તે પછી ભક્તિને સ્થાન મળે અને તે બાદ એકાગ્રતા આવે.

આજે ઉપદેશ પ્રથા પલટાઇ રહી છે. પૂ. સાધુઓ મનફાવે તે

સ્થળે ઉપદેશ આપીને, તેમની શાસ્ત્રોક્ત મહત્તા ઘટાડી રહ્યા છે. તેમને પણ સુધારાનો આજનો પવન સ્પર્શ કરી રહ્યો હોય- એમ જણાય છે. સાધુને માટે ખાસ કારણ સિવાય, ઉપાશ્રય બહાર વ્યાખ્યાન ન જ અપાય. ઉપદેશની પ્રથા બદલાવા સાથે તેનો વિષય પણ બદલાઈ રહ્યો છે. આત્મધર્મના ઉપદેશને બદલે, દેશહિતની વાતો આજે ઘણા મુનિ મહારાજો પાસેથી સાંભળવા મળે છે અને તે તદ્દન ખોટું ગણાય. સંસારત્યાગી મહાસાધુ સંસારી પાસે જ્યારે સંસારને લગતી વાત કરવા બેસશે ત્યારે સંસારની આગમાં જળતા જીવોને ધર્મામૃત છાંટીને ચેતનવંત કોણ બનાવશે ? સાધુના ધર્મ ઉપર આર્યાવર્તના આત્મધર્મનું અવલંબન છે. જૈન-ધર્મ એ આર્યાવર્તનું અને વિશ્વનું અણમોલ તેજરશ્મિ છે. લાખો માનવો કરતાં તેની કિંમત વિશેષ ગણાય. તે ધર્મમાર્ગ ભૂલે, તેમાં કોઈનું ભલું ન જ હોય.

**બીજું ચોમાસું**:—કેવળી અવસ્થાનું બીજું ચોમાસું શ્રી મહાવીરે વિશાલામાં કર્યું. ચોમાસાના ચાર મહિના એક સ્થાને સ્થિર રહી, બાકીના આઠ મહિના આત્મોપદેશમાં વીતાવતા શ્રી મહાવીરનું પવિત્ર નામ જ્યાં ત્યાં સંભળાવા લાગ્યું.

**જમાલી-પ્રિયદર્શના**:—વિહરતા વિહરતાં ભગવાન મહાવીર ક્ષત્રિયકુંડ ગામે પધાર્યા. ત્યાં જમાલી અને પ્રિયદર્શના પ્રભુને વાંદવા આવ્યા. પ્રિયદર્શના શ્રી મહાવીરની સંસારીપણાની પુત્રી અને જમાલી જમાઈ થાય. પ્રભુના દર્શનથી જ તેનામાં વિરક્તિ જાગી, પ્રિયદર્શનાને પણ દીક્ષાની ભાવના થઈ, પ્રિયદર્શના અને જમાલીને શ્રી મહાવીર પ્રભુએ દીક્ષા આપી.

**દીક્ષા**:—વારવાર આવતી દીક્ષાની વાતથી તેને કોઈ સોંઘી વસ્તુ સમજવાની નથી. ભવ્ય આત્માઓને જ દીક્ષાની ઉજ્જવળ ભાવના થાય છે. જેનાં ભાગ્ય પૂરાં ઊઘડયાં હોય, એને આંગણે જ દીક્ષાનો

આનંદ ઊભરાય. દીક્ષાના મૂલ્ય કને ત્રિલોકનાં સુખ વૈભવ પણ કંઇ નથી અને જો ત્રિલોકના સુખવૈભવ દીક્ષા કરતાં મહાન હોય તો ભરત જેવા ચક્રવર્તીને દીક્ષા શા માટે અંગીકાર કરવી પડત?

દીક્ષા લેવી એટલે સંસારમાં રહીને સંસારને છોડવો;[1] સંસારમાં રહેવાનું, પણ તેના વિષયોમાં નહિ રહેવાનું. દીક્ષા એટલે શરીર વડે આત્માનાં હિતનાં કાર્યો કરવાં, પંચમહાવ્રતનું પાલણ કરવું. દીક્ષાધર્મ અંગીકાર કરનાર સાધુ-સાધ્વી કહેવાય. સાધુ એટલે આત્માની સાધનામાં એકતાન પુરુષ. આત્માની સાધના એટલે આત્મ માત્ર સાથે સ્નેહનો સંબંધ જગાવવો, સૃષ્ટિના જીવમાત્રનું માનસ વાંચવાની અદૃશ્ય તાકાત કેળવવી. સાધુ-સાધ્વીનું મન માયાથી વેગળું રહે. માયા તેમની કાયાને પણ ન જ છબી શકે, અને જેને જેટલા પ્રમાણમાં છબે, તેટલા પ્રમાણમાં તેનો તે ધર્મ દુષિત કરે.

દીક્ષા જો સામાન્ય-નજીવી વસ્તુ હોત તો તે આપણને કેમ નથી જડતી, આપણા અંતરમાં દીક્ષાના ભાવ કોઈ દિવસ કેમ નથી જન્મતા? દીક્ષા તો તે જ અંગીકાર કરી શકે, જેની આંખો સૃષ્ટિના સુખવૈભવની અસ્થિરતા, અસારતા વાંચી શકતી હોય.

આજે દીક્ષાનો અવળો અર્થ લેવાય છે. દીક્ષા જેવા પવિત્ર જીવન ધર્મનો અવળો અર્થ જનસમાજની જીભે ચર્ચાય. તે પહેલા શ્રી સંઘે તેનાં મૂળ કારણ તપાસીને તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ. કારણ કે દીક્ષાધર્મ વગોવાય, તે જૈનધર્મ વગોવાયા બરાબર જ ગણાય. જૈનધર્મનું જવલંત પ્રકાશ ઝરણ દીક્ષાના અવલંબને જ આજ સુધી નિર્મળ રહી શક્યું છે તે ભૂલવું ન જ જોઇએ.

---

(૧) આપણાથી કરાતા તેમજ આપણે માથે આવી પડતા અનેક પ્રસંગોમાં આ સ્થિતિ કલ્પીને તે પ્રમાણેજ કામ લેવાથી સિદ્ધિ પ્રાપ્ત કરી શકાશે એવો બોધ શું નથી ખેંચાતો?

# પ્રકરણ ત્રીજું

## વિહાર અને પ્રકાશ વર્ણ

*

**રાજર્ષિ પ્રસન્નચન્દ્ર:**—વિહાર કરતા પ્રભુ મહાવીર એકદા પોતનપુર ગામે પધાર્યા. તે ગામના મનોરમ નામે ઉદ્યાનમાં તેમણે વાસ કર્યો. પ્રસન્નચન્દ્ર ત્યાંનો રાજવી. ધારિણી તેની માતાનું નામ, પિતાનું નામ સોમચંદ.

પોતનપુરના મનોરમ ઉદ્યાનમા સમયવરણની રચના થઈ. માનવ, દેવો ત્યાં એકત્ર થયા. ત્રિલોક પૂજ્ય વિભૂતિના અણુધાર્યા દર્શનનો લાભ ઉઠાવવા કયો જીવ ઉત્સુક ન થાય ? તીર્થપતિ શ્રીએ ઉજ્જવળ જ્ઞાન–ગંગા વહેતી કરી. જ્ઞાન વારિના નિર્મળ સ્વરૂપે અનેક આત્માઓ ભીંજાયા. અનેકને સાચું જીવનદર્શન થયું. હિમાદ્રિના ઉત્તુંગ શિખરેથી વહેતી ગંગોત્રીના નિર્મળ વારિ પ્રવાહે ભીજાતી ધરાનું હૈયું, જે અનુપમ શાંતિ ચાખી શકે, એવી જ શાંતિ શ્રી વીરના મધુર વચને જીવમાત્રને સાંપડી.

શ્રોતાગણમાં રાજર્ષિ પ્રસન્નચન્દ્ર પણ હાજર હતા. આત્માની અમાપ શક્તિની અપેક્ષાએ તેમને પોતાની રાજ્યઋદ્ધિ અલ્પ લાગી.

અસ્થિર જણાઇ. સ્થિર અને શાશ્વત આત્મ ઋદ્ધિના સ્વામી થવાના મંગલ કોડ તેમના નમ્ર અંતરે જાગ્યા. રાજા પ્રસન્નચન્દ્રને રાજર્ષિ બનવાની તાલાવેલી લાગી.

શ્રી વીરને નમન કરી, તેઓ રાજભવને વળ્યા. રાજકાજનો બોજો બાલકુમાર અને મહા અમાત્યના શિરે મૂકયો. પોતે મહાવીર પ્રભુ પાસે દીક્ષાર્થે ગયા રાજા પ્રસન્નચન્દ્ર દીક્ષા લઇને સાધુ બન્યા. સાંસારિક સર્વ વૈભવો છોડી, આત્માના વૈભવે વળ્યા. ઉગ્ર તપ અને શાસ્ત્રાભ્યાસથી રાજર્ષિ સૂત્રાર્થના પારગામી થયા.

ભગવાન મહાવીર સાથે વિહરતા રાજર્ષિ એકદા રાજગૃહી નગરીએ આવ્યા. નગરની બહાર જઈ તેમણે ઉગ્ર તપની શરૂઆત કરી. એકાંતમાં એક પગ પર શરીરનો ભાર ઝાલી, બે બાહુ ઊંચા ગગન તરફ લંબાવી, દૃષ્ટિ નાસિકાગ્રે સ્થિર કરી તેઓ ધ્યાનમાં જોડાયા.

શ્રી વીરના દર્શને જવાનો રસ્તો ધ્યાન મગ્ન મુનિની બાજુમાં થઇને જ પસાર થતો હતો. જે જે નગરજનો ત્યાંથી પસાર થતાં, તેમનું ઉન્નત મસ્તક પ્રસન્નચન્દ્ર મુનિને જોતાં જ ઢળી પડતું. રાજગૃહીના રાજા શ્રેણિક પોતાના રસાલા સહિત આજ માર્ગેથી શ્રી વીરને વન્દન કરવા રવાના થયા. મુનિને ઉચ્ચાસને સ્થિત થયેલા જોઇને જ રાજાના ઘણા સુભટો નમી પડયા. સુભટોમાં દુર્મુખ નામે એક સુભટ હતો. શુભભાવપરાયણ મુનિને નમવું તેને ન રૂચ્યું. તેણે મુનિના અવગુણ ગાવા માંડયા. વરસતી અવગુણની પરંપરાએ મુનિના શુભ ધ્યાનમાં અંતરાય ઊભો કર્યો. શુભ ધ્યાનની સળંગ પ્રકાશ લીટી વચ્ચે એક કાળી વાદળી આવી. તે વાદળીમાંથી ક્રોધ વરસ્યો, સમતારંગી મુનિ પ્રસન્નચન્દ્ર ક્રોધ જળે ભીંજાયા. રાજાના સુભટો સાથે માનસિક યુદ્ધ કરવા લાગ્યા. મુનિ ધર્મથી દૂર ને દૂર ક્રોધના પૂરમાં તણાવા લાગ્યા.

રસાલાની મધ્યે શોભતા શ્રેણિક મહારાજા થોડીવારે ત્યાંથી પસાર થયા. તપસ્વી મુનિ પ્રસન્નચન્દ્રને તેમણે વન્દના કરી તેમના ઉગ્ર પ્રકારના ધ્યાનનું સ્પષ્ટ ચિત્ર તેમના હૃદયપટે કંડારાઇ ગયું.

સમવસરણમાં જઇ શ્રી મહાવીરને વન્દના કરી, શ્રેણિકે પ્રસન્નચન્દ્ર મુનિના તપની જ વાત ચાલુ કરી. ' હે ત્રિલોકપતિ ! મેં પ્રસન્નચન્દ્ર મુનિને પૂર્ણ ધ્યાનાવસ્થામાં વાંદ્યા છે. તે સ્થિતિમાં કદાપિ તેમનો દેહ પડે તો તેમના આત્માની કઇ ગતિ થાય ?' શ્રી વીરે કહ્યું, ' સાતમી નરકે જાય.' ' નરક ' શબ્દ સાંભળીને શ્રેણિક વિચારમાં પડયો. તેણે ફરીથી તેજ પ્રશ્ન ઉથલાવીને પૂછયો, ' હે ભગવન ' પ્રસન્નચન્દ્ર મુનિ જો આ સમયે કાળધર્મ પામે તો કયાં જાય ?' ભગવંતે કહ્યું. ' સર્વાર્થ સિદ્ધ વિમાન ' એક પછી એક તુરત જ પૂછાયલા એકજ પ્રશ્નના બે પ્રકારના ઉત્તરો સાભળી શ્રેણિક રાજા વિસ્મય પામ્યા. તેમણે શ્રી મહાવીરને તેનુ કારણ પૂછ્યુ. પ્રભુ બોલ્યા કે, ' ધ્યાનના ભેદથી તે મુનિની સ્થિતિ બે પ્રકારની થઇ છે. પ્રથમ દુર્મુખની વાણીથી તે મુન ક્રોધ પામ્યા હતા. તે વખતે તેં જ વંદના કરી હતી. ત્યારે તે નરકને યોગ્ય હતા. ત્યાંથી તમારા આ તરફ વળવા પછી, તારા સુભટો સાથે માનસિક યુદ્ધમા જોડાયલ તે મુનિ, ક્રોધબળે દૂર ને દૂર ફેંકાઇ રહ્યા હતા. મુનિપણાનો ખ્યાલ ચૂકીને, રાજાની સ્થિતિએ ઊભા હોય, એ રીતે વર્તી રહ્યા હતા. છેવટે તારા સુભટોને મારવા તે મુનીએ રાજાપણાની પોતાની પૂર્વ સ્થિતિના ખ્યાલ સાથે પોતાના માથે હાથ મૂકયો; હાથ મૂકેલો શિરટોપ લઇને તારા સુભટો પર ફેંકવા તો પણ ત્યાં શિરટોપને બદલે; મુડન કરાયેલ માથુંજ હતુ. માથાનું મુડન જોતાજ મુનિ સ્તબ્ધ થયા. પોતાના મુનિધર્મનો તેમને ખ્યાલ આવ્યો. ધીમે ધીમે તેઓ શુભભાવસાગર પ્રતિ વળ્યા અને ધ્યાનમાં લીન થયા. હે રાજન તારા બીજા પ્રશ્ન સમયે મુનિ એ શુભ ધ્યાનમાં હતા અને

એટલેજ એમની ગતિ સર્વાર્થસિદ્ધ વિમાને થવાનું મેં તને કહેલું"

વાતચીત દરમ્યાનજ શ્રેણિકે મધુર દુંદુભિનાદ સાંભળ્યો. તપાસ કરતા તે જાણી શકયો કે. 'પ્રસન્નચન્દ્ર મહામુનિને કેવળજ્ઞાન ઉપજ્યુ. છે.'

**ધ્યાનનું સ્વરૂપઃ**—ધ્યાન એટલે ધ્યાવું તે. પોતાના લક્ષ્યબિન્દુ ઉપર દૃષ્ટિને સ્થિર કરી, મન, વચન અને કાયાની તમામ પ્રકારની શક્તિઓને તે તરફ વહેતી કરવી તેનું ધ્યાન. ધ્યાન સમયે માનવીના ભાવ ચિદાનંદમય હોય. જો તે ભાવમા અણુમાત્ર ફરક પડે તો માનવી પોતાના લક્ષ્યબિન્દુથી વેગળો પડી જાય. ધ્યાન સમયે કામ કે ક્રોધની જવાળા અંતરમાં પ્રજ્જવલિત થાય, તો લાભની અપેક્ષાએ હાનિ વિશેષ થાય. કેમકે ધ્યાનનો જેટલો ઉચ્ચ પ્રકાર, તેટલી તેમાંથી ગબડવાની ઉચ્ચ પ્રકારની શિક્ષા.

ધ્યાનભેદે મુનિ પ્રસન્નચન્દ્ર નરકને યોગ્ય બનેલા અને પુનઃ સ્વર્ગને લાયક બનેલા, તે પછી ધ્યાનમાં આગળ વધતાં તેમને કેવળજ્ઞાન થયેલું.

ધ્યાન, યોગનોજ એક પ્રકાર છે. મન–વચન–કાયાને આત્માની દિશામાં એક કરવા તેનું નામજ ધ્યાન. ધ્યાનનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ અને નિર્મળતમ છે. ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર. (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન (૪) શુક્લ ધ્યાન. ધ્યાનની છેલ્લી કોટી તે શુક્લધ્યાન. શુક્લધ્યાને વર્તતા આત્માની મનોભૂમિકા કેવળ આત્માના પ્રકાશ વડેજ રંગાઈ જાય. સૃષ્ટિના સર્વ વ્યાપારમાંથી મુક્ત બની, વિશ્વના આત્મ વ્યાપાર સાથે તે એકાકાર બને અને તેજ પ્રમાણે વર્તતાં આત્માને ઉચ્ચ ગતિ સાંપડે.

**કેવળી અવસ્થાનાં ચોમાસાંઃ**—ભગવાન શ્રી મહાવીરે કેવળી અવસ્થાનાં ત્રીસ ચોમાસાં કયાં કયાં ગાળ્યાં, તેનો ક્રમ નીચે મુજબ છે.

(૧) રાજગૃહ
(૨) વિશાલા ( નં. ૨૩ જુઓ. )
(૩) વાણિજ્યગ્રામ
(૪) રાજગૃહ
(૫) વાણિજ્યગ્રામ
(૬) રાજગૃહ
(૭) રાજગૃહ
(૮) વૈશાલી
(૯) વાણિજ્યગ્રામ
(૧૦) રાજગૃહી
(૧૧) વાણિજ્યગ્રામ
(૧૨) રાજગૃહી
(૧૩) મિથિલા
(૧૪) મિથિલા
(૧૫) મિથિલા
(૧૬) વાણિજ્યગ્રામ
(૧૭) રાજગૃહી
(૧૮) વાણિજ્યગ્રામ
(૧૯) વૈશાલી
(૨૦) વૈશાલી
(૨૧) રાજગૃહી
(૨૨) રાજગૃહી ( નાલંદા )
(૨૩) વિશાલા*
(૨૪) મિથિલા
(૨૫) રાજગૃહી
(૨૬) રાજગૃહી ( નાલંદા )
(૨૭) મિથિલા
(૨૮) મિથિલા
(૨૯) રાજગૃહી
(૩૦) અપાપાપુરી(છેલ્લું ચોમાસું)

ઉપરોક્ત ત્રીસ ચોમાસા દરમ્યાન, તેમજ બાકીના આઠ આઠ માસના વિહાર સમયે, જે જે રાજાઓ, ધનિકો અને ગરીબો શ્રી વીરના જ્ઞાન પ્રકાશે આકર્ષાઇને તેમની ચરણરજ ચૂમતા થયા છે, તે તે રાજાઓ વિગેરેનો વ્યવસ્થિત ક્રમ હવે શરૂ થશે.

ચોમાસાનો ક્રમ અગાઉથી આલેખવાનો મૂળ મુદ્દો પણ એજ છે કે વાંચકને શ્રી મહાવીરના જીવન પ્રકાશની મધુર-શિતળ ફોરમ ચાખવા મળે. ચોમાસા વ્યવસ્થિત રીતે નિરાળાં પાડવાથી કોઇપણ વાંચકને અસંતોષ થાય એ માની શકાય એમ નથી.

* ( વૈશાલી નહી )=ઉજ્જયીનીનુ બીજુ નામ શાસ્ત્રકારોએ વિશાલા હોવાનું જણાવ્યું છે.

**રાજગૃહી:**—કેવળી અવસ્થાના ત્રીસ ચોમાસામાંથી શ્રી મહાવીરે દશ ચોમાસાં રાજગૃહીમાં અને બે ચોમાસાં, રાજગૃહીના ઉપનગર નાલંદાપાડામાં વ્યતીત કરેલાં. કેવળી અવસ્થાનાં ચોમાસાંનો મોટો ભાગ રાજગૃહીમાં ગાળેલો હોવાથી, સર્વે પ્રથમ રાજગૃહીના રાજા અને જનતા ઉપર પડેલી તેમની પ્રકાશ–રેખાના પ્રસંગો ચીતરાય છે.

**મહારાજા શ્રેણિક:**—મગધ દેશનો તે મહારાજા, રાજગૃહીમાં તેની રાજધાની. ચેલ્લણા તેની પટ્ટરાણી. રાજગૃહીની શોભા અવર્ણનીય હતી. તેને ફરતો સફેદ આરસનો કોટ હતો, તે કોટની અંદર બાગ–બગીચા ને વાવ, કૂવા શોભતા હતા. રાજા શ્રેણિક આનંદપૂર્વક દિવસ નિર્ગમન કરતા હતા. ચેલ્લણા જેવી સ્વરૂપવાન અને ગુણવાન પત્ની મળ્યા પછી તેમને સંસારના સુખ વૈભવમાં જરા પણ ઉણપ જણાતી ન હોતી. સાંસારિક સુખ વૈભવની પાછળ રાચવામાં રાજા શ્રેણિક જે આનંદ અનુભવતા હતા તે આનંદથી વિશેષ સ્થાયી આનંદની કલ્પના કરવાની પણ તેમને ઇચ્છા થતી ન હોતી. પરંતુ જૈનધર્મ પ્રેમી રાણી ચેલ્લણાના સતત સંપર્કથી તેમના જીવનની દિશામા જરા ફેર પડયો. સુખ વૈભવજ જીવનનું સર્વસ્વ હોવાની તેમની અત્યાર સુધીની જે દઢ માન્યતા હતી તે માન્યતા નિજની પ્રેયસીના સ્નેહમા બંધાઇને તેમને ઢીલી કરવી પડી. આમાં ચેલ્લાણાની એ સાફ નીતિ હતી કે, રાજાની નજરે પ્રધાનપદ ભોગવતા સુખ વૈભવને ગૌણપદે સ્થાપીને, આત્માના ધર્મને પ્રધાન પદ અપાવવું.

પ્રાચીન આર્ય સન્નારીઓએ પતિના કથળતા જીવનને, સાચો રાહ દર્શાવી, જે અનન્ય ભક્તિપરાયણતા દર્શાવી છે, તેનો દાખલો આજની પવિત્ર આર્ય સ્ત્રીઓને સાચી જીવનદિશા સમજાવવા પૂરતો બસ છે.

વસંતઋતુ હતી. ફૂલઝાડ લળીલળીને હર્ષ દાખવતાં હતાં

પ્રકૃતિદેવીના સૌમ્યવદને જીવનોલ્લાસની અનુપમ રેખાઓ તરતી હતી. શિતલ મંદ હવામાં ગુલાબની સુરભિયમ આત્મ–કવિતા ગૂંજતી હતી. દુર, એકાંતે આંબાની ઊંડી છાયામાં ટહૂકતી કોકિલાનો જીવન બોલ, માનવ જીવનમંદિરે જાગૃતિનો ઘંટ વગાડતો હતો. સઘળે અનુકૂળતાની તેજ લકીરો ચળકતી હતી.

સુગંધી હવામાનમાં રાજા શ્રેણિકને ફરવાનું મન થયું. સપરિવાર તે નગરના ઉદ્યાનમાં આવ્યો. ઉદ્યાનમાં ફરતા ફરતા, તેની ચપળ નજર ચંપાના છોડ તરફ ગઈ. તે છોડની નીચે તેણે એક તેજસ્વી પુરૂષને ઊભેલા જોયા. તે તેજસ્વી મુનિની આત્મ–સુગંધીથી ચંપાની કળીએ કળીમાંથી સુરભિની સેરો ફૂટતી હતી. રાજા મુનિ પાસે ગયા.

મુનિનું મુખ શાંત હતું લલાટે તેજ રેખાઓ તરતી હતી. છતાં વસ્ત્રનું ઠેકાણું ન્હોતું મુનિ ધ્યાનમા હતા. ધ્યાનમાથી બહાર આવતાં જ રાજાએ પ્રશ્ન કર્યો ' આપ યુવાન છતાં આમ કેમ ! સુંદર વસ્ત્ર નહિ, શુભ વૈભવનાં સાધન નહિ ! ' રાજા પોતે યુવાનીને સુખવૈભવ પાછળ વેડફવા જેટલું જ જાણતો હતો.

તેજ ઝરતી વાણીમાં મુનિરાજ બોલ્યા, ' હે મહાનુભાવ ! સાચાં સુખની શોધમાં મેં સંસારના કાચાં સુખ છોડયાં છે. સાચા નાથની શોધમાં હું અનાથ બનીને વિહરૂં છું. ' શ્રેણિક ચમક્યો. આવો તેજસ્વી પુરૂષ ને અનાથ ? તે મનોગત બબડયો ' આપને કોઈ આશ્રય આપનાર ન મળ્યું તો ભલે, આપ સુખેથી મારા આશ્રય નીચે રહો. હું આપનો નાથ થઈશ વિવેક દાખવતા શ્રેણિક બોલ્યો. એક નજરે રાજાના મનોભાવને માપીને મુનિ બોલ્યા, ' તુ અનાથ છે, અને મારો નાથ કેવી રીતે થઈશ ? ' શ્રેણિક બોલ્યો. ' શું હું અનાથ ! ત્યારે આપને મારી શક્તિની ખબર નથી લાગતી. હું મગધ દેશનો મહારાજા શ્રેણિક છું. લાખો ગામનો હું ધણી છુ લાખો અનાથને હું આશ્રય આપું છું. ' સમભાવે મુનિ બોલ્યા ' પણ એથી શુ ? મારે

અનાથીમુનિના સંપર્કે સમ્યક્ત્વંત બનેલ મહારાજા શ્રેણિક, ખૂબ શકિતપૂર્વક દિવસો ગાળવા લાગ્યા. ધર્મનું બીજ તેમના અંતરમાં પલ્લવિત થવા લાગ્યુ. જૈનધર્મની વડલાવિશાળા છાયામાં તેમને અન્ય ધર્મવૃક્ષોની આછી પાતળી ડાળીઓ મળી જતી જણાઇ.

સંસારતલે વિહરતા પ્રકાશવન્ત શ્રી મહાવીર એક દિવસ રાજગૃહી નગરીએ પધાર્યા. દેવતાઓએ ત્યાં સમવસરણની રચના કરી. શ્રી મહાવીર ઉપદેશ દેવા લાગ્યા. ઉપદેશ સભામાં રાજા શ્રેણિકે એક કૌતુક જોયુ; એક કોઢિયાને પોતાના પગે ઝરતુ પરૂ શ્રી વીરના નિર્મળ પગે ચોપડતો જોયો. શ્રેણિક સમ્યક્ત્વધારી શ્રાવક હતો. શ્રી વીર જેવા તીર્થંકર હતા. પોતાની હાજરીમા જ તીર્થપતિની થતી અવહેલના શ્રેણિકને પોતાના તેમજ ધર્મના અપમાન રૂપ લાગી. સભા પૂરી થાય, ત્યારે તે કોઢિયાને પકડીને સખત હાથે સજા કરવાનો તેણે ઇરાદો રાખ્યો એટલામાં શ્રી મહાવીર પ્રભુને એક છીંક આવી. ત્યારે તે કોઢિયો બોલ્યો કે, 'મરો' એકાદ ક્ષણે સ્વયં મહારાજાને છીંક આવી ત્યારે તે બોલ્યો, "ચીરકાળ જીવો." તેવામાં રાજાના પાટવી કુમાર અને મુખ્ય મંત્રી શ્રી અભયકુમારને તડાક દઇને છીંક આવી, ત્યારે તે કોઢિયો બોલ્યો, "મરો અથવા ના મરો," પછી તરત જ રાજગૃહીના જાણીતા કસાઇ કાળસૌરિકને છીંક આવી, ત્યારે તે બોલ્યો, "ન મર ને ન જીવ," કોઢિયાના આશ્ચર્ય પ્રેરક ઉક્ત વાક્યો સાંભળીને શ્રેણિકની આંખો લાલ થઇ ગઇ. તેને આકરી શિક્ષા કરવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો.

થોડી વારે ઉપદેશ સમાપ્ત થયો. રાજાએ પોતાના સુભટોને ઉક્ત કોઢિયાને બહાર નીકળે કે તરત જ પકડીને પોતાની પાસે હાજર કરવાનો શાહી હુકમ કર્યો. પછી રાજા તથા સુભટો બહાર નીકળ્યા. કોઢિયો પણ બહાર નીકળ્યો. રાજાના સુભટો જેવા તેને પકડવા તેની દિશામાં દોડયા કે તરત તે આકાશમાર્ગે ગમન કરી ગયો...

અસ્ત્રશસ્ત્રધારી સર્વ સુભટો તેને ગગનમાં ઊડતો જોઇને અવાક થઈ ગયા. રાજા શ્રેણિક પણ વિસ્મય પામ્યા. સાચી હકીકત સમજવા તે શ્રી મહાવીર પ્રભુ પાસે પાછો ગયો.

મગધનો મહારાજા હાથ જોડીને ઊભો રહ્યો. શ્રી વીરે તેને શુભાશિષ પાઠવ્યા. પછી શ્રેણિકે નમ્રતાપૂર્વક કોઢિયા સંબંધી પ્રશ્ન કર્યો શ્રી મહાવીર બોલ્યા, 'હે રાજન! તું જેને અત્યાર સુધી કોઢિયો સમજે છે, તે સાચો કોઢિયો નહોતો, પરંતુ દુર્દરાંક નામે દેવ હતો, ભરસભામાં તે મને પગે ચોપડતો હતો, ને દ્રવ્ય તે પરૂ નહિ, પરન્તુ ઉત્તમ પ્રકારનું ચંદન હતું. પણ તમને ભ્રમમાં નાખવા સારૂ તેણે વૈક્રિયલબ્ધિના પ્રબળ પ્રભાવ વડે તેવો દેખાવ કર્યો હતો. એક વાતનો ખુલાસો થતાં, રાજા શ્રેણિકે શ્રી વીર આગળ છીંકના પ્રસંગ વર્ણવ્યા. તે પ્રસંગને પ્રકાશમાં લાવતા શ્રી મહાવીર પ્રભુ બોલ્યા, 'હે રાજન! સર્વ પ્રથમ મને છીંક આવી. તે પ્રસંગે તે દેવ બોલ્યો 'મરો.' તેનો ગૂઢાર્થ એ છે કે, હે પ્રભુ, તમે સમગ્ર કર્મનો ક્ષય કરીને, જન્મજરા મરણ વિગેરેથી રહિત સ્વાભાવિક સુખવાળા મોક્ષને તુરત પામો.' 'હે રાજા! તમને ચીરકાળ જીવવાનું એવા હેતુથી કહ્યું કે, તમે જીવતા રહો ત્યાં રાજ્યસુખને અનુભવી શકો, પણ અવસાન બાદ તમારે માટે નરક છે., માટે ચીરકાળ જીવો એમ કહ્યું. અભયકુમાર મંત્રીને જે કહ્યું તે એવા હેતુથી કે, જીવતો છતો અહીં સુખ ભોગવે છે અને મરણ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થનાર છે. એટલે તેને માટે અહીં જીવવું કે, મરીને સ્વર્ગે જવું બન્ને સમાન છે. એટલે 'મરો વા જીવો' એમ કહ્યું કાલસૌરિકને 'મા મર, મા જીવ' એવા હેતુથી કહ્યું છે કે, તે અહીં જીવીને હમેશાં પાંચસો પાડાનો વધ કરે છે એટલે તેના માટે સંસાર પણ નરક રૂપે જ છે અને મરીને પણ તે ઘોર નરકમાં જવાનો છે, એટલે ન જીવવું ને ન મરવું એ બન્ને તેને માટે સરખાં જણાય. ફક્ત સઘળી ઘટનાઓ

પણ એવી રિદ્ધિસિદ્ધિ હતી. છતા હું મને અનાથ જ વંચાયો. અનાથ શબ્દનો મારો હેતુ તમે સમજ્યા નથી. તે સમજવાથીજ તમને નાથ અનાથનો સાચો અર્થ સમજાશે. એમ કહીને અનાથી મુનિએ પોતાના સંસારીપણાની વાત છેડી.

' મેં દીક્ષા અંગીકાર નહોતી કરી ત્યાં સુધી હે મહાશય હું પણ એક શ્રીમંતનો પુત્ર હતો. કૌશાબ્બી નગરીનો હું વાસી, ધનસંચય મારા પિતા અને ગુણુસાગર મારૂં નામ હતું હું માતાપિતાના અતિ લાડકોડમાં ઊછર્યો. નગરની સુશીલા કન્યા સાથે મારાં લગ્ન થયાંઃ મારે એક સહૃદયી મિત્ર હતો. તે મને હમેશાં કહેતો. ' ગુણુસાગર, માતા–પિતા, ભાઈ–બહેન, પત્ની–પરિવાર એ સહુ સ્વાર્થનાં સગાં છે. તારી નિર્મળ આત્મદૃષ્ટિને તેમાં કેન્દ્રિત કરીને તારું આત્મ–કલ્યાણુ ચૂકીશ નહિ. અને કોઇ કોઇનું થયું નથી અને થવાનું નથી. તું જેને તારાં માને છે, એ સત્યતઃ તારાં નથી જ પરંતુ તારામાં રહેલો એમનો સ્વાર્થ સાધવા પૂરતાં જ તારાં છે. તે સમયે મને આવી વાતો ન ગમતી. કારણુ કે મારી આસપાસ સુખના સર્વ પ્રકારો હતા. સુખની સુવર્ણ જંજીરે બંધાયલો માનવી પોતાને સુખી જ માને છે.

સત્યવક્તા મારો તે મિત્ર ચાલ્યો ગયો ને મને શરીરે ભયંકર વેદના શરૂ થઇ. મારા પિતાએ નગરના નિષ્ણુાતમાં નિષ્ણુાત ગણાતા વૈદ્યો હકીમોને હાજર કર્યા, પણુ તેઓ મારૂં દર્દ નજ લઈ શક્યા. મારી વેદના ઉગ્ર બનતી ગઇ. વેદનાની વ્યાકૂળતા વચ્ચે મને સદ્‌વિચાર સ્ફૂર્યો, તે વિચારને મેં અમલ મૂકવામાં મેં પ્રતિજ્ઞા કરી, ' જો આ વેદનામાંથી ઊગરૂં તો સંસારધર્મ ત્યાગી સાધુધર્મ સ્વીકારૂં.'

કૌશાંબી નગરીમાં એક વખત પરદેશી વૈદ્ય આવ્યા. મારા પિતા તેમને ઘેર તેડી લાવ્યા. મારૂં દર્દ મટાડવા બદલ તેમને મોં માગી રકમ આપવાની મારા પિતાએ કબૂલાત કરી. વૈદ્યે કહ્યું, ' દર્દ થોડીવારમાં

મટી જાય. પણ તેનો ઉપાય આકરો છે.' ઉત્સુકતાથી મારા માતાપિતા બોલ્યાં, 'એવો તે શો ઉપાય છે?' વૈદ્યે કહ્યું , આનો જીવ બચાવતાં, બીજા એકનો જીવ જાય તેમ છે. જીવ જવાની વાતે સૌ જીવાત્માઓ વિચારમાં પડયા. આખરે સૌ બોલ્યા, 'ઉપાય અજમાવો, જીવ તો પાછી આપવાનો છે ને?' પછી વૈદ્યે મારા ઓરડાનાં બારણાં બંધ કર્યાં ને મારા શરીર પર એક વસ્ત્ર ઓઢાડયું. થોડીવારે મારૂં શરીર પરસેવાથી રેબઝેબ થઇ ગયું, ને મારી વેદના પરસેવામાં વહી ગઇ. વૈદ્ય તે પરસેવાવાળું વસ્ત્ર લઇને બહાર આવ્યા એક પ્યાલો મંગાવી તેમાં મારો તે પરસેવો નીચવ્યો. ભરાયલો પ્યાલો હાથમાં લઇને વૈદ્ય બોલ્યો, 'જે ગુણસાગરને ચાહતા હોય તે આ પાણી પીએ પાણી પીવા કોઇ આગળ ન આવ્યું, દરેકને પોતાના જીવથી, વધારે વ્હાલી કોઇ ચીજ ન લાગી. હું ફાટી આંખે આ દશ્ય જોઇ રહ્યો. સંસારવાસીઓના અજબ સ્વાર્થનું મને સંપૂર્ણ દર્શન થયું. મારી પ્રતિજ્ઞા મને યાદ આવી. માતાપિતાના વારવા છતાં સાચો નાથ મેળવવા હું ઘરમાંથી નીકળી પડયો, મેં સાધુધર્મ અંગીકાર કર્યો. હે રાજન! કહે હવે તું પોતે જ અનાથ કે સનાથ?'

સાંસારિક જીવોની સ્વાર્થી ભાવનાનો ઇતિહાસ એક પવિત્ર પુરુષના મુખેથી સાંભળતાં જ શ્રેણિકના ગરમ ભાવ નરમ–સરળ બન્યા. શ્રેણિક રાજાને પ્રભુ મહાવીરના સિદ્ધાંતો સમજાવ્યા. મુનિરાજના પુણ્ય સમાગમે જ શ્રેણિકને સાચી જીવનદિશાનો ખ્યાલ આવ્યો, જૈનધર્મના રહસ્યથી તે વાકેફ થયો. જૈનધર્મ ઉપર તેને સંપૂર્ણ વિશ્વાસ બેઠો. તે સમ્યકત્વશીલ બન્યો।[૧]

---

૧ 'સમયસુંદર ગણિ રચિત અનાથીમુનિના સઝઝાયની આઠમી ગાથામાં પણ આજ પ્રમાણે છે.'

"કર જોડી રાજા ગુણસ્તવે, ધન ધન એહ અણગાર!
શ્રેણિક સમકિત પામીઓ, વાંદી પહોત્યારે નગર મઝાર। ॥૮॥"

ઉપજાવવા પાછળ દેવનો હેતુ, તારા સમ્યક્ત્વની પરીક્ષા કરવાનો હતો. આખરે તે તારા ધર્મપ્રેમથી ખુશી થયો છે.

બીજો દિવસ થયા. શ્રેણિક રાજા શ્રી વીરને વાંદવા ચાલ્યાઃ વાંદીને એક આસને બેઠા. પછી વાત કાઢી, ' હે પ્રભો ! હું આપનો સેવક, અને મારે જ નરકે જવાનું ' શ્રી વીરે ઉત્તર આપ્યો, "રાજન બાંધેલું ગાઢ નિકાચીત કર્મ જીવને અવશ્ય ભોગવવું પડે છે." છતાં તેમાંથી ઊગરવાનો કોઇ પણ માર્ગ હોય તો મને કૃપા કરીને તે સૂચવો, હું તે પ્રમાણે વર્તવા તૈયાર થઇશ. " શ્રેણિકે ગરીબી દાખવતાં પ્રભુને વિંનતિ કરી. કર્મ આગળ ગરીબ કોણ નથી થતું ?

છેવટે શ્રી મહાવીર બોલ્યા. ' જો કપિલા નામે તારી દાસી હરખાતા હૈયે સાધુને અન્ન વહોરાવે અથવા કાલસૌરિક કસાઇ ફક્ત એકજ દિવસ પાડાનો વધ કરવો બંધ કરે તો તું નરકમાં ન જાય. ' નરક મુક્તિના બે ઉપાય સાંભળીને શ્રેણિક હર્ષિત થયો. તે રાજભવને આવ્યો. કપિલાને બોલાવી. આખી વસ્તુસ્થિતિથી તેને વાકેફ કરી. આખરે તે દાસીએ નિશ્ચયાત્મક જવાબ વાળ્યો. ' આપને કાજે હું ગમે તે આપત્તિ અંગીકાર કરવાને તૈયાર છું, પણ સાધુને વહોરાવવાની વાતનો સ્વીકાર મારાથી નહિ જ થઇ શકે. ' કપિલાનો નાકારો સાંભળીને શ્રેણિકે કાલસૌરિક કસાઇને બોલાવ્યો. તે આવીને ઊભો રહ્યો કે, રાજાએ તેને એક દિવસ કતલખાનું બંધ રાખવાની વાત કરી, તે બદલ પડતા નુકસાનને બદલે મનગમતી વસ્તુ પોતાના અંગત ખજાનામાંથી આપવા શ્રેણિકે ' હા ' ભણી. પણ કસાઇ ન માન્યો. આખરે શ્રેણિકને કસાઇના શરીર પર બળ વાપરવુ પડયું. તેને બાંધીને એક અંધારા કૂવામાં ઊંધે માથે લટકાવવામાં આવ્યો. એક દિવસ સુધી તેને એ રીતે કૂવામાં રાખ્યો.

પોતાની ફત્તેહથી ફૂલાતો રાજા બીજે દિવસે શ્રી મહાવીર પ્રભુ પાસે ગયો. પ્રભુ આગળ તેણે સઘળી સત્ય હકીકત જાહેર કરી.

શ્રી વીર બોલ્યા, 'રાજન ! હજી તમે ભ્રમમાં છો, તે કસાઇએ કૂવામાં રહીને પણ પાડાના વધનું કામ ચાલુ રાખ્યું હતું, જો કે કૂવામાં તે બદ્ધ હાલતમાં હતો એટલે શરીરથી તે પાડા નથી મારી શકયો, પણ કૂવામાં ચીતરી ચીતરીને તેણે પાંચસો પાડાનો વધ કર્યો છે.'

'હે રાજન ! હવે તું વિચાર કર કે, કર્મની છાયામાં ભમતા માનવપ્રાણીઓ જ્યારે પોતાનો સ્વભાવ નથી બદલાવી શકતા, ત્યારે કર્મ પણ બદલાય કઇ રીતે ? તારી દાસી સાધુને કેમ ન વહોરાવી શકી ? શું તારે ત્યાં અન્નની ખોટ છે ? પણ કર્મની ગતિ જ ન્યારી છે. તારે મરીને નરકે જવાનું છે, એ હકીકતમાં તલ માત્ર ફેર પડયો નથી પણ આજની તારી આવી દૃઢ ભાવનાના યોગે આ ભવથી ત્રીજા ભવે તું પદ્મનાભ નામે પહેલો તીર્થંકર થઇશ.'

શ્રેણિક રાજા રૂડી રીતે સમકિતનું પાલન કરવા લાગ્યા. હમેશાં જિનેશ્વરની સન્મુખ સુવર્ણના અખંડ એકસો આઠ અક્ષતનો સ્વસ્તિક સર્જવા લાગ્યા. અભયકુમાર સિવાય, પોતાના અન્ય કુમારો તથા રાણીઓમાંથી જેમને દીક્ષાની અભિલાષા થતી, તેમને તે હર્ષપૂર્વક, ઠાઠમાઠથી દીક્ષા અપાવતો. નગરજનોમાંના કોઇને દીક્ષાની ભાવના થતી, તો તે અઠ્ઠાઇ મહોત્સવ આદિની સગવડ સાથે તેમને દીક્ષામાં સહાયભૂત બનતો. એક મહારાજાની પોતાના ધર્મ પ્રતિની આટલી ઉચ્ચ અને નિર્મળ ભાવના તે સમયના રાજવી જીવન ઉપર સારો પ્રકાશ ફેંકે છે.

**અભયકુમાર:**—મહારાજા શ્રેણિકને ઘણા બુદ્ધિમાન સુપુત્રો હતા. તેમા અભયકુમાર મુખ્ય. તેની માતાનું નામ નંદા. અભયકુમારની બૌદ્ધિક પ્રતિભા અતિશય ગહન અને વ્યાપક હતી. આજના કોઈ પણ યુરોપીય રાજનીતિજ્ઞ કરતાં, તેની દીર્ઘદૃષ્ટિ સવિશેષ સચોટ હતી. જાસુસી વિદ્યામાં પણ તે જમાનામાં તે એક્કો હતો.

તેની જાસુસી વિદ્યાની હોડ કરી શકે, તેવી કોઇ વ્યક્તિ આજે જણાતી નથી. સર્વ વિદ્યાઓમાં પારંગત છતાં, ધર્મ વિદ્યા તેને જીવન સાટોસાટ હતી. સર્વમાં તે ધર્મને પ્રાધાન્ય અર્પતો જીવનનું આદિ અને અંતિમ સ્નેહ કારણ તે ધર્મને જ લેખવતો. તેની જીવનપ્રભાનાં બે–ચાર રશ્મિઓ નીચે પ્રકારે છે.

મહારાજા શ્રેણિકની રાજસભામાં ઘણા તેજસ્વી મંત્રીઓ હતા. છતાં તેમાં મહારાજ્યને શોભાવે તેવા મહામંત્રીની ખોટ તેને સાલતી હતી. તે મહામંત્રીને મેળવવા તેણે એક તરકીબ કરી. એક ખાલી કૂવામાં તેણે સુવર્ણની એક વીંટી નંખાવી અને ઢંઢેરો પીટાવ્યો કે, 'જે માનવી કૂવામાં રહેલી વીંટીને કાંઠે ઊભો રહીને બહાર કાઢશે તેને મહામંત્રી પદની ખાલી ખુરસીએ બેસાડવામાં આવશે.' રાજગૃહની જનતા આ ઢંઢેરો સાંભળીને નવાઇ પામી. ખાલી કૂવો! તેમાં વીંટી! ને તે વળી કાંઠે ઊભા ઊભા કાઢવાની? તે તો કઇ રીતે બને?

દિવસ પર દિવસો વ્યતીત થયા. મહામંત્રીની ખુરસી ખાલી જ રહી. રાજા વિચારમાં પડયો. શું મારા રાજ્યને યોગ્ય મહામંત્રી નહિ જ મળી આવે?

આ સમયે અભયકુમાર પોતાની માતા સાથે પોતાના મામાને ઘેર હતા. મામાને ઘેર રહેતાં ઘણા દિવસ થતાં તેમનો જીવ ઊંચો થયો. તે સફરમાં નીકળી પડયા. ફરતા ફરતા રાજગૃહીના મનોહર રાજમાર્ગે આવ્યા. રાજમાર્ગને અવરોધતા માનવોની ઠઠ જોઇને તે વિચારમાં પડયા. તેનું કારણ પૂછતાં માલૂમ પડયું કે, 'રાજા મહામંત્રીની શોધમાં છે! ઠઠમાંથી પસાર થઇને કુમાર કૂવા કાંઠે પહોંચ્યો. ઊભેલા સુભટોની અનુમતિ મેળવીને તેણે કૂવામાંથી વીંટી કાઢવાને (શરત મુજબ) પ્રયાસ ચાલુ કર્યો. પહેલાં ગાયનું તાજું છાણ મંગાવ્યું. તે છાણ કૂવામાં ચળકતી વીંટી ઉપર ધારીને નાખ્યું, વીંટી છાણમાં ચોંટી

ગઈ; પછી તે છાણુ ઉપર ઘાસનો સળગતો એક પૂળો નાંખ્યો, તેની ગરમીથી છાણુ સુકાઇ ગયું. છાણું જ્યારે પાણીમાં તરવા જેવું થયું, ત્યારે કુમારે જોડેના કૂવાનું પાણી તે કૂવામાં છોડયું. કૂવાનું પાણી જેમ ચઢતુ ગયું, તેમ વીંટીવાળું છાણું ઉપર ચઢતુ ગયું ને જોત-જોતામાં કુમારે તેને ઝડપી લીધું. કેટલો સરળ છતાં ગહન છે વીંટીનો આ કોયડો!

અભયકુમાર મહામંત્રી બન્યા. આજે હિંદમાં જે સ્થાન ગવર્નર જનરલનું છે, તેજ સ્થાન તે સમયે મહામંત્રીનુ ગણાતું.

મહામંત્રીને શિરે મગધના સામ્રાજ્યનો બોજો આવ્યો. પ્રજાના સુખદુઃખમાં જીવનની પ્રત્યેક પળ વીતાવવાની દૈવી ફરજથી તેઓ બંધાયા.

આજ નગરીમાં સુભદ્ર નામે એક દરિદ્ર રહે. જાતિએ તે વૈશ્ય. પેટપોષણનો સવાલ તેને માટે ભારે હતો. જેમ તેમ કરીને અર્ધી ભાંગી ન ભાંગીને તે દિવસ વીતાવતો. એક દિવસ મહાવીરની દેશના સાંભળવા તે ગયો. શ્રી વીરે આત્મા અને શરીરના સબંધ તેમજ ઇન્દ્રિયોના સ્વરૂપ પર તલસ્પર્શી વિવેચન કર્યું. ઉપદેશ સાંભળતાં જ સુભદ્ર પલળ્યો, સંસાર તેને અસાર જણાવ્યો. તેણે શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી.

સુભદ્ર મુનિ થયા. પરંતુ રાજગૃહની જનતા તેમને આદર દેવાને બદલે વિવિધ પ્રકારનાં મ્હેણાં મારવા લાગી.—' ભૂખે મરતાં દીક્ષા લીધી. હવે માલ-પાણી મળશે. '

મહામંત્રી અભયકુમારને આ વાતની ખબર પડી. તેમને તેથી તીવ્ર દુઃખ થયુ. સમાજની આ સામુદાયિક નીચતાના નાશને માટે તેમણે એક ઉપાય શોધી કાઢયો. હાથમાં ઝગમગતા પાંચ હીરા લઇને તેઓ નગરમાં ગયા. હીરા અમૂલ્ય હતા. ત્યાં તેમણે જનતાને એકઠી કરી અને ત્યાંથીજ પસાર થતા મુનિ સુભદ્રને હાથ જોડીને રોકાવાની પ્રાર્થના

કરી, ને મોકો મળતાંજ તેઓ બોલ્યા ' એક ઇન્દ્રિને વશ કરવાનું સ્વીકારનારને એક હીરો, ને પાંચેયને વશ કરવાનો સ્વીકાર કરનારને પાંચેય હીરા આપીશ. '

પરંતુ જનતામાંથી કોઈ આગળ ન આવ્યું.

પાંચેય ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર સુભદ્ર મુનિને અભયકુમાર રત્નો આપવા લાગ્યા. પણ ત્યાગી મુનિએ તેને સ્પર્શ કરવાનો પણ ઇન્કાર કર્યો. ચારિત્ર્યના મૂલ્યની સામે તેમને મહારાજ્યની ઋદ્ધિસિદ્ધિ પણ અલ્પ જણાઈ, કુબેર અને ઇન્દ્રની સકલ ઋદ્ધિઓ પણ નાશવંત લાગી. '

મુનિને વંદન કરીને અભયકુમાર સ્વસ્થાને પાછા ફર્યાં. તે સમયના મહામંત્રીની જવાબદારીનો આ દાખલાથી સારો ખ્યાલ આવી શકે તેમ છે. આજના સત્તાધીશો પણ જવાબદારીનું આ કક્ષાએ પાલન નથીજ કરતા.

અવારનવાર થતા વર્ષાવાસને લઈને રાજગૃહીની જનતાના માનસ પર શ્રી મહાવીર પ્રભુના સ્નેહ સભર જીવનની ઊંડી છાપ પડી રહી હતી. તેમનો ઉપદેશ ગ્રહણ કરવા રાજાઓથી માંડીને એક કસાઈના કક્ષાના માનવો પણ વ્યાખ્યાન મંડપમાં જતા થયા હતા.

રાજગૃહી પાસેના પ્રદેશમાં શ્રી મહાવીર પ્રભુ પધાર્યા. દેવતાઓએ સમવસરણની રચના કરી. સૂર્ય—ચન્દ્રની મિશ્ર કાન્તિના પુંજ શા મહાવીર દેવ વ્યાખ્યાન પાટે બેઠા, જળભર્યા વાદળની જેમ આછી ઉપદેશ ધારે સભાજનોના હૃદયતલને તે ભીંજવવા લાગ્યા.

તે પ્રદેશમાંજ આવેલા વૈભારગિરિ પર્વતની ગુફામાં રોહિણેય નામે એક ચોર રહે. ચોર જેવો તેવો નહિ, તેને જોતાંજ જોનારને લાગે કે, રૂદ્રની અજબ પ્રતિમૂર્તિ; આંખો અંગાર વમતી, લલાટ શ્યામ ને ખરબચડું, નાસિકા જાણે ક્રૂરતાની કટાર. તેના ત્રાસથી રાજ-

ગૃહની જનતા કાંપી ઊઠી હતી. અભયકુમાર જેવા મહામંત્રી મહાજાસુસને પણ આ ચોર નહોતો ગણકારતો.

ચોરના પિતાનું નામ લોહખુર. મૃત્યુની છેલ્લી પળે, નીકળતા શ્વાસે, તેણે પોતાના પુત્ર રોહિણેયને બે બોલ સંભળાવ્યા 'બેટા! મહાવીર નામે યોગીનો ઉપદેશ તું સાંભાળીશ નહિ, તે હાલમાં આ પ્રદેશની આસપાસ જ ઉપદેશ દે છે.' પિતાના અંતિમ શબ્દોને કયો બે ધ્રમાન પુત્ર માન ન આપે?

રોહિણેય એક દિવસ રાજગૃહ જવા નીકળ્યો રાજગૃહનો રસ્તો શ્રી મહાવીરના સમવસરણની પાસેથી પસાર થતો હતો. બીજો રસ્તો હતો જ નહિ. ચોરોને ત્યાથી સીધે સીધા પસાર થવું પાલવે તેમ નહોતું; તેમ કરવા જતાં તેના પિતાની છેલ્લી આજ્ઞાનો ભંગ થતો હતો. છતા મહાવીરને જોવામાં તેને વાંધો ન હતો, વાંધો ફક્ત તેનો ઉપદેશ નહિ ઝીલવા પૂરતોજ હતો. કર્ણદ્વારોમાં બે આંગળીઓ નાખી તે ઝડપભેર ત્યાંથી પસાર થયો, તેવામાં તેના પગમા કાંટો વાગ્યો, તે ત્યાંજ અટકી પડયો. કાંટો કાઢયા સિવાય આગળ વધવુ તેને અશકય જણાયું તેણે ફરજીઆત જમણા કર્ણદ્વાર પરના હાથને છૂટો કર્યો ને પાદતલે ઊંડો ઊતરેલો કાંટો ખેંચી કાઢયો. પણ તેજ પળે તેના તે ખુલ્લા કર્ણદ્વારે કરુણાસિન્ધુ શ્રીવીરના અમર બોલ પડયા "જેમના ચરણ પૃથ્વીને સ્પર્શતા નથી, નયનો નિમેષ રહિત હોય છે, કંઠની સુકોમળ પુષ્પમાળા કરમાતી નથી. તેમજ શરીર પ્રસ્વેદહીન હોય છે. તે દેવ-દેવતા કહેવાય" લોહી ખરડયા પગે લંગડાતો ચોર આગળ વધ્યો. પિતાની આજ્ઞાના અણુધાર્યા ભંગથી તેને બહુ દુઃખ થયુ.

નગરમાં રોહિણેયનો ત્રાસ ખૂબ વધી પડયો. વાત પ્રસરતી પ્રસરતી રાજા શ્રેણિકને કાને પહોંચી રોહિણેયને પકડવાનું કાર્ય મહામંત્રી અભયકુમારને સોંપાયું. યુક્તિ પ્રયુક્તિ વડે અભયકુમારે ચોરને પકડયો પરંતુ તેના એક પણ ગુન્હાની સાબિતી વિના, તેને ચોર

કઇ રીતે કહી શકાય રોહિણેય જેવો તેવો ચોર ન હોતો કે, મારની બીકે પોતાનો ગુન્હો કબૂલ કરી દે. બળ આગળ તે વળે તેમ હતો જ નહિ. અભયકુમારને તેની ખાત્રી હતી. તેને સાચો ચોર ઠેરવવા અભયકુમારે એક યુક્તિ અજમાવી.

સર્વ પ્રથમ રોહિણેયને તેણે નિશામાં ચકચૂર કર્યો. પછી તેને સ્વર્ગ શા કલા કાન્તિમય પ્રાસાદમાં સુવાડયો. તેની તહેનાતમાં અનેક દાસ–દાસીઓ રૂપ દેવ–દેવીઓને હાજર રાખ્યાં નિશાનું જોર ઘટતાં રોહિણેયનાં નયન પડલ ખૂલ્યાં નજર સામેનું દશ્ય તેને જાદુભર્યું જાણ્યું. હાજર રહેલાં દાસ–દાસીઓ તેને ' ખમા–ખમા ' કરવા લાગ્યા તેજ ઝરતાં વસ્ત્રોમાં મલપતી દાસીઓરૂપે દેવીઓ તેને 'દેવ પ્રિયતમ, પ્રાણેશ' આદિ લલચામણા શબ્દોથી સંબોધવા લાગી. અજબ ગુન્હેગારને પકડવાની રીત પણ ગજબ જ હોય ને !

રોહિણેયથી આ કૌતુકનો પાર ન કળાયો. તે વિચારમાં પાડયો; હું સાચો દેવ કે બનાવટી; આ તે પૃથ્વી કે સ્વર્ગ. તે મૂંઝાયો.

બનાવટી દેવીઓ હાસ્ય વેરતી તેની પાસે આવી. 'હે સ્વામીનાથ ! તમારાં પૂર્વનાં કૃત્યાકૃત્ય વર્ણવી અમારી સાથે આ સ્વર્ગનાં સુખમાં રમો. આપ અમારા પુણ્યોદયે સ્વર્ગમાં આવ્યા છો, અમને હવે તરછોડશો નહિ. ' સ્ત્રીઓના નખરાં આગળ નમી પડે એવો સામાન્ય લોહીનો રોહિણેય નહોતો ! તે ઊંડે ઊતર્યો. પૂર્વના કૃત્યાકૃત્ય વર્ણવું ? એને શંકા પડી. કદાચ મને પકડવાની અભયકુમારની આ યુક્તિ નહિ હોય ? આ પ્રદેશ તે સ્વર્ગ હોવાની ખાત્રી શી ? સ્વર્ગ ને પૃથ્વીની મધ્યે ઝૂલતા રોહિણેયના સ્મૃતિપટે તેજ સમયે વિશ્વોપકારી શ્રી વીરના ' દેવલક્ષણ 'ના શબ્દો તરી આવ્યા. તે લક્ષણો પ્રમાણે જોતાં, એની નજરમાં અભયકુમારની પોતાને બનાવીને પકડવાની બનાવટ પકડાઇ ગઇ. પૂછાયલા કૃત્યાકૃત્યના જવાબમાં તેણે બેધડક ઉત્તર આપ્યા. પોતાના એક પણ અપકૃત્યની વાત તેણે રજુ ન જ કરી.

અજબ ચોર રોહિણેય ચોર તરીકે સાબિત ન થયો. ગુન્હાની સંપૂર્ણ સાબિતી વિના તે જમાનામાં આજની માફક કોઇને ય સજા કરવામાં આવતી નહોતી. આજની જેમ શકમંદ સંયોગોમાં પકડાયલ શખ્સને તે સમયે સજા નહોતી ફરમાવાતી. રોહિણેય ચોર હતો તે ચોક્કસ. પરંતુ જ્યા સુધી તેની ચોરીનો એક પણ મુદ્દો સત્તાધીશોને હાથ ન ચઢે ત્યાં સુધી તેઓ તેને સજા કંઇ રીતે ફરમાવી શકે! સજાનું યથાયોગ્ય મૂલ્યાંકન નહિ આંકતા રાજવીઓ જ ગુન્હેગારોને દુનિયામાં આગળ આવવાની તક આપે છે.

રોહિણેય મુક્ત થયો. તેનો ધંધો ચોરીનો હતો, પણ દિલ માનવનું હતું. અને અત્યારે તેનું લક્ષ્ય શ્રી મહાવીર તરફ હતું. તે બચ્યો તે પણ તેમના જ નિર્મળ જ્ઞાન–વચનોના આધાર પર કર્ણદ્વારોમાં આગળીઓ નાખ્યા સિવાય તે શ્રી મહાવીરના સમવસરણ તરફ વળ્યો. જગા જોઇ એક ખૂણામા ચૂપચૂપ બેસી ગયો. તક મળતાં તેણે શ્રી વીરસ્વામીને ભક્તિભર્યાં હૃદયે પ્રશ્ન કર્યો.

'પ્રભો, હું દીક્ષાને યોગ્ય ખરો કે નહિં?' 'તું યોગ્ય છે.' માનવજીવનના સૂક્ષ્મ અભ્યાસી શ્રી વીરે ઉત્તર આપ્યો.

રાક્ષસી કર્મ આચરતા તે કાળના માનવોનાં દિલ તો દેવનાં જ હતાં. તક મળતાં જ તે દૈવી દિલ રાક્ષસી કૃત્યોમય માનસ પર પોતાનો સંપૂર્ણ અધિકાર જમાવી દેતુ

'હે વિભુ, એમ છે તો હુ વ્રતને ગ્રહણ કરીશ.' પણ તે પહેલાં શ્રેણિક મહારાજાને મારે મળવું છે. રોહિણેય વિનંતિભર્યા શબ્દો ઉચ્ચર્યો.

સભામા જ બેઠેલા શ્રેણિકે પોતાને જે કહેવાનું હોય, તે નિર્ભયપણે કહી દેવાની ચોરને છૂટ આપી.

'રાજન, હુ જ રોહિણેય ચોર છું. મે જ આપના પ્રજાજનોને લૂંટયા છે. હવે હું ચોર નથી રહ્યો. તેનું કારણ પૂછો તો આ સામે

બેઠેલા મહાપ્રતાપી શ્રી મહાવીર અને બુદ્ધિસાગર આપના પાટવીકુમાર છે. આ શરીરે મેં બહુ જ અપકૃત્યો કર્યાં. હવે મારે મારા જીવનની દિશા બદલવી છે. મળેલા જીવન વડે આગામી જીવનને અજવાળવું છે. માનવનું ખોળિયું મળ્યું છે તે મળશે. જો તે વડે કોઈ જ શુભ કાર્ય ન થાય તો પછી શરીરનો ઉપયોગ જ શો? તેની ખાક થાય તે પહેલાં જ મારે તે વડે મારા ભયંકર અપકૃત્યોની ખાક કરવી છે.' 'આપ મારી સાથે આપના સુભટોને મોકલો, હું તેમને મારા દાટેલા ધનના ખજાના બતાવું ને મારી ફરજમાંથી મુક્ત થાઉં; તે પછી જ મુક્તિના પરમ કારણરૂપ દીક્ષાના તેજ તત્ત્વની આંગળી હું ઝાલી શકું.'

એક ભયંકર ચોર નિર્ભયપણે ભરી ધર્મસભામાં આવા શબ્દો ઉચ્ચારે, તે, તે કાળની સંગીન રાજ્ય વ્યવસ્થા અને આદર્શ જીવનનીતિનાં સૂચક છે. આજે આપણાં જીવન દૃઢપરિણામી જણાય છે. તે કાળે જીવો સરળ પરિણામી હતા. દૃઢ પરિણામી એટલે ભૂલ ઉપર ભૂલ કરે, પણ પ્રથમની ભૂલને સુધારી, સરળ માર્ગે ન મળે. તે સમયે કાળના ભયંકર તોફાનની વચ્ચે પ્રકાશના પુંજ શો પવિત્ર મહાપુરુષ ઊભો હતો. આજે તેવા મહાપુરૂષના પવિત્ર જીવન પ્રકાશને અભાવે, કાળના કારમા પવનની દિશામાં આપણાં જીવન ખેંચાઈ રહ્યાં છે. આજે આપણે શુભ ઉદ્દેશને પ્રગટ કરતું ડગ નથી મૂકી શકતા, પણ મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોને સાંપડતા કાળના સંદેશાના ક્રમ મુજબ ગતિ કરી રહ્યા છીએ મતલબ કે આપણે આજે માલિક મટી ચાકર બન્યા છીએ.

ધન માલ અભયકુમારને હવાલે કરી, રોહિણેય ચોરે શ્રી વીર પાસે દીક્ષા લીધી. તેના સાથીઓ પણ તેને અનુસર્યા. ચોરના દિલમાં સાધુતાનો વાસ હતો અને તે સાધુ થયો જ.

રાજગૃહીના ઉદ્યાનની શિતળ હવામા શ્રી મહાવીરના ઉપદેશ–વેણુ પ્રકાશ–કણો પરે તરતા હતા. ઉપદેશ ચાલુ હતો, શ્રોતાજનો શાંત હતા. શ્રી વીરની ઉપદેશ ધારા આગળ વધતી, 'કાળ'ને સ્પર્શી 'કાળ' ઉપર તેમણે બે બોલ કહ્યા.'

'કાલ કાલ શું કરો છો? કાળના સળંગ વહેણમાં કાલને ઊભવાનો અવકાશ જ નહિ મળે. કાલ, પરમ, વિગેરે જે તમે માનો છો અને મનાવો છો, તે તમારી માનસિક નિર્માલ્યતાનું જ કારણ છે. કાળમા કાલ કે પરમ છે જ નહિ. કાળ અખંડ, અનાદિ ને સનાતન છે. જેટલા શ્વાસો શ્વાસની ઢીલ એટલો તમને જ ગેરલાભ. કાળમાં તમારે નામ જેટલા ઉજળા ટાંકા, એટલો જ તમારા આ જીવનનો માંગલિક વિકાસ. મર્યાદિત માનુષી દષ્ટિ રૂંધાય નહિં એટલે જ અખંડ કાળને કાલ, પરમ, માસ, વર્ષ વિગેરે ભાગોમાં વહેંચવો પડયો છે. નહિતર કાળ એવી કોઈ વસ્તુ નથી કે તેના મણ, શેર, અચ્છેર આદિ વિભાગ પાડી શકાય.

"આ પળે જ શા માટે? ચાલો પછી વાત" આવા પ્રકારનો ઉચ્ચાર પ્રત્યેક જીવને સામાન્ય જણાય છે. પરંતુ પળને નહિ પારખતો માનવી, પળથી યે જૂજ સમયમાં ઢળી પડનાર નશ્વર દેહને કઇ રીતે અમરતાની યાદીમાં નોંધાવી શકશે? કારણ કે દેહ નશ્વર છે, જયારે કાળ સનાતન છે. જો સનાતન તત્ત્વમાં આ નશ્વરના દેહના આશ્રયે જીવનની આછી પણ તેજલકીરો ફેંકાય, તો તેટલાથી પણ ઘણું સિદ્ધ થાય છે.

જેને કાલનો ભરોસો હોય તે ઊભા થાય? કોઇ નહિ. જો કોઇનેય કાલનો ભરોસો નથી, તો વહીજતી આજની પળનો સદુપયોગ શા માટે નથી કરતા? જેને સંસાર વહાલો હોય, તે ભલે ત્યાંજ રહે. પણ તે પહેલાં તેઓ એટલો ખ્યાલ રાખી લે કે, 'સંસારમાં વહાલા અણુાતા સર્વે અમુક પૂરતાજ છે. જયારે શરીર થાકશે, અને મૃત્યુની

નોબત વાગતી નજીક આવશે, ત્યારે તો તમારેજ તૈયાર થવું પડશે. તે સમયે કોઈ 'સ્નેહી કે વહાલામાં વહાલો ગણાતો સ્વજન સ્મશાનથી આગળ તમારી સાથે નહિ આવે.'

પ્રભુ શ્રી. વીરના કલ્યાણાત્મક વચનોથી શ્રોતાજનો મંત્રમુગ્ધ બન્યા અવકાશ મળતાં અભયકુમારે એક પ્રશ્ન કર્યો, 'ભગવન ? આ કાળે છેલ્લા રાજર્ષિ કોણ થશે ?' 'ઉદાયન પછી કોઇ રાજા દીક્ષા વડે કેવળ નહિજ પામે.' ત્રિકાળને વાંચતા શ્રી મહાવીર બોલ્યા.

ઉપદેશ પૂરો થયો. રાજા–મંત્રીને પ્રજાજનો સ્વધામે પાછા વળ્યા. અભયકુમાર વિચારમાં પડયા. ઉદાયન છેલ્લા રાજર્ષિ થયા. હવે જો હું રાજા બનું, તો પછી હું દીક્ષા નજ લઈ શકું. કેમકે તેવાં શ્રી વીરના વચનો છે અને તેમના વચનો ફોક નજ થાય. કારણ કે વચનો ઉચ્ચારતાં પહેલાં તેઓ શ્રી કાળનું માપ કાઢે છે અને કાળ જયારે તેમને સાદૃશ્ય થાય છે, ત્યારેજ તેઓ બોલે છે. માટે મારે હાલ તુરતજ રાજગાદીએ બેઠા પહેલાં દીક્ષા લેવી જોઇએ. આત્મ–કલ્યાણનો એજ પરમ મન્ત્ર છે.

કુમારે દીક્ષાની વાત શ્રેણિકને કરી. પુત્ર, પિતાને દીક્ષાની વાત કરે...પિતા હા કઈ રીતે ભણે ? પોતાના પુત્રને, પોતાની જ જીભે સંસાર છોડી દેવાનું કહેતાં પિતાના અંતરને કેટલો આઘાત પહોંચે !

શ્રેણિકે કહ્યું, ' પહેલાં તું રાજા બન, પછીથી સાધુ બનજે. ગાદીનો તું કાયદેસરનો હક્કદાર છે. તને મગધનો માલિક બનાવવાની વર્ષોની મારી મુરાદને તું પૂરી નહિ કરે ! '

' મગધનો માલિક બનવાનો મોહ, મને ઇન્દ્રિયોનો ગુલામ બનાવશે. પિતાશ્રી ! એથી બહેતર એજ છે કે, હું આત્માનો માલિક બનું. અને કદાચ તમે મને રાજગાદી સ્વીકારવાનો હુકમ કરશો તો 'દીક્ષા'ની મારી સુપલ્લવિત ભાવના કચડાઈ જશે. કારણ કે, વીર પ્રભુનાં વચનો-

છે કે, ' ઉદાયન છેલ્લા રાજર્ષિ પછી, કોઈ રાજા સાધુ બનવો નથી.' માટે મને રાજકુમારાવસ્થામાંજ સાધુ બનવા દો. તેમાં જ મારૂં કલ્યાણુ છે. '

શ્રેણિકે આખરે સમ્મતિ આપી. મહામંત્રી સાધુ બનવા તત્પર થયા. રાજગૃહીમાં અઠ્ઠાઇ મહોત્સવ થયો. મગધના મહામંત્રી અભયકુમારે શ્રી વીર પાસે દીક્ષા લીધી. સંસારીનાં સર્વ પદો ( મહામંત્રી પદ, સમ્રાટપદ કે ચક્રવર્તીપદ ) કરતાં પણ સાધુપદ તેમને વિશેષ શાંતિપ્રદ અને આત્મકલ્યાણુકર લાગ્યું.

**દીક્ષાનાં બહુમાન:**—આજે દીક્ષાના બહુમાન ઘટી રહ્યા છે. તેનુ મૂળ કારણુ સંસારીઓની વિષયાશક્તિ છે બાકી દીક્ષાના મૂળ તત્ત્વમાં લેશ પણ ફેર પડયો નથી, કે જેથી કરીને તેનાં મૂલ્ય ઘટે ' તે સમયે રાજાઓ રાજ્યઋદ્ધિ અને કુટુંબપરિવાર છોડીને દીક્ષા લેતા, આજે કુટુંબપરિવારને છોડતાં માનવીનું મન મૂંઝાય છે અને કુટુંબાસક્ત જીવ દીક્ષાના નિર્મળ–વ્યાપક પ્રદેશ સુધી પગલાં નથી ભરી શકતો.

વળી વડોદરા રાજ્યે કેટલાક વર્ષોથી ' બાળ દીક્ષા પ્રતિબંધ ' નો કાયદો પસાર કર્યો છે. ખરી રીતે તો દીક્ષા સામે કાયદો કરાયજ નહિ. જે કાળે જે જીવને સંસારત્યાગની ઉજ્જ્વળ ભાવના થાય તે કાળે તે, સ્વજનોની અનુમતિપૂર્વક દીક્ષા અંગીકાર કરી શકે. પછી ભલે તે નાનો હોય કે મોટો, સ્ત્રી હોય કે પુરૂષ. દીક્ષાના ઉદયનો આધાર પૂર્વ જન્મનાં કર્મો પર છે. તે જો તુરતમાં ઉદયમાં આવે, તો દીક્ષા લેનારની વય નાની પણ હોય, તો શું તે વખતે, તે ભાવિ જીવ કાયદાની રુએ દીક્ષા ન લઇ શકે ?

દીક્ષાનાં બહુમાન જાળવવા સારૂ શ્રી જૈન સંઘે યોગ્ય પગલાં લેવાં જોઇએ. કોઈ પણ સંયોગોમાં ' દીક્ષા ' જેવા અણુમોલ શબ્દનો, કોઈ પણ રીતે દુરુપયોગ ન થાય તેવું બંધારણુ વ્યવસ્થિત

કરવું જોઇએ. દીક્ષાને નામે આજે ઊડતાં ગપગોળા સામે આંખ મીચામણા સેવ્યા સિવાય તેનાં મૂળ કારણો તપાસી, વિચારી, તે અંગે આવશ્યક પગલાં લેવાં જોઈએ. કે જેથી 'દીક્ષાનો' પ્રશ્ન કોઈ પણ રાજસભામાં હલકી રીતે ચર્ચાવા ન પામે. 'દીક્ષા' જેવા પવિત્ર તત્ત્વની રાજસભાઓમાં કે ભર બજારોમાં ઠેકડી થાય, તે સામે શ્રી જૈન સંઘે ઘટતું કરવું જોઇએ. જૈન સંઘ જ્યારે નિદ્રામાં લીન થાય છે ત્યારે જ રાજ્યને કાયદાનો અમલ લેવો પડે છે. જો સંઘ જાગૃત જ હોય તો રાજ્યને વચ્ચે પડવા જ જરૂર કયા છે? રાજ્યનું દીર્ઘસૂત્ર છે કે કોઇ ધર્મકાર્યમાં અમારે હાથ નાખવાનો નથી તેવી પોતાની રાજનીતિને પ્રગત શા માટે કરે?

**શ્રેણિકના પુત્રોની દીક્ષા:**—અભયકુમાર સિવાય શ્રેણિક રાજાના ઘણા સુપુત્રોએ ચારિત્ર ધર્મ અંગીકાર કરેલો તેમાંના કેટલાકનાં નામ નીચે છે.

| નામ | માતાનું નામ |
|---|---|
| ૧ જાલી | ધારણી દેવી |
| ૨ મયાલી | ,, |
| ૩ ઉવયાલી | ધારણીમાતા |
| ૪ પુરૂષસેન | ,, |
| ૫ વારિસેન | ,, |
| ૬ દીર્ઘ દંત | ,, |
| ૭ લષ્ટ દંત | ,, |
| ૮ વિહલ | ,, |
| ૯ વેહાસ | ચિલણાદેવી |
| ૧૦ દીર્ઘસેન | ,, |
| ૧૧ મહાસેન | ,, |
| ૧૨ લષ્ટ દંત | ,, |

| | |
|---|---|
| ૧૩ ગૂઢ દત | ધારણીમાતા |
| ૧૪ શુદ્ધ દત | ,, |
| ૧૫ હલ | ,, |
| ૧૬ દ્રુમ | ,, |
| ૧૭ દ્રુમસેન | ,, |
| ૧૮ મહાદ્રમસેન | ,, |
| ૧૯ સિંહ | ,, |
| ૨૦ સિંહસેન | ,, |
| ૨૧ મહાસિંહસેન | ,, |
| ૨૨ પૂર્ણસેન | ,, |

મેઘકુમાર અને નંદિષેણ જેમનાં ચરિત્ર આગળ વર્ણવાઇ ગયા છે.

**શ્રેણિકની રાણીઓ:**—જેમણે શ્રેણિકની જ અનુમતિથી દીક્ષા લીધી.

નંદા, નંદમતી, નંદોત્તરા, નંદસેના, મરૂતા, સુમરૂતા, મહામરૂતા, મરૂદેવા ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમનાતીતા, ભૂતદીસા, દુર્ગંધા વગેરે.

**શ્રેણિકની પછી દીક્ષા લેનાર રાણીઓનાં નામ:**—કાલી, સુકાલી, મહાકાલી, કૃષ્ણા, સુકૃષ્ણા, મહાકૃષ્ણા, વીરકૃષ્ણા, રામકૃષ્ણા, પિતૃસેનકૃષ્ણા, મહાસેન કૃષ્ણા, ચેલ્લણા વિગેરે.

**રાણી ચેલ્લણા:**—વૈશાલીના રાજા ચેટકની તે સુપુત્રી. શ્રેણિકની તે હૃદયરાણી. તેના નિવાસ કાજે શ્રેણિકે અભયકુમાર મારફત એક સ્થંભી પ્રાસાદ તૈયાર કરાવેલો, તે પ્રાસાદની કલામય આર્દ્રતામાં પરોવાતાં સૂર્ય–ચન્દ્રનાં કિરણો પણ મહા મુશ્કેલીએ બહાર નીકળી શકતાં. પ્રાસાદને ફરતો બગીચો હતો ત્યાં બારેય માસ મનગમતાં ફળ મળતાં.

હેમંતની એક સુહાગ રાતે શ્રેણિક રાજા પ્રાસાદના શયનખંડમાં સૂતા હતા. આસપાસ અગર કસ્તુરીની સળીઓ મ્હેકતી હતી. જોડે રાણી ચેલ્લણા પણ સૂતી હતી. નિદ્રામાં પાસુ ફેરવતાં રાણી ચેલ્લણાના કોમળ શ્વેત કરનો એક પંજો મુલાયમ ઓઢણ બહાર નીકળી ગયો, તે ઝબકી. સેંકડો વીંછીઓના ડંખની વેદના તેણે ઠંડીમાં અનુભવી. પંજો તેણે ઓઢણમાં લીધો. તે જ પળે તેની નજર સામે, દિવસે જોયેલો એક પ્રસંગ તરી આવ્યો.

શ્રી વીરના ઉપદેશ શ્રવણ બાદ જ્યારે તે અને રાજા રાજમંદિરે પાછા ફરતા હતા, ત્યારે માર્ગમાં એક જળપ્રવાહને તીરે ખુલ્લા શરીરે ઊભેલા એક મહા તપસ્વી મુનિને તેમણે જોયેલા. મુનિને જોતાં જ ભક્તરાજવી અને ધર્મપ્રેમી રાણી તેમને વાંદવા તે તરફ ગયા. મુનિવંદના બાદ તેઓ રાજમંદિરે વળ્યા.

ઉક્ત પ્રસંગ દિવસે બનેલો. અત્યારે રજની હતી. આસપાસ કાળું અંધારૂ હતું અને અંધારાને વીંધતી હેમંતની લહેરો રમતી હતી. પ્રસંગના દર્શન બાદ ચેલ્લણા વિચારમાં પડી. એકાંતે ઊભેલા રાજભવન શયનખંડમાં સર્વ સગવડો સાથે નિદ્રા લેતાં, મારો એક પંજો જરા ઓઢણ બહાર નીકળ્યો ને મને એકદમ શીતવેદના થઈ, ત્યારે જળપ્રવાહને તીરે ખુલ્લા શરીરે ઊભેલા તે મહાતપસ્વીનું અત્યારે શું થતું હશે ? વિચાર હિંડોળે ચઢેલી રાણીના ભાવનાપ્રધાન અંતરમાંથી તેજ પળે થોડાક પણ સચોટ શબ્દો સરી પડયા. ‘ ધન્ય હો ! હે મહાભાવ મહામાનવને ! ’

ચેલ્લણાના હલનચલનથી અર્ધ જાગૃત અને અર્ધનિંદ્રિત શ્રેણિકે આ શબ્દો ઝીલ્યા ને વહેમાયો. બીજે દિવસે તેણે પોતાની શંકાના સમાધાન માટે શ્રી વીર પ્રભુને તે અંગે એક પ્રશ્ન કર્યો. ‘ હે નાથ ! ચેલ્લણા સતી છે કે અસતી ? ’ શ્રી વીરે કહ્યું, ‘ તારી બધી રાણીઓ સતી છે, માટે કોઈપર વહેમાવાનું તારે કારણ નથી. ’

ચેલ્લણાના સતીત્વ અસતીત્વના સમાધાન અર્થે શ્રી વીરે રાજા આગળ મુનિનો ઉક્ત પ્રસંગ વર્ણવ્યો. તે સાંભળતાંજ રાજાનું ક્રોધોન્મત મસ્તક ઢળી ગયુ. તે નિઃશંક થયો.

શ્રેણિકના અવસાન બાદ ચેલ્લણાએ ચારિત્રધર્મ અંગીકાર કર્યો.

**આર્યા સુલસાઃ**—રાજગૃહીમાં 'નાગ' નામે એક સારથિ રહે પ્રાચીન સમયમા સારથિનુ કાર્ય આજકાલની સાફક નીચ કાર્ય ન હોતું ગણાતું. મોટા મોટા પ્રધાન પુરૂષો સારથિનું કામ કરતા હતા. 'સારથિ' તે સમયના સૈન્ય વિભાગમાં એક પ્રતિષ્ઠિત પદ ગણવામાં આવતું હતું.

નાગસારથિ એક ધનાઢય પુરૂષ હતો. સાંસારિક સુખ વૈભવ તેના પગમાં આળોટતા. તેજ પ્રમાણે ઉજ્જવળ ધર્મ ભાવના તેના અંતરમાં જાગૃત રહેતી. જિનેશ્વરના પૂજન અને ધ્યાનમાં દિવસનો અમુક સમય પણ તે ગાળતો.

નાગ સારથિની ધર્મપત્નીનું નામ સુલસા. સુલસાનું જીવન—પાવિત્ર્ય તે સમયે પણ અજોડ ગણાતું. તે સમ્યક્ત્વશીલ આર્યા—શ્રાવિકા હતી. પરમાત્મા શ્રી મહાવીરની તે પરમ ઉપાસિકા હતી.

નાગ સારથિને આંગણે કોઈ વાતની ખોટ ન હતી. પતિ પત્ની ધર્મ ભાવના પૂર્વક જીવનની પળો વીતાવતા હતાં. સંસારના સુખ વૈભવો તરફ નજર ફેરવતાં, નાગ સારથિને એકદા વિચાર થયો, મારી મિલ્કત અને જાહોજલાલી ગમે તેટલી હશે, પણ તેના ભોગવનારા વારસ સિવાય તે નકામી છે. ધર્મપ્રેમી નાગસારથિ બધી વાતે સુખી છતાં પુત્ર વિના દુઃખ અનુભવતો હતો. પુત્રની ચિંતાથી તેનું વદન જરા શ્યામ પડયુ. તે સુલસાના ધ્યાનમાં આવી ગયું. પણ તેનું મૂળ કારણ તે ન સમજી શકી. મહા મહેનતે નાગસારથિ પાસેથી તેણે સત્ય હકીકત મેળવી.

પતિ પુત્રની ચિંતામાં જીવન વિતાવે, તે આર્યા સુલસાને ન રુચ્યું. તેણે નાગ સારથિને બીજી પત્ની કરવાની અનુમતિ આપી પણ નાગ સારથિ સાચો શ્રાવક હતો. એક પત્નીએ જે વસ્તુ નથી મળી, તે વસ્તુની પાછળ તે અનેકને સ્વીકારે તેવો સામાન્ય ન હોતો. બીજી પત્નીની સુલસાની બાત તેણે ન માની અને તે ચિંતાતુર રહેવા લાગ્યો.

ધર્મશ્રદ્ધાળુ સુલસા જૈનધર્મ પર અગાઢ શ્રદ્ધા રાખીને પોતાના દિવસો ગાળવા લાગી. ચતુર્વિધ સંઘનું પૂજન, ચારિત્રસંપન્ન મહારાજોને અન્ન વહોરાવવું, ભૂમિ પર શયન કરવુ તેમજ આયંબિલ આદિ ઉત્કૃટ તપશ્ચર્યા વડે તે પોતાના જીવનને સુધારવા લાગી. ઉત્કૃષ્ટ પ્રકારના જીવન વહનનો તેનો પ્રતિઘોષ સારાય નગરમાં પ્રસર્યો. જનતાની નજરમાં સુલસા મહાઆર્ય–સાધ્વીશ્રી ઠરી.

સુલસાના ઉજ્જવળ પ્રકારના ત્યાગમય જીવનની કસોટી સારૂ એકદા તેના આગળ સાધુના વેશે એક દેવ આવ્યા. દેવ–સાધુને જોતાંજ, સઘળાં કામ છોડીને સુલસા તેમને આદર સત્કાર દેવા ઊઠી. 'ધર્મલાભ' પુર્વક દેવે ગૃહમંદિરમાં પગલાં કર્યાં. લક્ષપાક (લાખ્ખોના ખર્ચે તૈયાર થતું) તેલની યાચના કરી. સુલસા શ્રાવિકા હતી, અન્યને આવશ્યક કોઇ પણ વસ્તુ પર માલિકી હક્કનો તેનો મોહ નહોતો. લક્ષપાક તેલ તે જમાનામાં પણ બહુ કિંમતી અને અપ્રાપ્ય હતું. સુલસા પાસે તે તેલના ત્રણ ઘડા હતા. કબાટ ખોલી તેમાંથી એક ઘડો લઈ, તે સાધુને વહોરાવવા ચાલી. બારણાની ઠેસ વાગતાં જ ઘડો ફૂટી ગયો. પોતાના નિર્મળ મનોભાવમાં લેશ પણ વિકૃતિ અગટાવ્યા સિવાય સુલસા બીજો ઘડો લેવા ગઇ. બીજા ઘડાની પણ એજ દશા થઇ. તે ત્રીજો ઘડો લેવા ગઇ. જાળવીને ઘડો કરમાં લીધો આ છેલ્લો ઘડો હતો. હર્ષપૂર્વક તે વડે સાધુને પ્રતિલાભવા તે ચાલી. ઘડો હાથમાંથી સરકી ગયો. ત્રણ ઘડા તેલથી હવામાન રસ ભીનું થયું. આરસ જડિત ભૂમિ વિશેષ ચમકવા લાગી.

સાધુ મારે બારણેથી પાછા જાય ! આ પ્રશ્ન સુલસાને ભારે લાગ્યો. તેની પાસે હવે હતું નહિ, તે કારણે તે દુઃખી થઈ લાખોની કિંમતના ત્રણ ઘડા કરતાં સાધુને વહોરાવવામાં મહાન લાભ સમજતી હતી. આંખો સામેથી સરી જતા એ લાભની કલ્પનાએ તે આકુળ-વ્યાકુળ બની હાથ જોડીને તે સાધુ સામે ઊભી રહી. દુઃખ નમ્ર નયનો ઊંચા કરતાં જ તેની નજરે સાધુને સ્થાને એક દેવ પડયો. તે સુલસાના આદર્શ જીવનની કસોટી કરવાને આવ્યો હતો. કસોટીમાં વિજય નીવડેલ સુલસાને તેણે ધન્યવાદ આપ્યો અને મનગમતું એક વરદાન માગવાની ઉદારતા બતાવી.

સુલસા શ્રાવિકાને સંસારમાં દુઃખ ન જણાય કારણ કે સંસારમાં રહેવા છતા પણ તે ઉચ્ચ પ્રકારનું જીવન જીવે છે. છતાં તેને પોતાના પતિનું દુઃખ ખ્યાલમાં જ હતું, ને સુલસાએ દેવ પાસે પુત્રનુ વરદાન માગ્યું. તે વરદાન દેવે આપ્યું અને બત્રીસ ગોળીઓ આપી જે એક પછી એક ખાવાથી અમુક સમય ને અંતરે એક પછી એક એમ બત્રીસ પુત્રોનો જન્મ થાય. પછી દેવ અંતરીક્ષે વરી ગયો.

દેવ ગયો. સુલસાએ વિચાર કર્યો. બત્રીસે ગોળીઓ સાથે લઇ લઉં તો શું ? જુદી જુદી ખાવાથી બત્રીસ પુત્રો જન્મે, તે બત્રીસેયની ખબર રાખવા જતાં મારે ધર્મ કાર્યમાં બાધા નડે. માટે બત્રીસ સાથે લઉં અને તેના પરિણામ સ્વરૂપ બત્રીસ લક્ષણો પુત્ર આંગણે રમતો થાય તો શું ખોટું ? એમ વિચારીને સુલસાએ એકી સાથે બત્રીસે ગોળીઓ ગળી લીધી. દેવના વચન પ્રમાણે આયીને ગોળીઓ અસરકારક નીવડી. પણ તે સાથે, એકી સાથે બત્રીસ લીધેલ હોવાથી તેના શરીરે બત્રીસેય ગર્ભની અસહ્ય વેદના થવા લાગી. સુલસાએ પુનઃ તેજ દેવને સ્મર્યો દેવ હાજર થયો. વિઘ્નનિવારણ ઉપાય પૂછયો. હવે દેવ પાસે ઉપાય નહોતો. છતાં પીડા ઓછી જણાય તે સારૂ ઉપાય સૂચવીને તે ચાલ્યો ગયો.

વથા સમયે નાગસારથિના અંધારા મંદિરે એકી સાથે બત્રીસ પુત્ર–દીપકો પ્રસવ્યા. નાગસારથિ અને તેના કુટુંબીજનો તેમજ સ્નેહી હર્ષઘેલા બન્યા. બત્રીસે પુત્રોનું એક નામ "દેવદત્ત" રાખ્યું પુત્રો ધીમે ધીમે મોટા થયા. સારથિએ તેમને વિદ્યાગુરૂને સોંપ્યા. બત્રીસ લક્ષણા પુત્રો સમય જતાં બહોંતેર કળામાં પાવરધા થયા.

રાજા શ્રેણિકે બત્રીસેય કુમારોને પોતાના અંગરક્ષક તરીકે નીમ્યા.

તે સમયે વૈશાલી નગરી ઘણીજ પ્રખ્યાત હતી. ચેટક તેનો રાજા. તેને સાત પુત્રીઓ; પાંચના વિવાહ થયેલા. બે પુત્રીઓ કુંવારી. એકનુ સુજ્યેષ્ટા બીજીનું નામ ચેલ્લણા. સુજયેષ્ટાના રૂપગુણની પ્રશસ્તિઓ વડે આકર્ષાયલા રાજા શ્રેણિકે ચેટક રાજાને તે અંગે કહેણ મોકલ્યું. "હૈહયવંશમાં ઉત્પન્ન થયેલી આ પુત્રીને હું વાહિકકુલમાં કદાપિ નહિ આપું" ચેટકનો આવો જવાબ આવતાં જ શ્રેણિકની આંખો લાલ થઈ. પોતાના 'મગધપતિ' ના મોટા બિરૂદ પ્રતિ તેને ઘૃણા ઉપજી.

છેવટે રાજગૃહી ને વૈશાલી વચ્ચે ભૂગર્ભમાર્ગ (સુરંગ) તૈયાર થયો. રાજા શ્રેણિક તે માર્ગે વૈશાલીના નગરકોટ સુધી પહોંચ્યો. ત્યાં સુજ્યેષ્ટા તેને મળી. તેની સાથે તેની બહેન ચેલ્લણા પણ હઠપૂર્વક આવી હતી. સુજ્યેષ્ટાને કંઈક કારણસર રાજમહેલમાં જવું પડયું ને રાજા શ્રેણિકને તે અંગે વહેમ પડતાં ચેલ્લણાને સુજ્યેષ્ટા માની, રથ દોડાવી મૂક્યો. સુજ્યેષ્ટા ભોંયરા તરફ આવી. ત્યાં તેને શ્રેણિક કે પોતાની બહેન નજરે ન પડયા. બહાવરી બનીને તેણે બૂમો પાડી. બૂમ હવામાં ફેલાતાં જ ચેટકના પ્રતાપી સુભટો ત્યાં હાજર થયા. સુજ્યેષ્ટાએ તે સુભટોને ચેલ્લણાના હરણની વાત કરી. ચેટકે પળમાં આ વાત જાણી લીધી. તે મહાપ્રતાપી અને શક્તિસંપન્ન સમ્રાટ હતો. રાજા શ્રેણિકે પોતાનું કરેલું આ અપમાન તેનાથી ન ખમાયું.

શ્રેણિકના પવનવેગી અશ્વો રથને રાજગૃહીની દિશામાં લઈ દોડવા લાગ્યા. રાજા ચેટકે તેની પાછળ પોતાના સામંત અને મહાસામંત તેમજ અગણિત સુભટોને રવાના કર્યા. આગળ વિજેતા શ્રેણિક, પાછળ ચેટકના સુભટો. શ્રેણિકનો રથ દૃષ્ટિમર્યાદામાં આવતાં ચેટકના સુભટોએ તીરનો મારો ચાલુ કર્યો. શ્રેણિકના અંગરક્ષકો તીરનો જવાબ તીરથી જ આપવા લાગ્યા. શ્રેણિકે અશ્વોની ગતિ વધારી. અંગરક્ષકો પાછળ રહી ગયા. તેમાંના એકની છાતીમાં ચેટકના મહાસામંતનું શર ઊતરી ગયું. તે ધરાતલે ઢળી પડયો. એક પડયો કે તેની પાછળના એકત્રીસેય તેજ સ્થળે ઢગલો થયા. એકજ માતાની કુક્ષીમાંથી એકજ સમયે જન્મેલા સંતાનોનાં જીવન-મૃત્યુની દોરી એકને જ આધીન હોય છે. એકની દોરી તૂટે એટલે બીજાની પણ તૂટે જ. એકજ જનનીના બત્રીસ પુત્રો રણમાં રોળાયા.

અંગરક્ષકોને મારી ચેટકના સુભટો પાછા વળ્યા. શ્રેણિક સ્વમંદિરે પહોંચ્યો. પાછળથી તરતજ તેને અંગરક્ષકો મરાયાની ખબર મળી. દુઃખાતી જીભે અને કંપતા શરીરે શ્રેણિકે તે વાત સુલસા અને નાગસારથિને કરી. એકજ સાથે સઘળા પુત્રોનાં અવસાનના સમાચારે કોનું દિલ ન દ્રવે? નાગસારથિ અને સુલસાને અતિશય દુઃખ થયું.

આ સમયે ગ્રામાનુગ્રામ વિહરતા શ્રી મહાવીર ચંપાનગરીના કુસુમાકર ઉદ્યાનમાં પધાર્યા. અંબડ નામે પરિવ્રાજક પ્રભુને વાંદવા આવ્યો. અંબડ ત્રિદંડી હતો. ભગવાનને નમસ્કાર કરીને અંબડ ત્યાંથી ચાલવા લાગ્યો, તે સમયે ત્રિકાલવેત્તા ભગવાને કહ્યું, ' હે ધર્મશીલ અંબડ! રાજગૃહ નગરીમાં નાગસારથિની પત્ની સુલસાને મારા તરફથી ધર્મ પ્રવૃત્તિના સમાચાર પૂછજે.

અંબડ રાજગૃહ પહોંચ્યો. તેને વિચાર થયો, કે સ્વયં તીર્થંકર જે સ્ત્રીની ધર્મપ્રવૃત્તિના સમાચાર પુછાવે છે, તે સ્ત્રીનું જીવન કેટલું

પ્રતાપવન્તું અને નિર્મળ હોવું જોઇએ ? મારે તે સ્રીની પરીક્ષા કરવી જોઇએ. એમ વિચારી અંબડે માયાથી પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું અને સુલસાના દ્વાર પાસે તે ભિક્ષાર્થે ગયો. પરંતુ સુલસાએ તેની કેટલીક ચેષ્ટાઓ ઉપરથી તેને સુપાત્ર ન સમજી દાન ન આપ્યું.

તે પછી અંબડે–બ્રહ્મા, વિષ્ણુ, ને મહેશનાં બનાવટી રૂપો ધારી સુલસાને તેના પોતાના ધર્મ માર્ગમાંથી ડગાવવાના પ્રયાસ કર્યા. આખરે તેણે તીર્થંકર મહાવીરનું બનાવટી રૂપ ધારણ કર્યું અને દેશના દેવા લાગ્યો. પણ જે આર્યા સ્રીએ સત્યના સૂર્યનો પ્રકાશ પીધો હતો, તે હવે કઇ રીતે અસત્ય અને દંભની જાળમાં ફસાઇને પોતાના આત્માનું અહિત કરે ?

સુલસા પોતાના ધર્મ માર્ગમાંથી ન ડગી. અંબડના સઘળા ઉપાયો સુલસાના દૃઢ ધર્મપ્રેમ પ્રતિ નિષ્ફળ નીવડયા. છેવટે શુદ્ધ શ્રાવકપણું અંગીકાર કરીને અંબડ સુલસાને ત્યાં ગયો ને શ્રાવક જાણીને સુલસાએ તેને આદર સત્કાર દીધો. પછી અંબડે શ્રી મહાવીરના સમાચાર સુલસાને આપ્યા જે સાંભળતાં સુલસાનું ધર્મમય અંતર સૌમ્યપ્રકાશ વડે ઝઘમગવા લાગ્યું અને અંબડે પોતાનાં માયાવી રૂપોનો ફોડ પાડી દીધો.

શ્રી મહાવીર એક સ્રીની ધર્મપ્રવૃત્તિના સમાચાર પુછાવે તે કોઇને અતિશયોક્તિ ભર્યું જણાય. પણ તે સમાચારની પાછળ જ—અંબડના માયાવી સ્વરૂપ અને સુલસાના સાચા જૈન ધર્મપ્રેમનું પ્રગટ થવું હતું. અંબડને સમાચાર આપવામાં જ શ્રી મહાવીરે સુલસાની કસોટી જોઇ હતી ને તેથી જ તેમણે અંબડને સમાચાર આપેલા.

સમ્યકત્વશીલા સુલસા અનશનવ્રતની આરાધના કરી, આ નશ્વર દેહને ત્યાગી પોતાના મહાપુણ્યના પ્રતાપથી સુખલોકના

ધામે-સ્વર્ગે ગયા. ત્યાથી તે આગામી ચોવીસીમા ' નિર્મળ ' નામક પંદરમા તીર્થંકર રૂપે પ્રગટ થશે.

# શાલિભદ્ર-ધન્યકુમાર

અલબેલું રાજગૃહ નગર. ત્યાં લક્ષ્મીવૃદ્ધ એક શેઠ રહે. ગોભદ્ર તેમનું નામ. તેમને સચ્ચારિત્રશીલ એક પત્ની. ભદ્રા તેનું નામ એક રઢિયાળી રાતે ભદ્રાએ એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં તેની નજરે હર્યું ભર્યું એક શાલિક્ષેત્ર (ડાંગરનું ખેતર) પડયું. તે શાલિક્ષેત્રની ભીની હવાથી શેઠાણીનાં અંગ ભીંજાયાં. તે સ્વપ્ન સમાપ્ત થયું. સ્વપ્નના સવાનવ માસ પૂરા થતાં ગોભદ્ર શેઠને ઘેર પુત્ર રત્નનો જન્મ થયો. સ્વપ્નના આધારે તેનું નામ શાલિભદ્ર પાડયું

શાલિભદ્રની મુખકાન્તિ અનુપમ હતી. બીજલેખા શા તેના લલાટમાં શોકની આછલીટી જોવા પણ ન મળતી. તેનું શરીર ઘાટીલું અને સ્વસ્થ હતું. શાલિભદ્ર મોટો થયો. ભણી ગણીને હોશિયાર બન્યો. આર્ય યુવાનનાં છાજતાં સર્વ લક્ષણોથી તે શોભવા લાગ્યો. નગરની જ સ્વરૂપવતી બત્રીસ કન્યાઓ સાથે તેનું લગ્ન થયું. કન્યાઓ ગુણરૂપે દેવીઓની સમોવડીઓ હતી.

પુત્રને પરણાવી પિતા—ગોભદ્રે દીક્ષા લીધી. સંસાર તરવાનો આદર્શ માર્ગ અંગીકાર કર્યો. અનશન વ્રત અંગીકાર કરી ગોભદ્ર-મુનિ સ્વર્ગે સંચર્યા. પરંતુ પુત્રના પુણ્યથી બંધાયલા હોઈને તે સ્વર્ગમા રહીને શાલિભદ્રની મ્રસારને યોગ્ય સર્વ મનોકામનાઓ પૂરવા લાગ્યા.

શાલિભદ્ર પોતાની બત્રીસ સ્ત્રીઓ સાથે દેવની જેમ રહેવા લાગ્યો સ્વ ભુવનને સાતમે માળે જ તે રહેતો તે સાતમા મંદિરની શોભા અવર્ણનીય હતી. ઉચ્ચ પ્રકારના આસ્માની આરસનો તે આવાસ હતો, ત્યાં દિવસ-રાત ઘીના દીપકો જળતાં, ચંદન-કસ્તુરી મ્હેકતા

રમણીઓ સંગે મ્હાલતા શાલિભદ્રને દિવસ–રાત કે દુનિયાદારીનો ખ્યાલ જ ન હતો. ઘરનો તમામ કારભાર ભદ્રા શેઠાણી જ ચલાવતા.

એકદા રાજગૃહની બજારમાં, ઉત્તરપ્રદેશનો એક વ્યાપારી રત્નકંબલો લઈને આવ્યો. તે કંબલો લઈને તે શ્રેણિક મહારાજા પાસે ગયો. તે ખરીદવાની તેણે વિનંતિ કરી. તેનું મૂલ્ય સાંભળતાં શ્રેણિક પણ ખંચકાયો. તેણે તે કંબલો ન ખરીદી.

તે સમયની ભારતની કારીગીરીનો આ રત્નકંબલ અજબ દાખલો જણાય. એક રાજવી ન ખરીદી શકયો તે વસ્તુની કલાનાં મૂલ્ય કેટલાં ગણાય !

વેપારી ફરતો ફરતો શાલિભદ્રને આંગણે આવ્યો. ભદ્રામાતાને તેણે કાંમલો બતાવી. તે સોળજ હતી. ભદ્રાને તેવી જ બત્રીસની જરૂર હતી કારણ કે તેની કુલવધૂઓની સંખ્યા બત્રીસની હતી. વેપારી પાસે સોળ જ હતી. છેવટે શેઠાણીએ તે ખરીદી લીધી. નાણાં ગણતો વેપારી બજારમાં વળ્યો, માર્ગમાં જ તેને શ્રેણિકની દાસી મળી. વેપારીને તે શ્રેણિક પાસે લઈ ગઈ. શ્રેણિકે એક રત્નકંબલ ખરીદવાની વેપારીને વાત કરી કારણ કે રાણી ચેલ્લણાએ તેવી કાંબલની હઠ પકડી હતી.

'કંબલો તો વેચાઈ ગઈ. નામદાર !' વેપારી બોલ્યો. સોળે સોળ' અને તે કોણે ખરીદી ? વિસ્મય પામતા શ્રેણિકે પૂછ્યું. વેપારીએ ભદ્રા શેઠાણીનું નામ જણાવ્યું રાજાએ ભદ્રાને ત્યાં પોતાના માણસને મોકલ્યો પણ ત્યાંથી તે ખાલી હાથે પાછો ફર્યો. કારણ કે શેઠાણીએ તે સોળ રત્નકંબલોના બત્રીસ ટૂકડા કરીને, તેમાંનો એક એક ટૂકડો પોતાની બત્રીસેય કુલવધૂઓને પાદલૂછણ અંગે આપી દીધો હતો. તે ટૂકડા અત્યારે મેલા પાણીની ખાળમાં હતા.

રાજા વિચારમાં પડયો. હું જે કાંબળો ન ખરીદી શકયો, તેજ કાંબળો મારા પ્રજાજને ખરીદી અને તેને જીવ પેરે સાચવી રાખવાને બદલે માત્ર એકજ દિવસમાં—અરે થોડાજ કલાકમાં—માત્ર પગ લૂછવા તરીકે ઉપયોગ કરીને ગટરમાં ફેંકી દયે, ત્યારે મારા કરતાં પણ તેનો વૈભવ કેટલો બધો વધારે ! અને એવા વૈભવી પ્રજાજનને હું ઓળખું પણ નહિ ! મારે તેને મળવું જ જોઇએ. રાજાએ માણસ મોકલી શાલિભદ્રને મળવા તેડાવ્યો. નોકર પાછો ફર્યો ને ' શાલિભદ્ર કોઇને પણ મળવા બહાર જતો નથી. ' એવા ભદ્રા શેઠાણીના શબ્દો તેણે શ્રેણિકને કહ્યા.

શ્રેણિકરાજા પોતેજ શાલિભદ્રના ભવને જવા તૈયાર થયો. તે અંગે તેણે ભદ્રા શેઠાણીને કહેણ મોકલી દીધુ ભદ્રામાતાએ રાજાના આદરને યોગ્ય તૈયારીઓ કરી રાજમહેલથી તે પોતાના ભવન સુધીના રાજમાર્ગ પર અતલસ કીનખાબ પથરાવી દીધા. રસ્તાની રોનક નિહાળતો રાજા ભદ્રામાતાને મંદિરે આવ્યો. શેઠાણીએ તેમનો સત્કાર કર્યો.

રાજા આવ્યાની ખબર આપવા, ભદ્રામાતા શાલિભદ્રને સાતમા ભવનની નીચે ઊભા રહ્યા, ને બૂમ મારી, ' શાલિભદ્ર ! આપણે ત્યાં મહેમાન આવ્યા છે. માટે જરા નીચે આવશો ? ' જે વસ્તુ આવી હોય, તેના વ્યાજબી દામ ચૂકવીને લઇ લો, એમાં મારે નીચે ઊતરવાની જરૂર શી છે ? ' અગમનિગમના વૈભવે રમતા શાલિભદ્રે જવાબ આપ્યો. ' પણ આ કોઇ વસ્તુ નથી કે જેને હું ખરીદી શકું.' ભદ્રામાતા બોલ્યા. આ તો શ્રેણિક રાજા આવ્યો છે. તે આપણા સ્વામી—માલિક ગણાય. '

રાજા ! માલિક ! આદિ સત્તાત્મક શબ્દોથી શાલિભદ્ર મૂંઝાયો. તેનું મન ચકાવે ચઢયું. શું મારે માથે માલિક ! અને તે પણ એક સંસારી જીવ ! અત્યાર સુધી મેં જે વૈભવો ભોગવ્યા, તે બધાય એક

માલિકની છાયામાં રહીને ! સંસારીને આધીનતા, તો તો ધારે તો તે મને વૈભવોથી વિખુટો પાડી શકે, ધારે તે દશામાં મને ઉતારી શકે કારણ કે હું તે માલિકને આધીન ગણાઉં, તે મારા રાજા ગણાય. બત્રીસ રમણીઓને સંગે સ્નેહરંગે મ્હાલતા વૈભવી પુરૂષને આધીનતા ખૂંચી.

શ્રેણિક મહારાજા જમીને ગયા. પણ જતાં જતાં શાલિભદ્રના વૈભવ રંગમાં સ્વામીત્વનો સૂર સંચારતા ગયા.

બંધ નેત્રે, સમતોલ ચિત્તે ને અડોલ શરીરે શાલિભદ્ર પોતાની સ્થિતિનો વિચાર કરવા લાગ્યા. તેમની આસપાસ બત્રીસેય રમણીઓ ગોઠવાઇને બેઠી હતી. સ્ત્રીઓના સ્નેહે ભીંજાયલી આંખો, અત્યારે નિરાધારપણાના અશ્રુને આવકારવા તૈયાર થઇ હતી.

તેવામાં રાજગૃહીમાં દુંદુભિનાદ થયો. કરુણાસાગર શ્રી મહાવીર વૈભારગિરી પર્વત પર પધાર્યા હતા.

શ્રી વીરના આગમનની વધાઇથી શાલિભદ્રનું શરીર ડોલ્યું ને ચિત્ત અસ્થિર બન્યું તે શ્રી વીરના દર્શનાર્થે જવા તૈયાર થયો સાતમા માળે સુખ હિંડોલે ઝૂલતા માનવને પણ સમય પર સત્ય વસ્તુસ્થિતિનો ખ્યાલ થાય છે જ્યારે આપણી આંખો જે નીચે નાકતી જાય છે ! સમયની જ બલિહારી છે.

ભદ્રામાતાનો લાડકવાયો કુમાર શ્રી વીરના દર્શનાર્થે ચાલ્યો. અસંખ્ય માનવ પ્રાણીઓ અને મુનીવરોની મધ્યે બેઠેલા અલૌકિક પ્રતિભાવંત શ્રી મહાવીરદેવને નમન કરી શાલિભદ્ર તરસ છીપાવવા બેઠો. જે જે જનો જ્ઞાન ધ્યાનના તરસ્યા થતા તેઓ તુરતજ શ્રી મહાવીરની વિશ્વોપકારી જીવન છાયામાં જઇને બેસતા અને તેમનું જીવન અનેરી શાન્તિ આપતું.

સભાજીવો પર એક વ્યાપક દૃષ્ટિ ફેરવી આનંદરંગી શ્રી વીરપ્રભુએ ઉપદેશ શરૂ કર્યો.

'હે સંસારવાસીઓ! ઊંચે નજર કરો, ત્યાં સૂર્ય તો છે. તે સૂર્યના આવવા જવાથી ક્ષીણ થતા આયુષ્યનો ખ્યાલ તમને નથી આવતો? વિવિધ પ્રકારના સાંસારિક કાર્યોમાં ઊંડા ઊતરીને તમે આત્માથી અલગ શા માટે પડો છો? આત્માને સત્કાર્યથી અલગ પાડનાર આત્મરિપુ જ મોહ છે, તે મોહના આશ્રયે જીવનની એક પળ પણ મા વીતાવતા

મોહઘેલી આંખો વડે, તમે તમારૂં હિતાહિત જ નહિ સમજી શકો. અનાદિકાળના શત્રુભૂત પ્રમાદને વશ જીવ, તત્ત્વાતત્ત્વને જાણી શકતો નથી. જુદી જુદી ગતિમાંથી આવીને એકજ ઘરમાં જન્મેલાને અજ્ઞાનવશ પ્રાણી પોતાના માને છે અને તેમના માટે વિવિધ પ્રકારનાં પાપો કરે છે. પરંતુ સુખદુઃખની પ્રાપ્તિ તો પોતે કરેલાં પુણ્ય પાપના ઉદયથી જ થાય છે. કોઇ કોઇને સુખી કે દુઃખી કરી શકતું નથી પણ માનવી પોતે જ પોતાના શુભાશુભ કર્મોનાં ફલસ્વરૂપમાં સુખ દુઃખને ભોગવે છે.

પુણ્ય કર્મનો ઉદય થાય ત્યારે સર્વ પ્રકારની સગવડો હાજર થાય અને પાપકર્મના ઉદયથી પોતાના પણ પારકા થાય. જેવી રીતે સુભૂમ ચક્રવર્તીના પાપનો ઉદય થયો ત્યારે, તે છ ખંડના સ્વામી, ચૌદ રત્નોના માલિક, નવ નિધાનના અધિપતિ અને બે હજાર યક્ષોથી સેવાતા મહામાનવને સાગરમાં ડૂબતો કોઈ રોકી શક્યુ નહિ વળી એજ ચક્રવર્તીના એક એક હાથમાં ચાલીસ લાખ અષ્ટાપદ પ્રાણી જેટલું બળ હતું. વળી તે ભૂમિની ઉપર તેમજ જળ ઉપર પગે વિહરી શકતો હતો પચીસ હજાર દેવતાઓ પ્રતિપળ તેની સેવામાં ખડે પગે તૈયાર રહેતા. છતાં પોતાના બળથી ગર્વિત થયેલા તે ચક્રીના પાપનો (બળ ગર્વનો) ઉદય થયો, કે તરત સાગરમાં તે ખેંચાઇ ગયો. તેજ પુણ્ય જ્યારે બળવાન હતું, ત્યારે વગર બોલાવેલું ચક્ર પણ, ઉત્પન્ન થઇને તેના હાથમાં આવ્યું હતું.

મોહને જીતવા માટે, પરમ વૈરાગ્ય રસને પોષનારી, અનિત્ય, અશરણાદિ ભાવના ભાવો. આ સંસારમાં મારૂં કોણ? સંસારને આશ્રયે જીવન કેટલો કાળ ગાળવું? કોણુ કોનુ થયું છે? સ્વાર્થીની ખટપટમાં જ સંસારીને એક બીજા પ્રિયાપ્રિય જણાય છે. સ્વાર્થ વિના એક કીડીને પોષવાની ઉદાત ભાવના સંસારીમાં નથી! વિગેરે.

સ્વર્ગલોક, મૃત્યુલોક, નરક, અને તિર્યંચ આ ચાર જાતિમાં ભમતો જીવ, ઊંચે કયમ ન ઊંચકાય? તેનો વિચાર કરો. ઉક્ત ચારેય ગતિને સાનુરૂપ વિચારોને અંતરમાંથી દૂર કરી, મુક્તિના શુભ ભાવમાં લીન રહેવાથી થોડાક સમયમાં આત્માને મુક્તિનું મહા રાજ્ય સાંપડે છે.

દેશના પૂરી થઇ. દરેક જીવને તેની ઓછી વત્તી અસર થઇ. જેવા જેના ભાવ, તેવી તેની ગ્રહણ શક્તિ. પત્થર શા જડ અંતરે પડતું જ્ઞાનજળ વૃથા વહી જાય, સુકોમળ હૃદયે તેજ જ્ઞાનજળ અનંત શક્તિના કારણરૂપ બને.

ઉપદેશ રંગે રંગાયલ શાલિભદ્ર ઘેર આવ્યો. માતાએ તેને ધન્યવાદ આપ્યો કારણ કે તે ધર્મ કાર્યમાં ભાગ લેવા ગયો હતો. પછી શાલિભદ્રે પોતાના અંતરના શુભ ભાવ માતા પાસે ઠાલવ્યા.

'માતાજી, શ્રી વીર વચનોના પ્રભાવથી મારી જીવનની દિશા બદલાઇ ગઇ છે. વિષયોમાં નાચતી પંચેન્દ્રિયો મારી હવે જ્ઞાનજળની પિપાસુ બની છે. અનિત્ય આ સંસારમાં નિત્ય નિશ્ચિતપણે પડી રહેવું હવે મને રૂચતું નથી. પૂર્વજન્મોનાં પુણ્યે આજે હું સુખી જણાઉં છું, પણ પૂર્વભવોનું તે પુણ્ય ભોગવાઇ રહ્યા પછી, પાછું દુઃખ જ છે. સુખદુઃખથી ભરેલા સંસારમાં શાશ્વત સુખનો માર્ગ મને જડી ગયો છે. હવે તે જ માર્ગે જવાની મારી ભાવના છે.'

'તે કયો માર્ગ બેટા!' ભદ્રામાતાએ હર્ષપૂર્વક પૂછ્યું.

'સંસાર ત્યાગનો' મક્કમ સ્વરે શાલિભદ્ર બોલ્યો. શબ્દ સાંભળી ભદ્રાને ભારે દુઃખ થયું. એકનો એક પુત્ર સંસાર ત્યાગે, તે વાત ભદ્રામાતાને ન ગમી. તેમણે શાલિભદ્રને કહ્યું, 'ભાઇ, તારે અહીં શી ખોટ છે, કે જેથી તું અન્ય માર્ગે ગમન કરવાને તત્પર થયો છે?'

'માતાજી, હું પરાધીન છું, મારે મુક્ત થવું છે. સંસારમાં પરાધીનતા કેળવાય છે, મારે મુક્તિની કેળવણી લેવી છે અને તે માટે મારે દીક્ષા લેવી જોઇએ.' શાલિભદ્ર બોલ્યો.

શાલિભદ્રના સંયમરંગી બોલ સાંભળી, ભદ્રામાતાનું દિલ ઘવાયું. પુત્રને સંસારનાં વિવિધ પ્રકારનાં સુખો ભોગવવાની તેણે વિનંતિ કરી.

શાલિભદ્રે શાંત પણ ત્યાગમય શબ્દોમાં જણાવ્યું, 'પૂજ્ય જનેતા! સ્ત્રી–પુત્રાદિનો જે મોહ તમે રાખો છો તે નકામો છે અંતકાળે કોઇ, કોઇનું થયું નથી. સમય માર–માર કરતો જાય છે, તેટલા ગાળામાં પણ મને મારૂં આત્મહિત કરવા દો.'

ત્યાગમય જીવનનાં દુઃખો વર્ણવતાં ભદ્રામાતા બોલ્યાં, 'સુપુત્ર! દીક્ષાની તારી ઘેલછા તું છોડી દે. દીક્ષા પાળવી તે તારા જેવા સુકોમળનું કામ નહિ. તેં નથી તડકો જોયો કે નથી શિશિરના હિમ પવનો અનુભવ્યા. ભાવનાના પૂરમાં તણાઇને દીક્ષાનું સાહસ વહોરતાં પહેલાં તું તારી પુષ્પ–કોમળ કાયાનો વિચાર કર. ઉઘાડા પગે ચાલવું, જમીન પર ઊંઘવું, મળે તેજ અન્ન ઉપર જીવન નિર્વાહ ચલાવવો, ગરમ પાણી પીવાં, વગર વાહને વને વન રખડવું. તેમ છતાં શરીર બગડે તો ન કોઇ સારવાર કરનાર મળે. આ બધું તું કઇ રીતે નભાવી લઇશ. વિચાર કર?'

'સુખ મે બહુ ભોગવ્યું, પણ પરિણામે જણાયું કે, ઇન્દ્રિયો સુખથી સંતોષાતી નથી. માટે તે ઇન્દ્રિયોને હવે તમે વર્ણવ્યાં તે

પ્રકારનાં દુઃખો વડે સંતોષવાનીજ મારી ભાવના છે.' ત્યાગના સર્વોચ્ચ આસને મન ટેકવીને શાલિભદ્ર બોલ્યા.

'આ વૃદ્ધ માતાની તેમજ બત્રીસ સ્વરૂપવતી સ્ત્રીઓની દયા પણ તને આ સમયે નથી આવતી ?

તારા જતાં, અમારૂં કોણ ? શાલિભદ્ર ! જરા વિચાર. અમને ન તરછોડ.' અશ્રુઝરતી આંખે ને કંપતા શરીરે માતા બોલ્યાં.

'લેણા-દેણાના સંબંધ જેવા આ સંસારમાં ખરી રીતે કોઇ કોઇનુ નથી. સંબંધ પૂરો થાય કે, તેને રવાના થવું પડે જ. તે રીતે સંસાર સાથેનો મારો સંબંધ હવે પૂરો થાય છે. મને હવે ત્યાગમાર્ગેજ જવા દો.' તત્ત્વઝરતી ભાષામાં શાલિભદ્ર બોલ્યા.

શાલિભદ્ર એકના બે ન થયા. સંસારત્યાગની તેમને દૃઢ ભાવના માતાનાં વિવિધ પ્રલોભનોથી પણ ન ડગી.

'તો-બેટા, એટલું ન માને ?' માતાએ વિનવણીરૂપે કહ્યું.

'શું માતાજી ?' નમ્રતાપૂર્વક શાલિભદ્રે પ્રશ્ન કર્યો.

'એજ કે-તું તારી સર્વ પત્નીઓને એકી સાથે એકજ સમયે ન ત્યજતાં, ધીમે ધીમે તેમનો ત્યાગ કરે.' પુત્રને સંસારસુખમાં મ્હાલતો જોવાની ઇચ્છાવાળી માતાએ આખરી ઉત્તર આપ્યો.

'ભલે, તેમ કરીશ.' માતાની સ્થિતિનો વિચાર કરી શાલિભદ્રે જવાબ આપ્યો.

રાત પડી અંધારૂં આવ્યું. શાલિભદ્ર વિલાસ મંદિરે વળ્યા. દીપક જલતા હતા. વિવિધ પ્રકારનાં અત્તરની ફોરમથી આવાસમાં અજબ રંગ જામ્યો હતો. એકજ રંગના તારકટીપકી મઢયા આસ્માની સાળુમાં બત્રીસેય રમણીઓ શોભતી હતી. શાલિભદ્ર તે સર્વેની સાથે બહારથી ભળતો અને અંદરથી અકળાતો એક પલંગ પર આળોટતો હતો. સ્ત્રીઓ તેની સેવા કરતી હતી.

મધ્યરાત થઇ. શાલિભદ્રે વાત ચાલુ કરી. 'કેવળ ભોગ માટે સંસાર નથી. તેમજ તે કેવળ ઉપભોગ માટે પણ નથી. ભોગ અને ઉપભોગથી ઇન્દ્રિયો તોફાને ચઢે છે, મન નાચાકુદા કરવા માંડે છે, બુદ્ધિ દુનિયાની સંપત્તિ એકત્ર કરવાની કલ્પના કરે છે. સંસારમાં જન્મીને ધર્મનો પ્રેમ પણ વધારવો જોઇએ. ધર્મ પ્રેમથી આત્મા તરફ નજર થાય અને તેથી ખરા સુખનો થોડો થોડો પવન આવવા માંડે.' બોલો તમને એ ધર્મ ગમે છે?' 'આપને ગમે તે અમને ગમે જ' આર્ય ભાવના વહાવતી બત્રીસેય સ્ત્રીઓ બોલી.

'એ ધર્મના રંગે હું રગાયો છું. સંસારના સ્થૂલ ભોગોપભોગનો રંગ કાળો છે, તેનો રંગ નથી, ને છે. એટલો મહાન તે ધર્મ છે, પણ તે ધર્મ સોપાનને બત્રીસ પગથિયાં છે. તે તમારી સહાય સિવાય મારાથી ચઢાય તેમ નથી. બોલો તમે મને તે કઠીન, અતિ કઠીન કાર્યમાં સહાયભૂત બની શકશો?' એક રાજનીતિજ્ઞની અદાએ મૂળ મુદ્દો છેડતાં શાલિભદ્ર બોલ્યા.

'અવશ્ય શા માટે નહિ! તૈયાર છીએ.' પતિના ઉજ્જવળ મનોભાવથી અજ્ઞાત આર્યરમણીઓ બોલી.

'ચાલો, ત્યારે પહેલું કોણ આવે છે?' મન સાવધ રાખીને શાલિભદ્ર બોલ્યો.

'પહેલી હું; પહેલી હું; એમ પડાપડી કરતી બત્રીસેય સ્ત્રીઓ એકી સાથે સહાય કરવા તૈયાર થઇ.

પડાપડી કે ઉતાવળ ન કરો. દરેકનો વારો આવશે. આજે એકનો તો કાલે બીજીનો. અંતરમાં મલકાતા શાલિભદ્રે જવાબ આપ્યો.

પછી શાલિભદ્રને સહાય દેવાની ગણત્રીએ તેની એક પત્ની આગળ આવી તેનો કોમળ શ્વેત દક્ષિણ કર પોતાના કરમાં લઇ શાલિભદ્રે તેને કહ્યું, 'જાઓ તમારી મદદ પહોંચી ગઇ. હવે તમે

અને હું સંસારીની રુએ છૂટો.' શાલિભદ્રના કહેવાનો આશય શાલિભદ્રની પત્ની સમજી ગઈ, તે ભદ્રામાતા પાસે ગઈ. ત્યાં તેણે પોતાનું દુઃખ ગાયું ભદ્રામાતા બધું જ જાણતાં હતાં, તેમને અત્યારે કશુંજ બોલવા જેવું રહ્યું ન હોતું.

રોજ રાત પડતી ને શાલિભદ્ર એ રીતે પોતાની એક એક સ્ત્રીનો ત્યાગ કરતો.

શાલિભદ્રને સુભદ્રા નામે એક બહેન હતી. તેના લગ્ન રાજગૃહીના જ પ્રતિષ્ઠિત શ્રીમંત યુવાન સાથે થયા હતા. તે યુવાનનું નામ ધન્યકુમાર. નામ પ્રમાણેજ તેનામાં ગુણ હતા. લક્ષ્મીનો તે લાડકો હતો. પ્રબળ પુણ્યના યોગે લક્ષ્મી તેનો સાથ ન છોડતી. ધન્યશેઠને પોતાની માલિકીની પાચસો દુકાનો હતી. વ્યાપાર નિપુણ પાંચ હજાર વાણોતર ત્યાં પોષાતા. અનેક ગામોમાં તેના તરફથી દાનશાળા ચાલતી હતી. કેવળ લક્ષ્મી સંચય તેનો આદર્શ નહોતો. તેમાંનો અમુક હિસ્સો તે પરજનહિતાય વાપરતો. સુભદ્રા ઉપરાંત બીજી સાત સ્ત્રીઓનો તે ભરથાર હતો. તેની આઠ સ્ત્રીઓમાંની પ્રત્યેક એક એક ગોકુળને ચલાવતી. એક ગોકુળમાં દશ હજાર દુધાળાં ઢોર હોય. ધન્યકુમારને આંગણે એ રીતે એંશી હજાર જીવો પોષાતા.

ગાયનું પોષણ, તે તે જમાનાનું ખાસ લક્ષણ હતું. દુધાળાં ઢોરની રક્ષા પાછળ તે સમયના માનવો પોતાનું એક જ ધ્યેય પૂર્ણ થતું જોતા અને તે, આર્યસંસ્કૃતિની ઉજ્જવળતા. આર્યસંસ્કૃતિને હરહમેશ ઉજીઆળી રાખવા માટેના ઉપાયોમાંના એક તરીકે દુધાળાં ઢોરની વ્યવસ્થિત જીવનરક્ષા છે. ગૌરક્ષાનો પ્રશ્ન આજની દુનિયામાંથી લગભગ નાબૂદ થઈ રહ્યો છે. પણ ગાયના જીવન સાથે આપણું જીવન એટલા નજીકના સંબંધથી જોડાયલું છે કે તેની બરબાદીમાં આપણો આડકતરો પણ વિનાશ જ છે.

સુભદ્રાના પતિ ધન્યકુમાર, શાલિભદ્રના બનેવી થાય. સાળા જેટલી જ રિદ્ધિ પોતાને આંગણે પણ હતી.

ધન્યકુમાર એક દિવસ સ્નાનાગારમાં સ્નાન નિમિત્તે બેઠા હતા. પાછળથી સુભદ્રા વિવિધ પ્રકારના જળ લઈને આવી. પ્રથમ ઉષ્ણુ જળથી તે ધન્યકુમારનો વાંસો ચોળવા લાગી. વાંસો ચોળતાં ચોળતા તેનું મન ચકડોળે ચઢયુ. નિત્ય, રજની ટાણે એક એક સ્ત્રીનો ત્યાગ કરતા બન્ધુ શાલિભદ્ર તેની નજરમાં આવ્યા. ભાઈની દીક્ષાના વિચારે અને ભાભીઓના પશ્ચાદ્ જીવનની કલ્પનાએ તેનું હૈયુ ભરાઈ આવ્યુ. હૈયાના ભારને અજવાળતું એક ઉષ્ણુ અશ્રુબિન્દુ તેની આંખમાંથી ટપકતું ધન્યકુમારના વાંસા પર પડયુ. બિન્દુ પોતાના વાંસા પર પડતાં જ ચતુર ધન્યકુમારે પાછળ જોયું. ત્યાં તેણે નિત્યની પ્રફુલ્લિત સુભદ્રાને બદલે મ્લાન વદનાં સુભદ્રાનું દર્શન થયું. મારી પત્નીની આંખમાં અશ્રુ ? ધન્યકુમાર ઘડીવાર વિચારમા પડયો.

'કોણે દુભવી છે તને કે આજે આમ કરમાઈ રહી છે તું ?' ધન્યકુમારે સીધોજ પ્રશ્ન કર્યો.

'આપ હયાત છતાં કોણ દુભવી શકે મને ? નથી દુભવી કોઈએ મને, પણ દુભાયુ છે દિલ મારું ભ્રાતૃસ્નેહના વિયોગ કલ્પને !' એક આર્યાને છાજતી રીતે સુભદ્રાએ જવાબ આપ્યો.

'ભ્રાતૃસ્નેહનો વિયોગ ? કયા મુલ્કની સફરે જઈ રહ્યા છે બન્ધુ તમારા ? અને શા માટે ?' ધન્યકુમારે અન્તઃક્ષોભનું કારણ પૂછ્યું.

'બન્ધુ મારા તૈયારી કરે છે સંસાર ત્યાગવાની, નિત્ય એક એક પત્નીનો ત્યાગ કરી રહ્યા છે. બત્રીસ રંક દિન વ્યતીત થતા, તેઓ મુક્તિના હરિયાળા મુલ્ક તરફ પ્રયાણ આદરશે.' સુભદ્રાએ મૂળ કારણ રજુ કર્યું.

'ઓહ ! ભાઇ તમારા દીક્ષા લે છે અને તેમના વિયોગની કલ્પનાએ તમે દુઃખ અનુભવો છો ! પણ દીક્ષાના શુભ કાર્યમાં આટલો બધો વિલંબ શો, કે જેથી એકી સાથે બત્રીસ સ્ત્રીઓનો ત્યાગ ન કરી શકાય ?' ધન્યકુમાર ટોણુ રૂપે બોલ્યા.

'બોલવું સહેલું છે સ્વામીનાથ પણ કરવું ઘણુ કઠીન છે દીક્ષા લેવી એ નાનાં છોકરાના ખેલ નથી, જીવનભર ત્યાગની સીમાઓમાં વિહરવાનું છે અને સંસાર પ્રત્યેની તમામ સ્વાર્થી ભાવનાઓનો લોપ કરવાનો છે.' ત્યાગમય જીવનની મહત્તા સૂચવતાં સુભદ્રા બોલી.

'એમ છે ? દીક્ષા એટલી ગહન ? તે બદલ તૈયાર થવા દિવસોના દિવસો જોઇએ ?' આત્માનો સૂર દર્શાવતાં ધન્યકુમાર બોલ્યો.

'સ્વામીનાથ! શ્રવણે મીઠી ત્યાગની વાત; આચરણે અતિ કાઠી લાગે છે. નજર સામે નાચતા વૈભવોને તરછોડી, ત્યાગના ઉચ્ચ જીવનની દીક્ષા એ કાંઇ જેવાતેવાને માટે સરળ પણ નથી દઢ-નિશ્ચયી અને અલ્પભોગી પુરૂષો જ દીક્ષાના ઉચ્ચ પથે પગલાં માંડી શકે' સુભદ્રાએ ભાઇની સેંડ તાણતાં મર્મમાં જવાબ વાળ્યો.

'ત્યારે—હું ધારૂં તો ચારિત્ર ધર્મ અંગીકાર કરી શકું કે નહિ ?' દિલ લૂછતાં-લૂછતાં ધન્યકુમારે પોતાના જીવનનો આદર્શ રજુ કર્યો.

'એમાં વળી ધારવાનું શું ?' વાળમાં તેલ સીંચતાં સુભદ્રા બોલી.

'ભલે ત્યારે તુ બોલી તેજ પ્રમાણે હુ વર્તીશ, પણ તારા બોલમાં તું મક્કમ રહેજે' એક મહાત્માની અદાએ ધન્યકુમારે જવાબ આપ્યો.

'શું...શું...શું ? એતો મઝાક હતી. હું તમને દીક્ષા લેવાની વાત ન્હોતી જ કરતી. આ તો તમે મારા ભાઇના કંપતા ત્યાગની મશ્કરી કરતા હતા, એટલે મેં આપને તે ત્યાગની ગહનતા વિષે બે બોલ કહ્યા, બાકી મારો આશય તમને સંસાર ત્યજાવવાનો તો નથી જ.' સ્ત્રીવિદ્યાને શોભતી રીતે સુભદ્રા સ્ત્રીની જ ભાષામાં બોલી.

'હું આર્ય–જૈન છું સુભદ્રા! સત્ત્વશાલી આત્મા નિજના બોલમાં અડગ રહે છે, ડગવાનો પ્રયાસ કરવા છતાં, સત્ત્વના પ્રભાવે તે તેમાંથી ડગી શકતો નથી. હું જે બોલ્યો છું તે હવે કરવાનો જ. ખઈ પૂછો તો, તેં જ મારા અંતર સરે ત્યાગની ઊર્મિઓ જગવી છે અને તેટલા પૂરતો હું તારો પણ આભારી છું. સર્વસ્વના ત્યાગ કરતાં પણ બોલાયલા બોલની કિંમત આત્મપ્રેમી જૈનને મન વધારે જ છે. આજે બોલાયલા બોલને ફોક કરૂં, આવતી કાલે એજ જીવન-નીતિ મારી પાસે એમ કાં ન ઉચ્ચરાવે કે, 'સુભદ્રા ! જા ! તું મારી પત્ની નથી ?' માટે હું મારા નિશ્ચયમાંથી હવે નહિ જ ડગુ.' બોલનું મૂલ્ય આંકતાં દૃઢનિશ્ચયી ધન્યકુમાર બોલ્યા.

પતિ દીક્ષા લે, ને પત્ની સંસારમાં જીવવાને મન મનાવે એ આર્યકુલની નીતિ નથી. સુભદ્રા ત્વરિત પગલે પોતાની માતા ભદ્રા પાસે ગઈ. જઈને ધન્યકુમારની દીક્ષા લેવાની દૃઢ ભાવના રજુ કરી તેમજ ધન્યકુમારનો સાથે, તેમની પત્ની તરીકે પોતાને પણ દીક્ષા લેવા દેવાની તેણે માતા પાસે રજા માગી,

'સુભદ્રા' તું આ શું બોલે છે ! એક તરફ તારો ભાઈ ને મારો કુલદીપક સંસાર ત્યાગની તૈયારીમાં પડયો છે, ત્યાં બીજી તરફ તમે બધાં દીક્ષાની વાત કરો છો. તમને કોઈનેય મારા ઘડપણનો ખ્યાલ નથી આવતો.' મૂળ સ્થિતિ સમજાવતાં ભદ્રામાતા બોલ્યાં.

'જનેતાને જાયાં પર વહાલ હોય જ પણ એ વહાલની મર્યાદા અંકાતા, તેનું નામ મોહ બની જાય છે અને મોહની ઘ્વાલી માનવીને આત્માની અમર કવિતાના ઉજ્જવળ પ્રદેશ સુધી નથી પહોંચવા દેતી. માતાજી ! આજે તમે અમને સંસાર બહાર ન જવા દેવામાં, અમારામાં જે જુઓ છો, તે અમારૂં હિત નહિ, પણ અમારા તરફના તમારા મોહને વશ થઈને જ તમે આજે અમને સંસારમાં તમારી આંખ આગળ રહેવાની વાત કરો છો. પણ કોણ જાણે ?

પહેલી આંખ કોની મીંચાશે? અને તે પળે, કોણ કોને સંસાર બહાર જતાં રોકી શકશે?' તરત ઝરતી સુભદ્રાની ભાષાની અસર ભદ્રાસ્વભાવી ભદ્રામાતાને પણ થઇ.

માતાની અનુમતિ મેળવીને તે શ્વશુર ગૃહે આવી. ધન્યકુમારને તેણે પોતાની દીક્ષાની વાત કરી. તેમજ સુભદ્રાની સાત બહેનો (શોકયો) પણ દીક્ષા કાજે તત્પર બની.

ધન્યકુમાર દીક્ષા કાજે તૈયાર થયા. ઘણા જ ઠાઠમાઠ પૂર્વક તેમની દીક્ષાનો વરઘોડો નીકળ્યો. તેમાં તેમની આઠ પત્નીઓ પણ દીક્ષાની તૈયારી કરીને સામેલ થઈ હતી. વરઘોડાની શોભા અપૂર્વ હતી. રાજા શ્રેણિકે વરઘોડા નિમિત્તે જરૂરી સર્વ સાધનો પૂરાં પાડયાં હતાં. હાથી ઘોડા રથ પાલખી અને પાયદળના પંચરંગી સાજથી શોભતો વરઘોડો શાલિભદ્રના ભવન પાસેથી પસાર થયો. તે સમયે શાલિભદ્ર વિલાસ ભવનમાં જ હતા તેમણે વિવિધ પ્રકારના વાજિંત્રોના આકર્ષક સૂર સાંભળ્યા ને તરત જ ઝરૂખે જઇ ઊભા. ઝરૂખામાંથી તેમણે વરઘોડા તરફ જોયું તો તેમની ચપળ તીક્ષ્ણ દૃષ્ટિ ધન્યકુમાર પર પડી.

ધન્યકુમારની દીક્ષાનો વરઘોડો જોતાં જ, શાલિભદ્રના અંતરમાં વહેતું ઝરણું વેગવાન બન્યું. ભવનને સાતમે માળેથી તેઓ ઝપાટાબંધ નીચે ઊતર્યા. દીક્ષા કાજે માતાની અનુમતિ માગી. માતા શું બોલે? પરંતુ શાલિભદ્રના દીક્ષા કાજેના મક્કમ વિચાર આગળ તેમની મોહભરી વિનંતી ન ચાલી અને આખરે! 'હા' ભણવી પડી.

જીવન કલ્યાણ માટે સંસારનાં સર્વ પ્રકારનાં સુખ છાંડી, શાલિભદ્ર દીક્ષા માટે તૈયાર થયા. ઘર ત્યજી, દીક્ષા મંડપે ગયા. ધન્યકુમાર પણ સર્વ તૈયારીઓ સાથે ત્યાં જ ઊભા હતા. એક બીજાને મળ્યા.

દીક્ષા પ્રેમી બન્ને આત્માઓ ત્યાં સમોસરેલા તીર્થંકર શ્રી મહાવીર પાસે ગયા. દીક્ષા આપવાની પ્રાર્થના કરી. ધન્યશેઠની આઠેય સ્ત્રીઓએ પણ શ્રી વીરને, તેમને દીક્ષા આપવાની વિનંતિ કરી.

'આત્મહિત થાય તેમ કરો, તેમાં કોઈનો પ્રતિબંધ ગણશો નહિ.' શ્રી વીરે એટલો જવાબ આપ્યો.

બન્ને અશોક વૃક્ષ નીચે ગયા. ત્યાં સર્વ આભરણો ઉતારીને દીક્ષા વેશ ધારણ કર્યો. પછી પ્રભુએ તે બન્નેને મહાવ્રત ઉચ્ચરાવી દીક્ષા આપી. તેમજ સુભદ્રાદિ આઠેયને દીક્ષા આપી આર્યમહત્તરા પાસે મોકલી.

બન્ને મુનિઓ અધ્યયનમાં લીન થઈ ગીતાર્થ થયા. પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તીવ્ર તપસ્યાઓ કરીને થોડાજ વખતમાં તેઓ ઉત્તમ પ્રકારના મુનિની કોટિમાં આવ્યા. અપ્રમત્ત ભાવથી ઇચ્છા રોધ કરીને એક, બે, ત્રણ, ચાર માસક્ષમણાદિ વિવિધ તપસ્યાઓ કરીને, તે મહર્ષિઓ બાર વર્ષ સુધી સ્થવિરની સાથે વિવિધ દેશોમાં વિહાર કરી શ્રી વીર ભગવંતની પાસે આવ્યા.

વિશ્વતારક શ્રી મહાવીર પણ દુનિયામાં આત્માના ધવલ ભાવ કિરણો રેલાવતાં રાજગૃહીએ પધાર્યા. તે દિવસે તે બન્ને મહર્ષિઓને માસક્ષમણનું પારણું હતું, પરંતુ ગર્વ રહિત તથા ભોજનની ઇચ્છા વગરના તેઓ ગોચરી કરવા જવાની રજા લેવા માટે શ્રી વીર ભગવંત પાસે આવ્યા અને ભક્તિભાવ પૂર્વક નમન કર્યું. તે સમયે શ્રી વીરે શાલિભદ્ર તરફ જોઇને કહ્યુ, 'વત્સ ! આજે તમને તમારી માતાથી ગોચરીનો લાભ થશે.'

પછી બન્ને મુનિઓ રાજગૃહીમાં ગોચરી લેવા નીકળ્યા. ખરો બપોર હતો. રાજમાર્ગ આગ જેવો ગરમ હતો. ફૂલ પર ચાલનારા બન્ને, આજે હર્ષપૂર્વક આગ જેવી સડકો પર જઇને આગળ વધતા હતા. શ્રી વીરના શબ્દો અનુસાર તેઓ બન્ને સીધાજ ભદ્રામાતાને બારણે જઇને ઊભા. અંદરથી કોઇનો અવાજ ન આવ્યો. વગર બોલાવે અંદર જવું તે પણ સાધુને માટે ધર્મયુક્ત ન ગણાય એટલે તેઓ ત્યાંથી આગળ ચાલ્યા ગયા ચાલતાં ચાલતાં બન્ને વિચારમાં

પડયા કે ત્રિકાલવિદ્ શ્રી વીરનાં વચનો ફોક જાય જ નહિ. માર્ગમાં જતાં તેમને એક ભરવાડણ સામે મળી. મુનિઓને જોતાં જ તે હર્ષિત થઈ. પોતાની પાસેનું પ્રાસુક દહીં વહોરવાની તેણે તેમને આજીજી કરી. દહીં તાજું જ હતું. મુનિઓએ તે સ્વીકાર્યું અને અંદરોઅંદર વિસ્મય પામતા શ્રી વીરને ચરણે આવ્યા. પોતાના મનનો સંશય ટાળવા શાલિભદ્રે વાત ઉપાડી.

'હે ભગવાન ! આપના કહેવા પ્રમાણે મને મારી માતાને બદલે એક ભરવાડણ તરફથી આજે ગોચરી મળી છે.'

'તને દહીં વહોરાવનાર તે ભરવાડણ જ તારી પૂર્વજન્મની માતા છે.' જ્ઞાનસાગર શ્રી વીર બોલ્યા. 'તારો આ બીજો ભવ છે, જ્યારે ભરવાડણ એના એજ ભવમા છે.'

આ પ્રમાણે પ્રભુના મુખથી ખુલાસો સાંભળવાથી શાલિભદ્રનો સંવેગરંગ દ્વિગુણ થયો. પછી પ્રભુની આજ્ઞા લઈ, ધન્ય મુનિની સાથે પારણું કર્યું.

ભવવિરક્ત શાલિભદ્ર મુનિ ભગવંતના મુખથી પૂર્વભવની માતા સંબંધેની વાત સાંભળી વિચારમાં પડયા. સંસારના આશ્ચર્યકારક કર્મજન્મ અનુભવોથી તેમને પણ નવાઈ થઈ. એક ભવનો ભરવાડનો પુત્ર જ બીજે ભવે શ્રીમંતને ઘેર જન્મ્યો. કર્મની આ હિસાબે કેટલી મહત્તા સમજવી. જે જે જન્મે, માનવી, પોતાના મનથી વચનથી કે કાયાથી જે જે પ્રકારના શુભાશુભ ભાવો જન્માવે છે, તે તે ભાવોનાં તે તે પ્રકારના ફળ–પરિણામ તેને પોતાને જ ભોગવવાં પડે છે. એકના કર્મનું ફળ બીજાને ભોગવવું પડે તે કર્મફળ ગણાય જ નહિ.

કર્મના સિદ્ધાન્તનું સચોટ અને સત્ય નિરૂપણ જ જૈનધર્મની મહત્તા અને વ્યાપકતાનું સૂચક છે. જૈન ધર્મે જે ભાર કર્મ ઉપર મૂકયો છે, તેવો ભાર બીજા કોઈ ધર્મ પુસ્તકમાં વાંચવા મળ્યો નથી.

અંત્ય આરાધના કરવાની શ્રી વીરની આજ્ઞા લઇ અડતાળીસ મુનિ તથા ગૌતમ ગણધરની સાથે તે બન્ને મુનિ વૈભારગિરિ પર ગયા ત્યાં શુદ્ધ શિલાપટ પ્રમાર્જીને આગમન માટે ઇર્યાપથિકી આલોવી ગણધર મહારાજ પાસે વિધિપૂર્વક બત્રીસ દ્વારોવડે આરાધનાની ક્રિયા કરી; તે બન્ને મુનિઓએ હર્ષપૂર્વક પાદપોપગમન અનશન અંગીકાર કર્યું. અડતાળીસ મુનિઓ પણ તે બન્નેની પાસે રહ્યા.

તે બન્ને મહામુનિ, એક માસ પર્યંત સંલેખના આરાધી, અંતે શુદ્ધ ઉપયોગમાં લીન ચિત્તવાળા થઈ, સમાધિપૂર્વક કાળ કરી, સર્વાર્થસિદ્ધ નામના પાચમા અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

'અભયકુમારની બુદ્ધિ અને ધન્ના શાલિભદ્રની ઋદ્ધિના' જે અમર વાકયો આજે પણ દિવાળી સમયે શારદા-પૂજનને ટાણે આપણે ચોપડામાં ટાંકીએ છીએ. તે અભયકુમાર, ધન્યકુમાર અને શાલિભદ્ર તે રાજગૃહીના જ મહાપુરૂષો જેનાં જીવન તમે વાંચી ગયા.

**અર્જુનમાલી:**—અર્જુનમાલી રાજગૃહીનો જ રહેવાસી તે ગામની બહાર આવેલા યક્ષના મંદિરમાં સેવાભકિત કરતો અને ઘણો સમય એ રીતે વ્યતીત કરતો. તેને બંધુમતી નામે સ્ત્રી, જેના રૂપમાં જાદુ હતું તે જાદુથી ખેંચાઇને એક દિવસ છ હલકા માણસો યક્ષ-મંદિરે ગયા. તેમણે પહેલાં અર્જુનમાલીને દોરડાથી બાંધ્યો. બાંધીને એક બાજુ ફેંકી દીધો ને પછી તેની સ્ત્રી બંધુમતીના જીવન પર હાથ નાખવાને તૈયાર થયા.

એક ખૂણામાં પડેલા અર્જુનથી આ સહન ન થયું. તે છૂટા થવા તરફડીઆ મારવા લાગ્યો. આંખો લાલચોળ થઇ ગઇ, ભવાં ચઢી ગયાં, ક્રોધની જવાળાઓ તેના શરીરમાંથી ગરમ હવાના સ્વરૂપમાં બહાર નીકળવા લાગી. પણ લાચારી. તેના હાથમાં કાંઇ જ નહોતું. આખરે તે યક્ષ પર ચીડાયો કે જેની તે અત્યાર સુધી સરળ ભાવે

પૂજાભક્તિ કરતો હતો. ગુસ્સામાં તે બબડયો અરે દુષ્ટ યક્ષ તું પણ આ બધું કેમ જોઈ રહ્યો છે? શું મારી સેવાભક્તિનો આજ ઉત્તર! આ વચનોથી વાતાવરણ સ્થિત યક્ષના અનુપાન જેવી તાકાત અર્જુન-માળીના અંતરે ઉભરાણી. અર્જુનમાં બળ આવ્યું, તેણે દોરડું તોડી નાખ્યું. પછી મંદિરના દ્વાર બંધ કર્યાં ને ભારે વજ્ર હથિયાર (ગદા) ઉપાડયું, તે હથિયારને એકજ સપાટે તેણે છ પુરુષો ને એક સ્ત્રીનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. પણ એ તાકાતનો તામસી ભાવ તેના અંતરમાંથી ખસ્યો નહિ ને તે ગાંડાની જેમ હંમેશાં સાત માણસોના ખૂન કરવા લાગ્યો.

એકદા રાજગૃહીની બહારના ઉદ્યાનમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પધાર્યાં. પણ હજુ સુધી રાજગૃહીના દરવાજા ખૂલ્યા નહોતા, કેમકે ગાંડા અર્જુને સાત માણસનાં ખૂન કર્યાના સમાચાર દ્વારપાળને મળ્યા નહોતા. તે સમાચાર મળ્યા બાદજ તે દરવાજા ખોલતો.

એટલામાં રાજગૃહીનો એક ભાવિક શ્રાવક હિંમતભર્યાં હૈયે શ્રી વીરના દર્શને ચાલ્યો તેનું નામ સુદર્શન. આત્માના તેના સુદર્શનપેર તેને દઢ વિશ્વાસ હતો. તે દરવાજા પાસે આવ્યો. દરવાને તેને પડકાર્યો. સુદર્શને કહ્યું, ' મારે શ્રી મહાવીરના દર્શને જવું છે, તું દરવાજા ખોલી નાંખ, અર્જુનની મારા સંબંધી જવાબદારી હું મારે શિરે લઉં છું. તે બદલ તું ડરીશ નહિ.' સુદર્શનના શબ્દો પર દરવાને દરવાજો ખોલ્યો.

શક્તિભર્યાં હૈયે સુદર્શન ચાલ્યો. મનમા તેને જરાએ ડર નથી. નજીક ગયો ને અર્જુનને માણસની ગંધ આવી. તે ગંધની દિશામાં ગદા લઇને દોડયો. અર્જુનને પોતાની તરફ આવતો જોઇ સુદર્શન મરણની તૈયારીમાં લાગી ગયો. છેવટની ભાવના ભાવી લીધી. અરિહંત સિદ્ધ સાધુ અને સર્વજ્ઞ ભગવાને કહેલા ધર્મનું તેણે સ્મરણ કર્યું. ને પંચપરમેષ્ઠિનું એક મને સ્મરણ કરવા લાગ્યો.

અર્જુન ગદા લઇને સુદર્શન પર કૂદવા તૈયાર થયો કે તરતજ ગદા તેના હાથમાંથી લપસી ગઇ ને તે એક નિશાનબાજની માફક દૂર ફેંકાઇ ગયો. આ સર્વ પ્રતાપ સુદર્શનના અજબ આત્મ વિશ્વાસ અને દૃઢ ધર્મ પ્રેમનો હતો.

સુદર્શને અર્જુનમાળીને બેઠો કર્યો ને પછી બન્ને શ્રી મહાવીરના દર્શનાર્થે ચાલ્યા. સુદર્શન તથા અર્જુન માળીએ ભક્તિથી પ્રભુને વંદન કર્યું. એક ધ્યાને તેમનો ઉપદેશ સાંભળ્યો. સાંભળતાંજ અર્જુનને પોતાના અધમ કૃત્યો બદલ પશ્ચાતાપ થવા લાગ્યો. એક કુશળ વૈદ્ય જે રીતે શરીરના સર્વ પ્રકારના રોગો પારખીને તેને યોગ્ય ઔષધો વડે મટાડી શકે, તેજ રીતે શ્રી વીર, આત્માના ધન્વન્તરી હતા અને અંદરના તમામ રોગોને પારખી લઇ, તેને યોગ્ય ઉપચારો કરવાનો ઉપદેશ દેતા હતા. જે પ્રાણી તેમના જણાવેલા ઉપચાર પોતાના અંતરના રોગ પર અજમાવતો તે સદા સર્વદા નિરોગી બની જતો.

અંતરના તાપને વારવા અર્જુન માળીએ પણ દીક્ષા લીધી અને પવિત્ર સંઘમાં દાખલ થયો. હવે અર્જુન માળી નિરંતર બે ઉપવાસનું તપ કરવા લાગ્યા. પારણા માટે નગરમાં જ ભિક્ષાર્થે જાય. ત્યાં લોકો તેમને ગાળો દે. ' કોઇ કહે, આજ માળીએ મારા ભાઇને માર્યો. કોઇ કહે, આજ મારા દુષ્ટે મારા પતિને હણ્યો. ' કોઇ ચીડાઇને તેમને લાકડીના માર મારે, કોઇ તેમના પર પથરાના ઘા કરે. આ બધું અનુભવતાં અર્જુનમુનિ વિચારમાં પડયા. અહો ! આટલા માટે અસમતોલ બનતું શરીર દુઃખ અનુભવે છે તો મેં જેમને ઠાર માર્યા તેમને કેવું થયું હશે ?

જ્યારે અર્જુનમુનિ સઘળા તરફથી થતી અપભ્રાજના શાંતિપૂર્વક સહવા મંડયા, ત્યારે લોકો સાચી હકીકત સમજ્યા. તેમના તરફ માન બતાવતા થયા. થોડા મહિના આવું પવિત્ર મુનિજીવન ગાળી

તેમણે પંદર દિવસના ઉપવાસ કર્યા. છેવટની ઘડીએ તેમનું જીવન પૂરેપૂરું પવિત્ર બન્યું તેમને કેવળજ્ઞાન થયું ને તે નિર્વાણ પામ્યા.

## અન્ય દીક્ષાઓ:—

**મકાન્તી:**—રાજગૃહમાં મકાન્તી નામે એક ધનાઢય ગૃહસ્થ રહેતા હતા. ભગવાન શ્રી વીરની દેશના સાંભળી. તેમને સંસારી જીવન પ્રતિ વૈરાગ્ય ભાવ ઉપજ્યો. મોટા પુત્રને કુટુંબભાર સોંપી તેમણે દીક્ષા લીધી. અગ્યાર અંગનું અધ્યયન કરી, ઉગ્ર તપ પાળી તેઓ વિપુલગિરિ પર મોક્ષે ગયા.

**બારત ગૃહપતિ:**—રાજગૃહ નગરના બારત નામના ગૃહપતિએ શ્રી વીર પાસે દીક્ષા લીધેલી. બાર વર્ષ દીક્ષા પર્યાય પાળી તેઓ અંતે મોક્ષે ગયા.

ઋષિદાસ નામે રાજગૃહના ધનિકગૃહસ્થે પણ શ્રી વીર પાસે દીક્ષા લીધેલી.

**મેતાર્યમુનિ:**—રાજગૃહમાં મેતાર્ય નામે એક ધનિક યુવાન રહે, પૂર્વ પુણ્યના યોગે તેનું, તેજ નગરના એક શેઠની આઠ પુત્રીઓ તેમજ શ્રેણિક રાજાની એક પુત્રી એમ નવની સાથે, લગ્ન થયું હતું. ચોવીસ વર્ષ સંસાર સુખ ભોગવી, તેણે શ્રી મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી ને નવપૂર્વનું અધ્યયન કરી જિનકલ્પીપણું અંગીકાર કરી. ભગવંતની આજ્ઞાથી એકલ વિહારી થયા.

એક વખત મેતાર્ય મુનિ રાજગૃહીમાં એક સોનીને ત્યાં ભિક્ષાએ ગયા. મુનિ મહારાજને પોતાને આંગણે આવેલા જોઇ, પોતાને ધન્ય સમજતો સોની જવલા ( સોનાના જવ ) ઘડતો ઊભો થયો. ઘરમાં ગયો અને શુદ્ધ આહારથી મુનિને પ્રતિલાભિક કર્યા. 'ધર્મ-લાભ' દઇને મુનિ માર્ગે વળ્યા. સોની પુનઃ કામ પર બેઠો. હથોડી હાથમાં લીધી. એરણ પર ઘા મારવા હાથ ઉપાડયો. પણ

ત્યાં જવલા હતા નહિ. તે વિસ્મય પામ્યો. બે મિનિટમાં જવલા ગુમ ! તેની દુકાનમાં તે ઊઠયો, તે દરમ્યાન મુનિ સિવાય કોઇ હતું જ નહિ. તેને મુનિ પર વહેમ ગયો. તુરત જ તે મુનિને પગલે ચાલ્યો. રસ્તામાં જતાં તેમણે તેણે રોકયા ને પૂછપરછ કરી.

મુનિને પોતાના કરતાં, પરનો જીવ વધારે વહાલો હતો. કારણ કે ત્યાગ એજ તેમનું જીવનધ્યેય હતું. જવલાંની સત્ય હકીકતથી તેઓ વાકેફ હતા. પણ તે સોનીને જણાવવામાં સમાયલા થનાર અનર્થને પણ તેઓ સમજતા હતા. મુનિ મૌન રહ્યા સોનીનો વહેમ મજબૂત થયો તેણે તેમને માથે આળું ચામડું બાંધ્યું ને ચાલતો થયો ઉનાળાના તાપમાં આળું ચામડું તડ તડ થવા લાગ્યું તેની અતિશય ગરમીથી મુનિનાં નેત્રો બહાર નીકળી પડયાં. પણ સમભાવે સઘળું સહતા તે મુનિ જરા પણ ડગ્યા નહિ. થોડીવારમાં તેમને કેવળજ્ઞાન ઉપજ્યુ ને તે સાથે જ તેમનું શરીર ઢળી પડયું.

મુનિને મુસ્કેટાટ બાંધી સોની દુકાને આવ્યો. એટલામાં એક કાષ્ઠહારો તેની દુકાને આવ્યો મૂલ્ય આપીને સોનીએ તે કાષ્ઠ ખરીદ્યા લાકડાવાળાએ લાકડાં પછાડયાં લાકડાનાં પછડાટથી જોડેના ઝાડપરનાં પક્ષીઓ ચમક્યાં તેમાં એક પક્ષી ચરકી ગયું ને તે ચરક સોનીને ઓટલે પડી. તેમાં તેનાં જવલા ચમકતાં હતાં. સોની વસ્તુસ્થિતિ સમજી ગયો. મુનિને વહોરાવવાનું અન્ન લેવા જે સમયે તે ઘરમાં ગયેલો તે જ સમયે તે પક્ષી આવીને જવલાને સાચા જવના દાણા સમજીને ચરી ગયેલું. મુનિએ તે નજરો નજર જોયેલું પણ જિનકલ્પીપણું અંગીકાર કરેલું હોવાથી તેમનાથી પક્ષીને અડાય પણ નહિ કે તેને ડરાવાય પણ નહિ, તેમજ તે વાત સોનીને પણ ન જ કરાય.

જવલાં મળી જવાથી સોની દોડતોદોડતો મુનિ મહારાજની દિશામાં ગયો. ત્યાં મુનિને બદલે કેવળ શરીર હતું. તે ગભરાયો સમજી ગયો

કે પોતાની શિક્ષાથી જ મુનિના પ્રાણ ગયા છે. મહારાજા શ્રેણિકના રાજ્યમાં આવી રીતે એક મહામુનિ શિક્ષા પામે અને જો તે સ્વયં મહારાજા કે મહામંત્રી જાણે, તો મારી શી દશા થાય ? એ વિચારે સોનીએ મેતાર્ય મુનિનાં વસ્ત્ર પહેરી લઇ, ચારિત્ર અંગીકાર કર્યું.

સાધુઓના બે કલ્પ સ્થવિરકલ્પ અને જિનકલ્પ.

**સ્થવિરકલ્પી સાધુઓ:**—જે સાધુ ત્રણ વસ્ત્ર અને એક જ પાત્ર પોતાની પાસે રાખે છે અને કોઇપણ સંયોગોમાં ચોથું વસ્ત્ર માગવાની ઇચ્છા નથી કરતા, તેમ જ ત્રણ વસ્ત્ર પણ નિર્દોષ જાણીને જ માગવા જોઇએ અને જેવાં મળે તેવાં જ વાપરવાં જોઇએ. તેને ન રંગાય કે ન ધોવાય. વિહાર સમયે ફક્ત ત્રણે ય વસ્ત્રો પાસે રાખવાં જોઇએ, પણ અલ્પ વસ્ત્રવાન કહેવાવાની ગણત્રીએ તે છુપાવવાં ન જોઇએ. તેમજ જ્યારે શિતકાલ વીતી જાય ત્યારે તે વસ્ત્રોમાં પણ શક્ય રીતે ઘટાડો કરવો જોઇએ અથવા તેમાંનું એકજ વસ્ત્ર રાખી બાકીનો ત્યાગ કરવો જોઇએ અથવા તદ્દન અચેલક બની જવું જોઇએ.

**જિનકલ્પી સાધુઓ:**—વજ્રઋષભનારાચસંહનન વાળા, સાડા નવ પૂર્વ ઉપર ને દશની નીચે ભણેલા તેમજ દિગંબરાવસ્થામાં રહેનારા, વિવિધ અભિગ્રહો ધારણ કરનારા તથા હાથમાં જ (પાણિપાત્ર) ભોજન કરનારા સાધુ જિનકલ્પી ગણાય[1]

---

૧ દિગંબરાચાર્ય દેવસેન કૃત 'ભાવ સંગ્રહ'માં જિનકલ્પનું વર્ણન.

'ઉત્તમ સહનન ધારી, પૈરમેં લગા કાંટા યા નેત્રમેં ગિરિ રજકો સ્વયં ન નિકાલે, દૂસરોં કો નિકાલને પર મૌન રહે. જલવૃષ્ટિ આદિ કે કારણ વિહાર માર્ગ રુક જાને પર વે છઃ માસ તક નિરાહાર કાયોત્સર્ગ ધ્યાનમેં રહેતે હૈ. ? એકાદશાંગ સૂત્રોંકે ધારક શુક્લ ધ્યાન ધ્યાનેવાલે, સંપૂર્ણ કષાય ત્યાગી, મૌનવ્રતી, ગુહાવાસી, બાહ્ય એવં અભ્યંતર પરિગ્રહ સે રહિત, નિઃસ્નેહ–રત્નત્રયસે શોભિત.'

આજ કાલ જિનકલ્પી સાધુઓની સંખ્યા બહુ જ ઓછી છે. અથવા નથી તેમ કહીએ તો પણ ચાલે કારણ કે આ કલિકાલમાં તે પ્રમાણે જીવનારા સાધુઓ ન જ મળી શકે. આજે તો સ્થવિર કલ્પી સાધુઓ જ રહ્યા છે અને તેમાં પણ કલ્પના ધોરણસર સમય ગાળનારા બહુ જ ઓછા હશે.

મેતાર્ય મુનિ જિનકલ્પી હતા એટલે જવલાં ચરી જતાં ક્રૌંચ-પક્ષીને નજરો નજર જોવા છતાં તેમણે મૌન સેવ્યું હતું.

મૌનસેવનથી ઘણા પ્રકારના લાભ થાય છે અને તેની અપેક્ષાએ હાનિ જુજ જ ગણાય. કારણ કે વારવાર બોલવાથી વપરાતી શારીરિક શક્તિનો તેથી બચાવ થાય છે અને તે શક્તિ આત્માના પ્રકાશને ખીલવવામાં મદદરૂપ થાય છે. મૌન રહેવાથી આપણા વડે અન્યને થતી હાનિ અટકી પડે છે. મન—વચન ને ક્રિયાના વિવિધ વિચાર—તરંગો શાંત પડે છે અને તેને સ્થાને વિચારયુક્ત આત્માનો બોલ પ્રગટે છે તેથી જ મૌનધારીને જયારે બોલવાનો પ્રસંગ આવે છે ત્યારે અન્ય બોલકણાઓ કરતાં તેના બે જ બોલની અસર જનતાના માનસ પર સારી છાપ પાડે છે.

જૈન સાધુઓ પ્રાયઃ ચોવીસેય કલાકનું મૌન જ સેવે છે, કારણ કે તેમના મોંમાંથી સંસારના વિષયવિકારોને ઉત્તેજતી વાત નીકળતી જ નથી. તેઓ જયારે જયારે બોલે છે, ત્યારે ત્યારે આત્માના હિતના બોલ જ તેમના મોંમાંથી નીકળે છે. જે બોલવા છતાં મૌનનો ભંગ ન થયો ગણાય અને તેથી જ જૈન સાધુઓ મહામુનિ મહારાજના નામે ઓળખાય છે.

શ્રી વીર પ્રભુ પણ છદ્મસ્થાવસ્થાના સાડા બાર વર્ષ લગભગ મૌનાવસ્થામાં જ વિહર્યા હતા.

## પ્રકરણ ચોથું

### રાજગૃહી

✻

**સાર:**—મિથ્યાત્વધર્મી લેપશ્રેષ્ઠીને શ્રી મહાવીરે સમજાવેલું સત્યધર્મનું સ્વરૂપ. ગુણશ્રેણિઓના પ્રકાર. વૈરાગ્યના ભેદ દુનિયામાં દીક્ષાની જરૂર. વિશ્વતારક શ્રી વીરને આપણે શા માટે નમીએ છીએ. મુક્તિની ચાવી જીવવાની રીત 'સર્વજ્ઞ'નું મહાત્મ્ય ? આ કાળને કલિકાલ શા માટે કહેવામાં આવ્યો છે ? કલિકાલનું સ્વરૂપ સમજાવતાં જીવનને જરૂર સાચી દિશા સાંપડે જ.

**લેપશ્રેષ્ઠી:**—મગધના પાટનગર રાજગૃહીમાં લેપ નામે એક શેઠ રહેતો હતો. તે મિથ્યાત્વ ધર્મમાં આસક્ત હતો. આત્માના ગુણ ધર્મોનો તેને બીલકુલ ખ્યાલ નહોતો. તેના ગુરુનું નામ શિવભૂતિ હતું. તે પણ મિથ્યાત્વ ધર્મમાં શ્રદ્ધા ધરાવતો. ગુરૂ જ્યારે બહારગામથી ઘેર આવતા ત્યારે લેપશ્રેષ્ઠી ચાર–પાંચ ગાઉ સુધી તેમની સામે જતો અને પૂરા સત્કારથી તેમને તેડી લાવતો. શિવભૂતિએ સમજાવેલા મિથ્યાત્વ ધર્મ પર લેપશ્રેષ્ઠી સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક વર્તતો.

સંસારના વિવિધ પ્રકારના સુખ ભોગમાં જીવનનો અણમોલ સમય વ્યતીત કરતા, જીવોને સાચા સુખનું રહસ્ય સમજાવતા પરમ ઉપકારી શ્રી મહાવીર ભગવાન એકદા રાજગૃહીમાં પધાર્યા. તે વખતે લેપશ્રેષ્ઠી પોતાના મિત્ર જિનદત્ત શ્રાવકની પ્રેરણાથી ભગવાનને વાંદવા ગયો. સારા મિત્રની સોબતથી લાભ જ થાય. પોતાના મતના સમર્થન સારૂ લેપશ્રેષ્ઠીએ ભગવાનને પ્રશ્ન કર્યો.

'હે ભગવન ! મારા ગુરૂ જે અધ્યાત્મ સ્વરૂપનું વર્ણન કરે છે તે સત્ય છે કે અસત્ય ?'

'હે શ્રેષ્ઠી ! અધ્યાત્મના ચાર પ્રકાર છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. તેમાના પહેલા ત્રણ પ્રકારો અધ્યાત્મના કારણરૂપ છે. જે પુરુષમાં ભાવ અધ્યાત્મ રહેલું હોય તેમનાં કાર્ય સંપૂર્ણ સિદ્ધ થાય છે. બીજા ત્રણ ભેદવાળાના થતાં નથી. કોઇ માણસ એમ કહે કે, "હું અધ્યાત્મ જાણું છુ અને તેનું સુખ પણ અનુભવું છું," તો તે યોગ્ય નથી કારણ કે શુદ્ધ અધ્યાત્મને વિષે તેનો ભાવ જ જણાય. અધ્યાત્મ એ કોઈ પદાર્થ નથી કે જાણી શકાય વા તેનો ઉપયોગ કરી શકાય. શુદ્ધ અધ્યાત્મવાદી કેવળ અધ્યાત્મ ભાવમાં જ રમમાણ રહે. કારણ કે અધ્યાત્મનું સ્વરૂપ નિર્વિકલ્પ છે અને તેવા સત્ય અધ્યાત્મ વિના બીજું કોઇ આત્માને ઉપકારી નથી. તર્કશાસ્ત્ર અને વૈરાગ્ય શાસ્ત્ર વિગેરેની યુક્તિઓને જાણનારા માણસોય અધ્યાત્મજ્ઞાન વિના અનેક પ્રકારની શુષ્ક યુક્તિઓ કરે છે, પરંતુ તે સર્વ સંસારની વૃત્તિ માટે જાણવી." અધ્યાત્મનું મૂળ સ્વરૂપ સમજાવતા મહાજ્ઞાની શ્રી મહાવીર બોલ્યા.

'હે ભગવન ! આપ જેનું વર્ણન કરો છો તે અધ્યાત્મ કેવું હોય છે? અધ્યાત્મ તત્ત્વમા રસ પડવાથી શ્રેષ્ઠીએ બીજો પ્રશ્ન કર્યો.

શ્રી વીર જ્ઞાની—મહાજ્ઞાની હતા. તેમણે શ્રેષ્ઠીના પ્રશ્નમાં જણાવ્યું. "મિથ્યાત્વના અધિકારનો ત્યાગ કરીને આત્માને અવલંબીને જે

વાળા માણસો શુષ્ક તર્ક, સાહિત્ય, ગીત, રૂપક વિગેરે જે કાંઈ બોલે છે, સાંભળે છે, કે ચિંતવે છે; તે સર્વ પોતાને પ્રચ્છિત વસ્તુની અપ્રાપ્તિથી જ બોલે છે. આવા માણસો બહારથી એમ જ બોલે છે કે, ' સંસાર નકામો છે, કોઈ કોઈનું નથી, ધર્મ કરશે એજ તરશે. ' પરંતુ આ સર્વ વૈરાગ્યરંગી બોલની નીચે નિજના ચિંતિત વિષયની અપ્રાપ્તિ જ કારણરૂપ છે. તેથી તેના બોલાયલા શબ્દોની અસર કોઈને જ ન થાય. મતલબ કે તે વૈરાગ્ય પારમાર્થિક નહોતાં સ્વાર્થ પૂરતાં જ છે. પરંતુ આવા પ્રકારનો વૈરાગ્ય કોઈ વખત કોઈ જીવને સાચા વૈરાગ્યની દિશામાં દોરી જાય છે અને તેથી જ તેને વૈરાગ્યની કક્ષામાં મૂક્યો છે.

મોહ ગર્ભિત વૈરાગ્યઃ—આ વૈરાગ્ય મિથ્યા દર્શનના શાસ્ત્રાભ્યાસથી ઉત્પન્ન થયેલા ભવ નૈર્ગુણ્યના દર્શનથી બાલ તપસ્વીઓને પ્રાપ્ત થાય છે. જીવાજીવાદિ તત્ત્વોના સ્વરૂપને વિપર્યયપણે ગ્રહણ કરવાથી તેઓનો વૈરાગ્ય અજ્ઞાન ( મોહ ) ગર્ભિત છે. જૈન દર્શનમાં પણ જેઓને વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી હોતું, તેથી પદાર્થના સ્વરૂપના અર્થને વિપરિત રૂપે પ્રરૂપે છે. સિદ્ધાન્તનો અભ્યાસ કરીને તે ઉપર જેઓ આજીવિકા ચલાવે છે અને અલ્પ શક્તિવાળાં છતાં પણ પોતાનો અનાચાર ગુપ્ત રાખવા માટે મોટી શક્તિથી ક્રિયાનો અથવા જ્ઞાનનો દેખાવ કરે છે, વાચાલતાથી ભોળા સ્વભાવના જીવોના મનમાં પોતાના માટે ઊંચો અભિપ્રાય કેમ થાય, તેવા પ્રકારનો બાહ્ય દેખાવ કરે છે તેઓનો વૈરાગ્ય પણ પારમાર્થિક વૈરાગ્ય નથી. શરીરની અંદર રહેલા જીર્ણ જ્વરની પેઠે આવા પ્રાણીઓનો વૈરાગ્ય માત્ર ઘણા દોષોનું પોષણ કરનારો નીવડે છે. જેઓને ઉત્સર્ગમાં, અપવાદમાં, વ્યવહારમાં, નિશ્ચયમાં, જ્ઞાનમાં અને ક્રિયામાં વાદવિવાદ હોય, તેઓ પણ આજ કોટીમાં આવે છે.

જ્ઞાન ગર્ભિત વૈરાગ્યઃ—જેઓની બુદ્ધિ સ્યાદ્વાદ શૈલીથી સ્વપર આગમમાં યથાસ્થિત પ્રવર્તાવતી હોય છે તેમને આ વૈરાગ્ય થાય છે.

આ વૈરાગ્યવાળા પ્રાણીઓ પરના અપવાદ કોઇ પણ કાળે બોલતા નથી તેમ પરનો અપવાદ સાંભળવા પણ ઉત્સુક રહેતા નથી, કે અંતરમાં તેવા પ્રકારની રૂચિ જ રહેતી નથી. મધ્યસ્થ વૃત્તિવાળા હોઇને તેઓ હમેશાં સર્વના હિતનું ચિંતન કરે છે. કારણ પરત્વે તેઓ વસ્તુના સ્વરૂપનો તથા કર્મનો વિચાર કરે છે. પણ પ્રાણીઓની કૃતિનો વિચાર કરી તેમના તરફ રાગ કે રોષ દાખવતા નથી. તેઓ આજ્ઞામાં વર્તનારા હોય છે. જિનેશ્વરની આજ્ઞા પર તેઓનો દઢ વિશ્વાસ હોય છે. સર્વદા ચિદાનંદમય સ્વભાવમાં જ તેઓ મસ્ત રહે છે. આનંદના ઉજ્જવળ પ્રદેશ તરફ જ તેમની પ્રત્યેક ક્રિયાની સૂક્ષ્મ વરાળ પહોંચે છે. સર્વદા સ્નેહ અને શાંતિના સનાતન મંત્રો ગૂંજતા તેઓ જીવમાત્રના હિતમાંજ ઊભા રહે છે.'

વૈરાગ્યનું યથાર્થ સ્વરૂપ સમજ્યા પછી લેપ શ્રેષ્ઠીએ શ્રી મહાવીરને ભાવ અધ્યાત્મવાદીના વૈરાગ્યનું સ્વરૂપ પૂછ્યું.

જ્ઞાનસાગર શ્રી વીર બોલ્યા, ' હે શ્રેષ્ઠિ ! એ વૈરાગ્ય આ દુનિયામાં બે પ્રકારે પ્રવર્તે છે. એક પ્રકારે વિષયોમાં ને બીજે ગુણોમાં. વિષયમાં ફરતો વૈરાગ્ય સામાન્ય કોટીનો ગણાય અને ગુણોથી પ્રાપ્ત થયેલો વૈરાગ્ય ઉત્તમ કોટીનો ગણાય. પહેલામાં ઇચ્છિત વસ્તુની અપ્રાપ્તિથી વૈરાગ્ય થાય છે, જ્યારે બીજામાં ગુણ ઉત્પન્ન થવાથી થાય છે.

ઉત્કૃષ્ટ અધ્યાત્મ ભાવવાળા યોગીઓનું શરીર ઉત્તમ પ્રકારના શીલથી મ્હેકતું હોય. તેમને શરીરની સુગંધી માટે, કસ્તુરી, માલતી કે ચંદનની જરૂર ન પડે. પણ ઉચ્ચ પ્રકારનું જીવન જીવતાં તેમનું રક્ત એટલું બધું નિર્મળ અને પાતળું થાય કે, તેમાંથી આત્માના નિર્મળ દિવ્ય ભાવોની સુગંધી પ્રગટ થાય અને શરીર તેનાથી મ્હેક મ્હેક થાય. તેમનું મન સદા જ્ઞાનમય વૈરાગ્ય ભાવમાં જ સ્થિર રહે છે, એટલે કે દુનિયાના

શુદ્ધ ક્રિયા ધર્મમાં પ્રવર્તવું, તે અધ્યાત્મ કહેવાય અપુનર્બંધક નામનું ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થાય, ત્યારે સંપૂર્ણ સત્ યોગ પ્રગટ થાય છે; અને નવમા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી અનુક્રમે જે વિશેષ શુદ્ધિવાળી ક્રિયાઓ થાય છે, તે અધ્યાત્મ ક્રિયા જાણવી. પરંતુ ભવાભિનંદી માણસ આહાર, ઉપાધિ, પૂજા વિગેરેના ગૌરવ માટે જે ક્રિયા કરે છે તે ક્રિયા તો અધ્યાત્મ ગુણનો નાશ કરનારી થાય છે અને તેજ કારણથી સમ્યકત્વ જ્ઞાન સંયુક્ત ક્રિયા પાંચમા ગુણસ્થાનકથી શરૂ થાય છે. ચોથા ગુણસ્થાનકે તો શુશ્રૂષા વિગેરે ઉચિત ક્રિયાઓ પ્રવર્તે છે

ગુણશ્રેણીઓના અગિયાર પ્રકાર છે:—(૧) સમ્યકત્વ પ્રત્યયિકી (૨) દેશવિરતી પ્રત્યયિકી (૩) સર્વવિરતિ પ્રત્યયિકી (૪) અનંતાનુબંધી વિસંયોજના (૫) દર્શનમોહનીય ક્ષપક (૬) ચારિત્રમોહનીય ક્ષપક (૭) ઉપશાત મોહનીય (૮) ક્ષેપક શ્રેણી (૯) ક્ષીણ મોહ ગુણ શ્રેણી (૧૦) સંયોગી કેવલી ગુણ શ્રેણી (૧૧) અયોગી કેવલી ગુણ શ્રેણી. આ ગુણ શ્રેણીઓ ક્રમે ક્રમે અસંખ્ય ગુણી નિર્જરા કરનારી છે. જેમ જેમ અધ્યાત્મ ભાવમાં આગળ વધાય તેમ તેમ આ ગુણ શ્રેણીઓ વટાવીને આત્માના આનંદનો લ્હાવ માણી શકાય."

વીતરાગ વચનથી સંતોષાતા શ્રેષ્ઠીએ વૈરાગ્યનો અર્થ અને તેનું કારણ શ્રી વીરને પૂછ્યું. શ્રી વીરને તો સઘળું હસ્તામલકવત્ હતું. કારણ કે સર્વમાં તેઓ સમાઇ ગયા હતા અને સર્વ તેમનામાં હતા. સ્નેહનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રગટ થતાં આત્મા સર્વમાં એકાકાર થવા છતાં સર્વથી પરને અલિપ્ત રહી શકે છે. જીવમાત્ર પ્રત્યેના અપરિસીમ સ્નેહને કારણે શ્રી વીરમાં સર્વમયતા પ્રગટી હતી અને તેથી ગમે તેની ગમે તેવી શંકાને તેઓ પળવારમાં દૂર કરી શકતા. જેના અંતરમાં કોઇ પણ પ્રકારની નાની મોટી શંકા પ્રસ-

ઘાલીને ન બેઠી હોય, તેવો મહામાનવ ગમે તે શંકાને દૂર કરી જ શકે. પરન્તુ શંકાનું નિઃશેષપણું એ જ સ્નેહનું સર્વોત્કૃષ્ટપણું ગણાય. અને સ્નેહનું ઉત્કૃષ્ટપણું પામવા કાજે શરીરનું ઉત્કૃષ્ટપણું વિસારવું પડે. શરીર જ્યારે નાનું બને ત્યારેજ આત્મસ્નેહ વ્યાપક સ્વરૂપ પકડી શકે તે સિવાય નહિ.

શ્રી વીરે શ્રેષ્ઠીના પ્રશ્નના જવાબમાં જણાવ્યું, ' સંસાર વૃદ્ધિના કારણભૂત વિષયોમાં નહિ ફસાવાથી ભવની નિર્ગુણતાને બતાવનાર નિરાબાધ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જે માણસો વિષયનો ત્યાગ કર્યો વિના, વૈરાગ્ય દશા પામવાની ઇચ્છા કરે છે, તે કુપથ્યનો ત્યાગ કર્યો વિના-રોગની શાંતિને ઇચ્છે તેના જેવું છે. વિષયોમાં રમતી ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિને જ્યારે આત્માની દિશા તરફ વાળવામાં આવે, જ્યારે વિષય સુખ કરતાં આત્મસુખ મોટું સમજાય ત્યારે જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વિષયને ભજતો માનવી કોઇ કાળે આત્માના ભજનમાં ન જ જોડાઇ શકે, કારણ કે એકી સાથે બે ક્રિયાઓની સિદ્ધિ તદ્દન અસંભાવ્ય ગણાય.

વૈરાગ્યના ત્રણ ભેદ છે. (૧) દુઃખ ગર્ભિત (૨) મોહ ગર્ભિત (૩) જ્ઞાન ગર્ભિત.

દુઃખ ગર્ભિત વૈરાગ્ય:—સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્યાદિ સુખને આપનારી આપતી માનેલી ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત ન થાય અથવા પ્રાપ્ત થઇને નાશ પામે, ત્યારે મનમાં દુઃખ થવાથી સંસાર ઉપર ઉદ્વેગ થવા રૂપ જે વૈરાગ્ય થાય, તે દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાય.

આવા પ્રકારના વૈરાગ્યને પાળતો માનવી, ચિંતિત વસ્તુ પ્રાપ્ત થતાં ફરી પાછો સંસારમાં મશગૂલ બની જાય છે. કારણ કે તેના વૈરાગ્યનું કારણ જ તેવી વસ્તુનો અભાવ હોય, ને જ્યારે તેવી વસ્તુ મળે ત્યારે આપોઆપ વૈરાગ્ય રંગ ઉપટી જાય. આવા વૈરાગ્ય-

વિવિધ વૈભવોના અને તેવાં આકર્ષણોથી પણ આત્મમય તેમનું મન ડોલતું નથી. પરમાનંદમાં રમતાં તેમને સ્વર્ગાદિકના સુખની પણ ઇચ્છા થતી નથી. વિપુલમતિ વિગેરે લબ્ધિઓ પ્રાપ્ત થયેલી હોય છે. તો પણ તેથી તેમને મદ થતો નથી કે પોતાના સુખના માટે તેનો ઉપયોગ કરવાની તેમને ઇચ્છા થતી નથી. જેની ઇચ્છાનાં પ્રત્યેક તન્ત્રો આનંદ સાગરમાં લીન થયાં હોય, તેને આલોક કે પરલોકની શારીરિક સમૃદ્ધિઓમાં રસ ક્યાંથી જ પડે ?

આ પ્રમાણે તત્ત્વરૂપ સાંભળી લેપશ્રેષ્ઠીને સાચા ધર્મના સ્વરૂપનો ખ્યાલ આવ્યો. તેના પૂછવાથી ભગવંતે જણાવ્યું કે, 'હે ભાઇ' કેટલાક ઉત્તમ જીવો પૂર્વભવથી પુણ્ય લઇને આવે છે. આ ભવમાં પણ પુણ્ય ઉપાર્જન કરે છે. તેઓ ભરતચક્રી, બાહુબલી અભય-કુમાર વિગેરેની જેમ પરલોકમાં અવિનાશી સુખને પામે છે.

કેટલાક જીવો પૂર્વભવથી પુણ્ય લઇને આવે છે, પણ આ ભવમાં પુણ્ય કર્યા વિનાજ કોણિક ( રાજા અજાતશત્રુ ) વિગેરેની જેમ ખાલી હાથે પાછા જાય છે.

કેટલાક જીવો પરલોકથી પુણ્ય રહિત આવે છે, પણ કાલિક કસાઇના પુત્ર સુલસની જેમ અહિંથી પુણ્ય ઉપાર્જન કરીને પાછા જાય છે.

કેટલાક જીવો પુણ્ય રહિત આવે છે અને ભાગ્યહીન પુરૂષની જેમ પુણ્ય બાંધ્યા સિવાય જ અહિંથી પાછા જાય છે. તેઓ આલોક અને પરલોક બન્નેમાં દુઃખી થાય છે. મનુષ્યે હમેશાં આત્માને હિત-કર્તા પ્રવૃત્તિ જ કરવી જોઇએ. જગજન્તોના અપવાદથી જેઓ ડરે છે અને તેમને રાજી રાખવાની અણુત્રીએ વર્તે છે, તેઓ કદાપિ નિજના આત્માનું શ્રેય કરી શકવાના નથી, કારણ કે એવો કોઇ ઉપાય છેજ નહિ કે જેથી સર્વ લોકોને સંતોષી શકાય,

સત્યધર્મના રંગે રંગાયલા લેપશ્રેષ્ઠીએ તુરત જ ભગવંત પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો અને મિથ્યાત્વની સર્વ ક્રિયાઓને છોડી દીધી. લેપશ્રેષ્ઠીનું આ પ્રકારનું વર્તન જોઇ તેના પ્રથમના મિથ્યાત્વવાદી સ્નેહીઓ તેને ઠપકો આપવા લાગ્યા. તેની સાચી ધર્મક્રિયાઓ તરફ પણ તેઓ સૂગ બતાવવા લાગ્યા.

શ્રેષ્ઠીના ગુરૂને આ વાતની જાણ થઇ. તેમણે લેપને બોલાવવા માણસ મોકલ્યો. પોતાને બોલાવવા આવેલા માણુસને શ્રેષ્ઠીએ સાફ સાફ શબ્દોમાં કહી દીધું કે 'ગુરૂ તેજ છે, જે પૃથ્વી વિગેરે છ કાય અને છ દ્રવ્યથી વ્યાપ્ત થયેલા લોકના સ્વરૂપનું યથાર્થ વર્ણન કરે છે. તથા શુદ્ધ આધ્યાત્મિક તત્ત્વોનો ઉપદેશ કરે છે, તેમજ તેને અનુસરતી પોતાની ચેતના વડે તેવા જ ધર્મનું પ્રતિપાલન કરે છે બીજાને હું ગુરૂ તરીકે માનતો નથી.'

આ પ્રમાણેનો જવાબ સાભળી આવેલો માણુસ પાછો શિવભૂતિ પાસે ગયો. શિવભૂતિ જાતે શ્રેષ્ઠીને ઘેર ગયા. તો પણ ગુરૂ તરીકે લેપે તેમને માન આપ્યુ નહિ. શિવભૂતિને આથી ઘણો ક્રોધ ચઢયો અને કહ્યું કે, 'હે શ્રેષ્ઠિ ! તને કયા ધૂર્તે છેતર્યો છે જેથી મારા આવતાં તું ઊભો પણ થતો નથી. મારૂં સામર્થ્ય તે હજી જોયું નથી. પણ મારા ભક્તોને પ્રત્યક્ષ રીતે સ્વર્ગનુ સુખ થયુ છે. અને બીજા તો નરકવાસી થયા છે તે તુ તારા નેત્રોથી જો.' એમ બોલીને તે શિવભુતિએ વિદ્યાના બળથી સ્વર્ગનરકાદિ સર્વ બતાવ્યું.

આ જોઇને શ્રેષ્ઠીએ વિચાર કર્યો કે ખરેખર આ ઇન્દ્રજાળ જ છે. સ્વર્ગમાં જવું કે નરકમાં પડવું એ તો માનવીએ પોતે કરેલા શુભાશુભ કર્મના આધાર પર છે. સામાન્ય લબ્ધિધારી આ શિવભૂતિનેય નવા પંથનો મોહ લાગ્યો છે, જ્યારે અનંતલબ્ધિ નિધાન શ્રી મહાવીરને માન કે અહંકારનો એક કણ પણ સ્પર્શી શકતો નથી. શ્રી મહાવીરના સરળ જ્ઞાનોપદેશથી સત્માર્ગે ચઢેલા શ્રેષ્ઠીએ આ

પ્રમાણે વિચારી, શિવભૂતિ તાપસને કહ્યું કે, ' ગમે તેવી લબ્ધિઓ મળવા છતાં, મમતાનો ત્યાગ થયો ન હોય તો તે સર્વે અયોગ્ય જ છે. મમતારંગી તમે, અધ્યાત્મના રંગને ક્યાંથી જાણી શકો ! આધ્યાત્મના દિવ્ય અંશો કાજે, અહં અને સ્વાર્થના કિલ્લાઓ નષ્ટ કરવા પડે છે. શરીરની આસપાસ અને અંદરથી જ્યારે ' મારાપણું ' દૂર થાય, ત્યારે સર્વમય આધ્યાત્મિકતાનો દિવ્ય આનંદ માણવા મળે. ' લેપના તીખા અધ્યાત્મક શબ્દોથી શિવભૂતિ મનમાં ધવાયો તેને લલચાવવાની તેની યુક્તિ પ્રયુક્તિઓ ફોક થતાં નિરાશ થઇને, એક શાણો શિષ્ય ગુમાવીને તે પાછો ફર્યો. સાચેજ, જૈનધર્મના પાટલે બેઠેલા સમજુ આત્માને તેથી વિશેષ તત્ત્વમયતા ધરાવનારો ધર્મ આ દુનિયામાં શોધ્યો જડતો નથી. !

સર્વ પ્રકારના ગૃહ કાર્યો કરવા જતા પણ લેપશ્રેષ્ઠી જ્ઞાનધર્મને ત્યજતા નથી. સર્વત્ર જ્ઞાનદશાની જાગૃતિ રાખે છે. એમ વર્તતાં તેમણે પોતાના સમગ્ર કુટુંબને ધર્મના આચારવાળું કર્યું. કુટુંબપાલન કરતાં જ્યારે પોતાને સર્વવિરતિ ધર્મ પાળવાને સમર્થપણું જણાયું, ત્યારે તેમણે દીક્ષા લીધી ને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે પહોંચ્યા.

તીર્થંકર શ્રી મહાવીરપ્રભુના રાજગૃહીમાંના અવારનવારના આગમનથી ત્યાંના ઉત્તમ મધ્યમ ને કનિષ્ટ એમ ત્રણેય પ્રકારના જીવો પર તેમની સારી છાપ પડેલી આપણે જોઇ ગયા અને તે તે જીવોએ હર્ષપૂર્વક અંગીકાર કરેલ ચારિત્રધર્મ વિષે પણ વાંચી ગયા.

**દીક્ષાની જરૂર**:—શ્રી વીરપ્રભુ તે સમયે જ્યાં જતા ત્યાં સર્વને દીક્ષાનોજ ઉપદેશ દેતા એમ નથી, પણ તેમના સર્વ ત્યાગમય જીવનની કલામય સુરભિથી ખેંચાઇને ભવ્ય જીવો—તેમના પગલે ચાલવા તૈયાર થતા હતા. બાકી તેમના ઉપદેશની ઢબ ક્રમિક હતી. પહેલાં તો તેઓ શ્રાવક અને શ્રાવિકાને યોગ્ય ગુણધર્મોનું વર્ણન

કરતા પછી આગળ વધતાં દીક્ષાનો ઉપદેશ દેતા. છતાં માનવી સંસારમાં રહીને જેટલું મેળવી શકે છે, તેથી અનેકગણું વિશેષ સંસારથી પર બનીને પામી શકે તેમ છે.

આજના અભ્યાસીઓ બોલે છે, 'બધા દીક્ષા લઇ લઇએ તો સંસારમાં રહે કોણ? તો પછી સંસારનો અર્થ શો?' આમ બોલતાં તેમને એ પણ સમજાતુ હોય તેમ નથી જણાતું કે, 'દીક્ષા લેનારાની સંખ્યા વધવાથી સંસાર ક્યારે સંસારી શૂન્ય બન્યો છે.' દરેક જીવે દીક્ષાની ભાવના અવશ્ય રાખવી જોઇએ પછી ભલે દીક્ષા અંગીકાર કરાય કે નહિ. પુણ્યકર્મોના ઉદય વિના દીક્ષા કાંઈ રસ્તામાંથી મળી જાય તેવી વસ્તુ નથી. પણ દર સમયે જીવનમાં દીક્ષાની જરૂર એટલા માટે છે કે, 'તેને શાંતિની જરૂર છે.' અને સાચી શાંતિ મેળવવાના વિવિધ માર્ગોમાં, દીક્ષાનો માર્ગ શ્રેષ્ઠ છે. દીક્ષાથી સ્વપરનું હિત સધાય છે. પંચમહાવ્રત પાળતા સાધુ પોતાનું કલ્યાણ તો સાધે છે જ ઉપરાત તે સાથે સાથે તેમની સત્ત્વમય પ્રત્યેક જીવનક્રિયા વાતાવરણમાં એવી જાતનું એક દિવ્ય આંદોલન જગવે છે કે, જેના પ્રભાવથી વિશ્વના જીવોને પણ ક્ષણની શાંતિ જડે. ઉપાશ્રયમાં વસતાં કે જંગલમાં વિહરતાં પણ સાધુના અંતરમાં અને બહાર એકજ ભાવના તરતી હોય, 'સર્વ જીવોનું કલ્યાણ થાઓ.' જ્યારે આજ ભાવના જીવનમાં ઊંડે ઊતરે છે, ત્યારે આત્માના બળથી–પ્રકાશથી તે પરિપૂર્ણ બને છે અને ઉદ્‌ગાર રૂપે અવતાર લે છે ત્યારે તેનો પ્રતિઘોષ ઊંચે–નીચે અને આસપાસ ઘણા અંતર સુધી પ્રસરે છે. જેનું પ્રસરવું હેતુહીન ન હોતાં, પ્રત્યેકના આત્મામાં શાંતિનું એક મોજું ફેંકે છે.

દીક્ષાની મહત્તા જળવાય છે, ત્યાં સુધી જ જીવનની મહત્તા પણ જળવાશે કારણ કે જીવનમાંથી જ્યારે દીક્ષાનું નામ જ ભૂંસાઇ જશે, ત્યારે દરેકને એમ થશે કે, 'સંસારના આ વિવિધ

પ્રકારના સુખદુ:ખના બંધનોમાંથી ઊગરવાનો ઉપાય કયો ?' આજે દીક્ષા નજર સામે છે, એટલે કોઇને તેની મહત્તા ન સમજાતી હોય તે બનવાજોગ છે. પણ તે ભૂલાતાં તેનાં માન ઘણાં જ વધશે એ પણ એટલું જ સાચું છે. મહામાનવોનાં જીવનની જેમ આજે દીક્ષાનાં મૂલ્ય પણ ઘટી રહ્યાં છે. પણ તેથી તેનાં મૂળતત્ત્વોમાં ફેર નથી પડયો કે નથી જ પડવાનો અને એક એવો વખત આવશે, જ્યારે સંસારના ભયંકર તાપમાં જળતા જીવો, પરમ ઉપકારી શ્રી વીરના એક એક વચનને વાંચવા માટે પણ તલસતા હશે. વસ્તુતત્ત્વ હાજર છે ત્યારે કોઇનેય તેનો સદુપયોગ યોગ્ય જણાતો નથી, તો પછી સદા તેના વગર ચલાવવા તૈયાર કેમ ન થયું ? કોઈ બોલે કે, 'હું તે માટે પણ તૈયાર છું.' તો તેનાં તે અર્થહીન વાક્યો પણ નકામાં ગણાય. કારણ કે જૈનધર્મનો પ્રત્યેક સિદ્ધાન્ત, પ્રત્યેક જગતજીવના જીવન સાથે એટલો બધો નજીકનો સંબંધ ધરાવે છે, કે તેને નહિ માનવાનું બોલનારો પણ આડકતરી રીતે તેનો પોતાના જીવન મારફત સારો કે નરસો ઉપયોગ કરી જ રહ્યો છે. જે રીતે સૂર્ય અને ચંદ્રનાં કિરણોનો આપણા જીવન સાથે સતત પ્રકારનો સંપર્ક છે, તેજ રીતનો વિશ્વવ્યાપકતા ( સૂક્ષ્મ ) ધરાવતા જૈનધર્મ સાથે આપણા જીવનનો સંપર્ક છે. તત્ત્વવિદો આ સંપર્કનો હેતુ જાણી શકે અને બીજાને તેનો ખ્યાલ ન પણ આવે. તત્ત્વવિદોની સંખ્યા ઓછી હોય તે ઉપરથી એમ ધોરણ ન બંધાય કે, 'બહુમત જ ખરો ' આ બહુમત અને લઘુમતના પોકળ નાદે તો આર્યસંસ્કૃતિના મૂળભૂત જીવન સત્યોને દુનિયાના જીવનવ્યહવારમાંથી વેગળાં કરી મૂકયાં છે.

'આટલા નાના ને દીક્ષા, એ શું સમજતો હશે ?' એમ બોલનારા પણ ઘણા ભાઈઓ મને મળ્યા છે. તે દરેકને હું એકજ જવાબ આપું છે કે. 'તેજમય જીવનમાં વય એ ખાસ કારણ નથી. એ તો સિંહશિશુના ખેલ જેવા ખેલ છે !' મારો આ જવાબ કદાચ

કોઇને મારા એકપક્ષીપણાનું સૂચન કરે, લેખકને કલમ સદા સમતોલ જ રહે. હીરાઓને પત્થરના ઢેરં વચ્ચે પણ તેને સમતોલ પણું જાળવવાનું હોય. દીક્ષામાં વયનું ધોરણ ન જ જળવાય કારણ કે તેનો સંબંધ અનેક પૂર્વજન્મો સાથે હોય છે. પૂર્વજન્મના જે પ્રકારના સંસ્કારો સાથે પ્રાણી સંસારમાં જન્મે તેજ પ્રમાણે તેને વર્તવું પડે.

સર્વ ત્યાગનું નામ દીક્ષા. શરીર વડે શરીરનો ત્યાગ પણ આ દીક્ષાધર્મમાં સમાઇ જાય. સર્વ ત્યાગના સિદ્ધાન્તમાં સર્વથા મુક્તિનો સિદ્ધાન્ત આડકતરી રીતે પણ સમાઇ જાય છે. બધું સ્થૂલ સ્વત્વ ત્યજવું જ પડે. જે રીતે આપણે શિયાળાની અંગ ચીરતી ઠંઢીથી બચવા માટે સ્થૂલ કાષ્ઠનો ત્યાગ કરીએ છીએ અને તેના પરિણામ સ્વરૂપ સૂક્ષ્મ કાષ્ટ ( ગરમી ) પામીએ છીએ, તેજ રીતે ત્યાગમાં મુક્તિ અને મુક્તિમા ત્યાગ સૂક્ષ્મ રીતે ઓત પ્રોત છે.

વિશ્વતારક શ્રી મહાવીર અને આપણે—એક ક્ષત્રિય રાજકુમાર તે ગમે તેટલો બળવાન અને સંપત્તિવાન હોવા છતાં તેને તેની ગેરહાજરીમાં કોણ પૂજે કે માન આપે? જયારે આજે આપણે શ્રી મહાવીરને સ્મરીએ છીએ, પૂજીએ છીએ તે તેમના ક્ષાત્રવંશને લીધે નહિ, તેમજ તેમની કેવળ ક્ષત્રિય રાજકુમાર તરીકેની તેજસ્વીતાને કારણે નહિ પણ આપણે તેમને નમીએ છે, તેનું કારણ, તેમણે આપણને ઇન્દ્રિયોને મનને તેમજ બુદ્ધિને નમાવવાના અણમોલ સિદ્ધાન્તો વારસામાં આપ્યા છે માટે, આપણા માટે આદર્શ સંઘની વ્યવસ્થા ઉપજાવીને કાઢીને, જમાનાના જટિલ વાડામાંથી આપણને પડતા ઉગાર્યા છે, માટે જીવનને શાશ્વત સુખનો સરળ પંથ દર્શાવ્યો છે માટે, આત્માના ખમીરનું વિશ્વના સ્થૂલ પદાર્થો પરનું વર્ચસ્વ સિદ્ધ કરી બતાવ્યું છે માટે, આત્માના પ્રકાશ કરતાં વિશ્વના કોઇ પદાર્થનું કે સઘળા પદાર્થોનું બળ પણ ન્યુન હોવાનું નજરોનજર બતાવ્યું તે માટે. આજે વિશ્વ–તારકના પ્રકાશમય જીવનનાં કિરણો

સમસ્ત વિશ્વમાં વેરાયલાં છે. સદ્ભાગી જીવો તેમાંથી સાર ગ્રહણ કરીને પોતાનું જીવન સુધારે છે અને કેટલાક એમ બોલનારા પણ મળી આવે છે કે, ' જૈનધર્મે જગતને નિર્બળતાને માર્ગે દોર્યું છે. ' હું પણ કહું છું કે, શ્રી વીરે જગતને નિર્બળતાને માર્ગે દોર્યું, પણ બોલવા બોલવાના આશયમાં પણ ફેર હોય છે. જગતને એટલે સ્થૂલ ઉપભોગો પાછળ પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરતા વિષયરંગી જગતજીવોને. નહિ કે દુનિયાના તમામ પ્રકારના સંઘોને.

વિશ્વતારકના અખંડ પ્રકાશમય જીવન રશ્મિનું એકજ ધ્યેય હતું, ' મુક્તિમાં રાચવું અને તે મુક્તિનો રાહ દુનિયાના સર્વ જીવોને સરળ રીતે સમજાવવો. શ્રી વીરે ધર્મોપદેશ પળે કોઇપણ પ્રકારનો ભેદભાવ દાખવ્યો નથી. તેઓ મહાન હતા સ્થળ સમયનાં બંધનોથી પર તેમનું જીવન તરતું હતું, એટલે તેમની તુલનામાં આપણે અલ્પ, અત્યલ્પ ગણાઇએ. પણ તેમના દર્શાવેલા રાહે ચાલવાથી વખત જતાં આપણે ત્યાં જ પહોંચી શકીએ, જ્યાં શ્રી મહાવીર પ્રભુ પહોંચ્યા છે.

**મુક્તિની ચાવી:**—એકજ દેવ, એકજ ધર્મ ઉપર મન–વચન અને કાયાથી સંપૂર્ણ પ્રકારની શ્રદ્ધા બતાવવી. બીજે ક્યાંય તે બદલ મન ન દોડાવવું. સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રનું પાલન કરવું. સમ્યગ્દર્શન એટલે શ્રી વીતરાગ અને સર્વજ્ઞ ભગવંતોના વચનો ઉપરની અવિચળ શ્રદ્ધા એ શ્રદ્ધાથી વિહીન આત્મા ગમે તેટલું ઉચ્ચ જ્ઞાન ધરાવતો તેમજ નિરતિચાર ચારિત્ર પાળતો છતાં પણ ભવની સાંકળને ન જ તોડી શકે સમ્યગ્જ્ઞાન એટલે શ્રી જિનાગમોનું નિયમિત શ્રવણ કરવું એ સિવાયના બીજા ઉપાયો ભય ભરેલા અને જોખમી છે. પુસ્તક વાંચનથી, કહેવાતા આધુનિક કે અન્ય શિક્ષણથી કે જેના તેના મુખેથી ધર્મવિષયક વક્તવ્યોના શ્રવણથી ધર્મ શ્રદ્ધા વધે એમ માનવું મિથ્યા છે. સમ્યક્ચારિત્ર એટલે દર્શન અને જ્ઞાનના જીવનમાં ઉતરેલા સત્યોની આજ્ઞા પ્રમાણે આત્માની અનંત શક્તિને ખીલવવી.

મમત્વથી વેગળું રહેવું. ગજા ઉપરાંતના બોજા સાથે ચાલતા જેમ હાંફ ચઢે છે ને થાકી જવાય છે, તેજ રીતે મમત્વના સૂક્ષ્મ બોજાથી આત્માની સાહજિક શક્તિઓ પ્રગટી શકતી નથી અને અંદરને અંદર ગુંગળાય છે, સર ઇકબાલ મહંમદે પોતાની કવિતામાં એક સ્થળે ગાયું છે કે, " હે માનવપંખી ! ગગનમાં દૂર દૂર ઉડવાની તારી અભિલાષાને પૂરવા, તું તારી પાંખો ઉપરથી 'મારા' ને 'તારા'નો મેલ ખંખેરી નાખ ! "

યથાશક્તિ પંચ મહાવ્રતનું પાલન કરવું તેનાથી મનનો મેલ દૂર થાય, શરીરમાં સુંદર વિચારના પવન વાતા થાય અને આત્માના વિશ્વ સાનિધ્યનું દર્શન થવા માંડે.

વિનય જાળવવો નાના મોટા કે સમવયસ્કો તરફના આવશ્યક આદરમાં વર્તવાથી સંસારમાં પણ પ્રતિષ્ઠા જામે અને વ્યાપક આંતરિક એકતાની ખીલવણી થાય.

અતિથિસત્કાર કરવો તેનાથી સ્નેહની પુષ્ટિ થાય, માનવ સ્વભાવનો ઊંડો અભ્યાસ થાય અને આર્ય સંસ્કૃતિના કાળજૂના સિદ્ધાન્તનું ગૌરવ જળવાય. આજના નિયમન વાદથી ( Control ) અતિથિસત્કારના સિદ્ધાન્તને મોટો ધોકો પહોચ્યો છે. તેમ છતાં આત્મ વડે આત્માને ઓળખતા આત્મપ્રેમીઓ થોડામાંથી થોડું કરીને પણ પોતાના સાચા સિદ્ધાન્તને ટકાવી રાખવા યથાશક્ય પ્રયાસ કરવામાં પાછ: નહિ જ પડે.

અઠ્ઠાઇ મહોત્સવ, સ્વામી વાત્સલ્ય, પૂજા, પ્રભાવના સંઘ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજમણાં વિગેરે વિશ્વકલ્યાણકર તેમજ આત્મ કલ્યાણકર સાત્ત્વિક પ્રવૃત્તિઓ પાછળ સંપાદિત લક્ષ્મીમાંથી અમુક હિસ્સો ખર્ચવો જોઇએ. આજના સુધારાએ ઉક્ત પ્રવૃત્તિઓ સામે મનગમતી વાતો ચલાવી છે. 'આપણે જમણ કરીએ અને બીજા ભૂખે મરે સંઘ કાઢવા કરતાં પુસ્તકાલય કે નિશાળનો પાયો નાખવો શો ખોટો !

પરંતુ જૈન ધાર્મિક ક્રિયાઓની પાછળ જે સિદ્ધાન્તો અને ઉદ્દેશો કામ કરી રહ્યા છે તેની તુલનામાં સુધારકોની તમામ વાતો નકામી જ ગણાય. સ્વામીવાત્સલ્ય કે સંઘ પાછળ ખર્ચાતા પૈસામાં પહેલો ઉદ્દેશ એ છે કે, ' માનવીની લક્ષ્મી–મૂર્ચ્છા ઘટાડવી, તેની ધર્મ ભાવના દૃઢ કરવી. આખા શ્રી સંઘને ધર્મ–કુટુંબ સમજતાં થવું. ઉપરાંતમાં વિશ્વની સાથે સંકળાયલા સૂક્ષ્મ ઉદ્દેશો પણ છે. શ્રી સંઘ યાત્રાર્થે જાય એટલે તેમાં સ્હેજે બે હજાર માણસ હોય, સાથે પૂ. સાધુ, સાધ્વીઓ હોય, દહેરાસર હોય, પોતાના વતનથી યાત્રાધામને જેટલા ગાઉનું અંતર હોય તેટલા ગાઉમાં શ્રી સંઘનું પવિત્ર જીવન્ત બળ સૂક્ષ્મ પાવિત્ર્ય પ્રસરાવે, જેના રજકણો વિશ્વના સીમાડા સુધી પહોંચી શકે અને પ્રાણીમાત્રને કલ્યાણની દિશાનું જ સૂચન કરે. જૈન ધર્મની પ્રત્યેક **ધાર્મિક ક્રિયાની પાછળ સ્થૂલ અને સૂક્ષ્મ** ઉભય ઉદ્દેશો તરી રહ્યા છે. કે જેથી તે સામાન્યમાં સામાન્ય સંસારીને પણ મનગમતો બની શકે અને છેલ્લામાં છેલ્લી કોટીનું સૂક્ષ્મ જીવન વીતાવવા ઇચ્છતા મહામાનવને પણ બંધબેસતો આવી શકે. શ્રી તીર્થંકર દેવોએ ધર્મની રચનામાં એ ખાસ ખૂબી કરી છે,

આત્માને વિવિધ પ્રકારના સાંસારિક વિષયોનાં જન્મો જન્મનાં સારાં નરસાં કર્મદળોથી મુક્ત કરવો તેનું નામ જ મુક્તિ અને તે બદલ ઉપર સૂચવેલા માર્ગોનું યથાશક્તિમાન મન–વચન કાયાથી જાળવવું જ પડે. જૈનધર્મનો કોઇ પણ સિદ્ધાન્ત એવો નથી કે તે સમજવાથી કે બોલવાથી જ કલ્યાણ થાય. તેને તો સમજવો પડે, તે પ્રત્યે આદર ધરવો પડે અને ક્રિયા વડે આત્મામાં તેનો સંદેશો વહેતો કરવો પડે ત્યારે જ કાંઇક રસ્તો સૂઝે.

જે ભવ્યાત્માઓ જે રસ્તે ચાલવાથી મુક્ત થયા, આનંદમાં મળી શક્યા અને તે પછી તેમણે, તે માર્ગે જવાની જે ચાવીઓ દર્શાવી તેજ ચાવીઓ અમે ઉપર વર્ણવી છે. તેનું પાલન, આત્માનંદનું પરમ કારણ બનો !

**જીવવાની રીતઃ**—તેના મુખ્ય બે પ્રકાર. એક શરીરમાં જીવવુ, બીજુ દુનિયામાં જીવવું. શરીરમાં જીવવું એટલે શારીરિક વિષયોને સંતોષવા કાજે જીવન વહવું. દુનિયામય જીવન એટલે શરીરને ટકાવવા સાથે આત્માના વિશ્વમય જીવનને ખીલવવું. આજે આપણું જીવન લગભગ શરીરને લગતું છે. બે ત્રણ વખત જમવું, કમાવું, એકબીજાની વાતો કરવી ને રાત્રે ઊંઘી જવું એ આપણી આજની દૈનિક જીવનચર્યા છે. જ્યારે શ્રી મહાવીર સ્વામીના સમયના માણસોની જીવનચર્યા આપણી આજની જીવનચર્યા કરતાં ઘણાજ ઊંચા પ્રકારની હતી. શ્રદ્ધાપૂર્વક ડાળીને વળગી રહેતી પોયણી જેમ પુષ્પનું રૂપ ધારે છે તે રીતે તે સમયના લોકો ધર્મની આંગળી ઝાલીને જીવન વ્યતીત કરતા. તેથી તેમનું મનોબળ મક્કમ, શરીર સુદૃઢ અને આત્મા અડોલ રહેતો. આજે ધર્મની આંગળી છોડીને જીવન વીતાવતા માણસોમા એથી વિપરીત ચંચળ ચિત્ત, ડોલતું શરીર અને સૂતેલો આત્મા માલમ પડે છે.

શ્રી વીરે પ્રકાશેલો જે ધર્મ તે સમયના માણસોને સર્વ રીતે કલ્યાણકારી નીવડતો હતો, તે જ ધર્મ આજે પણ જીવન્ત છે. તેના તે સમય જેવા ઉપદેશકો ( પૂ. સાધુ-સાધ્વીઓ ) પણ મોજુદ છે છતાં આજે આપણી જીવનદશા તે સમયના માનવોની તુલનામાં બહુ જ નીચલા દરજ્જાની ગણાય તેવી થઈ પડી છે તેનું કારણ? કારણ એજ કે આપણી નજર નજીકનું જોવામાં જ રસ ધરાવે છે, ભૂત કે ભાવિના ખ્યાલની દરકાર આજે આપણને રહી નથી. સારાસારનો વિચાર કર્યા વિના ગમે ત્યાં દોડીએ છીએ અને પરિણામે આપણા જીવન શક્તિનો અખૂટ ઝરો કાર્યના પવિત્ર પ્રદેશમાં વહેવાને બદલે અકાર્યના પ્રચંડ સહરામાં મળી જાય છે. ઈન્દ્રિયોને ગમે તે ઉત્તમ, એવા વિચારો આજે આપણા પવિત્ર અંતર—સરના બન્ને કાંઠે પ્રતિપળે અથડાઇ રહ્યા છે જેથી વિચારના સુરભિમય કમળોને

વિકસવાની તક જ મળતી નથી અને પવિત્ર વિચારબળ સિવાય જીવન કાર્યમાં પણ પાવિત્ર્યની ફોરમ ક્યાંથી મ્હેંકી શકે ?

સાચું જીવન જીવવા માટે શરીરની ચાર દિવાલોની બહાર ડોકાવવાની જરૂર છે પણ જ્યાં સુધી શરીરમાં પુરાઇ રહીશું ત્યાં સુધી ઇન્દ્રિયોના બોલ ઉપર જ જીવન વીતાવવું પડશે અને એવા જીવનથી સ્વપરના અહિત સિવાય બીજું પરિણામ નહિ આવે. સુષુપ્ત આત્મ જ્યોતિને જ્યારે વિષયોના લાલ ધૂમ્મસમાંથી બહાર નીકળવાની તક મળશે ત્યારે જ આપણું જીવન હળવું અને કૃત્ય-કૃત્ય બનશે. કેવળ પાંચ ઇન્દ્રિયોને પોષવા માટે જન્મ નથી, જન્મીએ છીએ તે જીવવા, નહિ કે મરી જવા. અને જન્મીને ત્યારે જ જીવી શકાય, જ્યારે જીવનના સાચા મૂલ્યની ખબર પડે ? જીવનને એની બાહ્ય જરૂરીઆતો પૂરી પાડવા માટે જીંદગીની પ્રત્યેક પળ ગૂમાવનાર માનવી, મરી મરીને ઊભો થતો ગણાય કારણ કે જ્યારે જ્યારે એને જરૂરીઆત મેળવવાના પ્રયાસમાં નિષ્ફળતા સાંપડે, ત્યારે તે વિવશ બની જાય અને મૃત્યુને આરે જઇને ઊભો રહે. વળી વર્ષે બે વર્ષે સફળતાની તક આવે ત્યારે હર્ષઘેલો બનીને ઊભો થાય.

વાસ્તવિક જીવનની આ રીત ન હોય. એમાં તો સ્થૂલ જાવક કરતા સૂક્ષ્મ આવક વધારે હોય. શરીર વડે છ કલાક મહેનત કરવી પડે તો બાકીના સમયમાં તેજ શરીરને ધર્મનાં ઉજ્જવળ કાર્યોમાં ગોઠવી શકાય; જેમ બાહ્ય જરૂરીઆતો ઘટે તેમ તેમ ઇન્દ્રિયો આત્માનો રંગ પકડતી થાય. પશુ પણ ખાઇ–પીને મોજ કરે છે. કેવળ બાહ્ય જરૂરીઆતો પાછળ મથવું એ માનવ જીવનનો હેતુ નથી. ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ અને શાશ્વત શાંતિના રાહે ડગ માંડવા એ માનવ જીવનનો હેતુ છે તે હેતુને બર લાવવા માટે જ શ્રી મહાવીરે રાજપાટ તજીને સાધુધર્મ અંગીકાર કરેલો. તેમજ

વિશ્વના પ્રાણીમાત્રને કલ્યાણકારી ધર્મમાર્ગનો ઉપદેશ દીધો. શ્રી મહાવીરના એ ધર્મપ્રકાશને આધારે આપણે પણ આગળ વધી શકીએ તેમ છીએ. તે સમયના અને તેની પછીના માનવો તે ધર્મના આધારે સંસારમાં આત્માની મહત્તા સ્થાપી ગયા, તો આપણે પણ તેમાંનું થોડું આજે કરવું જોઇએ.

કેવળ પુદ્દગલ ( શરીર ) માં રાચતા આજના જનસમાજમાં આપણે પણ શ્રી વીરનો સંદેશો ફેલાવવો જોઇએ. પરંતુ તે પહેલાં તે સંદેશાને આપણા જીવનની ગલીએ ગલીમાં રમતો કરવો જોઇએ કે જેથી આપણને જોતાં જ આપણા જીવનમાંથી શ્રી વીરનાં અમૃત–સત્યોની સુગંધ તેમને આવે અને તેઓનું જીવન પણ સન્માર્ગે વળે.

**સર્વજ્ઞ**—પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સર્વજ્ઞ હતા અને છેલ્લા શ્રીમહાવીર પણ સર્વજ્ઞ હતા. તેથજ સઘળા તીર્થંકરો સર્વજ્ઞ હતા, છે અને રહેશે.

'આ વિશ્વમાં કોઇ સર્વજ્ઞ થયુ હશે કે નહિ !' એ જાતની શંકા આજે કેટલાય ને ધર્મના નિશ્ચિત પંથ પરથી ડગમગાવી રહી છે. વિશ્વ અનંત છે, માનવીઓની શક્તિ તેના પ્રમાણમા અલ્પ છે. અલ્પ શક્તિ વડે તેઓ વિશ્વના ત્રિકાલવર્તી સમગ્ર પદાર્થોને કે તે પદાર્થોને એકી સાથે એકજ સમયે જાણનારને ન જાણી શકે તે બનવાજોગ છે.

આ વિશ્વમાં ઘણું ઘણું જાણવા અને જોવા જેવું છે કેટલુંક દૂર છે, કેટલુંક નજીક છે. કેટલુંક સ્થૂલ સ્વરૂપમાં અને કેટલુંક સૂક્ષ્મરૂપે છે. જો બધુ છે તો તે બધાને એકજ સમયે જાણનારો પણ હોય અને જે તે બધું એકજ સમયે જાણે તે સર્વજ્ઞ.

શ્રી મહાવીર પણ સર્વજ્ઞ હતા. આત્માની સર્વજ્ઞતા ખીલવવા

માટે તેમને પણ વર્ષો સુધી તપમાં તપવું પડયું હતું અને પછી જ સર્વજ્ઞ થયા હતા. થોડા પ્રયાસનું ફળ થોડું, ઉચ્ચ પ્રકારના ધ્યેયપૂર્વક આદરાતા ઉચ્ચ પ્રયાસોનું ફળ તેવું જ.

બુદ્ધિના અમે તેટલા વિકાસથી સર્વજ્ઞ ન થવાય. સર્વજ્ઞ થવા માટે આત્માની આસપાસનાં કર્મદળોને સર્વથા દૂર કરવાં પડે અને પછી આત્માનો સ્વાભાવિક પ્રકાશ મોકળો થાય છે.

સર્વજ્ઞનાં વચનો કાળ સામે પણ ટકી શકે. કારણ કે તે આત્માના આનંદમાંથી પ્રગટેલાં હોય અને આત્મા જેટલી તેની અવધી હોય. કાળ, સ્થૂલ દ્રવ્યને ખાય, સૂક્ષ્મ તેનાથી ન ચવાય. માટેજ સર્વજ્ઞ ધર્મ એ દુનિયાનો પ્રથમ અને પ્રકાશવન્તો ધર્મ ગણાય. શ્રીવીરનાં વચનો પ્રમાણે જીવનમાં જીવવા માટે જ સર્વ શાસ્ત્રકારો આજ્ઞા કરે છે કારણ કે તેમાં આપણું હિત છે.

આજનો પવન સુધારાનો મણાય છે, પણ તે શરીરની સગવડો સુધારવા પૂરતો, નહિ કે ઢંકાઈ રહેલા ધર્મ માર્ગના ચીલાઓ સુધારવાનો! ને આજે સૌને શરીરનો—શરીરની સગવડોનો સુધારો ગમે છે, સર્વ કોઇ પુદ્ગલવાદમા રસ ધરાવે છે.

બહારની દુનિયાની ધમાલભરી હકીકતો વાંચવા આજે દરેકને વર્તમાન પત્ર ( News paper ) વાંચવાની ખાસ ટેવ પડી છે અને તે એટલે સુધી કે તેના વગર તેઓ રહી-ન શકે. એટલે ટેવ નહિ પણ વ્યસન પડયું ગણાય. જ્યારે ધર્મ પુસ્તકો કે જેમાં સર્વજ્ઞનાં વચનો નો સાર વિસ્તારથી આલેખાયેલો છે, તે વાંચવાની કોઇને ય ફુરસદ મળતી નથી.

કલિકાલ છે, સવળી મતિના માણસોને પણ તે અવળી દિશામાં દોરી જાય છે. તેમની પાસે એક ધોળું કાર્ય કરાવવું તે તેને રૂચતું નથી. કાળાં કાર્યોમાં તે નિજના 'કલિકાલ' નામની સાર્થકતા

સમજે છે. કલિના પ્રભાવથી બચવા માટે સર્વજ્ઞોક્ત વચનોનો આશ્રય એ મોટામાં મોટો ઉપાય ગણાય. કારણ કે કલિ ત્યાં નહિં પહોંચી શકે. આત્માના પ્રદેશમાં પગલાં કરતાં પહેલાં તેને પણ પોતાના વિચારની કાલિમા ધોવી પડે, જે તેના માટે અત્યારે શક્ય નથી. એટલે સર્વજ્ઞનાં વચનોનો આશ્રય ઉત્તમ ગણાય. બાકી દુનિયાના કોઈપણ સુખી ગણાતા માનવની ખુરસી પર બેસવાથી પણ તમે કલિની છાયામાંથી મુક્ત નહિ જ બની શકો. ગમે તેટલા ધનવાન થવા છતાં, સર્વજ્ઞોક્ત ધર્મમાર્ગના આશ્રય વિના, તમારી તે લક્ષ્મી, કલિની પ્રેરણાથી તમે એવા માર્ગે ખર્ચવા તૈયાર થશો કે જેથી તમને અને અન્યને અલ્પ લાભની અપેક્ષાએ હાનિ વિશેષ થશે.

કલિકાલ એટલે કાળના સનાતન ઝરણનો વાંક-વંકાવું તે. વિશ્વની સમગ્ર પ્રજાઓના અવ્યવસ્થિત અને અધાર્મિક જીવનપ્રવાહના બેસૂરા અવાજની સૂક્ષ્મ અસરથી કાળ તેવું સ્વરૂપ પકડે અને પછી તે જ સ્વરૂપની છાયામા વિશ્વની સમગ્ર પ્રજાઓને તે ભમાવ્યાં કરે. તેની છાયામાંથી તેઓ જ ઊગરી શકે, કે જેઓનું જીવન સદાને માટે વ્યવસ્થિત અને ધર્મરંગી હોય. કાળની અસરમાંથી બચવા અને વ્યવસ્થિત તેમજ ધર્મરંગી જીવન જીવવાને માટે આપણે સર્વજ્ઞ ભાષિત શબ્દો પર રચાયલ પુનિત ધર્મશાસ્ત્રો પર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવવી જોઈએ, તેમજ તેમા ફરમાવેલા નિયમો પ્રમાણે યથાશક્તિ વર્તન રાખવુ જોઈએ.

સર્વજ્ઞતા એ જેના જીવનનો ઊંડો ઊંડો પણ આદર્શ હોય, તે સર્વથા નહિ તો પણ કાળની થોડી ઘણી અસરમાંથી બચવા પામે છે.

સ્વચ્છ કાળથી જેનું જીવન પર હોય તે ' સર્વજ્ઞ 'ની ભૂમિકાને પહેલે પગથિયે પહોંચ્યો ગણાય !

શ્રમણ ભગવાન મહાવીરનાં રાજગૃહીનાં ચોમાસામાં દીક્ષા લેનાર ભવ્યજીવોનો ક્રમ:—

પહેલું ચોમાસું:—મેઘકુમાર-નંદિષેણુની દીક્ષા.

ચોથું ચોમાસું:—ધન્યકુમાર ને શાલિભદ્રની દીક્ષા.

છઠ્ઠું ચોમાસું:—મંકાતી વિગેરે ગૃહસ્થોની દીક્ષા.

સાતમું ચોમાસું:— જાલિ, દીર્ઘસેનાદિ એકવીસ રાજકુમારો અને નંદાદિ તેર શ્રેણિકની રાણીઓની દીક્ષાઓ આર્દ્રકુમારની દીક્ષા.

દશમું ચોમાસું:—અનેક માનવોએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

બારમું ચોમાસું:—અભયકુમાર વિગેરેનું અનશન.

સત્તરમું ચોમાસું:—અનેક મુનિઓનાં અનશન.

એકવીમસું ચોમાસું:— કાળ ઉપર ઉપદેશ વિગેરે.

બાવીસમું ચોમાસું:—જાલિ-મયાલિ આદિ મુનિઓનું વિપુલાચલ પર (નાલંદા) અનશન લેપશ્રેષ્ઠીની દીક્ષા.

પચીસમું ચોમાસું:—ગણધર પ્રભાસ તથા અનેક મુનિઓનાં નિર્વાણ.

છવ્વીસમું ચોમાસું:—ગણધર અચલભ્રાતા અને મેતાર્યનું નિર્વાણ. (નાલંદા)

ઓગણત્રીસમું ચોમાસું:—અગ્નિભૂતિ અને વાયુભૂતિનું નિર્વાણ.

# પ્રકરણ પાંચમું

## વહેતાં જીવન તેજ

❋

**સાર:**—પ્રભુ મહાવીરના દશ શ્રાવકોનાં જીવન.ઝરણુ. ઉપાસકની અગ્યાર પ્રતિમાનું સ્વરૂપ. ઉદાયન રાજર્ષિનું જીવન. શુભ ભાવનાનું સુક્ષ્મ બળ. મૃગાવતીનું આદર્શ જીવન. ધન્યકુમારની દીક્ષા અને તેમનું તપ. પિંગલ મુનિએ સુન્ધક તાપસને પૂછેલા આલોક પરલોક સંબંધી વિવિધ પ્રશ્નો. પરમજ્ઞાની શ્રી મહાવીરે તેના આપેલા જવાબો જેમાં જીવનના સઘળાં તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે જમાલિનું જીવન, ગોશાલક અને શ્રી મહાવીર વચ્ચે ચાલેલી પ્રશ્ન પરંપરા. ગોશાલકની ઉદ્ધતાઇ. શ્રી મહાવીર પર તેણે છોડેલી તેજોલેષ્યા વિ. વિ.

**વિહાર:**—વિ. સં. પૂર્વે ૪૯૮ માં વૈશાલીમાં બીજો વર્ષાવાસ વીતાવી, શ્રી મહાવીરે વત્સભૂમિ તરફ વિહાર કર્યો. રસ્તામાં કૌશામ્બી નગરીમાં જયન્તી શ્રાવિકા સાથે ચર્ચા થઇ, ચર્ચામાં તેને સમાધાન

કારક ઉત્તર મળવાથી તેણીએ દીક્ષા લીધી ને શ્રી વીરે કોશલ તરફ પ્રયાણ શરૂ કર્યું. શ્રાવસ્તીમાં સુમનોભદ્ર અને સુપ્રતિષ્ઠિને દીક્ષા આપી, વિદેહ તરફ વળ્યા; ને વાણિજ્ય ગ્રામમાં પધાર્યા. વાણિજ્ય ગ્રામમાં [1]ગાથાપતિ આનંદે તેમજ તેની પત્ની શિવાનંદાએ શ્રી વીર વાણીનો સ્વીકાર કરી શ્રાવક ધર્મને યોગ્ય બાર વ્રતોનો સ્વીકાર કર્યો.

**આનંદ શ્રાવકઃ**—શ્રી મહાવીરના દશ મુખ્ય શ્રાવકોમાં આનંદ શ્રાવક પહેલા છે.

આનંદના પિતાનું નામ ધનદેવ, માતાનું નામ નંદા. વખત વીતતાં આનંદનાં માતાપીતા ગુજરી ગયાં. આનંદને તેથી દુઃખ થયું, છતાં હિમ્મતથી તે કામમાં જોડાયો ને ધીમે ધીમે ખેતીના ધંધામાં રસ ધરાવતો થયો અને તેમાં તે સારી રકમ રળ્યો. પણ ધનથી તે છળે તેવો ન હતો. તેણે પોતાની મિલ્કતની સુંદર વ્યવસ્થા કરી. ચાર મોટા ગોકુળ રાખ્યા અને ચાર વ્હાણો પરદેશમાં ફરતાં રાખ્યાં.

વાણિજ્ય ગ્રામના દ્યુતપલાસ [2] બગીચામાં એકદા શ્રી મહાવીર પ્રભુ પધાર્યા. આનંદ પણ પ્રભુને વાંદવા ગયો. ઉપદેશ સાંભળવા બેઠો. સંસારની ગડમથલમાં જીવનનો અમૂલ્ય સમય વીતાવનાર આનંદને શ્રી વીરનો ઉપદેશ બહુજ ગમ્યો. તે ઉપદેશની સીધી અસર તેના અંતરમાં થઈ તેણે બારવ્રત પાલનની શ્રી મહાવીર પ્રભુ પાસે પ્રતિજ્ઞા લીધી. વ્રતની વાત તેણે ઘેર આવીને પોતાની પત્ની શિવાનંદાને વાત કરી. તે પણ શ્રી વીર પાસે ગઈ ને વ્રત ગ્રહણ કર્યાં.

---

૧ તેના સ્થાન વિશે નીચેનું ટિપ્પણ જુઓ.

૨ દ્યુતપલાસચૈત્યમાં શ્રી મહાવીરે દીક્ષા લીધી હતી અને તે વૈશાળી નગરીમાં ગણાતું એમ વર્ણન કરાયું છે. એટલે સાબિત થયું કે વાણિજ્યગ્રામ તે વૈશાળી નગરીનું એક પરૂં જ હતું.

એ રીતે ચૌદ વર્ષ વ્યતીત થયા પંદરમાં વર્ષે આનંદ શ્રાવકે વિચાર કર્યો કે, વીતરાગના ધર્મોપદેશથી મને ઘણીજ આધ્યાત્મિક શાંતિ મળી છે. તે શાંતિને વ્યાપક બનાવવા રહ્યો સહ્યો સંસારભાર પણ મારે છોડી દેવો જોઈએ ને એકાંતમાં રહીને ધર્મમય જીવન જીવવું જોઈએ.

બીજા દિવસનો સૂરજ આકાશમાં પ્રકાશ્યો ને આનંદ શ્રાવકે તમામ પ્રકારનો ગૃહભાર પોતાના પુત્રના ખભે નાખ્યો અને પોતે એક પૌષધ શાળામાં જઈને રહ્યા. ત્યાં એક સાધુની જેમ જીવન ગાળવા લાગ્યા તથા ઉપાસકની રીત પ્રમાણે અગ્યાર પ્રતિમાનું વહન કરવા લાગ્યા.

૧ **દર્શન પ્રતિમાઃ**—એક માસ સુધી સમ્યકત્વ બરાબર પાળવું.

૨ વ્રત પ્રતિમા—સ્વીકારેલા અણુવ્રતો નિરતિચારપણે બે માસ સુધી પાળવા.

૩ સામાયિક પ્રતિમાઃ—નિરતિચારપણે સામયિક ત્રણ માસ કરવું.

૪ પૌષધ પ્રતિમાઃ—આઠમ, ચૌદસ. અમાવસ્યા, પૂર્ણિમા આદિ તીથિ દિનો પર પૌષધ લેવો, તે પ્રમાણે ચાર મહિનાની તે તે તિથિઓ પર પૌષધ લેવો.

૫ કાયોત્સર્ગ પ્રતિમાઃ—પર્વ તિથિએ રાત્રે ચૌટાદિકને વિષે કાયોત્સર્ગ કરવો.

૬ અબ્રહ્મવર્જન પ્રતિમાઃ—છ માસ સુધી શૃંગારનો ત્યાગ કરવો. સ્ત્રી સંબંધનો ત્યાગ કરવો તેમજ સ્ત્રીની સાથે વાતચીતનો પ્રસંગ પણ ઘટાડી દેવો.

૭ સચિત આહાર વર્જન પ્રતિમાઃ—સ-જીવ વસ્તુ સાત મહિના સુધી ખાવી નહિ.

૮ સ્વયં આરંભ વર્જન પ્રતિમાઃ—આઠ મહિના સુધી કશી પણ પાપ પ્રવૃત્તિ પોતાની જાતે ન જ કરવી.

૯ ભૃતક પ્રેષ્યારંભ વર્જન પ્રતિમાઃ—નવ મહિના સુધી નોકર ચાકર દ્વારા કશી પણ સપાપ પ્રવૃત્તિ ન કરાવવી.

૧૦ ઉદ્દિષ્ટ ભક્ત વર્જન પ્રતિમાઃ—દશ મહિના સુધી મુંડાયલા મસ્તકે રહેવું અને પોતાને ઉદ્દેશીને બનાવેલા ખાનપાન ન લેવાં.

૧૧ શ્રમણ–ભૂત પ્રતિમાઃ—અગિયાર માસ સુધી સાધુ જેવી પ્રવૃત્તિ રાખવી.

આવું જીવન જીવતાં તેમનું મન ખૂબ નિર્મળ થયું. વિચારોનો પ્રદેશ વ્યાપક અને ઉચ્ચગામી બન્યો. તપનું તેજ જેમ તેમના જીવનમાં ખીલવા માંડયું, તેમ તેમ તેમનું શરીર ઘસાવા લાગ્યું. તેમનો અંતકાળ નજીક ગણાયો. જીવનમાં કરેલી ભૂલચૂકોની સર્વે જીવો પાસે ક્ષમા માગી. ને સર્વેની તેજ પ્રમાણે ક્ષમા યાચી. ક્ષમા સભર તેમના હૈયામાં શ્રી જિનેશ્વરદેવનું નામ આઠેય પ્રહર રમવા માંડયું. જીવનની પવિત્રતા વ્યાપક બનતાં તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

તેવામાં શ્રી વીર પ્રભુની આજ્ઞા લઈ ઇન્દ્રભૂતિ ગણધર તે ગામમાં ત્રીજી પોરસીએ ગોચરીએ નીકળ્યા. લોકોના મુખથી આનંદજીની વાત સાંભળી, તેઓ તેમની પૌષધ શાળા તરફ વળ્યા.

શ્રી ગૌતમ સ્વામીને આવતા જોઈ આનંદજી ઘણા ખુશી થયા. તેમને વંદના કરી અને નમ્રભાવે વિનંતિ કરી કે, ‘ હે સ્વામી ! તપસ્યાને લીધે મારા શરીરમાં માત્ર નાડી અને અસ્થિ રહેલાં છે, તેથી હું આપની સમીપે આવવાને શક્તિમાન થયો નથી, પણ મારા ઉપર ઉપકાર કરવા આપ પધાર્યા છો તે મારા અહોભાગ્ય સમજું છું. ’ પછી તેમણે ગણધર મહારાજને પૂછ્યું કે,

‘ સ્વામી ! ગૃહસ્થને ઘરમાં રહેતાં છતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય કે નહિ ? ’

'હા થાય' ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો.

'મહારાજ ! મને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેનાથી હું પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં પાંચશો યોજન સુધી દેખી શકું છું ને ઉત્તર દિશામાં હિમવંત વર્ષધર સુધી, ઉર્ધ્વલોકે સૌધર્મ દેવલોક અને અધોભાગે રત્નપ્રભા પૃથ્વીના લોલુચ્ચય નામના નરકાવાસ સુધી જાણું છું, દેખી શકું છું.' આનંદજીએ નમ્રભાવે ગૌતમ સ્વામીને કહ્યું.

'હે ભદ્ર ! ગૃહસ્થને અવધિજ્ઞાન થાય, પણ તે તમે કહો છો તેટલું મોટું નહિ. માટે આ સ્થાને તમે તેની આલોચના કરો.' આનંદજીના શબ્દો પર વિશ્વાસ ન આવતાં ગૌતમ સ્વામી બોલ્યા.

'હે મહારાજ ! જિન પ્રવચનમાં સાચા અર્થની આલોયણા હોય ?' આનંદજીએ પૂછ્યું.

'ના હોય' ગૌતમ સ્વામીએ કહ્યું.

'મહારાજ ! જો એમ છે તો પછી આપને જ એ પ્રમાણે આલોચના કરવી ઘટે છે.' પોતાને ઉપજેલ જ્ઞાનની મર્યાદા પર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા આનંદજી બોલ્યા.

આનંદજીના શબ્દો પર શંકા પડતાં, ગૌતમ સ્વામી શ્રી મહાવીર પાસે ગયા. ગમનાગમન પ્રતિક્રમણાદિક પૂર્વક નમીને તેમણે શ્રી વીરને સર્વ વૃત્તાંત નિવેદન કર્યો અને પૂછ્યું,

'હે સ્વામી ! આલોચના આનંદજીને કરવાની કે મારે ?'

'તમે જ આલોચના કરો. અને તેને માટે આનંદને ખમાવો' ભગવંતે ગૌતમ સ્વામીને કહ્યું.

શ્રી વીરનાં વચનોને શિરોમાન્ય લેખવતા ગૌતમ સ્વામી પુનઃ આનંદજી પાસે ગયા ને તેમને ખમાવ્યા. તે સમયે મહાજ્ઞાનીઓ પોતાની નજીવી ભૂલનું પ્રાયશ્ચિત કરતાં પણ નાનમ નહોતા સમજતા.

ત્રીજો વર્ષાવાસ શ્રી મહાવીરે વાણિજ્યગ્રામમાં કર્યો ને ત્યાંથી વિહાર કરીને ચોથું ચોમાસું રાજગૃહમાં વીતાવ્યું.

વર્ષાઋતુ વીતતાં શ્રી મહાવીરે ચંપાનગરી તરફ વિહાર શરૂ કર્યો. ચંપાનગરીમા દત્ત નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેને રક્તવતી નામે ગુણશિલસંપન્ન પટરાણી હતી. તેમનાથી તેને એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ પાડયું મહેન્દ્ર. મહેન્દ્ર મોટો થયો, યુવાન થયો. શ્રી વીર ત્યાં પધાર્યા ત્યારે તે તેમનો ઉપદેશ સાંભળવા ગયો. ઉપદેશના અસલી રંગમાં સંસાર પ્રતિના રાગ–દ્વેષનો તેનો બનાવટી રંગ ગળી ગયો. તેણે શ્રી મહાવીર પાસે દીક્ષા લીધી.

કામદેવઃ—શ્રી મહાવીરના બીજા શ્રાવક કામદેવ તે ચંપાનગરીના રહેવાસી. તેમની સ્ત્રીનું નામ ભદ્રા. તેમનો વૈભવ પણ આનંદ શ્રાવક જેવો હતો.

પરમ ઉપકારી શ્રી મહાવીરના ઉપદેશથી કામદેવે પણ બાર વ્રત અંગીકાર કર્યાં. તેની સ્ત્રીએ પણ શક્તિમુજબ વ્રત લીધાં. એમણે ચૌદ વર્ષ પછી તદ્દન એકાંત જીવન શરૂ કર્યું. તે વખતે તેમની એક આકરી કસોટી થઇ.

કામદેવ શ્રાવક એક રાત્રે પૌષધશાળામાં ધ્યાનાવસ્થામાં ઊભા હતા. રાત અંધારી હતી, ત્યાં કોઇ દેવ, પિશાચનું રૂપ ધરીને આવ્યો. તેની આકૃતિ તદ્દન બેડોળ, કાચોપોચો તો તેને જોતાંજ તમ્મર ખાઇ જાય ! તેને અનેક પ્રકારની ભયંકર ધમકીઓ વડે કામદેવને ધ્યાનમાંથી ચલાવવાનો પ્રયાસ કર્યો. પણ કામદેવની શુધ–બુધ આત્મામાં હતી, શરીરથી પર બની તેઓ અત્યારે આત્મલીન હતા. પિશાચથી તેઓ નજ ડગ્યા. રૂપધારી દેવ છેવટે થાક્યો ને કામદેવની ક્ષમા માગી. પોતાને સ્થાનકે ગયો.

શ્રી મહાવીર તે સમયે ચંપાનગરીના ઉદ્યાનમાં હતા. તેમની

જ્ઞાનમય નજરે કામદેવનો ઉપસર્ગ અને નિશ્ચલપણું તરી આવ્યા. બીજી સવારે કામદેવ જ્યારે શ્રી વીરને વાંદવા ગયો, ત્યારે પ્રભુએ તેને રાત્રે થયેલા ઉપસર્ગનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને પૂછયું કે, 'કામદેવ ! આ હકીકત સત્ય છે?' કામદેવે નમ્રતાપૂર્વક કહ્યું 'હે સ્વામી ! એમજ છે.' એક ગૃહસ્થના આટલા ધૈર્યની વાતો સાંભળી, ત્યાં બેઠેલા સાધુ–સાધ્વીઓને ચારિત્રમાર્ગમાં સહાયક અસર થઈ.

ચંપાથી વિહાર કરીને શ્રી મહાવીર-ઉદાયન રાજાના–માનસિક વિચારો જાણીને સિંધુ–સૌવીરના પાટનગર–વીતભયનગર તરફ વળ્યા. વિ. સંવત પૂર્વે ૪૯૬=ઇ. પૂ. ૫૫૩

**ઉદાયન રાજા:—**[1]ઉદાયનના માનસિક વિચારો. એક વખત ઉદાયન રાજાએ ધર્મકાર્યમાં ઉદ્યુકત થઇ, પૌષશાળામાં પાક્ષિકપર્વે પૌષધવ્રત ગ્રહણ કર્યું. રાત્રિજાગરણમાં શુભ ધ્યાન ધરતા તે રાજાને આ પ્રમાણે શુભ અધ્યવસાય ઉત્પન્ન થયો 'તે ગામ અને નગરને ધન્ય છે કે, જે શ્રી વીરપ્રભુએ પવિત્ર કરેલાં છે. રાજાદિક પણ ધન્ય છે જેઓએ તેમના મુખમાંથી ધર્મ સાંભળ્યો છે, અને જેઓએ તે વીર પ્રભુના ચરણકમળની સાંનિધ્યે પ્રતિબોધ પામી, બાર પ્રકારના ગૃહસ્થ ધર્મને અંગીકાર કર્યો છે તેઓ કૃતાર્થ થયા છે. તે પ્રભુના પ્રસાદથી જેઓ સર્વ વિરતિને પામ્યા છે તેઓ શ્લાધ્ય અને વંદનીય છે. તેમને મારા લાખો પ્રણામ છે. હવે જો સ્વામી આ વીતભયનગરને પોતાના વિહાર વડે પવિત્ર કરે, તો હું તેમના ચરણમાં દીક્ષા લઇ કૃતાર્થ થાઉ.'

ઉદાયનના આવા માનસિક વિચારોનું પવિત્ર મોજું શ્રી વીરની સ્નેહસભર નજરમાં આવ્યું ને તેમણે ઉપકારની દૃષ્ટિએ ચંપાથી વીતભયનગરનો લાંબા અંતરનો વિહાર આદર્યો.

---

૧ ઉદાયી=મગધપતિ; ઉદયન=વત્સપતિ; ઉદાયન=સિંધુપતિ

ઉદ્દયન રાજાને અભીચિ નામે કુમાર અને કેશી નામે એક ભાણેજ હતો. તેમની રાણી પદ્માવતીએ તો પહેલાંથી જ દીક્ષા અંગીકાર કરી હતી.

એક હજાર માઈલ જેટલા લાંબા અંતરને કાપતાં શ્રી મહાવીર વીતભયનગરમાં[૨] પધાર્યા. ઉદાયન રાજાએ તેમને ભાવભીની વંદના કરી અને પોતાના મનોભાવ જણાવ્યા. દીક્ષાની અનુમતિ મળતાં રાજાએ પોતાના ભાણેજ કેશીને રાજ્યપાટ સોંપી શ્રી વીર પાસે તેમના સ્વ હસ્તથી દીક્ષા લીધી. અભીચિ રાજકુમારની વય નાની હોવાથી, તેના હિતની ખાતર જ રાજાએ પોતાના ભાણેજને રાજકાજની જવાબદારી સોંપી હતી.

તૃણની જેમ રાજ્યલક્ષ્મીને છોડીને શુદ્ધ સાધુપણાને ગ્રહણ કરનાર ઉદાયન છેલ્લા રાજર્ષિ છે.

**પાંચમું ચોમાસું:**—ઉદાયન રાજાને દીક્ષા આપીને, કરુણાસાગર મહાવીર ત્યાંથી ઝડપભેર વિદેહ તરફ પાછા વળ્યા. ગ્રીષ્મ ઋતુ હતી મારવાડ—મરૂ ભૂમિનો રણ જેવો પ્રદેશ હતો. તેમજ અંતર પણ લાંબું હોવાથી માર્ગમાં તેમની સાથેના શ્રમણોને ઘણાંજ કષ્ટ વેઠવાં પડયાં છતાં પણ ચોમાસું ત્યાંજ કર્યું. એક જીવના ઉપકાર માટે બે—બે હજાર માઇલનો વિહાર કરનાર પરમાત્મા શ્રી વીરનું જીવન કેટલું વ્યાપક અને અગાધ સમજવું ?

વાણિજ્ય ગ્રામમાં ચોમાસું ગાળી શ્રી મહાવીર કાશી તરફ ગયા. કાશીમાં ચુલણીપિતા અને સુરાદેવે શ્રાવકના વ્રત અંગીકાર કર્યાં.

---

૨ જે કેટલાકની માન્યતા છે કે શ્રી મહાવીરનો વિહાર પ્રદેશ કેવળ પૂર્વભારત દેશ જેટલો મર્યાદિત રહ્યો છે તેઓ આ સ્થિતિ નજરમાં રાખશે.

**ચુલ્લણીપિતાઃ**—દશ શ્રાવકોમાંના ત્રીજા. તેમની સ્ત્રીનું નામ શ્યામા. તેમનો વૈભવ પણ અખૂટ હતો. શ્રી વીરનો ઉપદેશ સાંભળીને તેમણે પણ શ્રાવકનાં વ્રત લીધાં. તેમની સ્ત્રી શ્યામા પણ વ્રતધારી થઈ.

પાછલી અવસ્થામાં તેમણે પણ એકાંત જીવન પસંદ કર્યું ને પૌષધ શાળામાં રહેવા લાગ્યા. એક રાતે તેમની પણ કસોટી થઈ. અનેક કસોટીઓ પછી જ સુવર્ણ સાથેની માટી દૂર થાય છે, તેમ આત્મા સાથેના અવગુણો વેગળા થાય છે. તેઓ ધ્યાનમાં ઊભા હતા, પૌષધ શાળામાં શાંતિ હતી. તે વખતે હાથમાં ખુલ્લી તરવાર નચાવતી એક ભયંકર મૂર્તિ તેમની સામે ખડી થઈ ને ગેબી અવાજે કહેવા લાગી.

'મૂર્ખ ! આ ઢોંગ છોડી દે' નહિતર તારા કુટુંબનું નામનિશાન નહિ રાખું. તારા મોટા છોકરાને મારીને તેનું લોહી તારા જ શરીર પર છાંટીશ. પરંતુ પુત્ર પિતાના સંબંધથી પર આત્માના સ્નેહમાં તલ્લીન ચુલણીપિતા તેની ધમકીથી ન ડગ્યા. તે નરપિશાચ વધુ ભયંકર બન્યો તેણે પોતાની વિદ્યાને બળે ચુલણીપિતાના ચારેય પુત્રોને મારીને ત્યાં પટક્યા. પછી તે ચુલણીપિતાની માને હણવા તત્પર થયો. માતાના ઘાતની વાતે જ ચુલણીપિતા કંપ્યા ને તેમના ધ્યાનમાં માતૃસ્નેહનો રાઝમય પત્થર અથડાયો. આંખો ખોલી, તે દુષ્ટ હત્યારાને મારવા તેઓ તૈયાર થયા પણ ત્યાં કોઈ જ હતું નહિ. દેવમાયા હતી તે અલોપ થઈ ગઈ હતી. ચુલણીપિતા ઝંખવાયા. ધ્યાનમાંથી ડગવા બાબત તેમણે પ્રાયશ્ચિત કર્યું ને ખૂબ પવિત્ર જીવન જીવવાની શરૂઆત કરી.

**સુરાદેવઃ**—શ્રી મહાવીરના ચોથા શ્રાવક. તેમને ધન્ના નામે ગુણવાન સ્ત્રી હતી. તે પણ શ્રી વીરના પવિત્ર જીવન તેજથી બાર વ્રતધારી શ્રાવક બન્યા. તેમની સ્ત્રીએ પણ યથાશક્તિ વ્રત ગ્રહણ કર્યાં હતાં.

વ્રતના ચૌદ વર્ષ વીતતાં સુરાદેવે એકાંત જીવન જીવવું શરૂ કર્યું. ઘણો વખત તેઓ ધર્મધ્યાનમાં જ વીતાવતા. એક રાત્રે તેઓ ધ્યાનમાં ઊભા હતા. ત્યાં એક ભયંકર માનવી તેમની સામે આવ્યો. તેણે સુરાદેવને સંસારમાં રહેવાની ધમકી આપી. પણ તેમણે તેની તે વાત ધ્યાનમાં ન લીધી. પછી તે ક્રૂર માનવે તેમના ચારેય પુત્રોને પોતાની વિદ્યાથી મરેલા બતાવ્યા, પણ સુરાદેવ તેથીય ડગ્યા નહિ, કારણ કે સર્વ પોત પોતાના સંબંધ પૂરા થયે, ગમે તેનું નિમિત્ત બનીને, પોતપોતાના કર્મોનાં ફળ ભોગવવા ઉપડી જાય છે! છેવટે તે માનવે સુરાદેવના શરીરમાં ભયંકર રોગ મૂકવાની વાત કરી ધર્મના મુખ્ય સાધનરૂપ શરીરમાં રોગની વાત સાંભળી, ધર્મપ્રિય સુરાદેવની લાગણી દુભાઈ, અંતરમાનાં સ્થિર નયનો બહાર આવ્યાં આસપાસ નજર ફેંકતાં કોઈ ન જણાયું ને કોઈ માયાવીની માયાથી પોતે બની ગયા હોવાનું સુરાદેવને જણાયું. સુરાદેવે તેનું આકરું પ્રાયશ્ચિત લીધું ને પૂરેપૂરૂં પવિત્ર જીવન જીવવાની શરૂઆત કરી.

લક્ષ્મીના ચંચળ તરંગોની મધ્યે, અચંચળ જીવન જીવતા મહામાનવોની પ્રશંસા કયો ચંચળ સંસારી ન કરે? અને એજ કારણે તેઓ શ્રી વીરના મુખ્ય શ્રાવકો તરીકે શાસ્ત્રમાં વર્ણવાયા છે. બાકી શ્રાવક ધર્મ પાળનાર તો તે સમયે [1]અસંખ્ય ભવ્ય જીવો હતા.

વાણારસી (કાશી) થી વિહાર કરતા શ્રી મહાવીર આલંભિકા ગામમાં પધાર્યા ત્યાં પોગ્ગલ નામે પરિવ્રાજકને બોધ આપ્યો તથા ચુલ્લશતકે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

**ચુલ્લશતક:**—શ્રી મહાવીરના પાંચમા શ્રાવક. અઢાર કરોડ સોનૈયાને આઠ હજાર ગાયોના તે સ્વામી હતા. બહુલા નામે તેમને સ્ત્રી હતી શ્રી વીરના પવિત્ર સમાગમથી તેમણે પણ શ્રાવકને યોગ્ય વ્રતો

---

૧ ઉપરગાંજે શ્રાવક સંખ્યાનો મર્મ (૩૬૫×૧૦×૧૦=૩૬૫૦૦) સમજાવ્યો છે તે સાથે સરખાવો

સ્વીકાર્યાં હતાં, પાછલી અવસ્થામાં તેમની પણ કસોટી થઈ હતી. તે કસોટીની શરૂઆતમાં તેઓ સ્થિર રહ્યા પણ પાછળથી ધન-નાશની ધમકીથી તેઓ ડગ્યા હતા. પછીનું જીવન સંયમી રીતે ગાળ્યું ને આત્મકલ્યાણ સાધ્યું.

**છઠ્ઠું ચોમાસું**:—આલંભિકા નગરથી વિહાર કરીને પરમાત્મા મહાવીર મગધના રાજનગર રાજગૃહ તરફ ગયા ને ચોમાસું પણ ત્યાં જ વીતાવ્યું. **સાતમું ચોમાસું** પણ મગધભૂમિના પાટનગરમાં જ વીતાવ્યું. રાજગૃહને લગતા શ્રી વીરના ઉપદેશો અને તેની પવિત્ર અસરથી વ્રતો અંગીકાર કરનાર ભવ્યાત્માઓનાં વર્ણન વિગેરે આગળ જણાવ્યા હોવાથી અત્રે નથી જણાવતો.

રાજગૃહથી શ્રી મહાવીરે વત્સદેશ તરફ વિહાર કર્યો માર્ગમાં આલંભિકાનગરે સમવસરણની રચના થઇ ને શ્રી વીરે ઉપદેશ શરૂ કર્યો.

'હે સંસારી જીવો! સંસાર તમને વહાલો છે, તેમાં ટકી રહેવા માટે તમે અવનવી યુક્તિઓ અજમાવો છો છતાં આખર સુધી કે કાળના જીવન સુધી તમે તેમાં એક જ શરીરે નથી ટકી શકતા. તો પછી એવા સ્થળ માટે કેમ પ્રયાસ નથી કરતાં, કે જ્યાં ગયા પછી અવતાર લેવાનું જ ન રહે, એવું સ્થળ નથી એમ નથી, તે છે, ચોક્કસ છે. પણ ત્યાં પહોંચવા માટે તમારે ઉચ્ચ પ્રકારનું ત્યાગમય જીવન જીવવું પડશે. જે યુક્તિઓ વડે તમે સંસારમાં ટકવાની આશા સેવો છો, એવી જ યુક્તિઓ વડે તમારે આત્મામાં ટકવાની ભાવનાઓ રાખવી પડશે. ઘડીભર માટે પણ વિષય ચિંતનમાંથી નવરી ન પડતી તમારી ચપળ ઇન્દ્રિયોને ધીમે ધીમે નિયમમાં લેવી પડશે એટલે નિત્યનો અમુક સમય તે ઇન્દ્રિયોના મૂળમાં સ્નેહના જળ સિંચવાં પડશે કે જેથી, વખત જતાં તેમાંથી સ્નેહના ફુવારા

પ્રગટવા શરૂ થાય. ઇન્દ્રિયનિગ્રહનું કામ સરળ છે અને નથી પણ. સરળ એને માટે છે જેનું મન કબજામાં હોય, બાકી ચંચળચિત્તના માનવો માટે ઇન્દ્રિયોને વશ કરવી એ કામ કઠીન છે. પણ કઠીન હોય તે ન જ થાય, એમ ન સમજતા. પુરૂષાર્થવાદી ગમે તેવા કપરા સંયોગોમાં પણ પાછો પાડનો નથી.

તમે સંસારમાં રહો કે દીક્ષા અંગીકાર કરો, પણ જ્યાં હો ત્યાં તમારે એવી રીતે જીવવું જોઇએ કે, વિશ્વના કોઇ પણ જીવને તમારા તરફથી કોઈ પણ પ્રકારની હાનિ ન પહોંચે. એમ થવાથી વિશ્વના જીવોનું આંતરિક બળ તમારા જીવનમાં સાચી કાર્યશક્તિ પૂરશે ને તમે આત્માના આનંદમય માર્ગે ગમન કરી શકશો. પણ જ્યાં સુધી તમારી આંખમાં કે આંખ નીચેના અંતરમાં રાગ અને દ્વેષના ગુલાબી ચિત્રો ચમકતાં હશે, ત્યાં સુધી તમે એવું જીવન નહિ જ જીવી શકો. કારણકે રાગ અને દ્વેષના બળથી જીવનની પવિત્ર કાર્યશક્તિનો પ્રદેશ રૂંધાઇ જાય છે અને તે શક્તિ નકામા કાર્યોમાં વેડફાય છે, કે જે કાર્યોથી ન સ્વને લાભ કે ન પરને.

કેટલાક જીવો સંસારને નકામો ગણે છે, પ્રપંચી ગણે છે. પણ સંસાર એવો ન ગણાય. પણ સંસારને એ પ્રમાણે અવલોકનાર દૃષ્ટિ જ પ્રપંચી હોવાથી તેની નજરમાં સઘળે પ્રપંચની તસ્વીરો જણાય છે. જે દરજ્જે ઊભા રહીને તમે સંસારના જીવો પર નજર ફેંકશો, તે વખતે તમને તમારા દરજ્જાની પ્રતિભાના રસ પ્રમાણે સંસારના જીવોનું દર્શન થશે. આજે મારૂં આસન કેવળજ્ઞાનનું છે. મને કોઇનો રાગ કે દ્વેષ સ્પર્શતો નથી. પરંતુ સ્નેહમય મારા જીવનના પ્રકાશ વડે સઘળે આનંદ જણાય છે. તે આનંદની ભૂમિકા માટે તમારે પણ ધીમે ધીમે જીવમાત્રમાં આત્માનું દર્શન કરવાનો અભ્યાસ

પાડવો જોઈએ, કે જેથી જીવ માત્ર તમને એમનામાં નિહાળી શકે ને સ્નેહનું ઝરણું વહેતું શરૂ થાય.

બાકી સંસારની ગડમથલમાંજ મસ્ત રહેવાથી તમને કોઈ દિવસ પ્રકાશના મૂલ્યની ખાત્રી નહિ થાય બલ્કે ઇન્દ્રિઓ અને મન તમને પ્રકાશના પ્રદેશ સુધી જવા પણ નહિ દે અને તમારૂં અમૂલ્ય માનવ જીવન એળે જશે.

'માનવજીવનમાં અજવાળાં રેલાવવાં હોય તો આત્માને ઓળખતા થાઓ!'

**ઋષિભદ્ર:**—આલંભિકામાં ઋષિભદ્ર નામે શુદ્ધ શ્રદ્ધાવાન શ્રાવક રહેતા હતા. તેમણે ગીતાર્થ અને સંવિગ્ન ગુરૂની પાસેથી પ્રવચનના અર્થ સાંભળ્યા હતા અને તે અર્થને સ્મરણ શક્તિ વડે ટકાવી રાખ્યા હતા. આલંભિકામાં બીજા પણ ઘણા શ્રાવકો રહેતા હતા. તેઓએ મળીને એક વખત ઋષિભદ્રને પૂછ્યું કે, 'તમે અમને દેવતાની સ્થિતિ કહી સંભળાવો.' પ્રવચનમાં કહેલા અર્થ પ્રમાણે તેમણે ચાર નિકાયના દેવોની સ્થિતિ તેમને જણાવી પણ શ્રાવકોને તેમના બોલવા પર વિશ્વાસ ન બેઠો.

પછી શ્રી વીર જ્યારે આલંભિકા નગરમાં આવ્યા ને તેઓ તેમનો ઉપદેશ સાંભળવા ગયા, ત્યારે ઉપદેશ સાંભળી રહ્યા પછી તેઓએ શ્રી મહાવીર સ્વામીને પૂછ્યું કે, 'અમે દેવોની સ્થિતિ સંબંધી જે પ્રશ્ન ઋષિભદ્ર પુત્રને પૂછ્યા હતા ને તેમણે અમોને દેવોની જે સ્થિતિ કહી સંભળાવી છે તે ખરી છે?'

'હા તેમણે જે પ્રમાણે દેવોની સ્થિતિનું વર્ણન કર્યું છે, તે જ પ્રમાણે હું કહું છું.' પ્રભુએ તે શ્રાવકને જવાબ આપ્યો.

શ્રમણ ભગવાન મહાવીરના ઉપદેશથી આલંભિકામાં પણ ઘણાએ શક્તિ પ્રમાણે વ્રત અંગીકાર કર્યાં.

આલંભિકાથી વિહાર કરીને ભગવાન મહાવીર કૌશામ્બી[1] પુરીમા પધાર્યા.

**મૃગાવતી:**—કૌશામ્બીમાં શતાનિકનું રાજ્ય હતું. રાજા શતાનિક કલાપ્રિય રસરાજવી હતો. વૈશાલીના પ્રતાપી સમ્રાટ ચેટકની સુકુમારી મૃગાવતી સાથે તેના લગ્ન થયા હતા. મૃગાવતીનું જીવનતેજ શતાનિકની કલાપ્રિય આંખોમાં સમાઇ ગયું. ઉભય દામ્પત્ય જીવનના લ્હાવા લેવા માંડયા.

એકદા શતાનિકને વિચાર થયો. કો' સમર્થ કલાકાર સાંપડે તો મૃગાવતીનું આબેહૂબ ચિત્ર તેની પાસે તૈયાર કરાવું. આ વાત તેણે પોતાની પ્રિયાને તેમજ મહામંત્રીને પણ કરી. મંત્રી પણ તેવા કલાકારની શોધમાં રહેવા લાગ્યો.

સમર્થ કલાકારને ઝડપી લેવા રાજાએ યુક્તિ ઘડી. પોતાના જ રમણીય પ્રાસાદના એક ભાગમાં ચિત્રસભા તૈયાર કરવા તેણે પોતાના નગરના મુખ્ય મુખ્ય કલાકારોને આમંત્ર્યા ને તૈયાર કરવાના ચિત્રોની સૂચના કરી. રાજા અવારનવાર ચિત્રસભાના દર્શને જતા. ત્યાં ભીંત પર શોભતા ચિત્રોમાંથી બે ત્રણ ચિત્રો રાજાને બહુ જ આકર્ષક અને તાદશ્ય જણાયા. તે ચિત્રોના સર્જકને તેમણે રાણી મૃગાવતીનું તાદશ્ય ચિત્ર ઉપસાવવાની વાત કરી. ચિત્રકારે કહ્યું, 'મૃગાવતી આપના પટરાણી, મારાથી તેમના શરીરનું સંપૂર્ણ દર્શન ઠીક ન ગણાય, માટે આપ મને તેમના જમણા પગનો અંગુઠો બતાવશો એટલે હું તેમનું આબેહુબ ચિત્ર તૈયાર કરી શકીશ.'

જરીવાળા આસમાની રેશમના પડદા પાછળ નિજની દેહ–વેલ છૂપાવી રાણી મૃગાવતી ઊભા રહ્યાં ને મેંદીવર્ણો જમણા પગનો

૧ એટલે રાજગૃહીથી ચંપા અને ત્યાંથી આલંભિકા અને ત્યાંથી કૌશાંબી એ પ્રમાણે વિહાર થયો.

અંગુઠો ચિત્રકારની દિશામા ફક્ત ત્રણ તસુ આગળ કર્યો ને એક નિમિષમાં ખેંચી લીધો. ચિત્રકારે તેટલા સમયમાં પણ ઘણું અભ્યાસી લીધું કારણ કે તેને યક્ષનું વરદાન હતું કે, ' તું ગમે તે વસ્તુનો એક અંશ જોઈને તેના આખા આકારનુ સાગો પાંગ ચિત્ર સર્જી શકીશ ' અને તે વરદાન મુજબ તેણે એક અંગુઠામાં રાણીના આખાયે શરીરનું દર્શન કરી લીધું.

શુભ દિવસે ને મંગલ પળે ચિત્રનું કામ શરૂ થયુ. અંગુઠામાં મન–બુદ્ધિ ને આંખ પરોવી, સફેદ દિવાલ પર પીછી ફેરવતો કલાકાર કોઈ વનવાસી મહાયોગી જેવો જણાતો હતો. ચિત્રનું કામ ધીમે ધીમે આગળ વધ્યું. થોડા દિવસોમાં નેત્ર સિવાયનાં મૃગાવતીનાં તમામ અંગો તૈયાર થઇ ગયાં. નેત્રમાં રંગ પૂરતાં પીછીમાંનું મષીબિન્દુ મૃગાવતીની સાથળ પર પડ્યુ. ચિત્રકારે તે કાઢી નાખ્યું. બીજી વાર તે પ્રમાણે થયુ કલાકારને પોતાનું વરદાન યાદ આવ્યું ને તેણે કલ્પી લીધું કે મૃગાવતીના તે અંગ પર મસો હોવો જ જોઇએ.

રાણીનું સંપૂર્ણ ચિત્ર તૈયાર થયું. શતાનિક રાજા તે જોવા ચિત્રસભામા ગયા. એક એક અંગને અભ્યાસ પુર્ણ દૃષ્ટિએ અવલોકવા લાગ્યા. અંગાગ પર ફરતી નજર એક ચમક સાથે સાથળ પર ઠરી શતાનિકની આંખો લાલ થઇ. કલાકારની નીતિ વિષે તેને પૂરો વહેમ ગયો. રાજા તુરત જ ચિત્રસભા છોડી ગયા. ચિત્રકને તેમણે પોતાની પાસે બોલાવ્યો અને કારણ જણાવ્યાં વિના તેને સજા ફરમાવવા તૈયાર થયા. તે સમર્થ કલાધરની વતી અન્ય ચિત્રકારોએ શતાનિકને વિનતિ કરી કે, ' હે સ્વામી! એ ચિત્રકારને યક્ષનુ વરદાન છે, એટલે એક અંશના અવલોકનથી ગમે તે વસ્તુના આકારને તે સાગો પાંગ ઉતારી શકે ને તેજ રીતે તેણે રાણીશ્રીનું ચિત્ર તૈયાર કર્યું છે. આપને ખાત્રી કરવી હોય તો ગમે તે બીજા માણસનું ચિત્ર તૈયાર કરાવીને તેના ચારિત્રની ખાત્રી કરો.

પણ આ તો હતો રાજાનો વહેમ! એમ તેટલી ખાત્રી આપવા છતાં શતાનિકનો સંશય દૂર ન થયો. તે સંશયની પ્રેરણાથી રાજાએ કલાકારના જમણા હાથનો અંગુઠો કપાવી નંખાવ્યો. નિરપરાધી કલાકાર દંડાયો. તે દંડ શતાનિકથી વસુલ લેવાનો તેણે પાકો નિશ્ચય કર્યો.

ચિત્રકારે પુનઃ યક્ષની આરાધના કરી અને પોતાનો અંગુઠો મેળવી લીધો. પછી તેણે મૃગાવતીનું પચરંગી પૂર્ણ ચિત્ર તૈયાર કર્યું તે ચિત્ર લઈને તે અવંતિપતિ ચંડપ્રદ્યોત પાસે ગયો. ચિત્રની જીવન્ત કલારૂપતા જોતાં જ રાજાના અંતરમાં તે તરફ રાગનું ઝરણું વહેતું થયું. ચિત્ર અંગેની સર્વ માહિતી ચિત્રકાર પાસેથી મેળવી લીધી ને પોતાના દૂતને શતાનિક રાજા પાસે મોકલ્યો. દૂતે કૌશામ્બીની રાજ સભામાં, રાજા ચંડપ્રદ્યોત માટે રાણી મૃગાવતીના હાથની માગણી મૂકી. માગણીથી શતાનિક ચીડાયો, દૂતને અવધ્ય જાણીનેજ જીવતો જવા દીધો. દૂત પાછો આવ્યો મરચું મીઠું ભભરાવીને સર્વ બીના તેણે ચંડપ્રદ્યોત રાજાને સંભળાવી. પોતાના સૈન્યના બળ પર મસ્ત અવંતિપતિને આથી ગુસ્સો ચડયો. તેમણે સેનાપતિને આજ્ઞા કરી 'ચતુરંગી સેના સાથે કૌશામ્બી પ્રતિ પ્રયાણ કરો, હું પણ સાથે આવું છું.'

જળ–રેલ પેઠે અવંતિનું સૈન્ય પૂરપાટ આગળ વધવા માંડયું. શતાનિકને અવંતિપતિના આગમનના સમાચાર પહેલાંથી મળી ગયા. સમાચાર તાપથી તેમને અતિસાર થયો ને તુરત જ મૃત્યુ પામ્યા. તેમને ઉદયન નામે રાજકુમાર હતો પણ તેની વય લઘુ હતી.

થોડા દિવસમાં અવંતિપતિનો હાથી કૌશમ્બીના નગર દ્વારે જઈ ઉભો. રાણી મૃગાવતી રાજનીતિનિપુણા હતી. અત્યારે સામે થવામાં તેણે પોતાનો વિનાશ જોયો, એટલે ચંડપ્રદ્યોત સાથે મીઠો સંબંધ બાંધ્યો ને તેને કૌશામ્બી પરથી લશ્કર હટાવી લેવાની ફરજ

પડી. દરમ્યાનમાં તેણે પોતાના પિતા ચેટકની મદદથી મજબૂત કિલ્લેબંધી કરાવી લીધી ને ચંડપ્રદ્યોતને આક્રમણ માટે સતેજ કર્યો. ચંડપ્રદ્યોત પણ સ્વમાનપ્રિય રાજવી હતો. તેણે પોતાના સૈન્યવડે કૌશામ્બીને ઘેરો ઘાલ્યો.

એવામાં મૃગાવતીને સમાચાર મળ્યા કે નગર બહારના બગીચામાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા છે. સમાચાર મળતાં જ નગર દ્વાર ઉઘાડી નાખવાનો રાણી મૃગાવતીએ હુકમ કર્યો. વાજતે ગાજતે રાણી,પોતાના કુમાર સાથે મહાવીર પ્રભુને વાંદવા ચાલીને વંદના કરી યોગ્યસ્થાને બેઠી.

ચંડપ્રદ્યોત રાજા પણ શ્રી વીરના ભકત હતા; તેઓ પણ શ્રી વીરને વાંદવા ગયા ને યોગ્ય સ્થાનકે બેઠા. એકજ સભામાં બે શત્રુઓ પ્રભુની નિર્મળ છાયામાં શત્રુત્વ વિસરીને બેઠા.

સર્વ જીવને હિતકારી દેશના પૂરી થતાં મૃગાવતી ઊભી થઈ ને પ્રભુને નમીને કહ્યું કે. 'ચંડપ્રદ્યોત રાજાની રજા મેળવીને હું આપની પાસે દીક્ષા લેવા ઇચ્છું છું.' રાજા નજીક જ બેઠા હતા. ત્યાં જઇ રાણીએ તેમની દીક્ષાની અનુમતિ માગી અને પોતાના કુમાર ઉદયનનું માથું તેના ખોળામાં મૂકયું.

શ્રી મહાવીરના સ્નેહ પ્રભાવથી ચંડપ્રદ્યોતના ક્રોધ અને વિકાર બન્ને શાંત થયા હતા. તેણે મૃગાવતીના પુત્ર ઉદયનને કૌશામ્બીની ગાદીએ (ઇ. પૂ. ૫૫૦) બેસાડયો અને મૃગાવતીને દીક્ષાની સંપૂર્ણ અનુમતિ આપી.

મૃગાવતી સાથે ચંડપ્રદ્યોત રાજાની અંગારવતી આદિ આઠ રાણીઓએ પણ દીક્ષા અંગીકાર કરી. સર્વેને થોડીક શિખ આપી, શ્રી વીરે ચંદના સાધ્વીને સોંપી.

એ રીતે કૌશામ્બી–અવંતિનો વિગ્રહ (વિ. સં. પૂર્વે ૪૯૩માં=

ધ.પૃ ૫૪૯) શમાવી શ્રી મહાવીર વિદેહ તરફ વળ્યા ને **આઠમું ચોમાસું વૈશાલીમાં** વીતાવ્યું.

વર્ષાકાલ પુરો થતાં વિશ્વતારક શ્રી મહાવીરે મિથિલાં તરફ વિહાર કર્યો, ત્યાંથી કાકંદીપુરીએ[1] પધાર્યા ને ધન્ય, સુનક્ષત્ર આદિ દશ જણને દીક્ષા આપી,

**ધન્યકુમાર**—રાજગૃહીના શ્રેષ્ઠી ધન્યકુમારને આ ધન્યકુમાર એ બે અલગ વ્યક્તિઓ છે. કાકંદી નગરમાં ધના નામે સાર્થવાહને ધન્ય નામે પુત્ર હતો. ધન્યના અંગાંગમાં જ્યારે યુવાનીનો પવન વાવા માંડયો ત્યારે સાર્થવાહે તે જ નગરની બત્રીસ સુલક્ષણી કન્યાઓ સાથે તેનાં લગ્ન કર્યાં. બત્રીસેયના નિવાસ કાજે બત્રીસ રમ્ય પ્રાસાદો તૈયાર કરાવ્યા. રમણીઓ સંગે રંગમાં રાચતાં ધન્યકુમારે જીંદગીનાં કેટલાંક વર્ષો વીતાવ્યાં

વિશ્વોપકારી શ્રી મહાવીર પ્રભુ જ્યારે કાકંદીમાં પધાર્યાં ત્યારે ધન્યકુમાર તેમના દર્શને ગયો. દેશના સાંભળી કુમારને વૈરાગ્ય થયો. માતા-પિતા પાસે તેણે ભાગવતી દીક્ષાની અનુમતિ માગી.

મુનિજીવનને લગતા વિવિધ ઉપસર્ગો વર્ણવી સર્વેએ ધન્યને 'દીક્ષા' નો વિચાર માંડી વાળવાની શિખામણ આપી પણ ભોગના રોગમાંથી ઊગરવાની ઇચ્છાવાળા કુમારે કોઇની વાતને ગણકારી નહિ. ધન્યને વૈરાગ્યભાવ દૃઢ હતો. સર્વે તેને સમજાવવામાં ન ફાવ્યા એટલે દીક્ષાની અનુમતિ આપી.

યોગ્ય મુહૂર્તે ધન્યકુમારે શ્રી મહાવીર પ્રભુ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી ને તેજ દિવસે નીચે પ્રમાણે અભિગ્રહ ધારવા બદલ પ્રભુની આજ્ઞા માંગી.

---

૧ એટલે મિથિલા પાસે કાકંદીનું સ્થળ હોવાનું સમજાય છે.

(૧) યાવજ્જીવ છઠને તપ કરવો.

(૨) પારણાને દિવસે આયંબિલ કરવું તે આયંબિલ પણ ગૃહસ્થે ત્યજી દીધેલા અને લૂખા પદાર્થનું કરવુ

શ્રી વીરે ધન્યમુનિને અભિગ્રહ ધારવાની અનુમતિ આપી.

અભિગ્રહ પ્રમાણે જીવન વીતાવતાં ધન્યમુનિનુ શરીર કેવળ અસ્થિ પિંજરમય બની ગયું.

તેનુ વર્ણન આગમમાં છે. તેનો સાર અત્રે લીધો છે.

" માત્ર હાડકાંથી ભરેલું તેમનું શરીર, કોયલાના ગાડાની જેમ રસ્તે ચાલતી વખતે, ખડખડ શબ્દ કરતું હતું. વીર્યબળે તેઓ જીવનક્રિયા કરતા, શરીર બળ હતું નહિ, છતાં દૃઢ મનોબળ અને તપોબળથી તેમની આધ્યાત્મિક જ્યોતિ દીપતી હતી.

પગ-પાટલી—કાષ્ટની પાદુકા જેવી, તેમજ હાથ-પગની આંગળીઓ મગફળીની સીંગો જેવી જણાતી હતી.

જંઘા—મોરના પગ જેવી હતી

કટિ—ઊંટના પગ જેવી થઇ ગઇ હતી.

છાતીનો ભાગ—વાંસના પંખા જેવો થઇ ગયો હતો.

બાહુ—સૂકાયલી સાંગરીના જેવા થઇ ગયા હતા.

હાથના પંજા—સૂકાયલા વડ-પત્ર જેવા જણાતા હતા.

ગ્રીવા—ગાડાની ડોક સદૃશ જણાતી હતી.

હડપચી—તુંબડાના શુષ્ક ફળ જેવી થઇ ગઇ હતી.

હોઠ—સૂકાયલી જળોના કલેવર જેવા નિસ્તેજ જણાતા હતા.

જીહ્વા—શુષ્ક રસહીન હતી.

નાક—બીજોરાના સૂકાયલા ફળ જેવું થઇ ગયું હતું.

આંખ—પ્રભાતના તારા જેવી નિસ્તેજ જણાતી હતી.

કાન—ચીભડાંની સૂકાઇ ગયેલી છાલ જેવા જણાતા હતા.

માથું—સૂકાઇ ગયેલા આમ્રફળ જેવું સૂકું, લૂખું, માંસ વગરનું જણાતું હતું."

અસ્થિપિંજરમય શરીરવાળા ધન્ય અણગારની કઠીન તપશ્ચર્યાનાં સ્વયં શ્રી મહાવીરે પણ વખાણ કરેલાં એટલે કે તેમની ઉત્કૃષ્ટ પ્રકારની તપશ્ચર્યાની જનગણ સમીપે અનુમોદન કરેલી.

કાકંદીથી વિહાર કરીને શ્રી મહાવીર શ્રાવસ્તિપુરીએ પધાર્યા ને ત્યાંથી અહિછત્ર (એટલે નીચે દક્ષિણ તરફ વળ્યા એમ થયું) અને ગજપુર (કદાચ હસ્તિનાપુર હશે) નગરમાં થઇને કામ્પિલ્યપુર નગરે (કનોજ પાસે ગણાય છે; મિથિલા અને શ્રાવસ્તિની વચ્ચે પરંતુ મિથિલા તરફ વધારે નજીક હશે) પધાર્યા.

કુંડકૌલિકઃ—તે કામ્પિલ્યપુરના ધનાઢ્ય ગૃહસ્થ. પૂષા નામે વિદૂષી તેમની પત્ની. બન્ને મળી જનસમાજમાં સાચા માર્ગનાં વખાણ કરતાં હતાં ને તે માર્ગે જ જીવન વીતાવવાની સર્વને શિખામણ આપતાં હતાં.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર જ્યારે કામ્પિલ્યપુર નગરે પધાર્યા, ત્યારે ઉક્ત ભાવિક જોડું તેમના દર્શને ગયું. ઉભયને વિશ્વતારકના જીવન તેજની મોહિની લાગી અને શ્રાવક–શ્રાવિકાને ઉચિત વ્રત અંગીકાર કર્યાં.

ધર્મ ધ્યાનમાં લીન કુંડકૌલિક શ્રાવક એક મધ્યરાતે પોતાની અશોકવાડીમાં ગયા. વાડીના એકાંત નિરવ પ્રદેશમાં પડેલા શિલાપટ પર તેઓ બેઠા. આંગળીએ ઓપતી બહુ મૂલ્ય વીંટી અને ઉત્તરાસણ એક બાજુ મૂકી તેઓ ધ્યાનમાં જોડાયા. ધ્યાન સમયે અંદર–બહાર બો જેટલો બોજો હોય, તેટલો લાભ વિશેષ થાય. તે સમયે એક દેવ

ત્યાં આવ્યો, તેણે વીંટી અને વસ્ત્ર ઉપાડી લીધાં ને આકાશમાં જઈને કુંડકૌલિકને સંબોધતો બોલ્યો.

" અરે કુંડકૌલિક ! ગોશાળે સમજાવેલો ધર્મ માર્ગ સુંદર છે, કારણ કે તેમાં ઉદ્યમાદિક કાંઈ પણ નથી. પુરુષાર્થની વાતં ખોટી છે. સર્વ ભાવનિયત છે અને વીરે બતાવેલ માર્ગ સારો નથી. "

' હે દેવ ! જો એમ હોય તો, તું આ દેવની ઋદ્ધિ ઉદ્યમાદિકથી પામ્યો કે ઉદ્યમાદિક વિના. ' નિયતિવાદને ખોટો ઠેરવવા કુંડકૌલિકે પ્રશ્ન કર્યો.

દેવ બોલ્યો. ' હું સર્વ ઋદ્ધિ ઉદ્યમાદિક વિના પામ્યો છું.

' જો તમે ઉદ્યમ વિના દેવ ઋદ્ધિ પામ્યા છો, તો જે જીવોએ ઉદ્યમ નથી કર્યો 'તેમને દેવપણું કેમ પ્રાપ્ત થયું નથી ! નિયતિવાદનો ભાંડો ફોડતા શ્રાવક કુંડકૌલિક બોલ્યા.

કુંડકૌલિકના સાચા જવાબથી નિરુતર બની, વસ્ત્ર તથા મુદ્રિકા પરત કરી દેવ ચાલ્યો ગયો. કુંડકૌલિક શ્રી મહાવીરના છઠ્ઠા શ્રાવક છે.

કામ્પિલ્યપુરથી વિહાર કરીને ભગવાન મહાવીર પોલાસપુર ગામે પધાર્યા.

સદ્દાલપુત્રઃ—સદ્દાલપુત્ર પોલાસપુરના રહેવાસી. તેઓ જાતે કુંભાર હતા. વાસણો વેચવાની પાંચસો દુકાનોના તે માલિક હતા. ત્રણ કરોડ જેટલી તેમની મિલ્કત હતી. પણ તે ગોશાળાના મતમાં ભળેલા હતા. ગોશાળાના ચુસ્ત અનુયાયી હતા.

પોતાના ગામમાં એક ત્રિકાલજ્ઞાની અરિહંત પધાર્યા છે, એમ સમાચાર મળતાં જ તે શ્રી વીર જ્યાં સમોસર્યા હતા ત્યાં ગયા. સદ્દાલપુત્ર ગોશાળાને જ ત્રિકાલજ્ઞાની અને અરિહંત માનતા હતા. અને તે ગણત્રીએ જ તેઓ દર્શનનો લાભ લેવા ગયેલા પણ તેમણે

ગોશાળકને બદલે શ્રી મહાવીરને જોયા. તેમના ત્રિકાલજ્ઞાનની પરીક્ષા ખાતર સદ્દાલપુત્રે શ્રી મહાવીરને પોતાના મનની વાતો પૂછી. જેના યથા યોગ્ય ઉત્તર સાંપડતાં તેને શ્રી વીર તરફ સદ્‌ભાવ પ્રકટયો ને પોતાની દુકાનમાં રહેવાની આજીજી કરી. ઉપકારની દૃષ્ટિએ ભગવાન મહાવીર સદ્દાલપુત્રની વાસણની દુકાનમાં રહ્યા. સદ્દાલપુત્રના નિયતીવાદ પ્રત્યેના ભાવથી પ્રભુ જ્ઞાત હતા. તે વાદમાથી સદ્દાલપુત્રને બચાવવાનો તેઓ લાગ શોધતા હતા.

એક દિવસ સદ્દાલપુત્ર, તૈયાર થતાં વાસણોને દુકાનમાંથી બહાર લઈ તડકામાં સૂકવતા હતા. તક પારખી પ્રભુએ પૂછ્યું.

'સદ્દાલપુત્ર! આ વાસણ કેવી રીતે ઉત્પન્ન થાય છે?'

'ભગવન! ખાણમાંથી માટી લાવી, તેને પાણીમાં પલાળી, મસળીને તેના પીંડા કર્યા, તેને ચાક પર ચઢાવ્યો ને આવા આકારનાં વાસણો તૈયાર થયાં.' પુરુષાર્થ વાદને આડકતરો ટેકો આપતા સદ્દાલપુત્ર બોલ્યા.

'આ વાસણો ઉદ્યમાદિકથી બન્યા કે અનુદ્યમાદિકથી? સૌમ્ય મૂર્તિ શ્રી મહાવીરે પ્રશ્ન કર્યો.

'હે નાથ! તે તો બનવાનાં હતાં ને બન્યાં છે. તેમાં ઉદ્યમાદિક કાંઈ નથી. સર્વ ભાવનિયત છે.' સદ્દાલપુત્રે જવાબ આપ્યો.

'જો કોઈ માનવી, તમારા આ વાસણને ફોડી નાખે તો તમે તેને શું કરો? પુરુષાર્થવાદને અજવાળામાં લાવતા સમર્થ જ્ઞાની મહાવીરે પ્રશ્ન કર્યો.

'તો હું તે માનવીને શિક્ષા કરું.' સદ્દાલપુત્રે જવાબ આપ્યો.

'પણ એ તો ફૂટવાનાં હતાં ને ફૂટયાં તેમાં બીજાનો શો દોષ!' શ્રી વીરે આડો પ્રશ્ન કર્યો.

'સ્વામી! હું સમજ્યો—નિયતીવાદનું પોકળપણું ને પુરુષાર્થવાદનું સાતત્ય.'

શ્રી મહાવીરના સત્ય વચનોની સદ્દાલપુત્રને અસર થઈ. તેમણે શ્રાવકનાં વ્રત ઉચ્ચર્યાં.

ગોશાળાને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તે સદ્દાલપુત્રને ત્યાં આવ્યો અને મહાવીરના ગુણોનું વર્ણન કરતાં સદ્દાલપુત્રને પૂછ્યું કે, 'હે દેવાનુપ્રિય ! અત્રે મહામારણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથક અને મહાનિર્યામક આવ્યા હતા ?'

'તે એવી ઉપમાના ધારક કેમ છે ?' સદ્દાલપુત્રે પૂછ્યું.

ગોશાળે તેનાં કારણો બતાવ્યાં. સદ્દાલપુત્રે ગોશાળાને કહ્યું, 'તમે એવા મહાવીરની સાથે વાદ કરવા તૈયાર છો ?' ગોશાળાએ 'ના' પાડી.

સદ્દાલપુત્રને સાચા ધર્મમાર્ગથી ચલિત કરવા ગોશાળાએ યુક્તિવાદ અજમાવ્યો, પરંતુ સાચું ધર્મકિરણ હાથમાં આવ્યા પછી, સદ્દાલપુત્રને અન્ય પ્રકારના દીપકના અજવાળાની જરૂર જ રહી નહોતી.

ગોશાળો એક ભક્ત ગુમાવીને માર્ગે પળ્યો.

**નવમું ચોમાસુઃ**—પોલાસપુરથી (એટલે કનોજ-કાંપિલ્યપુરપાસેથી વાણિજ્ય ગ્રામ-વૈશાલીની-વચ્ચે પોલાસપુરનું સ્થળ ગણાશે) વિહાર કરીને શ્રમણ ભગવાન શ્રી મહાવીર વાણિજ્યગ્રામમા આવ્યા. ચોમાસું તદ્દન નજીક હોવાથી તેમણે ત્યાંજ સ્થિરતા કરી અને વર્ષાવાસ પણ વીતાવ્યો.

વિ. સં. પૂર્વે ૪૯૦ એટલે બાવનમા વર્ષે શ્રી વીરે મગધભૂમિ તરફ વિહાર આદર્યો. ને **દશમું ચોમાસું રાજગૃહમાં** કર્યું. (એટલે ગંગાની ઉત્તરેથી દક્ષિણ તરફ વિચર્યા ).

**મહાશતકઃ**–મહાશતક રાજગૃહના આબરૂદાર શ્રીમંત, એકવીસ

ક્રોડ સોનૈયા ને એંશી હજાર ગાયોની તેમની મૂડી. તેમને રેવતી વિગેરે તેર પત્નીઓ હતી.

પ્રભુ મહાવીર રાજગૃહમાં પધારતાં મહાશતક તેમના વંદન દર્શનાર્થે જતા થયા. તેમને મહાવીરની અધ્યાત્મરંગી વાણીની અસર થઇ. વ્રત લઇને તેઓ સાચા શ્રાવક બન્યા. શ્રાવકને ઉચિત કાર્યોમાં જ તેમનો ઘણો ખરો સમય પસાર થવા લાગ્યો.

મહાશતકની પત્ની રેવતીને આ ગમે નહિ. તેને લક્ષ્મીનું ખૂબ અભિમાન. વળી સ્વભાવ બહુ ઝેરીલો એટલે શોકયો પણ કાંટાની પેઠે ખૂંચે. અવનવા પ્રપંચો પૂર્વક તેણે પોતાની બાર શોકયોને પરલોક મોકલી દીધી ને એકલી આનંદમાં રહેવા લાગી.

રેવતીનું પ્રપંચમય જીવન દિનપ્રતિદિન હલકું બનવા લાગ્યું. તેને ખરાબ વ્યસનો પડયાં. દારૂ-માંસ શુદ્ધાને સ્પર્શવા તે તૈયાર થઈ. તેને આ અકૃત્યથી વારનાર કોઈ હતું નહિ. મહાશતકજીનો ઘણો ખરો સમય આત્મચિંતન અને તેને ઉપયુક્ત ક્રિયાઓમાં જ પસાર થતો હતો.

વ્રતના પંદરમાં વર્ષે મહાશતકજી પૌષધશાળામાં જઇને રહ્યા. રાતદિવસ ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં ગાળવા લાગ્યા. શ્રાવકની અગિયાર પ્રતિમા આરાધી. બહુ પ્રકારના તપથી તેમનું શરીર કૃશ બની ગયું. તેમને પણ અવધિજ્ઞાન થયું. તે જ્ઞાનમય નજરથી તેઓ પણ આનંદ શ્રાવકની જેમ દૂર સુધીનું પ્રત્યક્ષપણે અવલોકવા લાગ્યા.

ધર્મથી અજાણ રેવતી એક દિવસ પૌષધશાળાએ આવી. મહાશતકજીને ઘરસંસારમાં રાચવાની તેણે વાત કરી. મહાશતક ધ્યાનમાં હતા. રેવતી બરાડીને બોલવા લાગી. તેમના ધ્યાનમાં વિક્ષેપ નાંખવા માંડી.

ધ્યાનમાંથી બહાર આવતાં મહાશતકજી પોતાની પત્ની રેવતીને સંબોધીને બોલ્યા, 'તારાં પાપી કૃત્યોએ માઝા મૂકી છે, આજથી સાતમા દિવસે ઝાડાના રોગથી તું મરણને પામીશ અને તારી ગતિ, તારાં નીચ કૃત્યો મુજબ નીચેના પ્રદેશ (નરક) માં જ થશે.'

મહાશ્રાવકની ભાવિવાણી સાંભળી રેવતી ઘેર ગઈ. સાતમે દિવસે તેનું મોત થયું અને તે નરકે ગઈ.

શ્રી મહાવીર એ સમયે રાજગૃહમાં હતા. મહાશતકના ક્રોધનું સૂક્ષ્મ દર્શન તેમને થયું. તેમને શાંત કરવા પ્રભુએ ગૌતમસ્વામીને પૌષધશાળામાં મોકલ્યા.

ગૌતમસ્વામી મહાશતકજી પાસે ગયા. મહાશતકજીએ ગણધર મહારાજને વંદના કરી. મૂળ મુદ્દા પર આવતાં ગૌતમસ્વામી બોલ્યા, 'મહાશતકજી તમે શ્રાવક છો, અને સાચાં પણ અપ્રીતિકર વચનો ઉચ્ચારવાં તે શ્રાવકધર્મને યોગ્ય નથી. તમે રેવતીને જે વચનો કહ્યાં તે સાચાં હતાં, પણ તે અનિષ્ટ—અપ્રીતિકર હોવાથી અઘટિત હતાં; માટે તેની આલોચના તમે કરો.

ગણધર મહારાજના વચનને અંગીકાર કરી મહાશતકજીએ આલોયણા લીધી ને શેષ જીવન પવિત્ર માર્ગે ગાળ્યું.

મહાશતકજી પ્રભુ મહાવીરના આઠમા શ્રાવક.

ચોમાસું પુરું થતાં, મહાવીરે રાજગૃહથી પશ્ચિમ તરફ વિહાર આરંભ્યો ને કયંગલા ગામે ગયા ત્યાં સ્કન્ધક કાત્યાયનને પ્રતિબોધ પમાડયો.

**સ્કન્ધક તાપસઃ**—કયંગલાના તે રહેવાસી. વેદશાસ્ત્રોમાં પારંગત હતા. એકદા મહાવીર સ્વામીના શિષ્ય પિંગલ નામના મુનિએ પૂછ્યું કે, 'હે સ્કન્ધક! લોક સાન્ત છે કે અનંત? જીવ સાન્ત છે કે

અનંત ! સિદ્ધ સાન્ત છે કે અનંત ! સિદ્ધિ સાન્ત છે કે અનંત ! કેવા પ્રકારના મરણથી જીવ સંસારની વૃદ્ધિ અથવા હાનિને પામે છે.

અનેકાન્તવાદથી અજ્ઞાત તાપસે ઉક્ત પ્રશ્નોના ઉત્તરમાં મૌન જ સેવ્યું.

તેવામાં શ્રી મહાવીર ત્યા પધાર્યા સ્કન્ધકે પણ ઉક્ત પ્રશ્નોના સમાધાન માટે ત્યાં જવાનું વિચાર્યું. શ્રી વીરે તે જ્ઞાન બળે જાણ્યું ને ગૌતમ સ્વામીને કહ્યુ ' આજે તમને સ્કન્ધકનો સમાગમ થશે. '

' હે સ્વામી ક્યારે થશે '' ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો.

' હમણા તે માર્ગમા ચાલ્યો આવે છે. ' જ્ઞાન બળે શ્રી મહાવીરે જવાબ આપ્યો.

' તે આપનો શિષ્ય થશે કે નહિ ' ગૌતમ સ્વામીએ પૂછ્યુ.

' પ્રભુ બોલ્યા, ' થશે. '

ગૌતમસ્વામી તાપસની સન્મુખ ગયા. માર્ગમાં તેમને મળ્યા અને આગમન કારણ પૂછ્યું. ગૌતમ સ્વામીએ શ્રી વીર દ્વારા સ્કન્ધકના આગમનનું કારણ જાણી લીધું હતું, છતાં તે પૂછવાથી તાપસે કહ્યુ, ' મારા મનની વાત તમે જાણતા લાગો છો ' અને જો તે સત્ય હોય તો કઇ રીતે જાણી ? '

ગૌતમ સ્વામી બોલ્યા, ' અમારા ગુરૂ, ત્રિકાલમા એકાન્તે કરેલુ અથવા ભવિષ્યમાં કરવાનું તે સર્વ જાણે છે. તેમને સાદિ અનન્ત ભાગે જ્ઞાન રહેલું છે. તેમના વચનથી મેં તમારૂં આગમન વિ. જાણ્યુ.'

પછી બન્ને વીર પાસે આવ્યા, સ્કન્ધકે પિંગલમુનિના પ્રશ્નો સમજવાની આતુરતા દર્શાવી એટલે સર્વજ્ઞ શ્રી મહાવીરે તેના ઉત્તર આપ્યા.

"લોક દ્રવ્યથી ચાર પ્રકારનો છે, તેમાં દ્રવ્યથી લોક એક છે. પંચાસ્તિકાયના સ્વરૂપવાળો તેમજ પરિમાણુ યુકત છે. ક્ષેત્રથી અસંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણુ છે, માટે સાન્ત છે. કાળથી અનાદિ–અનન્ત છે, કોઇ પણ વખત અલોક નહોતો, નથી કે નહી હશે એમ નથી. તે ભૂતમાં હતો, વર્તમાનમાં છે અને ભાવિમાં રહેવાનો. ભાવથી લોક અનન્ત છે, કેમ કે અનન્તવર્ણ ગંધાદિક પર્યાય યુક્ત છે.

જીવના પણ ચાર ભાગ થઇ શકે. દ્રવ્યથી જીવ અનન્ત અને નિત્ય છે. ક્ષેત્રથી અનેક પ્રદેશની અવગાહનાવાળો અને સાન્ત છે. કાળથી ત્રણે કાળમાં અનન્ત અને શાશ્વત છે. ભાવથી અનન્ત જ્ઞાનાદિ યુક્ત છે, તેથી અનન્ત છે.

સિદ્ધ એટલે સિદ્ધ જીવની સમીપનું ક્ષેત્ર સિદ્ધશિલા જાણવી. દ્રવ્યથી તે શિલા એક અને ધ્રુવ છે. ક્ષેત્રથી પીસ્તાલીસ લાખ યોજન પરિમાણવાળી છે, કાળથી અનાદિ અનન્ત છે. ભાવથી અનેક વર્ણાદિક પર્યાયે કરી યુકત છે.

સિદ્ધ એટલે સકલ કર્મોનો ક્ષય થવાથી જેમને નિર્મળ આત્મદર્શન થયું છે તે. તે સિદ્ધ દ્રવ્યથી અનન્ત છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ વ્યાપી છે. કાળથી સાદિ અનન્ત છે ભાવથી અનેકજ્ઞાન યુકત છે.

બાલમરણથી સંસારવૃદ્ધિ અને પંડિત મરણથી ભવપરંપરાની હાનિ થાય છે. બાલમરણના પણ બાર પ્રકાર છે.

(૧) બાલમરણ–ક્ષુધાદિક પીડાથી અથવા સંયમભ્રષ્ટ થઇ મરણ પામે તે બાલમરણ.

(૨) શલ્યમરણ–મનમાં શલ્ય રાખી મૃત્યુ પામે, તે અન્ત શલ્યમરણ.

(૩) તદ્ભવમરણ–માણુસ પોતાના ભવનું નિયાણું કરીને મરણ પામે તે તદ્ભવમરણ.

(૪) વશાર્તમરણ–પાંચઈન્દ્રિયોને આધીન રહી તેની પીડાથી મૃત્યુ પામવું તે.

(૫) ગિરિપતનમરણ–પર્વતપરથી પડીને મૃત્યુ પામવું તે.

(૬) તરૂપતનમરણ–વૃક્ષપરથી પડીને મૃત્યુ પામે તે તરૂપતનમરણ

(૭) જળપ્રવેશમરણ–જળમાં ડૂબીને મરવું તે.

(૮) જ્વલનપ્રવેશમરણ–અગ્નિમાં પ્રવેશ કરીને મૃત્યુ વહોરવું તે.

(૯) વિષભક્ષમરણ–વિષ ભક્ષણ કરીને શરીર છોડવું તે.

(૧૦) શસ્ત્રમરણ–શસ્ત્રપ્રહારે મરણ થાય તે.

(૧૧) વૃક્ષપાશમરણ–વૃક્ષની શાખા પર પાશ બાંધીને મોત સ્વીકારે તે.

(૧૨) ગૃધપૃષ્ટમરણ–ગીધ પક્ષી, હાથી વિગેરેના પ્રહારથી મરવું તે.

અને પંડિત મરણના બે પ્રકાર છે. (૧) પાદપોપગમન (૨) ભક્તપ્રત્યાખ્યાન. આ બે મરણથી અનન્ત ભવનો ક્ષય થાય છે.

પિંગલમુનિએ પૂછેલા સર્વ પ્રશ્નોના સંતોષકારક જવાબ મળવાથી સ્કન્ધક તાપસ સંદેહ રહિત થયા ને શ્રી વીર પાસે દીક્ષા લીધી.

**નંદિનીપિતાઃ**—શ્રાવસ્તીના રહીશ તેમની પત્નિનું નામ અશ્વિની. તેમના ભંડાર પણ ભરપૂર હતા. શ્રી મહાવીરના સદુપદેશની તેમને અસર થઇ. ઉભયે વ્રત લીધાં પવિત્ર જીવન ગાળ્યું ને પવિત્ર વિચારોમાં દેહ છોડયો.

નંદિનીપિતા શ્રી મહાવીરના નવમા શ્રાવક.

**શાલિહીપિતાઃ**–શ્રાવસ્તી નગરીના વતની ફલ્ગુની તેમની પત્ની. તેમને પણ વૈભવમાં કમી ન હોતી. વૈભવની વચ્ચે જીવતાં પણ શ્રી મહાવીરના જીવન પ્રકાશની તેમને જાદુઇ અસર થઇ. પતિ પત્નીએ વ્રત ઉચ્ચર્યાં, પવિત્ર ધર્મકાર્યમાં જીવન ગાળ્યું ને આયુષ્યની અવધ પૂરી થતાં કાયા છોડી.

શાલિહીપિતા દશમા શ્રી મહાવીરના શ્રાવક.

શ્રી મહાવીરના આ દશેય શ્રાવકો ત્રીજા ભવે મોક્ષે જશે. સમય આવતાં ધન દોલતમાં ગુલ ન બનતાં આત્મકલ્યાણની દિશામાં હર્ષભેર પગલાં માંડનાર આ શ્રાવકોનું ઉચ્ચ પ્રકારનું જીવન, ત્યાગ માર્ગ પર ન જઇ શકનાર માનવો માટે આદર્શરૂપ છે

શ્રાવસ્તિમાં સ્નેહ પ્રકાશ રેલાવી, વિશ્વ–તારક મહાવીર વાણિજ્ય ગ્રામમાં સમોસર્યાં અગિયારમું ચોમાસું વાણિજ્ય ગ્રામમાં વીતાવ્યું

વાણિજ્યગ્રામથી[1] વિહાર કરીને પ્રભુ મહાવીર, બ્રાહ્મણકુંડ[1] ગામે પધાર્યા. ત્યાંના દ્યુતિપલાસ ચૈત્યમાં દેવતાઓએ સમવસરણની રચના કરી, નિર્મળ સ્ફટિકના લાલ-લીલા રત્નોથી જડિત સિંહાસન પર બેસી પરમ પ્રભાવક શ્રી મહાવીરે જ્ઞાન-ગંગાના નિર્મળ જળ રેલાવ્યાં, તેના મધુર શિતલ ભાવની થોડીક લીટીઓ નીચે છે.

'પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ છે. તેમાંના એકથી પણ કોઇ જીવને વંચિત કરવો તે હિંસાજ કહેવાય. મન વચન કે કાયાથી કોઇનું યે અશુભ ચિંતવવું તે પણ હિંસા કહેવાય.

અહિંસા એટલે આત્માનો એકરાર- આત્મત્વના વિકાસનું આદિ કારણ સાચો અહિંસક દુનિયાના ઝઘડામાં માથું ન મારે અને જો તેમ કરવા જાય તો અહિંસાનો તેનો નિયમ લોપાય. કારણકે અહિંસા એવું ઔષધ છે કે જો તેનો સંસાર કે રાજનીતિમાં ઉપયોગ કરવામાં આવે, તો તેની ઉલટી અસર થાય. એ ઔષધના અધિકારી તો તેઓ છે કે જેમનાં મન, વચન કે શરીરની અંદર બહાર કોઇ પણ પ્રકારની મારામારીનો અશ

૧ આ બન્ને એકજ નગર ( વૈશાળી ) નાં પરાં સમાન છે.

પણ અધિકાર જમાવીને ન બેઠો હોય. અહિંસાનો ઉદ્‌ગાતા પણ એજ હોઈ શકે, કે જેના આત્માની સોળે કળાઓ પ્રગટી ચૂકી હોય. સંપૂર્ણ આત્મદર્શન વિનાનો અહિંસાનો બોધ, જનસમાજને અનેક રીતે અવળે માર્ગે દોરવનારો થાય છે.

અહિંસાના વ્રત પાલનથી આધ્યાત્મિક શાંતિ ખીલે અને જીવન-માર્ગમાં ઉચ્ચ પ્રકારની સરળતા મળે, અહિંસાને અવગણનાર જીવ, પોતાના હાથે પોતાનો જ ઘાત કરનાર ગણાય. ઐહિક ઉપભોગની ખાતર, અન્ય જીવનો ઘાત કરનાર માનવે વિચાર કરવો જોઈએ કે ' જે રીતે હું મારા શરીરમાં છું, તે રીતે બીજાઓ પોતાના શરીરમાં છે, મને જેમ મારૂં શરીર પ્રિય છે, તેમ બીજાને પોતાનું શરીર પ્રિય હોય. મારો તેમના પર એવો કયો અધિકાર ગણાય કે હું તેમને મારા અંગત સ્વાર્થની ખાતર હાનિ પહોંચાડી શકું ? અને હાનિ પહોંચાડું તે પણ શરીરને માટે ? કે જે એક દિવસ માટીમાં માટીરૂપે મળી જવાનું છે. માટે એવા નાશવંત શરીરની પાછળ ઘેલા થવું નજ જોઈએ. '

સંસારમાં રહેતાં તમારાથી ડગલે ને પગલે જાણ્યે-અજાણ્યે હિંસા થાય, પણ તેમાંયે જેટલી યતનાપૂર્વક ડગલાં ભરશો, તેટલું તમારા જ ભલા માટે છે. યતનાપુર્વક વર્તવાથી સાચી દૃષ્ટિ પ્રાપ્ત કરી શકશો અને હિતાહિતનો વિચાર કરતા થશો.

અહિંસાને અડોઅડ જ આત્મસ્નેહ ઊભો રહે છે. જેમ અહિંસા વ્યાપક બને, તેમ જીવમાત્રમાં તમે તમને જ જોતા થશો અને કલ્યાણના માર્ગે તમારૂં જીવન-ઝરણુ વળશે.

ગંગાજળના મધુર શિતલ સિકર જેવાં જ્ઞાનજળનાં બિન્દુઓથી કેકનાં અંતર ઉજળાં થયાં. તત્રોપરચ અનેક જીવોને જીવનની સાચી દિશા સૂઝી. અખંડ જ્યોતે જળતા અડોલ અને એક દષ્ટ રત્નદીપની

જેમ, વિશ્વતારકના જીવનઅજવાળાં પણ સૌને એકજ આનંદ—પંથના પગથિયાં બતાવે, પછી તે માર્ગે જવું ન જવું એ સૌ સૌના મનની વાત છે.

જમાલિઃ—શ્રી વીર પરમજ્ઞાની થઇ ને તરત જ ક્ષત્રિયકુંડગ્રામે (વિ. પૂ. ૪૮૮) પધારતાં જમાલિએ તથા તેની પત્ની પ્રિયદર્શનાએ તેમની પાસે દીક્ષા લીધી હતી. બીજા પણ અનેક લોકો તેમને અનુસરેલા.

જમાલિની પ્રતિમા તેજ ભીતી હતી. તેની શક્તિ સુસુંદર લેખાતી તેનું ચારિત્ર, સાધુ જીવનમાં ઉજ્જવળ બનતું ગયું તેની તપશ્ચર્યા તપસ્વીઓની પ્રશંસાનો વિષય બની પણ તેનો સ્વભાવ તર્કપ્રધાન હતો. શ્રદ્ધાના અંશ તેનામાં ઘણા ઉણા હતા. શ્રી વીરનો શિષ્ય છતાં તે તેમને પણ માપવાનો પ્રયાસ કરતો.

શ્રી મહાવીર બ્રાહ્મણકુંડ ગ્રામના દ્યુતિપલાશ ચૈત્યમાં સમોસરતાં તેણે તેમની પાસે સ્વતંત્ર પણે વિહરવાની અનુમતિ માગી. અનુમતિનું પરિણામ અનર્થમાં પરિણમતું જાણી લઇ, શ્રી વીરે નિરવ મૌન સેવ્યું. મૌનને હકારદર્શક માની, જમાલિ સ્વપરિવાર સાથે વીર સમુદાયમાંથી અલગ પડી ગયો. ને સ્વપરિવારને મોખરે સ્વતંત્રપણે વિહરવા લાગ્યો. તેની વિચારસૃષ્ટિ હવે સ્વતંત્ર બની. હવે તે સ્વબુદ્ધિ અનુસાર વર્તવા લાગ્યો. શ્રી વીરની અમૃતવાણી વડે પવિત્ર બનતી તેની આંતરીક શક્તિ મર્યાદિત બની.

બ્રાહ્મણકુંડ ગ્રામથી વિહાર કરતાં પરમજ્ઞાની મહાવીર મગધદેશ તરફ વળ્યા ને વર્ષાવાસ નજીક આવતાં બારમું ચોમાસું મગધના પાટનગર રાજગૃહમાં કર્યું.

ચોમાસુ ઊતરતાં પ્રભુ મહાવીરે રાજગૃહથી ચંપાનગરી તરફ વિહાર શરૂ કર્યો. ચંપાનગરીમાં પદ્મ, મહાપદ્માદિ શ્રેણિકના દશ

પૌત્રોએ તથા જિનપાલિતાદિ અનેક ગૃહસ્થોએ શ્રી વીર પાસે દીક્ષા લીધી. ચંપાનગરીથી વિહાર કરીને શ્રી મહાવીર મિથિલામાં ગયા. રસ્તે કાકંદીમાં ક્ષેમક આદિ ગૃહસ્થોએ પણ તેમની પાસે દીક્ષા લીધી.

શ્રી મહાવીરનું કેવળી અવસ્થાનું તેરમું ચોમાસું મિથિલામાં થયું ( વિ. સં. પૂર્વે ૪૮૮–૪૮૭ ) ચોમાસા બાદ ભગવાન મહાવીર અંગ દેશ તરફ વિચર્યાં ને ચોમાસું બેસતાં પહેલાં મિથિલામાં આવી રહ્યા. **ચૌદમો વર્ષાવાસ મિથિલામાં** કર્યો.

મિથિલામાં ચૌદમું ચોમાસું વીતાવી શ્રી વીર વૈશાલીની નજીકના પ્રદેશોમાં થઇને શ્રાવસ્તિપુરીમાં પધાર્યા. ત્યાંના ઉદ્યાનમાં તેમણે વાસ કર્યો.

ગોશાલક તેજોલેશ્યા સાધવાના લોભે, શ્રી મહાવીરથી અલગ પડેલા. ગોશાલક શ્રાવસ્તિપુરીએ ગયેલો અને પ્રભુએ બતાવેલ વિધિ પ્રમાણે તપ કરતાં છ મહિનામાં તે તેજોલેશ્યા સાધી શક્યો. તેજોલેશ્યા ઉપરાંત અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન પણ તેને પ્રાપ્ત થયું હતું અને તેથી તે પોતાને 'સર્વજ્ઞ,' 'જિનેશ્વર' કહાવતા ધરાતલે વિહરતો હતો.

અત્યારે (વિ. પૂ. ૪૮૬=ઇ. પૂ. ૫૪૩) પણ તે શ્રાવસ્થિમાં હાલાહલા નામે કુંભારની દુકાનમાં ઊતર્યો હતો તેની ' સર્વજ્ઞ ' તરીકેની ખ્યાતિ સાંભળી મુગ્ધ બનતા માનવો રાતદિન તેના ઉપાસના કરતા હતા. એવા અરસામાં શ્રી ગૌતમસ્વામી, પ્રભુની આજ્ઞાથી છઠ્ઠનું પારણું કરવા માટે નગરમાં ભિક્ષા લેવા ગયા. ત્યાં તેમણે સાંભળ્યું કે અહીં સર્વજ્ઞ નામથી વિખ્યાત ગોશાલક આવ્યો છે. સાંભળતાંજ તેમને આશ્ચર્ય થયું તેઓ ભિક્ષા લઇને શ્રી વીર પાસે ગયા. અવસર આવ્યો તેમણે નિર્મળ બુદ્ધિથી શ્રી મહાવીરને પૂછ્યું કે, ' સ્વામી ! આ નગરીમાં લોકો ગોશાલકને સર્વજ્ઞ કહીને બોલાવે છે તે યથાર્થ છે કે નહિ ? '

'એ મંખલીપુત્ર ગોશાલક છે ને અજિન છતાં પોતાને જિન માને છે શ્રાવસ્તિમાં એ જિન નથી પણ એકજ છે.' આ વાત આખા નગરમાં વાયુ વેગે પ્રસરી ગઈ. વાત સાંભળતાંજ ગોશાલકને ક્રોધ ચઢયો અને પોતાના જિનેશ્વરપણાને ટકાવવા તે ઉપાય શોધવા લાગ્યો.

એટલામાં તેના નિવાસસ્થાન પાસેથી શ્રી વીરના શિષ્ય, નામે આનંદમુનિ છઠ્ઠના પારણા માટે ભિક્ષાર્થે નીકળ્યા. ગોશાલકે તેમને બોલાવ્યા અને હલકી જબાનમાં આ પ્રમાણે બોલ્યો, 'અરે આનંદ! તારા ધર્માચાર્ય લોકોમાં નિજની પ્રતિષ્ઠા ટકાવી રાખવા ખાતર ભર સભામાં મારી ગેરહાજરીમાં જેમ ફાવે તેમ અવર્ણવાદ ઉચ્ચરે છે, પણ હું તેમને પરિવાર સહિત ભસ્મ કરી નાંખીશ. આ સમાચાર તું તારા પ્રભુને કહેજે.'

આનંદમુનિ ભિક્ષા લઇને શ્રી વીર પાસે ગયા અને ગોશાલકે તેમને કહેલ શબ્દેશબ્દ તેમણે શ્રી વીરને વિનયપૂર્વક કહી સંભળાવ્યો અને પછી પૂછયું કે, હે 'સ્વામી! ગોશાલક જે બોલ્યો, તે, તે કરી શકે ખરો?' 'અરિહંત સિવાય બીજાને જરૂર તે ભસ્મ કરી દે.' પ્રભુએ આનંદને કહ્યું.

'સ્વામિન! પોતાને જિન તરીકે ઓળખાવનાર અને આજીવક મતનો સ્થાપક, મંખલીપુત્ર ગોશાલક, આપે જાહેર કરેલ વૃત્તાંતથી ક્રોધાંધ બનીને આપની પાસે આવી રહેલ છે." ગોશાલક શ્રી વીર સન્મુખ આવતો જોઇ શ્રી ગૌતમ ગણધર બોલ્યા.

"ગૌતમ, તે ભલે આવે તમે સર્વ સાધુઓ, એની સાથે કોઇ પણ જાતના આલાપ સંલાપ કર્યા વગર એક બાજુ ખસી જજો: જે યોગ્ય હશે તે હું જ કહીશ ને કરીશ." પરમજ્ઞાની શ્રી વીરે ગૌતમ ગણધરને જવાબ આપ્યો.

જેના ચહેરાની પ્રભા ધગધગતા અંગારા સમી લાલચોળ બની ગઇ છે અને રોષાનળથી જેના અંગો ધ્રુજી રહ્યાં છે એવા ગોશાલકે શ્રી વીરની સન્મુખ આવતાં વેંતજ મુખ પરની લગામ છૂટી મૂકી અને સ્વચ્છંદતાથી લવવું શરૂ કર્યું. "અરે કાશ્યપ, તું મારો જિનપણા વિષે નકારો ભણી મને એક સમયના પોતાના સાથી તરીકે ઓળખાવે છે એ તદ્દન ખોટું છે. કેમ કે તારો જે શિષ્ય ગોશાલક હતો તે સુકુળ કુળનો હતો; તે તો ધર્મ ધ્યાનથી મૃત્યુ પામીને દેવગતિમાં ઉત્પન્ન થયેલો છે. મેં તો માત્ર તેનું શરીર કષ્ટ સહનને યોગ્ય ધારી સ્વીકાર્યું છે અર્થાત્ મેં એની કાયામાં પ્રવેશ કર્યો છે. મારૂં નામ ઉદાયનામે મુનિ છે. તેથી મને જાણ્યા વગર મારા અવર્ણવાદ તું કેમ બોલે છે! તું કોઇ મારો ગુરૂ નથી."

'અરે ગોશાલક, શા માટે આવું હડહડતું જૂઠું બોલે છે? તું તેજ આત્મા છે. શું કોઇ પોતાના મુખ આડી અંગુલિ ધરી, એને છૂપાવવા યત્ન સેવે તેથી તે વડે મુખ છૂપાઇ શકે ખરૂં? હવામાં બાચકા ભરવા સરખા વૃથા ફાંફાં શા સારૂ મારે છે? કેવળજ્ઞાનની પ્રાપ્તિ વિના સર્વજ્ઞતા નથી સંભવી શકતી. માટે ત્હારા આત્માને ન છેતર!' શ્રી મહાવીર પ્રભુએ એને સત્ય વસ્તુ કહી સંભળાવી.

શ્રી વીરના આ જવાબથી ગોશાલકને ઘણો ક્રોધ ચઢયો અને શ્રી મહાવીરને સંબોધીને જેમ ફાવે તેમ લવવા માંડયો.

પ્રભુની સમીપ બેઠેલા સર્વાનુભૂતિ મુનિથી ગોશાલકનાં વચનો ન ખમાયાં તેમણે ગોશાલકને સત્ય માર્ગે વળવાની શિખામણ આપી. પણ તેથી ઉલ્ટું બળતામા ઘી હોમાયું ગોશાલકની આંખો ગુસ્સાથી ફાટવા લાગી. તેણે સર્વાનુભૂતિ મુનિ પર તેજોલેશ્યા મૂકી.

એકા એક જાણે મહાસાગરે માઝા મૂકી હોય, કે એકદમ ઊંચા પહાડનું શૃંગ ન તૂટી પડયું હોય અથવા ભીષણ ગર્જારવ પછી અચા-

નક વિદ્યુતપાત ન થયો હોય, એવો ભીષણ ગભરાટ ચારે તરફ પ્રસરી રહ્યો. ઉષ્ણતાના એ પ્રબળ અને ભયંકર ઝંઝાવાતમાં સર્વાનુભૂતિ મુનિનું શરીર ખાક થઈ ગયું.

લેશ્યા શક્તિ પર મુસ્તાક ગોશાલક હવે નિર્ભય રીતે શ્રી વીરનાં અપમાન કરવા લાગ્યો. પ્રભુના બીજા શિષ્ય સુનક્ષત્ર પણ તેને તેમ કરતાં વારતા ગયા. ગૌશાલકે તેમને પણ તેજોલેશ્યાથી ભસ્મ કરી નાખ્યા.

સમતાસાગર મહાવીરે એકાન્ત કારુણ્યભાવથી ગોશાલકને કહ્યું. ' અરે ગોશાલક ! તારી બુદ્ધિ કેમ ફરી ગઇ છે ? તું આવું અનર્થકારી આચરણ શા માટે કરે છે ? એનાથી તું મહાન અશુભ કર્મનો બંધ કરે છે. તેના કટુવિપાક તારે પોતાને જ ભોગવવા પડશે. એ તું ધ્યાનમાં કેમ રાખતો નથી. અરે ! તુ મારો શિષ્ય થઇને મારા જ અવર્ણવાદ બોલી, તારા આત્માને ભારે શા માટે બનાવે છે. વિચાર કર અને હિતમાર્ગે ડગ માંડતો થા ! '

મદાંધ ગોશાલકને પરમ ઉપકારી શ્રી વીરના એક પણ બોલની અસર ન થઇ. પરંતુ તેનાથી તેનો મદ અને ક્રોધ દ્વિગુણિત થયા. પોતા પર અગાધ અને અબાધ ઉપકાર કરી જીવનદાન દેનાર શ્રી મહાવીર પર તેણે તેજોલેશ્યા છોડી. આગના તણખા વેરતી તેજોલેશ્યા સર્વજ્ઞ અને સર્વ સ્નેહમય શ્રી વીરને સ્પર્શી ન શકી તે પાછી વળી અને ખુદ ગોશાલકના અંગમાં પ્રવિષ્ટ થઈ ગઇ. અરિહંતને કેવળ જ્ઞાન થયા પછી ઉપસર્ગ થાય નહિ, છતાં આ ઉપસર્ગ થયો એ પણ દશ આશ્ચર્યોમાંનું એક આશ્ચર્ય છે. લેશ્યાના તાપથી અંદરથી જળતા ગોશાલકે ઉદ્ધતપણે શ્રી વીરને કહ્યું કે, ' હે કાશ્યપ ! મારી તેજોલેશ્યાથી હાલ તો તું બચી ગયો છું તો પણ મારા તપના તેજથી છ મહિનામાં તારું અવશ્ય મૃત્યુ થશે. ' શ્રી વીરે તેને જવાબ આપ્યો

કે, ' હું તો હજી કેવળી અવસ્થામાં સોળ વરસ વિચરીશ પરંતુ તું તો પિત્તજ્વરના વ્યાધિથી સાત દિવસમાં જ છદ્મસ્થપણે મૃત્યુને આધીન થઈશ.

શ્રી વીર કરુણાસાગર હતા ગોશાલકને સદ્બોધ પમાડવા તેમણે ગૌતમસ્વામીને તેની પાસે મોકલ્યા. ગોશાલકને શરીરમાં દાહ ઉત્પન્ન થયો હતો. તેનો વ્યાધિ અસાધ્ય વધી ગયો. શ્રી વીરનાં વચનો પ્રમાણે તેને પોતાનું મોત નજીક જણાયું. છેવટના સાતમા દિવસે તેને વ્યાધિ અસાધ્ય બન્યો તે દિવસ તે પોતાના પાપનો અંતઃકરણ પૂર્વક પશ્ચાતાપ કરવા લાગ્યો. તેણે પોતાના સર્વ શિષ્યોને બોલાવીને કહ્યું કે, ' હે શિષ્યો! હું અર્હંત નથી તેમ કેવળી પણ નથી. હું તો મંખલિનો પુત્ર અને શ્રી વીરનો શિષ્ય ગોશાલક છું મેં આટલા કાળ સુધી દંભથી મારા આત્માને અને લોકોને ઠગ્યા છે, મારી પોતાની તેજોલેશ્યાથી જ દહન થતો હું છદ્મસ્થપણે જ મૃત્યુ પામીશ.' આ રીતે ગોશાલક અંત અવસ્થામાં કંઈ સમકિત પામ્યો અને વીતરાગના વચન ઉપર વિશ્વાસવાળો થયો. છેવટે પોતાના સર્વ શિષ્ય સમક્ષ અરિહંતનું શરણું અંગીકાર કરીને તે કાળધર્મ પામ્યો.

करेमाणे कडे:—સ્વૈરવિહારી જમાલિ પણ આ સમયે ( વિ. સં. પૂર્વે ૪૮૬ ) પોતાના પરિવાર સાથે શ્રાવસ્તિપુરીમાં આવ્યો. ત્યાં તેને પિત્તજ્વર લાગુ પડયો. તેની શારીરિક શક્તિઓ ઘસાવા માંડી તેના શિષ્યો તેની સેવા કરવા લાગ્યા તે વધુ અશક્ત બન્યો. શિષ્યોને સંથારો પાથરવાનું કહ્યું સંથારો પાથરતા શિષ્યોએ તે પથરાઈ રહ્યા પહેલાં જ ' પથરાઈ ગયો' એમ કહ્યું જમાલિ તરત જ ત્યાં ગયો તેને ક્રોધ ચઢયો. પણ બીજી જ ક્ષણે તે ક્રોધનો પ્રવાહ થતી વસ્તુને થઈ હોવાનું માનવાનો ' સિદ્ધાન્ત करेमाणे कडे પ્રગટાવનાર શ્રીમાન મહાવીર પ્રત્યે વાળ્યો.

તેની તર્કશક્તિ વધુ તીવ્ર ને ગગનગામી બની. વર્તમાન અને

ભાવિક્ષણોના સંયોગથી થતી વસ્તુને ' થઈ ' કહેવામાં, ભાવિક્ષણોની અનુપયોગીતતા અને નિષ્કારણ એકલતા ઉપરાંત તે ક્ષણો દરમ્યાન થતાં કાર્યોમાં પુનઃકરણ દોષ જોયો તે દોષ તેણે શિષ્યો આગળ આછ બતાવ્યો. શ્રી વીર પણ માનવી હોઈ તેમનામાં અપૂર્ણતાની સંભવિતતા વિષે તેણે શિષ્યો આગળ વિવેચન કર્યું. શિષ્યોને તેણે કરાતા કાર્યને કર્યું ન કહેવા, સંબંધી ઉપદેશ આપ્યો. ' ઋજુસૂત્ર ' નામક નિશ્ચય નય પટ પ્રતિષ્ઠિત શ્રી વીરના ' करे माणे कडे ' સિદ્ધાન્તનો તેણે વિરોધ આદર્યો.

શિષ્યો અવાક બન્યા ગુરૂમાં થયેલા આ પલટાએ તેમને દુઃખી કર્યાં. સંથારો પાથરતાં થઈ ક્ષણો માટે તેમણે તેની ક્ષમા માગી. પણ જમાલિ મક્કમ જ રહ્યો. તેણે વીર સિદ્ધાન્તને તદ્દન ખોટો ઠરાવ્યો. શિષ્યો મહાસંકટ સાગરમાં આવી પડયા. એક બાજુ પ્રભુ વીરઃ બીજી બાજુ ગુરૂ જમાલિ · કેટલાકે ગુરૂને તજી, ગુરૂના ગુરૂનો આશ્રય લીધો. પ્રિયદર્શના, સ્ત્રી સુલભ મોહથી આકર્ષાઈને પરિવાર સાથે જમાલિની સાથે જ રહી.

જમાલિ હવે તદ્દન સ્વતંત્ર બન્યો. પોતાને સર્વજ્ઞ કહાવી, તે ઠેર ઠેર વીર–સિદ્ધાન્તને ખોટો ઠેરવવાનો મિથ્યા પ્રયાસ કરવા માંડયો. શ્રી વીરની સમીપ જઈ તેમની સાથે વાદ કરવાનો તેણે નિશ્ચય કર્યો. પણ ગણધર શ્રી ગૌતમે તેને તેમ કરતાં વાર્યો. શ્રી સંઘે તેને અમાન્ય ઠેરાવ્યો. છતા કોઈનીયે પરવા વિના તે પોતાનો મત તે સાચો સાબિત કરાવવાની પેરવીમાં ગૂંથાઈ ગયો. પરમજ્ઞાનીના સિદ્ધાન્ત વિરુદ્ધ પ્રચાર કરતાં તે ' નિન્હવ ' તરીકે જાહેર થયો.

## પ્રકરણ ૬ ઠું

## આર્યાવર્તની અમરવેલ

❋

સારઃ—તેજોલેશ્યાની શ્રી મહાવીરના શરીરે થયેલી અસર. તેના નિવારણ કાજે તેમણે લીધેલો થાક. તે પાક સંબંધી ચાલતા વિસંવાદના સમાધાન અંગે વિવિધ શાસ્ત્રીય પ્રમાણો આર્યાવર્તની અમરવેલ 'અહિંસા' પર શ્રી મહાવીરની પ્રેરક દેશના. કેશિગણધર અને શ્રી ગૌતમસ્વામી વચ્ચે થયેલી જ્ઞાન ચર્ચા જે વાંચતાં જીવનનાં દ્વાર જરૂર ઉઘડી જાય. શિવરાજર્ષિ, રાજા દશાર્ણભદ્ર તેમજ શાલ મહાશાલને ગાંગિલની દીક્ષાઓ. પ્રભુ મહાવીરે કરેલું પાંચમાં–છઠ્ઠા આરાનું વર્ણન. ગૌતમસ્વામીનું અષ્ટાપદે જવું. પદંરસો તાપસોની દીક્ષા 'પ્રમાદ ન કરવા' સંબંધી વીરપ્રભુનો શ્રી ગૌતમને ઉપદેશ. સુદર્શન શેઠની દીક્ષા.

કાળનું સ્વરૂપ. તેના પ્રકાર સમયનું મૂલ્ય. તેમજ શ્રી મહાવીરના કેવળી જીવનનું વૈશાલીનું ત્રેવીસમું ચોમાસું.

**સુરબ્બો કે માંસ ?** શ્રી વીરે શ્રાવસ્તિથી દક્ષિણ તરફ વિહાર શરૂ કર્યો. તેજોલેશ્યાની ગરમી હોવા છતાં, ઝડપભેર **મેંઢિયગામે**[૧] પધાર્યા. ગોશાલકે ફેંકેલી તેજોલેશ્યા શ્રી વીરના ચરણે ઝૂકીને પાછી વળી હતી, પરંતુ તેની વ્યાપક ઉષ્ણતાની અસર શ્રી મહાવીરને થઈ હતી. જ્યારે ભગવાન મહાવીર મેંઢિયગામના શાલકોષ્ઠ ઉદ્યાનમાં સમોસર્યા ત્યારે તેમના શરીરમાં તે ગરમીનું પ્રમાણ વધી ગયું હતું; તેમને પિત્તજ્વર લાગુ પડયો હતો, તથા દસ્તમાં પણ લોહી ટપકતું હતું. તેમની આ શારીરિક સ્થિતિ જોઈ અન્ય દર્શનીઓ કહેવા લાગ્યા કે, 'ગોશાલકના શબ્દો સાચા પડશે, અને શ્રી મહાવીર છ મહિનામાં મૃત્યુ પામશે.'

તે સમયે શ્રી વીરના અનન્ય ભક્ત સિંહ અણગાર મેંઢિયગામ પાસેના માલુકાવનમાં તપ કરતા હતા. તેમણે પ્રભુની માંદગીના ઉક્ત સમાચાર અન્ય મતવાદીઓના મોઢેથી સાંભળ્યા. તે સાંભળતાની સાથે તેમનું ભક્તિઘેલું હૃદય દ્રવીભૂત થયું. તેનાથી ન રહેવાયું ને તેમને રુદન પ્રવાહમાં પરમ ઉપકારી મહાવીરના ગુણની કવિતા ગાઈ. પરમજ્ઞાની વીરે જ્ઞાનબળે તે જાણ્યું અણગારને તુરત જ પોતાની પાસે બોલાવરાવ્યા. બોલાવીને કહ્યું, 'હે સિંહ ! તું દુઃખ ન કર. મારું મૃત્યુ છ મહિનામાં નથી થવાનું, કિન્તુ હું હજી **સોળ વર્ષ સુધી તીર્થંકર પણે** આ દુનિયામાં વિચરીશ.' છતાં તારાથી મારા આ અસહ્ય વ્યાધિનું દુઃખ જોયું ન જતું હોય, તો એક કામ કર. 'આ મેંઢિયગામમાં રેવતી નામે શ્રાવક-પત્ની છે, તેને ત્યાં જા તેણે બે પાક તૈયાર કર્યા છે. તેમાંનો પહેલો કોળાનો પાક જે મારા નિમિત્તે બનાવ્યો છે, તે ન લાવતાં, વાયુશમનને યોગ્ય બીજો બીજોરાપાક લાવજે. કોળાનો પાક આધાકર્મી હોવાથી બહુ પાપનું કારણ ગણાય,'

૧ આ ગ્રામ કૌશાબીની નજીક હોવાનું સંભવિત છે.

તે મારે ન કલ્પે[1] ભગવાનની આજ્ઞા મળતાં જ સિંહ મુનિ હરખાતા હરખાતા રેવતી શ્રાવિકાને ત્યાં ગયા અને શ્રી વીરે જણાવ્યા મુજબ સુરબ્બો લેઇ પાછા વળ્યા.

ઔષધ નિરાગભાવે ઉપયોગમાં લેતા શ્રી વીરના શરીરનો રોગ શાંત થઇ ગયો.

આ પાઠમાં જે દુવે કવોયસરીરા, મજ્જાર કડએ તથા કુક્કુડમંસએ શબ્દ છે, તેને માટે જૈન જગતમાં ઘણોજ વિસંવાદ છે. કારણ કે ઉપરોક્ત નિરપેક્ષ શબ્દોનો સ્થૂલ અર્થ એજ નીકળે છે કે—ભગવાન મહાવીર સ્વામીએ માંસાહાર કર્યો.

આ વિષયમાં વિવેકપૂર્વક વિચાર કરવો જોઇએ કે, સમર્થજ્ઞાની શ્રી વીરના મુખથી પચ્ચીસો વર્ષ પહેલાં માગધી ભાષામાં ઉચ્ચારાયલા શબ્દો અથવા તેના અર્થ યા ભાવાર્થ કયા સંસ્કારો વડે રંગાયલા છે.

પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં વનસ્પતિઓનાં કેટલાક એવા પ્રકારના નામ છે કે, જે પ્રાણીઓ માટે પણ વપરાતાં હોય.[2]

---

१ ' तत्थणं रेवतीए गाहावहणीए मम अट्ठाए दुवे कवोयसरीरा उवक्खड़िया तेहिं नो अट्ठो ।

अत्थि से अन्ने पारियासिए मज्जार कडए कुक्कुड मसए तमाहराहि एएण अट्ठो । ( શ્રી ભગવતીજી સૂત્ર શતક ૧૬ )

२' विल्ली ( ગા ૧૯ ) एरावळ ( ૨૧ ) जयमारिणी ( ૨૨ ) पंचगुलि ( ૨૬ ) गोवाली ( ૨૯ ) मडुक्की ( ૩૮ ) चंद्दी ( ૪૬ ) भंगी ' ( ૪૭ ) ( પન્નાવણા સૂત્ર પદ ૧-સૂત્ર ૨૩–૨૪ )

' मार्जार '—પિત્તજ્વરનાશક ઔષધ (શબ્દ સિંધુકોશ પૃ ૮૧૭)

ભાવપ્રકાશ નિઘંટુમાં પ્રાણુવાચક પ્રાણીનામસૂચક તથા બીજાં અનેક નામો સાથે મળતી અનેક જાતની દેશી ઔષધિઓ જણાવવામાં આવી છે.

---

'रंभा—કેળનું પત્તુ ( मरकटतंतु—અમરવેલ ? શબ્દકોષ )

'सीता—મીશ્રી विष्णु—પીપળો शिवा-હરડે अर्जून-અર્જૂનછાલ कृष्णा—મજ પીપળ' ( અષ્ટાભિધાન કોશ )

'लक्ष्मी-કાળા મરચાં पार्वती—દેશી હળદર इन्द्रजीत—ઇન્દ્રજવ ( અષ્ટાભિધાન કોશ )

## પારિભાષિક શબ્દમાળા

हरि—ગુગળ; उरग—સીસુ; रक्तवीज-ચમકણી; राक्षसी—રાઇ; ताम्रकूट—તમાકુ; चडालिनी—લસણ; नागार्जुनी—દૂધી; इश्वरम्—પિત્તળ.

( મુંબઈ પુસ્તક એજન્સી કલકત્તાથી પ્રકાશિત સાહિત્ય શાસ્ત્રી પં. રાજતેજ પાંડેયકૃત, ટીપ્પણી યુક્ત પ. ભાવમિશ્રકૃત ભાવપ્રકાશ નિઘટુ ; પ્રથમાવૃત્તિ )

પ્રચલિત શબ્દો જે ભાષા ભેદાદિ કારણે પ્રાણી અને વનસ્પતિ બન્ને લાગુ પડે છે.

| શબ્દ | પ્રાણી—જગતમાં | વનસપતિ—કયા દેશમાં |
|---|---|---|
| कुकडी | મુરઘી ( ગુજરાત ) | ભુટ્ટે—પંજાબ |
| चील | ચીલપક્ષી ( યુ. પી. ) | ચીલકી ભાજી—પંજાબ |
| पोपटा – | બીભત્સઅંગ (માલવા) | લીલાચણા—ગુજરાત |
| ळज्जाळु | સ્ત્રી | છોડની જાતિ—ગુજરાત |
| कवेला | | સફેદ કોળું—મેરઠ જીલ્લો |
| गलगल | ગુદારપક્ષી | બીજોરૂ |

'શાલિગ્રામ નિઘંટુ ભૂષણમાં' અનેક પ્રકારની પ્રાણીવાચક ઔષધિઓનો ઉલ્લેખ છે. તરબૂચને માટે માંસફલ (પૃ. ૯૦૩) આંબળાને માટે અંડા (પૃ.૧૦૬) કસ્તુરીને માટે માર્જારી (પૃ. ૨૮) હિન્દી ઔષધિને માટે લાલમુરઘા (પૃ. ૫૦૧) ભીંડીને માટે ચતુષ્પદ (પૃ ૮૮૯) ગુજરાતી ઔષધિને માટે કુકડવેલ (પૃ. ૪૫૬)

ઔષધિ' ઘટના સાથે સંબંધ રાખવાવાળી ફક્ત હકીકતને ધ્યાનમાં રાખીને મહાવીર પ્રભુએ લીધેલ ઔષધિનો આપણે વિચાર કરીએ.

ઔષધ લાવવાની આજ્ઞા આપનાર સર્વજ્ઞ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ અને તે લાવનાર પંચ મહાવ્રતધારી મહાતપસ્વી સિંહમુનિ કે જે મન, વચન કે શરીરથી જીવમાત્રની હિંસાના વિરોધી. શ્રી આર્યવર્તની અમરવેલ અહિંસા. તેને શ્રી મહાવીરે નિજ જીવન પ્રકાશ વડે પાંગરતી કરી ને પછી તેઓજ તેને વાઢે? સિદ્ધાન્તનો પ્રચારક જ્યારે સિદ્ધાન્તને સ્વજીવન દ્વારા ન સિદ્ધ કરી શકે, તો પછી બીજા તે સિદ્ધાન્તને અપનાવે જ કઇ રીતે?

શ્રમણ ભગવાન મહાવીરે જ સ્વજીવન–પ્રકાશ વડે હિંસાને ઘોતી અહિંસાનાં કવિતો ગાયાં છે (૩)

---

૩ 'से भिक्खु वा जाव समाणे सेज पुण जाणेज्जा मंसाइय वा मच्छाइय वा मंसखळ वा मच्छखल वा नो अभिसंधारिज्ज गमणाए ॥

(આચારાંગ સૂત્ર; નિશિથસૂત્ર)

अमज्जमंसासिणो (સૂત્રકૃતાંગ સૂત્ર અ. ૨)

ये यावि भूजन्ति तहप्पगारं, सेवन्ति ते पावमजाणमाणा मणं न एयं कुशलं करन्ति वायावि एसा बुइयाउमिच्छा ।

(સૂત્રકૃતાંગ સૂત્ર. શ્રુત, ૨ અ. ૬ ગાથા ૩૮)

અવતરીત નોંધપાઠોથી પ્રભુ મહાવીરના આદર્શમય અહિંસક જીવનનો અને વિશ્વના શણગારરૂપ અહિંસાનો સંપૂર્ણ પરિચય મળી રહે છે.

---

चउहि ठाणेहि जीवा णेरइयत्ताए कम्मं पकरेंति, तंजहा महारंभयाए महापरिग्गहयाए पचिंदियवहेणं कुणिमाहारेण।

(શ્રી સ્થાનાંગ સૂત્ર સ્થાન ૪)

महारंभयाए महापरिग्गहियाए कुणिमाहारेणं पचन्दियघहेणं नेरइयाउच कम्मासरीरप्पयोगनामाए कम्मस्स उदएणं नेरइयाउचकम्मासरीरे जाव जावपयोगबन्धे (શ્રી ભગવતીજી સૂત્ર; શ. ૮)

भुंजमाणे सुर मंसं परिवुडे परंदमे ॥ अयकक्करभोइ य, तुंदिल्ले चियलोहिए। आउय नरए कखे जहा एसं व एलए।

(ઉત્તરાધ્યયન સૂત્ર; અ ૭ ગાથા ૭)

हिंसे बाले मुसावाई माइल्ले पिसुणे सढे, भुंजमाणे सुर मसं सेयमेयंति मन्नई ॥ (ઉત્તરાધ્યયન સૂત્ર; અ ૫ ગાથા ૯)

तुह पियाइ मंसाइं, खंडाइ सोल्लगाणि य। खाईओ विसमंसाइं अग्गिवण्णइं ऽ णेगसो ॥ (ઉત્તરાધ્યયન સૂત્ર; ૧૯ ગાથા ૬૭)

अमज्जमसाषि अमच्छरीआ अभिक्खण निव्विगइ गया अ।
अभिक्खणं काउसग्गकारी सज्जाय योगे पयओ हविज्जा ॥

(શ્રી દશવૈકાલિક સૂત્ર; ચૂ ૨ ગા. ૭)

तुमंसि नाम सच्चेव जं हतव्वंति मन्नसि, तुमंसि नाम सच्चेव जं अज्जावेयव्वति मन्नसि, तुमसि नाम सच्चेव जं परियावेयव्वति मन्नसि एव जं परिघित्तव्वंति मन्नसि, जं उद्दवेयव्वंति मन्नसि। अजू चेयपडिबुद्धजीवी, तम्हा न हंता नवि घायए, अणुसंवेयणमप्पाणेणं जं हतव्वं नाभिपत्थए। (શ્રી આચારાંગસૂત્ર; સુ. ૧૬૫)

અહિંસાના આવા મહાન પ્રકાશકને, માંસાહારી કહેતા, માનતા, મનાવતાં કે આલેખતાં પહેલાં માનવીએ વિચાર કરવો ઘટે છે. પ્રકાશને પ્રગટાવનાર ભાનુના સંપૂર્ણ કલામય જીવનમાં અકલ્પ્ય હિંસાની કાલિમા ક્યાં સંભવી શકે !

સિંહમુનિ જે ઔષધ લાવ્યા હતા, તે પણ કોઈ કસાઈને ત્યાંથી યા યજ્ઞસ્થાન પરથી ન હોતા લાવ્યા, કિન્તુ એક શ્રાવકને ત્યાંથી લાવ્યા હતા.

જૈનાગમ પરથી જણાય છે કે તે સમયમાં બે રેવતી થઈ ગઈ છે જેમાંથી એક રાજગૃહનિવાસી શ્રાવક મહાશતકજીની પત્ની હતી અને જે મરીને નરકમાં ગઈ છે. બીજી રેવતી તે મેંઢિય ગામની વ્રતધારિણી જૈન શ્રાવિકા જેના વિષે લખેલું છે કે,[1]

સિંહમુનિ મેંઢિયગામ નિવાસી આ રેવતીના પુનિત ગૃહમંદિરેથી પાક લાવ્યા હતા ને રેવતીએ પણ પાક આપવાથી દેવાયુ બંધ

---

सेसज्जं पियमस देई अणुमन्नई जो जस्स सो तस्स मह्लगो वच्चइ नरयं ण संदेहो ॥ दुगंधं बीभत्थं इन्दियमलसंभव असुइयं व खइएण नरयपडणं विवज्जणिज्ज अओ मंसं ॥

सद्यः संमूर्च्छिता नन्त–जन्तु संतान दूषितम् । नरकाध्वानि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ? आमासु अ पक्कासु अ विपच्चमाणासु मंसपेसीसु सयय चिय उववाओ भणिओ उ निगोयजीवाणं ॥

( યોગશાસ્ત્ર પ્રકાશ ૩; શ્લોક–મૂળ અને ટીકા )

१ ' समणस्स भगवओ महावीरस्स सुलसा रेवई पामुक्खाणं समणोवासियाणं तिन्नीसय साहस्सीओ अट्ठारस सहस्सा उक्कोसिया समणोवासियाणं संपयाहुत्था । ' ( શ્રી–કલ્પસૂત્ર )

કીધો [૨] તથા તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

દિગમ્બર વિદ્વાનો પણ રેવતીના આ પાક દાનની તારીફ કરે છે. તથા તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાનું મૂળભૂત કારણ એ પાક દાન જ હતુ એમ જણાવે છે [૩]

જે પરમ જૈન છે. દ્વાદશવ્રતધારિણી છે, મરીને દેવલોકમાં જનારી છે અને જેણે દાનથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, તે રેવતી માંસાહાર કરે અથવા તીર્થંકર નામકર્મના કારણભૂત ઉક્ત દાનમાં માંસ આપે, એ તો અસંભાવ્ય અને અમાન્ય જ ગણાય.

જે રોગને માટે ઉક્ત ઔષધ લાવવામાં આવ્યું હતું, તે રોગ "पित्तज्जवर परिगय सरीरे दाह वक्कंतिए" પિત્તજ્વર અને દાહનો હતો. તેમાં અરુચિ-જવલન અને લોહીના ઝાડા થતા હતા. તે રોગ-જ્વાળાને ભભૂકતી શાંત કરવા માટે કોળાં, બીજોરાં વિગેરેની બનાવેલી ખાસ ઔષધિઓ ખાસ કરીને ઉપયોગી નીવડે છે. પરંતુ તે રોગમાં માંસ ખાવાની ખાસ મનાઇ હોય છે. વૈદકગ્રન્થોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે.-स्निग्धं उष्णं गुरु रक्तपित्तजनकं वातहरं च। માંસ ગરમ, ભારે, રક્તપિત્તને વધારનારૂ અને ગરમીના કોઇ પણ પ્રકારના રોગમાં સર્વથા ત્યાજ્ય ગણાય છે. આ રોગ માટે કોળું અને બીજોરૂં ઉત્તમ મણાય. એ ઉપરથી નક્કી થાય છે કે, શ્રી મહાવીરે લીધેલ

---

૨ 'रेवती श्राविकया श्री वीरस्य औषधदान दत्तम्। तेनौषधिदानफलेन तीर्थकरनामकर्मोपार्जितमत एव औषधिदानं दातव्यम्।'
(વિ સમ્યક્ત્વ કૌમુદી પૃ. ૬૫)

૩ 'तएणं तीए रेवतीए गाहावइणीए,तेणं दव्वसुद्धेणं जावदाणेणं सीहे अणगारे पडिलाभिए समाणे देवाउए णिबद्धे जहा विजयस्स, जाव जम्म जीवियफले रेवती गाहावइणीए।'
(શ્રી ભગવતીજી સૂત્ર. શ. ૧૬)

ઔષધ, તે માંસ નહિ પણ, ગરમી શમાવનાર એક પ્રકારની ઔષધિનો પાક–મુરબ્બો હતો.

' तत्थणं रेवतीए गाहावइणीए मम अट्ठाए दुवे कवोयसरीरा उवक्खडिया तेहिंनो अट्ठो। अत्थि से अन्ने पारियासिए मज्जारकडए कुक्कुड मंसए तमाहराहि एएणा अट्ठो। '

ઉક્ત પાઠમાં વિચારણીય શબ્દો આ પ્રમાણે છે:–

(१) दुवे (२) कवोय (३) सरीरा (४) उवक्खडिया (५) नो अट्ठो (६) अन्न (७) पारियासिए (८) मज्जार (९) कडए (१०) कुक्कुड (११) मंसए જેનું વિવરણ નીચે પ્રમાણે છે—

**પ્રથમ दुवे**–આ શબ્દ 'કવોય' ની નહિ, કિન્તુ. 'કવોયસરીરા' ની સંખ્યા બતાવે છે, એટલે કે બે કવોય નહિ, પરન્તુ કવોયના બે મુરબ્બા એવો અર્થ નીકળે છે હવે જો કવોયનો અર્થ ' પક્ષી ' એવો અર્થ કરીએ તો, ' દુવે ' અને ' સરીરા ' એ બે શબ્દોનો સમન્વય થઈ જ ન શકે. એ ઉપરાંત ' પક્ષીને ' માટે તો ' दुवे-**कवोया** ' જ સીધો શબ્દ છે. જેને છોડીને અહીં 'દુવે' અને 'સરીરા' શબ્દના પ્રયોગ કરવામા આવ્યા છે.

આ ઉપરથી નિશ્ચત થાય છે કે અહીં ' કવોયા ' શબ્દનો અર્થ પક્ષીને માટે નથી. કિન્તુ ફળને માટે વાપરવામાં આવ્યો છે.

**कवोय**–એ એક જાતની વનસ્પતિ છે જેને તૈયાર કર્યા બાદ ઘણા દિવસો સુધી ઉપયોગમાં લઇ શકાય છે અને જે ગરમી, રક્તવિકાર, પિત્તજ્વર આદિ રોગો પર અસરકારક નીવડે છે. જેનો સંસ્કૃત પર્યાય ' कपोत ' થાય છે ' कपोत ' એટલે એક જાતની વનસ્પતિ ( સુશ્રુતસંહિતા )

' कपोत '—શબ્દના સીધા અર્થ :

એક જાતની વનસ્પતિ. પારસ પીપર. સફેદરંગી કોળું અને કબૂતર છે. જેનું વર્ણન વૈદકગ્રન્થોમાં નીચે મુજબ છે. [૧]

પારસ પીપરના ગુણદોષ નીચે મુજબ છે. [૨]

કોળાના ગુણદોષ—[૩]

ને માંસના ગુણદોષ પાછલા પૃષ્ઠ પર આપી દીધા છે.

હવે શ્રી વીરપ્રભુના દાહ રોગને માટે વિચાર કરતાં એ તો માલૂમ પડે છે, કે તેમણે લીધેલ ઔષધિ તે પક્ષીનું માંસ નહિ પણ પારાપત વનસ્પતિ યા પારસપીપર યા કોળાનું ફળજ હોવું જોઇએ.

ભગવતી સૂત્રના પ્રાચીન ચૂર્ણિકાર અને ટીકાકારોએ પણ ઉક્ત પાઠનો અર્થ 'કુષ્માંડ' ફળ તરીકે જ કર્યો છે.

'कपोतकः पक्षिविशेषः तद्वद् ये फले वर्णसा धर्म्यात् ते कपोते कुष्मांडे हस्वे कपोते कपोतके ते च शरीरे वनस्पतिजीव-देहत्वात् कपोतशरीरे ; अथवा अकपोतशरीरे इव धूसरवर्णसाधर्म्या-देव कपोतक-शरीरे कुष्मांडफले एव । ते उपस्कृते-संस्कृते । 'तेहिं नो अट्ठोत्ति' ब्रह्मपायत्वात् ।'

એટલે કે રંગની સમાનતાના કારણથી કોળાના ફળને કપોત કહેવામાં આવે છે.

---

૧ 'पारापतं सुमधुरं रुच्यमत्यग्निवातनुत् । ( સુશ્રુતસંહિતા )'

૨ 'पारिशो दुर्जरः स्निग्धः कृमि शुक्रकफप्रदः ।५। (ભાવપ્રકાશ)
फले ऽम्लो मधुरो मूलो कषायः स्वादु मज्जकः ।६।'

૩ 'पित्तघ्नं तेषु कुष्माडं बालं मध्यं कफापहम् ।
शुक्लं लघूष्णं सक्षारं दीपनं वस्तिशोधनम् ॥ २१३ ॥
सर्वदोषहरं हृद्यं पथ्यं चेतोविकारिणम् ॥ २१४ ॥
( સુશ્રુત અધ્યાય ૪૬ ફલવર્ગ )

કોળાનાં ફળનો મુરબ્બો દાહ વિગેરે રોગોને શાંત કરે છે, તે વૈદિક સિદ્ધાન્તને લોકો આજે પણ માને છે અને આગ્રા વિગેરે પ્રદેશમાં ગરમીની ઋતુમાં તેનો મુરબ્બો બનાવીને લોકો ખાય છે. એટલે કે 'કવોય શબ્દથી કુષ્માંડ–કોળાનીજ પ્રતીતિ થાય છે.

**सरीरा** આ શબ્દ 'કવોય'થી નિષ્પન્ન થયેલ પુલ્લિંગવાળા દ્રવ્યની પ્રતીતિ કરાવે છે. જો અહીં '**सरीराणि**' પ્રયોગ હોત તો આપણે માની શકત, કે તે શબ્દ કદાચ કપોતના શરીર વા પ્રાણહીન દેહ માટે વપરાયો હોય. '**सरीरा**' શબ્દ **પુલ્લિંગમાં વપરાયલો હોઇ તેનો અર્થ મુરબ્બો અથવા પાકજ થઈ શકે. પુલ્લિંગ પ્રયોગને કારણે આટલો બધો અર્થભેદ થયો છે.** આ પછી આવતો '**अट्ठे**' શબ્દ પણ પુલ્લિંગવાળો હોઇ તેની પુષ્ટિ કરે છે.

'**कवोय सरीरा**'ની પૂર્વે **दुवे** શબ્દપ્રયોગ કરી તેની સંખ્યા બતાવી છે. **જો માંસ હોય, તો ટૂકડા હોવા જોઈએ. કિન્તુ અહીં તો સંખ્યાસૂચક પાઠ, ફળના મુરબ્બાના પક્ષે ઊભો રહે છે.**

**उवक्खडिया** આ શબ્દ પુલ્લિંગમાં છે અને સંસ્કારસૂચક છે, 'ઉપાસક દશાંગ અને વિપાક સૂત્ર' વિગેરે જૈનાગમોમાં માંસને માટે **भज्जिए तलिए** વિગેરે શબ્દ પ્રયોગ છે કિન્તુ કયાય '**उवक्खडिया**' પ્રયોગ આવતો જણાતો નથી અને 'શ્રી ભગવતીસૂત્ર' આદિ ગ્રન્થોમાં પ્રશસ્ત ભોજનને માટે **उवक्खडिया** શબ્દનો પ્રયોગ થાય છે. **એટલે કે માંસને માટે '**उवक्खडिया**' શબ્દનો પ્રયોગ કરવામાં આવતો નથી.**

'**नो अट्ठो**' આ શબ્દ નિષેધસૂચક છે. રેવતી શ્રાવિકાએ કોળાનો પાક શ્રી વીર માટે બનાવી રાખ્યો હતો. કિન્તુ તે આધાકર્મિક દોષયુક્ત હોવાથી ભગવાને સિંહમુનિને તે લાવવાની મનાઇ કરી

હતી. જ્યાં નિમિત્ત દોષવાળો આહાર લેવાનો પણ નિષેધ આવે છે, ત્યાં માંસની તો કલ્પનાએ ક્યાંથી આવે?

अन्ने આ શબ્દ 'कुक्कुड मंसए'નું સર્વનામ છે. તેનો અર્થ થાય છે 'બીજાં'; આ શબ્દ પણ પુંલ્લિંગમાં છે અને कवोयशरीरा તથા कुक्कुडमंसए એ બન્ને શબ્દો પણ પુંલ્લિંગ છે. પુંલ્લિંગ હોવાથી તે વનસ્પતિ વિશેષ છે એમ अन्ने શબ્દ સાબિત કરી આપે છે.

पारियासिए આ શબ્દ બીજોરા પાકનો વિશેષણ તરીકે વપરાય છે તેનો અર્થ 'વધારે જૂનું' થાય છે. માંસ અસાચયિક ગણી શકાય. વાસી માંસ તો રોગને વધારે છે. અને એક દિવસની વાસી ચીજને માટે 'पर्यासिए' નહિં કિન્તુ 'पज्जुसिए' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. એ રીતે જોતાં, જો અહીં પણ કોઈ પ્રકારનું માંસ હોત તો पज्जुसिए શબ્દ પ્રયોગ થાત, કારણકે पारियासिएથી માંસનું સૂચન થતું નથી. એટલે ઉક્ત શબ્દ કોઈ પણ પાકને માટે વપરાયો લાગે છે. અનેક જૈન ગ્રન્થોમાં અધિક સમય સુધી રહેનાર વસ્તુઓ, જેવી કે ઘી–તેલ વિગેરે માટે 'पारियासिए' શબ્દ પ્રયોગ નજરે ચઢે છે એટલે આ સ્થળે ઉક્ત શબ્દ–પ્રયોગ જૂના 'બીજોરા પાક' ને માટે વપરાયો જણાય છે.

मज्जार ગરમી વિગેરે રોગો શાંત કરવામાં ઉપકારક એક ચીજ 'मज्जार' નો સંસ્કૃત પર્યાય 'मार्जार' થાય છે, 'मज्जार' અને मार्जार થી બનેલા કેટલાક શબ્દો.

'मार्जार–अन्भसह–बोयाण–हरितग–तंदुलेज्जग – तणवत्थुक चोरग–मज्जार–पोई–चिल्लिया ॥ એક જાતની વનસ્પતિ

(ભગવતિસૂત્ર શ. ૨૧)

'विडालिका' એક જાતની ઔષધિ (આચા. સૂ. ૪૫ પૃ. ૩૪૮)

'विडालिका' વૃક્ષપર્ણી (શ્રી હેમચંદ્રસૂરિકૃત નિઘંટુ સંગ્રહ)

'विड्डालिका' સ્ત્રી–ભોંયકોળું (વૈદક શબ્દસિન્ધુ).

આ ઉપરથી 'मज्जार' શબ્દની વ્યાપકતાનો સાચો ખ્યાલ આવી જવો જોઇએ. હવે વિચાર કરતાં એમજ જણાશે કે, પ્રભુ શ્રી વીરે લીધેલ ઔષધિ તે સાચે 'માર્જાર' "નામક ખાટાશવાળી ઔષધિ હતી અને દાહનાં દર્દો પર ખટાશની જરૂર રહે જ છે.

'कडए' આ શબ્દ પુલ્લિંગ છે 'માર્જાર' સાથે જોડાયલો છે અને 'मंसएका' ના વિશેષણ રૂપ છે. એનું સંસ્કૃત રૂપ कृतकः થાય છે. જો અહીં 'हडए 'हए' 'वहिए' વિગેરે પ્રયોગ હોત તો તેનો અર્થ બિલાડાને માર્યો એવો થાત, કિન્તુ અહીં તો 'कडए' પ્રયોગ છે જેનો અર્થ માર્જાર સંસ્કારિત' એવો થાય છે.

'मांसए' અને 'कडए' નો પુલિંગ પ્રયોગ પણ માંસ અર્થની વિરૂદ્ધમાં જાય છે. ઔષધિ વિજ્ઞાનમાં બીજાં દ્રવ્ય વડે સંસ્કારિત વસ્તુઓને માટે–'दधिकृत' 'राजीकृत' 'मार्जारकृत' ઇત્યાદિ પ્રયોગ થાય છે. જેનો અર્થ 'દહીં–સંસ્કારિત' 'રાઇ સંસ્કારિત' 'બિડાલિક' ઔષધિ સંસ્કારિત થાય છે. અહીં 'कडए'નો અર્થ સંસ્કારિત અને 'मार्जारकडए'નો અર્થ માર્જાર વનસ્પત્તિની ભાવના વાળો થાય છે.

'कुक्कुड' એ એક જાતની ખાવાની વનસ્પતિ છે. જે બહુ દિવસ સુધી રાખી શકાય છે અને જેના સેવનથી ગરમી, રક્તદોષ પિત્તજવર આદિ અસાધ્ય રોગો મટી જાય છે. તેનો સંસ્કૃત પર્યાય 'कुक्कुट' થાય છે. જેના બનેલા કેટલાક શબ્દોના શબ્દ નીચે મુજબ છે.

'कुक्कुट'—ચતુષ્પમી (હેમ નિઘંટુ સંગ્રહ)

'कुक्कुटी'—પૂરાણી વનસ્પતિ (હેમ નિઘંટુ સંગ્રહ)

'कुक्कुट'—બીજોરૂં (શ્રી ભગવતી સૂત્ર ટીકા)

'मधु कुक्कुटी'—સ્ત્રી, બીજોરૂ (વૈદક શબ્દ સિન્ધુ ટીકા)

'कुक्कुट'—વનસ્પતિ, પત્તીવાળી ભાજી, તાદળજો (ભાવ પ્રકાશ નિઘટુ—શાકવર્ગ)

'कुक्कुट'ના ખાસ અર્થ 'ભાજી' અને 'બીજોરૂં' એ બે છે.

ભાજીના ગુણદોષ—મધુર, શિતળ, રૂચિકર, અગ્નિદીપક, પુષ્ટિકાર તથા સારક અને વિષ, પિત્ત, શ્રમ, દાહ, રક્તદોષ રક્તપિત્ત તથા અતિસારનો નાશ કરે છે. ( આર્યભિષક (પૃ. ૨૫૨) એ રીતે આ ચીજો શ્રી વીરના રોગની દષ્ટિએ ઉપયોગી જણાય છે.

બીજોરાના ગુણદોષ; ખાટું, કંઠશુદ્ધિકારક, લઘુ, પ્રિય, દીપનં, રૂચિકર, સ્વાદુ તથા વાયુ, તૃષા, અરૂચિ અને પિત્તને મટાડનારૂં છે.[1]

બીજોરાનો માવો ગુરુ, શીત, સ્વાદુ, સ્નિગ્ધ તથા બલપ્રદ છે. અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. રેવતી શ્રાવિકાના ઘરમાં જે "કુક્કુડ માસ હતો, તે બીજોરાનો પાક હતો.

---

१ श्वास कासाऽरुचिहर, तृष्णाघ्न कण्ठशोधनम् ॥ १४८ ॥
लघ्वम्ल दीपनं हृद्यं, मातुलुङ्गमुदाहृतम् ।
त्वक् तिक्ता दुर्जरा तस्य वातकृमिकफापहम् ॥ १४९ ॥
स्वादु, शीतं, गुरु, स्निग्धं, मासं, मारुतपित्त जित् ।
मेध्य शूलानिलच्छर्दि कफारोचकनाशकम् ॥ १५० ॥
दीपनं लघु संग्राहि गुल्मार्शोघ्नं तु केसरम् ।
शूलानिलविबन्धेषु रसस्तस्योपदिश्यते ॥ १५१ ॥
अरुचौ च विशेषेण मन्देऽग्नौ कफ मारुते। (सु. संहिता)
'त्वक तिक्तकटुका स्निग्धा, मातुलुंगस्य वातजित् ।
बृंहणं मधुर मास, वातपित्तहरं गुरु ॥' (વાગ્ભટ્ટ)

'कुक्कुड' શબ્દ બીજોરાનો અને 'कुक्कुड मांसक' બીજોરા પાકનો દ્યોતક છે

'मंसए' આ શબ્દ બીજોગથી ઉત્પન્ન થતા પુલ્લિંગવાચી દ્રવ્યનો દ્યોતક છે. જેનો સંસ્કૃતપર્યાય 'मांसक' થાય છે

માંસ અને માંસમાંથી બનેલા કેટલાક શબ્દોના અર્થ.

'मांस'– (न.) ફળ ગર્ભ 'मांसक'– '(पु.)' પાક, ગર્ભ.

'मांसफला' (स्त्री), मांसमिव कोमलं फलं यस्याः। (શબ્દસ્તોત્ર મહાનિધિ)

પ્રાચીન કાળમાં ફલગર્ભ અને બીજને માટે માંસ અને અસ્થિ શબ્દના પ્રયોગ ઉપલબ્ધ થાય છે. [૨]

માંસનો પ્રધાન અર્થ 'ફલગર્ભ' જ થાય છે. નપુંસકલિંગવાળો 'માંસ' શબ્દ જ માંસસૂચક બને છે. કિન્તુ પુલ્લિંગમાં વપરાયલો 'માંસ' શબ્દ માંસવાચક નથી બનતો. કોઇ પણ વ્યાકરણ શાસ્ત્રી અહીં ઉલ્ટો અર્થ ન કરી બેસે, તેની સ્પષ્ટતાને માટે પુલ્લિંગ પ્રયોગ કરવામાં આવ્યો છે. પછી તો જેવી જેની આવડત, બુદ્ધિ, અને કલ્પના!

અનેકાન્તવાદી ઉક્ત આખા પાઠનો અર્થ આ પ્રમાણે જ કરે છે.

"ત્યાં રેવતી ગાથાપત્નીએ મારા માટે બે પાક બનાવ્યા

---

૨ 'बिण्टंस–मंसकडाइं एयाइं हवंति एगजीवस्स' ॥૧૯॥
(શ્રી પન્નવણાસૂત્ર)

'पूतना रिधमती सूक्ष्मा कथिता मांसला मृता' ॥૮॥
(ભાવપ્રકાશ – નિઘંટુ)

'मांसफला' = વંતાક (શબ્દસ્તોત્ર–મહાનિધિ).

છે. તે કામના નથી. કિન્તુ એને ત્યાં વિશેષ જૂનો અને 'બિડાલી' વનસ્પતિથી સંસ્કૃત બીજોરાપાક છે, તે લઇ આવ. તે કામનો છે.

આ પાઠમા પ્રાણીવાચક નામાવાળી ઔષધિનાં વર્ણન છે. જે ઔષધિ લેવાથી વીતરાગ પ્રભુનો દાહ શાંત થયો.

'तत्थणं रेवतीए' વાળી આખી ગાથાનો સ્પષ્ટાર્થ એજ નીકળે છે. કે શ્રી વીર પ્રભુએ ચારિત્રધારી સિંહમુનિને દ્વાદશવ્રતધારિણી રેવતી શ્રાવિકાને ત્યાં દાહ શાન્ત કરવાને કારણે ઔષધિ ( મુરબ્બો ) લેવા મોકલ્યા. કિન્તુ ઔષધિ માટે વપરાયલા શબ્દોના સ્પષ્ટ અર્થ કરવાને અશક્ત વિદ્વાનો, તેનો સામાન્ય અર્થ કરી પ્રભુ વિષે અકલ્પ્ય કલ્પના કરી વળ્યા છે.

જૈનસૂત્રો, એ અહિંસાનાં રત્નો છે. એના એક એક વર્ણમાંથી અહિંસાની ઓજસ્વિતા ચમકી રહી છે. એને પારખવાની શક્તિ જોઇએ. ભલભલા મહાન પુરુષો પણ એ સુત્રોના સંપૂર્ણ રહસ્યોને નથી મેળવી શકતા, તો પછી પામર જીવોની શી કથા? ધ્યાનમાં રાખવાનું છે કે શ્રી મહાવીરના સૂત્રોનો એક એક સૂત્રનો એકજ અર્થ નથી થતો પરન્તુ 'एगस्स सूत्तस्स अनन्त अत्थो' એક એક સૂત્રના અનંત અર્થ રહેલા છે. શ્રી મહાવીરના સૂત્રોમાં રહેલી વિશાળતાને પામવાની આપણી શક્તિ ન જ હોય એને માટે તો મહાન ગીતાર્થ–બહુશ્રુત ગુરૂઓનાં વર્ષો સુધી પાસાં સેવીએ, ત્યારે માંડ એ ચાર અમી–બિન્દુ ચાખવા મળે,

અહિંસા, એ આર્યાવર્તની, અને આર્યસંસ્કૃતિની તેમજ જૈન ધર્મની અમરવેલ છે. તેને ઉચ્છેદતો એક શબ્દ પણ આર્યબાલથી ન બોલાય, ત્યારે શું શરીરના મોહે તેને સુપલ્લવિત કરનાર શ્રી મહાવીર જ તેનો ઉચ્છેદ કરે ? 'ચ્છેદ'ની કલ્પના પણ ભારે ગણાય !

શારીરિક સ્થિતિ સુધરી કે તરત જ શ્રી મહાવીરે મેંઢિયગામથી ઉત્તરપૂર્વ દિશામાં વિહાર શરૂ કર્યો. ને પંદરમું ચોમાસું પણ મિથિલામાં કર્યું.

ચોમાસું પુરૂ થયું કે શ્રી વીરે વિહાર આદર્યો. વિહરતા વિહરતા શ્રાવસ્તિ નગરીએ પધાર્યા.

**શ્રી કેશિગણધર અને ગૌતમસ્વામી:**—ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ પણ મહા યશસ્વી હતા. તે જ્ઞાન, દર્શન, ચારિત્રના પારગામી હતા. દ્વાદશઅંગના જાણ અને સંબુદ્ધ હતા તેમને પણ શિષ્ય વર્ગનો મોટો સમુદાય હતો. તેઓ પણ ગામોગામ વિહરતાં શ્રાવસ્તિ નગરીએ પધાર્યા ને કોષ્ઠક નામે ઉદ્યાનની નિર્દોષ ભૂમિમાં વાસ કર્યો.

એજ સમયે ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરામા થયેલા ત્રણ જ્ઞાનના ધારક, મહાધુરધર શ્રી કેશિગણધર[૧] ત્યાં આવ્યા. બે સમર્થ જ્ઞાનીઓના પ્રકાશથી ઉદ્યાન પણ શોભવા લાગ્યુ. ત્યાં હજારો લોકો એકત્ર થયા. માંહોમાંહે એકબીજાને સુખશાતાના સમાચાર પૂછી શ્રી કેશિગણધરે ગૌતમસ્વામીને કહ્યું, " હે પવિત્ર પુરુષ ! હું આપને કંઇક પૂછવા ઇચ્છું છું. " હે મહાભાગ ! યથા રુચિ પ્રશ્ન કરો. આજ્ઞા મળતાં કેશિગણધરે પ્રશ્ન કર્યો

' શ્રી પાર્શ્વનાથ પ્રભુએ ઉપદેશેલ ધર્મમાં ચાર મહાવ્રતોનો સ્વીકાર કરેલ છે, જ્યારે શ્રી વીર પ્રભુ પાંચનો ઉપદેશ કરે છે. એકજ ધ્યેયમાં સંલગ્ન બે પુરૂષોમાં મતભેદ શાથી ઉત્પન્ન થયો હશે ? '

---

૧ ગણધર—ગણનાધારક; ગણ ( સમુદાય ) ને દોરનાર, નહિ કે તીર્થંકર મહારાજના હસ્તે સ્થાપિત પટ્ટશિષ્યોમાંના કોઇ એક; જો કે આ કેશી સ્વામીને કેટલાયે ગ્રંથોમાં કેશી ગણધરના નામે સંબોધ્યા છે ( પાર્શ્વનાથની પરંપરાનો ઇતિહાસ પૂર્વાર્દ્ધ પ્ર. ૧૬૭ જુઓ )

'હે મેધાવિન ! બુદ્ધિના સૂક્ષ્મ અંશો જ ધર્મ રહસ્ય તેમજ જીવાદિ તત્ત્વનો સુનિશ્ચય કરી શકે છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભ-દેવજીના સમયના મનુષ્યો પ્રકૃતિએ સરળ તેમજ બુદ્ધિના જડ હતા. જ્યારે વર્તમાન તીર્થંકર શ્રી મહાવીરના સમયમા જીવો વક્ર તેમજ જડબુદ્ધિના છે. અને એ બે તીર્થંકરોની વચ્ચેના સમયના મનુષ્યો સરળ અને પંડિત હતા. તેથી એવો ભેદ પાડેલો છે.' મહાવ્રતોના ભેદનું કારણ સમજાવતાં શ્રી ગૌતમસ્વામી બોલ્યા.

'શ્રી વર્ધમાન પ્રભુ અચેલ ( વસ્ત્રરહિત ) ધર્મનો ઉપદેશ કરે છે. જ્યારે પ્રભુ શ્રી પાર્શ્વનાથે અન્તરોત્તર ( ઉપરનુ અને અંદરનુ ) વસ્ત્ર પહેરવા ફરમાન કરેલું છે. તેનું શું કારણ હશે !' કેશિગણધરે બીજો પ્રશ્ન કર્યો.

લબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમ બોલ્યા. 'તીર્થંકરો પોતાના કેવળજ્ઞાન વડે તે કાળમા વર્તતા માનવ સંઘના ભાવિ જીવનની યોગ્યતાનું દર્શન કરીને, ઉચિત ધર્મસાધનો નક્કી કરે છે.

ભિન્નભિન્ન પ્રકારનાં બાહ્ય લક્ષણો ( ચિન્હો ) તે વસ્ત્રો, જન-સમાજમાં સાધુઓની ઓળખ પૂરતાંજ દાખલ કરવામાં આવ્યા છે. પરંતુ હે કેશિકુમાર ! શ્રી પાર્શ્વનાથ અને શ્રી વર્દ્ધમાન સ્વામીની એવી આજ્ઞા છે કે, સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એજ મોક્ષનાં સાધનરૂપ છે. બાહ્ય લક્ષણો મુક્તિનાં સાધન નથી.'

તત્ત્વજિજ્ઞાસુ કેશિ મહારાજે ત્રીજો પ્રશ્નો કર્યો. 'હે ગૌતમ ! આપ હજારો શત્રુઓની મધ્યમાં ઊભા છો, અને તે શત્રુઓ આપની સન્મુખ ધસી આવે છે, તેને આપ શી રીતે જીતી શકો છો ? આપ શત્રુ કોને કહો છો ?

'એકને જીતવાથી પાંચને જીતી શકાય છે, ને પાંચને જીતવાથી દશને જીતી શકાય છે અને આ દશ ગણી જીતથી સર્વ શત્રુઓને

જીતી શકાય છે. એક આત્મા જે અજિત શત્રુ ગણાય છે, તેને જીતવાથી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયને જીતી શકાય છે અને તે પછી પાંચ ઇન્દ્રિયોને જીતી શકાય છે. એ રીતે દશ શત્રુઓને જીતવાથી સર્વ શત્રુઓ જીતાય છે, અને હું સુખે વિચરૂં છું. આત્માને અજિતશત્રુ માનવાની વાત ઘણા જીવોને કઠીન લાગશે. પણ આત્માજ આત્માનો શત્રુ અને મિત્ર છે. [1]આત્માનું વિવેકનયન જ્યાં સુધી ન ખુલે, ત્યાં સુધી માનવીના સઘળા પુરુષાર્થ 'આટા રૂપે જાય'.' વિનયસાગર શ્રી ગૌતમસ્વામીએ જવાબ આપ્યો.

'આપ, પાશબંધ કોને કહો છો!' કેશિકુમારે પ્રશ્ન કર્યો.

'રાગદ્વેષાદિ અતિ તીવ્રપાશ છે ને સ્નેહનું વિભાગી કરણ એ ભયંકર બંધન છે. તેને છેદીને હું સાચ્ચાચારે વિચરૂં છું.' ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો.

સાચેજ રાગ અને દ્વેષથી સાચો માર્ગ ભૂલાય છે. **રાગ એ ટૂંકી દૃષ્ટિનું કારણ છે અને દ્વેષ સાંકડા હૃદયનું કારણ છે.** આપણા જીવનનો પવિત્ર સ્નેહ જ્યારે એક કે બે વ્યક્તિમાં પરિમિત થાય છે ત્યારે વિશ્વના અન્ય સર્વ જીવો તરફનો નૈસર્ગિક સ્નેહ લુપ્ત થાય છે અને આપણો આધ્યાત્મિક વિકાસ ત્યાંથીજ અટકી પડે છે. સ્નેહના વિભાગ ન પડવા જોઇએ. કાળની જેમ તે પણ અવિભાજ્ય અને અખંડ રહેવો જાઇએ જગતના જીવ માત્રને જેમાંથી 'અભય' ની પ્રતિજ્ઞા અપાય, તેજ સ્નેહ. જો એક બેમાં તે સ્નેહ સ્થગિત થાય તો અન્યનું અહિત આપણાથી થઇજ જાય અને ત્યાંસુધી જીવનમાં આત્મ પ્રકાશનાં કિરણો ન પ્રભવે.

---

१ उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥
( શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય છઠ્ઠો )

કેશી ગણધરે પૂછ્યું, 'હે ગૌતમ ! અંતર હૃદયને વિષે એકલતા ઉત્પન્ન થાય છે. જેને વિષમય ફળ લાગે છે. તે લતાનું નામ શું ! એ લતા આપે શી રીતે ઉખેડી નાખી ?'

'એ લતાનું નામ ભવતૃષ્ણા છે. એ ભયંકર લતાને દુષ્ટકર્મના વિપાકરૂપ વિષમય ફળ લાગેલાં છે. આત્મકિરણની તીવ્ર જ્યોતિથી મેં એ ભવતૃષ્ણા નાશક લતાને છેદી નાખી છે અને તેના વિષમય ફળથી મુક્ત થઇ સમાધિપૂર્વક હું વિચરૂં છું. ચાર જ્ઞાનના ધારક શ્રી ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો.

ભવતૃષ્ણા—માનવ પ્રાણી પળે પળે નવનવા ભવનાં બંધનમાં પડે છે. એવા થોડાજ આત્મજ્ઞો આજે અવનિતલે વિહરતા હશે કે જેઓનું જીવન 'તૃષ્ણા'થી પર હશે. તૃષ્ણા એટલે વિવિધ પ્રકારના સાંસારિક ભોગોપભોગ કાજે અંતરના વલખાં. એ તૃષ્ણા જે જે વસ્તુની પાછળ ઘેલી બનીને માનવીને દોડાવે, તે તે વસ્તુ માનવી એક કાળે મેળવે પણ તે મેળવવા માટે ભવ પછી ભવ ધારણ કરવા પડે એટલે કે એક એક વસ્તુની પાછળ માનવીનો એક એક જન્મ ખર્ચાય, છતાં તેને સાચી શાંતિ તો નજ જડે.

સમતાભાવી કેશિગણધર જેમ જેમ પોતાના પ્રશ્નોના યથાર્થ ઉત્તર મેળવતા ગયા, તેમ તેમ તેમની જિજ્ઞાસા બઢતી ગઇ. તેમણે શ્રી ગૌતમ સ્વામીને પ્રશ્ન કર્યો.

'હે ગૌતમ ! જાજવલ્યમાન ઘોર અગ્નિ સંસારમાં સળગી રહ્યો છે; જે શરીરને દહે છે, તે અગ્નિ આપ કોને કહો છો ? ને આપે તેને કઇ રીતે બૂઝાવ્યો ?'

'હે મુનીશ્વર ! ચાર કષાય અગ્નિરૂપ છે અને જ્ઞાન—શીલ તથા તપ જળરૂપ છે. જ્ઞાનજળની અખંડ ધારાથી કષાયરૂપ અગ્નિ હોલવાઇ જાય છે. મેં તે અગ્નિને જ્ઞાનરૂપ જળવડે ઠારી દીધો છે, તેની

બાળવાની શક્તિઓ હરી લીધી છે.' ધીર-ગંભીર શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમે જવાબ આપ્યો.

**ચાર કષાયઃ**—ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય. સંસારમાં આઠેય દિશાઓમાં તેનાજ પવન વાય છે. જીવોની દોડાદોડ પણ કષાયના તેમના ઉપરના આધિપત્યના કારણરૂપ છે. કષાય મુક્તિ થઇને કો' ધર્મપ્રેમીજ સંસાર વાટે વિહરતો મળશે. સમતોલ માનસ અને સ્વચ્છ મતિથી પળભર વિચાર કરવામાં આવે કે, ' ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભયંકર અવગુણો મારા અંતરમાં—શરીરના કયા દરવાજેથી—દાખલ થયા? અને કયા સંયોગોમાં અંતરમાં તેમને યોગ્ય સ્થાન મળી ગયું?' તો જીવનની અશાંતિના ઘણા કારણો આપોઆપ શાંત થઇ જાય ને આત્મ કલ્પને લીન થવાની એ ઘડી પણ મળી રહે.

' અતિ સાહસિક, ભયંકર અને દુષ્ટ અશ્વ ઉન્માર્ગને વિષે દોડે છે; એવા જ અશ્વ પર આરુઢ થયેલા છતાં, આપને એ અશ્વ અવળા માર્ગે કેમ ઘસડી જતો નથી? એ અશ્વનું નામ શું?' તત્ત્વપિપાસુ કેશિગણધરે પ્રશ્ન પૂછયો.

' મન એ અતિ સાહસિક, ભયંકર અને દુષ્ટ અશ્વ છે. તેને જ્ઞાન અને ધર્મશિક્ષારૂપી લગામ વડે હું વશ કરૂં છું. તેથી તે મને અવળે માર્ગે લઇ જઇ શકતો નથી અને જાતિવંત અશ્વ બનીને સન્માર્ગે ચાલે છે.' મનનું સ્વરૂપ સમજાવતાં ગૌતમસ્વામી બોલ્યા.

**મન**—શરીરનો ઘોડો તે મન; શરીર તેના પર સવારી કરે; અગમનિગમમાં ફરે, અવનવા દશ્યો જુએ. મનરૂપી અશ્વની ગતિ વાયુથી યે વિશેષ છે. સવાર જો તેના પર સંપૂર્ણ કાબૂ ન રાખે, તો તે, તેને ગમે તે વખતે ગમે ત્યાં ગબડાવી મૂકે. બીજા ઘોડા અમુક કલાકની દોડને અંતે થાકે, પણ મનનો ઘોડો વગર થાકે કલાકોના કલાક સુધી

અમે ત્યાં દોડી શકે છે.' પૃથ્વી ઉપર આપણો નિવાસ અને તેમાં પણ તેના અમુક દેશ, પ્રાન્ત ને મહાલના અમુક શહેર યા ગામના અમુક વિભાગમાં આવેલા અમુક ઘરમાં પૃથ્વીના પ્રદેશમાં વસતા આપણે, જો તે અશ્વ પર બેસીને ગગનમાં કાલ્પનિક ઉડયન કરતા રહીએ, તો પૃથ્વીના સંબંધવાળું આપણું શરીર, પૃથ્વી પર જીવતા જીવો માટે કશું શુભકાર્ય ન કરી શકે. તે ઉપરાંત અવનવા પ્રદેશોનાં કાલ્પનિક-ઉડયનમા રાચીને, કાંઇ પણ ન મળતાં હતાશ થઇને હારી જાય. દરેકને આંગણે મનનો ઘોડો છે, પણ તેથી તેના ઉપર આઠેય પ્રહર સવારી ન કરવી જોઇએ. વધારે દોડાવવાથી જ તે ઘોડો સ્વચ્છંદી બને છે અને આપણને અર્થહીન બનાવે છે.

કેશિમહારાજે પ્રશ્ન કર્યો કે, ઇન્દ્રભૂતિ ગૌતમ ! મહા જળપ્રવાહે ઘસડાતા પ્રાણીઓના રક્ષણ અર્થે કોઇ આધાર, શરણું કે દઢ સ્થાન છે ? કોઇ દ્વીપ આપની જાણમાં છે ? આપ કોને દ્વીપ કહો છો !

ગૌતમસ્વામી બોલ્યા, 'હે મહામુનિ ! સંસાર સમુદ્રના જરા મરણના જળપ્રવાહમા ઘસડાતાં પ્રાણીઓનાં રક્ષણને માટે આધાર દ્વીપ છે. તેનું નામ ધર્મ છે. તેનું શરણું ઉત્તમ છે.'

જન્મ-મરણ—સંસારમાં ફરનારને માથે પ્રતિપળે જન્મ, જરા ને મરણનો ભાર રહેજ છે. તેમાંથી ઊગરવા માટે એવા તત્ત્વોનો આશ્રય લેવો જોઇએ કે જેને જન્મ,જરા કે મરણનો ભય ન સ્પર્શી શકે. એવાં તત્ત્વો તે, અહિંસા, સત્ય અચૌર્ય બ્રહ્મચર્ય ને અપરિગ્રહવાદ. આ પાંચ તત્ત્વોને કાળ ન અડી શકે અને જે કાળથી પર છે, તેનો આશ્રય આપણને કાળથી પર બનાવે કે જ્યાં જન્મ જરા કે મૃત્યુની નોબતનો અવાજ ન પહોંચી શકે.

કેશી ગણધરે પૂછ્યુ, 'મહાસાગરના મહા પ્રવાહોમાં એક નાવ પરિભ્રમણ કરે છે. તે નાવ ઉપર આરૂઢ થઇને આપ સમુદ્રનો પાર શી રીતે પામી શકશો ? આપ એ નાવ કોને કહો છો ?'

જ્ઞાન તેજે ઝળકતી મુખાકૃતિ જેની છે, એવા શ્રી ગૌતમ બોલ્યા, ' શરીર નાવરૂપ છે, ને જીવ નાવિક રૂપ છે, તેમજ સંસાર સમુદ્ર રૂપ છે. તે સંસાર સમુદ્રને મહર્ષિઓજ તરી શકે છે. છિદ્રવાળી નાવ પાર પહોંચશે નહિ, પણ જે છિદ્ર રહિત છે, તે સમુદ્રને તીરે પહોંચી શકશે. '

દોષ–છિદ્રો; નાવમાં છિદ્ર હોય તો તેમાં પાણી ભરાઇ જાય ને તે બેસારૂ સાથે સાગર તળિયે જઈ બેસે. તેજ રીતે આ સંસારરૂપી સમુદ્રમા છિદ્રવાળી નાવ ( દોષભર્યાં શરીર ) પર બેસીને આપણે ડૂબકીઓ ખાઇએ છીએ ને પાછા સપાટી પર આવીએ છીએ. જ્યારે તે છિદ્રો–દોષો જ્ઞાન પ્રકાશથી પૂરાઈ જશે, ત્યારે આપણો સાચો ઉદ્ધાર થશે.

' હે ગૌતમ ! આ ઘોર અને ભયોત્પાદક અંધકારને વિષે અનેક પ્રાણીઓ વસે છે. સકલ લોકના એ પ્રાણીઓ માટે પ્રકાશ કોણ રેલાવશે ? ' તત્ત્વજ્ઞ શ્રી કેશીકુમારે પ્રશ્ન કર્યો.

' સર્વ લોક પ્રકાશક નિર્મળ ભાનુ ઊગ્યો છે, તેજ સર્વને માટે પ્રકાશ રેલાવશે. ' પ્રકાશ ઝરતી વાણીમાં ઇન્દ્રભૂતિ બોલ્યા.

ભાનુઃ—તે મહાવીર સર્વજ્ઞ; પ્રકાશ તે જ્ઞાન પરમ જ્ઞાની શ્રી મહાવીરે પ્રકાશેલ ધર્મ પ્રમાણે વર્તતાં આ જીવનમાં મધુર શાંતિ અને ચૈતન્ય સ્ફુલિંગો અવશ્ય સ્ફુરાયમાન થાય.

પોતાના દરેક સદેહના સમાધાનકારક ઉત્તર સાંભળી કેશી–ગણધરે, શ્રી ગૌતમ સ્વામીને કહ્યું કે, ' હે ગૌતમ ! આપ પ્રજ્ઞાવંત છો. સદેહ રહિત અને સર્વ સૂત્રોના પારગામી હોવાથી હું આપને વંદન કરૂ છું. '

તત્ત્વચર્ચા સાંભળીને એકત્ર થયેલા માનવો પણ સાચો માર્ગ પામ્યા. એટલાજ માટે શાસ્ત્રકારોએ કહ્યુ છે કે, ' સત્સંગનો લાભ

અબાધ છે ' સેંકડો ગ્રન્થોના ઢગલા વચ્ચે બેસવા કરતાં પણ તેવા અનેક ગ્રન્થોના રહસ્યવિદ્ મહાન **આત્માનો પળભરનો સંગ પણ શ્રેષ્ઠતર છે.**

શ્રાવસ્તિમાં તત્ત્વચર્યા પતી જતાં, સમર્થજ્ઞાની મહાવીર દક્ષિણ ખૂણે વિહરતાં અહિચ્છત્રા નગરીએ પધાર્યા. ભવ્ય જીવોને ધર્મ માર્ગે દોરનારી દેશના આપીને ત્યાંથી આગળ વિહાર શરૂ કર્યો. ગમે તેવા જંગલોમાંથી, પગે ચાલીને પસાર થવા છતાં તેમને કંટક માત્રથી ઇજા ન પહોંચતી. તેમનું જીવન સર્વોત્કૃષ્ટ કોટિનુ હતું, કે જે કોટિએ પહોંચ્યા બાદ ગુણ કે દોષ એમાંથી એકેયનો આધાર ન રાખવો પડે.

વિહાર કરતાં શ્રમણ ભગવાન મહાવીર હસ્તિનાપુરમાં પધાર્યા. ત્યાંના ઉદ્યાનમા દેવોએ ભવ્ય વ્યાખ્યાન મંડપ ( સમવસરણ ) ની રચના કરી. જ્ઞાનપિપાસુ ભવ્ય જીવોથી થોડીજ વારમાં તે મંડપ ખીચોખીચ થઇ ગયો. તેમાં શિવરાજ નામે તાપસ પણ આવ્યો હતો.

**શિવરાજર્ષિ:**—હસ્તિનાપુરનો તે રાજા પોતાના પુત્ર શિવભદ્રને ગાદી સોંપી તેણે તાપસોની પાસે દીક્ષા લીધી ને દિશા પ્રોક્ષકતાપસ રૂપે તાપસ થઇ, યાવજ્જીવ છઠ છઠની તપસ્યા કરતો વિચરવા લાગ્યો, તેની ભદ્ર પ્રકૃતિ અને ઉગ્ર તપસ્યાને કારણે થોડા સમયમાં તેને વિભંગ જ્ઞાન ઉત્પન્ન થયુ તે જ્ઞાનના બળથી તે સાત દ્વીપો અને સાત સમુદ્રો સુધી જોવા લાગ્યો. સાત દ્વીપો અને સાત સમુદ્રોની આગળ તેની નજર ન પહોંચવાથી તેથી આગળ કંઇ ન જ હોવાનો મત બાંધી, તે પ્રમાણે સર્વને મનાવવા જનતામાં તે પોતાના મતનો પ્રચાર કરવા લાગ્યો. હસ્તિનાપુરના રાજમાર્ગ પરથી પસાર થતાં ગૌતમસ્વામી શિવરાજની પ્રરૂપણા લોકોના મુખથી સાંભળી, ગૌતમસ્વામીએ શ્રી મહાવીરને તત્સબંધી પ્રશ્નો કર્યા સર્વ સમાજનો સમક્ષ શ્રી મહાવીર સ્વામીએ તે પ્રશ્નોના સમાધાનકારક ઉત્તર આપ્યા. શિવરાજને તેની ખબર આવી અને તેથી તે પણ દેશના સાંભળવા આવ્યો હતો

'સત્ય ધર્મ' સંબંધી શ્રી મહાવીરની દેશના સાંભળી શિવરાજનો 'તાપસપણાનો' ગર્વ ગળી ગયો અને ભગવાન પાસે દીક્ષા લઇ 'શિવરાજર્ષિ' બન્યા.

હસ્તિનાપુરમાં ધર્મપ્રકાશ રેલાવી, પરમજ્ઞાની શ્રી મહાવીર મોકાનગરીએ પધાર્યા. ને ત્યાં પણ ધર્મ-ગંગાના નિર્મળ નીર રેલાવ્યા; તે નીરનો એક પ્રવાહ નીચે વહે છે.

**અહિંસક યજ્ઞ**–'આજ કાલ યજ્ઞ યાગાદિનું જોર વધી રહ્યું છે. તે યજ્ઞમા કર્મરૂપી કાષ્ઠ હોમવાને બદલે તેઓ ( વેદ ધર્મીઓ ) પશુઓને હોમે છે અને તેના સમર્થનમાં જણાવે છે કે, 'યજ્ઞમાં હોમાયેલ પશુ સ્વર્ગે જાય છે.' મારૂં તેમને એજ કહેવાનું છે કે યજ્ઞમાં હોમાનાર જીવ જો સ્વર્ગે જ જતો હોય, તો તમે તમારા પ્રિય પાત્રોનો હોમ કરીને તેમને સ્વર્ગમાં શા માટે નથી મોકલતા ? પણ તેમ કરતાં તેઓ અચકાય છે ને નિર્દોષ પશુઓનો જ હોમ કરે છે.

આ સંસારમાં દરેક પ્રાણીને જીવવાની ઇચ્છા હોય છે, કોઇને ય મરવું ગમતું નથી. તમને જેટલો તમારો જીવ વહાલો, તેટલો જ બીજાને પોતપોતાનો વહાલો. 'હિંસક યજ્ઞ' એ તો નરી અજ્ઞાનતાનું કારણ છે. જ્ઞાનવંત કોઇ પોતાના સ્વાર્થની ખાતર અન્ય પ્રાણીના શરીરને હાથ પણ ન અડાડી શકે.

મહાનુભાવો ! હોમ જરૂર કરવો જોઇએ; પરંતુ હિંસક નહિ. જેનાથી આપણા આત્માનું કલ્યાણ થાય એવો જ યજ્ઞ કરવો જોઇએ. 'તપરૂપ અગ્નિ, જીવરૂપ અગ્નિનું સ્થાન-કુંડ, યોગરૂપ કડછી, શરીરરૂપી છાણા, કર્મરૂપી લાકડા, સંયમ વ્યાપારરૂપી શાન્તિપાઠ; આ પ્રકારની સામગ્રીથી ઋષિઓથી પ્રશંસાયલ હોમને હું કરૂં છું'? એવા જ પ્રકારનો અહિંસક યજ્ઞ કરવાની હું તમને આજ્ઞા આપું છું.

આર્યાવર્તને આમણે અહિંસાની અમરવેલ પાગરી રહી છે, તેનો ઉચ્છેદ સાચા આર્યથી ન જ થાય, કોઈપણ જીવને હણવાની ભાવના થવી એ પણ મોટામાં મોટા પાપના કારણરૂપ થાય છે તો પછી જીવના નાશની તો વાત જ ક્યાં રહી? સમજો અને સહુને સમજાવો કે, 'આત્માની હયાતિમાં અહિંસા જ શોભે, જ્યારે આત્મ-તત્ત્વ નાબૂદ થાય ત્યારે ગમે તે રીતે વર્તજો.'

**સોલમું ચોમાસું**:—મોકાનગરથી વિહાર કરીને શ્રી મહાવીર પ્રભુ (વિ. પૂ ૪૮૪=ઈ. પૂ ૫૪૦-૧) વાણિજ્યગ્રામમા પધાર્યા અને કૈવળીપણાનું સોળમું ચોમાસું વાણિજ્યગ્રામમાં કર્યું.

વર્ષાઋતુ ઊતરતાં મહાવીર પ્રભુએ રાજગૃહ તરફ વિહાર શરૂ કર્યો. માર્ગમાં અનેક જીવોને સંસાર તરવાનો ઉત્તમ માર્ગ બતાવતા પરમ ઉપકારી શ્રી મહાવીર રાજગૃહીમાં પધાર્યા. અહીંથી શ્રી વીરની સાથે વિચરતા સાધુઓમાંના ઘણાએ અનશનવ્રત અંગીકાર કર્યાં. સત્તરમું ચોમાસું રાજગૃહમાં જ પસાર થયું (વિ. સં. પૂર્વે ૪૮૪-૪૮૩). અત્યારે શ્રી મહાવીરની વય ઓગણસાઠની થઈ હતી. છતાં એકધારા પ્રવાસની અસર તેમના માનસમાં લેશ પણ અસરની રેખા ન તાણી શકતી.

ચોમાસું પૂરું થતાં શ્રમણ ભગવાન મહાવીરે વિહાર શરૂ કર્યો. વિચરતાં વિચરતા પૃષ્ઠચંપા નગરીએ પધાર્યા.

**શાલ-મહાશાલની દીક્ષાઃ**—પૃષ્ઠચંપામાં તે સમયે શાલ રાજા રાજ્ય કરતો હતો. તેમને મહાશાલ નામે યુવરાજ હતો. શ્રી મહાવીર જેવા મહાપવિત્ર પુરૂષ પોતાના નગરમાં પધાર્યાના સમાચાર મળતાં પિતા-પુત્ર તેમના દર્શને ગયા. તેમને સાચો માર્ગ સૂઝાડવા શ્રી મહાવીરે 'કર્મ સંબંધ' ઉપર દેશના આપી. દેશનાથી પિતા-પુત્ર પ્રતિબોધ પામ્યા. પોતાના ભાણેજ ગાગલિને રાજ્યાભિષેક કરી રાજા શાલ અને યુવરાજ મહાશાલે શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી.

સુર અસુરોથી પરવરેલા શ્રી મહાવીર પ્રભુ પૃષ્ઠ ચપાથી વિહાર કરી, શિષ્યોના સમુદાય સહ અવંતિ રાજ્યના દશાર્ણ દેશના દશાર્ણ નગરમાં પધાર્યા.

**રાજા દશાર્ણ ભદ્રઃ**—દશાર્ણ દેશનો રાજા દશાર્ણભદ્ર તે શ્રી વીરનો સેવક હતો. વીરના આગમનના સમાચાર મળતાંજ તે તેમને વંદવા જવાની તૈયારી કરવા લાગ્યો. વિવિધ પ્રકારના જળથી સ્નાન કરી, સર્વાંગે મહામૂલાં આભૂષણો તથા શુદ્ધ વસ્ત્રો ધારણ કરી, કંઠે પુષ્પમાલા પહેરી ઉત્તમ ગજેન્દ્ર ઉપર રાજા બેઠા. તેમની પાછળ ઈંદ્રાણી તથા દેવીઓના રૂપને શરમાવે તેવી સૌન્દર્ય ઝરતી તેની રાણીઓનો રસાલો ચાલ્યો. રાજા—પોતાના સંપૂર્ણ ઐશ્વર્ય અને સમૃદ્ધિ સહિત, અતિ ઉલ્લાસપૂર્વક પ્રભુના સમવસરણ નજીક આવી ગજેન્દ્રથી ઊતરી અભિગમ સાચવી, સમવસરણમાં આવ્યો. શ્રી મહાવીરને જોઇ મસ્તક નમાવી, ત્રણ પ્રદક્ષિણા દઇ વંદના કરી, સમૃદ્ધિના ગર્વને જાળવતો લાયક સ્થાન પર બેઠો.

એ વખતે દશાર્ણપતિને સમૃદ્ધિનો ગર્વ થએલો જાણી, તેને પ્રતિબોધ કરવાને માટે, ઇન્દ્રદેવે એક અદ્દભૂત જળકાંતણીમય વિમાન તૈયાર કર્યું. વિમાનમાં પોતાના સામાનિક દેવતાઓની સાથે તે બેઠા. રૂપરસ ઝરતી હજારો દેવાંગનાઓ તેમને ચામર વિંઝવા લાગી. ગાંધર્વો સંગીત કરવા લાગ્યા. એવા ઠાઠમાઠપૂર્વક ઇન્દ્રદેવ મનુષ્યલોકમાં ઊતર્યા. આઠ દંતુશળથી શોભિત અને દેવદુષ્ય વસ્ત્રોથી જેની પીઠ આચ્છાદિત કરેલી છે એવા ઐરાવત હાથી પર સવારી કરી તે સમવસરણ સમીપ આવ્યા. હાથી પરથી ઊતરી ઇંદ્રે ભક્તિભાવપૂર્વક સમવસરણમાં પ્રવેશ કર્યો. તે વખતે તેના જળકાંત–વિમાનમાં આવેલી ક્રીડાવાપીઓમાં રહેલા દરેક કમળની અંદર સંગીત થવા લાગ્યું. પ્રત્યેક સંગીતે ઇન્દ્રના જેવા વૈભવવાળો એકેક સામાનિક દેવ, દિવ્યરૂપ તથા સુંદર વેશયુક્ત દેખાવા લાગ્યો. તે દરેક દેવનો પરિવાર વિશ્વને વિસ્મયકારક હતો.

પ્રભુને વારંવાર પ્રણમી, સ્તુતિ કરી ઇન્દ્રદેવ યોગ્ય સ્થાનકે બેઠા. ઇન્દ્રની આવી અવર્ણનીય સમૃદ્ધિ જોઇને દશાર્ણભદ્ર ભૂપતિ ક્ષણ કાજે સ્થંભિત થઇ ગયો. તેના મનમાં વિચાર–તરંગો ઊઠયા.

' અહો ! આ ઇન્દ્રના જળકાંત વિમાનની કેવી અપૂર્વ શોભા છે ? તેમના વૈભવનો વિસ્તાર કોઇ અલૌકિક જણાય છે. મને ધિક્કાર છે કે, મેં મારી સંપત્તિનું અભિમાન કર્યું. મારી અને આ ઇન્દ્રની સમૃદ્ધિ વચ્ચે તો એક ખાબોચીઆ અને સમુદ્ર જેટલું અંતર છે. મેં મારી સમૃદ્ધિના ગર્વથી મારા આત્માને તુચ્છ કર્યો. ઇન્દ્રદેવે મને સમૃદ્ધિથી જીતી લીધો છે, તો હું હવે દીક્ષા લઇ તેમના ઉપર વિજય મેળવું. એટલુંજ નહિ પણ ભવભ્રમણ કરાવનારા જે કર્મરૂપ શત્રુઓ છે, તેમના પર પણ વિજય મેળવું.

શુભભાવના શ્વેત સોપાને આગળ વધતા રાજાએ ત્યાંને ત્યાં મુગટ અને કડા વિગેરે આભૂષણો કાઢી નાખ્યાં. અને પંચમુષ્ટિ લોચ કરી ગણધર મહારાજની પાસે આવી યતિલિંગ ગ્રહણ કર્યું. અપૂર્વ ઉત્સાહ અને સાહસવાળા તે દશાર્ણભદ્ર મુનિએ, પછી શ્રી વીરને પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી. તે વખતે ઇન્દ્રે તેમને પાસે આવીને કહ્યું કે, ' અહો મહાત્મન ! તમે દીક્ષાના મહાન પરાક્રમથી મને જીતી લીધો છે. '

દશાર્ણનગરથી વિહાર કરીને શ્રી મહાવીર વિદેહ તરફ વિચર્યા. વિચરતા વિચરતા વાણિજ્ય ગ્રામમાં પધાર્યા. ત્યાં સોમીલ બ્રાહ્મણે નિર્ગ્રન્થ પ્રવચનનો સ્વીકાર કર્યો. શ્રી મહાવીરનું કેવળી અવસ્થાનું ૧૮મું ચોમાસું વાણિજ્ય ગ્રામમાં થયું.

વિહાર–શિયાળો બેસતાંજ પરમજ્ઞાની શ્રી વીરે પશ્ચિમ દિશાએ આવેલ કોશલ દેશ તરફ વિહાર શરૂ કર્યો. ત્યાંથી ઝડપભેર પાંચાલ તરફ ગયા. માર્ગમાં સાકેત અને શ્રાવસ્તીમાં અનેક જીવોને ધર્મનો

બોધ કર્યો. વગર કારણે એકજ સ્થળે શ્રી મહાવીર એક પળભર ન રોકાતા દૂર ગગનમાં તરતા ભાસ્કરની અદાએ વગર પ્રમાદે તેઓ સતત વિહારમાં જ રહેતા ને માર્ગમાં મળતા જીવો પર ધર્મ કિરણો ફેંકીને તેમનું અધર્મથી રક્ષણ કરતા. કોઇ પણ જીવને પ્રતિબોધ થવો જણાતાં તેઓ વગર વિલંબે સેંકડો ગાઉની સફર કરી નાંખતા. શ્રી વીરના વિહારની તુલના આકાશના સૂર્ય સાથે પણ માંડ માંડ કરી શકાય, બલ્કે સૂર્યથી પણ વિશેષ ઝડપે તેમનો વિહાર અને ધર્મપ્રકાશ થતો હતો.

શ્રાવસ્તીથી વિહાર કરીને શ્રી મહાવીર પ્રભુ કામ્પિલ્યપુરમાં પધાર્યા, ત્યાં શ્રી વીરે દેશના દીધી. શ્રી મહાવીરની દેશનામાં આત્માના સહસ્ત્ર-દલ કમલની સુરભિ સિવાય બીજું શું હોય ? તે સુરભિ વ્યાખ્યાન-મંડપમાં પ્રસરતાં જ અનેક ભવ્યાત્માઓના 'સંસારી-પણાના' કેફ ઊતરી જતા. ઘણાને પોતાની મૂળ સ્થિતિનું ભાન થતું.

અંબડ પરિવ્રાજકઃ—દેશના સાંભળી અંબડે શ્રી વીર પાસે શ્રાવકનાં વ્રત ઉચ્ચર્યાં આ અંબડ તે એ જ કે, જેણે સુલસાની સમ્યક્ત્વની પરીક્ષામાં હાર ખાધી હતી.

**૧૯મું ચોમાસું**:—કામ્પિલ્યપુરથી શ્રી મહાવીર વૈશાલીમાં પધાર્યા ને ચોમાસું ત્યાં જ કર્યું.

વિતરણઃ—શિયાળો બેસતાં વિશ્વવન્દ્ય શ્રી વીરે વિદેહ દેશ તરફ વિહાર આદર્યો. ડગલે ડગલે દુનિયાના જીવો તેમનું શરણુ સ્વીકારતા અને કલ્યાણ પામતા. ત્વરિત ગતિએ વિદેહની ભૂમિ વટાવી કોશલની હદમાં પુનિત પગલાં માંડયાં ને કાશી વિગેરે ગામોમાં થઇને વાણિજ્યગ્રામમાં પધાર્યા. વાણિજ્યગ્રામના અનેક જીવો તેમના જીવન-પ્રકાશનો લાભ પામ્યા. જ્યાં જ્યાં જતાં, ત્યાં ત્યાં શ્રી મહાવીર કંઇકને કંઇક વેરતા, કે જે સ્વીકારતાં જન્મોજન્મનાં દુઃખ ટળી

જાય. 'આપવુ' એજ એમના કેવળી જીવનનો એક પવિત્ર મંગલ આદર્શ હતો. કોઈની પાસેથી કશું ન લેવાની ભાવના રાખી છૂટે હાથે દાન દેનારની યશગાથા દુનિયાની જીભે ગવાય તેમા અતિશયોક્તિ જેવુ પણ શુ ગણાય ? શ્રી વીર જે દ્રવ્યનું દાન દુનિયાના જીવોને કરતા હતા, તે અસ્થિર કે નાશવંત નહોતુ; પરંતુ શાશ્વત અને સતરંગી હતું.

**વીસમું ચોમાસું:**—વાણિજ્યગ્રામથી નીકળીને પરમજ્ઞાની શ્રી મહાવીર વૈશાલીમાં પધાર્યા ને વર્ષા ઋતુ બેસી જતાં ચોમાસું ત્યાંજ સ્થિર રહ્યા.

ચોમાસું ઊતરતાં મગધની તરફ વિહાર શરૂ કર્યો ને રાજગૃહમાં આવ્યા.

**ભારતનું ભાવિ:**—સમવસરણની રચના થતાં જગહિતકારી મહાવીર વ્યાખ્યાન પીઠે બિરાજ્યા, પછી શ્રી ગૌતમસ્વામીએ પ્રભુ શ્રી વીરને પૂછ્યું કે:—'હે ભગવન ! આપના નિર્વાણ પછી શું શું થશે' પ્રભુએ કહ્યું કે:—'હે ગૌતમ ! મારા મોક્ષ ગમન બાદ ત્રણ વર્ષ, સાડા આઠ માસ વ્યતીત થએ દુષમા નામે પાંચમો આરો શરૂ થશે.

મારા મોક્ષગમનને ચોસઠ વર્ષ વીતતાં ચરમ કેવલી જંબુસ્વામી મોક્ષે જશે. તે જ સમયે મનઃપર્યવજ્ઞાન, પરમાવધિ, પુલાકલબ્ધિ, આહારક શરીર, ક્ષપકશ્રેણિ, ઉપશમ શ્રેણિ, જિનકલ્પ, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત ચારિત્ર, કેવલજ્ઞાન અને મોક્ષગમનઃ આ બાર વસ્તુઓનો ભરતક્ષેત્રે વિચ્છેદ થશે.

મારા નિર્વાણ પછી ૧૭૦ વર્ષે ભદ્રબાહુસ્વામિના સ્વર્ગગમન બાદ છેલ્લા ચાર પૂર્વ, સમચતુરસ્ર સંસ્થાન, વજ્રઋષભનારાચ સંઘયણ, મહાપ્રાણ ધ્યાન વ્યુચ્છેદપણાને પામશે.

પાંચસો વર્ષ પછી આર્ય વજ્રના સમયમા દશમું પૂર્વ ને ચાર સંઘયણ પણ વ્યુચ્છેદ થશે. મારા મોક્ષગમન પછી પાલક, નંદ,

ચંદ્રગુપ્ત વિગેરે રાજ્ય ચલાવી રહ્યા બાદ, ૪૭૦ વર્ષે વિક્રમાદિત્ય રાજા થશે. તે રાજા સુવર્ણ પુરૂષની સાધના કરી પૃથ્વીને ઋણમુક્ત કરી પોતાનો સંવત્સર પ્રવર્તાવશે.

દુસમ સમયમાં મોટાં નગરો ગામ જેવાં અને ગામો સ્મશાન સમાન થશે; યમના દંડ જેવા ભયંકર રાજાઓ થશે, કૌટુમ્બિકો દાસ જેવા થશે. હોદ્દેદારો લાંચ ખાઉ થશે, નોકર ચાકર સ્વામિદ્રોહ કરનારા થશે, સાસુ કાલરાત્રિ સમાન થશે, અને વહુ સાપણો જેવી થશે; દુરાચારિણી કુલાંગનાઓ થશે. શિષ્યો તેમજ પુત્રો સ્વૈરવિહારી થશે; મેઘ વેળાસર વર્ષશે નહિ અને સમય વીતે વર્ષશે; દુર્જન લોકો સુખી, ઋદ્ધિસંપન્ન અને સન્માન પાત્ર બનશે; જ્યારે સજ્જન માનવો દુઃખી તેમજ અલ્પ ઋદ્ધિવાળા થશે; પરચક્ર, દુકાળ વિગેરેથી દરેક દેશ પીડાશે; હલકા માણસો વિશેષ પેદા થશે; બ્રાહ્મણો પોતાના નિત્ય કર્મો છોડી દઇ અર્થલુબ્ધ થશે, સાધુઓ ગુરૂકુળવાસનો ત્યાગ કરી ધર્મ કાર્યમા મંદપ્રવૃત્તિવાળા તેમજ કષાયથી કલુષિત મનવાળા થશે. સમ્યગદૃષ્ટિ દેવતાઓ તેમજ મનુષ્યો અલ્પ બળવાળા થશે અને મિથ્યાદૃષ્ટિ વિશેષ બલવંત થશે. દેવતાઓ દર્શન દેશે નહિ, વિદ્યા મંત્ર તથા ઔષધિ વિગેરે પણ જોઇએ તેવા પ્રભાવથી સ્ફુરાયમાન થશે નહિ આચાર્યો પણ શિષ્યોને સમ્યક્ શ્રુત આપશે નહિ. વ્યહવાર, મંત્ર, તંત્રાદિમા હમેશાં ઉદ્યત બનેલાં મુનિઓમાથી આગમાંથી લુપ્ત થશે અને અનેક પ્રકારના લોભમાં ફસાશે. ઉપકરણ. વસ્ત્ર, પાત્ર, વસતિ, શ્રાવકો વિગેરે ઘટતા જશે. વેષધારીઓ વિશેષ અને શુદ્ધ સાધુઓ ઓછા થશે. પૂર્વાચાર્યોની પરંપરાથી ચાલતી આવતી શુદ્ધ સામાચારીનો ત્યાગ કરી, પોતાની બુદ્ધિમાં આવે તેમ કલ્પના કરી, સામાચારી બતાવી ભદ્રિક જનોને મોહમાં પાડશે. ઉત્સૂત્ર ભાષણ કરનારા પોતાની જ સ્તુતિ અને બીજાની નિંદા કરનારા પણ કેટલાક થશે. મિથ્યાત્વી રાજાઓનું જોર વધશે અને હિંદુ રાજાઓ અલ્પ બળવાળા થશે.

મારા મોક્ષ-ગમન પછી ૧૯૨૮ વર્ષે[1] ચંડાળ કુળમા કલ્કિ રાજાનો જન્મ થશે. તેના જન્મ પ્રસંગે રાજા મધુમથનના મંદિરમાં, મથુરા નગરીમાં મંદિરના ગુપ્ત ભાગનો સ્તૂપ પડી જશે. મનુષ્યો દુકાળીથી પીડાશે. અઢારમાં વર્ષે કલ્કિનો રાજ્યાભિષેક થશે. તે ચામડાનાં નાણાં ચલાવશે. દરેક ઠેકાણેથી ખોદી ખોદીને નિધાન કાઢી લેશે તેના ભંડારમાં ૯૯ ક્રોડા ક્રોડી સોનૈયા, ૧૪ હજાર હાથીઓ, ૮૭ લાખ ઘોડા, પાંચ કોટિ પદાતી થશે. ધન માટે રાજમાર્ગ ખોદાવતા તેમાથી 'લવણદેવી' નામે પત્થરની ગાય નીકળશે. તે પ્રગટ થઇને ગોચરી જતાં સાધુઓને શિંગડાથી હણશે. તે સમયે પાંડિવર્ય આચાર્ય કહેશે કે, 'આ નગરમાં જલનો ઘોર ઉપસર્ગ થશે. તેથી કેટલાક સાધુઓ અન્યત્ર વિહાર કરી જશે.

ત્યારબાદ સતત વૃષ્ટિ થશે. તેથી ગંગાનદીમા પ્રચંડ પૂર આવશે અને તે પૂરમા આખું નગર તણાઇ જશે. રાજા અને સંઘ ઉત્તરના ઉચ્ચ પ્રદેશમાં ચઢીને પોતાનો બચાવ કરશે. રાજા ત્યાંજ નવીન શહેર સ્થાપશે. સર્વ પાખંડીઓને તે દંડસે, સાધુઓ પાસેથી પણ ભિક્ષાનો છઠ્ઠો ભાગ માંગશે, ત્યારે સંઘ કાઉસગ્ગ કરશે. તે વખતે શાસનદેવ આવી તેને નિવારશે. પચાસ વર્ષ સુકાળ રહેશે વળી પાછો છાસીમા વર્ષે તે અત્યાચારી બનશે. પાડિવર્ય આચાર્ય પ્રમુખ સંઘ શાસનદેવતાનો કાઉસગ્ગ કરશે તેથી શાસનદેવતા આવીને તેને સમજાવશે; છતાં નહિ સમજે ત્યારે આસનકંપથી બ્રાહ્મણરૂપે શક્ર આવશે ને તેને મારશે. ત્યાર બાદ તેનો પુત્ર ધર્મદત્ત રાજગાદીએ આવશે. આ પ્રમાણે બે હજાર વર્ષની સ્થિતિવાળા ભસ્મગ્રહ રાશિની પીડા ઊતર્યા બાદ દેવતાઓ દર્શન દેશે. વિદ્યા, મંત્ર વિગેરે પણ થોડા જાપથી પ્રભાવ બતાવશે. અવધિજ્ઞાન જાતિસ્મરણ વિગેરે પણ અલ્પાંશે જાગૃતિમાં

---

૧ એટલે ૧૯૨૮+૭૨=૨૦૦૦ વર્ષ; તેમના જન્મ પછી બેહજાર વર્ષ એમ અર્થ નિષ્પન્ન થાય છે.

આવશે. ત્યારબાદ ઓગણીસ હજાર વર્ષ સુધી જૈનધર્મ પ્રવર્તશે દુસમ કાળને અંતે, બાર વર્ષની ઉમરે દીક્ષા લીધેલ, અર્ઢા શ્લોક પ્રમાણ ગણધર મંત્રનો જાપ કરનાર ઉત્કૃષ્ટ છઠ્ઠની તપસ્યા કરનાર દુપ્પસહ નામના આચાર્ય થશે. તે છેલ્લા યુગપ્રધાન આઠ વર્ષ સુધી શ્રમણ પર્યાય પાળી ૨૦ વર્ષની આયુસ્થિતિવાળા અષ્ટમભક્તથી અનશન કરી, સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થશે.

આચાર્ય દુપ્પસહસૂરિ, ફલ્ગુશ્રી સાધ્વી, નાગિલ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા—આ પ્રમાણે છેવટનો સંઘ રહેશે. ભરતભૂમિમાં પાંચમા આરાને અંતે પહેલા પહોરે તે પણ વિલીન થશે. બપોર સમયે વિમલવાહન રાજા, સુમુખ મંત્રી અને પાછલા પહોરે અગ્નિ. આવી રીતે ધર્મ, રાજનીતિ અને પાકાદિનો વિચ્છેદ થશે. દુસમ નામે પાંચમો આરો આ રીતે સંપૂર્ણ થશે.'

પાંચમા આરાના ભારતનું જે ભાવિ પરમ તીર્થપતિ શ્રી મહાવીરે ભાખ્યું છે, તેજ પ્રમાણે આજે વર્તાઇ રહેલું જોવાય છે. આજે સ્વતંત્ર જીવોનો કયાંય આદર થતો જોવામાં આવતો નથી. સર્વત્ર અનીતિનો જ 'જય જય કાર' બોલાઇ રહ્યો છે. રાજાઓ પ્રજાને ભોગે જ મોઝશોખ માણે છે, પ્રજાજનો પોતાની રાજા પ્રત્યેની નીતિ ચૂકી ગયા છે ધર્મપ્રેમીની આજે જયાં ત્યાં મઝાક થાય છે. અધર્મ—અનીતિના દેશવ્યાપી પવન સામે ટકવાને માટે ધર્મનો જ આશ્રય યુકત ગણાય.

શ્રી મહાવીરે છઠ્ઠા આરાનું કરેલું વર્ણન—

'ત્યારબાદ દુસમ દુસમા નામે છઠ્ઠો આરો શરૂ થશે. પ્રલયના વાત વાશે. ઝેરના વરસાદ વર્ષશે. બાર સૂર્ય સમાન સૂર્ય તપશે. ચંદ્રમા અત્યંત ટાઢ વર્ષાવસે. વૈતાઢયના મૂળમાં ગંગા, સિંધુ નદીના બંને કિનારે બહોંતેર બીલોમાં છ ખંડ ભરતના રહેનારા મનુષ્યો તેમજ તિર્યંચો નિવાસ કરશે. ગંગા તેમજ સિંધુ નદીનો પ્રવાહ રથના ચીલા

જેવડો થશે. તેમાં ઉપજેલાં માછલાં વિગેરેનો તે બિલવાસીઓ રાત્રે આહાર કરશે. ઔષધિ, અનાજ, વૃક્ષ, ગામ, નગર, જલાશય, પર્વત વિગેરે કોઈ સ્થળ રહેશે નહિ. છ વર્ષની સ્ત્રી ગર્ભ–ધારણ કરશે. સોલ વર્ષની સ્ત્રી અને વીસ વરસનો પુરુષ, પુત્ર પૌત્રાદિના દર્શન કરશે. શરીરની ઊંચાઇ એક હાથ પ્રમાણની રહેશે. તે છઠ્ઠો આરો પણ એકવીસ હજાર વર્ષ પ્રમાણનો થશે. તેની સમાપ્તિ બાદ ઉત્સર્પિણીનો પહેલો આરો બેસશે '

ભારત અને ભારતીય પ્રજાજનોનું પાંચમા છઠ્ઠા આરાનું સ્પષ્ટ ભાવિ ચીતરી, જગદુપકારી શ્રી મહાવીરે ચંપાનગરી તરફ વિહાર કર્યો ને ગૌતમસ્વામી પ્રભુની આજ્ઞા લઇ, શાલ અને મહાશાલ મુનિઓની સાથે પૃષ્ઠચંપાએ ગયા.

**રાજા ગાગલિની દીક્ષાઃ**—પૃષ્ઠચંપામાં તે સમયે ગાગલિ રાજા રાજ્ય કરતો હતો. ગૌતમસ્વામીના શુભાગમનની ખબર મળતાં તે તરત જ તેમને વાદવા ગયો. ગણધર મહારાજ તથા અન્ય મુનિઓને નમસ્કાર કરીને તે યોગ્ય સ્થાનકે બેઠો. દેવોએ રચેલા સુવર્ણ કમળ ઉપર બેસી ચતુર્જ્ઞાની ઇંદ્રભૂતિ ગૌતમે દેશના આપી તે સાંભળી ગાગિલ રાજાને પોતાના સત્યનું ભાન થયું. પોતાના પુત્રને ગાદીએ બેસાડી, પોતાના માતા–પિતા સહિત તેણે શ્રી ગૌતમસ્વામી પાસે દીક્ષા લીધી. તે સર્વે મુનિઓ અને સાધ્વી ભગવંતની પાસે આવતાં ગણધર મહારાજની પાછળ ચાલ્યા, માર્ગમાં શુભ ભાવનાથી તે પાંચેને [1] કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ગૌતમસ્વામી નમ્યા. રસ્તો વટાવી તે સર્વે ચંપાપુરીએ શ્રી વીરની પાસે આવ્યા. તેઓએ પ્રભુને પ્રદક્ષિણા કરી અને ગૌતમસ્વામીને પ્રણામ કર્યો. પછી તીર્થને નમીને તે પાંચે કેવળીની પર્ષદામા ચાલ્યા. ગૌતમ-

( ૧ ગાગલી; ૨-૩ માતાપિતા; ૪–૫ શાલ અને મહાશાલ )

સ્વામીએ કહ્યું કે, ' પ્રભુને વંદના કરો. ' તેજ સમયે સમર્થજ્ઞાની શ્રી મહાવીર બોલ્યા, ' હે ગૌતમ ! તે પાંચને કેવળજ્ઞાન થયેલું છે, માટે આશાતના કરો નહિ ' પોતાના જ શિષ્ય, છતાં જ્ઞાનસંપૂર્ણ બનતાં, તે શિષ્યોને પણ પોતે કરેલી તેમના જ્ઞાનની આશાતના બદલ વિનય-સાગર શ્રી ગૌતમ નમ્યા. અલ્પજ્ઞાની, વ્યાપક જ્ઞાનવાળાને નમે તે બરાબર જ છે. કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરવાથી, આત્મા ઉપરનો અજ્ઞાન-થર દૂર થવા માંડે છે. શ્રી ગૌતમસ્વામી વાદળ જેટલા જ નમ્ર હતા. ભરેલા છતાં, પોતાનાથી જ વિશેષ જ્ઞાન સમૃદ્ધિને તેઓ તરત નમી પડતા. વ્યાજબી રીતનું નમન આત્માનુ ઉર્ધ્વગમન કરે.

**અષ્ટાપદે**—પોતાના શિષ્યોને કેવળજ્ઞાની થતા જોઇને શ્રી ગૌતમસ્વામીને વિચાર થયો કે, ' શું મને કેવળજ્ઞાન પ્રાપ્ત નહિ થાય ? શું હું આ ભવમાં સિદ્ધિ પદ પ્રાપ્ત નહિં કરૂં ? ' ચિંતા ચક્રે ચઢેલા શ્રી ગૌતમે તેવામાં દેવવાણી સાંભળી કે, ' આજે જ શ્રી જિનેશ્વરે કહ્યુ છે કે, ' જે કોઇ મનુષ્ય લબ્ધિ વડે અષ્ટાપદ પર્વત[1] ઉપર જઇ ચોવીસ જિનેશ્વરોને વંદન કરે, તે જરૂર તેજ ભવે સિદ્ધિને પામે. ' આ પ્રમાણે દેવવાણી સાંભળીને ગૌતમ ગણધરે અષ્ટાપદે જવાની શ્રી વીર પાસે આજ્ઞા માગી. ત્યા જવામાં સમાયલા હિતનું સૂક્ષ્મ સ્વરૂપ અવલોકી, પ્રભુએ તે તીર્થે જવાની ગૌતમસ્વામીને આજ્ઞા આપી.

આજ્ઞા મળવાથી ગૌતમ હર્ષ પામ્યા અને ચારણલબ્ધિના પ્રભાવથી ક્ષણમાં અષ્ટાપદ સમીપે જઇ પહોંચ્યા. બીજી ક્ષણે, રવિ કિરણનો કર ઝાલીને તે મહાગિરિ પર ચઢી ગયા ને ભરત ચક્રવર્તીએ કરાવેલા નંદીશ્વર દ્વીપના ચૈત્યમાં પ્રવેશ કર્યો. તે ચૈત્યમાં ચોવીસ તીર્થંકરોનાં તેજ ઝરતાં અનુપમ બિંબ હતાં. તે

૧ તે સમયે પણ અષ્ટાપદ ઉપર ચડવું સહેલુ નહોતું જ (અદૃશ્ય પણે કદાચ હશે, એમ સમજાય છે )

બિંબની કાન્તિમા ગૌતમસ્વામીની ભક્તિનો રસ ભળી ગયો. સર્વોત્કૃષ્ટ ક્ષેત્ર અને નિર્મળ વાતાવરણની મધ્યે શ્રી ગૌતમે જિનગુણ ગાયા તેમના મુખારવિંદમાંથી સ્ફુરાયમાન થતા એક એક શબ્દની ગહન પ્રતિભાથી, ચૈત્યની રત્ન–માણિક્ય જડિત દિવાલો પણ મુગ્ધ બની ગઇ સંગીતના વિવિધ પ્રકારોમાં પારંગત ઇંદ્રભૂતિ ગૌતમે, જિનપ્રતિમા સમક્ષ એવાં નિર્મળ ભાવનાં સ્તવનો લલકાર્યાં કે, તે સાભળવા હવા પણ સ્થિર બની ગઇ. અર્ધમિલિત નયને કરદ્વય પ્રસારી, ગૌતમે, 'દેજો કેવળ જ્ઞાન વ્હાલા ?' તે છેલ્લી કડી લલકારી ને તેમના અંગાગે આનંદના અશ્રુઓ પ્રગટી ગયાં.

જિનભક્તિમાં સ્થિર, ગૌતમ ગણધર ચૈત્યની બહાર નીકળ્યા ને સદા પ્રફુલ્લ એક અશોક વૃક્ષ નીચે બેઠા ત્યાં અનેક સુરાસુર અને વિદ્યાધરોએ તેમને વંદના કરી. ગૌતમસ્વામીએ તેમને યોગ્યતા પ્રમાણે દેશના આપી અને તેમણે પૂછેલા પ્રશ્નોના તર્કશક્તિ વડે જવાબ આપ્યા. દેશના આપતાં પ્રસંગોપાત ગૌતમસ્વામીએ જણાવ્યુ કે, 'સાધુઓ-ઉગ્ર તપ વડે, જેમનાં માત્ર અસ્થિચર્મ બાકી રહ્યાં છે, સાંધાઓ શિથિલ થઇ ગયા છે, અને જીવ સત્તા વડે ધ્રૂજતે ધ્રૂજતે ચાલે છે, એવા થઇ જાય છે.'

આ વચનો સાંભળી કુબેર દેવને આશ્ચર્ય થયુ. કારણ કે શ્રી ગૌતમસ્વામીએ સાધુઓનુ જેવુ વર્ણન કર્યું હતું, તેવું તેમનું જ શરીર ન હતુ, બલ્કે તે સુવર્ણ જેવી કાંતિવાળું અને હૃષ્ટપુષ્ટ હતું. દેવને ગણધર મહારાજનાં વચનો સંબંધે સંદેહ થયો.

ગૌતમસ્વામી મનઃપર્યવજ્ઞાની હતા, તેથી દેવના મનના વિચારો જાણી ગયા અને ઉપદેશ દ્વારા તેના મનની શંકાનો ખુલાસો કર્યો. 'મુનિપણામાં શરીરનું કૃશળતાનું પ્રમાણ એકાંત નથી, પણ શુભ ધ્યાન વડે આત્માનો નિગ્રહ કરવો તે પ્રમાણ છે. તે ઉપર પુંડરીક અને કંડરીક એ બે ભાઇનો વૃત્તાંત સાંભળો.

કે, ' મિષ્ટાન્ન આરોગ્યાને મને ઘણો સમય થયો છે, માટે પ્રથમ તેજ પતાવું અને પછી આ ઉપહાસ કરનારાઓને શિક્ષા કરૂં. આવું ચિંતવી તે મહેલમાં ગયો. ત્યાં તેણે પ્રભાતના પારેવાની જેમ, મન-ગમતાં મિષ્ટાન્ન આરોગ્યાં અને રજની ટાણે વિષયભોગને અંગે જાગરણ કર્યું. તે રાત્રી જાગરણથી અને અતિ આહારના અપચાથી તેને વમન (ઊલટી) થઇ. અને શરીરે વ્યાધિ ઉત્પન્ન થયો. તૃષાનો દાહ પડયો. મંત્રી વિગેરેની ચિકિત્સાથી તે સાજો ન થયો અને અતિ દુઃખથી પીડાવા લાગ્યો. તે પળે તેણે ચિતવ્યું કે, ' જો હું આજની ગતે બચી જાઉં, તો ઉગતા પ્રભાતે જ બધા રાજ્યઅધિકારીઓને મોતની સજા ફરમાવું ' આ રીતે કૃષ્ણલેસ્યા અને મહારૌદ્રધ્યાનમાં ગળાડૂબ તે કુંડરીક રાજા તે જ રાત્રે મરણ પામ્યો અને નરકે ગયો. '

' તેથી હે સભાજનો ! તપસ્વીઓને કૃશપણા કે પુષ્ટપણાનું કંઇ પ્રમાણ નથી. શુભ ધ્યાનજ પરમ પુરૂષાર્થના કારણભૂત છે. ' દૃષ્ટાન્તમય દેશના સાંભળી કુબેરે સમકિત પ્રાપ્ત કર્યું ને ગૌતમ-સ્વામીને વંદન કરી, તે સ્વસ્થાન પ્રતિ વળ્યો.

**પંદરસો તાપસો:**—રાતનો સમય અષ્ટાપદ પર્વત પર ગાળી, ઉષાની કસુંબી આભા ઝગટતાં જ ગૌતમ મહામુનિ પર્વત ઉપરથી નીચે ઊતરવા લાગ્યા

ગણધર શ્રી ગૌતમ જે સમયે રવિકિરણના અવલંબન વડે અષ્ટાપદ પર્વતે ચઢતા હતા તે સમયે, અષ્ટાપદને મોક્ષનો હેતુ સાંભળી, તે પર ચઢવા આવેલા કોડાન્ય, દત્ત અને સેવાળ વિગેરે પંદરસો તાપ-સોએ તેમને જોયા હતા. તે તાપસોમાંના પાંચસો તપસ્વીઓ ચતુર્થ તપ અને આર્દ્રકંદાદિકનું પારણું કરતાં પહેલી મેખલા સુધી પહોંચી શક્યા હતા. બીજા પાંચસો છઠ તપ અને તે ઉપર સુકાકંદનું પારણું કરતાં ગિરિની બીજી મેખલા સુધી જઇ શક્યા

હતા. અને બાકીના પાંચસો અઠ્ઠમનો તપ કરી સૂકી સેવાળનું પારણું કરતાં ત્રીજી મેખલાએ જઈને અટક્યા હતા. આ પાંચસો તાપસોએ જ્યારે સુવર્ણ કાન્તિમય અને પુષ્ટ શરીરવાળા શ્રી ગૌતમસ્વામીને ગિરિ તરફ આવતા જોયા, ત્યારે તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, આપણે પાતળા શરીરવાળા આગળ નથી વધી શકતા, તો આ મહાકાય મુનિરાજ આગળ શી રીતે વધવાના હતા? તેમની વાતચીત પૂરી થાય તે પહેલાં જ શ્રી ગૌતમ પવનગતિએ તેમની બાજુમાંથી પસાર થઈને મહાગિરિએ પહોંચી ગયા. એ જોઈને તાપસોને લાગ્યુ કે, ઝડપભેર મેખલાઓ વટાવી ગિરિશિખરે જઈ ઊભનાર આ મુનિ કોઈ મહાન વ્યક્તિ હોવા જોઈએ. તેથી જો તે અહીં પાછા આવશે તો આપણે તેમના શિષ્યો થઈશું

ગિરિ ઉપરથી ઊતરતા શ્રી ગૌતમે તાપસોને દીઠા. તાપસોએ ગૌતમસ્વામીને પ્રણામ કરી વિનંતિ કરી કે, 'હે તપોનિધિ મહાત્મા! અમે આપનું શિષ્યત્વ સ્વીકારવાની ઇચ્છા ધરાવીએ છીએ. આપ અમને શિષ્યો તરીકે સ્વીકારો.'

'સર્વજ્ઞ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી જ તમારા ગુરૂ થાઓ.' એમ ગૌતમ ગણધરે તે તાપસોને કહ્યું.

તાપસોએ દીક્ષાનો અતિ આગ્રહ કર્યો એટલે ગૌતમસ્વામીએ તેમને ત્યાં જ દીક્ષા આપી. યતિપણાનાં લિંગને જરૂરી સામગ્રી દેવોએ પૂરી પાડી. તાપસ મુનિઓ સાથે ગૌતમસ્વામી શ્રી મહાવીરપ્રભુ પાસે જવા ત્યાંથી રવાના થયા ચાલતાં ચાલતાં બપોર થયો, ત્યાં એક ગામ આવ્યું. ભિક્ષાનો સમય થયો જાણી, ગૌતમસ્વામી તે ગામમાં ભિક્ષા લેવા ગયા. ભિક્ષામાં તેમણે પોતાના ઉદર પોષણ પુરતી મળેલી ખીરનો સ્વીકાર કર્યો. ખીર લાવ્યા પછી તુરતજ તમામ મુનિઓને પારણું કરવા બેસી જવાની આજ્ઞા કરી અને 'આ ખીરથી પારણું કરો.' એમ કહ્યું.

પુંડરીક અને કંડરીકઃ—આ જંબુદ્વીપ છે. તેમા ભરતક્ષેત્ર જેવું જ મહાવિદેહ ક્ષેત્ર છે તેમાં પુષ્કલાવતી નામના દેશમાં પુંડરીકિણી નગરી છે. તે નગરીમાં મહાપદ્મ નામે રાજા હતો. તેને પદ્માવતી નામે રાણીથી પુંડરીક અને કંડરીક નામે બે પુત્રો થયા હતા. મોટો પુત્ર રાજ્યધુરાને વહન કરવામાં સમર્થ થતાં, રાજાએ તેને ગાદીએ બેસાડયો અને પોતે દીક્ષા અંગીકાર કરી.

એક વખત તે નગરીના મનોહર ઉદ્યાનમાં કેટલાક મુનિ મહારાજો પધાર્યા. તેમના આગમનના સમાચાર મળતાં રાજા પુંડરીક અને તેનો ભાઈ કંડરીક તેમની પાસે ધર્મ સાંભળવા ગયા. પુંડરીકના મન ઉપર ધર્મદેશનાની અસર થઇ. તે શુભ ભાવમાં લીન થયો ને ભાવયતિ થઇ પોતાના સ્થાને આવ્યો. પછી તેણે પોતાના મંત્રીઓ તેમજ ભાઇને તેડાવીને કહ્યું કે, 'વત્સ! તું આપણા પિતાના આ રાજ્યનો સ્વીકાર કર. કારણ કે મારો વિચાર દીક્ષા લેવાનો થયો છે.'

બન્ધુ રાજાના વિચારો જાણી, કંડરીકે ગાદીએ બેસવાની ના કહી અને તે પણ દીક્ષા લેવા તૈયાર થયો. પુંડરીક રાજાએ તેને બહુ સમજાવ્યો પણ તે એકનો બે થયો નહિ. તેની દીક્ષા લેવાની હઠ જોઇ પુંડરીકે કહ્યું, 'હે ભાઇ, ઇન્દ્રિયો બહુ જ દુર્જય છે, મન સદા ચંચલ છે, તારુણ્ય વિકારનું ધામ છે, અને પ્રાણીને પ્રમાદ તે સ્વાભાવિક છે. વળી પરિસહ તથા ઉપસર્ગો ઘણા જ દુઃસહ હોય છે. માટે હાલ તુ શ્રાવકનાં વ્રત ગ્રહણ કર અને સાથે સાથે આ રાજ્ય ચલાવ.' પણ કંડરીક ન માન્યો. તેણે દીક્ષા લીધી. મંત્રીઓના વારવાથી પુંડરીક રાજા ભાવયતિના ભાવમા સ્થિર રહી રાજ્ય ચલાવવા લાગ્યા.

કંડરીક મુનિ બન્યા. તપ અને ધ્યાનમાં સમય ગાળવા લાગ્યા. વસંતના રસભીના વાયુ વાતાં જ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી

તેમનું મન એકાએક ચલિત થયું. તેમને રાજા બનવાના વિચારો આવ્યા. વિચારના દોર્યા કંડરીક મુનિ પોતાની રાજધાનીમાં ગયા ને એક ઉદ્યાનમાં ઊતર્યા. ઉપધિ ઝાડ ઉપર લટકાવી. તેઓ તેની નીચે આનંદથી આળોટવા લાગ્યા. ઉદ્યાનપાલને પોતાના આગમનના સમાચાર આપવા પુંડરીક પાસે મોકલ્યો. સમાચાર મળતાં જ રાજા પોતાના પ્રધાનની સાથે ત્યાં ગયો. તેમને ભક્તિ-ભાવપૂર્વક વદના કરી, વંદના બાદ નજર ઊંચી કરતાં જ પુડરીક રાજાએ વૃક્ષ–ડાળે ઝૂલતી ઉપધિ જોઇ તેમજ કુંડરીક મુનિના ઘાસમાં આળોટવાનો આશયનો મર્મ સમજાયો. કુંડરીક મુનિને ચારિત્ર ભ્રષ્ટ થતા જોઇ રાજાને બહુ લાગી આવ્યું. તેમણે તેમને કહ્યું, ‘ મેળવેલ ચિંતામણી રત્ન સમાન ધર્મ ગૂમાવીને, કુડકપટના ધામ શા સંસારમાં તમે શાને મોહ ધરો છો ? ’ કુંડરીક કંઇ જ ન બોલ્યો. રાજા તેના મૌનનો આશય પારખી ગયા. પોતાના રાજ્યચિન્હો કુંડરીકને આપી તેણે ત્યાંજ તેની પાસેનું યતિલિંગ ગ્રહણ કરી લીધુ. ને શુદ્ધ બુદ્ધિએ દીક્ષા લઈ ત્યાંથી વિહાર કર્યો. તે પુડરીક મુનિ શુભ-ભાવથી ચિંતવવા લાગ્યા કે, ‘ સારા ભાગ્યે ચિરકાળથી ઇચ્છેલો યતિધર્મ મને પ્રાપ્ત થયો છે. તો હવે તેને ગુરૂની સાક્ષીએ ગ્રહણ કરૂં ’ આ પ્રમાણે વિચાર કરી તે ગુરૂની સમીપે ચાલ્યા, ત્યાં જઇ વ્રત ગ્રહણ કરીને અટ્ઠમનું પારણું કર્યું. પરંતુ નિરસ, ટાઢો અને ખુલો આહાર લેવાથી, તેમજ ગુરૂ પાસે જતાં ઉતાવળા ચાલવાથી, કોમળ ચરણમાંથી નીકળતા રૂધિરથી બહુ પરિશ્રમ પામતાં, ગામની અંદર જઇ ઉપાશ્રય માગી, અતિશ્રમથી ઘાસના સંથારા પર સૂતા ને તેજ રાત્રે શુભધ્યાનપરાયણપણે સશક્ત શરીરે જ કાળ કરી, દેવપણે ઉત્પન્ન થયા.

કુંડરીક રાજા થયો. વ્રતભંગ કરીને ગાદીએ આવવાથી જનતામાં તેનો ઉપહાસ થયો તેથી તેને બહુજ ગુસ્સો થયો. પરંતુ તેણે ચિંતવ્યું

કે, 'મિષ્ટાન્ન આરોગ્યાને મને ઘણો સમય થયો છે, માટે પ્રથમ તેજ પતાવું અને પછી આ ઉપહાસ કરનારાઓને શિક્ષા કરૂં. આવું ચિંતવી તે મહેલમાં ગયો. ત્યાં તેણે પ્રભાતના પારેવાની જેમ, મન-ગમતાં મિષ્ટાન્ન આરોગ્યાં અને રજની ટાણે વિષયભોગને અંગે જાગરણ કર્યું. તે રાત્રી જાગરણથી અને અતિ આહારના અપચાથી તેને વમન (ઊલટી) થઈ. અને શરીરે વ્યાધિ ઉત્પન્ન થયો. તૃષાનો દાહ પડયો. મંત્રી વિગેરેની ચિકિત્સાથી તે સાજો ન થયો અને અતિ દુઃખથી પીડાવા લાગ્યો. તે પળે તેણે ચિંતવ્યું કે, 'જો હું આજની ગતે બચી જાઉં, તો ઉગતા પ્રભાતે જ બધા રાજ્યઅધિકારીઓને મોતની સજા ફરમાવું' આ રીતે કૃષ્ણલેસ્યા અને મહારૌદ્રધ્યાનમાં ગળાડૂબ તે કુંડરીક રાજા તે જ રાત્રે મરણ પામ્યો અને નરકે ગયો.'

'તેથી હે સભાજનો! તપસ્વીઓને કૃશપણું કે પુષ્ટપણાનું કંઈ પ્રમાણ નથી. શુભ ધ્યાનજ પરમ પુરૂષાર્થના કારણભૂત છે.' દૃષ્ટાન્તમય દેશના સાંભળી કુબેરે સમકિત પ્રાપ્ત કર્યું ને ગૌતમ-સ્વામીને વંદન કરી, તે સ્વસ્થાન પ્રતિ વળ્યો.

**પંદરસો તાપસો:**—રાતનો સમય અષ્ટાપદ પર્વત પર ગાળી, ઉષાની કસુંબી આભા પ્રગટતા જ ગૌતમ મહામુનિ પર્વત ઉપરથી નીચે ઊતરવા લાગ્યા

ગણધર શ્રી ગૌતમ જે સમયે રવિકિરણના અવલંબન વડે અષ્ટાપદ પર્વતે ચઢતા હતા તે સમયે, અષ્ટાપદને મોક્ષનો હેતુ સાંભળી, તે પર ચઢવા આવેલા કૌડાન્ય, દત્ત અને સેવાળ વિગેરે પંદરસો તાપ-સોએ તેમને જોયા હતા. તે તાપસોમાંના પાંચસો તપસ્વીઓ ચતુર્થ તપ અને આર્દ્રકંદાદિકનું પારણું કરતાં પહેલી મેખલા સુધી પહોંચી શકયા હતા. બીજા પાંચસો છઠ તપ અને તે ઉપર સૂકાકંદનું પારણું કરતાં ગિરિની બીજી મેખલા સુધી જઈ શકયા

હતા. અને બાકીના પાંચસો અટ્ઠમનો તપ કરી સૂકી સેવાળનું પારણું કરતાં ત્રીજી મેખલાએ જઈને અટક્યા હતા. આ પાંચસો તાપસોએ જ્યારે સુવર્ણ કાન્તિમય અને પુષ્ટ શરીરવાળા શ્રી ગૌતમસ્વામીને ગિરિ તરફ આવતા જોયા, ત્યારે તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, આપણે પાતળા શરીરવાળા આગળ નથી વધી શકતા, તો આ મહાકાય મુનિરાજ આગળ શી રીતે વધવાના હતા? તેમની વાતચીત પૂરી થાય તે પહેલાં જ શ્રી ગૌતમ પવનગતિએ તેમની બાજુમાંથી પસાર થઈને મહાગિરિએ પહોંચી ગયા. એ જોઈને તાપસોને લાગ્યું કે, ઝડપભેર મેખલાઓ વટાવી ગિરિશિખરે જઈ ઊભનાર આ મુનિ કોઈ મહાન વ્યક્તિ હોવા જોઈએ. તેથી જો તે અહીં પાછા આવશે તો આપણે તેમના શિષ્યો થઈશું

ગિરિ ઉપરથી ઊતરતા શ્રી ગૌતમે તાપસોને દીઠા. તાપસોએ ગૌતમસ્વામીને પ્રણામ કરી વિનંતિ કરી કે, ' હે તપોનિધિ મહાત્મા! અમે આપનું શિષ્યત્વ સ્વીકારવાની ઇચ્છા ધરાવીએ છીએ. આપ અમને શિષ્યો તરીકે સ્વીકારો.'

' સર્વજ્ઞ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી જ તમારા ગુરુ થાઓ.' એમ ગૌતમ ગણધરે તે તાપસોને કહ્યું.

તાપસોએ દીક્ષાનો અતિ આગ્રહ કર્યો એટલે ગૌતમસ્વામીએ તેમને ત્યાં જ દીક્ષા આપી. યતિપણાનાં લિંગને જરૂરી સામગ્રી દેવોએ પૂરી પાડી. તાપસ મુનિઓ સાથે ગૌતમસ્વામી શ્રી મહાવીરપ્રભુ પાસે જવા ત્યાંથી રવાના થયા. ચાલતાં ચાલતાં બપોર થયો, ત્યાં એક ગામ આવ્યું. ભિક્ષાનો સમય થયો જાણી, ગૌતમસ્વામી તે ગામમાં ભિક્ષા લેવા ગયા. ભિક્ષામાં તેમણે પોતાના ઉદર પોષણ પુરતી અખેલી ખીરનો સ્વીકાર કર્યો. ખીર લાવ્યા પછી તુરતજ તમામ મુનિઓને પારણું કરવા બેસી જવાની આજ્ઞા કરી અને ' આ ખીરથી પારણું કરો.' એમ કહ્યું.

'આટલી ખીર તે પંદરસો મોઢે કયમ પહોંચશે ?' એમ એકી સાથે સર્વના મનમાં આવ્યું. છતાં પણ ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તનારા તે મુનિઓ, વિવેકબુદ્ધિથી કાંઇ પણ પૃછપરછ કર્યા સિવાય પોતપોતાના આસન પર પારણું કરવા બેસી ગયા. 'મહાનશ' લબ્ધિના પ્રભાવ વડે શ્રી ગૌતમે સર્વ મુનિઓને તૃપ્તિ થતાં સુધી તે ખીરથી આહાર કરાવ્યો અને પછી પોતે આહાર કરવા બેઠા. નવીન દીક્ષિત સાધુઓ આ ચમત્કારથી નવાઇ પામ્યા. તેમાંના સેવાળભક્ષી પાંચસો તાપસ-મુનિઓ શ્રી ગૌતમ જેવા ગુરૂ અને શ્રી મહાવીર પ્રભુ જેવા મહાગુરૂ પોતાને મળ્યા છે એમ માનીને પોતાનાં જીવનની સફળતા સમજવા લાગ્યા. તેમનાં જીવનદ્વાર ઊઘડી જતાં, તેમને તેજ પળે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું પછી સર્વે શ્રી મહાવીર જ્યાં બિરાજતા હતા તે દિશા તરફ આગળ વધ્યા ને દૂરથી સમવસરણ પ્ર. ની રચના નિહાળી. આ સમયે દત્ત વિગેરે પાંચસો તાપસોને પ્રભુના પ્રતિહાર્યને જોતાં જ ઉજ્જવળ કેવળજ્ઞાન ઊપજ્યું. તેમજ કોડાન્ય વિગેરે પાંચસોને વીતરાગ પ્રભુ શ્રી મહાવીરના દર્શનથી કેવળજ્ઞાન થયું. પછી તેઓ શ્રી વીરપ્રભુને પ્રદક્ષિણા કરી કેવળીની સભા તરફ ચાલ્યા. એટલે ગૌતમસ્વામી બોલ્યા કે—

'પ્રભુને વંદના કરો.'

'હે ગૌતમ! કેવળજ્ઞાનીની આશાતના ન કરો.' ભગવાન મહાવીરે ગૌતમ ગણધરને કહ્યું.

પ્રભુની એ પ્રમાણે વાણી સાંભળતાંજ ગણધર મહારાજે સર્વ કેવળીઓને ખમાવ્યા. તે વખતે ગૌતમસ્વામીને ફરી વિચાર આવ્યો કે. 'હું ગુરૂકર્મી હોવાથી આ ભવે સિદ્ધ પદને નહિ-જ પામી શકું ? એ મહાત્માઓને ધન્ય છે કે જેઓ મારા દીક્ષિત છતાં ક્ષણમાં કેવળજ્ઞાની થયા.'

અગાધ ચિંતને ગરક શ્રી ગૌતમને મહાવીરપ્રભુએ પૂછ્યું, 'હે ગૌતમ ! તીર્થંકરોનું વચન સત્ય કે દેવતાનું ?'

'તીર્થંકરોનું.' ગણધર મહારાજે વિનય અને નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

'ત્યારે શ્રી મહાવીરે ગૌતમસ્વામીને આશ્વાસન આપતાં કહ્યું, હવે અધૈર્ય રાખશો નહિ, શિષ્ય ઉપરનો ગુરૂનો સ્નેહ કઠોળ ઉપરના ફોતરા જેવો હોય છે, જ્યારે શિષ્ય તરીકેનો મારા ઉપરનો તમારો સ્નેહ બહુજ દઢ છે. તેથી તમારૂં કેવળ રૂંધાયું છે. તે સ્નેહનો જ્યારે અભાવ થશે ત્યારે તે અવશ્ય પ્રગટ થશે'

પછી શ્રમણ ભગવાન મહાવીરે દ્રુમ-પત્રનો પાઠ કહી તેના સાર રૂપે 'પ્રમાદ' ન કરવાનો શ્રી ગૌતમને સંબોધીને શ્રોતાજનોને બોધ આપ્યો.

દ્રુમ-પત્રનોપાઠઃ—' ઝાડ ઉપરનાં પાકી ગયેલાં પાંદડાં ખરી પડતાં તેને નવાં પાંદડાં આવે છે. તે વખતે તે ઘણાં સુંદર દેખાય છે અને ચળકાટ મારે છે ને જાણે ખરી ગએલાં પાંદડાં હસતાં હોય એમ જણાય છે. તે વખતે ખરી ગએલાં પાંદડાં તે હસતાં-ચળકતાં પાંદડાંને કહે છે કે, તમે અત્યારે ગર્વ કરશો નહિ. એક વખત અમે પણ તમારાં જેવાં જ હતાં. ને કાળાંતરે જેમ અમારી સ્થિતિ બદલાઇ છે, તેમ તમારી દશા પણ પલટશે ને તમે પણ ખરી પડશો.[૧]

**પ્રમાદઃ**—તીર્થંકર શ્રી મહાવીર ગૌતમસ્વામીને સંબોધીને બોલ્યા, 'समय गोयम ! मा पमाबए' 'હે ગૌતમ ! એક સમય માટે પણ પ્રમાદ કરીશ નહિ ! મનુષ્ય જીવન ઝાકળ-બિંદુ સમાન છે માટે

---

૧ 'જન સમાજમાં પણ ઉક્ત મતલબની કહેતી ચાલે છે.'

'પીપળ. પાન ખરતા, હસતી કૂંપળીઆં.
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆં !'

પ્રમાદ કરવો તને ઉચિત નથી. મનુષ્યપણું પામવું મહા દુર્લભ છે અને કર્મના વિપાકો બહુજ આકારા છે એમ સમજીને પ્રમાદ કરવો ન ઘટે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય આદિ. મા તેમજ એકેન્દ્રિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચોઇન્દ્રિય વિગેરે પ્રદેશોમાં જીવને અસંખ્ય કાળ સુધી રહેવું પડે છે. તેમાંથી ઉગરવા માટે હે ગૌતમ ! સમયનો પ્રમાદ ન કરવો. કદાચ માનવભવ મળે, તો પણ આર્યદેશમાં જન્મ થવો ઘણો મુશ્કેલ છે. શક, યવન, મ્લેચ્છ દેશનો માનવભવ લગભગ વૃથા જાય છે. આર્યદેશમાં જન્મીને પ્રમાદ ન કરવો; આર્યદેશમાં જન્મ થાય, તો પણ ખોડખાંપણ વગરની ઇન્દ્રિયો હોવી તે મુશ્કેલ છે. તેવી ખોડખાંપણ વગરની ઇન્દ્રિયો મેળવીને ક્ષણનો પણ પ્રમાદ ન કરવો.

પંચેન્દ્રિયના વિષયોને આધીન બની, સમય ગુમાવવો તેનું નામ પ્રમાદ.

ખોડ વગરની ઇન્દ્રિયો મળે, પણ ધર્મ સાંભળવાની તક ન મળે, મળેલી તેવી તકને પ્રમાદમાં ગૂમાવવી નહિ. સમય જાય છે તેમ તેમ, શરીર ઘસાતું જાય છે. વાળ ધોળા થતા જાય છે અને કાનની સાંભળવાની શક્તિ ઘટતી જાય છે. માટે હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદમાં ગાળવો નહિ. વાત-પિત્તનો ઉદ્દેગ શરીરમાં ભોકાયા કરે છે અને વિવિધ પ્રકારના ઉપદ્રવોથી શરીર તવાય છે. અને હેરાન હેરાન કરી મૂકે છે. એ સ્થિતિથી બચવા પ્રમાદ ન કરવો.

પથમ જળમાં ડૂબેલું કમળ પાછળથી જેવી રીતે જળની ઉપર આવી જાય છે, તેવી રીતે ચિરકાળથી વળગેલા પરિચિત વિષયોમાં તું ડૂબેલ હો, તો પણ હે ગૌતમ ! કમળની પેઠે ઉપર આવી જવું તને યોગ્ય છે, પણ પ્રમાદ ઉચિત નથી.

ઘર અને સ્ત્રીનો એક વાર ત્યાગ કરી અણગારપણું આદર્યા પછી, વળી પાછા વમનકરેલ વસ્તુઓને ખાવાનો કે ચાટવાનો વિચાર કરવો

તે અયોગ્ય છે તેવા વિચારમાંથી નિવૃત્ત થવાને પ્રમાદથી નિવૃત થવું જોઇએ. મિત્ર–બાંધવ તેમજ મોટા ધનના ઢગલાઓને છોડી દઇને ફરીવાર તેને શોધવા જવાના વિચારને સદંતર ભૂલી જવાને પ્રમાદને ભૂલી જા !

જે માર્ગમાંથી પાખંડ રૂપી મોટા કંટકો દૂર થયેલા છે, એવો મહામાર્ગ તને પ્રાપ્ત થયો છે. તે મુક્તિ માર્ગને વિષે હે ગૌતમ! પ્રમાદ કરીશ નહિ. તેમ વિષમ માર્ગે વહીશ નહિ. તું સંસાર–સમુદ્ર તરી ગયો છે. હવે કાંઠે આવીને શા માટે અટકે છે? પ્રમાદને છોડી તારી સફરનો અંત લાવ.

ક્ષપકશ્રેણિને વિષે સંયમથી ઉત્તરોત્તર ચઢીને અંતે તું લોકાંતે આવેલ સિદ્ધને વિષે જઇશ. એ સર્વોત્તમ મુક્તિ કલ્યાણનું જ ધામ છે, તારે ત્યાં જવાનું છે, માટે હે ગૌતમ ! પ્રમાદથી વેગળો રહેજે.

બુદ્ધ અને નિવૃત્ત સાધુ સંયમ તત્ત્વને બરોબર જાણતો તું ગામ, નગર કે જંગલને વિષે વિચરે છે અને ભવ્ય જનોને શાંતિ માર્ગનો ઉપદેશ કરે છે માટે હે ગૌતમ! કદિ પ્રમાદ કરીશ નહિ.'

આ પ્રમાણે શ્રી વીરે ગૌતમ ગણધરને સાંત્વન આપી, સમય માત્ર પ્રમાદ નહિ કરવા અને મુક્તિમાર્ગનું આરાધન કરવા ઉપદેશ આપ્યો. ચતુર્જ્ઞાની શ્રી ગૌતમ પ્રમાદની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ સમજતા હતા. પરંતુ આયુષ્યના એક સમયમાં (એક સમય એટલે કાળનો અવિભાજ્ય અંશ) પણ પ્રમાદ કરવાથી આત્માનું હિત ઘવાય છે તે તેમના ખ્યાલમાં લાવવા અને નિગોદમાંથી નીકળ્યા પછી જીવને મનુષ્યભવની કેટલી દુર્લભતા છે, તથા નિગોદમાંથી જીવને માનવ ખોળિયે મૂકતાં કેટલો કાળ જાય છે તે તેમને સમજાવવા ઉપદેશ આપ્યો છે. નીચેની વાતોનો સમાવેશ પણ પ્રમાદમાં થાય છે.

(૧) મદ્ય ભાંગ વિગેરે કેફી પીણાં પીવાં અને તેમાં જીવન ગાળવું તે પ્રમાદ છે.

(૨) પંચેન્દ્રિયને સ્પર્શના ભોગોપભોગમાં જેટલો કાળ વ્યતીત થાય, તેટલો બધોય પ્રમાદને ચરણે ચઢે.

(૩) ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર કષાયના અભ્યાહારથી; હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા; તેમજ પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ ભોગવવામાં જેટલો કાળ વીતે એ તમામ પ્રમાદ છે.

(૪) રાજકથા–દેશકથા–સ્ત્રીકથા ને ભોજનની કથામાં જેટલો સમય જાય તે પણ પ્રમાદ ગણાય.

(૫) નિદ્રામાં જે કાળ કાઢવો તે પણ પ્રમાદ છે.

સારઃ—રાત દિવસના ચોવીસ કલાકમાંથી આપણો કેટલોક સમય ધર્મકાર્યમાં અને કેટલો પ્રમાદને નામે ચઢતો હશે. ધારો કે આર્યકુલનો નબીરો કેફી પીણું ન પીએ, છતાં પંચેન્દ્રિયના વિવિધ વિષયોમાં તેનો સમય જાય. ચાર કષાય તો સર્વત્ર ( અંદર–બહાર) પથરાયલા પડ્યા છે. રાજકથા દરેકની જીભે થતી સંભળાય છે ને રાજકથા થાય એટલે દેશ કથા પણ તેમાં આવી જાય. સ્ત્રીકથામાં મોટો સમય વીતતો હશે અને ભોજનના સ્વાદની વાતો તો 'ક્ષુધાશાંતિગૃહો' ઊઘડતાં થાયજ !

પ્રમાદમાં ગાળેલો સમય આત્માના ઉચ્ચ અધ્યવસાયોની સામે મોરચો માંડે છે. જે જે પ્રકારના વિષયોને લગતો પ્રમાદ સેવાય, તેવાજ પ્રકારનું ધુમ્મસ દિન–રાત આપણી આસપાસ પથરાઇ રહે. 'માથે મોત છે.' એમ સમજનાર અને સ્વીકારનાર પ્રમાદમાં સમય ન ગાળે, પણ મૃત્યુને જીતવા માટે તોફાની ઇન્દ્રિયોને જીતે. મોતની ચીઠ્ઠી ક્યારે ફાટશે તેની ખબર નથી ! પણ ફાટવાની છે તેની ચોક્કસ ખબર છે

તો પછી એવા અનિયમિત મૃત્યુને આવકારવા પ્રતિપળે આત્મમય જીવનની દીશામાં ઊપડવાના પ્રયાસો કરવા જોઇએ.

સદંતર પ્રમાદ ત્યાગ સંસારી માટે શક્ય ન ગણાય છતાં તેમાંથી ઊગરવાનો ઉપાય ન લેવો તેમ નહિ. આઠ પ્રહરના દિન-રાતમાંથી અમુક સમય તો આત્મધ્યાનનો કાઢવો જ જોઇએ. અમુક નક્કી વખતે ધર્મ કાર્યમાં જીવને જોડવો જ જોઇએ. સામાયક, પ્રતિક્રમણ સ્તુતિ, ચૈત્યવંદન, દર્શન, પૂજા આદિ પ્રમાદજયનાં અમોઘ સાધનો છે. ઇન્દ્રિયો વડે ઇન્દ્રિયોને પોષવાથી પ્રમાદ થાય ને તેજ ઇન્દ્રિયો-દ્વારા આત્મધર્મને સમજતાં કલ્યાણની દિશામાં કૂચ કરી શકાય.

પ્રમાદીને દરેક પ્રકારે ભય હોય છે. જ્યારે પ્રમાદ રહિતને કોઇપણ પ્રકારે ભય હોતો નથી ![1] ધારો કે એક માનવી રાજકથાના પ્રમાદમાં પડયો, રાજા અને રાજ્યના હિતાહિતની વાતોમાં વગર અધિકારે તે પોતાનો અમૂલ્ય સમય વેડફવા માંડયો. વાત કરતા કરતાં પણ તેની નજર ચારે તરફ ફરતી જ રહેશે, કારણ કે તેને પ્રતિપળે રાજ્યના માણસથી બચવું પડે. જ્યારે તેવા પ્રમાદમાં ન પડનારને કોની ભીતિ !

**ચોમાસું**:—અનેક આધ્યાત્મિક વિષયોની છણાવટથી ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી પ્રભુ મહાવીરે ચંપાથી રાજગૃહ તરફ વિહાર કર્યો. કેવળી અવસ્થાનું એકવીસમું ચોમાસું રાજગૃહીમાં કર્યું.

**વિચરણ**:—એટલે વિચરવું તે 'ફરે એ ચરે, બાંધ્યો ભૂખે મરે' એ કહેવત જનસમાજમાં આજે પણ મોજુદ છે. સમર્થ પુરુષો એટલા માટે એક સ્થાને સ્થાયી ન બેસી રહે કેમકે તેમને તો અનેકને સમર્થ બનાવવાના હોય છે. સંસારના વિવિધ પ્રકારના જુલ્મો સામે ઝૂઝવાને અસમર્થ માનવોને, શરીર અને આત્માના ધર્મ સમજાવી તેની સામે ટકવાનો તેઓ સર્વને ઉપદેશ દે. નક્કી કરેલા પોતાના લક્ષ્યને

---

१ 'सव्वओ पमत्तस्स मय सव्वओ अप्पमत्तस्स नत्थि मयं।
(શ્રી આચારાંગ સૂત્ર)

પામવાને દરેકને ફરવુ જ પડે. જેવું જેનુ લક્ષ્ય, તેવો તેનો વિહાર. સમર્થ પુરુષોનુ લક્ષ્ય ઘણું જ ઉચ્ચ પ્રકારનું હોય, એટલે તેમનો વિહાર પણ ઉચ્ચ પ્રકારનો જ રહે. શ્રી મહાવીરના વિચરણને આત્મ—વિચરણના નામે જ ઓળખાવી શકાય, કેમકે તેમનો વિહાર તે આત્માનો જ વિહાર હતો.

બાવીસમુ ચોમાસું શ્રી મહાવીરે નાલન્દા (રાજગૃહનો એક લત્તો) માં કર્યું તે દરમ્યાન જાલિ, મયાલિ આદિ ઘણા સાધુઓએ વિપુલાચલ પર્વત પર જઈને અનશન કર્યુ.

શિયાળો બેસતાં પ્રભુ મહાવીરે વિદેહની દિશામાં વિહાર શરૂ કર્યો ને વિચરતા વિચરતા વાણિજ્યગ્રામમાં પધાર્યા.

**સુદર્શનઃ**—વાણિજ્યગ્રામમાં સુદર્શન નામે શ્રમણોપાસક રહેતો હતો. શ્રી મહાવીરસ્વામીના આગમનના શુભ સમાચાર સાંભળીને તે હર્ષભેર તેમને વાંદવા ગયો. તે સમયે શ્રી મહાવીર સમયથી આરંભીને સર્વ કાળના સ્વરૂપનુ નિરૂપણ કરતા હતા. તે સાંભળીને વિસ્મય પામેલા સુદર્શન શેઠે પ્રભુને પૂછ્યું કે, ‘ હે ભગવન ! કાળ કેટલા પ્રકારનો છે ! ’

**કાળનું સ્વરૂપઃ**—શ્રેષ્ઠિના જવાબમાં શ્રી મહાવીરે કહ્યું, ‘ હે સુદર્શન ! કાળ ચાર પ્રકારનો છે (૧) પ્રમાણકાળ (૨) યથાયુનિવૃત્તિ કાળ (૩) મૃત્યુકાળ અને (૪) અધ્ધાકાળ. તેમાં પ્રમાણકાળના બે પ્રકાર છે. રાત ને દિવસ. નારકી અને દેવગતિના જીવો, જે પ્રમાણે આયુષ્ય બાંધ્યું હોય તે પ્રમાણે પૂરેપુરૂ ભોગવે તેને યથાયુનિવૃત્તિ કાળ કહે છે. જીવ શરીરમાંથી જૂદો પડે, અથવા શરીર જીવથી જૂદું પડે તે મૃત્યુકાળ કહેવાય છે. અદ્ધાકાળના ઘણા પ્રકારો છે.

કોઇ પણ પદાર્થની ઉમર સૂચવવી હોય ત્યારે તેના સાધન તરીકે માત્ર કાળજ ઉપયોગમાં આવેછે અને તે માટે કેવળજ્ઞાનીઓ તે સ્થિતિના

સૂચક કાળના ઘણા વિભાગ કરે છે. કાલનું માપ સમયથી શરૂ થાય છે. કાળના અવિભાજ્ય સૂક્ષ્મ અંશને 'સમય' કહે છે.

'સમય' એ તદ્દન સૂક્ષ્મકાળ છે અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. સંખેય આવલિકાનો એક આન 'ઉચ્છવાસ' થાય છે. સંખેય ઉચ્છવાસનો એક 'નિઃશ્વાસ' થાય છે. આન અને નિઃશ્વાસ એ બન્નેનો ભેગો મળેલો કાળ એક 'પ્રાણ' થાય છે. સાત પ્રાણનો એક 'સ્તોક' થાય છે. સાત સ્તોકનો એક 'લવ' થાય છે.સીત્યોતેર લવનો એક 'મુહૂર્ત' થાય છે. ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર થાય છે. પંદર અહોરાત્રનું એક 'પક્ષ' થાય છે. બે પક્ષનો એક મહિનો થાય છે. બે માસની એક 'ઋતુ' થાય છે. ત્રણ ઋતુઓનું એક 'અયન' થાય છે બે અયનનું એક 'સંવત્સર' થાય છે. પાંચ સવત્સરનો એક 'યુગ' થાય છે. વીસ યુગનું એક 'શતવર્ષ' થાય છે. દશ શતવર્ષનું એક 'વર્ષ સહસ્રનું' થાય છે. સો વર્ષ સહસ્રનું 'એક લક્ષવર્ષ' થાય છે, ચોર્યાસી લક્ષ વર્ષે એક પૂર્વાંગ થાય છે, ચોર્યાસી લાખ પૂર્વાંગનું એક 'પૂર્વ' થાય છે.

આ પ્રમાણે ગણતાં એક પુર્વમાં ૭,૦,૫,૬૦૦૦૦૦૦૦૦૦૦ સાત શંકુ, શૂન્ય મહાપદ્મ, પાંચ નિખર્વ અને છ ખર્વ થાય છે.

આ પ્રમાણે સાંભળીને સુદર્શન શેઠે પૂછ્યું કે, 'હે ભગવન! પલ્યોપમ અને સાગરોપમ જેવો કાળ શી રીતે પૂર્ણ થાય?' 'હે સુદર્શન! પૂર્વે તેં પણ તેવા કાળનો અનુભવ કરેલો છે' એમ કહી શ્રી વીરે સુદર્શનને તેના પૂર્વભવો વર્ણવી બતાવ્યા. જે સાંભળતાં તેમને વૈરાગ્ય થયો અને પ્રભુ પાસે દીક્ષા લીધી.

**'સમય'નું મૂલ્ય:**—શ્રી ગૌતમને 'સમય' જેટલો પણ પ્રમાદ નહિ કરવાનો બોધ આપવામાં શ્રી મહાવીરનો ઉદ્દેશ કાળના સૂક્ષ્મ અંશ 'સમય'ને ઉદ્દેશીને કહેવાનો હતો, નહિ કે પ્રહર. ઘડી કે પળને ઉદ્દેશીને; એક શ્વાસોચ્છવાસ કરતાં સમય ઘણોજ સૂક્ષ્મ ગણાય.

તે સમયના સૂક્ષ્મ સત્ય સ્વરૂપને આપણા અશુભ વિચાર-વર્તનની ઊર્મિઓ સ્પર્શે, તો આપણું જીવન બંધનમાં પડે 'સમય'માં સત્ય સ્વરૂપે સ્થિત રહેવાથી જ આત્મકલ્યાણનો માર્ગ જડે જે **સ-મય** હોય તેજ '**સમય**'માં સાત્ત્વિક રીતે ટકી શકે. જેઓ સ-મય ન હોય, તેઓ અન્ય અન્ય વિષયોમય હોય. અને તેથી તેમનાં જીવનમાં પણ તે તે વિષયોમાં વર્તતા સત્ત્વ પ્રમાણે સાત્ત્વિકતા ઊતરે.

**ત્રેવીસમું ચોમાસું**:—વાણિજ્યગ્રામમાં સુદર્શન શેઠને દીક્ષા આપી શ્રી મહાવીર પ્રભુ વૈશાલી ગયા ને ચોમાસું પણ ત્યાં જ આવ્યું.

# પ્રકરણ સાતમું

## અણમોલ તત્ત્વો

❋

**વિહાર:**—વૈશાલીમાં વર્ષાવાસ ગાળી ભગવાન મહાવીરે કોશલ દેશ તરફ વિહાર કર્યો. ત્યાથી પાંચાલ તરફ વિહર્યા. સાકેતમાં કોટિવર્ષ નગરના કિરાત રાજાને દીક્ષા આપી. માર્ગમાં કામ્પિલ્યપુર, શૌર્યપુર, મથુરા, નન્દીપુર આદિ નગરોમાં[1] દેવતાઓએ સમવસરણની રચના કરી.

**નન્દીપુરમાં દેશના:**—નાની ટેકરીઓની વચ્ચે પર્વતરાજની જેમ માનવગણ વચ્ચે મેરુ–ધીર શ્રી મહાવીર શોભતા હતા. પૂર્વાકાશે પ્રગટતા બાલ–દિવાકરનાં કસુંબી કિરણો અવનિપટે રેલાય ને જેમ ફૂલઝાડ ડોલવા માંડે, તેમ આરસ–શ્વેત પૂર્વાસને સ્થિત, જ્ઞાન–દિવાકર મહાવીરનાં તેજોમય સત્ય વચને શ્રોતાગણો ડોલવા મંડયા. સર્પગતિએ વહી જતા જળ પ્રવાહને સમભાવે ઝીલતા, વસુંધરાના વિરાટ–હૈયાને

---

(૧) અર્થ એ થયો કે આ નગરો કોશલથી પાંચાલ જતાં રસ્તામાં આવ્યાં હતાં: તેમનો ક્રમ કદાચ ભલે આડોઅવળો હશે

માનવ-હૃદયથી તોલતા શ્રી વીરને સાંભળી અસંખ્ય નયનો અનિમેષ બન્યાં. પરાગપૂર્ણ પુષ્પના પ્રકાશપૂર્ણ ત્યાગમય જીવનની જીવન્ત કવિતાને ઝીલતા વાતાવરણમાં, માનવજીવનની અંતરતમ શુભ ભાવનાઓના ઉચ્ચ પદની વાત શ્રી મહાવીર-મુખે સાંભળી, શ્રોતાગણોના પ્રશાંત-મુખમંડલે શુભ્રભાવની તાલાવેલી પ્રગટી. ' નાનકડા એક ફૂલની સુગંધ વાતાવરણમાં ચેતનતા પ્રસરાવે, તો શતદલ માનવ-હૃદય-પદ્મની સુરભિનાં વ્હેણ સ્થગિત કયમ થાય ? ' શ્રોતાગણોના અંતર-દ્વારે વિચારનો પવન અથડાયો.

' નયનમાં નયન મીલાવી જીવન લ્હાવ લેતા સંસાર-રસિકને, એ નયનનાં નેહપૂર જગતજીવો કાજે રેલાવવાની સુવર્ણ તક ક્યારે સાંપડતી હશે ? કે એક, બે-ચારનાં હૃદયમાં પૂરાઈનેજ એ જીવન ગાળતો હશે ? એ રીતનું જીવન એક કેદી જેવું ગણાય. સંસાર તેને માટે જેલરૂપ બને. અસંખ્ય જીવોના સતત સંપર્કે નભતો માનવી, માનવજીવનની વ્યાપકતાના મૂલ્ય નજ મૂલવી શકે. જતે દહાડે તેનું જીવન સર્વ વાતે રંક બને. ' અમ્બોબિન્દુ ઝીલતા ચતુર ચાતકની જેમ શ્રોતાઓએ શ્રી વીર વચનામૃત ઝીલ્યાં. ' પેટની વેઠ માટે 'નું અલ્પ જીવન તેમને અપ્રિય જણાયું. તેમાંના ઘણાએ નિજ નિજની યોગ્યતા મુજબ શ્રાવક જીવન ( ઉચ્ચ જીવન ) નાં વ્રત લીધાં.

પ્રભુ મહાવીરે નન્દીપુરથી પાછા વળી વિદેહ તરફ વિહાર કર્યો ને વાણિજ્યગ્રામે પધાર્યા. વાણિજ્યગ્રામથી મિથિલા ગયા ને ચોવીસમું ચોમાસું ત્યાં કર્યું ( વિ. સં પૂર્વે ૪૭૭-૪૭૬.=ઇ. સ. પૂર્વે. ૫૩૩ )

**વિહારઃ**—શિયાળો બેસતાં ચરમ તીર્થપતિ મહાવીરે અંગદેશ તરફ વિહાર શરૂ કર્યો. વિહરતા-વિહરતા તેની રાજધાની ચંપાનગરીમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. જલધિજલ ગંભીર શ્રી વીર દેશના આપવા બેઠા.

**દેશના:**—'સંસારવાસી સહુ જીવો! ખાન–પાનમાંજ શરીરનો આદર્શ ન સમાવશો. શરીરને ખાન–પાન એટલા માટે અપાય છે કે, જેથી તે ધર્મ માટે ટકી રહે. ધર્મના ટકાવની જરૂર દુનિયા છે, ત્યાં સુધી રહેશેજ. આ શરીરને જે (આત્મા) ટકાવે છે, તેને ત્યાગના સર્વ-મય સ્નેહમાં વિકસાવતા આગળ વધવાનું જે પૂર્વાપર વિરોધી અનુષ્ઠાન તેનું નામ ધર્મ. શરીર બધુંજ નથી ' એમ ઊંડે ઊંડે થવું તે ધર્મ–પ્રકાશને પ્રતાપે. દિલ દુભવતાં, દિલ દુભાય તે ધર્મના સંસ્કાર. પાંચ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને શ્વાસોચ્છ્વાસના મૂળમાં, જે પરમ શાંતિ આનંદ અને સ્નેહનાં ઝરણાં પ્રગટે છે, તેનું મૂળ કારણ ધર્મભાવનાજ છે. ધર્મની શાખાઓ જુદી જુદી હશે, પણ દરેક ધર્મનું લક્ષ્યસ્થાન એકજ મુક્તિ છે તે મુક્તિને અનુરૂપ સ્વરૂપ જે દર્શનમાં સાંપડે, તે દર્શનનો આશ્રયજ પ્રાણીને મુક્તિના રાહે લઈ જઈ શકે. ' ધર્મ કંઇ નથી, એ તો એક ધતીંગ છે. ' એમ બોલનાર મળી આવશે, પણ જ્યારે તમે તેમને જ પૂછશો કે. ' ખાન–પાન શા માટે ? ' ત્યારે ધર્મને નહિ માનતાં તેઓજ હસતાં હસતાં જવાબ આપશે કે. ' શરીરને માટે.

અન્ન–જળ–વાયુથી જેમ શરીર પોષાય છે, તેમ દાન–શિયળ–તપ–ભાવથી ધર્મ પોષાય છે. ધર્મને ધારવાથી સુદિતની ધારણા થાય. ધર્મ વિના અવનતિ થાય.'[1]

---

૧ શ્રી મહાનિશીથ નામના અતિ ગહનછેદ સૂત્રમાં ધર્મના કરેલા વર્ણનનો અનુવાદ

' ધર્મ ઇષ્ટ, પ્રિય અને મનોહર છે. ધર્મજ પરમાર્થ–સુખી, સ્વજન, મિત્ર, બન્ધુ અને પરિવાર છે. ધર્મ દષ્ટિકર છે, ધર્મ પુષ્ટિકર છે, ધર્મ બળકર છે તેમજ ધર્મ ઉત્સાહકર છે. ધર્મનિર્મળ કીર્તિ પ્રસાધક છે ધર્મ માહાત્મ્ય–જનક છે, તથા ધર્મ એ સુષ્ઠુ સુખની પર પરાને દેનાર છે. ધર્મજ સેવવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, પોષવા યોગ્ય છે, આચરવા યોગ્ય છે, અનુષ્ઠાન કરવા યોગ્ય છે, ઉપ-

તેમજ બોલાતી 'ધમ્મો મંગલ' ની સજ્ઝાયની પ્રથમ કડી પણ એજ ભાવનું સમર્થન કરે છે. 'धम्मो मगलमुक्किट्ठं 'ધર્મ' એજ ઉત્કૃષ્ટ મંગલ છે.'

ચંપાપુરીથી વિહાર કરીને ભગવાન મહાવીર રાજગૃહ નગરે પધાર્યા. ત્યાં તેમને અનગાર રોહનો ભેટો થયો.

**આર્ય શ્રી રોહ:**—આર્ય શ્રી રોહ એ પ્રભુ મહાવીરના શિષ્ય હતા. પરન્તુ તેઓ કોણ હતા, તેમણે ક્યારે દીક્ષા લીધી હતી? વગેરે પૂર્વ પરિચય કાંઈ પણ જોવામાં આવતો નથી. બેશક, ભગવતી સૂત્રના પહેલા શતકના છઠ્ઠા ઉદ્દેશમાં જ્યારે શ્રી રોહ, ભગવાનને પ્રશ્નો પૂછે છે ત્યારે તેમના સ્વભાવનું વર્ણન કરવામાં આવ્યું છે અને તે આ પ્રમાણે:—

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી રોહ નામે અણગાર, ભદ્ર પ્રકૃતિવાળા, કોમળ પ્રકૃતિવાળા, વિનયી, શાન્ત પ્રકૃતિવાળા જેનાં ક્રોધ, માન, માયા, લોભ, પાતળા થયા છે એવા, નિરભિમાની, અલીન, ભદ્ર, વિનીત હતા. તેઓ ભગવાન મહાવીર સ્વામીથી બહુ દૂર પણ નહિ ને બહુ નજીક પણ નહિ, એવા સ્થાને ઉભડક રહીને, મસ્તક ઝૂકાવીને, ધ્યાનરૂપ કોઠામાં પ્રવેશ કરીને, સંયમ અને તપથી આત્માને ભાવતા રહે છે. [1]

---

દેશના યોગ્ય છે, કરવા યોગ્ય છે, ભણવા યોગ્ય છે, પ્રરૂપણા કરવા યોગ્ય છે, અને કરાવવા યોગ્ય છે. તે ધર્મ ધ્રુવ છે, શાશ્વત છે, અક્ષય છે, અચળ છે અને સકલ સુખનું નિધાન છે.'

१ 'समणस्स भगवओ महावीरस्स अंतेवासी रोहेणामं अणगारे पगइभद्दए, पगइ मउए, पगइ विणीए, पगइ उवसंते, पगइपयणुकोह—माण—माया—लोभे, मिउमद्दवसपन्ने, अलीणे, भद्दए, विणीए, समणस्स भगवओ महावीरस्स अदुरसामंते उड्ढंजाणु, अहोसिरे, झाणकोट्ठोवगए, संजमेणं, तवसा अप्पाणं भावेमाणे विहरइ।'

આવા વિનયી અને કોમળ પ્રકૃતિવાળા આર્ય શ્રી રોહ, લોક-અલોક, જીવ-અજીવ, લોકાંત, અલોકાંત સંબંધી વિવિધ પ્રશ્નો પૂછે છે અને પ્રભુ મહાવીર તેના જવાબ આપે છે, એથી વિશેષ પરિચય ક્યાંય જડતો નથી.

**પચીસમું ચોમાસું** પ્રભુ મહાવીરનું રાજગૃહમાં થયું. તે દરમ્યાન ગણધર પ્રભાસ તથા અનેક મુનિઓ નિર્વાણ પામ્યા.

ચોમાસું ઉતરતાં પ્રભુ મહાવીરે મગધમાં જ વિહાર આદર્યો. ને વિચરતા વિચરતા, પાછા રાજગૃહ નગરે પધાર્યા. રાજગૃહના સમવસરણમાં શ્રી ગૌતમને અન્ય ધર્મીઓ સાથે અનેક વિષયો પર ચર્ચા થઇ.

**છવીસમું ચોમાસું** ભગવાન મહાવીરે નાલન્દા ( રાજગૃહ )માં ગાળ્યું. તે દરમ્યાન ગણધર અચલભ્રાતા અને મેતાર્ય નિર્વાણ પામ્યા. ( વિ. સં. પૂર્વે ૪૭૫-૭૪ )

**સત્તાવીસમું ચોમાસું**:—નાલન્દાથી પ્રભુ મહાવીરે વિદેહ ભૂમિ તરફ વિહાર કર્યો ને મિથિલામાં પધાર્યા. ત્યાંના મણિભદ્ર ચૈત્યમાં જ્યોતિષ શાસ્ત્રની પ્રરૂપણા કરી ને ચોમાસુ પણ મિથિલામાં જ સ્થિર રહ્યા.

**અઠ્ઠાવીસમું ચોમાસું**:—ચોમાસું ઉતરતાં શ્રી મહાવીર સ્વામીનો વિહાર વિદેહ દેશમાં જ થયો. અનેક ભવ્યાત્માઓએ તેમની પાસે દીક્ષા લીધી. ચોમાસું બેસતાં પહેલાં પ્રભુ મિથિલામાં આવી ગયા ને કેવળી અવસ્થાનું ૨૮ મુ ચોમાસું મિથિલામાં ગાળ્યું.

**વિહાર**:—શિયાળો બેઠો ને પરમ કરુણાસાગર શ્રી મહાવીરે મિથિલાથી મગધદેશ તરફ વિહાર શરૂ કર્યો. વિહરતાં વિહરતાં રાજગૃહમાં પધાર્યા.

**શ્રી ગૌતમ-વિવિધ પ્રશ્નોત્તર**:—વિશ્વવંદ્ય વિભુ મહાવીરના

રાજગૃહમાં પધરામણી થતાં દેવોએ ત્યાં સમવસરણની રચના કરી. પ્રકાશની પરમ મંગલ દિવ્ય લિપિ શા 'વિશ્વતારક' શ્રી મહાવીર રત્ન, લીલમ જડિત શ્વેત આરસ આસને બેઠા.

તે સમયે ગૌતમ ગોત્રવાળા, સાત હાથ ઊંચા, સમચોરસ (સમચતુસ્ર) સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચસંઘયણી, સોનાના કટકાની રેખા સમાન અને પદ્મ કેસરો સમાન ધવળ વર્ણવાળા ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહા તપસ્વી, ઉદાર, ઘોર, ઘોર ગુણવાળા, તપવાળા બ્રહ્મચર્યમાં રહેવાના સ્વભાવવાળા, શરીરના સંસ્કારોને ત્યજનારા, શરીરમાં રહેતી હોવાથી સંક્ષિપ્ત અને દૂરગામી હોવાથી વિપુલ એવી તેજોલેશ્યાવાળા, ચૌદપૂર્વના જ્ઞાતા, ચાર જ્ઞાનધારક અને સર્વાક્ષર સંનિપાતિ જાતશ્રદ્ધ પ્રવર્તેલી શ્રદ્ધાવાળા, જાત સંશય, જાત કુતૂહલ, ઉત્પન્ન શ્રદ્ધ, ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ, સંજાત શ્રદ્ધ, સંજાત સંશય, સંજાત કુતૂહલ એવા શ્રી ગૌતમસ્વામી ઉત્થાન વડે ઊભા થઈને જે તરફ ભગવંત મહાવીર છે ત્યાં જાય છે. જઈને ત્રણ પ્રદક્ષિણા કરે છે. પછી વાંદે છે; તેમજ બહુ દૂર નહિ વા બહુ નિકટ નહિ એવી રીતે ભગવંતની સામે વિનય વડે લલાટે હાથ જોડી ભગવાનના વચનને શ્રવણ કરવાની ઇચ્છાવાળા નમતા અને પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા.

'હે ભગવન ? જે ચાલતું હોય તે 'ચાલ્યું' ઉદીરાતું હોય તે 'ઉદીરાયું' વેદાતું હોય તે 'વેદાયું,' પડતું હોય તે 'પડ્યું,' છેદાતું હોય તે 'છેદાયું,' ભેદાતું હોય તે 'ભેદાયું' બળતું હોય તે 'બળ્યું,' મરતું હોય તે 'મર્યું,' અને નિર્જરાતું હોય તે 'નિર્જરાયું' એ પ્રમાણે કહેવાય ?'

શ્રી મહાવીર બોલ્યા, હા, ગૌતમ. ચાલતું હોય તે 'ચાલ્યું' યાવત્ નિર્જરાતું 'નિર્જરાયું' એ પ્રમાણે કહેવાય.'

ગૌતમસ્વામીએ પૂછયું, 'હે પ્રભો! આ નવ પદો શું એક અર્થવાળાં નાના ઘોષવાળાં અને નાનાં વ્યંજનવાળાં છે? કે નાના અર્થવાળાં, નાના વ્યંજનવાળાં છે?'

પરમજ્ઞાની શ્રી વીર બોલ્યા 'હે ગૌતમ ચાલતુ' 'ચાલ્યું' 'ઉદીરાતુ' 'ઉદીરાયું'. 'વેદાતુ' 'વેદાયું' પ્રક્ષીણ થતુ' 'પ્રક્ષીણ થયુ' આ ચાર પદો ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ એક અર્થવાળાં નાનાં ઘોષવાળાં અને નાનાં વ્યંજનવાળાં છે. તથા છેદાતુ' 'છેદાયું' ભેદાતુ' 'ભેદાયુ' બળતુ 'બળ્યુ'' મરતુ' 'મર્યું',' નિર્જરાતુ' 'નિર્જરાયુ' એ પાંચ પદો વિગત પક્ષની અપેક્ષાએ નાના અર્થવાળાં નાના ઘોષવાળાં અને નાના વ્યજનવાળાં છે.'

ઉક્ત પ્રશ્નો જીવ અને કર્મને અંગે છે તેના સમાધાનનાં ગૂઢ અને લંબાણભર્યાં કારણો રજુ ન કરતાં જે નિચોડરૂપ છે તેજ રજુ થાય છે.

**ચાલતુ' તે ચાલ્યું**—શ્રી ભગવતી શતકના પાંચમા અંગના પ્રથમ શતકના પહેલા ઉદ્દેશનુ આ પ્રથમ સૂત્ર છે. પાંચમા અંગના અંગે પ્રારંભમાં બીજાં કોઇ સૂત્રો ન મૂકતા આ સૂત્ર કેમ મૂકયું?

આવા પ્રકારની શંકાના સમાધાનમા જણાવવામાં આવ્યું છે કે, ચાર પુરુષાર્થમાં મોક્ષ નામનો પુરુષાર્થ મુખ્ય છે અને સમ્યગ દર્શનાદિ તેને સાધવાનાં સાધનો છે. બંધના ક્ષયથી મોક્ષ થાય છે. કર્મોનો આત્માની સાથે સંબંધ તેજ મુખ્ય બંધ કહેવાય છે. તે કર્મોના પ્રક્ષય નિમિત્તે આ સૂત્ર પ્રથમ કહ્યુ છે, કારણ કે તે કર્મક્ષયનું સૂચક છે. તેમાં ચલત્ સ્થિતિના ક્ષયથી ઉદયમાં આવતું ફલદાન રૂપ પરિણામ માટે અભિમુખ થતું જે કર્મ તે કર્મ, ચાલ્યુ એટલે ઉદયમાં આવ્યું એ પ્રમાણે કહેવાય છે. કર્મોનો જે ચલનકાલ તેજ ઉદયાવલિકા છે. અને તે ચલનકાલ અસંખ્ય સમયવાળો હોવાથી આદિ મધ્ય અને અંતથી યુક્ત છે. કર્મપુદ્ગલોનો પણ અનંત સ્કંધ, અનંત પ્રદેશો

છે તેથી તેઓ અનુક્રમે, સમયે સમયે ઉદયમાં આવ્યા કરે છે. ( ચાલ્યા કરે છે ) તેને વિષે પ્રારંભનો ચલન સમય છે. તે સમયને વિષે ચાલતા કર્મને 'ચાલ્યું' એ પ્રમાણે કહેવાય છે. કારણ કે ચાલવાને અભિમુખ થયેલું કર્મ, ઉદયાવલિકાના આદિ સમયમાંજ ચાલ્યું ન હોય તો, તે કર્મનો આદિ ચલન સમય, કર્મચલનરહિત હોવાથી વ્યર્થ થાય છે અને જેમ તે કર્મ પ્રથમ સમયમાં ચાલ્યું નથી તેમ બીજે સમયે ત્રીજે સમયે વિગેરે અસંખ્યાત સમયમાં પણ ચાલવું ન જોઇએ. કારણ કે ચલન રહિત પહેલા સમય કરતાં, બીજા સમયોમાં શી વિશિષ્ટતા છે કે, પહેલા સમયમાં ન ચાલનારૂં કર્મ ઉત્તર સમયોમાં ચાલ્યું ? અર્થાત પ્રથમ સમય કરતાં ઉત્તર સમયોમાં કશી વિશેષતા ન હોવાથી, જેમ ઉત્તર સમયોમાં ચલનક્રિયા મનાય છે, તે પ્રથમ, પ્રથમ સમયોમાં જરૂર ચલનક્રિયા મનાવી જોઇએ. તેજ પ્રમાણે કર્મોની સ્થિતિ પરિમિત હોવાથી પ્રથમના ચલન સમયમાં તેમજ પ્રથમોત્તર સર્વ ચલન સમયોમાં, કર્મના અંશો કાંઇક ચાલેલા છે એમ માનવું જ જોઇએ. અને જે તે કર્મ ઉદયાવલિકાના આદિ સમયમાં ચાલ્યુ છે, તે તે ઉત્તર સમયમાં ચાલતું નથી. કારણ કે જો ઉત્તર સમયમાં પણ, તે પ્રથમ સમયમાં થયેલું ચલણ થાય તો, તે આદિ ચલનમાં જ ઉદયાવલિકાના સકલ ચલન સમયનો ક્ષય થાય અર્થાત આદિ ચલનમાં સર્વ કાળ ચાલ્યો જાય અને કદી પણ કર્મનો અંત આવી જ ન શકે. આ સમયે અમુક કર્માંશ ચલિત થયો. બીજા સમયે અમુક કર્માંશ ચલિત થયો. એ પ્રમાણે ઉત્તર ચલનના કર્મનો ચલનક્રમ ત્યારે વ્યવસ્થિત થયો ગણાય; જ્યારે પ્રથમ સમયના કર્માંશ ચલનની અપેક્ષા વગરનાં ( સ્વતંત્ર ) અન્ય સમયનાં ચલનો હોય. તાત્પર્ય એજ કે કોઇ પણ કાલે કર્મનું અંત્ય ચલન થતું હોવાથી, તે અંત્ય ચલનની પહેલાંના સર્વ સમયોમાં, ચાલતા કર્મને ચલિત માનવું જ જોઇએ ને તેથી ચાલતું કર્મ પણ 'ચાલ્યું' કહી શકાય છે.

ડગલેઃ—પોતાના ધ્યેયને પામવા, માનવી અનંત-વિશાળ ધરણીતલે પગલાં ભરતો થાય. પગલાં પછી પગલું માંડતાં તેને દૂરથી જોઈને કોઈ એમ કહે છે કે તે ચાલે છે. (ચાલતો છે) પગલે પગલે ચાલતો ગણાતો તે 'ચાલ્યો' પણ ગણાય. કારણ કે પોતાના ધ્યેયની દિશામાં એક પગલું માંડયું. તેટલો તે ચાલ્યો ગણાય. તે રીતે બીજે ત્રીજે પગલે પણ ચાલતો તે 'ચાલ્યો' ગણાય; કારણ કે જો તે બીજે ત્રીજે પગલે અટકીને ઊભો રહે, તો મનમાં એમ જ સમજે કે આટલું ચાલ્યો, નહિ કે ચાલનો. ઉપરાતમાં એકજ સમયે ચાલી રહેવું અને તેજ સમયમાં ધ્યેયને પામવું તે બનવાજોગ નથી. એટલે એક એક સમયમાં થતી, એક એક પગલાની ચાલવાની ક્રિયા 'ચાલ્યા' બરોબર ગણાય, અને જો તે ચાલતી જ ગણાય તો તેનો અંત જ ન આવે; કારણ કે એક પગલે ચાલતી ગણાતી બીજે પગલે પણ તે પ્રમાણે જ ગણાય.

ધ્યેયને ધારી તે દિશામાં પગલું માંડયું, એટલે તે પગલું તે ધ્યેયનું જ અંશ ગણાય અને તેટલા પૂરતા તે ધ્યેયને તે પામ્યો ગણાય. વ્યવસ્થિત ઉત્તરકથન સમજાતાં, કર્મક્ષય અને મુક્તિનો માર્ગ સમજાય તેવો છે.

**ઉદીરાતું તે ઉદીરાયું**:—ઉદયને પ્રાપ્ત નહિ થયેલ એવા અને આગામી લાંબા કાળે વેદવાના કર્મના દળિયાને વિશિષ્ટ અધ્યવસાય રૂપ કરણવડે ખેંચીને ઉદયમાં લાવવા તેને ઉદીરણા કહે છે. તે ઉદીરણા અસંખ્યેય સમયવર્તી છે. તે ઉદીરણા વડે પ્રથમ સમયમાં ઉદીરાતાં કર્મને 'ઉદીરાયું' એ પ્રમાણેનો વ્યવહાર ઉપર પ્રમાણે ઘટે છે.

**વેદાતું તે વેદાયું**:—કર્મ ભોગવવું તેને વેદન કહે છે. સ્થિતિનો ક્ષય થવાથી ઉદયને પ્રાપ્ત થયેલ કર્મનું અથવા ઉદીરણા કરી ઉદયને પ્રાપ્ત કરેલ કર્મનું વેદન થાય છે. તે વેદનનો અસંખ્ય સમય હોવાથી આદ્ય સમયને વિષે વેદાતાં કર્મને 'વેદાયું' એમ પણ કહી શકાય.

**પડતુ' તે પડયુ':**—જીવ પ્રદેશોની સાથે સંબંધ ધરાવતાં કર્મનું જીવપ્રદેશોથી પડવું તે પ્રહાણ કહેવાય; જીવ પ્રદેશોથી કર્મના પડવા રૂપ પ્રહાણનો કાલ પણ અંસખ્ય પરિમાણવાળો છે. તે પ્રહાણના આદિ સમયને વિષે જીવ પ્રદેશોથી પડતું કર્મ 'પડયુ" એમ કહેવાય છે

**છેદાતુ' તે છેદાયું':**—કર્મની દીર્ઘ કાલની સ્થિતિની લઘુતા કરવી તેને છેદન કહે છે. જીવ તે છેદનને અપવર્તનાકરણ નામના કરણ વિશેષથી કરે છે. અપવર્તનની સ્થિતિ અસંખ્યાત સમયની છે તેથી પ્રથમ સમયમાં સ્થિતિથી છેદાતા કર્મને છેદાયુ" એ પ્રમાણે કહેવાય.

**ભેદાતુ' તે ભેદાયું':**—પૂર્વ સ્થિતિથી બદલાતું તે ભેદાયું. શુભ વા અશુભ કર્મના તીવ્રરસનું અપવર્તના કરણવડે મંદ કરવુ, અને મંદરસનું ઉદ્વર્તના કરણવડે તીવ્ર કરવું તેને ભેદ કહે છે. આ ભેદ પણ અસંખ્યેય સમય સ્થિતિવાળો છે. તેથી પ્રથમના સમયમાં તીવ્ર અથવા મંદરસથી ભેદાતા કર્મને 'ભેદાયુ' એ પ્રમાણે વ્યહવાર પૂર્વોક્ત સમજવુ'

**બળતુ' તે બળ્યુ':**—કર્મદળ રૂપ લાકડાંના સ્વરૂપનો ધ્યાનરૂપ અગ્નિ વડે નાશ, કરવો અર્થાત્ કર્મનો અભાવ કરવો તેને અહીં દાહ સમજવો તે દાહ પણ અન્ત મુહૂર્તવર્તી હોવાથી અસંખ્ય સમયવાળો છે તેના આદ્ય સમયને વિષે બળતા કર્મને બળ્યું એ પ્રમાણે વ્યહવાર પૂર્વોક્ત કહેવાય.

**મરતુ' તે મર્યુ':**—'મરતા' એવા આયુઃકર્મનો 'મર્યું" એ પ્રમાણે વ્યહવાર થાય છે. આયુઃકર્મના પુદ્ગલોનો ક્ષય એજ મરણ છે. તે અસંખ્યેય સમયવર્તી છે. જન્મના પ્રથમ સમયથી આરંભીને આવીચિક મરણ વડે પ્રતિક્ષણે મરણનો સદ્ભાવ હોવાથી મરતું તે "મર્યું" એ પ્રમાણે કહેવાય છે.

**નિર્જરાતુ' તે નિર્જરાયુ':**—નિરન્તર અપુનર્ભાવ વડે ક્ષય

ચતું કર્મ જિર્ણ થયું, એ પ્રમાણે વ્યવહારથી કહેવાય છે. નિર્જરા અસંખ્યેય સમયભાવી હોવાથી તેનાં પ્રથમ સમયમાં જ નિર્જરતા કર્મને 'નિર્જર્યું'-નિર્જરાયું એ પ્રમાણે પૂર્વોકત રીતે કહેવાય.

પ્રથમનાં ચાર પદ ઉત્પાદને આશ્રયીને તુલ્ય અર્થવાળાં છે. શેષ પાંચ પદો અનેકાર્થક છે

**આત્મારંભાદિ વિષય**—શ્રી ગૌતમનો પ્રશ્ન, હે ભગવન! શું જીવો આત્મારંભ છે, તદુભયારંભ છે કે અનારંભ છે?

પ્રભુ મહાવીરનો ઉત્તર, 'હે ગૌતમ! કેટલાક જીવો આત્મારંભ પણ છે. પરારંભ પણ છે અને ઉભયારંભ પણ છે. પણ અનારંભ નથી. તથા કેટલાક જીવો આત્મારંભ નથી, પરારંભ નથી ઉભયારંભ નથી પણ અનારંભ છે.

જીવો બે પ્રકારના છે. સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક તેમાં જે જીવો અસંસાર સમાપન્નક છે તેઓ સિદ્ધ રૂપ છે અને તેઓ આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ નથી, પણ અનારંભ છે.

સંસાર સમાપન્નક (સંસારને ચાહતા) જીવોના પણ બે પ્રકાર છે સંયત અને અસંયત. તેમાં જે સંયતો છે તે બે પ્રકારના છે, પ્રમત્ત સંયત અને અપ્રમત્તસંયત. અપ્રમત્તસંયતો આત્મારંભ, પરારંભ કે યાવત્ ઉભયારંભ નથી પણ અનારંભ છે જે પ્રમત્તસંયતો છે તેઓ શુભ યોગની અપેક્ષાએ આત્મારંભ પરારંભ યાવત્ ઉભયારંભ નથી પણઅનારંભ છે અને તેઓ અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભ પણ છે અને યાવત્ અનારંભ નથી તેમજ જે અસંયતો છે તેઓ અવિરતિને આશ્રયીને આત્મારંભ પણ છે અને યાવત્ અનારંભ નથી અને તેથી જ એમ કહેવાય છે કે, 'કેટલાક જીવો આત્મારંભ પણ છે અને યાવત્ અનારંભ નથી.'

લેશ્યાવાળા જીવો સંબંધી પ્રશ્નોના ઉત્તરઃ

શ્રી ગૌતમસ્વામીએ લેશ્યાવાળા જીવોના સંબંધે આરંભાદિ કેવી રીતે લાગે છે તેના પ્રશ્નો પૂછતાં શ્રી મહાવીર પ્રભુએ સંક્ષિપ્તમાં આપેલા જવાબને વિસ્તારપુર્વક સમજાવતા શ્રી અભયદેવ સૂરીશ્વરજી જણાવે છે કે—જીવો લેશ્યા સહિત તેમજ લેશ્યા રહિત પણ હોય છે.

લેશ્યાની વ્યાખ્યા—કૃષ્ણાદિ દ્રવ્ય પદાર્થના સમીપપણાથી જીવમાં ઉત્પન્ન થયેલા પરિણામ વિશેષને લેશ્યા કહે છે. જે વડે કર્મ સાથે આત્મા ચોંટે તે લેશ્યા.

લેશ્યાવાળા જીવોમાં સિદ્ધ પરમાત્માને ગણવાના નથી કેમ કે તેઓને લેશ્યા નથી તેઓ અલેશ્યિની ગણત્રીમાં આવે છે.

અપ્રશસ્ત ભાવવાળી કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યામાં સંયતપણું નથી. આગમમાં કહ્યું છે કે, 'સાધુપણાને પ્રાપ્ત થયેલો જીવ કોઈ પણ લેશ્યામાં હોય છે.' તે દ્રવ્યલેશ્યાને આશ્રયીને જાણવું.
નિક્ષેપાના અંગે લેશ્યાનો વિચાર કરતાં જણાવ્યું છે કે,

૧ નામ લેશ્યા—શબ્દ બોલવામાં કે લખવામાં આવે છે તે.

૨ સ્થાપના—લેશ્યા શબ્દ લખવામાં આવે છે તે.

૩ દ્રવ્યલેશ્યા—આ શબ્દમાં લેશ્યાના અર્થના જાણકારનો સમાવેશ કરેલો છે, પણ જ્યારે તે ઉપયોગ તથા અર્થશૂન્ય વર્તતો હોય ત્યારે.

દ્રવ્યકર્મ લેશ્યાના છ પ્રકાર : કૃષ્ણ—નીલ—કાપોત—તેજો—પદ્મ અને શુક્લ.

ભાવલેશ્યાના બે પ્રકાર : વિશુદ્ધ—અવિશુદ્ધ; શુદ્ધ દ્રવ્યના સંબંધથી ઉત્પન્ન થયેલા આત્મપરિણામને વિશુદ્ધ લેશ્યા કહે. અશુદ્ધ દ્રવ્યના સંબંધથી જે આત્મપરિણામ ઉત્પન્ન થાય તેને અવિશુદ્ધ લેશ્યા કહે છે.

વિશુદ્ધ લેશ્યાના બે પ્રકાર (૧) કષાય–જયથી આત્માના જે વિશુદ્ધ પરિણામ થાય તે. (૨) કષાય–ક્ષયથી આત્માના જે વિશુદ્ધ પરિણામ થાય તે.

અવિશુદ્ધ લેશ્યાના પણ બે પ્રકાર છે. (૧) રાગથી ઉત્પન્ન થાય છે તે. (૨) દ્વેષથી ઉત્પન્ન થાય તે. છએ લેશ્યાવાળાનાં બાહ્ય સ્વરૂપ [1] નીચે પ્રમાણે બતાવવામાં આવ્યા છે.

કૃષ્ણલેશ્યાવાળો—પંચાશ્રવાસક્ત, મન–વચન–કાયામાં ઉઘાડો, છ કાય જીવની વિરાધનામાં રક્ત, સ્વરૂપથી અને વિચારોથી સાવદ્ય વ્યાપારોમાં આસક્ત, સર્વનું અહિત ચિંતવનાર, આલોક અને પરલોકના કષ્ટની શંકા રહિત, હિંસામાં નિઃશંક, અજીતેંદ્રિય. કૃષ્ણ એટલે શ્યામ–કાળું. જે એવા આચાર–વિચારે મન શરીરને બુદ્ધિને દોડાવે તેના આત્માને કાલિમાજ સ્પર્શે ને ?

નીલલેશ્યાવાળો–ઈર્ષ્યા–રોષમાં અત્યાસક્ત, તપરહિત, અવિદ્યાયુક્ત, લજ્જારહિત, વિષયલંપટ, દ્વેષથી શઠ. આહ મદરસ લોલુપ,

---

૧ છ લેશ્યાને દૃષ્ટાંતથી સમજાવતા નીચે પ્રમાણે હકીકત અપાય છે:—કેરીથી ભરચક બનેલ એક આંબા ઉપરથી ફળ લેવાને છ પુરૂષો પ્રયાસ કરી રહેલ છે. એક પુરૂષ આંબાને જ મૂળથી ઉખેડવા મંડે છે. બીજો તેનું થડ જ કાપવા મંડે છે. ત્રીજો જે ડાળને કેરી લાગી છે તેને જ માત્ર કાપે છે ચોથો ડાળ ન કાપતાં માત્ર કેરીઓને જ તોડી લ્યે છે, પાંચમો, કેરીઓ ન તોડતાં, તે ડાળી હલા.વી હલાવીને નીચે પડતી કેરીઓ વીણી લ્યે છે જ્યારે છઠ્ઠો તો, માત્ર આપો આપ કેરીઓ જે ખરી પડી હોય છે તેજ ઉપાડી લ્યે છે; આ પ્રમાણે આંબાને ફલામણા ઉપજાવવામાં છ પુરૂષોનાં મનની જે સ્થિતિ પ્રવર્તે છે, તેની ક્રમશઃ તુલના, કૃષ્ણ નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યાધારી મનુષ્યની સાથે કરી શકાય છે.

પાદ્ગલિક સુખ શોધનારો, પ્રાણીની હિંસામાં અવિરક્ત. નીલ એટલે લીલો, તે શ્યામથી સારો પંરતુ શ્વેતથી બદતર, એવા આચાર વિચારથી આત્માના પ્રદેશ આસપાસ લીલા રંગની ઝાંય પથરાય, જે આચાર–વિચારની અંદર–બહાર શુભ્રતા કે સંયમસમતા ન હોય.

કાપોત લેશ્યાવાળો તે કહેવાય, જે વચને અને આચરણે વક્ર, મનથી કપટી, અસરળ, પોતાના દોષ ઢાંકવાવાળો, ચોરી કરનાર, મત્સરી, તેમજ બીજાની સંપત્તિ સહન ન કરી શકે. કાપોતલેશ્યા એટલે કબૂતરના રંગ જેવો ભાવ આત્માની આસપાસ સ્થિર થાય તે.

તેજોલેષ્યાવાળો—મન–વચન–કાયાએ કરી અચપળ, માયારહિત, કુતૂહલરહિત, ગુરૂ આદિના વિનયમાં પ્રવીણ, દાન, સ્વાધ્યાયાદિક વ્યાપારવાળો, ઉપધાનવાળો, પ્રિયધર્મ, દૃઢધર્મ, પાપ–ભીરૂ, હિતેચ્છક તેમજ મુક્તિનો ગવેષક હોય. આત્માના ભાવને અંશતઃ સમરૂપ બનતી આ લેશ્યાને ધારનારો કોઇક પ્રસંગે સત્યાસત્યનો વિવેક ગૂમાવી દઇ ઉગ્રસ્વરૂપી બની જાય છે.

પદ્મલેશ્યાવાળો—ક્રોધ, માન, માયા અને લોભમાં પાતળો, શાંત આત્મા, પ્રશાંત ચિત્તવાન, યોગઉપધાનવાન, મતલબ પૂરતું બોલનારો, ઉપશાંત અને જીતેન્દ્રિય હોય છે. આત્મભાવની ખીલવણીમાં આ લેસ્યાના સ્વરૂપની પ્રારંભિક અપેક્ષા રહે.

શુક્લલેશ્યાવાળો—ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં સ્થિર રહેનાર, પ્રશાંતચિત્ત, દાન્તઆત્મા, સમ્યક્ ચેષ્ટાવાન, મન–વચન–કાયાના અશુભ વ્યાપારથી નિવૃત્ત અને શુભ વ્યાપારમાં પ્રવર્તનારો, ઉપશાંત, જીતેન્દ્રિય હોય છે. શુક્લલેશ્યા આત્માના શુક્લભાવમાં સરળ પરિણામ કાજે આધ્યાત્મિક વિકાસના મહત્ત્વના અંગ જેવી ગણાય.

લેશ્યાની સ્થિતિ જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ અંતરમુહૂર્તથી વધારે હોતી નથી.

( ૧ ) મનુષ્ય અને તિર્યંચને વર્તમાન ભવનું અંતર્ મુહૂર્ત બાકી રહે છે તે વખતે જે ગતિમાં જવાનું હોય છે તે ગતિની લેશ્યા આવે છે.

( ૨ ) દેવ અને નારકીના જીવોને તે ભવની લેશ્યા જે ભવમાં ઉત્પન્ન થાય છે ત્યાં અંતર્ મુહૂર્ત સુધી જાય છે.

**ચાર ગતિના જીવો; આયુષ્ય અને આયુષ્યબંધનાં કારણો.**

શ્રી ગૌતમનો પ્રશ્ન, ' હે ભગવાન ! જે જીવ નરકે જવાને યોગ્ય હોય, તે જીવ શું અહીંથી આયુષ્ય સહિત નરકે જાય ? '

શ્રી મહાવીર ઉવાચ. ' હે ગૌતમ ! નરકે જવાને યોગ્ય જીવ, અહીંથી આયુષ્ય લઇને નરકે જાય પણ આયુષ્ય વિનાનો ન જાય. '

ગણધર મહારાજે પ્રશ્ન કર્યો, ' પ્રભો ! તે જીવે, તે આયુષ્ય કયાં બાંધ્યું અને તત્સંબંધી આચરણો કયાં આચર્યાં ? '

પ્રભુ મહાવીર બોલ્યા, ' હે ગૌતમ ! તે જીવે, તે આયુષ્ય પૂર્વભવમાં બાંધ્યું અને તત્સંબંધી આચરણો પણ પૂર્વભવમાં આચર્યાં; દેવ–તિર્યંચને મનુષ્યને પણ આ નિયમ લાગુ પડે છે.

ચતુર્જ્ઞાની શ્રી ગૌતમે સર્વજ્ઞ શ્રી મહાવીરને પૂછ્યું, ' હે દયાનિધિ ! જે જીવ જે યોનિમાં ઉપજવાને યોગ્ય હોય, તે જીવ તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે ? '

ભગવાન મહાવીર બોલ્યા, ' હા, તેમ કરે. જે જીવ જે યોનિમાં જન્મવાને યોગ્ય હોય, તે જીવ, તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે, નરકને યોગ્ય જીવ નરકનું આયુષ્ય બાંધે, તિર્યંચને યોગ્ય જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે, મનુષ્યને યોગ્ય જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે, દેવને યોગ્ય જીવ દેવભવનું આયુષ્ય બાંધે. જો નરકનું આયુષ્ય

બંધાય, તો તે સાત પ્રકારના નરકમાંથી એક પ્રકારનાં નરક સંબંધી હોય. જો તે તિર્યંચનું આયુષ્ય બાંધે, તો પાંચ પ્રકારનાં તિર્યંચમાંથી એક પ્રકારના તિર્યંચ સંબંધી હોય. જો તે માનવભવનું આયુષ્ય બાંધે તો, તે બે પ્રકારનાં મનુષ્યો—સમુચ્છિંમ અને ગર્ભજ—માંથી કોઇ એકમાંના પ્રકારનું આયુષ્ય બાંધે અને જો તે જીવ દેવનું આયુષ્ય બાંધે તો ચાર પ્રકારના દેવોમાંથી કોઈ એક પ્રકારના દેવોનું આયુષ્ય બાંધે.

જે આશ્રવો ( કર્મ પ્રવેશદ્વારો ) તેજ અમુક દૃષ્ટિએ નિર્જરા ( કર્મ નિર્ગમન ) નાં કારણ બને છે અને નિર્જરાનાં સ્થાન છે, તે કારણ પરત્વે આશ્રવનાં સ્થાને બને છે.

આઠ પ્રકારનાં કર્મો જે આશ્રવોમાંથી આવે તે આશ્રવ જે વડે ફરી ચારે બાજુએથી કર્મ નિર્જરાય, એવાં અનુષ્ઠાન તે નિર્જરાનાં કારણ છે.

બીજાઓએ સુખબુદ્ધિથી સ્વીકારેલી વસ્તુઓ જેવી કે, સ્ત્રી, પુષ્પમાળા, વિલેપનાદિ પદાર્થો જે કર્મબંધના હેતુઓ હોવાથી આશ્રવનાં કારણરૂપ છે, તેજ પદાર્થો તત્ત્વના જાણ અને વિષય સુખથી વિરક્ત પુરૂષોને નિઃસાર્થપણાથી, ' સંસારમાં ઉતારનાર છે ' એવું સમજીને વૈરાગ્યનાં કારણરૂપ બને છે તેથી તે નિર્જરાનાં સ્થાન રૂપ બને છે.

અરિહંત ભક્તિ, ગુરૂભક્તિ, તપ, દશ પ્રકારની સામાચારીનો આદર વિગેરેનું જેઓ શુભ કર્મના ઉદયથી શુદ્ધ અધ્યવસાયથી સેવન કરે છે, તેઓને તે નિર્જરાનાં કારણરૂપ બને છે. દુર્ગતિમાં જતાં વારનાર આવાં શુદ્ધ કારણો, આશાતનાવંત પ્રાણીને રસગૌરવ, ઋદ્ધિગૌરવ, શાતાગૌરવમાં આસક્તને પાપોપાર્જન કરવાનાં કારણ બને છે.

કર્મની નિર્જરા કરવાનાં જેટલાં સંયમ-સ્થાન છે. તેટલાંજ કર્મબંધને અર્થે સંયમનાં સ્થાન છે. જે જે વસ્તુ પ્રાણીને સંસારમાં ભમારવાના હેતુભૂત છે, તે તે વસ્તુ તત્ત્વજ્ઞને મોક્ષ પમાડવામાં હેતુભૂત થાય છે.

જેના અંતરે રાગ-દ્વેષ ભર્યો છે, જે વિષયમાં નિશદિન રમે છે, એવા પ્રાણીને સાંપડતી સર્વ વસ્તુઓ સંસારભ્રમણના કારણ રૂપ બને છે. સંસારનું યથાર્થ સ્વરૂપ જેણે જાણ્યું છે, વિષયની અભિલાષાના મૂળમાં જેણે આત્મ પ્રકાશ રેલાવ્યો છે એવા સમ્યગ્ દૃષ્ટિ જીવને 'સર્વે અશુચિ દુઃખના કારણરૂપ છે.' એવી ઉજ્જવળ ભાવના ભાવતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે ને સંસાર પણ મોક્ષના કારણરૂપ બને છે.

જ્ઞાન ઉપર દ્વેષ કરનાર, જ્ઞાનની અતિ આશાતના કરનાર, જ્ઞાનનાં ફળ વિષે મનફાવતું બોલનાર જ્ઞાનાશ્રવનાં કારણોને આકર્ષે છે ને તેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

ઉપર જે જ્ઞાનાશ્રવના હેતુઓ બતાવ્યા છે, તેને બદલે દર્શનના, એવાજ હેતુઓ દર્શનાવરણીય કર્મનાં કારણ બને છે.

શાતા વેદનીય કર્મબંધનાં કારણ-પ્રાણીની અનુકંપા-દયા, પ્રાણીઓને દુઃખ ન દેવું, શોક ન કરાવવો, પ્રાણી તપી ઉઠે અથવા મુખમાંથી લાળ નીકળે એવા પ્રકારનું દુઃખ ન આપતાં, તેમને શાતા થાય તેવા પ્રકારે વર્તવાથી શાતાવેદનીય કર્મ બાંધે છે

અશાતાવેદનીય કર્મબંધનાં કારણ-જે રીતે વર્તવાથી શાતાવેદનીય કર્મ બંધાય, તેથી વિપરીત રીતે વર્તવાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે.

મોહનીય કર્મ-અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા અને લોભના ઉત્કૃષ્ટ ઉદયથી અથવા તીવ્ર દર્શનમોહનીયના ઉદયથી અથવા પ્રબળ-ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી જીવ મોહનીય કર્મ બાંધે છે.

દર્શનમોહનીય કર્મ—અરિહંત, સિદ્ધ, જિનપ્રતિમા, તપ, શ્રુત, જ્ઞાન, સાધુ અને સંઘની નિંદા કરનાર જીવ, દર્શનમોહનીય કર્મબાંધે છે. ચારિત્ર મોહનીય કર્મબંધ તીવ્ર કષાય, બહુ મોહજન્ય પ્રકૃતિ અને રાગદ્વેષમાં આસક્ત જીવ ચારિત્રમોહનીય કર્મ બાંધે છે.

નરકગતિનું આયુષ્યઃ—મિથ્યાત્વી, મહામુર્છાવાળો, મહાલોભી, આચાર રહિત, પંચેન્દ્રિયનો વધ કરનાર, રૌદ્રપરિણામી ને પાપ મતિવાળો જીવ, નરક ગતિનું આયુષ્ય બાંધે છે.

તિર્યંચગતિનું આયુષ્યઃ—અવળો માર્ગ પ્રરૂપનાર, પવિત્રમાર્ગનો નાશ કરનાર, ગુઢ હૃદયી, છેતરવાની પ્રકૃતિવાળો તેમજ અંતરમાં અવનવા દાવપેચો અજમાવતો પ્રણી તિર્યંચ ગતિનું આયુષ્ય માંધે છે

મનુષ્યગતિઃ—જેના કષાય સ્વભાવિક રીતે પાતળા હોય, દાન ઉપર રુચિ હોય, જે શીલ–સંયમ સહિત હોય. તેમજ ભદ્રાદિક મધ્યમ ગુણોથી શોભતો હોય તેવો પ્રાણી મનુષ્યગતિનું આયુષ્ય બાંધે છે

દેવગતિઃ—દેશવિરતિવંત, સર્વ વિરતિવંત, સમ્યક્ પ્રકારે તપ નહિ કરનાર, સમ્યગ્ દૃષ્ટિજીવ દેવગતિના આયુષ્યનો બંધ કરે છે.

**અશુભ નામ કર્મબંધનાં કારણઃ**—મન, વચન ને કાયા એ ત્રણ જેનાં વક્ર હોય, તેમજ જે કપટનો પટ રાખીને ફરતો હોય તે જીવ અશુભ નામ કર્મ બાંધે છે.

**શુભનામ કર્મબંધનાં કારણઃ**—દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે જે ભક્તિવંત હોય, ધર્મસૂત્રો તરફ જેને રૂચિ હોય, કષાય જેના પાતળા હોય, તેમજ જે ગુણોની શોધમાં રાતદિન ફરતો હોય તે પ્રાણી ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે.

**નીચ ગોત્ર બંધઃ**—ઉપરનાં કારણોથી વિપરીત કારણોને લીધે નીચ ગોત્ર કર્મ બાંધે છે.

**અંતરાય કર્મનાં કારણઃ**—જીવ હિંસાદિમાં રકત, જીનેશ્વર દેવની પૂજામાં વિઘ્ન કરનાર, મોક્ષ માર્ગને યોગ્ય જે જે સાધનો છે તેમા વિઘ્ન નાખનાર જીવ, અંતરાય કર્મ ઉપાર્જન કરે છે.

ચારગતિ અને વિવિધ કર્મબંધ સંબંધી પ્રશ્નોના (અંતર્ગત) ઉત્તર સાંભળ્યા બાદ શ્રી ગૌતમે પ્રભુ મહાવીરને જીવોના અલ્પકાળ અને દીર્ઘકાળ જીવનના હેતુ વિષે પ્રશ્નો કર્યાં.

પ્રશ્ન—હે ભગવાન! અલ્પજીવનનાં કારણભૂત કર્મ, જીવો કેવી રીતે બાંધે છે?'

ઉત્તર—હે ગૌતમ! જીવોના અલ્પજીવનનાં કર્મબંધનાં મુખ્ય ત્રણ કારણો છે.

પહેલું કારણ પ્રાણોને મારવાથી, બીજું ખોટું બોલવાથી અને ત્રીજું શ્રમણ અને બ્રાહ્મણ (બ્રહ્મચર્યને અથવા કુશળ અનુષ્ઠાનને ધારણ કરે તે) ને અપ્રાસુક, અનેષણીય ખાન, પાન વહોરાવવાથી. ઉક્ત ત્રણ હેતુથી જીવો થોડા જીવવાનાં કારણભૂત કર્મ બાંધે છે. તેથી ઉલટ ત્રણે હેતુથી દીર્ઘકાળ જીવવાનું આયુષ્ય બંધાય છે. જેમકે પ્રાણીને નહિ મારીને, સત્ય બોલીને તેમજ શ્રમણ વા બ્રાહ્મણને પ્રાસુક એષણીય ખાનાપાનાદિ પદાર્થો વડે પ્રતિલાભીને.'

હે જ્ઞાનસાગર! જીવો—અશુભ રીતે લાંબા કાળ સુધી જીવવાનું કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે? તેમજ શુભ પ્રકારે લાંબા કાળ સુધી જીવવાનાં કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે?' વિનયની સરળ માનવ મૂર્તિશા શ્રીગૌતમે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો.

પરમજ્ઞાની વીર સૌમ્ય ભાવે બોલ્યા, 'ગૌતમ! જીવોને મારીને, ખોટું બોલીને તથા શ્રમણ વા બ્રાહ્મણની હીલના, નિંદા; ફજેતી, કે અપમાન કરીને જીવો નક્કી અશુભ રીતે લાંબા કાળ સુધી જીવવાનાં કારણભૂત કર્મ બાંધે છે. તેથી ઉલટી રીતે પ્રાણોને નહિ મારીને, સત્ય

બોલીને, શ્રમણ વા બ્રાહ્મણને વાંદીને યાવત્ પર્યુપાસીને જીવો ઘણું સારૂ દીર્ઘ આયુષ્ય બાંધે છે '

**સાચો આરાધક:**–શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો, હે તીર્થેશ્વર ! તે જ સત્ય અને નિઃશંક છે કે જે જિનોએ જણાવ્યું છે ?

સિંહાસને શોભતા તીર્થપિતા શ્રી મહાવીર બોલ્યા, ' હે ગૌતમ. હા તેજ સત્ય અને નિઃશંક છે કે જે જીનોએ જણાવ્યું છે. '

ગણધર મહારાજે પૂછયું ' હે ભગવન ! એ પ્રમાણે મનમાં ધારતો પ્રકરતો, રહેતો અને સંવરતો પ્રાણી જીનાજ્ઞાનો સાચો આરાધક થાય છે ? '

ધવલ જ્ઞાનરશ્મિઓ રેલાવતા પરમજ્ઞાની વીર બોલ્યા ' હે ગૌતમ ! હા એ પ્રમાણે મનમાં ધારતો, ધારીને મનને સ્થિર કરતો તે પ્રમાણે મન ન હોય તો પણ તે રૂપે કરતો અથવા તપ ધ્યાનાદિમાં મનને રમાડતા અન્ય મતોથી મનને પાછું વાળતો તેમજ પ્રાણાતિપાત વિગેરેથી મનને અટકાવતો જીવ, જિનોપદેશ–જિને કહેલ જ્ઞાનાદિની આ સેવારૂપ આજ્ઞાનો સાચો આરાધક થાય છે. '

**પ્રભુને પ્રશ્નો પૂછવાનો હેતુ**.—આ પ્રસંગે એ શંકા થાય છે કે શ્રી ગૌતમસ્વામી પોતેજ દ્વાદશાંગીના રચનાર અને ચાર જ્ઞાનના ધારક હોવાથી સર્વજ્ઞ જેવા હતા; તો પછી પ્રભુ મહાવીરને તેઓશ્રી પ્રશ્નો પૂછે એમ કેમ બને ? આના ઉત્તરમાં ટીકાકાર ભગવંત જણાવે છે કે (૧) ઉદયમા વર્તતા એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોના પ્રતાપે છદ્મસ્થને અનુપયોગ ભાવ હોય છે. તેથી (૨) જાણતાં છતાં પોતાના જ્ઞાનના સંવાદ માટે (૩) બીજાઓને બોધ પમાડવા માટે (૪) સ્વશિષ્યોને ગુરૂવચન ઉપર દૃઢ શ્રદ્ધા થાય એવા ઈરાદાથી અથવા (૫) સૂત્ર રચનાની વિધિ સાચવવા માટે; એમ પાંચમાંનાં કોઈ પણ કારણથી શ્રી ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને પ્રશ્ન પૂછતા હતા.

**દ્વાદશાંગીની રચના**:—પૂર્વે કહ્યા પ્રમાણે ચૌદ વિદ્યાના પારગામી ક્ષાયોપશમિક સમ્યગ દર્શનવાળા શ્રી ગૌતમ મહારાજ ( આદિ ૧૧ ગણધરો ) દ્વાદશાંગીના રચનારા હતા તેઓ પ્રભુ શ્રી વીરને ખમાસમણું દઇને પૂછતા કે, ' હે ભગવન તત્ત્વને કહો ! એમ ત્રણ વાર પૂછવાથી અનુક્રમે શ્રી મહાવીરે ત્રિપદી જણાવી જેને આધારે ગણધર મહારાજે બીજ બુદ્ધિથી દ્વાદશાંગીની રચના કરી શ્રુતકેવળી આદિ સ્થવિર ભગવંતોએ તે દ્વાદશ અંગોનું સ્પષ્ટીકરણ કરવા ઉપાંગાદિની રચના કરી.

પ્રાચીન કાળમાં આગમરૂપ ગણાતાં સૂત્રોના દરેક પદનું ચારે અનુયોગગર્ભિત વ્યાખ્યાન કરવામા આવતું હતું પરન્તુ અવસર્પિણી કાલ આવતાં, તેના પ્રભાવે જીવોની બુદ્ધિ આદિ ઘટતાં જણાવાથી તે તે અનુયોગોને સમજવામાં ગૂંચવણ ઊભી થવા લાગી. થતી ગેરસમજૂતીને ટાળવા પૂજ્ય શ્રી આર્ય રક્ષિતસૂરિ મહારાજે તે ચારે અનુયોગોને પ્રત્યેક સૂત્રોમાં જુદા જુદા વહેંચ્યા ત્યારથી તે તે સૂત્રોનું વ્યાખ્યાન તે તે અનુયોગોને આશ્રયીને જ કરવામા ગૌરવ મનાય છે.

**તત્ત્વ-પ્રતિભા**:—ગણધર ગૌતમે રાજગૃહના સમવસરણમા ભગવાન મહાવીરને પૂછેલા પૂર્વોક્ત તત્ત્વમય પ્રશ્નોની અસર ત્યાં બેઠેલા તમામ પ્રકારના શ્રોતાજનોનાં અંતરમાં અવનવા રૂપે પ્રવેશી.

જીવન-મૃત્યુને સ્પર્શતા જ્ઞાનપૂર્વ ઉત્તરની, તત્ત્વ-પ્રતિભા દરેકની આસપાસ અમુકને અમુક આકારમાં તરવા લાગી. નિર્મળ તત્ત્વમય ઉપદેશની પ્રતિભા જ એટલી જીવન્ત અને પ્રેરણાદાયી હોય છે કે, તેની સામે એક વખત ગમે તેવું મસ્તક ઝૂકી જાય. તત્ત્વ સૂક્ષ્મ હોય એટલે તેની પ્રતિભા પણ સૂક્ષ્મ રહે. સ્થૂલ કરતાં સૂક્ષ્મની પ્રતિભા નિયમ પ્રમાણે વધુ અસરકારક અને જીવન્ત પ્રેરણાદાયી નીવડે છે. આચાર્યની આંખો પોતાના ઉપર પડતાં જ શિષ્યો અધ્યયનમાં મગ્ન થાય છે, તેનું કારણ જ આચાર્યની સૂક્ષ્મ જ્વલંત તત્ત્વ પ્રતિભા છે.

નિર્મળ–સૂક્ષ્મ–તત્ત્વોનાં દોહનમાંથી જે પ્રતિભા જન્મે તે પ્રતિભાજ પ્રાણીના હિત માટે વપરાય. ધનપતિની કરડી નજરથી નહિ ગભરાતો માનવી, એક નિર્ધન તપસ્વીની લાલ આંખો સામે થથરી ઊઠે તેવું કારણ એજ કે, ધનિકને ધન જેવી પ્રતિભા મળે, જ્યારે તપસ્વીમાં તપની ઉજ્જવળ કાન્તિ હોય.

વિશ્વામિત્ર કરતાં વસિષ્ઠની તત્ત્વ–પ્રતિભા વિશેષ વ્યાપક અસર વાળી જ હતી ને?

ગણધર શ્રી ગૌતમ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા હતા. ક્ષાયોપશમિક શબ્દથી તેનો સંપૂર્ણ ભાવાર્થ સમજાવો કઠીન લાગે છે. એટલે તે સંબંધી થોડું વિવેચન અત્રે અસ્થાને નહિ જ લેખાય.

**ક્ષયોપશમ ભાવઃ**—દિન ને ઇક લાગવાથી જેમ દૈનિક બને છે, તેમ ક્ષયોપશમને ઇક લાગવાથી ક્ષાયોપશમિક શબ્દ બને છે. બાકી મૂળ શબ્દ ક્ષયોપશમ છે એટલે તેના વિવેચનથી ક્ષાયોપશમિક શબ્દનો ગૂઢાર્થ ખ્યાલમાં સ્થિત થશે.

ચૈતન્ય એ જેમ આત્માનું સ્વતત્ત્વ છે તેમ ક્ષયોપશમ ભાવ પણ આત્માના સ્વતત્ત્વ ભૂત છે. ઉપશમ, ક્ષય વિગેરે ભાવો પણ આત્માના સ્વતત્ત્વ ભૂત છે.

ભાવ એટલે અધ્યવસાય, વિચાર, પરિણામ ઇત્યાદિ. પ્રતિપ્રાણીઓમાં જે જે ભાવો, અધ્યવસાયો, વિચારો કિંવા પરિણામો ઉત્પન્ન થાય છે તે સર્વનો આધાર તે તે પ્રાણીઓનાં તે તે કર્મોનાં ઉપશમ , ક્ષય ક્ષયોપશમ ને ઉદયને અવલંબીને રહેલો છે.

ઉદયમાં આવેલાં કર્મનો ક્ષય અને ઉદયમાં નહિ આવેલ કર્મનો ઉપશમ એ બન્ને પ્રકારની જે વ્યવસ્થા તે ક્ષયોપશમ જણાય છે અને તેથી ઉત્પન્ન થતો જે ભાવ તે ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે.

## વિશ્વવન્દ્ય વિભુ વર્ધમાન અને હાલિક—૧

અતુલ અને અનુપમ પ્રભા પ્રપન્ન જગદ્વત્સલ પ્રભુ મહાવીર રાજગૃહીના આસપાસના પ્રદેશોને પોતાના પુનિત પાદ-કમલોથી પાવન કરી રહ્યા હતા. ગૌતમસ્વામી તેમની સાથે હતા. રાજગૃહીના એક ખેતર પાસેથી પસાર થતા ભગવાન મહાવીરની નજર એક ખેડૂત પર પડી. તેને તારવાની અપૂર્વ ભાવના તેજ પળે તેમને થઈ. અને ત્રિલોકનાથ પ્રભુએ સુમધુર વચને ગૌતમ ગણધરને જણાવ્યું, 'હે ગૌતમ ! આ ખેતરમા ઊભેલા ખેડૂતને ત્હારાથી અનન્ય લાભ થશે, માટે તું જલ્દી જા અને તેને સદ્બોધ આપ '

પ્રભુની આજ્ઞાને નિઃશંક ભાવે સ્વીકારતા શ્રી ગૌતમ તે ખેડૂતને સદ્બોધ કરવાના હેતુથી તેની પાસે ગયા,

ઉપદેશ—કચન નિર્મળ શ્રી ગૌતમસ્વામીનુ શરીર હતુ, તેમના લલાટ દેશે અનુપમ જ્ઞાનકિરણો ઝળહળી રહ્યાં હતાં તેમના પ્રથમ દર્શનેજ હાલિકમાં કોઇ અનેરૂ ચૈતન્ય પ્રગટ થયુ અને આશ્ચર્ય અનુભવતો તે, ગૌતમ ગણધરની સામે ઊભો રહ્યો. ઇન્દ્રભૂતિ ગૌતમ સસ્મિત વદને બોલ્યા, 'હે હાલિક. હે ભદ્ર, તને સુખશાંતિ તો છે ને ? ઉઘાડા શરીરે, આવા ઉઘાડા મેદાનમા, આવી અસહ્ય ગરમીમાં તું શા માટે કષ્ટ સહન કરે છે ? અનેક પ્રકારના પાપા-રંભો કરવાની પણ તારે શી જરૂર છે ? ખેતરમા બળદના પૂછડાં મરોડીને હળ શા માટે ચલાવે છે ? દુર્બળ તથા અવાચક એવા આ વૃષભોને તુ વૃથા પીડા ન આપ. તને ખબર છે કે આ બધો પ્રયત્ન તું સ્વકુટુંબના પોષણ માટે કરે છે; કેવળ તારા પોતાના જ પોષણ માટે નથી કરતો પણ તેનું પાપ તારા એકલાના આત્માની

૧ (હાલિક=હલ + ઇક પ્રત્યય લાગવાથી હાલિક=હળનો જે ઉપયોગ કરી રહ્યો છે તે, એટલે ખેડૂત )

આસપાસ પથરાઇ રહેશે અને તેમાંથી તારો છુટકારો સહા મુશ્કેલીએ થશે. માટે ધર્મરૂપી નાવને ગ્રહણ કરી સંસાર સાગર તરી જા !'

**ઉપદેશની અસર અને ભાવના:**—ગૌતમ ગણધરની સુધા સમાન શાંત વાણીને સાભળીને, તે હાલિકના હૃદયમાં અનેરી શાંતિ વ્યાપી રહી અને તેને તે નિષ્કારણ ઉપકારક ગુરૂ તરફ અસાધારણ સદ્ભાવયુક્ત પ્રીતિ પ્રગટી. તે પોતાનું હૃદય શ્રી ગૌતમ કને ઠાલવવા લાગ્યો; ' હે મહાત્મન ! હું શું કરૂં ! મારે દુઃખનો પાર જ નથી. જો આવી કાળી મજૂરી અને પાપ ન કરૂં તો મારાં કૌટુંબિકોનું તેમજ મારૂ પોષણ કઇ રીતે થાય ? પાસેના ગામમાં મારૂં ઘર છે, મારે સાત પુત્રીઓ છે. હું જન્મથી નિર્ધન છું. જાતનો બ્રાહ્મણ છું. વળી મારી પત્ની કાળરાત્રિ સમાન છે, જેથી હુ પ્રતિક્ષણે અંતરમાં મૂંઝાયા કરૂં છું. આવી દશામાં હે જગદુદ્ધારક ! હું શું કરૂં ? આવા દુઃખોથી ઘેરાયેલો જીવ કયું પાપ ન કરે ? દિન–રાત કમાવાની ચિંતામાં હું જીવી રહ્યો છું, સબડી રહ્યો છું. આ સંસગોમાં મને સુખનો અનુભવ તો શું, પણ તેનું સ્વપ્ન કયાંથી આવે ? મારા સદ્ભાગ્યે આપના દર્શનથી આજે મને શાંતિનો લાભ થયો છે. હું નિર્ણય કરૂ છું કે, હવે પછી આપજ મારા બન્ધુ, પિતા અને માતા સમાન છો. આપશ્રીના આદેશ પ્રમાણે જ હવે આ તાબેદાર–સેવક પગલું ભરશે. આપની એક પણ આજ્ઞાને નહિ ઉથાપવાનુ તે અત્યારે પણ લે છે.'

**હાલિક સાધુ થયો:**—હાલિકના હૃદયની નિર્મળ ભાવના વાંચીને દયાનિધિ ગૌતમ સ્વામીએ તેને સાધુ વેષ આપ્યો અને સંસારના વાઘા ઉતારી હાલિક ગુરૂ ગૌતમની સાથે ચાલી નીકળ્યો. માર્ગમાં હાલિકે ગૌતમ સ્વામીને પૂછ્યું, ' હે પ્રભો, આપ હવે કયાં પધારો છો ? ' ' જ્યાં મારા ગુરૂદેવ બિરાજે છે ત્યાં. ' ગુરૂ ગૌતમે જવાબ આપ્યો.

**શ્રી વીર ગુણ વર્ણનઃ**—હાલિકના સરળ હૃદયમાં ફરી પ્રશ્ન ઉદ્‌ભવ્યો અને તેણે ગૌતમ સ્વામીને પૂછ્યું, 'આપ જેવા પૂજ્યના પણ પૂજ્ય તે કેવા હશે?'

હિત દૃષ્ટિએ અર્હંત્ પ્રભુનાં ગુણોનું વર્ણન કરતાં ગૌતમ સ્વામીએ જણાવ્યું, 'દર્શન, જ્ઞાન, ચારિત્ર, પ્રમુખ, અનંત આત્મ ગુણોથી તે મંડિત છે જયારે તે પ્રભુ સમવસરણમાં સિંહાસને બેઠા હોય છે, ત્યારે તેઓના મસ્તક ઉપર દ્યુતિમય ત્રણ છત્રો, બન્ને બાજુ વિશદ, ધવલ ચમ્મરો અને વિહાર સમયે નવ સુવર્ણ કમલો અનુક્રમથી દેવપ્રયોગે ધરાતલે ગોઠવાય છે. વિહાર સમયે તેઓની આગળ અધર્મને નિર્મૂળ કરતું તેજસ્વી ધર્મચક્ર ચાલે છે. પ્રભુની આત્મ કવિતાની કીર્તિને દશે દિશામાં જાણે વિસ્તારતો ન હોય તેવો ઊંચો ઇન્દ્રધ્વજ સાથમાં ચાલે છે. તેઓની વાણી યોજન ગામિની અને માલકોશાદિ મધુર રાગ યુક્ત હોય છે, જેને પશુ, પંખી દેવ, મનુષ્યાદિ સર્વ નિજનિજની ભાષામા સમજી શકે છે. અનેક જીવોને સદ્‌બોધ, ધર્મબોધ આપી સંસાર સાગરથી તારવામાં પરમ આધારરૂપ એવા અર્હંત મારા ગુરૂ છે. તેઓના મંગલ-જીવન દર્શન માત્રથી તારૂ જીવન પાવન થશે.'

**સમક્તિ પ્રાપ્તિ**—પ્રભુ ગુણના શ્રવણથી હાલિકના અસંસ્કારિત હૃદયે એ પરમ કૃપાળુ શ્રી વીર પ્રતિ પ્રેમનો સંચાર થયો. તે મા‍ર્ગમાં વિચારવા લાગ્યો કે, 'અહો, આવા ગુણનિધાન, તેજોનિધાન અને જ્ઞાનનિધાન મારા ગુરૂ છે તો તેઓના ગુરૂ તો જરૂર અનન્ય જ હશે! હું તેઓના દર્શન કરીને અને તેમનો ઉપદેશ સાંભળીને મારા આત્માને પવિત્ર કરીશ. ઉત્તરોત્તર નિર્મળ ભાવનાથી સિંચાતા હાલિકના અંતરે સત્ય ધર્મની પ્રભા ફેલાઇ, તેનું શુષ્ક હૃદય નવપલ્લવિત થયું અને માર્ગમાં તેને બોધિ સમક્તિની પ્રાપ્તિ થઇ.

શ્રી ગૌતમને હાલિક પાસે મેકલી, પ્રભુ મહાવીર વિહરતા વિહરતા રાજગૃહ નગરે પધાર્યા હતા. ત્યાંના ગુણશીલ ઉદ્યાનમાં દેવોએ સમવસરણ તૈયાર કરતાં, તેઓ દેશના આપવા સિંહાસને બેઠા હતા.

**પ્રભુના દર્શને જ નાઠો**—વિશ્વતારક શ્રી મહાવીર સમવસરણમાં બિરાજમાન હતા. બાર પરિષદ પોત પોતાને ઉચિત સ્થાને અવસ્થિત હતી. સર્વ સમૃદ્ધિ પરિષદ વિગેરેના દર્શને હાલિક બહુ જ આનંદ પામ્યો. પરન્તુ તે સર્વની મધ્યે, ઉચ્ચાસને બિરાજેલા વિશ્વોપકારી વીરના પ્રકાશ પૂર નયન પર તેનું નયન ઠરતાં જ તે ચમક્યો; તેના હૃદયમાં ઉત્કટ દ્વેષ ઉત્પન્ન થયો અને તેણે ગૌતમ ગુરૂને પૂછ્યું, 'હે કૃપાળો, આ બિરાજમાન છે એજ આપના ગુરૂ છે?'

ગુરૂ ગૌતમે કહ્યું, 'હા, તુ તેમને ભાવપૂર્વક નમન કર. તારા નિકાચિત કર્મ પ્રપલાયમાન થશે.'

તેણે જવાબ આપ્યો, 'જો આ જ આપશ્રીના ગુરૂ હોય તો મારે એમનું પ્રયોજન નથી. લ્યો! આ આપનો સાધુવેષ, હવે હું તમારો શિષ્ય નહિ. તમે મારા ગુરૂ નહિ.' એમ બોલી, સાધુવેષ ફગાવી દઈને તે હાલિક ભર સભામાંથી મુઠીઓ બંધ કરીને નાઠો. અને પોતાના ખેતરે પહોંચ્યા બાદ શ્વાસ ખાવા બેઠો.

હાલિકને સાધુવેષ ત્યાગી, ભર સભામાંથી ભાગતો જોઈને, ત્યાં બેઠેલા ઈન્દ્રાદિક સર્વને મનમાં હસવું આવ્યું.

**ગૌતમના પ્રશ્ન અને તેનું પ્રભુ મહાવીરે કરેલું સમાધાનઃ**—'જે વિશ્વમય વિભુના દર્શનથી અને વાણીથી અનેક માયાવાદીઓ અને ઉન્માર્ગગામીઓ પણ બોધિ બીજને પ્રાપ્ત કરે છે, તે જ પ્રભુના પ્રથમ દર્શને કયા કારણસર આ હાલિક ચાલ્યો ગયો હશે?' શ્રી ગૌતમના અતલ હૃદય-તલે વિચારનું એક પ્રચંડ મોજું

સમુત્પન્ન થયું અને તેમણે નમ્રભાવે, વિવેક યુકત વાણીથી શ્રી વીરને પૂછ્યું, 'હે પ્રભો ! આ હાલિકને આપનાં દર્શન માત્રથી ચાલ્યા જવાની ઇચ્છા કેમ થઇ ? તે કૃપા કરીને જણાવો.'

જ્ઞાનગંભીર શ્રી મહાવીર અમૃત જીભાન વડે બોલ્યા, 'હે ગૌતમ ! તેં માર્ગમાં અર્હંતના ગુણ વર્ણવ્યા તે સમયે તે હાલિકે અરિહંતના દર્શનની શુભ ભાવના ભાવતાં ગ્રંથિભેદ કર્યો અને બોધિ બીજને પ્રાપ્ત કર્યું. અર્ધપુદગલ પરાવર્તનમાં મોક્ષે જવાની એની નિયત્તાનો નિમિત્ત લાભ તને જ થયો. હવે એને મારા પ્રતિ દ્વેષ થવાનું કારણ સાંભળ.' એમ કહીને શ્રી મહાવીરે ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેના પોતાના સત્તરમા પૂર્વભવમાં પોતે કરેલા સિંહના ઘાતનું તેમજ મરતાં મરતાં તે સિંહને પોતાના સારથિએ આપેલા સાંત્વનનું વર્ણન કર્યું અને બોલ્યા, 'હે ગૌતમ ! તે ત્રિપૃષ્ઠ વાસુદેવનો જીવ તે હું પોતે, સારથિનો જીવ તે તું-ગૌતમ અને તે સિંહનો જીવ તે હાલિક. તેં મધુરી વાણીથી તે વખતે તે સિંહને શાંતિ પમાડી હતી તેથી તારા તરફ તેને પ્રીતિ ઉપજી અને મને જોઇને તેને મારા પૂર્વભવમાં થયેલા વેરને કારણે દ્વેષ ઉત્પન્ન થયો ને તેથી તે ચાલ્યો ગયો. પણ એ હાલિક તારા સત્સંગ માત્રથી અને ધર્માનુમોદનથી કોટિ ભવમાં પણ દુર્લભ એવા બોધિ બીજને પામી ગયો છે, માટે તારે લેશ પણ લજ્જિત થવાની જરૂર નથી.'

શ્રી મહાવીર પ્રભુની જ્ઞાનયુક્ત વાણીથી ગૌતમસ્વામીની શંકાનું સમાધાન થયું.

**૨૯ મું ચોમાસું:**—કેવળી અવસ્થાનું ૨૯ મું ચોમાસું પ્રભુ મહાવીરે રાજગૃહીમાં કર્યું. એ અરસામાં અગ્નિભૂતિ ગૌતમ અને વાયુભૂતિ ગૌતમ નિર્વાણ પામ્યા. ( વિ. સં. પૂર્વે. ૪૭૨-૭૧ )

**કેવળી જીવનનું છેલ્લું વર્ષ:**—લીલમ-લીલી વર્ષાઋતુ ઊતરી ને મોતી પકવતી ( માણેકઠારી ) શરદ ઋતુ બેઠી શરદ જતાં હિમ

વર્ષતી હેમત ઋતુ બેઠી. હેમંત અને શિશિરની અંગ ચીરતી ઠંડીમાં ખુલ્લા શરીરે અને ઉઘાડા પગે, સમતાસાગર પ્રભુ મહાવીર રાજગૃહીના પ્રદેશોમાંજ વિચર્યા. એકોતેર વર્ષ પૂરા થઇ, તેમને બહોતેરમું વર્ષ બેઠું હતું છતાં લેશ પણ પરિશ્રમ કે કંટાળાનો પૌદ્‌ગલિક ભાવ તેમના પ્રકાશમય મનોભાવને ન આવરી શકતો.

આ અરસામાં અવ્યક્ત, મંડિલ, મૌર્યપુત્ર અને અકંપિક નામે ગણધરો મુક્તિપદને પામ્યા.

શિતકાલ ઉતરતાં ભગવાન મહાવીરે ભંગી દેશની રાજધાની મધ્યમા–અપાપા[1] તરફ વિહાર આદર્યો ને ચોમાસું બેસતાં પહેલાં ત્યાં પહોંચી ગયા. મધ્યમા–અપાપાનો રાજા હસ્તિપાળ[2] હતો.

**ચરમ તીર્થપતિનું છેલ્લું ચોમાસુઃ**—કેવળી જીવનનું છેલ્લું એટલે ત્રીસમું અને છદ્મસ્થાવસ્થાનાં બાર ગણીએ તો બેતાળીસમું ચોમાસું પરમ પ્રભુ મહાવીર હસ્તિપાલ રાજાની રજ્જુગ સભામાં રહ્યા.

**ગૌતમસ્વામીને દૂર મોકલ્યાઃ**—બેતાળીસમા ચોમાસાને ત્રણ–સવાત્રણ માસ વ્યતીત થયા પોતાનો નિર્વાણ સમય નજીક જાણીને પ્રભુ શ્રી મહાવીરે, 'ગૌતમનો મારી ઉપર અત્યંત રાગ છે, માટે મારાથી દૂર રહેશે તોજ તેને કેવળજ્ઞાન થશે.' એમ વિચારીને શ્રી ગૌતમને નજીકના કોઇ ગામમા દેવશર્મા નામે બ્રાહ્મણને પ્રતિબોધ કરવા જવાની આજ્ઞા ફરમાવી,

---

૧ 'महुरा च सूरसेणा, पावा भंगीय मास पुरिवट्टा ।'

પ્રજ્ઞાપના સૂત્ર ૧–૫

૨ 'स्वामिनं समवसृतं ज्ञात्वा पापापुरी पतिः ।
हस्तिपालः समागत्य नत्वा च समुपाविशत् ॥
(૧૦–૧૩–૩) ત્રિ. શ. પુ. ચ.

❋

# પ્રકરણ આઠમું

## શ્રી મહાવીર નિર્વાણ અને નિર્વાણસંવત નિર્ણય

※

**સોળ પ્રહરની દેશના:**—મધ્યમા અપાપામાં દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુ મહાવીર દેશના પાટે બેઠા ને સોળ પ્રહર ( અડતાળીસ કલાક ) સુધી સતત રીતે દેશના આપી.

**રાજા હસ્તિપાળને ઉપદેશ:**—આસો વદ ચૌદસની રાતે હસ્તિપાળ[૩] રાજાએ આઠ સ્વપ્નાં જોયાં. અમાવસ્યાની પ્રભાતે રાજાએ તે

---

૩ હસ્તિપાળ=હસ્તિ+પાળ=હસ્તિ ( હાથી ) ને જે પાળે છે પોષે છે તેવો રાજા, આ પ્રમાણે વ્યુત્પતિ અર્થ થાય.

દરેક નામની પાછળ કાંઇકને કાંઇ અર્થ સમાયલો હોય છેજ, છતાં તેજ ગુણકર્મ વિશેષ તે વ્યક્તિમાં હોવોજ જોઇએ એમ નિર્ધાર નથી એટલે हस्तिपाळ નામ ગુણકર્મને અંગે વપરાયું નથી એમ પ્રચલિત માન્યતા હોઇને, કેવળ કોઇક રાજાનું નામ માત્ર છે એવું મનાઇ ગયું છે. જ્યારે શાસ્ત્રકાર મહારાજની દૃષ્ટિ—જેમ અન્યત્ર માલૂમ પડે છે તેમ—ગુણ નિષ્પન્ન નામ બતાવવા પૂરતી અત્રે પણ લાગે છે. અને તેથી-જ જેમ अपापा નગરીને पापा નામ આપી ગુણ નિષ્પન્ન ઠરાવી છે તેમ हस्तिपाल નામ પણ યોજાયું લાગે છે. અને સાહિત્યક્ષેત્રે હસ્તિનો શોખીન એવો જે રાજા મુખ્યપણે અવંતિપતિ ચંડપ્રદ્યોતને વર્ણવ્યો છે, તેમ બીજાં પણ કથાવર્ણનો તેનેજ લાગુ પડે છે. એટલે સર્વ પરિસ્થિતિનો વિચાર કરતાં હસ્તિપાળ=અવંતિપતિ ચંડ પ્રદ્યોત સમજાય છે અને મધ્યમ અપાપા તે ચંડપ્રદ્યોતની રાજધાની અવંતિનગરી યાને વિશાળા નગરી સમજવી રહે છે ( વળી આગળ ઉપર પ્રકરણ નવમું—નિર્વાણ ભૂમિ નિર્ણય—જુઓ )

સ્વપ્નાં પ્રભુ મહાવીરને વર્ણવ્યા. પ્રભુએ તે સ્વપ્નોનુ ભાવિ કહ્યું તથા રાજાને યોગ્ય પાત્ર જાણી ધર્મનો મર્મ સમજાવ્યો.

'આ દુનિયામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ છે. તેમાં કામ અને અર્થ તો પ્રાણીઓને નામથીજ અર્થરૂપ છે. પરમાર્થે અનર્થ રૂપ છે. ચાર પુરૂષાર્થમાં સત્યતઃ એક મોક્ષજ અર્થરૂપ છે અને તેનું કારણ ધર્મ છે. તે ધર્મ, સંયમ, વિગેરે દશ પ્રકારનો છે અને સંસાર સાગરથી તારનારો છે. અનંત દુઃખરૂપ સંસાર છે અને અનંત સુખરૂપ મોક્ષ છે. તેથી સંસારના ત્યાગનો અને મોક્ષની પ્રાપ્તિનો હેતુ ધર્મ વિના બીજો નથી. પાંગળો માણસ વાહનના આશ્રયથી દૂર જઈ શકે છે, તેમ ભારે કર્મી જીવ પણ ધર્મનો આશ્રય અંગીકાર કરીને મોક્ષે જઈ શકે—જાય છે.'

**આયુષ્યની વધઘટઃ**—ત્રીસ વર્ષ પર્યંત રાજકુમારાવસ્થામાં રહી, પક્ષાધિક સાડા બાર વર્ષ છદ્મસ્થ પર્યાયમાં અને કાંઈક ઓછાં ૩૦ વર્ષ, સુધી કેવળીપણે વિચરી, કાર્તિક અમાવાસ્યા (ગુજરાતી આશ્વિન અમાવાસ્યા)ની રાત્રે છેલ્લા યામાર્ધમાં, બીજા સંવત્સરે, પ્રીતિવર્ધન માસે, નંદિવર્ધન પક્ષે, દેવાનંદા રાત્રીએ, ઉપશમ દિવસે, નાગકરણે, સર્વાર્થસિદ્ધ મુહૂર્તે, સ્વાતિ નક્ષત્રને વિષે પર્યંકાસને બિરાજમાન થએલા ભગવાન મહાવીરને ઇન્દ્રે વિનંતિ કરી કેઃ—'હે પ્રભુ! બે હજાર વર્ષની સ્થિતિવાળો ભસ્મગ્રહ નામનો ત્રીસમો ગ્રહ અતિ ક્ષુદ્ર છે, તે આપશ્રીના-જન્મ-નક્ષત્ર ઉપર આવે છે. તેથી આ સમયે આપ જરા મુહૂર્ત માટે મોક્ષે જતા વિલંબ કરો કે જેથી તે ઊતરી જાય. નહિતર તમારા તીર્થને લાંબા કાળ સુધી પીડા થશે.' ભગવાન મહાવીરે કહ્યું, 'હે દેવરાજ! અમે પૃથ્વીને છત્રરૂપે, મેરૂને દંડ સમાન કરવાને, તેમજ ભુજાથી સ્વયંભૂરમણ સમુદ્ર તરવાને સમર્થ છીએ પરંતુ આયુષ્ય કર્મને વધારવાને તેમજ ઘટાડવાને સમર્થ નથી. તીર્થના પ્રેમથી મોહિત થઈને તમે આમ કહો છો; પણ તેમ બનવાનું નથી.

આગામી દુઃષમ કાળની પ્રવૃત્તિથીજ તીર્થને બાધા પહોચવાની છે, તેમા ભાવતવ્યતાને અનુસરીને આ ભસ્મગ્રહનો ઉદય થયો છે. માટે બે હજાર વર્ષ સુધી અવશ્ય તીર્થને પીડા થશે '

**પરમપદ પામ્યા.**—સમભાવે ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા બાદ, પંચાવન કલ્યાણફલ વિપાકના અધ્યયન અને પચાવન પાપફલ વિપાકના અધ્યયન કહી, ૩૬ અધ્યયનની અપૃષ્ઠ વાગરણા, કહી, પ્રધાન નામે અધ્યયન પ્રરૂપતા વિશ્વતારક શ્રી મહાવીરે બાદર કાયયોગમાં રહી, બાદર મનોયોગ ને વચનયોગને રૂધ્યા. પછી વાણી તથા મનન સૂક્ષ્મયોગને પણ રોકયા. એ રીણે સૂક્ષ્મક્રિયાવાળું ત્રીજું શુકલધ્યાન પ્રાપ્ત કર્યું. પછી સૂક્ષ્મકાયનો રોધ કર્યો. ને સમુચ્છિન્નક્રિય નામના ચોથા શુકલધ્યાનને ધારણ કર્યું. પછી પાંચ હ્રસ્વાક્ષરનો ઉચ્ચાર કરીએ તેટલા કાળમાન વાળા, અવ્યભિચારી ચોથા શુકલધ્યાનના ચોથા પાયા વડે, એરંડાના બીજની જેમ કર્મરહિત થયેલા વિશ્વોપકારી ભગવાન મહાવીરસ્વામી, યથાસ્વભાવ ઋજુમતિ વડે ઉર્ધ્વગમન કરી પરમપદના અરૂપી, અસીમ આનંદે લીન થયા—મોક્ષે પધાર્યા. [૧] (વિ. સં. પૂર્વે ૪૭૦ ઈ. સ. પૂર્વે ૫૨૭ આસો વદ અમાવસ્યાની રાતના)

**દિવાળીઃ**—તે સમયે પાસેના એટલે અતિનિકટના એવા કાશી અને કોશલ દેશના નવ મલ્લકી જાતિના અને નવ લિચ્છવી જાતિના રાજાઓ જે અઢારે રાજાઓ ચેટક મહારાજાના સામંત

---

(૧) શ્રીમદ્ આત્મરામજી મહારાજ પોતાના બનાવેલાં પ્રશ્નોતર ગ્રંથમાં ' નિર્વાણ ' શબ્દના પ્રશ્નમાં નીચે પ્રમાણે ઉત્તર આપે છે.

' सर्व कर्मजन्य उपाधिरुप अग्निका जो बुजजाना तिसको निर्वाण कहते हैं. अर्थात् सर्वोपाधिसे रहित केवल शुद्धबुद्ध सच्चिदानंदरुप जो आत्माका स्वरुप प्रगट होना, तिसको निर्वाण कहते है '

હતા તેઓએ અમાવસ્યાને દિવસે પૌષધ કરેલો હતો તે પાળીને, 'પરમપદ પ્રકાશક ભગવાન મહાવીર જતાં ભાવપ્રકાશ ગયો તેથી હવે દ્રવ્ય પ્રકાશ કરીએ.' એમ વિચારી રંગબેરંગી રત્નમય દીપકોથી તે દિવસે ઉદ્યોત કર્યો કાલક્રમે તે ઉદ્યોત અગ્નિના દીપકોથી શરૂ થયો. આ રીતે દિવાળી પર્વની ઉત્પત્તિ થઇ. આ સર્વે વિજ્જિ ક્ષત્રિયોજ ગણાય અને રાજા ચેટક તે સમયે સર્વજ્યેષ્ઠ ભૂપતિ હોવાથી તે સમસ્ત વિજ્જિ ક્ષત્રિઓના આગેવાન હતા. એટલેજ ઉપરોક્ત રાજકર્તાઓ, ચેટક મહારાજાના સામંતો[1] કહેવાતા–રાજકીયક્ષેત્રે નહીં પણ કુળોત્પન્ન માંડલિક સમજવા.

**અગ્નિસંસ્કારઃ**—શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પરમપદે લીન થતા–નિર્વાણ પામતાં, અશ્રુ ઝરતાં નયને દેવ દેવેન્દ્રો તેઓશ્રીના સુરભિવાસિત શરીરને નમ્યા. પછી દેવરાજ ઇન્દ્રે નંદનવનથી ગોશીર્ષ ચંદનનાં કાષ્ઠો મંગાવ્યાં, તેની એક ચિતા રચી. તત્પશ્ચાત્ ક્ષીરસાગરના અનુપમ શિતલ–ધવલ જલથી પ્રભુ શ્રી મહાવીરના શરીરને દેવોએ સ્નાન કરાવ્યું ને ઇન્દ્રે તે નિર્મળ, કાન્તિમય શરીર પર નિજ હસ્તે દિવ્ય અંગરાગ વડે વિલેપન કર્યું. તેજ–કિરણો વેરતા અણમોલ કસબી વસ્ત્રથી શ્રી મહાવીરના શરીરને ઢાંકવામાં આવ્યું પછી કલામય એક શિબકા લાવી દેવોએ તે શરીરને તેમાં પધરાવ્યું. મહાપ્રયાસે આંતરવ્યથા આંતરમાં રોકીને ઇન્દ્રોએ શિબિકા (ઉચ્ચ પ્રકારની પાલખી) ઉપાડી તે સમયે દેવતાઓ બંદીજનની જેમ 'જય જય ધ્વનિ' કરતા દિવ્ય પુષ્પોની

---

૧ તેમના વંશમાં ઉત્પન્ન થયેલા અને જાગિરો ધરાવતા માંડલિક ભૂપતિઓ. વિજ્જિ જાતિની મુખ્ય પેટા શાખાઓમાં આગળ પડતી લિચ્છવી ( ચેટક પ્રમુખ ) મલ્લ ( શ્રેણિક તથા ચંડપ્રદ્યોત પ્રમુખ ) જ્ઞાત ( શ્રી મહાવીર ઇ. ) શાક્ય ( ગૌતમબુદ્ધ ઇ. ) ગણાતી હતી

વૃષ્ટિ કરવા લાગ્યા, ગંધર્વો પ્રભુનાં ગુણ–સ્તવનો લલકારવા લાગ્યા. સેંકડો દેવો શોકદર્શક વાદ્ય વગાડવા લાગ્યા. દેવાંગનાઓ શોકથી સ્ખલિત થતી પ્રભુની શિબિકા આગળ નૃત્ય કરતી ચાલવા લાગી. ચતુર્વિધ દેવતાઓ લાલ–ગુલાબી રેશમી વસ્ત્રોથી, અણમોલ આભૂષણોથી તેમજ દિવ્ય ગંધરાત્ર રેલાવતી પુષ્પમાળાથી શ્રી મહાવીર પ્રભુના શરીરથી શોભતી શિબિકાનું પૂજન કરવા લાગ્યા. શ્રાવક શ્રાવિકાઓ ભક્તિ અને શોકથી આકુળ વ્યાકુળ થઇ રૂદન પ્રવાહમાં પ્રભુની પ્રતિમાનુ પૂજન કરવા લાગ્યા. સાધુ–સાધ્વીઓના અંતરમાં શોકે ડેરા દીધા.

શિબિકા લઈ દેવ–માનવો યોગ્ય પવિત્ર સ્થળે પહોચ્યા. ચંદન ચિતા પર, શોકહલ ગ્રસિત શક્રેન્દ્રે 'વિશ્વતારક' વિભુ મહાવીરના શરીરને પધરાવ્યુ. શરીરની કાન્તિમાં અણુ માત્ર ફેરફાર જણાતો નહોતો. ચિતા પર તેઓશ્રીને પર્યંકાસનેજ પધરોવવામાં આવ્યા હતા. યોગ્ય મંત્રોચ્ચાર પછી, અગ્નિકુમાર દેવોએ વિશ્વોપકારી વિભુ વર્ધમાનના શરીરની આસપાસ અગ્નિ–કણો વેર્યાં. પ્રભુની દૂધ ઉજળી કાયા, કસુંબી અનલ ઝાળમાં વીંટાઇ ગઇ અગ્નિને યોગ્ય દિશા સૂચવવા વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો. વાયુના યોગ્ય સંચાલનથી અનલ સમતાલ સ્વરૂપે જળવા લાગ્યો અન્ય દેવોએ સુગંધ પદાર્થો અને ઘીના સેંકડો ઘડા અગ્નિમાં નાખ્યા. ભડભડ બળતાં ચદનનાં લાકડામાં, પધરાવાયલું પરોપકારી મહાવીર પ્રભુનું શરીર થોડીવારમાં ભસ્મસાત થયું, એટલે મેઘકુમાર દેવોએ ક્ષીરસાગરના જળથી ચિતાને બુઝાવી દીધી.

**પવિત્ર દાઢા અસ્થિઃ**—ચિતા બૂઝાતાં, તેમાંથી શક્રે તથા ઇશાનેન્દ્રે પ્રભુની ઉપરની દક્ષિણ અને વામદાઢાઓ લીધી. ચમરેન્દ્રે તથા બલીન્દ્રે નીચેની બે દાઢઓ ગ્રહણ કરી. બીજા ઇન્દ્રો અને

દેવતાઓ બીજા દાંત અને અસ્થિ લઈ ગયા. દેવોએ ચિતાને સ્થાને કલ્યાણ સંપત્તિના સ્થાનરૂપ એક રત્નમય સ્થંભ રચ્યો.

આ પ્રમાણે નિર્વાણ મહિમા કરીને સર્વે ઇન્દ્રો તથા દેવો નંદીશ્વર દ્વીપે ગયા અને ત્યાં શાશ્વતી પ્રતિમાઓનો અઠ્ઠાઇ—મહોત્સવ કર્યો. પછી પોતપોતાના સ્થાનકે જઇ, પોતપોતાના વિમાનમાં મણિમય સ્થંભની ઉપર રહેલા વજ્રમય ગોળ દાબડામા પ્રભુની દાઢા તથા અસ્થિને સ્થાપન કર્યાં.

વય.—સાડા બહોંતેર વર્ષ, એક પક્ષ અને બે દિવસની વયે વિભુ મહાવીર નિર્વાણ પામ્યા. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ પછી અઢીસો વર્ષે ચોવીસમા ભગવાન મહાવીરસ્વામી મોક્ષે પધાર્યા.

**શ્રી ગૌતમ કેવળજ્ઞાન.**—દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડી પાછા ફરતાં રસ્તામાં શ્રી ગૌતમે મહાવીર પ્રભુના પંચમ નિર્વાણ કલ્યાણક માટે આવેલા દેવોની પાસેથી મહાવીરસ્વામી પ્રભુના નિર્વાણના સમાચાર જાણ્યા. 'મહાવીર નિર્વાણ' શબ્દે શ્રી ગૌતમને અસહ્ય ખેદ થયો અને તે નિષ્કંપ થઈ ગયા. ખિન્ન હૃદયે તેઓ 'મહાવીર, મહાવીર' શબ્દનો મોટે સ્વરે જાપ કરવા લાગ્યા 'વીર વીર, એમ બોલતાં બોલતાં તેમના કંઠ અને તાળુ સુકાવાં લાગ્યાં અને છેવટે એકલા 'વી' શબ્દનો ઉચ્ચાર કરવા લાગ્યો. તે વખતે પોતે દ્વાદશાંગીના જાણકાર હોવાથી એક 'વી' શબ્દથી શરૂ થતા અનેક સ્તુતિવાચક શબ્દો તેમના સ્મૃતિપટે તરી આવ્યા જેમ કે, હે વીતરાગ ! હે વિશુદ્ધ ! હે વિષયત્યાગી ! હે વિજ્ઞાની ! હે વિકારજીત ! શબ્દમાલાની ક્રમિક સ્તુતિને માથે શોભતા 'વીતરાગ' શબ્દની વિચારણા કરતાં તેમણે જાણ્યું કે પ્રશસ્ત સ્નેહ પણ મોક્ષ માર્ગમાં વિઘ્નકર્તા છે અને તેમની વિચારશ્રેણિએ રૂપ બદલ્યું. ખરેખર

હું ભૂલ કરું છું પ્રભુ તો વીતરાગ છે એમને મારી ઉપર રાગ હોય જ શેનો ? ખરેખર હું જ મોહમાં પડયો છું મારા આ એક પક્ષી સ્નેહને ધિક્કાર છે. હું એકલો છું મારું કોઇ નથી, હું કોઇનો નથી. તેમ કોઇ કોઇનું નથી. એમ વૈરાગ્ય ભાવના ભાવવાપૂર્વક ક્ષાયિક સમ્યગ દૃષ્ટિવાળા શ્રી ગૌતમસ્વામી આસો વદ અમાવસ્યાની પાછલી રાતે ધ્યાનાન્તરીય સમયે લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન પામ્યા.

**અનશન અને નિર્વાણ પ્રાપ્તિ**—પછી બાર વર્ષ સુધી પૃથ્વી પર વિચરી અનેક ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપી શ્રી ગૌતમસ્વામી અંતિમ સમયે રાજગૃહ નગરની (?) બહારના વૈભારગિરિ પર્વત ઉપર ગયા અને ત્યાં પાદપોપગમન અનશનમાં એક માસના ઉપવાસ કરી સુધર્માસ્વામીને ગણ સોંપીને, બાણું વર્ષનું આયુષ્ય અને બાકીના ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી, અક્ષય અવ્યાબાધ આનંદ ધામે વહી ગયા.

શ્રી ગૌતમ ગણધર મહાપ્રભાવશાળી હતા ક્ષમા, નમ્રતા સરલતા વિવેક લબ્ધિસંપન્નતા આદિ અનેક ગુણ પુષ્પોની માળા તેમના કંઠે મ્હેકતી હતી તે મ્હેકને જીવન્ત રાખવા આજે પણ શ્રી સંઘ દિવાળીને દિવસે ચોપડામાં શારદા પૂજન કરતી વખતે 'શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હજો ' એમ લખે છે અને કારતક સુદ એકમને દિવસે સવારમાં તેમના સ્તોત્ર રાસ વગેરે સાંભળે છે

**સુધર્માસ્વામીઃ**—શ્રી ગૌતમસ્વામી મોક્ષે ગયા પછી પાંચમા ગણધર સુધર્માસ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, ઘણા કાળ પર્યંત પૃથ્વી પર વિચરીને લોકોને ધર્મદેશના આપી ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં તેઓ પણ રાજગૃહ નગરે (?) પધાર્યા શ્રી સંઘનો ભાર પટધર જંબુસ્વામીને સોંપી તેમણે વૈભારગિરિ પર માસિક અનશન કર્યું અને શ્રી વીર નિર્વાણથી વીસ વર્ષે મુક્તિપદ પામ્યા.

**જંબુસ્વામી**:—રાજગૃહના શ્રીમંત ગૃહસ્થના તે પુત્ર બાલ્યકાળથીજ તેમનું સંસ્કાર બળ દૃઢ અને નિર્મળ હતું એકદા રાજગૃહ નગરે ગણધર સુધર્માસ્વામી પધાર્યા. જંબુકુમાર તેમની દેશના સાંભળવા ગયા. રાગ દ્વેષને માયા મમતાના મૂળમાં પ્રહાર કરતી દેશના સાંભળી જંબુકુમારના સુસંસ્કૃત અંતરે દીક્ષાની તીવ્ર ભાવના જાગૃત થઈ ભાવનામાં સરત કુમાર ઘર તરફ વળ્યા. માર્ગમાંજ તેમણે આત્મા અને સિદ્ધ પરમાત્માની સાક્ષીએ જીવનભર બ્રહ્મચર્ય પાળવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી.

પ્રતિજ્ઞાબદ્ધ જંબુકુમાર ઘેર આવ્યો માત-પિતા આગળ પોતાના મનની વાત મૂકી પણ જંબુકુમારની સગાઈ થએલી હતી. રાજગૃહીની જ આઠ કુલરૂપવતી કન્યાઓના તે ભાવિ ભરથાર હતા. માતા પિતાએ જંબુકુમારને દીક્ષાની મુશ્કેલીઓ સમજાવી પણ દૃઢનિશ્ચયી જંબુકુમાર ન ડગ્યા. છેવટે તેમની માતા, યુક્તિપૂર્વક બોલ્યાં 'તમારૂં વેવિશાળ થએલું છે. મારા મનમાં તમારૂં લગ્ન કરી સંસારનો લ્હાવો લેવાની ઇચ્છા છે તે ઇચ્છા પૂરી પાડી તમને વ્યાજબી લાગે તે રીતે વર્તજો.

જંબુકુમાર માતાની આ યુક્તિનું રહસ્ય સમજી ગયા. પરન્તુ માનસિક બળની દૃઢતા અને ઉજ્જવળ સંસ્કારોના બંધારણ પર શ્રદ્ધા રાખીને તેમણે તે માગણી મંજૂર રાખી.

શુભ દિવસ ને મંગલ ચોઘડીએ જંબુકુમારના લગ્ન લેવાયા રૂપગુણ નીતરતી આઠ કન્યાઓના જંબુકુમાર સ્વામી થયા. કન્યાના માત પિતાએ કરોડની કિંમતનો દાયજો આપ્યો. જંબુકુમારના માત પિતાએ શ્રીમંત ઘરને છાજતી રીતે તેનો ઉત્તર વાળ્યો.

પરણ્યાની પહેલી રાતે રૂપરસ ચાખવાની મનોદશાથી પર જંબુકુમાર શાંત ચિત્તે રંગભવનમાં આંટા મારી રહ્યા હતા. રાતના બીજા પ્રહરે દેવકન્યાઓ શી તેની સ્ત્રીઓ (આજ સુધીની કન્યાઓ)

એક પછી એક મેઘધનુષ શા સાળુઓમાં મલપતી રંગભવનમાં પ્રવેશી. આઠ રમણીઓનાં રૂપ રંગે રંગભવનમાં પ્રાણ પૂર્યાં, દિવાલોમાં દિલ રમણીઓના તેજમાં ઝબકવા માંડયા. રત્નમય કોડિયે જળતા ઘીના રંગબેરંગી દીપકોની છાયામાં રમણીઓની પ્રતિચ્છાયા અજબ કલાત્મકતા સર્જવા લાગી. કિંમતી વસ્ત્રાભૂષણ ઉતારી જંબુકુમાર પલંગને એક છેડે બેઠો આઠેય રમણીઓ સપ્તરંગી સાળુઓમાં વદન ચન્દ્ર છૂપાવી તેમના પાદ-તલ કને બેઠી. વિષય-વિકારથી પર જંબુકુમારે સર્વ પ્રત્યે અમી ભરી નજર નાખી, પોતાના ઉન્નત જીવનના વાતની શરૂઆત કરી.

ઉગતા પ્રભાતે મારે ‘ મારા તારા ’ ના માયાવી વાઘા ઉતારી વ્યાપક ‘ સાધુતા ’ નો અંચળો ઓઢવો છે તે માટે અત્યારે હું તમારી પાસે રજા માગું છું ’ આઠેય નવપરિણિતાઓ ઉક્ત પ્રશ્નથી ચકિત થઈ એકેયને યોગ્ય પ્રત્યુત્તર ન સૂઝયો.

’ યૌવનવયે દીક્ષાની વાત ? જવા દો સ્વામીનાથ એકી સાથે આઠેય રમણીઓએ જવાબ વાળ્યો.

રમણીઓના રસભીના શબ્દોની લેશ પણ અસર જંબુકુમારના સત્ત્વમય આંતર પ્રદેશે ન થઈ. જંબુકુમારને દીક્ષાની ઉજ્જવળ ભાવનામાંથી ડગાવવા તેમની પત્નીઓ દાખલા દલીલો વર્ષાવવા માંડી. અચળ નેમે કુમાર સર્વના મનનું સમાધાન કરવા લાગ્યા. નજર ચોપાસ પથરાયલા વિવિધ પ્રકારના વૈભવો વચ્ચે બેઠેલા જંબુકુમારનુ ધ્યેય અશાશ્વતની મૈત્રી છોડી, શાશ્વત-સ્નેહીની હુંફમાં સર્વત્યાગના પવિત્ર માર્ગે પળવાનું હતું. સર્વ--ત્યાગનો આદર્શ જ્યારે મન વચન ને કાયાથી પળાય, ત્યારે જ સર્વમયતાનું વ્યાપક આનંદ દર્શન થાય.

રાજગૃહથી થોડાક અંતરે પ્રભવા નામે એક વીર-ક્ષત્રિય રહેતો હતો. તે પાંચસો ક્ષત્રિયોનો સરદાર હતો ક્ષાત્રવટ ત્યજી તેણે ચોરીનો

કનિષ્ટ માર્ગ સ્વીકાર્યો હતો જેવી તેવી ચોરીમાં તે હાથ ન ઘાલતો, માલદારને લૂટવામાં જ તે વીરતા સમજતો. જંબુકુમારના લગ્ન દિવસે 'માલ મારવાની' મણત્રીએ તેણે શુભ શુકને[1] રાજગૃહમાં પ્રવેશ કર્યો ગામમાં ફરતાં તેણે જંબુકુમારના લગ્નની વાત સાંભળી રાત પડતાં આ ધનિકને ત્યાં જ ખાતર પાડવું, એમ મનમાં ગોઠવી પ્રભવો રાતની રાહમાં, દિવસની પળોને પણ ભૂલી ગયો. સૂર્યદેવ અસ્તાચળે ઢળ્યા સંધ્યાની સુરખિ ફેલાઈ. એક બે તારા ઝગને ટમકયા સંધ્યા લુપ્ત થઇ થોડી વારે ગગનમાં વદ ચોથનો ચન્દ્રમા ચળકયો પ્રભવે ચન્દ્રને જોઇ મોઢું બગાડયું. કાળાં કૃત્યો કરનારની આંખો ઉજ્જવળ ચિત્રો કયાંથી અવલોકી શકે! રાતના ત્રીજા પ્રહરે પ્રભવે જંબુકુમારના રંગભવનની જોડેના ઓરડામાં બહુજ સાવચેતીથી પ્રવેશ કર્યો. ઓરડાને એક બારણું હતું, તે જંબુકુમારના રંગભવનમાં જ પડતું શાંતિનો શ્વાસ લીધા પછી પ્રભવે ઓરડામાં ચોર–નજર ફેરવી. તેને ઘણું ચોરવા જેવું જણાયું. ચોરને કંઇ બાકી રાખવાની ભાવના થાય તો તે તેટલા પૂરતો પણ શાહુકાર જ કહેવાય ને? ધનના ઢગલા સામું જોઇ થનગન થનગન નાચતા પ્રભવે પાસેના ભવ્ય ભવનમાંથી ઝીણા–મીઠા અવાજ તરફ કાન માંડયા. ધનના ઢગલા સામે ઉદાસીન વૃત્તિ સેવી કલ્યાણના પરમ મંદિરે પહોંચવાની ભાવના ધરાવતા જંબુકુમારનો અવાજ આખરે તે પારખી શકયો. ભવનમાં પડતાં બારણાંની તડ પર શિર ટેકવી તે જંબુકુમારને સાંભળવામાં મસ્ત બન્યો. વૈરાગ્ય–પરિમલે મઘમઘતો જંબુકુમારનો પોતાની પત્નીઓ

૧ 'ચોરી કરવા નીકળતી વખતે ચોર હમેશાં–શુકન જોઇને નીકળે છે અને જે ગામમાં ચોરી કરવા જવાનું હોય, તે ગામના પાદરે ઊભો રહીને પણ તે સારાં શુકન જોઇને જ ગામમાં દાખલ થાય છે.'

પ્રત્યેનો સત્યોપદેશ પ્રભવા ચોરના તિમિરમય અંતરમાં અજવાળાની લકીરો ખેંચતો દાખલ થયો, પકડાઈ જવાની ભીતિનો ત્યાગ કરી, તે હિમ્મતભેર જંબુકુમારના રંગભવનમાં દાખલ થયો. કુમારને ચરણે માથું મૂકી પોતાનું જીવન અને ભાવના વર્ણવી દીધી. પ્રભવાને ઊંચો કરતા નિરભિમાની જંબુકુમાર બોલ્યા ચોર મટી શાહુકાર બનતા તને ધન્ય હો ? 'નહિ કુમારજી, પ્રભવો બોલ્યો હું હવે તેજ માર્ગે પગ માંડીશ જે માર્ગ પર આપ પગલા માંડવા તૈયાર થયા છો. પ્રભવાની સંગ્રહબુદ્ધિ ત્યાગમા પલટાઈ; તે ચોર મટી સાધુ બનવા તત્પર થયો.

વાતચીતને અંતે પ્રભાત થયું. પ્રભાકર પ્રગટયા. ચોરના અજબ પ્રકારના જીવન પરિવર્તનની અસર જંબુકુમારની પત્નીઓને તેમના માતાપિતાને તથા સાસુ સસરાને થઈ. પ્રભવો ચોર પોતાના તાબેદાર પાંચસો ક્ષત્રિયો પણ તેડતો આવ્યો. જંબુકુમારે આ પ્રમાણે પાંચસો સત્તાવીસ[1] ભવ્ય જીવો સાથે શ્રી સુધર્માસ્વામી પાસે ગયા અને આત્મકલ્યાણકારી દીક્ષા અંગીકાર કરી.

**આચાર્ય પરંપરા:**—શ્રી મહાવીર પ્રભુના શાસનમાં જંબુસ્વામી ચરમ કેવળી છે. ઘણાં વર્ષો સુધી ઉપદેશ-ધારા વ્હાવી અંતે તેઓ મોક્ષે પધાર્યા. આ ભારત ક્ષેત્રમાં તેમના પછી કોઈ આત્મા મોક્ષે ગયો નથી. મહાવીર સંવત ૬૪ મા ( ઈ. સ. પૂર્વે ૪૬૩ માં ) જંબુસ્વામી નિર્વાણ પામ્યા એટલે તેમની પાટે પ્રભવાસ્વામી તેજ સાલમાં યુગપ્રધાન પદે આવ્યા. તેઓ પણ ચૌદપૂર્વધારી હતા. તેમના પછી મહાવીર સંવત ૭૫ ( ઈ. પૂર્વે ૪૫૨ ) માં શય્યંભવસૂરિ યુગ પ્રધાનપદે આવ્યા. તેઓ પણ ચૌદપૂર્વના અભ્યાસી હતા. તેઓએ પોતાના પુત્ર અને શિષ્ય મનકમુનિનું અલ્પ આયુષ્ય જાણી તેમના

---

૧ ૫૦૦ ચોરો+આઠ સ્ત્રીઓ તથા તેમના માતપિતા=૮×૩=૨૪+પોતાના માતાપિતા મળી ૨+પ્રભવોચોર, મળી કુલ ૫૨૭ સાથે.

કલ્યાણના માટે પૂર્વમાંથી ઉદ્ધરીને દશવૈકાલિક સૂત્રની રચના કરી. આ સૂત્રનાં દશ અધ્યયન છે. શય્યંભવસૂરિના પાટે મહાવીર સંવત ૯૮ (ઇ. સ. પૂર્વે ૪૨૯) માં શ્રી યશોભદ્રસૂરિ યુગપ્રધાન તરીકે આવ્યા. તેઓ પણ ચૌદપૂર્વના પારગામી હતા. તેમની પછી તેમના શિષ્ય સંભૂતિવિજયજી યુગપ્રધાન પદે આવ્યા. મહાવીર સંવત ૧૪૮ માં (ઇ. સ. પૂર્વે ૩૭૯) તેઓ તેમજ તેમના ગુરૂભાઇ શ્રી ભદ્રબાહુ સ્વામી પણ ચૌદપૂર્વધારી હતા. સંભૂતિવિજયજીના શિષ્ય તેજ કામ-વિજેતા શ્રી સ્થુલિભદ્રજી, જેમણે ચોમાસાના ચાર મહિના કોશા નામની વેશ્યાના રંગભવનમાં જળ-કમળવત રહીને ગાળ્યા હતા. તેઓ ચૌદપૂર્વના જ્ઞાની હતા. તેમાં દશપૂર્વનું અર્થ સહિત જ્ઞાન અને પછીનાં ચાર પૂર્વનુ મૂળ જ્ઞાન હતું. પહેલા તીર્થંકર ઋષભદેવજીના સમયથી આ ક્ષેત્રમાં ધર્મ વર્તી રહ્યો છે અને તે આ પાચમા આરાના એકવીસ હજાર વર્ષ પર્યંત ચાલુ રહેશે. વર્તમાન કાળે પણ ગીતાર્થ, સૂત્રના પારગામી, પવિત્ર આચાર્યો શ્રી વીરના શાસનમાં વિદ્યમાન છે. તેઓની સેવાથી જરૂર આત્મકલ્યાણનું પગલું મળે.

**વીરનિર્વાણ સંવતઃ**—ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણથી જે સંવત મનાય છે તેને વીર નિર્વાણ સંવત કહેવાય છે.

ડોક્ટર હર્મન જેકોબી જેવા-અનેક પાશ્ચાત્ય-જૈન સાહિત્યાભ્યાસીઓએ ઇ. સ. પૂર્વે ૪૬૭ માં શ્રી મહાવીર-નિર્વાણ માન્યુ છે. પરંતુ આધુનિક વિદ્વાનોની શોધો કરતાં, પ્રાચીન જૈનાચાર્યોએ જે લખ્યું છે તેજ વધારે વ્યાજબી જણાય. શ્વેતામ્બર-દિગમ્બર જૈનાચાર્યોએ અનેક સ્થળે ટાંકેલા સંવત ઉપરથી વીર નિર્વાણ સંવતનો નિર્ણય સરળ પડશે.

(૧) 'તિત્થોગાલી પઇન્નય' પ્રાચીન જૈનગ્રન્થમાં શ્રી મહાવીર નિર્વાણ દિનથી શક સંવતના પ્રારંભ સુધીમાં ૬૦૫ વર્ષ અને પાંચ

મહિના માન્યા છે અને તેની ગણત્રી નીચે પ્રમાણે આપી છે.

૬૦ વર્ષ પાલકનું રાજ્ય, ૧૫૦ વર્ષ નંદોનું રાજ્ય, ૧૬૦ વર્ષ મૌર્યવંશીઓનું રાજ્ય, ૩૫ વર્ષ પુષ્યમિત્રના, ૬૦ વર્ષ બલમિત્ર ભાનુમિત્રનું રાજ્ય, ૪૦ વર્ષ નરવાહન (નભસેન) રાજાનું રાજ્ય, અને ૧૦૦ વર્ષ ગર્દભિલ્લોના વ્યતીત થયે શકરાજા ઉત્પન્ન થયા.[1]

(૨) શ્વેતામ્બરાચાર્ય મેરુતુંગસૂરિએ પોતાના 'વિચાર શ્રેણિ' નામે પુસ્તકમાં વીર નિર્વાણ સંવત અને વિક્રમ સંવતની વચ્ચેનો ગાળો ૪૭૦ વર્ષનો બતાવ્યો છે.[2] એ રીતે ગણતાં પણ વિ. સં. પૂર્વે ૪૭૦; શક સંવત પૂર્વે ૬૦૫ અને ઈ. સ. પૂર્વે ૫૨૭માં જ વીર નિર્વાણ સંવત સાબિત થાય.

(૩) દિગમ્બરાચાર્ય શ્રી નેમિચન્દ્રસૂરિ વિરચિત 'ત્રિલોક સાર' નામે ગ્રન્થમાં પણ વીર નિર્વાણ સમયથી ૬૦૫ વર્ષ ને પાંચ મહિના વીત્યાબાદ શકની રાજા થવાની વાત આવે છે.[3] એ ઉપરથી

---

(१) 'जं रयणिं सिद्धिगओ अरहा तित्थकरो महावीरो ।
तं रयणिमवंतीए, अभिसित्तो पालओ राया ॥ ६२० ॥
पालगरण्णो सट्ठी, पुण पण्णसयं वियाणि णंदाणम् ।
मुरियाणं सट्ठिसयं, पणतीसा पूसमित्ताणम् ॥ ६२१ ॥
बलमित्त-भाणुमित्ता, सट्ठा चत्ताय होंति नहसेणे ।
गद्दभसयमेग पुण, पडिवन्नो तो सगो राया ॥ ६२२ ॥'

(२) 'विक्रमकालाज्जिनस्य वीरस्य कालो जिनकालः शून्यमुनिवेदयुक्तः चत्वारिंशतानि सप्तत्यधिक वर्षाणि श्री महावीर-विक्रमादि त्ययोरंतरमित्यर्थः ।'

(३) 'पणछस्सयवस्स पणमासजुदं गमिअ वीर निव्वुइदो सगराजो ! ॥ ८४८ ॥'

સાબિત થાય છે કે, દિગમ્બર સંપ્રદાયી જૈનોમાં પણ પહેલા વીર નિર્વાણ સંવત અને શક સંવત વચ્ચે ૬૦૫ વર્ષનો ગાળો હોવાનું મનાતુ હતું, જે રીતે આજે શ્વેતામ્બરી જૈનો માને છે. પરંતુ ' ત્રિલોકસાર 'ના ટીકાકાર માધવચન્દ્રે ' ત્રિલોક સાર ' માં વર્ણવેલા શકરાજાને ભૂલથી 'વિક્રમ' માનવામાં આવ્યો, ને તેથી તેની પછીના કેટલાક દિગંબર જૈન લેખકોએ વિક્રમ સંવત પુર્વે ૬૦૫ ( શક સંવત ૭૪૦ ) માં વીર નિર્વાણ થયાનું માની લીધું, જે પ્રમાણોથી સિદ્ધ કરતાં અપ્રસ્તુત જણાય છે.

ખરી રીતે તો વિક્રમાદિત્ય સંવત પૂર્વે ૪૭૦માં તેમજ શક સંવત પૂર્વે ૬૦૫ અને ક્રિસ્તીસન પૂર્વે ૫૨૭ વર્ષે ભગવાન મહાવીર–નિર્વાણ-સંવતનો પ્રારંભ માનવો એજ યુકિતપુરઃસર ગણાય, કેમકે પ્રાચીન જૈનાચાર્યોએ તે પ્રમાણે માનેલ છે.

**વિહારક્રમ વિવરણઃ**—શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના કેવળી જીવન સંબંધી જે વિહાર ક્રમ આલેખવામાં આવ્યો છે તે નીચેના વિવરણથી સ્પષ્ટ થશે.

(૧) મધ્યમા અપાપાથી વિહાર કરીને ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ તરફ જાય છે. મધ્યમામાથી ભગવાને વહેલામાં વહેલા જેઠ-સુદમાં વિહાર કર્યો હશે ને જેઠ વદના આખર દિવસોમાં રાજગૃહ પહોચ્યા હશે. રાજગૃહમાં સમવસરણ રચાય છે ને ભગવાન દેશના આપી, અનેકને દીક્ષા પ્રેમી બનાવે છે. અનેક જીવો ત્યા દીક્ષા લે છે એટલે ત્યાં શ્રી મહાવીરે લાંબા સમય સુધી સ્થિરતા કરી હોય તે સ્વાભાવિક છે અને એ રીતે પહેલું ચોમાસું રાજગૃહમાં જ સિદ્ધ થાય.

પ્રભુ મહાવીરના કેવળી જીવન સબંધી વિહારનાં મુખ્ય ત્રણ કેન્દ્રો છે. રાજગૃહ—નાલન્દા—વૈશાળી—વાણિજ્યગ્રામ અને મિથિલા. આમાંનાં પાછલાં બે કેન્દ્રો મધ્યમાથી અતિ દુર હોઇને, ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપમાં ભગવાને નજીકના સ્થળ તરીકે પણ રાજગૃહ તરફ વિહાર

કરીને પહેલું ચોમાસું ત્યાંજ ગાળ્યુ હોવું જોઇએ.

(૨) ચોમાસું ઊતરતા ભગવાન રાજગૃહીથી નીકળીને વિદેહ ભૂમિ તરફ ગયેલા, ત્યાંથી બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડમાં ઋષભદત્ત, જમાલિ વિગેરેને દીક્ષા આપી ચોમાસું વૈશાલીમાં કર્યું. જ્યારે કેટલાક ચરિત્રોમાં ભગવાન રાજગૃહીથી સીધા બ્રાહ્મણકુંડ ગયા હોવાનું જણાવવામાં આવ્યું છે. પરંતુ બ્રાહ્મણકુંડ ગામ તો વૈશાલીને પાસે બલ્કે વૈશાલીનું એક પરૂં માત્ર છે અને વૈશાલી તે વિદેહનું રાજનગર હોવાથી વિદેહ ભૂમિમાં થઇને જ ત્યાં જવાય ને પ્રભુ ગયેલા તેવુ કથન પણ સમુચિત જ કહેવાય.

(૩) કેટલાક લેખોમાં ભગવાને બ્રાહ્મણકુંડ ગામથી ક્ષત્રિયકુંડ તરફ થઇને કૌશામ્બીમાં અને ત્યાંથી પાછા વાણિજ્યગ્રામ જઇને આનન્દ ગાથાપતિને શ્રમણોપાસક બનાવવાની વાત આવે છે. વિદેહથી વત્સદેશ તરફ અને વત્સદેશથી પાછા વિદેહમાં આવ્યા પછી તેમનું ચોમાસું વાણિજ્યગ્રામ (વૈશાલી) માં થયેલું ને એજ આધાર પર ત્રીજું ચોમાસું વાણિજ્યગ્રામમાં થયું હોવાનું લખેલ છે.

(૪) વાણિજ્યગ્રામમાં ચોમાસું ગાળી, ભગવાન શ્રી વીરસ્વામી સીધા ચંપાપુરી તરફ વિચર્યા હોવાની વાતને ઘણા લેખકોનો[1]

૧ આ લેખકો ચંપાનું સ્થાન બંગાળ ઇલાકાના ભાગલપુર જીલ્લામાં આવેલ ચંપાનાળા ગામને લેખે છે તેથી જ આ ભ્રમ ઉત્પન્ન થાય છે. જ્યારે ભગવાન મહાવીરના સમયની ચંપાનું (અંગદેશની રાજધાની) સ્થાન (અગદેશ) સ્થાનનો ત્રિષષ્ઠિ સલાકા પુરૂષ ચરિત્ર પર્વ બીજામાં આપેલ તીર્થંકર અજીત નાથના સમયે થયેલ, ચક્રવર્તી સગર સંબંધી આપેલ વર્ણન પ્રમાણે, કાશી શહેરની દક્ષિણે નક્કી થાય છે, જે પ્રદેશને મહાકોશલ તેમજ ચેદિદેશ નામે પણ કેટલેક સમયે ઓળખાવાયો છે. એટલે જો અંગ-

ટેકો છે, જ્યારે સત્ય માન્યતાનુંસાર ભગવાન વાણિજ્યગ્રામથી વિહાર કરીને રાજગૃહમાં પધારેલા ને ત્યાં કામદેવને શ્રમણોપાસક બનાવી ચોમાસું ત્યાં ગાળી ચંપા[2] તરફ ગયેલા.

વાણિજ્યગ્રામ અને ચંપા વચ્ચેનું અંતર લગભગ ૫૦૦–૫૨૫ માઈલનું ગણાય. અને ચંપાથી વીતભય નગરનું અંતર ૮૦૦ માઈલનું ગણાય. જ્યારે વાણિજ્યગ્રામથી રાજગૃહી દક્ષિણ દિશાએ કેવળ ૮૦–૧૦૦ માઇલ હોવાથી ત્યાં પ્રથમ જઈને શાસ્ત્રોક્ત કથન પ્રમાણે કામદેવ શ્રાવકને શ્રમણોપાસક બનાવી, ચંપાનગરીએ ગયા છે ને ત્યાંથી જ સીધા પશ્ચિમે વીતભય નગરે વિહર્યા છે. આ સર્વ યથોચિત સમજવા માટે ટીકા નં. ૨ જુઓ.

(૫) વીતભયનગરથી[3] પ્રભુ મહાવીરે પોતાના કેન્દ્રો તરફ વિહાર કરેલો. ગરમીને કારણે માર્ગમાં તેઓના અનેક શ્રમણ શિષ્યોને ક્ષુધા–તૃષાની પીડા ભોગવવી પડેલી. એ ઉપરથી માલમ પડે છે કે ભગવાને ઉનાળો બેસતાં જ વીતભયથી વિહાર કર્યો હશે અને ચોમાસું બેસતાં પહેલાં પોતાના નજીકના કેન્દ્રમાં પહોંચી ગયા હશે. નજીકનું કેન્દ્ર વાણિજ્યગ્રામ ગણાય. એટલે દીર્ઘ સફરને અંતે તેમણે ત્યાંજ સ્થિરતા કરી હોવી જોઇએ.

---

દેશ અને તેની રાજધાની ચંપાનું સ્થાન આ શાસ્ત્રોક્ત કથન પ્રમાણે કાશીની દક્ષિણે લેવામાં આવે તો સર્વ ભ્રમનું નિવારણ આપોઆપ થઇ જાય છે.

૨ ચંપાના સ્થાન વિષે ઉપરનું ટીપ્પણ ૧ જુઓ.

૩ વીતભયનગર તે સિંધ દેશનું પાટનગર છે. અને સિંધપતિ રાજા ઉદયનને શ્રી મહાવીરે સ્વહસ્તે દીક્ષા આપીને ભર ઉનાળે મરૂ–સ્થાન ( મારવાડ ) વીંધીને સીધાજ અવંતિ અને અંગદેશમાં થઈ વિદેહમાં પ્રવેશ કર્યો છે.

(૬) કેટલાક ચરિત્ર લેખકોએ ચંપાથી ભગવાને બનારસ (વાણારસી) અને આલંભિકા તરફ વિહાર કર્યો હોવાનું લખેલ છે, પરન્તુ ઉપર લખ્યા મુજબ પ્રભુ મહાવીરે ચંપાથી વીતભયનગર તરફ વિહાર કરેલો ને પાંચમું ચોમાસું વાણિજ્યગ્રામમાં કરેલું બનારસ આલંભિકાનો વિહારક્રમ વાણિજ્યગ્રામના વર્ષાવાસ પછી જ શરૂ થાય છે.

ઉક્ત લેખકોનાં કથન મુજબ આલભિયાથી વિહાર કરીને ભગવાન કામ્પિલ્ય તરફ જાય છે. પરન્તુ આલભિયાથી રાજગૃહ જવાને બદલે કામ્પિલ્યપુર તરફ જવાની વાત તદ્દન અસંગત છે. આનંદાદિ દશ શ્રાવકોનાં ચરિત્રની સાંકળ સળંગ રીતે ગોઠવવાના લોભેજ તેઓએ ભગવાનનો વિહાર આલભિયાથી કામ્પિલ્ય તરફ બતાવ્યો છે પરન્તુ ખરી રીતે તો આલભિયાથી ભગવાન રાજગૃહ તરફ વિચરેલ હશે. કેમ કે તે અન્ય કેન્દ્રોથી નજીક હતું તેમજ ત્યાં નિર્ગ્રન્થ પ્રવચનને અનુકૂળ સમય હતો. રાજા શ્રેણિક અને તેની પત્નીઓને ભગવાનના વચન ઉપર સારી શ્રદ્ધા બેઠી હતી અને શરૂઆતનાં વર્ષોમાં તેનો લાભ પણ થયો હતો. ઉક્ત હકીકતોને ધ્યાનમાં લેતાં આલભિયાથી ભગવાનનું રાજગૃહ તરફ જવું તેજ પ્રમાણસર ગણાય. આલભિયામાં ચુલ્લકશતકને પ્રતિબોધીને શ્રી મહાવીર રાજગૃહ તરફ ગયેલા ને ચોમાસું ત્યાં વીતાવેલું.

(૭) રાજગૃહીના છઠ્ઠા ચોમાસા દરમ્યાન અનેક ભવ્ય જીવોએ શ્રી મહાવીર પાસે વિવિધ વ્રતો અંગીકાર કરેલાં, એટલું જ નહિ પણ મહારાજા શ્રેણિકે શ્રી મહાવીરના સત્યોપદેશની અસર તળે આવીને નગરજનો તેમજ પોતાનાં કુટુમ્બીજનોમાંના જેઓને દીક્ષા લેવી હોય તેમને તે પ્રમાણે વર્તવામાં પૂરતી સહાય કરવાની તત્પરતા દર્શાવેલી. એ જોઇને ભવ્ય જીવોને હિતકારક થવાની પવિત્ર વિચારણા સર ભગવાન મહાવીરે સાતમું ચોમાસું પણ રાજગૃહમાં વીતાવેલું ને

તેમના તે વર્ષાવાસ દરમ્યાનના ઉપદેશથી શ્રેણિક રાજાના પુત્રોએ તેમજ રાણીઓએ પણ શ્રી મહાવીર પ્રભુ પાસે આનંદપૂર્વક દીક્ષા લીધેલી.

(૮) કેટલાક લેખકોનાં કથનાનુસાર ભગવાન રાજગૃહથી વિહાર કરીને કૌશામ્બી ગયા હોવાનું તેમજ ત્યાં મૃગાવતી આદિને દીક્ષા આપી હોવાનું સમજમાં આવે છે. પરન્તુ અમારા વિચાર પ્રમાણે રાજગૃહના ઉપરોક્ત બે ચોમાસાં વીતાવીને જ ભગવાન કૌશામ્બી તરફ ગયા હોવાની હકીકત સત્ય લાગે છે.

મગધથી ભગવાન વત્સભૂમિ તરફ વિચરેલા ને ત્યાંથી વિદેહ તરફ ગયેલા, એ રીતે જોતાં વર્ષાવાસ વિદેહની નજીકના કેન્દ્ર વૈશાલીમાં ગાળવો પડયો હોય તે રીતસર ગણાય.

(૯) શ્રી ભગવતી સૂત્ર વિપાક શ્રુત આદિ મૌલિક સૂત્ર સાહિત્યમાં નજર નાખતાં માલૂમ પડે છે કે ભગવાને પાંચાલ, સુરસેન, કુરૂ આદિ પશ્ચિમ ભારતના દેશોમાં પણ વિહાર કર્યો હતો. એ ઉપરથી અમારૂં અનુમાન થાય છે કે, તેમણે આ પ્રસંગે જ એ પ્રદેશો તરફ વિહાર કર્યો હોવો જોઇએ અને કામ્પિલ્યમાં કુંડકોલિક તથા પોલાસપુરમાં સદ્દાલપુત્ર આદિને પ્રતિબોધ પમાડયા હોવા જોઇએ ને વર્ષાવાસ વૈશાલી વાણિજ્યગ્રામમાં જ કર્યો હોવો જોઇએ.

(૧૦) કેટલાક લેખકો માને છે કે, કામ્પિલ્યપુર અને પોલાસપુર થઇને ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરે પધાર્યા હતા ને મહાશતકને પ્રતિબોધ પમાડયો હતો. અમારી એ સરળ માન્યતા છે છે કે કામ્પિલ્યપુર, પોલાસપુરથી વિહાર કરીને ભગવાન મહાવીર વાણિજ્યગ્રામ પધાર્યા હતા ચોમાસું ત્યાં વીતાવીને જ તેઓ આગળ રાજગૃહ પધાર્યા હતા અને મહાશતકને શ્રાવકનાં વ્રતો ઉચ્ચરાવ્યાં હતાં. તે પછી દશમું ચોમાસું પણ ત્યાંજ કર્યું હતું.

(૧૧) મહાશતકને પ્રતિબોધ પમાડયા પછી, ભગવાને રાજગૃહીથી શ્રાવસ્તી તરફ વિહાર કર્યો હોવાનું, તેમજ ત્યાં નંદિની-પિતા આદિને ઉપદેશ આપી, શ્રાવકનાં વ્રત ઉચ્ચરાવ્યાં હોવાની વાતને કેટલાક લેખકો ટેકો આપે છે. જ્યારે અમારા કથનાનુસાર ભગવાન રાજગૃહીથી વિચરીને કયંગલા પધારેલા ને ત્યાં સ્કન્ધક તાપસને બોધ પમાડેલો તેમજ વર્ષાવાસ પણ નજીકના કેન્દ્ર વાણિજ્યગ્રામમાં ગાળેલો.

(૧૨) કેટલાક ચરિત્રોમાં લખ્યા પ્રમાણે શ્રાવસ્તીથી શ્રી મહાવીર પાછા કૌશામ્બી ગયા હતા. પરન્તુ અમારા મત પ્રમાણે શ્રાવસ્તીથી સીધા કૌશામ્બી તરફ નહિ. પરન્તુ વાણિજ્યગ્રામમાં ચોમાસું વીતાવીને જ તે તરફ ગયા હતા.

ઉક્ત ચરિત્રોનાં લખાણથી ભગવાન મહાવીર કૌશામ્બીથી પાછા શ્રાવસ્તી ગયા ને ત્યાં તેમને ગોશાલકનો ઉપદ્રવ થયો. પરન્તુ અમારી નમ્ર માન્યતાનુસાર કૌશામ્બીથી પ્રભુ મહાવીર રાજગૃહ તરફ ગયેલા ને બારમું ચોમાસું ત્યાં વીતાવેલું, કેમકે ગોશાલકનો ઉપદ્રવ સમયની ગણત્રીથી માર્ગશિર્ષમાં સિદ્ધ થયો છે. એટલે એ માનવું જ પડે કે ભગવાન કૌશામ્બીથી સીધા શ્રાવસ્તી તરફ નહિ, પરન્તુ રાજગૃહ તરફ ગયા હોવા જોઇએ ને વર્ષાવાસ ત્યાં કર્યો હોવો જોઇએ.

(૧૩) રાજગૃહથી માગશિર્ષ મહિને શ્રાવસ્તી જઇને શ્રી મહાવીર ગોશાલકની વિરૂદ્ધ ઉપદેશ ન જ આપી શકે, કેમકે ગોશાલકવાળી ઘટના ભગવાનના કેવળી જીવનના ચૌદમા વર્ષમાં બની હતી, ને અત્યારે તેરમું વર્ષ ચાલતું હતું. એ રીતે જોતાં પણ પ્રભુ મહાવીરનું રાજગૃહથી શ્રાવસ્તી તરફ એ તદ્દન અસંગત જણાય છે.

કેટલાંક ચરિત્રોમાં કેવળી અવસ્થાના ભગવાનના મિથિલાના વિહારનો નામ નિર્દેશ પણ નથી ને કેટલાકમાં એકાદ વખત વિચર્યા હોવાનો ઉલ્લેખ છે. પરન્તુ પ્રભુ મહાવીરે પોતાના કેવળી

જીવનના છ ચોમાસા મિથિલામાં વીતાવ્યાં છે એ જોતાં ભગવાને મિથિલામાં કેટલો વિહાર કર્યો હશે તેનું અનુમાન સહેલાઈથી થઈ શકે. આ સર્વે આધારો પરથી અમારું એ દૃઢ મન્તવ્ય છે કે રાજગૃહ પછી શ્રમણ ભગવાન મહાવીરે મિથિલા તરફ વિહાર કરેલો ને તેરમે ચોમાસે ત્યાં સ્થિર થયેલા.

(૧૪) ચોમાસું ઊતરતાં ભગવાન મહાવીરે મિથિલાથી અંગદેશ તરફ વિહાર કરેલો ને તેના પાટનગર ચંપામાં પધારેલા. ચંપા મહાવીર પ્રભુનું વિહારક્ષેત્ર હોવા છતાં તેની વર્ષાવાસ યોગ્ય કેન્દ્રોમાં ગણના નહોતી. એટલે ચંપાથી પાછા ફરીને પ્રભુ મહાવીરે ચૌદમું ચોમાસું પણ મિથિલામાં જ વીતાવેલું.

(૧૫) ચોમાસું ઊતરતા જ ભગવાને શ્રાવસ્તી તરફ વિહાર કરેલો ને ત્યાંના શાલકોષ્ઠ ઉદ્યાનમાં તેમની અને ગોશાલકની વચ્ચે બોલાચાલી થયેલી ને ગોશાલકે તેજોલેશ્યાનો અસદુપયોગ કરેલો. તે પછી ભગવાન શ્રાવસ્તીના પ્રદેશોમાં જ વિચરેલા. ગોશાલકની તેજોલેશ્યાને છ એક માસ થતાં ભગવાન મેંઢિયગામના શાલકોષ્ટક ચૈત્યમાં બિમાર પડેલા; છેવટે તેમણે સિંહ અણગાર પાસે રેવતી શ્રાવિકાને ત્યાંથી ઔષધ મંગાવીને તેનું સેવન કરેલું ને રોગ શાન્ત પડયો. તે પછી શારીરિક સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે તેમને ત્યાં થોડો વખત ઠેરવું પડયું હોય તે સ્વાભાવિક છે અને તે અરસામાં વર્ષાકાળ પણ નજીક આવી ગયો હોય. એટલે તેમને વર્ષાવાસયોગ્ય કેન્દ્ર મિથિલા તરફ જવું પડયું હોય એ નિશ્ચિત ગણાય.

(૧૬) મિથિલાથી ભગવાન મહાવીરે પશ્ચિમના જનપદોમાં વિહાર કરેલો ને ઠેઠ હસ્તિનાપુર સુધી વિચરીને પાછા વાણિજ્યગ્રામ તરફ પધારેલા ને સોળમું ચોમાસું, વાણિજ્યગ્રામમાં કરેલું.

(૧૭) કેટલાક અનગારોની ભાવના વિપુલગિરિ પર અનશન કરવાની હતી. તેમજ મગધની ભૂમિ છોડયે, ચાર વર્ષ જેટલો લાંબો

સમય થઇ ગયો હતો એટલે સત્તરમુ ચોમાસું ભગવાને મગધના પાટનગર રાજગૃહમાં કર્યું"

(૧૮) રાજગૃહથી ભગવાને અંગદેશની રાજધાની ચંપા તરફ વિહાર કરેલો ને માર્ગમાં—શ્રી ગૌતમને સાલ તથા મહાસાલને પ્રતિબોધ કરવા—પૃષ્ઠ ચંપાપુરીએ મોકલેલા. કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય વિરચિત ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રાન્તર્ગત શ્રી મહાવીર ચરિત્રમાં પણ આ પ્રમાણે જ છે. પણ પાછળથી તેમાં તેજ સમયે ગાંગલિ આદિની દીક્ષાની વાત તથા શ્રી ગૌતમના અષ્ટાપદ ગમનની કથા આવે છે ને બાદમાં ભગવાનના દશાર્ણદેશના વિહારની હકીકત આવે છે. પરન્તુ અમારા મત પ્રમાણે આ પ્રસંગે ભગવાને ગાંગલિ આદિને દીક્ષા નથી જ આપેલી પરન્તુ ભગવાન બીજી વખત ચંપા તરફ ગએલા ત્યારે જ ગાંગલિ આદિને દીક્ષા આપેલી ને એજ ચરિત્રમા આગળ જતાં એ પ્રમાણે આવે છે. અને એથી સાબિત થાય છે કે સાલ—મહાસાલની દીક્ષા પછી પ્રભુ મહાવીર દશાર્ણદેશ તરફ વિચરેલા.

જો કે દશાર્ણથી રાજગૃહી અને વૈશાલી—વાણિજ્યગ્રામનું અંતર લગભગ સરખું હતુ, છતાં પાછલું ચોમાસું રાજગૃહમાં કરેલું હોવાથી તેમજ પુરિમતાલ, બનારસ આદિ ક્ષેત્રોમાં વિચાર્યાને લાંબો સમય થયો હોવાથી ભગવાને બનારસાદિ પ્રદેશોમા થઇને વિદેહ તરફ વિહાર કરેલો જયારે ઉપરોકત ચરિત્રમા દશાર્ણભદ્ર રાજાની દીક્ષા પછી ભગવાનના જનપદના વિહારની તેમજ પછીથી રાજગૃહમાં પધાર્યાની વાત આવે છે. પરન્તુ અમારી ગણત્રી પ્રમાણે કાશી—કોશલાદિમાં વિહાર કરેલો ને કેવળી અવસ્થાનું અઢારમુ ચોમાસું વાણિજ્યગ્રામમાં વીતાવેલુ'.

(૧૯) વાણિજ્યગ્રામથી પુનઃ ભગવાન મહાવીરે કોશલ, પાંચાલાદિમાં વિહાર શરૂ કરેલો ને ચોમાસું વૈશાલીમાં કરેલૂ.

(૨૦) વૈશાલીમાં ચોમાસું ગાળી ભગવાન મહાવીર વિદેહ–કોશલ આદિ જનપદોમાં વિચરેલા ને વીસમુ ચોમાસું વૈશાલીમાં વીતાવેલુ.

( ૨૧ ) લગભગ ત્રણ વર્ષ સુધી મધ્ય પ્રદેશમાં વિચર્યા પછી પ્રભુ મહાવીર પોતાનો વિહાર મુખ્ય કેન્દ્ર રાજગૃહ તરફ આદરેલો ને રાજગૃહથી આગળ ચંપા તરફ વિચરેલા. પૃષ્ઠ ચંપામાં ગાંગલિ આદિને દીક્ષા આપેલી અને ચોમાસું રાજગૃહમાં રહેલા.

(૨૨) કેટલાક તપસ્વી મુનિઓના અનશનને લીધે ભગવાને આ સાલનો વિહાર રાજગૃહની આસપાસ રાખેલો ને વર્ષાવાસ નાલન્દા ( રાજગૃહી ) માં રહેલા.

(૨૩) ચોમાસું ઊતરતાં ભગવાન મહાવીરે વિદેહ તરફ વિહાર આદરેલો. કેવળી જીવનના ત્રીજા વર્ષે વાણિજ્યગ્રામ નિવાસી આનંદ ગાથાપતિએ પ્રભુ મહાવીર પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યાની વાત કહેવાઈ ગઈ છે. તે આનન્દ શ્રાવકે વીસ વર્ષ સુધી ધર્મારાધના કરી અનશન વ્રત અંગીકાર કર્યું, તે સમયે વિશ્વોપકારી શ્રી મહાવીર વાણિજ્યગ્રામના દ્યુતિપલાસ ચૈત્યમા પધાર્યા હોવાની હકીકત શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં આવે છે એટલે ભગવાને ત્રેવીસમું ચોમાસું વૈશાલી વાણિજ્યગ્રામમાં કર્યું હોય તે સુસંગત ગણાય.

(૨૪) વિદેહથી ભગવાને કોશલ–પાંચાલ આદિ મધ્યપ્રદેશોમાં વિહાર કરેલો ને ઘણાં વર્ષે ચોમાસું મિથિલામાં ગાળ્યું

(૨૫) મિથિલામાં ચોમાસું વીતાવી પ્રભુ મહાવીરે ચંપા તરફ વિહાર કરેલો ને ત્યાંથી રાજગૃહ તરફ ગયા હોવા જોઈએ. કેમકે ગણધર શ્રી પ્રભાસ આજ વર્ષમાં રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં અનશન કરીને નિર્વાણ પામેલા ને તે વખતે ભગવાન તેમની પાસે હતા. એ રીતે જોતાં સમજાય છે, કે આ ચોમાસું શ્રી મહાવીરે રાજગૃહમાં કર્યું હોવું જોઈએ.

(૨૬) આ સાલ પણ મગધ-પ્રદેશમાં વિચરવામાં વીતેલી તેમજ ગણધર શ્રી અચલભ્રાતા અને શ્રી મેતાર્ય પણ આજ સાલમાં રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પામેલા. એટલે માની શકાય કે ભગવાને આ છવ્વીસમું ચોમાસું પણ નાલન્દા યા રાજગૃહમાં કર્યું હોય.

(૨૭) રાજગૃહથી પ્રભુ મહાવીર વિદેહ તરફ વિહરેલા. વાણિજ્ય-ગ્રામ-વૈશાલીમાં પૂરતાં ચોમાસાં થયાં હોવાથી તેમણે ત્યાંથી મિથિલા તરફ વિહાર લંબાવ્યો ને ચોમાસું મિથિલામાં કર્યું.

(૨૮) આ સાલ પણ વિદેહભૂમિમાં વિચરેલા ને ચોમાસું મિથિલામાં કરેલું.

(૨૯) આ વર્ષાવાસ રાજગૃહમાં ગાળેલ, કેમકે ગણધર શ્રી અગ્નિભૂતિ અને વાયુભૂતિ આજ સાલમાં રાજગૃહના ગુણશીલ-ચૈત્યમાં નિર્વાણ પામેલા.

(૩૦) આ સાલમાં લાંબો સમય ભગવાન મગધમાં જ વિચરેલાં ને ગણધર અવ્યક્ત, મંડિલ, મૌર્યપુત્ર અને અકમ્પિક રાજગૃહના ચૈત્યમાં જ નિર્વાણ પામેલ. ચોમાસું બેસતાં પહેલાં ભગવાને રાજ-ગૃહથી વિહાર કરેલો ને ચોમાસું પાવામધ્યમાં રહેલા.

# પ્રકરણ નવમું

## નિર્વાણભૂમિ નિર્ણય

❋

**ઉલ્લેખનીય પ્રસંગો:**—ભગવાન મહાવીરના દીક્ષિત જીવનમાં ઉલ્લેખનીય ત્રણ પ્રસંગો બન્યા છે. એક તો ગોવાળીયાએ તેમના કાનમાં ખીલા ખોસી દીધેલા; તે કાઢતી વેળા તેમને થયેલું મહાકષ્ટ. બીજો ઋજુવાલિકા નદીને કાંઠે જ ભિયગામમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તરત વિહાર કરીને તેમણે કરેલી સંઘસ્થાપના અને ત્રીજો તેમનું નિર્વાણ. આ રીતે કર્ણકષ્ટ, સંઘસ્થાપના ને નિર્વાણના ઉપરોક્ત ત્રણે પ્રસંગો એકજ સ્થળે બન્યા છે અને તે મધ્યમા-અપાપા નગરીમા અને તે નગરીને અડીને આવેલા મહાસેન વનમાં. હવે જો એ નગરી અને મહાસેન વનનો સ્થળનિર્ણય કરી શકીએ તો પ્રભુ મહાવીરના જીવનના ઉપરોક્ત ત્રણે પ્રસંગોનો સ્થળ-નિર્ણય કરી શકાય.

મધ્યમા-અપાપા એ ભંગ અથવા ભગી દેશની રાજધાની હતી. અને પ્રભુ મહાવીરના નિર્વાણ સમયે તે નગરીનો રાજા હસ્તિપાળ હતો. ભગવાન મહાવીર સંઘની સ્થાપના કરવા માટે જ્યારે મહાસેન વનમાં પધાર્યા ત્યારે મધ્યમાઅપાપામાં સોમિલ નામના એક ધનાઢય દ્વીજના

આમંત્રણથી તે સમયના ગૌતમાદિ મહાન વિદ્વાન બ્રાહ્મણ પંડિતો મહાયજ્ઞ કરવાને પધાર્યા હતા (જે અગ્યારે પંડિતો પાછળથી ભગવાન મહાવીરના શિષ્ય–ગણધરો બન્યા, આ રીતે મધ્યમા અપાપાનો નિર્ણય કરવાને માટે આપણી પાસે મહાસેન વન, ભંગદેશ, હસ્તિપાળ રાજા, અને પવિત્ર યજ્ઞોને યોગ્ય ભૂમિ એટલા મૂળ મુદ્દાઓ એકત્ર થાય છે. તે અનુક્રમે વિચારી જઇએ.

સમગ્ર ભારતીય સાહિત્યમાં 'મહાસેન' નામ બે વસ્તુઓને અનુલક્ષીને વપરાયલ છે. તેમાં એક નૃપતિ અને બીજું વન. ભગવાન મહાવીરનો સમકાલિક અને તેમના પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર અવંતિપતિ ચંડપ્રદ્યોત, મહાસેન નામે ઓળખાતો હતો.[1] અને જ્યાં શ્રી મહાવીરે સંઘની સ્થાપના કરી તે ભૂમિ 'મહાસેન' વનના નામે ઓળખાતી હતી.[2] એ મહાસેન વનનું વર્ણન કરતાં જૈનશાસ્ત્રો તેનો અતિ રમણીય અને હેમવર્ણી વન તરીકે ઓળખાવે છે. બીજી બાજુ મહાકવિ કાલિદાસ મધ્ય અવંતીનું વર્ણન કરતાં જણાવે છે કે—'વત્સરાજ (ઉદયન) અહીં પ્રદ્યોત રાજાની પ્રિયા દુહિતા (વાસવદત્તા)નું હરણ કરી ગયો હતો અને આજ ભૂમિમાં તે રાજાની માલિકીનું અને તેનું (પ્રદ્યોત–મહાસેન) નામ ધરાવતું તાલનું હેમવર્ણું વન હતું.[3] આ પરથી આપણને એમ માનવાને ચોક્કસ કારણ મળે છે કે મહાસેન વન મધ્ય અવંતિ–મધ્ય હિંદમાં આવેલું હતું.

ભંગીદેશનો ચોક્કસ સ્થળ નિર્ણય કરતાં પહેલાં આપણે કેટલીક ભૌગોલિક સ્થિતિ વિચારી લેવી જોઇએ

૧ 'જુઓ મહાકવિ ભાસકૃત 'स्वप्नवासवदत्ताम् ।'

૨ '...तत्रादिश्य सण धर्मं देवोधते जगद्गुरु लाभाभावात् मध्यमाया महासेन वनेऽगमत् श्री अपापा महापूर्यां ..।' कल्पसूत्र.

૩ 'प्रद्योतस्य प्रिय दुहितर वत्सराजोऽत्र जह्रे । हैमं ताल द्रुम वनमभूदत्र तस्यैव राज्ञ ॥' ३४–पूर्वमेघदूत.

પ્રાચીનકાળમાં ભારતવર્ષમાં જૈન દષ્ટિએ સાડી પચીસ આર્ય દેશ હતા. અતિ પ્રાચીન કાળનું પ્રજ્ઞાપના -સૂત્ર તેમજ શ્રીમદ હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર—આ બન્ને ગ્રંથોમાં તે દેશોનાં તેમજ તેમની રાજધાનીઓનાં નામ એક સરખાં મળી આવે છે, એટલે તે અંગે મતભેદને કશું સ્થાન નથી જણાતું. પણ ઉપરોક્ત સાડી પચીશ નામોમાં અવંતીનો નિર્દેશ નથી એ ખાસ વિચારણીય છે. તેનો ખુલાસો શોધી કાઢવો જોઇએ.

અવંતી એ જૈન, બૌદ્ધ અને વૈદિક દષ્ટિએ આર્યદેશ હતો તે વિષયમા તો શંકાને કોઇજ સ્થાન નથી. વૈદિક દષ્ટિએ તે ભારત-વર્ષનાં આઠ મહાતીર્થમાનું એક તીર્થ હતું અને ત્યાં જ્યોતિર્લિંગ પ્રગટેલુ. જૈન દર્શનમા પણ અવંતીની અતિ પ્રાચીન કાળથી તીર્થ તરીકેજ ગણુના થતી આવી છે તેમજ બૌદ્ધ દર્શને પણ અવંતીને ધર્મભૂમિ તરીકે ઓળખાવેલ છે. એટલે સાડી પચીસ આર્ય દેશોમાં તેની ગણુના ન થાય એ તદ્દન અસંભવિત છે.

સાચી વાત તો એ છે કે ધર્મગ્રન્થોમાં જે સાડી પચીશ આર્ય દેશોની ગણુના કરવામાં આવી છે તે આર્યાવર્તના મુખ્ય પ્રાન્ત દેશોનાંજ નામ નથી, પણ પેટા પ્રાન્તોનો પણ તેમાં નિર્દેશ થયેલો છે અને અવતી એ આર્યાવર્તનો એક વિશિષ્ટ અને વિશાળ પ્રાન્ત હોઇને તેનો સમૂહવાચક અવંતીને નામે નિર્દેશ ન કરતાં તેનાં પ્રાન્તોનાં નામ તેમાં સૂચવાયાં છે. બીજું એક કારણુ એ પણ હોઇ શકે કે પ્રાચીન કાળમાં અવંતીનો દક્ષિણુ ભાગ આર્યાવર્તની સરહદની બહાર[૪] લેખાતો હોઇને અખિલ અવંતિને આર્યાવર્તમાં ન લેખવામાં આવ્યું હોય, પણુ ઉત્તર અવંતિના દશાર્ણ ( પૂર્વ ), ભંગ ( મધ્ય ) ને માસ ( પશ્ચિમ ) એ ત્રણુ પ્રાન્તોનો આર્ય પ્રાન્તો તરીકે નિર્દેશ

૪ '...आवन्त्यं दाक्षिणापथं... गत्वैतान् कामतो देशान्...पतेत् द्विजः।'

—आदित्यपुराण

થયો હોય. સાહિત્ય ગ્રન્થોમાં પણ પૂર્વાપકારાવન્તી એ પ્રયોગ વારંવાર નજરે પડે છે તે પરથી પણ જણાય છે કે અવંતીના પૂર્વ પશ્ચિમ, મધ્ય આદિ વિભાગો પડી ગયેલા.

ભગવાન મહાવીર સ્વામીના સમયમાં સમસ્ત અવંતીનું પાટનગર ઉજ્જયિની હતું અને આખાયે અવંતીનો સમ્રાટ ચડપ્રદ્યોત હતો. તે અવંતી દેશના પૂર્વ, મધ્ય ને પશ્ચિમ એમ ત્રણ વિભાગ પડી ગયેલા. પૂર્વનો પ્રદેશ દશાર્ણના નામે ઓળખાતો, મૃતિકાવતી યાને વિદિશા તેનુ પાટનગર હતું અને ત્યાંનો નૃપતિ દશાર્ણભદ્ર હતો. મધ્ય અવંતિનો પ્રદેશ ભંગના નામે ઓળખાતો, તેનું પાટનગર શ્રી વિશાલાપુરી[૫] યાને શ્રી અપાપાપુરી હતું. ત્યાંનો નૃપતિ હસ્તિપાળ હતો અને પશ્ચિમ અવંતીનો પ્રદેશ માસના નામે ઓળખાતો ને તેનું પાટનગર પુરિવર્તા હતું.

આમાંથી પૂર્વનો ભાગ દશાર્ણ નામ ધરાવતો હતો અને તેનું પાટનગર વિદિશા હતું તે અંગે તો શંકાને સ્થાન છે જ નહિ જૈન શાસ્ત્રોમાં દશાર્ણના પાટનગર તરીકે દશાર્ણનગર અથવા મૃતિકાવતી નગરી નામ મળે છે.[૬] પરંતુ મહાકવિ કાલિદાસ તેને વિદિશાને નામે ઓળખાવે છે.[૭] એટલે સહેજે એમ અનુમાન બાંધી શકાય છે કે

૫ આગળ પૃ ૨૯૩ ટીકા નં. ૧૧ તથા ઉપર પૃ. ૭૯ જુઓ.

૬ '...क्रमेण विहरन् प्राप दशार्णं विषय प्रभु ।
दशार्णपुरमित्यस्ति नाम्ना तत्र महापुरम् ॥
१-२, १०-१० त्रिषष्टि, श. पु. च.

मतियावई दसणा—प्रज्ञापनासूत्र १ प.

૭ '...स्थायी हंसा दशार्णा. । २४
तेषा दिक्षु प्रथित विदिशा लक्षणा राजधानीं ।' २६—पूर्वमेघदूत

મૂર્તિકાવતી, દશાર્ણનગર, વિદિશા અને ભીલ્સા એ ચારે નામો [૮] સાંચીની નજીક આવેલા દશાર્ણના ( પૂર્વ–અવંતીના ) પાટનગરને માટે વપરાયેલ છે.

અંગદેશનો પ્રશ્ન ખૂબજ ગૂંચવણભરેલો છે. એ દેશના પાટનગર શ્રી અપાપામા ભગવાન શ્રી મહાવીર નિર્વાણ પામેલા અને ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણતીર્થ તરીકે અત્યારે બિહારમાં આવેલા પાવાપુરી [૯] ગામને લેખવામાં આવે છે. તે પરથી ઘણા ખરા વિદ્વાનો અને સમાજનો મોટો વર્ગ અંગ દેશની સરહદ પણ ત્યાંજ ગણવાને લલચાયલ છે પરંતુ છેલ્લા ત્રણસો વર્ષ પહેલાંના કોઇપણ ગ્રન્થમાં પાવાપુરી પૂર્વમા આવેલ હોવાનો નિર્દેશ નથી મળતો. વર્તમાન પાવાપુરીમાં ત્યા ભગવાનના નિર્વાણને સૂચવતાં પ્રાચીન અવશેષો નથી મળતાં એટલે આજની પાવાપુરીને જ પ્રાચીન કાળની શ્રી અપાપા માની લેતાં અટકાવું પડે છે. બીજી બાજુ અંગ દેશને મધ્ય અવંતી તરીકે ગણતાં અને તેના પાટનગર શ્રી વિશાલાને શ્રી અપાપા ગણતાં અનેક પ્રશ્નોનો ઉત્તર સાંપડી રહે છે.

---

૮ આ ચારે નગરીઓ તથા પાસેનાં સાંચીપુરી અને બેસનગર–આ છએ સ્થાનનો પરસ્પર ઐતિહાસિક સબંધ તથા વિશિષ્ટ હકીકત, પ્રાચીન ભારતવર્ષ ( ડા. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ કૃત ) ભાગ ૧ મા અવંતિદેશના વર્ણને પૃ. ૧૮૪ થી ૨૦૦ જુઓ.

૯ શ્રી મહાવીરના જીવન અંગે ચંપા અને પાવાપુરી ( અપાપાપુરી ) તે બે નગરીનું મહત્ત્વ છે. ચંપાની આસપાસના પ્રદેશમા તેમને કેવળજ્ઞાન ઊપજ્યું છે અને પાવાપુરીમાં નિર્વાણ પામ્યા છે. તેમાં ચંપાના સ્થાનની માન્યતા પૃ. ૨૭૯ માં જણાવ્યા પ્રમાણે ફેરવવી પડશે અને તેમ થતાં પાવાપુરીનું સ્થાન પણ આપોઆપ ફરી જશે. કેમકે, જ્ઞાનપ્રાપ્તિના સ્થળેથી બાર યોજન પોતે (પૃ.૨૯૯ ટીકા નં. ૨૧) **પાવાપુરી–અપાપાપુરી** માં પધાર્યા છે ને કાળ ગયે ત્યાંજ નિર્વાણ પામ્યા છે ( પૃ. ૨૮૮ ).

દરેક જૈન શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરસ્વામીએ સંઘની સ્થાપના મધ્યમા અપાપામાં મહાસેન વનમાં કરી હતી અને તેમના કાનમાંથી ખીલા કાઢવાનો પ્રસંગ તેમજ નિર્વાણ—બંને મહાસેન વનની નજીકમાં મધ્યમાઅપાપામાં બનેલા. આ મહાસેન વનનું નામ અવંતીપતિ ચંડપ્રદ્યોતના નામ પરથી પડયું હતું અને તે મધ્ય અવંતીમાં આવેલું હતું તે આપણે આગળ જોઇ ગયા.

મહાકવિ કાલિદાસ પોતાના અમર કાવ્યરત્ન 'મેઘદૂત' માં યક્ષ દ્વારા મેઘને સંદેશ આપતાં તેને દશાર્ણનું પાટનગર વિદિશા નિહાળ્યા પછી, પશ્ચિમે વળવાની સલાહ આપે છે અને ત્યાં સિંધુ[૧૦] નદી વટાવ્યા પછી અવંતી પ્રદેશમાં સ્વર્ગવાસીઓના શેષ પુણ્યથી વસેલી સ્વર્ગના જ એક તેજસ્વી ખંડ સમી શ્રી વિશાલાના[૧૧] દર્શન કરવાની સલાહ આપે છે. તે નગરી અતિ વિશાળ હોઇને શ્રી વિશાલા કહેવાતી અને તે પુણ્યભૂમિ હોઇને શ્રી અપાપા નામે ઓળખાતી. ભગવાન મહાવીરસ્વામી ત્યાં નિર્વાણ પામવાથી તે પાપાના નામે ઓળખાતી. એટલે માનવું પડે છે કે વિશાલા નગરીનું સ્થાન અવંતિના પ્રદેશમાં જ છે ( ઉપરની ટી. નં ૫ તથા પૃ. ૭૯ )

બૌદ્ધ ગ્રન્થોમાં જણાવેલું છે કે સુસુમાર પર્વત પાસે ભગ્ગ જાતિ

---

૧૦ પૂરું નામ કાલિ સિંધુ, જે ઉજ્જૈન નગરીની ચંબલ નદીની શાખા છે.

૧૧ 'वेणीभूता प्रतनु सलिला तापतीतस्य सिन्धुः । ३०
प्राप्यवन्तीनुदयन कथाकोविद ग्रामवृद्धान्
पूर्वो दिष्टामुपसरपुरीं श्री विशालाम् ।
स्वल्पीभूते सुचरित फले स्वर्गीणा गांगताना ।
शेषैः पुण्यैर्हृतमिव दिवः कान्तिमत् खण्डमेकम् । ३१ पूर्व मेघदूत

રહેતી હતી અને પાવામાં મલ્લ જાતિ[૧૨] વસતી હતી. જૈન ગ્રન્થોમાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ–પાવામાં પણ મલ્લ જાતિ જ વસતી હતી. કેમકે ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી કાશી કોશલના[૧૩] નૃપતિઓ તેમજ નવ મલ્લ જાતિના અને નવ લિચ્છવી જાતીના નૃપતિઓએ ભગવાન મહાવીરસ્વામીરૂપી ભાવદીપક ઓલવાતાં દ્રવ્ય દીપકરૂપે દીપોત્સવી પર્વની શરૂઆત કરી. આમાંથી કાશી કોશલના રાજાઓ જાણીતા છે. લિચ્છવી નૃપતિઓ પણ ભગવાન મહાવીરના મામા અને લિચ્છવી જાતિના નૃપતિ ચેટકના સામંતો હતા. પણ મલ્લ જાતિના ( ટીકા નં. ૧૨ તથા ૧૩ જુઓ ) રાજાઓ તો પાવાનિવાસી મલ્લ જાતિના જ રાજાઓ હોવાનો સંભવ છે. આ પરથી પાવામાં મલ્લ જાતિ વસતી હોવા સંબંધમાં જૈન અને બૌદ્ધ બંને મતો પરસ્પરના પૂરક લેખાય અને ભગ્ગ જાતિના નિર્દેશ પરથી એમ અનુમાન બાંધવાને કારણ રહે છે કે કાતો ભંગદેશના નામ પરથી જાતિને એ નામ મળ્યું હોય અથવા જાતિના ભગ્ગ નામ પરથી એ દેશ ભંગના નામે ઓળખાયલ હોય. આ પ્રદેશની સીમા, ઉપર

---

૧૨ ' શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડ. શ્રીમન મહાવીર સચિત્ર અંક પૃ. ૩૯૫. Political History of India P. 93

જેમ અવંતિપતિ ચંડપ્રદ્યોતના પૂર્વજો કાશીમાંથી ઊતરેલા છે તેમ મગધપતિ શ્રેણિકના પૂર્વજો પણ કાશીમાંથી ઊતરેલા છે (ઉપર પૃ. ૨૬૮ ટી. ન. ૧ તથા પ્રાચીન ભારતવર્ષ ભાગ ૧, પૃ. ૯૭) અને આ કાશિપતિઓ તથા પાસેના કોશલ પ્રાંતના કેટલાક ક્ષત્રિયો મલ્લ જાતિના કહેવાતા. તાત્પર્ય કે, અવંતિ, કાશી તથા કોશલમાં મલ્લ જાતિના ક્ષત્રિયો વસતા હતા ( શ્રેણિકના પિતા પ્રસેનજીતને મગધદેશ તો વારસામાં મળ્યો હતો જેથી તેણે રાજગાદી કાશીમાંથી ફેરવીને મગધમાં પ્રથમ કુસુમપુરે અને પછી રાજગૃહીમાં કરી હતી ).

૧૩ ઉપરની ટીકા નં. ૧૨

જણાવ્યા અનુસાર બૌદ્ધ ગ્રન્થોમાં સ્પષ્ટપણે સુસુમારપર્વતની પાસે જણાવવામાં આવી છે અને સુસુમારપર્વતનું સ્થાન દક્ષિણ વત્સમાં કે વત્સની દક્ષિણે નિશ્ચિત છે. આ વસ્તુસ્થિતિ પણ ભંગદેશની સીમા પૂર્વમાં ખેંચવાને બદલે મધ્ય હિંદમાં ખેંચી જાય છે.

જૈન શાસ્ત્રોમાં જણાવેલું છે કે જ્યારે ભગવાન મહાવીરસ્વામીએ મહાસેન વનમાં સંઘની સ્થાપના કરી ત્યારે કૌશામ્બીમાં રહેલી ચંદન-બાળાને તરત ત્યાં પહોંચાડવામાં આવી અને ભગવાને તેને પોતાની પટ્ટશિષ્યા બનાવી [૧૪] આ પરથી પણ એમ માનવાને કારણ મળે છે કે મહાસેન વન કૌશામ્બીની નજીક મધ્ય હિંદમાં આવેલું હતું.

જૈન શાસ્ત્રોમાં જણાવ્ય પ્રમાણે મહાવીર પ્રભુ સંઘની સ્થાપના કરવાને જ્યારે મહાસેન વનમાં પધાર્યા ત્યારે શ્રી. અપાપાપુરીમાં સોમિલ નામના દ્વિજે મહાયજ્ઞ કરાવવાને માટે ભારતભરના વધુમાં વધુ વિદ્વાન અને મહાન એવા અગ્યાર બ્રાહ્મણોને આમંત્ર્યા હતા. [૧૫] અને પ્રભુ જ્યારે મહાસેન વનમાં બિરાજ્યા ત્યારે તે બ્રાહ્મણ પંડિતોએ અપાપાપુરીમાં યજ્ઞવિધિની શરૂઆત કરી હતી. આ પરથી એટલું પુરવાર થાય છે કે વૈદિક દૃષ્ટિએ શ્રી અપાપા એ યજ્ઞકાર્યને યોગ્ય પવિત્ર ભૂમિ લેખાતી હતી. બીજી

---

૧૪ ' इतश्च चदना तत्र शतानीक गृहे स्थिता ।
पश्यन्ती यान्तमायान्तं दिविषज्जनमंबरे ॥१६१॥
स्वामिन केवलोत्पत्तिनिश्चयाद् व्रतकाक्षिणी ।
त्रिदशैर्नूदवी योमिर्निन्ये श्री वीरपर्षदि ॥ १६२ ॥
१०-६ त्रि. श. पु. च.

१५ ' विप्रः पूर्वामपापाया यष्टुकामोऽथ सोमिल: ।
आनिनाय श्रद्धया तान् यज्ञकर्म विचक्षणाना ॥
१०-५ त्रि श. पु. च. श्लोक ६१०

બાજુએ વૈદિક શાસ્ત્રો પર નજર કરતા જણાય છે કે પ્રાચીન સમયમાં તેઓ વિવાહ, શ્રાદ્ધ, યજ્ઞ આદિ ક્રિયાઓ માટે નર્મદાની ઉત્તરે અને સિંધુની દક્ષિણે આવેલા—એટલે સપ્તસિંધુના—અને પૂર્વ, પશ્ચિમ અને મધ્ય એમ ત્રણ વિભાગમાં વ્હેંચાયલા ઉત્તર અવંતિના પ્રદેશને યોગ્ય લેખતા હતા અને બાકીના બધા જ પ્રાન્તો (અંગ, વંગ, મગધ, કલિંગ, કાચી, સૌરાષ્ટ્ર, દક્ષિણ—અવંતી આદિ) ને યજ્ઞાદિ ક્રિયાને માટે અયોગ્ય લેખતા હતા[૧૬] એ સંયોગોમાં મહાયજ્ઞની ક્રિયા પૂર્વના પ્રદેશોમા કરવામાં આવે તે તદ્દન અસંભવિત જણાય છે. એટલે પવિત્ર યજ્ઞભૂમિ સમું શ્રી અપાપા એ પૂર્વ હિંદની પાવાપુરીને બદલે ઉત્તર અવંતીના મધ્ય પ્રદેશમાં આવેલ શ્રી વિશાલા હોવાનો વિશેષ સંભવ છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણથી શરૂ થતી જૈન કાલગણના હમેશાં અવંતીને આશ્રયીને જ [૧૭] ગણવામાં આવે છે. જે રાત્રિએ

---

૧૬ 'अंगवंगकलिंगाश्च काटमालविका (=દક્ષિણ અવંતી આવન્ત્યં दक्षिणापथं ' स्तथा ।

नर्मदादक्षिणे यच्च सिंधोरुत्तरमेव च ॥

पौंड्राश्चेत सुराष्ट्रश्च वद्यामागाविकास्तथा ।

न विवाह तथा श्राद्धं यज्ञं चैव समाचरेत् ॥ ' आदित्य पुराण

૧૭ આ અનુમાનને વિશેષ સમર્થન એ હકીકતથી મળે છે કે, તે આખીએ કાળગણના બતાવતી ત્રણે ગાથાઓમાં માત્ર અવંતિપતિઓને જ, સમયના અનુક્રમે બતાવેલ છે; નહીં કે બીજા કોઇ પ્રદેશપતિઓને. વળી આ અવંતિપતિઓ જુદા જુદા વંશના છે એટલું જ નહીં, પણ તે તે વંશના ભૂપતિઓ જેટલો જેટલો સમય અવંતિ ઉપર રાજસત્તાએ રહ્યા, તેટલો જ કાળ તેમાં નોંધ્યો છે. આ પ્રમાણેની બે ઐતિહાસિક પરિસ્થિતિથી આપણા અનુમાનને વિશેષતઃ

ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તેજ રાત્રિએ અવંતીપતિ ચંડ પણ મૃત્યુ પામ્યો અને અવંતીના સિંહાસને તેનો પુત્ર પાલક બેઠો.[૧૮] એવા વાક્ય સાથે જ પ્રત્યેક જૈન ગ્રન્થમાં જૈન કાલગણનાની શરૂઆત થાય છે. આ પરથી એમ માનવાને કારણ મળે છે કે ભગવાનનું નિર્વાણ ચંડનાજ પ્રદેશમાં થયું હોય અને કદાચ ચંડે પણ અંતિમ સમયે પ્રભુ પાસે દીક્ષા લઇ અનશનપૂર્વક પ્રભુની સાથે સહગમન કર્યું હોય.

પાવાપુરીના રાજા તરીકે જૈન ગ્રન્થોમાં હસ્તિપાળ રાજાનો વૃત્તાંત આવે છે જ્યારે ભગવાન છેલ્લા પાવાપુરીમાં પધારે છે ત્યારે તે પ્રભુની પાસે જાય છે અને રાત્રે પોતે સ્વપ્નમાં આઠ દશ્યોનો ભાવાર્થ પૂછે છે. પ્રભુ તેને અર્થ સમજાવે છે. આ હસ્તિપાળ કોણ તે વિષે યોગ્ય ખુલાસો ક્યાંય નથી મળી શકતો. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે કદાચ ચંડપ્રદ્યોત એજ હસ્તિપાળ[૧૯] હોય. ચંડ હાથીઓનો ખૂબજ શોખીન હતો અને તેના 'નલગિરિ' હાથીથી તો ધાર્મિક તેમજ રસસાહિત્યમાં અમર બની ગયો છે તે પરથી કદાચ તેને હસ્તિ-

---

પુષ્ટિ મળે છે. આ આખો પ્રશ્ન ભારતીય ઇતિહાસને સ્પર્શતો હોઇ અત્રે ચર્ચવો અસ્થાને લેખાય. ઇચ્છુક વાચકે પ્રાચીન ભારતવર્ષ, ભાગ ૧, અવંતિ દેશનું વર્ણન વાચવું.

૧૮ ' जं रयणि कालगओ अरिहा तित्थंकरो महावीरो ।
तं रयणिमवंतिवई अहिसित्तो पालगोराया ॥ '

तित्थोगाली पइन्नय

૧૯ ચંડપ્રદ્યોત રાજા હસ્તિનો શોખીન હતો. તેનો **નલગિરિ** હસ્તિ સાહિત્યગ્રંથોમાં પ્રસિદ્ધ છે ( કાનિંગહામ કૃત ભારહુત સ્તુપ, પૃ. ૨ ) તેમજ વત્સપતિ ઉદયનને પકડવા માટે પણ તેણે હસ્તિવિદ્યાનોજ ઉપયોગ કર્યો હતો. એટલે જે રાજા હસ્તિનો

પાળનું વિશેષણ પણ સાંપડયું હોય. સમસ્ત અવંતીનો સમ્રાટ હોઇને તે શ્રા વિશાલા-શ્રી અપાપાનો નૃપતિ તો સહેજે લેખાય. આ સંયોગોમાં જો ચંડને હસ્તિપાળ તરીકે સ્વીકારી લઇએ તો ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણ મધ્ય-અવંતીમાં આકૃગ બને છે.

**વર્તમાન પાવાપુરી:**—વર્તમાન પાવાપુરી એ ભગવાન મહાવીરસ્વામીની સાચી નિર્વાણ ભુમિ ન હોતાં સ્થાપના છે તેમ માનવાને બીજું એક મહત્વનું કારણ એ પણ છે કે ત્યાં નિર્વાણ-સ્થળ તરીકે જલમંદિરને ઓળખાવવામાં આવે છે અને તેની અડધો માઇલ પૂર્વમાં આવેલા સ્તૂપને કેવળજ્ઞાનના સ્તૂપ તરીકે ઓળખવામાં આવે છે. [૨૦] હવે જૈનશાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર મહાવીરપ્રભુને જ્યાં કેવળજ્ઞાન ઊપજ્યું ( જંભીયગામમાં, ઋજુવાલિકા નદીને તીરે, શામક નામે ગૃહસ્થના ક્ષેત્રમાં, શાલતરૂની નીચે ) અને જ્યાં તેમનું નિર્વાણ

---

પાળનાર-શોખીન હોય તેનુ ગુણદર્શી નામ ' હસ્તિપાળ ' લખાય તે બરાબર છે. તે સમયે આવાં ગુણદર્શી નામ ઇતિહાસના પૃષ્ઠે અનેક રાજાનાં નોંધાયાં પણ છે-જેમકે શ્રેણિક, અજાતશત્રુ, અમિત્રઘાત્ (સમ્રાત) ધનનંદ, ઇ. ઇ. એટલે મજબૂત અનુમાન થાય છે કે, અત્રે પણ ચંડપ્રદ્યોતને બદલે તેના ગુણદર્શી નામ હસ્તિપાલનોજ ઉલ્લેખ કરાયો છે.

' अग्निभीरुरथो देवी शिवा **नलगिरिः** करी ।
कोहजंघो लेखवाहो राज्ये रत्नानि तस्य तु ॥

१७३-११-१० त्रि. श. पु. च.

अत्रोदूभ्रातकिल **नलगिरि** स्तंभमुत्पाद्य दर्पात्,' ।

पूर्व मेघदूत

૨૦ 'મુનિશ્રી ચારિત્રવિજય કૃત ' જૈનતીર્થોનો નકશો' પૃ. ૩૧.

થયું, તે બન્ને સ્થળો વચ્ચે બાર યોજનનું અંતર હતું. [૨૧] આ પરથી એમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે કે જ્યાં સાંચીના અવશેષો જળવાઇ રહ્યાં છે તે ભગવાનનું નિર્વાણક્ષેત્ર હોય અને સાંચીનાં અવશેષોથી બાર યોજન દૂર જ્યાં ભારહૂત સ્તૂપના અવશેષો નજરે ચડે છે તે ભગવાનને કેવળજ્ઞાન ઊપજવાનો પ્રદેશ હોય (પ્રાચીન ભારતવર્ષ ભાગ ૧ લો પૃ. ૨૯૫)

અત્યારે પાવાપુરીમાં જે જલમંદિર છે તે મધ્યકાલિન બાંધણીનું છે અને તેનું બાંધકામ પ્રાચીન સ્તૂપ કરતાં ચૈત્ય કે ધર્મશાળાના બાંધકામ સાથે વધારે મળતું આવે છે. જ્યારે ભગવાન મહાવીરસ્વામી-ના નિર્વાણ સ્થળ પર તો ભવ્ય સ્તૂપ ચણાયલો અને તેરમી સદીમાં

---

(૨૧) 'मज्झिमपावाइ पुव्विं अपापापुरी त्ति नाम आसि। सक्केणं पावापुरी त्ति नामं कयं जेण इत्थ महावीरस्वामी कालगओ। इत्थेव य पुरिए वइसासुद्ध एक्कारसी दिवसे जंभिअगामाओ राति बारस जोअणाणि आंगंतुण पुव्वण्ह देसकाले महासेणवने भगवया गोअमाई गणहरा खंडिअगण पुरिवुढा दिक्खिआ पमुइआ।

विविध तीर्थ कल्पांतर्गत अपापाकल्प

स्फूटे मार्गे दिन इव देवोद्योतेन निश्यपि
द्वादश योजनाध्वानां भव्यसत्यैरलंकृताम् ॥

१७–६–१० त्रि. श. पु. च.

तित्थनाहो दुवालसजोयणं तरियाए मज्झिमानयरीए गंतु पवत्तो
(શ્રી ગુણચન્દ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર.)

ततोय बारसेहिं जोयणेहिं मज्झिमा नाम नगरी।'
(आवश्यक चूर्णि पृ. ३२९)

શ્રી જિનપ્રભસૂરિ–પણ તે સ્થળે રમ્ય સ્તૂપ હોવાની નોંધ લે છે.[૨૨]

**આછું વિહાર વિવરણ:**—ભગવાન મહાવીરસ્વામીને દીક્ષા-જીવનના બારમા વર્ષે પણમાનિ ગામમાં કાનમાં ખીલા નખાવાનો ઉપસર્ગ નડયો અને તે પછી મધ્યમા અપાપામાં તે ખીલા ખેંચતાં મહાકષ્ટ નડયું ને પછી થોડા જ સમયમાં જ ભિયગામમાં તેમને કેવળજ્ઞાન ઊપજ્યું અને ત્યાંથી બાર યોજન દૂર મધ્યમા અપાપા પહોંચી તેમણે સંઘની સ્થાપના કરી. તે પછી ઓગણત્રીસમું ચોમાસું તેમણે રાજગૃહીમાં કર્યું. ચોમાસા પછીનો થોડો સમય પણ તેમણે રાજગૃહીમાં જ ગાળ્યો. તે પછી છેલ્લું ચોમાસું શ્રી અપાપામાં થયું અને તે ચોમાસા દરમ્યાન મધ્યમા અપાપામાં તેઓ નિર્વાણ પામ્યા.

મધ્યમા અપાપામાં બનેલા ઉપરોક્ત ત્રણ પ્રસંગોમાંથી છેલ્લો પ્રસંગ તો મધ્યમા અપાપાનો સ્થળ–નિર્ણય કરવામાં આપણને મદદગાર બની શકે તેમ નથી, કેમકે ઓગણત્રીસમું ચોમાસું રાજ-ગૃહીમાં અને ત્રીસમું મધ્યમા અપાપામાં, એ બેની વચ્ચેના ભગવાન-ના વિહારક્રમનો–ચોક્કસ ઇતિહાસ સાંપડતો નથી. એટલે મધ્યમા અપાપા રાજગૃહથી ગમે તેટલું છેટું કે ગમે તે દિશામાં હોય તો પણ પ્રભુ ત્યાં પહોંચી શકે છે. પણ મધ્યમા અપાપામાં બનેલો કર્ણકષ્ટ અને સંઘ સ્થાપનાનો પ્રસંગ અપાપાના સ્થળનિર્ણયમાં આપણને મદદગાર બની શકે તેમ છે.

ભગવાને અગ્યારમું ચોમાસું વિશાલા (વૈશાળી નથી) નગરીમાં[૨૩] કર્યું. ત્યાંથી ચોમાસાની પૂર્ણાહુતિ પછી વિચરેલા પ્રભુ અનેક

(૨૨) 'भूयिष्ठाश्चर्यभूमिश्चरमजिनवरस्तूप रम्य स्वरूपा ।
साऽपापा मध्यमार्दिभवतु वरपुरी भूतये यात्रिकेभ्यः ॥
विविधतीर्थकल्प. २९.

(૨૩) જુઓ ઉપરમાં પૃ. ૭૯ તથા પૃ. ૨૯૬

ગામ-નગરો વટાવીને સુસુમારપુર આવ્યા સુસુમારપુરમાં થોડોક સમય ગાળ્યા, પછી પ્રભુ અનુક્રમે ભોગપુર, નંદીપુર, મેઢક અને કૌશામ્બી નગરીએ પધારે છે. કૌશમ્બીએ તેઓ પોસ વદ એકમે મહા અભિગ્રહ તપ આદરે છે અને છ મહિનામાં ઊણા પાંચ દિવસ રહે-જેઠ સુદ અગ્યારસે ચંદનબાળાને હાથે તે તપનું પારણું કરે છે. ત્યાંથી પ્રભુ અનુક્રમે સુમંગલા સુચ્છેતા અને પાલક ગામે થઇ અષાઢ સુદ તેરસના અરસામાં ચંપા પહોંચે છે અને ત્યાં બારમું ચોમાસું કરે છે. ત્યાંથી માગસર વદ એકમના અરસામાં વિહાર કરી તેઓ જંભિય અને મેઢક ગામ વટાવી ષણ્માનિ ગામે ગયા. ત્યાં એક ગોવાળે તેમના કાનમાં કાષ્ઠના ખીલા ખોસી દીધા. પ્રભુ ત્યાંથી મધ્યમા અપાપા પધાર્યા ત્યાં સિદ્ધાર્થ વણિકના મિત્ર ખરક વૈદે તે ખીલા ખેંચી કાઢયા ત્યાંથી પ્રભુ પાછા જંભિય ગામે આવ્યા. ત્યાં તેમને વૈશાખ માસની અજવાળી દશમે ઋજુવાલિકા નદીને કાંઠે કેવળજ્ઞાન ઊપજ્યું. પ્રભુ ત્યાંથી રાતોરાત બાર યોજનનો વિહાર કરીને પાછા મધ્યમા અપાપા પહોંચ્યા ને ત્યાં તેમણે સંઘની સ્થાપના કરી

ઉપરોક્ત વિહાર ક્રમનું પૃથક્કરણ કરતાં આપણને જણાશે કે મહાવીર પ્રભુ માગસર વદ એકમના અરસામાં વિશાલાથી વિહાર કરીને પોષ વદ એકમે કૌશામ્બી આવી પહોંચે છે અને એક મહિનાના ગાળાનો મોટો ભાગ તો વિશાલા ને સુસુમારપુર વચ્ચે પસાર થાય છે. એટલે સુસુમારપુર, ભોગપુર, નદીપુર ને મેઢક એ ચારે ગામ સ્વાભાવિક રીતેજ કૌશામ્બીની નજીકમાં હોવાં જોઇએ અને તેમાં પણ મેઢક ગામ તો કૌશામ્બીની લગભગ અડોઅડ હોવું જોઇએ, ભગવાનનો આ વિહારક્રમ પૂર્વથી પશ્ચિમ તરફનો ગણાય. પણ જો વિશાળા ને વૈશાલીને[૨૪] બદલે ઉજૈની લેખાય તો આ વિહાર ભૂમિઓ દક્ષીણથી ઉત્તરમાં ગણાય.

---

૨૪ [ સુધારો કરવો-ઉપર પૃ. ૪૫માં અગિયારમું ચોમાસું વિશાળા=

કૌશામ્બીમાં છ મહિના વીતાવી પ્રભુ સુમંગલા, સુચ્છેતા અને પાલક ગામે થઇ થોડા જ સમયમાં ચંપા પહોંચે છે અને ત્યાં બારમું

---

બિસાડ ( એટલે વૈશાલી )માં કર્યાનું લખ્યું છે, પણ તે વિશાળા=ઉજ્જૈયિની ( જુઓ પૃ. ૭૯ તથા પૃ. ૨૯૩ ) લેવાનું છે, કેમકે ત્યાંથી વિહાર કરી તુરત સુસુમારપુર આવેલ છે ( જેનું સ્થાન પૃ. ૨૯૫ વત્સની દક્ષિણે છે ) અને તે બાદ કૌશામ્બી ( વત્સદેશ આવેલ છે, તે બાદ ચંપા ( અંગદેશ છે કે જેનું ખરૂં સ્થાન ત્રિષષ્ટિ સલાકા પુરૂષ ચરિત્ર સર્ગ ૨ અને ઉપર પૃ. ૨૭૯ પ્રમાણે કાશી દેશની દક્ષિણે છે )માં બારમું ચોમાસુ ( પૃ. ૪૫ ) કરેલ છે. આ સર્વ સ્થાનનાં અનુશીલનથી સમજવુંજ રહે છે કે વિશાલા તે બિસાડ નહી પણ ઉજ્જૈયિની છે.

માની લ્યો કે વિશાળા તે બિસાડજ છે અને પ્રભુશ્રી મહાવીર ૧૧ મું ચોમાસુ વૈશાલીમા કરી, તુરતજ સુસુમારપુર પધાર્યા છે. તો એમ સ્વીકારવુ પડશે કે વિશાળા શબ્દ તે વિશેષ નામ નથી પણ વિશેષણ છે, ને જેમ મહાકવિ કાલિદાસે મેઘદૂતમાં ઉપર પૃ. ૨૯૩ ઉજ્જૈયિનીને લાગુ પાડયું છે તેમ તે શબ્દ વૈશાલીને પણ લાગુ પડે છે અને તેજ અર્થમા શ્રી ઋષભદેવ સ્વામીના સમયે ઇન્દ્ર મહારાજે જે વિનિતા=અયોધ્યા નગરી વસાવી હતી તેને પણ શાસ્ત્રકારોએ વિશાળા નામજ આપ્યું છે. તાત્પર્ય કે વિશાળા શબ્દ વિશેષ નથી પણ વિશેષણ હોઇ, જે નગરી બહુ વિશાળ પટમાં પથરાયલી છે તેનું નામ વિશાળા કહેવાય. તે હિસાબે, વિશાળા એટલે અયોધ્યા ( વિનિતા ) ઉજ્જૈયિની ( અવંતિની રાજધાની ) અને વૈશાળી (વિદેહની રાજધાની) એમ અનેક નગરીઓ થઇ શકે.

ગમે તે અર્થમાં વિશાળાને ( વૈશાળી કે ઉજ્જૈયિની ) ઘટાવો તો પણ વિહારસ્થળોનાં સ્થાન તપાસતાં શ્રી મહાવીરનું વિચરવું અવંતિ અને વત્સ દેશમાંજ ( ૧૧ મું તથા ૧૨ મું ચોમાસું ) થયું ગણાવું રહે છે.—પ્રકાશકો]

ચોમાસું કરે છે. ચંપા[૨૫] અફરપણે કૌશામ્બીની પૂર્વમાં આવેલી છે. એટલે પ્રભુનો આ વિહારક્રમ પશ્ચિમથી પૂર્વનો ગણાય.

ચંપામાં બારમું ચોમાસું વીતાવ્યા પછી પ્રભુ જંભિય અને મેઢક ગામ વટાવી ષણ્માનિ ગામે પહોંચે છે આપણે ઉપર જોઇ ગયા કે મેઢક ગામ કૌશામ્બીની અડોઅડ આવેલું હતું એટલે મેઢક ગામ પહોચવાને માટે પ્રભુએ ચંપાથી પશ્ચિમ બાજુ વિહાર કરેલો હોવો જોઈએ અને તે પણ કૌશામ્બીની અડોઅડના પ્રદેશમાં થઈને મેઢક ગામથી પ્રભુ કૌશામ્બીમા ન જતાં ષણ્માનિ બાજુ વિહાર લંબાવે છે. આ પરથી ષણ્માનિ કૌશામ્બીની સહેજ પશ્ચિમમાં અગર ઉત્તર અથવા દક્ષિણ દિશાએ આવેલું હોવું જોઇએ. પણ મેઢક ગામ પહોચતાં પહેલાં પ્રભુએ જંભિયગામ પસાર કરી દીધુ છે અને જંભિય-ગામ ઋજુવાલિકા[૨૬] નદીને તીરે આવેલું હતું. આ ઋજુવાલિકા નદી શોણ હિરણ્યરેખા–હિરણ્યબાહુ) નદીની એક શાખા છે અને તે

૨૫ ' આજે ચંપાનુ સ્થાન બંગાળના ભાગલપુર જિલ્લામાં દર્શાવવામાં આવે છે. પણ તે નવી ચંપા હોવાનો સંભવ છે કેમકે અંગદેશ અને તેની રાજધાની સમી ચંપા બો કૌશામ્બીની નજીકમા આવેલા હતા.

ભગવાન મહાવીર સ્વામીના વિહારક્રમમાં આપણે ઉપર અવ-લોકી ગયા તે પ્રમાણે ચંપા કૌશામ્બીની નજીકમાં જણાય છે.

પ્રબન્ધ ચિંત્તામણિમાં જણાવ્યું છે કે રાજા કોણિકે પિતાના અકાલ અવસાનથી રાજગૃહમાં વસવાનું મુશ્કેલ માની કૌશામ્બી પાસે ચંપા વસાવી તેને પોતાની રાજધાની બનાવી.

શ્રી મહાવીર ચરિત્રને વર્ણવતાં લગભગ દરેક જૈન શાસ્ત્રમાં જણાવ્યું છે કે કૌશામ્બીપતિ શતાનિક રાજાએ જ્યારે ચંપા પર આક્રમણ કર્યું ત્યારે તે એક રાતમાં જ નાવ માર્ગે કૌશામ્બીથી ચંપા જઇ પહોંચ્યો હતો તે માટે નિમ્નોક્ત પ્રમાણો પુરતાં થઇ પડશે.

૨૬ (જુઓ પૃષ્ઠ ૩૦૬ ટીકા ૨૭)

કૌશામ્બીના દક્ષિણ પ્રદેશમાં વહે છે એટલે પ્રભુનો વિહાર ચંપાથી ષરમાનિની દક્ષિણમાં પશ્ચિમે આગળ વધતો ગણાય. પરિણામે ષરમાનિનું સ્થાન કૌશામ્બીની દક્ષિણ–પશ્ચિમે સંભવી શકે.

---

इओ य सयाणियो चंपं पहाविओ दधिवाहणं गेण्हामि नावाकडएणं गतो एगाते रत्ती ते । आवश्यक सूत्र पृ० २२३

इओ य सयाणिओ चंपं, पधाविओ दधिवाहणं गेण्हामिति, णावा कडएण गतो एगाए रत्तीए अचिन्तियाचेव णगरी वेढिया. तत्थ दधिवाहणो पलातो । आवश्यक चुणि पूर्वभाग पृ. ३१८

इतश्च पूर्वं नोसैन्यैः शतानिको निशैकया । गत्वा रुणत् पुरीं चंपां झंपासमसमागमः ॥६१६॥ १०–१० त्रि श पु च.

दधिवाहणगहणत्थं चम्पं वेढइ सयाणियो राया । एगाए रत्तीए नावाकडगेण गंतूणं ॥श्री नेमिचन्द्रसुरिकृत प्रा. महावीरचरित्र पृ.६४

चलिओ राया महासामग्गीए, आरुढोय नावासु, तओ अणुकूलयाए पवणस्स दक्खत्तणेणं कन्नधारजणस्स एगरयणिमेत्तेण अचिंतियागमणो संपत्तो चंपापुरी । श्री गुणचन्द्रसूरिकृत प्रा. म. चरित्र पृ २४१

આ બધાં પ્રમાણો પરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે ચંપા, કૌશામ્બીથી જળમાર્ગે એક રાતમાં પહોંચી શકાય એટલા અંતરે હતી અને તે ગંગાની દક્ષિણે હતી. જ્યારે ભાગલપુરવાળી આજની ચંપા તો કૌશામ્બીથી ૫૦૦ માઇલ દૂર આવેલી છે.

વત્સપતિ શતાનિક પોતાના પાટનગર કૌશામ્બીથી એક જ રાતમાં અંગના પાટનગર ચંપા જઇ પહોંચી, તે નગરીને લૂંટી છે, તે પરથી સ્પષ્ટ થાય છે કે વત્સ અને અંગની સરહદ એકમેકને અડોઅડ હોવી જોઇએ અને ચંપાનગરી કાશીની નજીકમાં ગંગાથી સહેજ દક્ષિણે વસેલી હોવી જોઇએ.

ષણ્માનિથી પ્રભુ મધ્યમાઅપાપાએ પધારે છે, ને ત્યાંથી જંભિયગામે જાય છે. જંભિયમાં તેમને કેવળજ્ઞાન ઊપજે છે અને તે પ્રસંગે મધ્યમાઅપાપામાં ગૌતમાદિ અગ્યાર પંડિતો મહાયજ્ઞ આદરી રહ્યા છે તે જાણતાં તેમને પ્રતિબોધવાને પ્રભુ રાતો રાત બાર યોજનનો વિહાર કરી પાછા મધ્યમા અપાપામાં પધારે છે. ત્યાં

---

અંગપતિ દધિવાહન રાજા પોતાની રાણી પદ્માવતી સાથે હાથી પર બેસીને ક્રિડા કરવા જતાં એક અટવીમાં જઈ ચઢે છે. તે પ્રસંગે આસપાસનાં સ્થળોનાં વર્ણનમાં દંતપુર, કલિંગ દેશ, વંશ (વત્સ) દેશ આદિ નામો મળી આવે છે. આ પરથી પણ એમ માનવાને કારણ રહે છે કે અંગદેશ, વત્સ અને કલિંગની વચગાળાના મુલકમાં આવેલો હોવો જોઇએ.

અર્જુનની સામે હરિફાઈમાં ઊતરતા કર્ણને, અર્જુન જ્યારે પોતાના સમોવડિયા રાજપુત્ર તરીકે લેખવાની ના પાડે છે ત્યારે દુર્યોધન કર્ણને અંગનો રાજમુગટ અર્પણ કરી દે છે. આ પરથી પણ પુરવાર થાય છે કે અંગનું રાજ્ય હસ્તિનાપુરની નજીકમાં આવેલ હોવું જોઇએ. કેમકે મગધાદિ પૂર્વ હિંદનો સમ્રાટ તો તે પ્રસંગે જરાસંધ છે. દુર્યોધન તો હસ્તિનાપુર અને તેની આસપાસના પ્રદેશનો નૃપતિ છે. તેનું રાજ્ય કંઇ મગધની પૂર્વ અને પશ્ચિમ એમ બંને દિશાએ તો ન જ પથરાયલું હોઇ શકે. એટલે ઉપરોક્ત પ્રસંગની દૃષ્ટિએ પણ અંગદેશ હસ્તિનાપુરના નજીકમાં આવેલ હોવાનો સંભવ છે.

આ બધાં પ્રમાણો પરથી સહેજે સમજી શકાશે કે અંગદેશ, વત્સ અને કાશીની વચગાળાના પ્રદેશમાં ગંગાની દક્ષિણે અને કલિંગની ઉત્તરે પથરાયલો પડયો હતો અને તેનું પાટનગર ચંપા કૌશામ્બીની નજીકમાં ગંગાને દક્ષિણ કાંઠે આવેલું હતું.

સંઘની સ્થાપના કરે છે અને પંડિતોને યજ્ઞકર્મથી નિવૃત્ત કરી તેમને શિષ્ય બનાવે છે.

**સાચી નિર્વાણભૂમિ:**—આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે મધ્યમાઅપાપા, ઉત્તર મધ્ય અવંતીમાં આવેલ હોવું જોઇએ. પણ એ વિધાનને બાજુએ રાખીએ તો પણ તે જ ભિયગામથી[27] બાર યોજન છેટે આવેલું હતું, ઉપરાંત જંભિયગામથી ત્યાં જતાં, રસ્તે કૌશામ્બીનું અડોઅડનું મેઢક ગામ અને તે પછી ષણ્માનિ ગામ આવતાં હતાં તે પણ નિશ્ચિત છે એટલે મધ્યમા-અપાપા એ જંભિયગામથી બાર યોજન દક્ષિણ-પશ્ચિમે આવેલું ગણાય. અમે જેને મહાવીર ભગવાનની નિર્વાણભૂમિ તરીકે ઓળખાવીએ છીએ તે મધ્ય-ઉત્તર અવંતીની રાજધાની શ્રી વિશાળા યાને શ્રી અપાપા કે જ્યાં આજે સાંચીના અવશેષો પથરાયલા પડયા છે તે સ્થળ એજ અંતરે આવેલું છે અને અમે જેને ભગવાન મહાવીરની કેવળજ્ઞાન ભૂમિ લેખીએ છીએ તે ભારહૂત સ્તૂપના અવશેષોવાળો પ્રદેશ પણ જંભિયગામના સ્થળ પર-કૌશામ્બીની સહેજ દક્ષિણ-પશ્ચિમે આવેલો છે.

---

૨૭ સમ્મેતશિખરથી દક્ષિણ-પૂર્વમાં પચીસ માઇલ છેટે આજે આજી નામે નદી વહે છે તેને કેટલાક ઋજુવાલિકાના નામે ઓળખાવે છે અને તેનાથી બે માઇલ દૂર આવેલા જલગ્રામને જંભિયગામ કહે છે. પણ તે વિધાન તો અંગ, ચંપા, અપાપા આદિ સ્થળોને અતિપૂર્વમાં ગણી લીધા પછી ગોઠવાયલું છે, પણ ઉપરોક્ત સ્થાનો જ્યારે મધ્ય હિંદની નજીકમાં આવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ ઋજુવાલિકા નદી પણ એટલામાં જ હોવી જોઈએ અને તે ભારહૂતના અવશેષોની આસપાસ પથરાયલી હિરણ્ય-બાહુની અનેક શાખાઓમાંની એક હોવાનો પૂરતો સંભવ છે

'ભગવતીસૂત્ર' માં પણ સિંહ મુનીના આક્રંદને લગતું જે વર્ણન મળી આવે છે તે પરથી એવો સ્પષ્ટ ખ્યાલ બાંધી શકાય તેમ છે કે આપણે ઉપર જે મેઢક (મેંઢિય) ગામને જંભિયગામ અને મધ્યમા અપાપા (સાંચી-શ્રી વિશાલા) ની વચ્ચે, કૌશામ્બીની દક્ષિણ-પશ્ચિમે પુરવાર કરી ગયા છીએ તે ગામ ભગવાન મહાવીરની નિર્વાણ ભૂમિ પાવાની નજીકમાંજ આવેલું હતુ.[૨૮]

ટોલેમી પણ ઉજ્જયિની અને તેની ત્રીસ માઇલ પૂર્વે આવેલા આગરનું વર્ણન કરતાં સાથોસાથ પાવાનગર (પાવાપુરી) નું પણ વર્ણન કરે છે. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે ટોલેમીએ પણ ઉજ્જયિનીથી સહેજ પૂર્વે-મધ્ય અવંતીમાંજ પાવાપુરી નિહાળેલ હોવી જોઇએ.[૨૯]

આ રીતે જ્યાં મહાવીર પ્રભુએ સંઘની સ્થાપના કરી અને જ્યાં તેમનું નિર્વાણ થયુ તે મધ્યમાઅપાપા મધ્યહિંદના સાંચીના અવશેષોને સ્થળે આવેલી હતી.

**કારણો:**—સાંચી એ ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણક્ષેત્ર હોવાના અનેક કારણો છે

એક તો ઉપર દર્શાવ્યું છે તે પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીની નિર્વાણભૂમિ શ્રી અપાપાનું સ્થાન ભૌગોલિક તેમજ વિહારક્રમની દૃષ્ટિએ મધ્ય અવંતિમાં હોવાનો પૂરતો સંભવ છે. અને સાંચીના અવશેષો પણ એજ વિભાગમાં આવેલા છે.

---

૨૮ 'मेढियगाम पावा के पास ही होगा' वीर निर्वाण संवत और जैन कालगणना तथा भगवतीसूत्र १६-६८६.

૨૯ 'Bammogoura—In Yule's map this is identified with Pavangarh'

Ptolemy—Ancient India. Mc. Crindle—154.

જૈન સમ્રાટ સંપ્રતિના ( ડૉ. ત્રિભુવનદાસ લ. શાહ કૃત ) તૃતીય ખંડના પ્રથમ પરિચ્છેદમાં જણાવ્યા પ્રમાણે ' અષ્ટાપદ, સમ્મેત શિખર, ગિરનાર, ચંપાપુરી અને શ્રી અપાપા એ તીર્થંકરોનાં પાંચ નિર્વાણક્ષેત્રમાં પ્રિયદર્શીએ જ્યાં લેખો કોતરાવ્યા છે ત્યાં તેણે પોતાના રાજચિન્હ સમી અને તીર્થંકરોના ગર્ભપ્રવેશ પ્રસંગે તીર્થંકરોની માતાઓએ નિહાળેલાં ચૌદ સ્વપ્નોમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી હસ્તિની આકૃતિ કોતરેલી છે. તેમાંથી કાલ્સી ( અષ્ટાપદ ), ધૌલી ( સમ્મેતશિખર ), ગિરનાર ને રૂપનાથ ( ચંપાપુરી ) એ ચાર જગ્યાએ તો લેખોની સાથે હાથીની આકૃતિઓ મળી આવ્યાનું એજ ગ્રન્થના પૃષ્ઠ ૨૦૫ થી ૨૧૪ પર જણાવવામાં આવ્યું છે ' એજ પ્રમાણે ભગવાન મહાવીરના નિર્વાણસ્થળ સમા આ સાંચી તીર્થમાં પણ પર્વતની તળેટીમાં શિલા પર બે હાથી કોતરેલા મળી આવ્યા છે.[૩૦] તળેટીમાં જૈન સમ્રાટ સંપ્રતિના લેખ જો કે નથી મળી આવ્યા પણ ટેકરી ઉપર

૩૦ ' The sixth inscription is undated. It is cut on a flat piece of rock, at the foot of the Sanchi hill; and contains, so far as I could make out, the words Srima, Saktayah, Saktih and Mitranandasya: which seem to point to a fixed tantric mithraic worship : while the rude carving below it, is of a Buddhist character. This is mere outline sketch, representing two rather well-drawn elephants, each with a mahavat, and a monkey holding on behind. They support with their trunks, a seat or throne, above which, but seated in the air, is a cross legged, long-eared figure, with hands in his lap. '

P. 107 Sanchi and its Remains

ઊભા કરાયલા સ્થંભ પર તો પ્રિયદર્શીનો લેખ પણ મળી આવ્યો છે[૩૧] એટલે પ્રિયદર્શીએ તીર્થંકરોની નિર્વાણભૂમિ પર કોતરાવેલા હસ્તિની દૃષ્ટિએ પણ સાંચી, ભગવાનની નિર્વાણભૂમિ ઠરે છે.

હવે દરેક નિરીક્ષકના દિલમાં ઉદ્‌ભવી શકે એવો સૌથી મહત્ત્વનો પ્રશ્ન તો એ છે કે, જો સાંચી ભગવાનની ખરી નિર્વાણભૂમિ છે તો પછી જૈન સમાજમાં પરંપરાથી તેની પૂજા કેમ નથી થતી આવતી ? ને સાંચીને બદલે વર્તમાન પાવાપુરી ભગવાનની નિર્વાણભૂમિ તરીકે કોણે, ક્યારે અને કેમ ઠેરવી દીધી ? આ પ્રશ્નનો ખુલાસો નીચેના વર્ણનમાંથી સાંપડી રહેશે.

ઇ. સ. પૂર્વે ૫૨૭માં ભગવાન સાંચીમાં નિર્વાણ પામ્યા. તે સમયે તેમના નિર્વાણ સ્થળ પર સ્તૂપ બંધાવાયો ને સાંચીમાંથીજ દીપોત્સવીના દીવાં પ્રગટાવવાની શરૂઆત થઇ. ઇ. સ પૂર્વે ૩૬૪ માં જૈન સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યે સાંચીના ઉપર્યુક્ત સ્તૂપને ભવ્ય અને કલાત્મક રૂપ આપ્યું. તે સમયે તે જૈનોનું પવિત્ર યાત્રાધામ લેખાતું જ હતું

તે પછી સમ્રાટ પ્રિયદર્શીના સમયમાં તે મૂળ સ્તૂપની આસપાસ કઠેરા કરાવવામાં આવ્યા ને ભવ્ય સ્થંભો બનાવવામાં આવ્યા. સાથો-સાથ ભગવાન મહાવીરના ગણધરોના તેમજ અન્ય મશહૂર જૈન મુનિ-

---

૩૧; १' पियदसि राया ( संचिय १ ) महमत आहे
२ भिखुनं च भिखुनिनं नातिपुतस
३ ....ति ढिख क....वि सं—रि....के ये संघ
४ ममेघति भिखु वा भिखुनि वा उदाता
५ ति दुसानि सनंधापयितु अनावा—
६ घसि वासपेतविये इच्छा हि मे कि
७ ति संघ समगे चिलथिकितं सि याति

વરેના અવશેષો અન્ય છૂટા છવાયા સ્થળે સચવાયેલા હતા તે મંગા-વીને મૂળ સ્તૂપની આસપાસ ભંડારવામાં આવ્યા ને તેના પર છ નાના સ્તૂપો બંધાયા. આ રીતે સાત સ્તૂપો અને સંખ્યાબંધ ભવ્ય સ્થંભોથી સાંચી વિશિષ્ટ જૈન તીર્થ તરીકે શોભવા લાગ્યું. સમ્રાટ પ્રિયદર્શી યાને સંપ્રતિ વર્ષમાં ચાર વાર તે તીર્થની યાત્રાએ આવતા હતા.[32] તે પરથી એમ માનવાને કારણ રહે છે કે તે સમયે સાંચી એ જૈન સંઘને માટે ભવ્ય યાત્રાધામ બનેલ હોવું જોઇએ

પણ મૌર્ય સામ્રાજ્યના વિલય પછી શુંગોએ શ્રમણ (જૈન ને બૌદ્ધ) સંસ્કૃતિ સામે ભયાનક જેહાદ આદરી. તેમને જૈન–બૌદ્ધતીર્થોને હિંસાથી ભ્રષ્ટ બનાવ્યા, મુનિઓની કતલ આદરી[33] સાંચીને પણ

આ લેખમાંની ત્રીજી પંક્તિમાના ખંડિત અક્ષરોને આત્મવિશ્વાસ-પૂર્વક પૂરવાનું શક્ય ન બનતાં તે પંક્તિને મૂળ પ્રમાણે જ અપૂર્ણ રહેવા દીધી છે. પણ સ્થળ, સંયોગો, વ્યક્તિત્વ ને અન્ય ધર્મ લિપિ-ઓને સ્મરણમાં લેતા આથી વાક્યનો ભાવાર્થ નીચે પ્રમાણે હોવાનું સર્વથા સંભવિત જણાય છે.

' પ્રિયદર્શિ રાજા ( સાંચીના ) મહામાત્રાને આમ કહે છે—

' જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનાં જે ભિક્ષુકો કે ભિક્ષુણીઓ આ તીર્થની યાત્રાએ આવે તેમને કહેવું કે—' જે ભિક્ષુઓ કે ભિક્ષુણીઓ સંઘને અભેદ્ય રાખવા ઇચ્છતા હોય તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરવાં અને ઉપાશ્રયોમા વસવું એવી મારી ઇચ્છા છે. કેમ ? તો કે સંઘની એકતા ચિરસ્થાયી રહે એટલા માટે. '

આ રીતે સાંચીનો મુખ્ય સ્તૂપ ને મુખ્ય સ્થંભ જૈનધર્મનાં દ્યોતક રૂપ છે. ડો ત્રિભુવદાસ લ. શાહ કૃત જૈન સમ્રાટ સંપ્રતિ પૃ ૨૩૨-૨૩૪

૩૨ ડો. ત્રિભુવનદાસ લ. શાહ કૃત જૈનસમ્રાટ સંપ્રતિ પૃ. ૨૫૪.

૩૩ : पुष्यमित्रो राजा सबलवाहनो ऽ वष्टब्ध. तस्य 'मुनिहत' इति संज्ञा व्यवस्थापिता—' दिव्यावदान पृ. ४३४

ખેદાનમેદાન કરીને ત્યાં તાંત્રિક અને શૃંગારિક કોતરકામો ઉમેર્યાં.' આ જુલ્મ-જહાંગીરી ચલાવનાર પુષ્યમિત્ર-અગ્નિમિત્ર જૈન સાહિત્યમાં કલ્કીનાં નામે ઓળખાયલ છે.[૩૪]

મધ્યયુગમાં જેમ યવનોના ત્રાસથી અનેક તીર્થોમાં ફેરફાર થઇ ગયો, મૂર્તિઓનાં સ્થાન પલટા કરવામાં આવ્યા, તેમ કલ્કીના ત્રાસયુગમાં અનેક તીર્થોમાં પરિવર્તન થયું અને અનેક પવિત્ર સ્મરણ કેન્દ્રોને પાટલીપુત્ર અને અવંતીથી દૂર ખસેડવામાં આવ્યાં, મુનિઓ પણ અન્ય પ્રદેશોમાં વિચરવા લાગ્યા.[૩૫]

સંભવિત છે કે આ અરસામાં ભગવાન મહાવીરના નિર્વાણસ્થાનકને સાંચીથી ફેરવીને પાવાપુરીમાં તેની સ્થાપના કરવામાં આવી હોય આમ માનવાને મુખ્ય કારણો બે છે. એક તો એ કે-સાંચીના મુખ્ય સ્તૂપની આસપાસના નાના સ્તૂપોમાંથી અવશેષાદિ મળી આવ્યા છે પણ મુખ્ય સ્તૂપને ઊંડે લગી ખોદવા છતાં તેમાંથી અવશેષો હાથ લાગ્યા નથી.[૩૬] એ પરથી એમ કલ્પવાને અવકાશ

---

૩૪ 'गोयमा होही दूर तपं तं लक्खणों अदट्ठव्वे रोद्दे चंडे पचंडे उग्गपयंदडे निम्मिरे निक्खिवे निग्घिणे निर्त्तिसे कूरपरपावमई अणारियमिच्छदिट्ठी कक्को नाम रायाणे सेणं पावे पाहुडिय भमाडिउक्काये सिरि समणसंघकयत्थेज्जा ।' મહાનિશીથ ૬-૪૬

૩૫ ' गच्छंति अण्णदेसं ।' दीपाक्लि-कल्प

૩૬ ' The principal stupa at Sanchi yield no relics nor could find any trace of a cell for their deposit; though we sank a shaft, five feet square, through the central brick-work, down to a point below the level of the basement terrace. p. 108.

Sanchi and its Remains

રહે છે કે આફતના સમયે અન્ય નાના સ્તૂપોને જેમને તેમ રહેવા દઈ મુખ્ય સ્તૂપમાં જળવાયલા ભગવાન મહાવીરના અવશેષોને અન્ય સ્થળે ( વર્તમાન પાવાપુરીમાં ?) ખશેડી દેવામાં આવ્યા હશે. અને બીજું એ છે કે વિદિશાની પ્રજા આજે એ સ્તૂપની પૂજા નથી કરતી, છતાં તેણે વંશપરંપરાથી એટલો ઇતિહાસ તો જાળવી જ રાખ્યો છે કે પ્રાચીન સમયમાં આ સ્થળ જૈન તીર્થ હતું અને જૈન સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યે ઈ. સ. પૂર્વે ૩૬૪માં મુખ્ય સ્તૂપ બનાવરાવ્યો હતો. આ પરથી એમ કલ્પી શકાય કે જ્યાં લગી આ તીર્થ ભગવાન મહાવીરના અવશેષોથી પ્રતિષ્ઠિત હતું ત્યાં લગી વિદિશાના અને ભારતભરના જૈનો તેની પૂજા કરતા હતા પણ જ્યારે તે તીર્થને ખાલી કરીને અવશેષોની અન્ય સ્થળે સ્થાપના કરવામાં આવી ત્યારે તીર્થ ભ્રષ્ટ થયેલ માની પૂજનને વિધિસર અટકાવી દેવામાં આવ્યું. અને સાંચી એ રીતે જૈન તીર્થ તરીકે અટકી જતાં વૈદિકોએ અને બૌદ્ધોએ ત્યાં પોતાનાં ચિન્હો ઉમેરવા માંડયાં.

આ વિષયમાં એક નિર્ણય આપવાનું કામ મુશ્કેલ છે અને તે એ કે ઉપર વર્ણવ્યા પ્રમાણેનું તીર્થ પરિવર્તન ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં શુંગયુગમાં થયું હશે કે તેરમી–ચૌદમી સદીમાં મુસ્લિમ આક્રમણનાં પ્રસંગે ? શુંગોએ શ્રમણ સંસ્કૃતિ પર અત્યાચારો તો અનેક ગુજારેલા પણ તેમના સમયમાં કદાચ તીર્થ પરિવર્તન ન પણ થયું હોય તેમ માનવાને મુખ્ય કારણ એ છે કે, સાંચીમાં સાતમી–આઠમી સદી લગીના પણ જૈન લેખો–અવશેષો આદિ મળી આવે છે, જે તે સમયે પણ તે તીર્થ જૈનતીર્થ તરીકે જાહોજલાલી ભોગવતું હોવાનાં પ્રમાણ તરીકે ગણી શકાય. શ્રી જિનપ્રભસૂરિ પણ ભગવાન મહાવીર સ્વામીની મધ્યમા-અપાપામાં ભવ્ય રમણીય સ્તૂપ હોવાનું વર્ણન કરે છે. એટલે એમ માનવાને કારણ રહે છે કે શુંગયુગમાં સાંચીના જૈનતીર્થને કેટલીક મુશ્કેલીઓ નડી હશે એ મુશ્કેલીઓના

પરિણામે, ( આજે જેમ શત્રુંજય તીર્થ પર અંગારશા પીરની કબર ઉમેરાણી છે તેમ ) તે તીર્થપર કેટલાક વૈદિક તેમજ બૌદ્ધિક ચિન્હો ઉમેરાયાં હશે પણ તીર્થ પલટો તો અલ્લાઉદ્દીને મધ્ય હિંદમાં ચલાવેલી ખૂનરેજીના વખતમાં જ થયો હશે. એટલે ભગવાન મહાવીરની ખરી નિર્વાણભૂમિ તે બિહારમા આવેલ પાવાપુરીને બદલે મધ્ય અવંતીમાં આવેલ શ્રી વિશાળા યાને શ્રી અપાપા કે જ્યાં આજે સાંચીના અવશેષો જળવાયલા પડયા છે તે જ માની શકાય.

## ચંપાપુરીનું સ્થાન ?[1]

**પ્રચલિતમાન્યતા:**—જૈન ધર્મપાળનારાઓ પોતાના ઇષ્ટદેવને "તીર્થંકર" નામથી સંબોધે છે. તેવા એક તીર્થંકરની નિર્વાણભૂમિ ચંપાપુરી મનાય છે અને તેનું સ્થળ આધુનિક પ્રચલિત માન્યતાનુસાર ઉત્તર હિંદના પ્રદેશમાંથી વહેતી ગંગાનદી પૂર્વ તરફ આવીને બંગાળા ઇલાકામાં વળાંક લઇને જ્યાં દક્ષિણે વળે છે ત્યાં ખૂણામાં ભાગલપુર જીલ્લાનું મુખ્ય શહેર ભાગલપુર છે તેની પાસે ચંપા નામનું ગામ આવેલ છે તેને જ લેખે છે.

**સત્ય વસ્તુ:**—આ માન્યતાથી વિરૂદ્ધ જઇ એક વખતે મહાન કોશલ અને વિદર્ભ તરીકે પ્રખ્યાત થયેલા મધ્યપ્રાંતમાં જ્યાં સમ્રાટ પ્રિયદર્શીનો રૂપનાથનો શિલાલેખ છે તેની નજીકમાં જ સાચી ચંપાપુરી હોવાનું મારૂં નમ્ર મતવ્ય છે.

વર્તમાન ચંપાથી ભિન્ન સ્થળે જ ચંપા હોવાની મારી માન્યતા કેવી રીતે ઉદ્ભવી એ પ્રશ્ન સહેજ થાય. ઉત્તર સહેલો છે. પ્રાચીન શાસ્ત્રીય ગ્રન્થો અને ગ્રન્થકારોનાં વચનો વિશેષ પ્રમાણભૂત અને સત્યની તદ્દન નજીક હોવાની માન્યતા મૂળની જ મારા માનસપટે

૧ અહીંથી મોટો ભાગ પ્રાચીન ભારતવર્ષ ભાગ પાંચના અંતે જોડેલી પુરવણી તથા ડો. ત્રિભુવનદાસના અપ્રગટ લેખો ઉપરથી લીધો છે.

અંકાય છે ને તે માન્યતાનુસાર જૈનધર્મના પૂ. પ. મ. શ્રી કલ્યાણ-વિજયજીએ લખેલ (શ્રી નેમિચન્દ્રસૂરિ, શ્રી ગુણચન્દ્રસૂરિ અને શ્રી હેમચન્દ્રસૂરિના લખેલાં પ્રાચીન પુસ્તકોના આધારે) 'શ્રમણ ભગવાન મહાવીર' નામનુ પુસ્તક હુ વાચી ગયો. તો દેખાયું કે પૂ. પ. મહારાજ શ્રી ચંપાના સ્થાનને અર્વાચીન માન્યતા મુજબ ભાગલપુર જીલ્લામાં જ માનતા હોઇ, ઉપરોક્ત પ્રાચીન ગ્રન્થકારોની વિગતોમાં પણ પોતાની માન્યતાને આધારે ખૂબજ ફેરફારો કરવા લલચાયા છે તેમજ ભગવાન મહાવીરના વિહારક્રમમાં, મૂળ આગમોની વિગત કરતાં એમણે નવીજ વિગતો દર્શાવી છે. પ્રાચીન ગ્રન્થકારોના બોલનો તાત્ત્વિક નક્કરતામાં દૃઢ વિશ્વાસ ધરાવતા પ્રત્યેકને કે મને એમ લાગે-લાગ્યું કે પ્રાચીન ગ્રન્થો તથા આગમોમાંની વિગતોને ખોટી માની લેવા કરતા પૂ. પ. મહારાજશ્રીની માન્યતામાં અંશતઃ ક્ષતિ કેમ ન થઇ હોય ? તપાસને પરિણામે બીજા વિશેષ પુરાવાઓ મળી આવ્યા, અને આગમોની હકીકત નિર્વિવાદ સત્યપુર્ણ હોવાની મને પાકી ખાત્રી થઇ.

ખરી ચપા મધ્યપ્રાંતમાં જ હોવાનું મારૂ મંતવ્ય આગમ ગ્રન્થોની વિગતો સાથે કેટલું સુસંગત જણાય છે તે પ્રથમ પુ. પ. મહારાજશ્રીના ગ્રન્થ ઉપરથી જોઇ લઇએ. તેમના પુસ્તકની પ્રસ્તાવનાનાં પૃષ્ઠ ત્રીજામાંના તેમના મુદ્દાઓ.

**મૂળ મુદ્દાઓઃ**— (૧) વાણિજ્યગ્રામથી ચંપામાં ભગવાન મહાવીરે ત્રીજું ચોમાસું કર્યાનું જૈન ધર્મના શ્રી ગુણચન્દ્રસુરિ અને હેમચન્દ્રસૂરિનું કથન બરાબર નથી. પણ પહેલાં તેઓશ્રી ચપાને બદલે રાજગૃહમાં ગયા હતા અને ચોમાસું ત્યાં ગાળીને પછી ચંપા ગયા હતા.

**મારૂં ટીપ્પણઃ**—મધ્યપ્રાન્તમાંનો રૂપનાથ ખડકવાળી જગ્યાએ

ચંપાનાં સ્થાનને લેખીએ તો ઉપરોક્ત શાસ્ત્રકારોની હકીકતમા સરતચૂક જોવાપણું બિલકુલ નહિ રહે.

(૨) આગળ ઉપર 'ભગવતી સૂત્ર'માંનું જે લખાણ કે, 'ભગવાને ચંપાથી વીતભયનગરે જઇ ઉદાયનને દીક્ષા દીધી.' તે ખોટું ઠરાવતાં પૂ. પં. મહારાજશ્રી લખે છે કે ચંપાથી વીતભય ૧૦૦૦ માઇલથી પણ વિશેષ દૂર છે અને વાણિજ્યગ્રામથી ચંપા થઇને વીતભય જવામાં તો એ અંતર ૧૨૫ માઇલ લગભગ વધી જાય છે, એટલા માટે રાજગૃહથી પ્રથમ ચંપાગમન માનવું વધારે ઉચિત છે.

ઠીક ! ભલા, સૂત્રવચન વધારે સાચું કે પોતેજ—એક વ્યક્તિએ માની લીધેલ માન્યતાથી પ્રેરિત અનુમાન વધારે સાચું ? રૂપનાથ ખડક આગળ મધ્ય પ્રાંતમાં ચંપાનું સ્થાન સ્વીકારી લઇશું તો સૂત્ર વચન તદ્દન ખરૂં માલૂમ પડશે; તેમજ ચંપા અને વીતભય વચ્ચેનું અંતર એક હજાર માઇલથી ઘણું જ કમ થતા વિહાર સહેલો થયેલ જણાશે (વળી, જુઓ પૃ ૨૭૯)

(૩) શ્રી ગુણચન્દ્રસૂરિ અને હેમચન્દ્રસૂરિના મતે ચંપાથી ભગવાનનો વિહાર બનારસ અને આલંભિયા તરફ થયાનું લખ્યું છે. ઉપરાંત વીતભય જવા આવવામાં ગ્રીષ્મકાળને લઇને શ્રમણોને ભૂખ તરસને લીધે બહુ સંકટ ખમવું પડયું હતું. આ ઉપર પોતે ટીકા કરતાં જણાવે છે કે, ' પરંતુ આપણે જોતા આવ્યા છીએ કે ચંપાથી ભગવાન સિંધ દેશના વીતભય ગામે ગયા હતા અને ત્યાંથી વાણિજ્યગ્રામે વર્ષાવાસ માટે પાછા ફર્યા હતા. ચંપાથી સીધા બનારસ, આલંભિયા વગેરે નગરોમાં જઇ સિંધ દેશમાં ઉદયનને પ્રતિબોધ આપવો તદ્દન અસંભવિત છે તેથી જ અમે આ ( અત્રે બતાવેલ ચાર મુદ્દામાંનો ) કાર્યક્રમ વાણિજ્યગ્રામના વર્ષાવાસ પછી રાખ્યો છે.

તેમની માન્યતા સાચી ને સૂત્રવચન ખોટું એમ માનીએ તો જ પૂ. પં. મહારાજશ્રી સાથે સહમત થવાય પણ મધ્ય પ્રાન્તમાં ચંપાનું

સ્થાન સ્વીકારતાં પૂર્વાચાર્યો કથિત ઉપલી હકીકત બિલકુલ બ બધબેસતી થઈ રહે છે એનું કેમ !

(૪) ઉપરના ગ્રન્થકાર કથિત ચરિત્રો અનુસાર આલંભિયાથી ભગવાનનો વિહાર કાંપિલ્ય તરફ થાય છે. પરંતુ આટલા વિહાર પછી આલંભિયાથી રાજગૃહ ન જતાં ભગવાન કાંપિલ્ય તરફ વિચર્યા એ વાત તેમનું દિલ કબૂલતું નથી ને ઉમેરે છે કે, 'વાસ્તવમાં ભગવાન આલંભિયાથી રાજગૃહ ગયા હશે, કેમકે તે સ્થાન એક તો અન્ય કેન્દ્રોથી નજીક પડે છે, વળી વિશેષમાં ત્યાં નિર્ગ્રંથ પ્રવચનનો પ્રચાર કરવાનો અનુકૂળ અવસર હતો. મહારાજા શ્રેણિક અને તેના કુટુંબ પરિવારની ભગવાન ઉપર અનન્ય શ્રદ્ધા જામી ચૂકી હતી અને પાછલાં બે ચોમાસામાં તો તે પર્યાપ્ત થઇ ચૂકી હતી. આ વાતનો વિચાર કરવાથી આલંભિયાથી ભગવાનનું રાજગૃહ જવું જ યુક્ત માની શકાશે.'

ગ્રન્થકારનાં અણિશુદ્ધ વચનો કરતાં, નિજ અપૂર્ણ માન્યતાના વાસ્તવ દર્શનની ધમાલમાં પડતાં જ ઇતિહાસમાં આવાં અપૂર્ણ સત્યો સ્થાન પામી જાય છે!

આ પ્રમાણે ચાર મુદ્દાની તપાસથી ખ્યાલ આવશે કે અર્વાચીન મત મુજબ ચંપાને આલેખવા જતાં સત્યસભર આગમસૂત્રો તથા પ્રાચીન ગ્રન્થોની અવહેલના થાય છે. મેં જણાવ્યું તે પ્રમાણે ચંપાનું સ્થાન ૧ મધ્ય પ્રાંતમાં ગોઠવાય તો જ તે સૂત્ર કથનને યોગ્ય અને ભૌગોલિક દૃષ્ટિએ સુસંગત બને છે.

આગમો સાથે મધ્યપ્રાન્તની ચંપાની સત્યતા ચકાસ્યા પછી, હવે જૈનધર્મના એક આચાર્ય અને ઇતિહાસમાં રસ ધરાવતા શ્રી વિજયેન્દ્રસૂરિએ ઘણો ઘણો શ્રમ ઉઠાવી કેટલાક ગ્રન્થોનું અનુશિલન કરી લગભગ ૨૩ મુદ્દા અંગદેશ વિષે અને તેટલા જ ચંપા નગરીના મળી કુલ ૪૬ મુદ્દા એક પુસ્તકમાં ટાંકયા છે. તે તપાસવાથી પ્રમાણુમાં આપણું કામ ઘણું સરળ બની જશે.

તેઓશ્રીએ નિર્દિષ્ટ અંગદેશ અને ચંપા નગરીના કુલ ૪૬ મુદ્દામાંથી આપણે તપાસવા યોગ્ય પ્રાચીન મુદ્દા તો કેવળ ૩+૧૧ એટલે ચૌદજ છે. અંગદેશને લગતા ત્રણ મુદ્દા જોઇ લેતાં તેને 'પૂર્વદેશમાં આવેલ ગણાવ્યો છે.' એમ તો સ્વ. શ્રી વિજયધર્મસૂરિએ સ્વરચિત 'વિવિધ તીર્થમાળા' માં શ્રાવસ્તિ, હસ્તિનાપુર આદિ નગરીઓને પણ 'પૂર્વદેશ' માં આવેલ જણાવી છે. મતલબ કે આવા મોઘમ લખાણથી અંગદેશનું સ્થાન કોઇ ચોક્કસ કરી શકતું નથી. પરંતુ પ્રાચીન શાસ્ત્રકારો ઉજ્જયિનીને જે મહત્ત્વ અર્પે છે તે જોતાં તેઓ જ્યારે જ્યારે જંબુદ્રીપના 'દક્ષિણ ભરતખંડે પૂર્વદેશ' એવું દિશાસૂચન કરે ત્યારે ત્યારે તે બન્ને નગરને સાંધનારી ઊભી લીટીને, ઉત્તર દક્ષિણે લંબાવવી અને તે લીટીની પૂર્વે આવેલો પ્રદેશ 'તે પૂર્વદેશ' એવો અર્થ કરવો રહે છે. આ પ્રમાણે કરતા, તેમના પૂર્વદેશ કથિત વર્ણનમાં વર્તમાનના બુંદેલખંડ, રેવારાજ્ય, બંગાળ બિહાર, ઓરિસ્સા, આસામ, મધ્યપ્રાન્ત ઇ. ઇ નો સમાવેશ થતો ગણી શકાશે અને આપણી આ માન્યતા તેઓશ્રીએ ચંપાનગરીનાં અવતરણોમાં વાપરેલ શાસ્ત્રકારનાં પોતાનાં જ વાક્યો ઉપરથી સાચી ઠરે છે.

तत्र वाराणस्याः परतः पूर्वदेशः। यत्र अंग—कालिंग—कोसल—तोसल....बह्मोत्तर प्रभृतयो जनपदाः। (काव्यानुशासनम् पृ ९३-१६३)

વાણારસી (કાશી) ની પેલી તરફનો પૂર્વદેશ કહેવાય છે અને તેમાં અંગ–કલિંગ, કોસલ, તોસલ આદિ દેશો આવેલા છે એટલે કે ઉપરોક્ત સર્વ પ્રદેશો વારાણસીની પૂર્વમાં આવેલ છે. તેમાં પણ વારાણસીની परतः લગોલગ પૂર્વમાં અંગ હતો એમ કહેવું થાય છે. આટલું અંગદેશ વિષે સમજવું. હવે ચંપાના સ્થાન માટેના અગ્યાર અવતરણો જોતા તેનું સ્થાન સ્વતંત્રપણે નિર્ધારતા શબ્દો તો એકેય માં નથી. છતાં ભિન્ન ભિન્ન અવતરણોમાંનો અમુક અમુક ભાગ લઇને

તેનું સંકલન કરવાથી વિષય હાથમાં આવે છે. કુલ તપાસના ચૌદ મુદ્દાના નીચે પ્રમાણે વર્ગ પાડી શકાય છે.

| વર્ગ | પુરાવાનો આંક | તેનું પૃષ્ઠ | |
|---|---|---|---|
| (૧) | ૭ | ૪૧ | શતાનિક રાજા એક રાત્રિમાં દધિવાહન રાજાની ચંપાનગરી પર ચડી ગયા હતા, એમ જણાવેલ છે. |
| | ૧૦ | ૪૨ | |
| | ૧૧ | ૪૩ | |
| | ૨૦ | ૪૪ | |
| (૨) | ૧૦ | ૫૦ | દશ રાજ્યોની રાજધાનીનાં નામો આપ્યાં છે. |
| (૩) | ૧૬ | ૫૦ | અંગદેશની રાજધાની ચંપા છે એમ નિર્દેશે છે. |
| (૪) | ૬ | ૪૧ | નિષધદેશની પાસે અને વારાણસીની પૂર્વમાં=અંગદેશ આવ્યાનું જણાવે છે. |
| (૫) | ૩ | ૪૬ | |
| | ૨૧ | ૫૧ | |

આ પ્રમાણે પાંચ વર્ગમાંથી બીજો અને ત્રીજો વર્ગ કોઈ રીતે મદદગાર થાય તેમ દીસતું નથી. બાકીના ત્રણમાંથી પાંચમાનો નં ૩ પૃ. ૪૬ વાળો પુરાવો અંગદેશ વારાણસીની પૂર્વમાં લગોલગ આવ્યાનું જણાવે છે. એટલે હાલના સહસ્રામ, મોગલસરાઈ અને આરાહ શહેરવાળો પ્રદેશ અંગદેશમાં હોવાનું સમજાય છે. જ્યારે પુરાવો નં. ૬ પૃ. ૪૧ અંગદેશને નિષધદેશની પાસે આવેલ કહે છે. આ કથન 'ત્રિ શલાકાપુરુષ ચરિત્ર'માં નળ રાજાના પ્રદેશવર્ણન અંગેનું છે. (પૌરાણિક ભૂગોળ ભા. ૧–૨ નળાખ્યાન) એટલે કે નિષધ અને અંગદેશ લગોલગ હતા તેમાં નિષધદેશ કેટલાક વિદ્વાનોના મતે વર્તમાનના ઝાંસી, ગ્વાલિયર, બુંદેલખંડ (પન્ના અને રેવારાજ્ય)વાળો અને કેટલાકને મતે વરાડ પ્રાન્તવાળો ભાગ લેખાય છે. જેથી નં. ૪ અને નં. ૫ એમ બન્ને વર્ગના પુરાવાની સાહેદત અરસપરસ મદદરૂપ

બની રહે છે. જ્યારે બાકી રહેતા પ્રથમ વર્ગના પુરાવાઓ (નં. ૧૧ પૃ. ૪૩ ) પણ ઉપર તારવેલ નિર્ણયને પુષ્ટિ આપી વિશેષ સ્પષ્ટ સ્વરૂપે જાહેર કરે છે. તે કથન તેમણે ' નિરયાવળી'માંથી ઉતારીને હિંદી ભાષામાં રજુ કરેલ છે. આખા કથનમાંથી ઉપયોગી લેખાય તેવો ભાગ આ પ્રમાણે છે.

' (અ) કૌશામ્બી નગરીસે ચંપાનગરી કુછ બહુત દૂર નહિ થી (આ) ચંપાનગરી કે પાસ ગંગાનદી વહેતી હૈ (ઇ) ઇસ વાસ્તે સતાનિક રાજા લશ્કર કે સાથ પહિલે નાવમે બૈઠ કર જમના નદીમેં ચલા પીછે પ્રયાગ કે પાસ જહા જમના નદી ગંગા મહાનદીમે મીલ ગઇ તબ ગંગા મેં નાવસે ચલકર ચંપાનગરીકુ એક રાત્રિમે પહુચ ગયા ''

આ ત્રણે અવતરણોને હવે એક પછી એક તપાસીએ. (અ) કૌશામ્બી નગરીસે ચંપાનગરી કુછ બહુત દૂર નહિ થી ' કુછ બહુત દૂર નહિ થી ' આ શબ્દોથી બે નગરી વચ્ચે બહુ બહુ તો ૫૦ થી ૧૦૦ માઇલનું અંતર હોવાનું સમજાય છે. તેમાંય કૌશામ્બીનુ સ્થાન તો અલ્હાબાદની પશ્ચિમે ૨૫-૨૮ માઇલે નદી પ્રવાહે આવ્યાનુ નિશ્ચિત જ છે. એટલે અલ્હાબાદની પૂર્વમાં આવેલ ચપાનુ સ્થાન તો ઉપરના કલ્પિત ૧૦૦ માઇલમાંથી બાદ કરતાં ૨૦ થી ૫૦ માઇલ જેટલુ જ છેટે લેખવું રહે છે. (આ) 'ચંપાનગરી કે પાસ ગગાં નદી વહતી હૈ.' જો કે આ શબ્દોથી ચપા પોતે જ ગંગા તટે આવ્યાનું સમજાય છે. પરંતુ બીજા અવતરણોથી સ્પષ્ટ થાય છે કે ચપા નદી તો ગંગામાં મળતી એક નાની નદી છે. જેનું બીજુ નામ ' માલિની ' છે તે ચપાનગરી આ ચંપા નદી પર વસેલી છે વળી મોટી ગગાનદીને જાન્હવી અને ભાગીરથી નામ અપાયાં છે; પરંતુ ' માલિની ' અપાયાનુ જાણુમાં નથી. એટલે પણ સાબિત થાય છે કે મોટી ગંગાના તટે ચંપાનગરી નથી. પરંતુ હાલમાં મુખ્ય ગંગા નદીનો પ્રવાહ બદલાતાં, અવશેષ રૂપે થઇ

રહેલી એક શાખા જેવી ચંપા-માલિનીના તટે જ આવેલી છે. (ड) ત્રીજા અવતરણમાં સ્પષ્ટ કહેલ છે કે, એક રાતમાં જ શતાનિક રાજા ચંપાનગરીએ પહોંચ્યો છે. તેમજ આ હકીકત ઘણા ગ્રંથોમાં હોવાથી નિઃશંક બને છે. અનેક રીતે આગળ વધેલ શાસ્ત્રીય શોધખોળના આધુનિક સમયમાં પણ યંત્રથી ચાલતી સ્ટીમરની ગતિ દર કલાકે માત્ર ૧૦ થી ૧૫ માઇલ જ ગણાય છે. તો તેની અપેક્ષાએ શતાનિકના જમાનામાં જ્યારે સ્ટીમર નહોતી, પણ વહાણ હોવાથી વધારેમાં વધારે ગતિ દર કલાકે છ સાત માઇલના હિસાબે ગણતા એકજ રાતમાં એંશી માઇલથી વધારે અંતર કાપી ન શકે. વળી તેમાંથી કૌશામ્બી અને અલ્હાબાદ વચ્ચેનું અંતર ૨૮ માઇલ બાદ કરતાં ૫૦-૫૫ માઇલ જ અલ્હાબાદથી દૂર જવું રહ્યું. એટલે કે (अ) અને (ड) માંથી હકીકત મળી રહે છે. અત્રે એક વાત ધ્યાનમાં લેવાની છે કે અલ્હાબાદથી વહાણ મોટી ગંગાના પ્રવાહમાં નથી હંકારાયું, પણ માલિની નદીમાં હંકારાયું છે એટલે કે જળપ્રવાહનું વહેણ બદલાયુ છે. આ નદી ગંગાની દક્ષિણ-પશ્ચિમના ખૂણે (ઉપરના નં ૩ અને નં. ૬ ના બે પુરાવા જોતાં) વહેતી લાગે છે. વળી મુખ્ય નદી કરતાં શાખા નદીનો પ્રવાહ ધીમો તથા પટ સાંકડો હોવાથી વહાણનો વેગ વિશેષ ધીમો થાય તે સહજ છે. છતાં તેના પ્રવાહનો વેગ મુખ્ય નદી જેટલો ગણુતાયે અલ્હાબાદથી ચંપા ૫૦-૫૫ માઇલથી વધારે દૂર ન હોવાનું જ માનવું પડશે. ઉપરાંત ચંપાનદી અત્યારે પણ ખૂણો કરતી વહે છે અથવા વહેણ બદલવાનું ન ગણુતાં, મૂળ પાઠમાં દર્શાવ્યા પ્રમાણે પ્રવાહનો વળાંક એટલે દિશા બદલ્યાનું લેખો, તોય કૌશામ્બીનું સ્થાન અલ્હાબાદની પશ્ચિમે હોવાથી, ચંપા અને કૌશામ્બી વચ્ચેનું અંતર વહાણ રસ્તે ભલે અતિ દૂર હોય, પરંતુ કાગડો જે પ્રમાણે ઊડે છે તે પ્રમાણે સીધું અંતર તો કેવળ ૪૦-૫૦ માઇલના આસરે જ

આવશે. આ પ્રમાણે ત્રણે પુરાવામાંથી સાંપડેલી હકીકતને એકત્ર કરતાં એકજ નિર્ણય ઉપર અવાય છે કે **શાસ્ત્રકારની દૃષ્ટિએ કૌશામ્બીનો વત્સ દેશ, અલ્હાબાદ અને કાશીની પાસે જ અને બેની વચ્ચેના ખુણે લગોલગ પૂર્વ-દક્ષિણમાં ચંપાનો અંગદેશ આવેલ છે.** તેમજ આ બે દેશની રાજધાની કૌશામ્બી અને ચંપા વચ્ચેનું અંતર કાગડો ઊડે તે દિશાના હિસાબે કેવળ ૪૦-૫૦ માઇલ જ હોઇ શકે. જ્યારે ભાગલપુર જિલ્લાવાળા અંગદેશને ખરો માનીએ તો, તે તો કૌશામ્બીથી લગભગ ૪૦૦ માઇલના અંતરે આવે છે. ઉપરાંત બે દેશની વચ્ચે કાશી અને મગધ સામ્રાજ્યની હકુમતવાળો મોટો પ્રદેશ પણ આવે છે. એટલે સાબિત થાય છે કે શ્રી મહાવીરના સમયે મનાતો અંગદેશ વર્તમાન કાળની માન્યતાથી સાવ ભિન્ન જ છે અને તેથી જ આપણે માની રહેલ ચંપાની તીર્થભૂમિનું સ્થાન પણ ભિન્ન જ છે.

હવે ઉપરનો નિર્ણય બીજા અનેક પુરાવાથી ચકાસી જોઇએ. પુરાવાના બે પ્રકાર (अ) વિરૂદ્ધ જનારા (Negative) ને (आ) તરફેણ કરનારા (Positive).

(अ) વિરૂદ્ધ જનારામાં ઉપરોક્ત પૂ. વિજયેન્દ્રસૂરિ મહારાજે પોતાની માન્યતાના સમર્થન રૂપે ગણી ૨૩+૨૩=૪૬ અવતરણો ટાંક્યાં છે ને તેમાંના કેટલાક આપણે તપાસી ગયા તે પ્રમાણે ખોટા પૂરવાર થયા છે. તે સર્વેને આ કોટિમાં મૂકી શકાય. પરંતુ વિવેચકની દૃષ્ટિથી જ્યારે આપણે તેમાંના કેવળ ચૌદને નારવીને અવલોક્યાં છે; અને તેમાંનો સાચો ભેદ બહાર પાડયો છે, તો શેષ ૩૨ની સમીક્ષા પણ આવશ્યક ગણાય. પરંતુ વિસ્તાર ભયે તેમાંના મુખ્ય ને નોંધપાત્રનો ઉલ્લેખ કરીશું અને એ રીતે તમામનો નિષ્કર્ષ લગભગ આવી જાય.

(૧) પૃ. ૪૬ થી ૫૧ સુધીના પુરાવાઓ નં. ૨, ૩, ૬, ૧૪, ૨૧

૧૬ અને ૨૧માંના અંગદેશને જનપદ પ્રાન્ત અથવા મોટી વસ્તી અને ક્ષેત્રફળના પ્રદેશ તરીકે જણાવ્યો છે. જ્યારે પૃ ૪૮માં નં. ૧૦ માંના વર્તમાનકાળે ગણાતા અંગદેશનો પરિઘ ૪૦૦૦ લી અને ચંપાનો પરિઘ ૪૦ લી જણાવેલ છે. દેખીતી રીતે આ આંકડા કદાચ અધધધ લાગશે, પણ વાસ્તવમાં તપાસતાં ૧ માઇલ બરોબર ૧૦ લી છે.[1] અને તે હિસાબે આખા અંગદેશનો ઘેરાવો માત્ર ૪૦૦ માઇલ અને ચંપાનો ચાર માઇલનો થયો. ગણિતશાસ્ત્રના નિયમ મુજબ ઘેરાવાના આંકને ત્રણેથી ભાગીએ તો તેનો વ્યાસ આવે. એટલે કે અંગદેશ ઉત્તર–દક્ષિણ કે પૂર્વ પશ્ચિમે ૧૨૫ માઇલ લાંબો અને ચંપા ૧⅓ માઇલ લાંબી થાય, આવી નાની ભૂમિ 'જનપદ' (Province) પ્રાંત કે રાજ્ય (Kingdom) કહેવાવાને બદલે નાનો તાલુકો કે કસબો જ ગણાય. મતલબ કે તેમનું જ કથન તેમની વિરૂદ્ધમાં જાય છે.

(૨) વળી પૂ. આચાર્યશ્રીએ નૂતન ગ્રન્થાધારે (જુઓ પુરાવા નં. ૧ પૃ. ૪૬ અને નં. ૨૩ પૃ. ૨૧મા) જણાવેલ છે કે, 'બૃહત્કલ્પ સૂત્રમાં પૂર્વ દેશના અંતની મર્યાદા બાંધી દીધી છે કે અંગ, મગધ એ સાધુઓના વિહાર માટે પૂર્વદિશાના છેલ્લામાં છેલ્લા દેશ છે. આ નૂતન ગ્રન્થ સુપ્રસિદ્ધ પ્રો. જેકોબી રચિત બૃહત્કલ્પનો અંગ્રેજી અનુવાદ છે.[2] તેમાં વિહારના અંગે મર્યાદા સૂચવતા અંગ

---

૧ 'કેટલાક એક માઇલ બરોબર સાત લી લેખે છે. પરંતુ વિશેષ રીતે ૧ માઇલ બરોબર ૧૦ લી ગણાતા હોવાથી તેને વજનદાર લેખ્યા છે.

૨ 'પ્રો. જેકોબીએ 'બૃહત્કલ્પ' નો જે અંગ્રેજી અનુવાદ રચ્યો છે તેના મૂળ શબ્દો આ પ્રમાણે છે:—The monks or nuns may wander towarda the east as far as Anga-Magadh.

અને મગધના બે નામો તો જરૂર બતાવ્યાં છે. પણ તેનો ક્રમ પશ્ચિમથી પૂર્વમાં લેતાં, પ્રથમ અગ અને પછી મગધ આવે, એમ જે સાથે સાથે નોંધ્યું છે, તે પૂ આચાર્યશ્રીએ લક્ષમાં રાખ્યું નથી. મતલબ કે અંગનો ઉલ્લેખ પ્રથમ કરેલ હોવાથી તે પ્રથમ આવે અને તેનાથી પણ પૂર્વે મગધ આવેલ ગણાય. અનુવાદ ગ્રન્થ કરતાં મૂળ ગ્રન્થ બૃહત્કલ્પની સાહેદત પ્રાચીનતાની દૃષ્ટિએ વિશેષ વિશ્વાસપાત્ર હોઇ તેમનું જ કથન તેમની વિરૂદ્ધમાં જાય છે

(૩) પ્રો। જેકોબી જેવીજ આતર રાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા અન્ય વિદ્વાન આપણા ભારતીય પડિત મર્હુમ જયસ્વાલજી રચિત 'હીસ્ટરી ઓફ ઇન્ડિયા' ના પૃ ૩૨–૩૩માંથી એક વાક્ય ટાંકી બતાવ્યુ છે. (તેનો પુરાવો આંક ૨૨ પૃ. ૪૪) તેમાં બે ચંપા હોવાનું જણાવવા સાથે તે નગરીને નવીન ઠેકાણે વસાવ્યાની ગંધ પણ આવે છે જે ઉપર લેખકે ટીકા કરી છે કે, and the other was in the hills now called Champa.' (in the Vindhya) જુઓ પાનું ૧૧; એટલે કે એક ભાગલપુરવાળી કે જ્યાં જૈનધર્મના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યના મંદિર ઈ. આવેલ છે અને બીજી, ચપા નામે ઓળખાતી ટેકરીઓમાં આવેલ છે તે, આમ જે સ્થાનનો લેખકે નિર્દેશ કરી સંભાવના બતાવી છે તે શું લક્ષમાં લેવા યોગ્ય નથી?

આ પ્રમાણે ૪૬ પુરાવામાંના જેટલા સ્થાનસૂચક હતા તે સર્વનાં અવલોકનનો સાર આવી ગયો ગણાય.

(આ) હવે તરફેણ કરનાર ( positive ) પુરાવાઓ કે જે મને અભ્યાસને પરિણામે સાંપડયાં છે તે નીચે પ્રમાણે છે

(૧) એટલી હકીકત તો દીવા જેવી સ્પષ્ટ બની છે કે વત્સપતિ શતાનિકે અંગપતિ દધિવાહન ઉપર ચઢાઈ કરી હતી. સામાન્ય

નિયમ એ છે કે (૧) બન્ને લડતા દેશો અડોઅડના હોય તો એકબીજાનું લશ્કર કોઇના રોકટોક સિવાય એક બીજાના દેશમા ઉતારી શકાય. (૨) પણ જો તે દેશો અલગ પડી જતા હોય તો વચ્ચે આવતા પ્રદેશના શાસનકર્તાની અનુમતિ લઇને ચડાઇ લઇ જનારે પોતાનું લશ્કર લઇ જવું રહે. આ નિયમાધારે વત્સદેશની લગોલગજ અંગદેશ આવેલ ગણાય; પરંતુ જો હાલની માન્યતા પ્રમાણે ભાગલપુરને અંગદેશ માનીએ તો વત્સ અને અંગની વચ્ચે-એક તો કાશિનો પ્રદેશ અને રાજા શ્રેણિકના હકુમતવાળો મોટો મગધદેશ—એમ કુલ બે મોટા જનપદ આવે. જેની અનુમતિ વત્સપતિ શતાનિકે પોતાનું લશ્કર લઇ જવા માટે મેળવ્યાનું ઇતિહાસની કોઈ નોંધમાં જડતું નથી. એટલે સાબીત થાય છે કે વત્સ અને અંગની સરહદો અડોઅડ જ હતી. વચ્ચે કોઇ દેશ આવતો નહોતો.

(૨) 'પ્રબન્ધ ચિન્તામણિ' (અમદાવાદ મુદ્રિત ૧૯૦૯ )ભાષાંતર પૃ. ૨૧ મા જણાવાયું છે કે, 'શ્રેણિકના મરણ બાદ તેનો પુત્ર અશોકચન્દ્ર ગાદીએ આવ્યો. આ (રાજગૃહી) નગરીમાં પોતાના પિતાનો કાળ થયો તેથી તેનો ત્યાગ કરી **કૌશામ્બી પાસે નવી ચંપા** વસાવી ત્યા રાજધાની કરી.' (આ પુરાવો આચાર્યશ્રીએ પણ માન્ય રાખ્યો છે. જુઓ પૃ. ૪૪, આંક ૨૩: તીર્થકલ્પ પૃ. ૬૫) અત્રે તો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે કે ચંપાનું સ્થાન કૌશામ્બીની પાસે જ છે. નહિ કે નવી માન્યતા પ્રમાણે ૪૦૦ માઇલ જેટલા અંતરે.

(૩) ચંપાપતિ અજાતશત્રુના મરણની હકીકત જૈન ગ્રંથોમાં જ્યાં જ્યાં વર્ણવાઇ છે, ત્યાં ત્યા તેને વિંધ્યા (પર્વત) ઉપર ચડાઇ કરતો અને તેમાં આવેલી ગુફા પાસે મરણ પામતો જણાવાયો છે. વિંધ્યાપર્વતનું નામ કહી આપે છે કે ચંપા અને અંગદેશનું સ્થાન તે પર્વતની હદને અડીનેજ હોવું જોઇએ. (જેમ ચંપાનગરીવાળી નદીને ચંપા નદી

અને દેશને ચંપા દેશ નામથી સંબોધાય છે. તેમ જે ડુંગરી પાસે ચંપાનગરી વસી હતી તેને પણ કાંઈ ચંપાડુંગરી ન કહેવાય ? ઉપર પૃ ૩૨૩માં પં. જયસ્વાલજી કથિત હકીકત (અ માં પુરાવો નં ૩ વાંચીને સરખાવો )

(૪)અંગપતિ દધિવાહન પોતાની સગર્ભા રાણી પદ્માવતી સાથે હાથી ઉપર ક્રીડા કરવા જતાં હાથી દૂર જંગલમા ચાલ્યો જાય છે, જ્યાંથી રાજા-રાણી છૂટાં પડી જાય છે. રાણી એકલી જ ગલમાં જતાં કલિંગદેશમાં પહોચે છે. આવો ટુંકો સાર છે. આ હકીકત પણ સાબિત કરે છે કે, અંગને સ્પર્શીનેજ કલિંગની હદ આવેલી હોવી જોઇએ. એટલે કે અંગની પશ્ચિમ-ઉત્તરે જેમ વત્સ અને કાશી દેશ છે તેમ દક્ષિણ-પૂર્વે કલિંગદેશ આવેલ છે.

(૫) મહાભારતમાં જણાવાયું છે કે દુર્યોધન હસ્તિનાપુરનો અને જરાસંધ મગધનો રાજા છે. પ્રસંગ આવતાં મહારથી કર્ણે યુદ્ધમાં ઝંપલાવ્યું ત્યારે તે કોઇ પ્રદેશનો રાજવી ન હોવાથી જરાસંધે તેની સાથે યુદ્ધ કરવાની સાફ ના પાડી. જે ઉપરથી દુર્યોધને કર્ણને અંગદેશનો સ્વામી બનાવ્યો ને પછી કર્ણ તેની તરફથી જરાસંધ સામે લડયો છે. આ હકીકત બતાવે છે કે હસ્તિનાપુર અને મગધની વચ્ચેજ અંગદેશ આવ્યો છે. પણ જો તે મગધની પેલી પાર પૂર્વમાં હોત તો એનો અર્થ એ થાત કે દુર્યોધનના રાજ્યની બે પટ્ટી વચ્ચે મગધના જરાસંધનું રાજ્ય આવ્યું હતું. જે અસંભવિત જણાય છે.

(૬) ઇતિહાસમા અંગદેશ ચેદીપતિની હકુમતમાં ગણાય છે. ( મારા પ્રા૦ભા. પુ. ૪, ચેદિવંશની હકીકત જુઓ.) આ ચેદિઓના સ્થાન વિષે સ્પષ્ટ નિર્ધાર હજુ કરાયો નથી પરંતુ જનરલ કનિંગહામ જેવા અગ્રગણ્ય પુરાતત્ત્વવેત્તાનું મંતવ્ય છે કે તેઓ મૂળે મહાકોશલના વતની હતા ( પ્રા.૦ભા. પુ. ૧, પૃ. ૧૪૦, ટિ. ૧૨૯ તથા પૃ. ૧૪૨, ટિ ૧૩૧ ) અને પછી ઓરિસ્સાના તરફ આગળ વધ્યા હતા.

(૭) ઉપર પ્રમાણે સાહિત્યિક અને શાસ્ત્રીય પુરાવાઓ ઉપરાંત શિલાલેખીય પ્રમાણો પણ જડી આવે છે. નાનાઘાટ શિલાલેખમાં (પ્રા+ભા. પુ. ૫, પૃ. ૯૦, લેખ નં. ૧) આંધ્રપતિ શાતકરણિની રાણી નાગનિકાએ પોતાના પિતાને ' અંગિય કુલવર્ધન, ત્રણ કિયરો, અને કળલાય મહારથી ' એવાં ત્રણ બિરૂદોથી ઓળખાવ્યો છે. અને ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે જેમ આ બિરૂદધારક મહારથીઓ મહાકોશલ અને વિદર્ભ પ્રાન્તનો હતા તેમ શુંગવ શી સમ્રાટ અગ્નિમિત્રે માલવિકા સાથે લગ્ન કર્યું હતું તે પણ વિદર્ભ દેશના કોઇ સરદાર રાજવીનીજ કુંવરી હતી ( નાગનિકા અને માલવિકા બન્નેનો સમય જેમ લગભગ એકજ છે તેમ ઉચ્ચારમાં પણ સામ્યતા હોવાથી અને તેમના વડીલો એકજ સ્થાનના રહીશ હોવાથી ) સંભવ છે કે એકબીજા વચ્ચે સગપણ સંબંધ પણ હોય. પરંતુ તે પ્રશ્ન અત્રે અસ્થાને છે.

(૮) સ્મારકી પુરાવા તરીકે બીજું એ પણ નોંધી શકાય કે તીર્થંકર ભગવાનને જ્યાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું હોય કે જ્યાં તેમનું નિર્વાણ થયું હોય ત્યાં Topes જેવાં સ્મારકો ઊભાં કરાય છે. તે મુજબ મધ્ય પ્રાન્તમાં ૨૪ મા પ્રભુ શ્રી મહાવીરનો કૈવલ્યપ્રાપ્તિ સ્થાન સૂચવતો ભારહૂત સ્તૂપ ( આ વિષે જુઓ 'જૈન સમ્રાટ સંપ્રતિ' તથા નીચેનો નં. ૯ નો પુરાવો ) પણ જાણે ઝંપા ત્યાં હોવાનું પોકારી રહ્યો છે.

(૯) ઉપરાંત સબળમાં સબળ પુરાવો સમ્રાટ પ્રિયદર્શીના શિલાલેખનો છે. અત્યાર સુધી અશોક અને પ્રિયદર્શીને એકજ માની તેના સર્વ શિલાલેખો બૌદ્ધ સમ્રાટ અશોકના લેખાતા આવ્યા છે પણ હવે તેના સૂક્ષ્મ અભ્યાસથી તે બન્ને રાજવીઓ ભિન્ન પુરવાર થાય છે; એટલુંજ નહિ પણ અશોકની પાછળ તરતજ ગાદીએ આવનાર જૈન સમ્રાટ સંપ્રતિનુંજ ખરૂ નામ પ્રિયદર્શી હોવાનું સાબિત થાય છે.

મતલબ કે પ્રિયદર્શી પોતે જૈન સમ્રાટ હતો. હવે જ્યારે તેણે ચોક્કસ સ્થાનેજ શિલાલેખો અને સ્થંભલેખો કોતરાવ્યા છે, ત્યારે તે સ્થળોની પસંદગી માટે, તેમ અમુક સ્થાને તેણે હસ્તિની આકૃતિ કોતરી છે તે માટે, સબળ કારણ તો હોવુંજ જોઇએ આ મુદ્દાઓનું સમીકરણ કરતાં વર્તમાન ચોવીસીના સર્વ તીર્થંકર મહારાજની નિર્વાણભૂમિ ઉપર તેણે મોટા લેખો કોતરીને હસ્તિની આકૃતિ તેણે પોતાના હસ્તાક્ષર તરીકે મૂકયાનું ગણવું પડે છે. તેથી ફલિત થાય છે કે જેમ પ્રિયદર્શીના કાલ્સી લેખના સ્થાને શ્રી અષ્ટાપદની તળેટી, ધૌલી જાગૌડાના લેખને સ્થાને શ્રી સમ્મેત શિખરજીની તળેટી અને જુનાગઢના લેખને સ્થાને શ્રી રૈવતાચળ–ગિરનારની તળેટી પ્રાચીન સમયે આવી હતી, તેમ મધ્ય પ્રાન્તમાં રૂપનાથ લેખના સ્થાને અંગ દેશની ચંપાનગરી કે તેની પાસેના જે પર્વત ઉપર બારમા તીર્થપતિ શ્રી વાસુ પૂજ્યસ્વામી નિર્વાણ પામ્યા હતા તેની તળેટી હોવી જોઇએ. ( યાદ રાખવાનું છે કે અંગદેશ અને ચંપાપુરીનાં સ્થાન મધ્ય પ્રાન્તમા હોવાનું આપણે આ લેખમાં સાબિત કરી રહ્યા છીએ. અને આ પ્રાન્તમાં રૂપનાથ સિવાય સમ્રાટ પ્રિયદર્શીનો કોઇ શિલાલેખ નથી તેથી રૂપનાથનેજ ચંપાનગરીના સ્થાન તરીકે લેખવો રહે છે. વળી જનરલ કનિંગહામે પણ જાહેર કર્યું છે કે જબલપુરની પાસે પ્રાચીન કાળમાં અતિ મહત્ત્વની કોઇ નગરી હોય, કે જેના અવશેષો બારેક માઇલના વિસ્તારમાં નજરે ચઢે છે. )

ત્યારે ખરી ચંપા મધ્ય પ્રાન્તમાં હોવા છતાં તે ભાગલપુરમાં હોવાની વર્તમાન માન્યતા શી રીતે ઉદ્ભવી ? ઇ. સ. સાતમા સૈકામાં હિંદની યાત્રાએ આવેલ પ્રસિદ્ધ ચીનાઇ યાત્રિક હુએનસાંગે પોતે જોયેલા વિવિધ પ્રદેશોનુ સ્વભાષામાં વર્ણન કર્યું છે. જેના અનેક ભાષાઓમાં અનુવાદ પણ થયા છે. એવો એક અનુવાદ રેવરન્ડ એસ. બીલ. નામના વિદ્વાને કરી, '"રેકર્ડ ઑફ ધી વેસ્ટર્ન વર્લ્ડ "નામે બે અંગ્રેજી ગ્રન્થોમાં

બહાર પાડયો છે. આ ગ્રન્થોમા ૮૦–૧૦૦ માઇલના ભાગલપુર જીલ્લાવાળા પ્રદેશને અંગદેશ અને ચંપાનગરી ઠરાવી દેવાયાં છે. સવાલ એ છે કે અંગદેશને લીધે ચંપાનુ નામાભિધાન થયુ છે કે ચંપા ગામ હોવાથી અંગદેશ[1] તરીકે ઓળખાઇ દેવાયો છે, કે પછી ચીનાઇ ભાષાના ઉચ્ચારોને હિંદી ભાષામાં સામ્ય થતાં ઉતારી દેવાયાં છે. મૂળ લેખકની ભાષાની અનેક પ્રકારની ખૂબીઓથી અનભિજ્ઞ અનુવાદકની કેવી ક્ષતિઓને અનર્થો ઉપજે છે તેનો ખ્યાલ એકજ દૃષ્ટાન્ત ઉપરથી આવી જશે. ગ્રીક ઇતિહાસમાં વર્ણવેલ સેન્ડ્રેકોટસ તે સર વિલિયમ જોન્સ નામના વિદ્વાને હિંદી ભાષામાં તેને મળતા ઉચ્ચારની સામ્યતાને લીધે સેન્ડાશોક–સમ્રાટ અશોકનું ઉપનામ ચંડાશોક હતું, અને યુરોપીઅનોની જીભ સંસ્કૃત મૂળાક્ષર બોલવામાં પૂરેપૂરી ટેવાયેલી ન હોવાથી તેને સેન્ડાશોકને સ્થાને સેન્ડ્રેકોટસ અથવા ચન્દ્રગુપ્ત ઠરાવી દીધો. પરિણામે અંગ્રેજી પદ્ધતિએ ઊભા થયેલ ભારતીય ઇતિહાસમાંથી–સંપ્રતિ મહારાજ ઉર્ફે સમ્રાટ પ્રિયદર્શી કે જેણે જૈનધર્મ ઉપર મહાન ઉપકાર કર્યાનું માનીએ છીએ તેનું નામનિશાનજ ભૂંસાઇ જવા પામે છે. ફાહીયાન, હુએનસાંગ જેવાનાં વર્ણનો ગમે તેટલાં પ્રાચીન તોયે ઇસુની ત્રણથી છ સદીથી વધારે તો નહિજ ને?

એટલે ઉપર દર્શાવ્યા તેવા દોષની શકયતાને બાજુ પર રાખીને ય એટલું તો કબૂલાશે જ કે તપાસની હકીકત બાદ લગભગ

---

૧ 'કોઇ પણ પુરાણા ગ્રન્થમાં આ પ્રદેશને 'અંગદેશ' તરીકે ઓળખાવાયો નથી. માત્ર ચંપા ગામ હોવાથી આ પ્રદેશને 'અંગ' નામે સંબોધાયો સમજાય છે. પં. જયસ્વાલજી રચિત 'હિસ્ટરી ઓફ ઇન્ડિયા'ના પૃ ૩૨–૩૩નાં વર્ણન (જેનો આધાર આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિએ લીધો છે) ઉપરથી પણ તત્સંબંધી પ્રકાશ પડતો નથી જ.'

હજારથી બારસો વર્ષે તેમનું અસ્તિત્વ આવે છે. જેથી તેમનું વચન સોએ સો ટકા સત્ય તો ન જ માની શકાય. વળી તેણે તે પ્રદેશનું નામ અંગદેશ અને રાજધાની ચંપા એટલી હકીકત અને સ્થળ વર્ણન આપ્યું છે. એટલે સંભવ છે કે બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામીની કલ્યાણભૂમિ ચંપાપુરી એ, એ ન પણ હોઇ શકે.

જો બંગાળમાં આવેલ ચંપાપુરીને આપણે બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીની કલ્યાણકભૂમિ માનીએ તો ચરમ તીર્થંકર શ્રી મહાવીરના જીવનકાળ દરમ્યાન વત્સપતિ શતાનિકે અંગદેશના દધિવાહન રાજા ઉપર એક જ રાતમાં જે ચડાઇ કરી [1] ને તેને હરાવી તેની રાજધાની ચંપાનગરીને લૂંટીને, ભાંગીતોડી નાંખી હતી, તથા તેની રાણી ધારિણી અને પુત્રી વસુમતીને [2] કેદ કરી પકડી લઇ ગયો તે બનાવ તો લગભગ ઇ. સ, પૂર્વે ૫૬૦માં બન્યો હતો એટલે કે બન્ને બનાવની વચ્ચે આસરે બારસો વર્ષનું અંતર છે. તે દરમ્યાન શી શી હાલત થવા પામી હશે અથવા બન્ને સમયની ચંપાપુરી એકજ હતી કે કેમ તે સુદ્ધા વિચારવા જ જોઇએ. અત્યારે અપાતી કેળવણીની સાથેના બંધબેસતા તથા તરફેણ કરતા ૯, વિરોધ દર્શક ૩, અને વિવેચનાત્મિક ૩, મળી કુલ ૧૫ પુરાવાથી સાબીત થયું જણાય કે હુએનસાંગના વર્ણનના આધારે મનાતી ભાગલપુરની ચંપા અને શ્રી વાસુપૂજયની કલ્યાણકભૂમિ એવી મધ્યપ્રાન્તમાં રૂપનાથ ખડક પાસેની ચંપાનગરી એ બે ભિન્ન જ છે. એ ચંપા

---

૧ ' इतश्च पूर्व नो सैन्यैः शतानीको निशैकया ।
गत्वा रुणत् पुरीं चंपा झपा समसमागमः ॥ '

( ત્રિ. શ. પૂ. ચ. સર્ગ ૧૦ શ્લોક ૫૧૬)

૨ ' આ વસુમતી પાછળથી ચરમ તીર્થપતિ શ્રી મહાવીરની ચંદનબાળા નામે પ્રથમ સાધ્વી બન્યા છે.

કેવી રીતે અસ્તિત્વમાં આવી અને એ કેટલી સાચી છે એ પ્રશ્ન અત્રે અસ્થાને હોઇ આપણે શ્રી વાસુપૂજયની કલ્યાણકભૂમિનો જ સ્થળનિર્ણય વિચારવાનો હતો, અને પ્રાચીન સમયનાં અંગ અને ચંપાનગરીનાં સ્થાન પૂ. પૂ. મહાકોશલમાં ગણાતાં હતાં, એ ઉપરનાં પ્રમાણોથી સુસ્પષ્ટ જ બને છે: વળી જેમ પ્રિયદર્શી સમ્રાટે ઊભા કરેલ શિલાલેખનો અક્કર અને અકાટય પુરાવો મળી રહે છે તેમ બીજી બાજુએ પણ નગ્નસત્ય છે કે, અનેક સાહિત્યિક પુરાવાઓ અને કાલ્પનિક અનુમાનો કરતાં તો માત્ર એકાદ બે શિલાલેખીય પુરાવા હોય તો પણ તે વિશેષ વજનદાર ગણાય છે. તેમાં અત્રે શિલાલેખીય પુરાવા તો છે જ, તે ઉપરાંત તે પુરાવાને સમર્થન આપતો સ્થળસૂચક અડગ અને અચળ પાર્વતીય ખડક ઊભો ઊભો છડી પોકારતો નજરે પડે છે એટલે તે નિર્ણય નિઃશંક બને છે.

# પ્રકરણ દશમું

## સમકાલિન ભક્ત-રાજાઓ

*

વિષયદર્શન:—આમ તો જૈનધર્મ રાષ્ટ્ર-ધર્મ છે કેમ કે-જેટલા તીર્થંકર થયા, તે તમામ ઉચ્ચ-પ્રકારના શુદ્ધ ક્ષત્રિયવંશમાં પેદા થયા છે તથા તેઓ મહા સામ્રાજ્યના વારસદારો રૂપે હતા. દીક્ષા પછી તેમને માનનારાઓમાં પણ મુખ્યત્વે -મોટામોટા રાજાઓ, બળદેવ, વાસુદેવ તેમજ માંડલિકો વિગેરે હતા. જૈનધર્મના ઉચ્ચ-નિર્મળ સિદ્ધાન્તોને વ્યાપક બનાવવામાં તેમણે સારો ભાગ ભજવ્યો છે, દુનિયાના ચારેય ખૂણામાં વેરાયલાં પડેલાં જૈન સંસ્કૃતિનાં ચિન્હો એ તે જ રાજાઓનાં પ્રયાસનું સુપરિણામ છે. શોધને પરિણામે આજે દુનિયાના ઘણા દેશોમાંથી જૈનધર્મની સાથે ગાઢ સંપર્ક ધરાવતાં ચિન્હો મળી રહે છે. અત્રે પ્રભુ શ્રી મહાવીરના ભક્ત રાજાઓનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧ સમ્રાટ શ્રેણિક :– આ રાજાનું વર્ણન જૈન શાસ્ત્રો ઉપરાંત બૌદ્ધ પિટકો ને ઇતિહાસની સાંકળમાં ગૂંથાયેલું પણ નજરે ચઢે છે.

ઇતિહાસના આધારે મહારાજા શ્રેણિક નાગવંશીય મહારાજા પ્રસેનજિતના પુત્ર તથા સમ્રાટ કોણિકના પિતા થતા હતા. મગધની પાટનગરી રાજગૃહીમાં તેમની રાજ્ય કચેરીઓ હતી. બાલ્યવયે જ શ્રેણિકની પ્રતિભા અને ગુણ–રશ્મિઓથી ઝળકતી તેના ભાવિ રાજવિપદની આગાહી કરતી હતી પ્રારંભમાં રાજા શ્રેણિકના માનસપટે બૌદ્ધધર્મની છાપ પડેલી, પણ પાછળથી પોતાની પટરાણી ચેલણાની અસરથી તે જૈન બનેલા તેમજ ત્યાગમૂર્તિ જૈન સાધુ અનાથી મુનિના સરળ ઉપદેશથી જૈનધર્મ પ્રત્યેની તેમની લાગણીઓ દૃઢ બનેલી. જૈન બન્યા પછી શ્રેણિકે જૈનધર્મના સિદ્ધાન્તોનો વ્યાપક પ્રચાર કરવા માંડયો. તેના પાટવી પુત્ર અને મહામંત્રી અભયકુમારે જૈનધર્મના પ્રતીકોને અનાર્યભૂમિમાં પણ પ્રાઠવવાં માંડયાં. અનાર્ય દેશાન્તર્ગત આર્દ્રકુમારને તેણે તીર્થપતિની પ્રતિમા મોકલેલી. જેથી અનાર્યભૂમિમાં વસતા તે કુમારને ભારતભૂમિ પર પગ માડવાનું તેમજ તેની ઉજ્જવળ સંસ્કૃતિનાં દર્શન કરવાનું દિલ થયેલું ને તે ગમે તે ભોગે ભારતમાં આવીને સાધુ બનેલા, ભગવાન મહાવીર પાસે તેમણે દીક્ષા લીધેલી. સમ્રાટ શ્રેણિક ભગવાન મહાવીરના અનન્ય ઉપાસક હતા પોતાના મનની સઘળી વાતો તે પ્રભુ મહાવીરને કહેતા ને તેનું સમાધાન પામી શાન્તિ અનુભવતા. સમ્રાટ શ્રેણિકમાં શ્રી મહાવીર પ્રત્યેની ભક્તિનો અખંડ નિર્મળ ઝરો વહેતો હતો. નિત્ય પ્રભાતે સોનાના ૧૦૮ અક્ષત (યવ) વડે તે, સ્વસ્તિક રચીને પ્રભુ મહાવીરની દિશામાં વંદન કરતો હતો. આવી ઉત્કૃષ્ટ પ્રકારની ભક્તિ વડે જ તેણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. રાજા શ્રેણિકની પ્રભુ મહાવીર પ્રત્યેની અગાધ ભક્તિની અસર તેના આખાયે રાજકુટુમ્બ પર પડી હતી ને તેથી તેની કેટલીએ રાણીઓ તેમજ રાજકુમારોએ તેની હાજરીમાં જ ભગવાન મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી, સંસાર–ધર્મ ત્યાગ્યો હતો. રાજા

શ્રેણિક જ્યારે જ્યારે પ્રભુ મહાવીરને રાજગૃહમા પધારેલા સાભળતો ત્યારે ત્યારે તેના અંદર-બહારના જીવનમાં એટલો બધો આનંદ પ્રગટી આવતો કે, રાજકાજને ભૂલી તે શ્રી વીરનાં ચરણ તળાંસતો તેમની પ્રતિભાઝરણી વાણીમાંજ લીન બનતો.

**મહારાજા કોણિક:**—આ રાજા પણ મહાન હતો. રાજા કોણિક શ્રેણિકનો પુત્ર થાય. શ્રેણિકની પછી ગાદી તેમને મળેલી. રાજધાની રાજગૃહથી બદલી ચંપામાં રાખેલી. આ રાજાની કીર્તિ ઇતિહાસમાં અમ્મર છે. કોણિક પણ બૌદ્ધ ધર્મની અસર તળે આવેલ ને લાબો સમય એ રીતે ચાલેલું પરન્તુ રાજકાજ હાથમાં લીધા પછી કોણિક જૈનધર્મના દઢાનુયાથી બન્યા હોવાનું 'શ્રી-ઉત્પાદિકા સૂત્ર' આદિથી નજરમાં આવે છે. જૈનશાસ્ત્રોમાં એટલા સુધી લખેલું છે કે, મહારાજા કોણિકે એવી કઠોર પ્રતિજ્ઞા લીધી હતી કે, જ્યાં સુધી ભગવાન મહાવીર ક્યાં બિરાજે છે તેનો સંપૂર્ણ સંદેશો ન મળે ત્યાં સુધી અન્નજળ પણ ન લેવું.

**મહારાજા ચેટક**—ઇતિહાસમા આ રાજાની મહત્તાનુ બ્યાન મળે છે. વૈશાલી એમની રાજધાની. કાશી કોશલાદિ અઢાર દેશના રાજાઓ એમને આધીન હતા. પ્રભુ મહાવીરના તેઓ મામા થાય; ચેટકને સાત સુપુત્રીઓ હતી. ભગવાન મહાવીરના અંતિમ કાલ સમયે ચેટકની આજ્ઞાથી કાશી-કોશલાદિના રાજાઓ મધ્યમા અપાપામા આવે છે એ હકીકત તપાસતાં નક્કી થાય છે કે ચેટક જૈનધર્મપ્રેમી સમ્રાટ હતો.

**રાજા ઉદાયન:**—સિન્ધુ સૌવીર તેમનો દેશ 'વીતભયપટ્ટન તેની રાજધાની. મહાસેનાદિ દશ રાજાઓ રાજા ઉદાયનની છત્રછાયા નીચે વર્તતા હતા દશપુર ( મન્દસોર ) ના ઇતિહાસમા ઉદાયન રાજાના અસ્તિત્વનું સંપૂર્ણ બ્યાન મળી આવે છે. પ્રભાવતી તેમની મહિષી, રાજા ચેટકની તે પુત્રી થાય. પ્રભાવતીમા ધર્મનો સ્નેહ વ્યાપક હતો.

અંતઃપુરે પ્રભુ મહાવીરની મૂર્તિ રાખીને તે હંમેશાં પૂજા સ્તવના કરતી ઉદાયન છેલ્લા રાજર્ષિ. તેમણે પ્રભુ મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરેલી.

**રાજા દશાર્ણભદ્રઃ**—દશાર્ણભદ્ર દશપુરના રાજવી. એક સમયે ભગવાન મહાવીર દશપુર નગરમાં ઉદ્યાનમાં પધારેલા, ત્યારે તેણે ભક્તિ અને ઉત્સાહપૂર્વક એવો સરસ વરઘોડો કાઢેલો કે જોનારને તે ઘડીક સ્થંભાવી દે. વરઘોડામાં વૈભવ જોતાં રાજાને પોતાના વૈભવ અંગે અભિમાન થયું તે અભિમાન નિવારવાનો સયુક્તિક પાઠ તેને સૌધર્મેન્દ્રે સમજાવ્યો ને હળવા હૃદયના રાજા દશાર્ણભદ્રે સાધુવ્રત અંગીકાર કર્યું.

**રાજા ચંડપ્રદ્યોતની** રાજધાની ઉજ્જયિની. તેમની પટરાણી શિવાદેવી, શિવાદેવીના અંતરે પ્રભુ મહાવીરના યશસ્વી જીવન પ્રવાહનાં બહુમાન વિરાજેલાં હતા. ચંડપ્રદ્યોત રાજા હાથીઓનો શોખીન હતો. તેનો 'નલગિરિ' હાથી ઇતિહાસમાં અમર બની ગયો છે, શિવાદેવીના ધર્મસ્નેહની સરળ–છાયા પ્રદ્યોતની માનસ પર પડેલી ને તેનું જીવન પણ જૈનના જીવન જેવું બનેલું.

અંગદેશ, ચંપાનગરી, **દધિવાહન** તેના રાજા. શરૂથી જ આ રાજામાં જૈનધર્મના નિર્મળ સંસ્કારો હતા. તેમની કુમારી વસુમતી, જેણે શ્રી મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી. વસુમતી પાછળથી ચંદનબાળાને નામે પ્રખ્યાત થઈ છે.

પોલાસપુરનો રાજા **વિજયસેન** પણ પ્રભુ મહાવીરનો અનુયાયી હતો. તેની પટરાણી શ્રીદેવી, શ્રી મહાવીરના નિર્મળ વચનો પર અગાધ શ્રદ્ધા ધરાવતી હતી. બાલ્યાવસ્થામાં જ દીક્ષા લેનાર અતિમુક્ત કુમાર તે આ શ્રીદેવીના જ પુત્ર થાય.

**રાજા નંદિવર્ધન** શ્રી મહાવીરના મોટાભાઇ, ક્ષત્રિયકુંડ તેમનું પાટનગર; શ્રી મહાવીરે જે આત્મબળ વડે અંધારે અજવાળાં ફેલાવ્યાં

તે જ પ્રકારનાં આત્મબળની આછી લકીરો વડે તેમણે પ્રજાજીવનમાં સુખશાન્તિનાં બીજ રોપ્યાં.

**શતાનિક રાજા** પ્રભુ મહાવીરનો પરમ ભક્ત હતો. કૌશામ્બીનો તે ધણી. મહારાજા ચેટકની સુપુત્રી મૃગાવતીનો તે સ્વામી. મૃગાવતીના સર્વ વિચારમાં શ્રી મહાવીરે નિર્દેશેલ પરમ તત્ત્વો જ તરતાં હતાં. શતાનિકની બહેન-જયન્તીએ શ્રી મહાવીર પાસે ઉત્તમ દીક્ષા ધર્મ અંગીકાર કરેલો.

રાજા **પ્રદેશી**ના મનમાં પ્રારંભમાં સાધુઓ પ્રત્યે તીવ્ર ઇર્ષ્યાભાવ હતો, પવિત્ર જીવન ગાળતા કેશીશ્રમણની છાયાથી રાજાના અંતરમાં આત્મ-સાધકો પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ થએલો ને તેથી તે શ્રી મહાવીરના ગુણનો પૂજારી બન્યો. રાજ્યની આવકમાનો ચોથો ભાગ તે સત્કાર્યો પાછળ ખર્ચવા લાગ્યો. ઉત્તરાવસ્થામાં તેણે તપમા જીવન શક્તિ ખીલવેલી.

**રાજા વીરાંગ** અને **વીરજસ**—આ બન્ને રાજાઓ પણ વિશ્વોપકારી મહાવીરના પરમ ભક્ત હતા અને તેમણે મોક્ષપદદાયિની દીક્ષા અંગીકાર કરેલી. ( શ્રી સ્થાનાંગ સૂત્ર )

મથુરા નગરીનો રાજા **નમિ**
કલિંગપતિ **કરકંડુ**
પાંચાલપતિ **દુમાઇ** તેમજ

ગાંધાર નરેશ નિગ્ગઇ; આ ચારેય રાજાઓ ભગવાન મહાવીરના ભક્ત હતા. અધ્યાત્મજ્ઞાનના અભ્યાસમાં લીન થતા તેમને વ્યાપક દૃષ્ટિ સાંપડેલી ને ચારેય પ્રત્યેકબુદ્ધના નામથી જૈન શાસનમાં પ્રસિદ્ધ થયા છે. ( શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ ૧૮ )

નાગહસ્તિપુરના રાજા **અદિતશત્રુ**—

ઋષભપુરનો રાજા **ધનબાહુ**—

વીરપુરનો રાજા કૃષ્ણમિત્ર—

વિજયપુર નરેશ વાસવદત્ત—

સૌગન્ધિકાપતિ અપ્રતિહત—

કનકપુર ભૂપાળ પ્રિયચન્દ્ર—

મહાપુરપતિ બલ—

સુઘોષ નગરના રાજા અર્જુન—

ચમ્પાપતિ દત્ત—

સાકેત નરેશ ચિત્રાનન્દી—આ દશ રાજાઓની રાણીઓ તેમજ રાજાઓ પોતે ભગવાન મહાવીરના અનન્ય ઉપાસક હતા, એટલું જ નહિ પણ ઉક્ત રાજાઓના પુત્રોએ યુવાવસ્થામાં સંસાર સુખમાં મસ્ત ન બનતાં, વ્યાપક દષ્ટિબિન્દુ સમજાવતા સાધુધર્મનો સ્વીકાર કર્યો હતો. રાજપુત્રોનાં નામ નીચે પ્રમાણે છે.

સુબાહુ સુવાસવ સહાબલ વરદત્ત

ભદ્રનન્દી મહચન્દ્ર ભદ્રાનન્દી

સુજાત વૈશ્રમણ મહિચન્દ્ર-(વિપાકસૂત્ર, શ્રુ. ૨, અં. એકથીદશ)

મહારાજા હસ્તિપાળ પાવાપુરીના શાસક હતા. તેમના અત્યાગ્રહથી ભગવાન મહાવીરે પોતાનું છેલ્લુ ચોમાસું પાવાપુરીમાં કરેલું ને એજ ચોમાસા દરમ્યાન તેઓ નિર્વાણ પામેલા અને ઇન્દ્રભૂતિ ગૌતમને કેવળજ્ઞાન ઉપજેલુ.

આ સિવાય પણ નાના મોટા દેશોના ઘણા રાજાઓનાં જીવનમાં શ્રી વીરના જીવન પ્રકાશની પ્રતિભા ફેલાણી હતી. તે સમયે નાના—મોટા લગભગ ૧૦૦ રાજાઓનાં રાજ્યમાં શ્રી મહાવીરનો સંદેશો અણમોલ થઈ પડયો હતો.

# પ્રભુ મહાવીરે વહાવેલી જ્ઞાન-ગંગા

દુનિયામાં કોઇ પણ ધર્મ કોઇ પણ ઉદ્દેશ સિવાય પ્રવર્તતો નથી. અને તેથી સામાન્ય રીતે સર્વ આસ્તિક મતોના ધર્મો અમુક ઉદ્દેશથી જ પ્રવર્તેલા છે અને તે બધા આસ્તિકોનો મુખ્ય ઉદ્દેશ જે એક તરીકે મળતો આવે છે. તે બીજો કોઇ જ નહિ પણ મોક્ષ પ્રાપ્તિનો છે. વૈશેષિકો દ્રવ્યાદિ સાત પદાર્થના સાધર્મ્ય વૈધર્મ્યજ્ઞાનને જરૂરી જણાવે છે અને તેનું ફળ મોક્ષ થાય એમ માને છે. નૈયાયિક પણ પ્રમાણ, પ્રમેય આદિ સોળ પદાર્થોના તત્ત્વજ્ઞાનને જરૂરી જણાવી, તેવા તત્ત્વજ્ઞાનથી મોક્ષ થવાનું માને છે. સાંખ્યદર્શન પ્રકૃતિ આદિ પચીસ તત્ત્વોને જાણવાનું જરૂર જણાવી, પ્રકૃતિ અને પુરૂષના સ્વભાવનો ભેદ જાણવાથી મોક્ષ થાય એમ માને છે બૌદ્ધો પદાર્થને સામાન્ય રીતે પ્રાથમિક દૃષ્ટિએ ક્ષણિક મનાવી પછી પરમાર્થથી નૈરાત્મ્યવાદ દાખલ કરી વાસનાના નિરોધને મોક્ષ માને છે. વેદાન્તવાદીઓ આત્માને સ્વતઃ શુદ્ધ સ્વરૂપવાળો માનીને સતી અસતી કે સદસતી એ ત્રણમાંથી એકે રૂપે ન કહી શકાય એવી માયાને વ્યાહવારિક રીતિએ બંધન કરનાર માની આત્માના સ્વરૂપજ્ઞાનથી તે વ્યહવારી બંધનનો નાશ માની મોક્ષ માને છે.

મતલબ એ છે કે પ્રભુ મહાવીરે ઉપદેશેલા ધર્મ સિવાયના આસ્તિક મતો પણ જ્ઞાનથી જ મોક્ષ માને છે. સમયના પડદા પાછળ નજર કરતા શ્રી મહાવીરની નિર્મળ દૃષ્ટિએ કેવળ અજ્ઞાન જ બંધના કારણરૂપ હોવા ઉપરાત અસદ્‌વર્તન પણ સ્પષ્ટ બનેલ, કેમકે સદ્‌વર્તનની વ્યાપક-નિર્મળ દિશામાં જીવનની જીવન્ત શક્તિ વહાવ્યા સિવાય, ગમે તેટલા જ્ઞાનના અવધારકનો પણ નિશ્ચયે ઉદ્ધાર નથી જ થતો. જ્યારે જ્ઞાન અને સદ્‌વર્તનનો સુમેળ સહુ જીવને આનંદની સરણાઇ સૂણાવી, પોતે પણ તેમાં લીન બને છે.

## ભગવાન મહાવીરે જણાવેલ જ્ઞાનની વિશિષ્ટતા

પ્રભુ મહાવીરે સ્નેહ, સત્ય ને સંયમની જે જ્ઞાન-ગંગા ધરાતલે અને જન અંતરે રેલાવી છે, તેના સુમધુર, કલકલ નાદને ઝીલતો જીવાત્મા પોતાના જીવનના જમે-ઉધારના ચોપડા ખુલ્લા દિલથી ખુલ્લા મૂકી દે છે. પરન્તુ જે જીવ વિભુ વીરે વહાવેલ જ્ઞાન-નીરમાં ઝીલ્યા બાદ છૂપા પ્રપંચ ખેલે છે, અથવા મન, વચન અને કાયાના નિર્મળ અધ્યવસાય પૂર્વક જ્ઞાનની ઉપેક્ષા કરે છે. તેને જ્ઞાની હોવા છતાં જ્ઞાનીરૂપે માનવાની નિયમદૃઢ મહાવીરે સાફ 'ના' જણાવી છે. આલસના તખ્તા પર થયેલા ઘણાખરા મહાપુરૂષોએ વ્રતમાં ઢીલાશ ચલાવી જ નથી.

**ज्ञानक्रियाभ्यां मोक्षः**—શ્રાવણ મહિનો છે, સરિતામાં પૂર ઉછળ્યાં છે. સામે તીરે તમારૂં ઘર છે, આ કાંઠે શહેરમાં તમે માલ લેવા આવ્યા છો. તમારે સમયસર ઘેર પહોંચવું છે. આવા કટોકટીના પ્રસંગે તમને તરવાનું જ્ઞાન હોય તો તમે અવશ્ય અફાટ સરિતાપુરમાં ઝૂકાવો અને તરવાના તમારા જ્ઞાનને ક્રિયાની કસોટીમાંથી પસાર કરો. અને જો તમે તારૂ ન હોતો તમને સામે તીર લઈ જનારા ગમે તે સાધનની એકી ટસે રાહ જોઇ રહો. એજ રીતે આપણે આપણું ઘર છોડીને આ સંસાર તીરે સારાસાર રૂપી માલ લેવા આવ્યા છીએ. સામે તીરે આવેલા મુક્તિ મિનારાની વચ્ચે અનેક વિઘ્ન ઊર્મિઓ ઉછાળતો સાગર પથરાયલો છે. આપણે ત્યાં પહોંચવું તો છે જ. ધારો કે તરતાં આવડે છે, તો તેને ક્રિયામાં ઉતારીએ તો જ સફળ થવાય ને? અથવા તરતાં ન આવડતું હોય તો પણ તેનો અભ્યાસ જરૂરી છે, કારણ કે તે સિવાય આપણો ઉગારો થાય તેમ નથી. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' વાળા વાક્યનો પણ આવો જ અર્થ થાય છે. કેવળ જ્ઞાનથી મુક્તિ માનવામાં ઘણી જ નિષ્ક્રિયતા જાગૃત થાય એમ છે, તેમજ કેવળ ક્રિયામાં તમામ શક્તિઓ વેડફવાથી પણ

મુક્તિના ધ્યેયને નથી પહોંચાતું. એક માનવી છે, તેને કવિતાના ઉત્તુંગ શિખરે પહોંચવું છે. તે સંસારની સપાટી પર ઊભો છે ત્યાંથી ગમે તેટલી ઝડપે ચાલ ચાલ કરે તો પણ ધાર્યા સ્થળે ન જ પહોંચી શકે, કારણ કે તેને તે સ્થળે પહોંચવાના માર્ગનું જ્ઞાન નથી. એટલે માનવી માત્રે પોતાના ધ્યેયાનુસાર જ્ઞાન સંપાદન કરવું જોઈએ અને તેની સાથોસાથ ધીમે ધીમે ધ્યેયની દિશામા પગલા ભરવાં જોઇએ કે જેથી તે સફળ થઈ શકે. થોડાક દિવસ પહેલાં અને એક માનવી મળેલો, મેં એનામાં સાહિત્યકારનાં દર્શન કર્યાં. ને પ્રશ્ન કરતાં ખાત્રી થઈ કે જૂના–નવા સાહિત્યનો તે અઠંગ અભ્યાસી હતો. મેં તે ભાઈને પૂછયું, તમે શા માટે કાંઈ લખતા નથી? તેમણે કહ્યું, લખીને શું કરૂં? જાણું છુ એટલું થોડું છે. મેં કહ્યુ, 'ભાઈ, ગમે તે વિષયનો ગમે તેવો અભ્યાસી જો પોતાની જ્ઞાન–પાંખો વડે કાર્ય–ગગને ઉડ્ડયન નહિં આદરે તો જગતથી વિમુખ તે, પોતાની જાતથી પણ વિમુખ રહી, મળેલા જ્ઞાનને નિષ્ક્રિયતાના અરણ્યમા ભેળવી દેશે. આ રીતે જૈનમત જ્ઞાન અને ક્રિયામાં જુદી જુદી મોક્ષ દેવાની શક્તિ હોય તેવો સ્વીકાર કરતો નથી, અથવા તો કેટલીક વ્યક્તિમાં જ્ઞાન મુખ્ય હોય અને ક્રિયા ગૌણ હોય અને કેટલીક વ્યક્તિઓમા ક્રિયા મુખ્ય હોય અને જ્ઞાન ગૌણ હોય તો પણ મોક્ષ થાય એવું પણ સ્વીકારતો નથી. અને આજ કારણથી ભગવાન શ્રી મહાવીરે તત્ત્વ-જ્ઞાનનો પ્રચાર કરતાં ૧ સુય સેય, ૨ શીલ સેય, ૩ સુય સીલ સેયં. ૪ સીલ સુયં સેયં આ ચારે પ્રકારનો નિષેધ કર્યો. અર્થાત્ એકલું જ્ઞાન એ પણ શ્રેષ્ઠ નહિ, એકલી ક્રિયા એ પણ શ્રેષ્ઠ નહિ. શ્રુત ગૌણ અને શીલ મુખ્ય એ માર્ગ પણ શ્રેષ્ઠ નહિ, તેમજ શીલ ગૌણ અને શ્રુત શ્રેષ્ઠ એ માર્ગ પણ શ્રેષ્ઠ નહિ, એટલે ચારમાંથી એક પણ પ્રકાર મોક્ષને સાધનારો નથી.

**શ્રુત અને શીલના પ્રકાર.**—ઉપર પ્રમાણેના પ્રકારોને

અર્થ જણાવી પોતે ચાર પ્રકાર એવા કરે છે કે.—(૧) સદ્વર્તનને શ્રેષ્ઠ જાણે અને માને છતાં સદ્વર્તન કરે નહિ, (૨) સદ્વર્તનને સારી રીતે આચરે ખરો પણ સદ્વર્તનનું સ્વરૂપ જાણે કે માને નહિ. (૩) સદ્વર્તનનું સ્વરૂપ યથાસ્થિત તરીકે જાણે, માને અને સંપૂર્ણ રીતે આચરે અને (૪) ચોથા પ્રકારમાં સદ્વર્તનના સ્વરૂપને જાણે પણ નહિ અને સદ્વર્તન આચરે પણ નહિ આવા ચાર પ્રકારનાં મનુષ્યો સઘળે જોવામાં આવે છે. તેમાં શ્રેષ્ઠ પ્રકારનાં મનુષ્યો ત્રીજા માર્ગને જ અનુસરે છે. કેમકે તેમ કરવાથી દેહ ક્રિયા ને આત્મતત્વનો સાચો સુમેળ સધાય છે. જેની વિકાસ માર્ગમાં અનિવાર્ય અગત્ય વર્ણવવામાં આવી છે. કેવળ દેહ કે ક્રિયાથી શક્તિના પ્રચંડ ઝરાનું ધ્યેયપ્રતિ ગમન ન પણ થાય.

**અહિંસાનો અર્થ**:—અન્ય દર્શનકારોએ પણ અહિંસાનાં ગુણગાન ગાયા છે પણ કેવળ ગુણગાનની પાછળ કચડાતા અહિંસાના આત્માનો ખ્યાલ તેમને આવ્યો જણાતો નથી. જ્યારે જૈન દર્શનમાં અહિંસાના ગુણગાન હોવા ઉપરાંત તેના તલસ્પર્શી વિવેચનને પણ યોગ્ય ન્યાય અપાયો છે. 'હણવાની ભાવનામાંથી વિરમવુ તે અહિસા' આ છે અન્ય દર્શનકારોની 'અહિંસા' વિષેની વ્યાખ્યા; જૈન દર્શને અહિંસાને વ્યાપક અર્થમા ઘટાવી છે. અહિંસાની વ્યાખ્યા ઉપજાવતાં પહેલાં શ્રી મહાવીરે જીવાજીવનો સૂક્ષ્મ અભ્યાસ કરેલો અને છ કાય જીવની માન્યતાને આવકારીને તેમણે પૃથ્વીના તખ્ત પર વસતા જીવોને અહિંસાનો સાચો અર્થ સમજાવેલો. પૃથ્વી–પાણી અગ્નિ વાયુ વનસ્પતિ અને દિગગોચર એમ છ રૂપમાં જીવોનો વાસ છે અને એ છએ રૂપમાં જીવોને પ્રમાણીને સંભાળપૂર્વક શ્વાસોચ્છ્વાસ લેતો માનવી શ્રી મહાવીરને સમજવો જણાય સાથોસાથ એ ધ્યાનમાં રાખવાનું છે કે પૃથ્વી પાણીના જીવની જયણા કરવા જતાં માનવીએ માનવ લોક તરફનો પોતાનો નિર્મળ આદરભાવ ભૂલવાનો નથી.

જૈનો જ્યાં ત્યાં સંભાળથી વર્તતા હોય તો તેનું મુખ્ય કારણ શ્રી મહાવીરે પ્રરૂપેલ છ કાય જીવ પ્રત્યેના અખંડ સ્નેહભાવનું તેમણે કરેલું યોગ્ય મૂલ્યાંકન છે. મન–વચન કે કાયાથી અન્ય જીવના જીવનભાવને દુભવતાં અહિંસાવ્રતનું ખંડન થાય.

મહાત્મા ગાંધીજી આ યુગના અહિંસક; તેમની અહિંસા હજી વ્યાપક નથી બની, નહિતર એક જીવની ખાતર અન્ય જીવની હાનિનું પાતક વહોરવાની વાતને તેઓશ્રી યોગ્ય તરીકે ન જ લેખત. તેમની અહિંસાની વ્યાખ્યા માનવ જીવનમાં સમાય છે. અન્ય મૂંગાં જીવોને અહિંસાનો અમૃત રસ ચાખવાનો અધિકાર નથી શું? શું તેમનો સ્નેહ એટલો રંક છે વિશ્વને જે એક ઘર માને છે, તે તેમાં વસતા નાના મોટા જીવને પોતાના સ્નેહીઓ તરીકે સ્વીકારવાની ભાવના કેળવે તો તેમાં હાનિ જેવું શું છે?

**સુખની સમજ:**—સુખ સંબંધી શ્રી મહાવીરે દર્શાવેલું જ્ઞાન નિર્મળ અને વ્યાપક છે. સ્વતન્ત્રતા એ સુખનુ પ્રથમ કારણ સુખી થનારે પ્રથમ સ્વતંત્ર થવું જોઇએ એક રાષ્ટ્ર જે રીતે અન્ય રાષ્ટ્રના દબાણથી પોતાનો ભૌતિક વિકાસ ન સાધી શકે, તે રીતે જ્યાં સુધી માનવી પોતે પોતાની આસપાસ તરતાં બળોથી સ્વતન્ત્ર સ્નેહ નથી સાધી શકતો ત્યાં સુધી તે સુખનો સ્પર્શ ન પામી શકે. પારગામી હોય તે ખરૂં સુખ. જેમાં આંતરદૃષ્ટિ શોષાય તેને સુખ કહેવા કરતાં મમતાનું પચરંગી વાદળ કહેવાય. સુખ કેવુ હોય? જેના સ્પર્શ માત્રથી માનવીને કાળના અખંડ ઝરણામાં તરતા અખંડ જીવનનું સંગીત સંભળાય તે ખરૂ સુખ. અશાશ્વત બળો દ્વારા જે સાંપડે તે સુખ નહિ પણ સુખની માન્યતા સો કે લાખ કમાઇને કોઇ સુખી બન્યો જાણ્યો નથી. ખરા સુખ માટે તો સંખ્યાસૂચક તમામ આંકડાની સર્વ રમતોથી પર–અંદર બનવું પડે. સંતોષનું સળંગ શ્વેત કિરણ અંતર–આભે ન ઝગ-

કતુ થાય ત્યાં સુધી સાંસારિક વૈભવોના ઢેર વચ્ચે પણ સુખનો પરચો ન થાય.

જે જે સ્થળે શ્રી મહાવીરે સુખ સંબંધી ઉપદેશ આપ્યો છે, ત્યાં તેમણે સુખની વ્યાખ્યા બાંધતાં સમજાવ્યું છે કે, મન, બુદ્ધિ ને ઇન્દ્રિયોના તે તે વિષયોને સાચા ખ્યાલ વગર પોષવાથી જીવનનો વિકાસ માર્ગ રોકાય છે. સાદી સમજ પ્રમાણે માનવી માત્રે જીવન સરિતાના વહેણને ગતિમાં રાખવા માટે મર્યાદાના નિયમોનો સ્વીકાર કરવો જ પડે. અમુક ઉચ્ચ નિયમો વડે જીવનને ખેર વિખેર શબ્દોનું સળંગ કાવ્ય રચાય. નિયમો આધીન થવાથી પરમના સ્નેહનો શુભ સ્પર્શ સાંપડે. મન, બુદ્ધિ ને ઇન્દ્રિયોના તોફાની વેગને શાંત, સુવ્યવસ્થિત અને સુખદ બનાવનારા જે નિયમો શ્રી મહાવીરે સમજાવ્યા છે તે પ્રથમ પ્રયાસે કઠીન જેવા લાગવા છતાં અનુભવે અમૃતભીના જણાયા છે. આજે બધા બહારની ધમાલમાં પડયા છે. બહારથી જ સુખ દુઃખના મૂલ્યાંકન આજે થાય છે. પણ જેટલું બહાર છે, તેટલું જ અંદર છે. અંદરના બળ સિવાય બહારના પદાર્થો ટકે જ શી રીતે ? એક વૃક્ષ જેટલું બહાર હોય છે, તેટલું અંદરનું તેનું જીવન પણ હોય છે. મતલબ-કે બહારના બધા જ દેખાવોને સારા માનીને તેની પાછળ ફના થતા પહેલાં સારાસારનો વિવેક જગવવો જોઇએ. સુખદુઃખ વાદળ જેવાં ગણાય, તેની સામે આત્મભાવ સૂર્યપ્રકાશ તુલ્ય લેખાય, સુખ-દુઃખનાં વાદળ આવે તો આવવાં દેવાં, જાય તો જવાં દેવા, પણ તેનાથી આત્મત્વનો લોપ ન જ થવા દેવો. વાદળ જો કે આત્મત્વની સમીપે આવી ન શકે, પરન્તુ માનવી તે વાદળમાં વિશેષપણે લીન થતાં આત્મભાવમાંથી તે તેટલો નીચે ઊતરે છે.

આત્મા વડો કે શરીર ?—પરમોપકારી શ્રી મહાવીરે ગાયું છે કે, શરીર હતુ ન હતું થશે, ભલ ભલા સમ્રાટો પૃથ્વીને

ઇતિહાસમાંથી ભૂલાઇ ગયા છે.' ચેતો ! દેહ—પુષ્પે આત્મ સુરભિ સંચારો ! જરૂર, શરીર છે તો શક્ય સુગંધી સત્ત્વોને બહાર આણવા જોઇએ. શરીર આધારરૂપ છે. આધારનું જે રીતે સંરક્ષણ કરવું જરૂરી ગણાતું હોય તે રીતે કરવું જોઇએ. શરીરમાંનો આત્મા અનંત સ્વરૂપી છે. શરીર તે આત્માના આધારરૂપ છે, પણ એટલી જ હદ સુધી કે જ્યાં સુધી તે આત્માના ભાવોની દિશામાં વિચરી શકતું હોય. ધારેલા સ્થળે ન પહોંચાડનાર વહાણ જેટલાં જ શરીરનાં માન જળવાય, પણ ક્યારે ? જ્યારે તે રેતીમાં ધમ પછાડા કરી આત્માની અવળી દિશામાં પગલાં ઉપાડે. પ્રત્યેક શરીરીએ પોતાનું ધ્યેય હોય તે જ દિશામાં પગલાં ભરવાં જોઇએ. રોતું બાળક વૈભવના ઢેર વચ્ચેથી પણ પોતાની જનતાની જ દિશામાં દડબડ દડબડ કરતું જાય છે. આ સંસારમાં આપણા ગૌણ હેતુઓ હોય, પણ સર્વ હેતુની આસપાસ સ્નેહ દર્શનનું તત્ત્વ વીંટળાયેલું હોવું જોઇએ. સાગરને મળવા જતી સરિતા, માર્ગમાં આવતાં ખેતરોને પાણી આપે છે, ઉજ્જડ અરણ્યના અંતરને પણ પળની ટાઢક આપે છે તેમ છતાં સાગર મિલનનું પોતાનું ધ્યેય તે જાળવી જ રાખે છે.

શરીર કરતાં આત્મા વડો. શરીર સ્થૂલ છે. આત્મપ્રકાશ સૂક્ષ્મ ગણાય. મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોના અભ્યાસની વરાળના મંધારણ કરતાં પણ આત્માના પ્રકાશનો મોભો ઉચ્ચ, વ્યાપક અને નિર્મળ છે. આત્મા આ બ્રહ્માંડથી પણ વડો ગણાય. શ્રી મહાવીરે આત્મા વડે અનંત જ્ઞાન મેળવ્યું. તેવોજ આત્મા આપણામાં છે. એક સ્થળે ઊભા ઊભા શ્રી મહાવીર અનંતકાળ અને સ્થળની અંદર તેમજ બહારની દશાનું સ્પષ્ટ દર્શન કરી શકતા હતા. કેળવણીથી શરીર કસાય, ચારિત્ર—સંયમથી આત્મા પોતાના અસલ સ્વરૂપમાં ડોકિયાં કરતો થાય. જે કાળમાં આત્મા કરતાં શરીરના શિક્ષણ તરફ એકતરફી ધ્યાન અપાય છે, ત્યારે ત્યારે માનવી પશુ બની જાય

છે. ન્યાય–નીતિની સર્વ માન્યતાઓ તેને અર્થહીન જણાય છે.

સેંકડો વર્ષોથી શ્રી મહાવીર પૂજાય છે. શ્રી મહાવીરના સમયમાં અન્ય માનવો થયા હશે. તેમનું નામ આજે આપણે કેમ જાણતા નથી ? કારણ કે સાચો વિજેતા જ માનવલોકના હૃદય-તખ્તે પોતાનું સ્થાન જમાવી શકે છે. અલેક્ઝાન્ડર ધી ગ્રેટ માટે આજે ઘણાને માન હશે, છતાં માન ધરાવનારની સંખ્યાથી બમણી સંખ્યાના માણસો તેના જ તરફ તિરસ્કાર દર્શાવતા હશે, કારણ કે તેણે આદરેલી જીતનો પ્રકાર જુલ્મભર્યો હતો, અને તેથી જુલ્મગારો તેને પૂજે પણ બીજા ન પૂજે જ્યારે શ્રી મહાવીરે આદરેલી જીતનો પ્રકાર સ્નેહભીનો હતો. દરેકના અંતરમાં સ્નેહ હોય છે અને તેથી દરેક વડે તેઓ પૂજાય છે.

પ્રમાદઃ–પ્રમાદ ન કરવા વિષે શ્રી મહાવીરે તેમના મુખ્ય ગણધર શ્રી ગૌતમને ઉદ્દેશીને ઘણોજ સરસ બોધ વહાવ્યો છે. પળનો પણ પ્રમાદ માનવી પાસે એવાં પાત્રો તૈયાર કરાવે છે, કે જેની છાયામાં તેના કલાકો નિરર્થક જાય. પ્રમાદ એટલે પોતપોતાના હિતાહિત ખ્યાલથી બેપરવા બની પારકાની દુનિયામાં ડોકિયાં કરવા તે; ગૌરવપૂર્વક શરીરની જ દુનિયામાં અથડાવું તે. પળે-પળે માનવી મરે છે. વીતતી પળ પાછી ન જ આવે. પળેપળમાં એવાં બીજ વાવવાં જોઇએ કે જેમાંથી સારાં ફળ ઊગી શકે જ્યારે આજના જન સમાજની પળો કેવળ બહારની દુનિયાનાં અર્થહીન દર્શનમાં વ્યતીત જાય છે. અણુ-મોલ તેમની જીવન શક્તિ કાળના કોરા પટમાં સમાઇ જાય છે. શ્રી મહાવીર કહેતા, ' હે ગૌતમ ! ક્ષણનો પણ પ્રમાદ ન કર. આજે તું જે છે, તે તારીજ એક પળનો આવિર્ભાવ છે. તારે જેવા થવું હોય તેવી રીતે તારી પળને ઘડજે અંદર બહારની જૂઠી મારામારીથી મુક્તિ મેળવી, સમભાવે શુભભાવમાં જીવનમાં કરવા જેવાં કાર્યો કરજે. ' શ્રી વીરનો આ બોધ બધાને લાગુ પડે તેમ છે.

જગત આજે જે રૂપમાં છે, તે રૂપ તેનાજ ઘડવૈયાઓના વિચાર કાર્યના ફળરૂપે છે. જગતના આજના રૂપરંગમાં આવશ્યક પરિવર્તનની જરૂર ઘણા મહાશયોને જણાય છે. રૂપરંગના પલ્ટા કાજે માનવલોકની નસ પારખી, તેને આવશ્યક ઔષધ આપવાની જરૂર છે. અશાંત આજના માનવજગતમાં શાંતિનો સ્નેહભર્યો સૂર રેલાવવાનું પ્રબળ સાધન સાહિત્ય છે. માનવ–જગતની પળનો અભ્યાસીજ આ મહાન કાર્ય કરી શકે છે.

પ્રગતિ.—પ્રગતિ સબંધી વિશ્વોપકારી શ્રી વીરનાં વચનો 'તમે માનતા હશો કે બે રોટલીને બદલે ત્રણ ખાતાં થવાય તે પ્રગતિ, ચાર કલાકને ઠેકાણે સાત કલાકની નિદ્રા લેવાય તે પ્રગતિ, ભર બજારે ગમે તેમ હરાય ફરાય કે ચવાય તે પ્રગતિ; પણ ના! તે પ્રગતિ કહેવાય જ નહિ; આત્માના વિશ્વમય સ્નેહને વ્યાપક બનવા માટે જેટલી ગતિ જે સાધનો દ્વારા મળે તેટલી તેની પ્રગતિ થઈ કહેવાય અને તેમાં સહાયરૂપ નીવડેલા સાધનોને પ્રાગતિક દ્રવ્યો કહી શકાય.'

અણુ–બોમ્બની શોધથી વિજ્ઞાનની પ્રગતિ થઇ માનો, છતાં બહારની પ્રગતિ કયા સુધી? અસીમ આકાશના સ્નેહને માપવા કે પીવા માટે વિજ્ઞાનીઓ કયો બોમ્બ તૈયાર કરશે? અસીમમાં સસીમાકારે સમાઈ જવા માટે કેવળ બાહ્ય પ્રકારની પ્રગતિથી કિં ન વળે. અંતરમા સહાનુભૂતિ અને જ્ઞાનજ્યોત જમાવવી પડે. કેવળ વૈજ્ઞાનિક પ્રગતિથી વિશ્વનાં કેટલાય બળોને અન્યાય થવા સંભવ છે. કેમકે વિજ્ઞાનના સ્થૂલ પ્રકાશની મર્યાદામાં આવતા તમામ પદાર્થોને તે દુનિયાની આગળ રજુ કરશે, પણ જે તેની નજરે નહિ પડે તેમને તો તેનાથી આકરો અન્યાય થવાનોજ છે.

જૂના વિચાર અને નવા વિચાર એ બે બળોની ખેંચતાણુથી આજે દુનિયાનો રથ ચાલે છે. જૂના–નવાનો સમન્વય આજે પહેલી તકે થવો જોઇએ. અર્ધું બળ અધ્યાત્મમાં માને છે, જ્યારે અર્ધાં વિજ્ઞા-

નમાં માને છે. એમ લેખાવું જોઇએ કે વિજ્ઞાન શરીરને લગતું છે અને અધ્યાત્મ આત્માને સ્પર્શે છે. ને પછી બન્નેનો સમન્વય થવો જોઇએ. આખુંયે જૈનદર્શન વિજ્ઞાન અને અધ્યાત્મની સુભગ સમન્વયના પરિપાકરૂપજ છે. ખાનપાનમાં જૈનદર્શને વિજ્ઞાન અને અધ્યાત્મની કવિતા ગૂંથી છે. એટલુંજ નહિ, પણ જીવનના તમામ વર્ગોને તેણે વિજ્ઞાન અને અધ્યાત્મના દ્વિરંગી ચિત્રો વડે અજવાળી દીધા છે.

**સંસારનાં મૂલ્ય:**—આ સંસાર શ્રી મહાવીરની સ્નેહસભર દૃષ્ટિમાં ત્રિઅંકી એક નાટક જેવો હતો. જન્મવું, જીવવું ને જતા થવું એ સંસારના નાટકના ત્રણ અંકો; પ્રેક્ષકો જે હૃદયથી નાટકને આવકારે છે, તેજ હૃદયચક્ષુથી આ સંસાર–નાટકનાં આવ–જા કરતાં પાત્રોને અવલોકવાની શિખામણ શ્રી મહાવીરે આપી છે. કશાને પોતાનું માની, ખભા પર તેનો ખોટો ભાર ઉપાડવાની સલાહ કોઇ પણ મહાપુરૂષે આપણને આપીજ નથી. નાટકનાં પાત્રોમાના ઘણાંને આપણે આપણી સગી આંખે, ઘવાતાં મરતાં જોઇએ છીએ અને તે પ્રસંગે આપણા દિલ દ્રવે છે, પરન્તુ બહાર આવ્યા પછી આપણે તે બધું જ વિસરી જઇએ છીએ. તેજ રીતે આ સંસારના સુખ–દુઃખના જન્માવતા પ્રસંગો ટાણે આપણે વર્તવું ઘટે. પણ કોઇ પ્રશ્ન કરે કે માનવીને તો લાંબા કાળ સુધી સંસારનાં જ સુખ–દુઃખભર્યા વિવિધ પ્રસંગો જોવા પડે છે અને તે પ્રસંગોની સારી–માઠી અસરથી વધવું પડે છે તેનુ કેમ ? સંસારમાં વિવિધ ચિત્રોનાં સર્જન થાય છે, જેવા પ્રકારનું ચિત્ર હોય છે તેવી અસર માનવીના મન પર થાય છે જ. છતાં ભાગ્યે જ કોઇના રસાર્દ્ર હૃદય–ક્ષેત્રે તેની અસરનું તત્ત્વ ચીરંજીવીપણે સામ્રાજ્ય ભોગવતું માલૂમ પડ્યું છે. આવ જા કરનારાં દૃશ્યો પ્રમાણે આપણી આવ–જા નથી જ થતી. દૃશ્યો કરતાં વધારે નક્કર સ્થિર આપણી આંતરિક દુનિયા છે. અને તે આંતરિક દુનિયાનો બોધ કરતાં દિવ્ય તત્ત્વો આપણી પાસે છે તેક.

આપણે સંસાર–નાટકના વિવિધ ભાવો જગવતાં દશ્યોને સોંપાઇ ન જતાં, તેના સારભૂત તત્ત્વો સારવીને વધારે શાંત અને વ્યાપક રીતે જીવવુ જોઇએ.

સંસારમાં માનવીને નડતાં સુખ–દુઃખના પ્રસંગોનું મૂળ કારણ, તે તે પ્રસંગોનો બોજો પોતાના જ શિરે વહોરી લે છે તે છે. નહિતર સૌન્દર્ય શ્રી ભર વસંતની વિદાય વેળાએ માનવ જગતમા શોકનો સાગર શા માટે નથી ઊછળતો ? ને પોતાના ઘરનો એક બિલાડો મરી જાય છે તો માનવીની આંખમાં અશ્રુનાં પૂર કયાંથી આવે છે. એક રીતે માનવી સ્વાર્થી છે ને તેથી તેના સ્વાર્થના પ્રત્યાઘાત રૂપે તે દુઃખનાં સોજામાં સપડાય છે. દુઃખ અનુભવે છે. જ્યારે સર્વમય શ્રી મહાવીર કહેતા, ‘ વિશ્વમાં મળો, વનસ્પતિ ને વાયુના દિલની કવિતા વાંચતા બનો, પૃથ્વીના હૈયે રમતા જીવોથી મૈત્રી સાધો, કોઇથી દૂર ન રહો, જે આત્મધન મળ્યું છે તે છૂટે હાથે વેરો. ’

શ્રી વીરનાં વચન પ્રમાણે પગલાં ભરવાથી આ સંસાર સાથેનો આપણો સંબંધ ઘણો જ સત્ય પ્રકારનો અને વ્યાપક થાય. ફળ ફૂલની જેમ જીવનની આપણી સુગંધી પણ પરની દુનિયાને શાન્ત કરવા ફરતી થાય. અને એ રીતે આપણામાં આત્મ–સંતોષની ઊર્મિઓ આકાર લે. આવાગમનના સ્વભાવવાળા પદાર્થોને પક્કડમાં રાખવાની આપણી હદભરી પ્રવૃત્તિઓને કારણે સંસાર સુખ–દુઃખમય જણાય છે. જતા—આવતાને સ્નેહભીની નજરે આવકાર ને વિદાય આપવાની વૃત્તિઓ આપણા અંતરમાંથી જાગૃત થાય તો સંસારના તખ્તાનું આખુ યે સ્વરૂપ બદલાયલું માલૂમ પડે.

જે ખળભળાટ છે તે માનવ—જગતમાં જ છે. અન્ય પ્રાણીઓની દુનિયામાં તેવું કાંઇ નથી. કારણ ? માનવીને માલિક બનવું છે તેમ તેનાથી થવાતુ નથી, અને તે વગર વાંકે સુખ—દુઃખમાં અદબદે છે. ‘ ત્યાગવાથી જે મળે છે, તે સંચય કરવાથી મળતુ’

નથી.' શ્રી મહાવીરના આ વાકયમાં વિશ્વના અનંત જીવોને અણમોલ સુખની દિશામાં દોરવાની અખૂટ શક્તિ જણાય છે.

સંચય દૃષ્ટિથી સંસાર સારો—નઠારો જણાય, ત્યાગબુદ્ધિને ન સારો કે નઠારો; સંસારમાં કામ કરતાં બે પ્રકારનાં ઉક્ત બળોથી સંસારનું મૂલ્ય પણ તે–તે પ્રકારે અંકાય છે. 'મારૂં–મારૂં' કરનાર સંસારની સુરંગ સર્જે, 'તારૂં–તારૂં' કરનાર સંસારનુ સ્વર્ગ રચે 'મારૂં—તારૂં' કરનાર સંસારમાં સર્વમયતાના સ્વપ્ન સજીવન કરે.

'સુખ ઉપજે તેમ કરો.'! જે સ્ત્રી પુરૂષ નાના કે મોટા નિયમની ભાવનાથી શ્રી મહાવીર પાસે જતાં, તેમને વિશ્વોપકારી એ વીરનો એકજ આદેશ મળતો, 'સુખ ઊપજે તેમ કરો' શ્રી મહાવીરે વ્રત અંગીકાર કરાવવા અંગે કોઇને ય દબાણ કર્યું નથી, તેમનો એકજ નિશ્ચય હતો, 'નાહકનું દબાણ નહિ, પરન્તુ મારા જ જીવનનુ જવલંત ઉદાહરણ દરેકને દિશાસૂચન બદલ પૂરતું થાય એટલે બસ.'

જૈનજગત પ્રભુ મહાવીરનો મોંઘો જીવનનિયમ ભૂલીને આજે મનગમતી રીતે મનમાનતી પ્રવૃત્તિઓ આદરી 'વાહ વાહ' ના સૂરમાં સાચી દિશા વિસરી રહ્યું છે બાહ્યાડબરમાં સત્યનો ભાનુ ઢંકાઇ રહ્યો છે. દબાણથી દીક્ષાના મૂલ્ય ઘટતાં જાય છે. અર્થહીન આંતરકલહથી બીજી દુનિયામા જૈનનું હતું તે વર્ચસ્વ આજે રહ્યું નથી, જૈન ધર્મ પાળતા માનવોમાં આજે કેટલાક શ્રીમંત છે જ્યારે કેટલાકને રોટલાનાં ફાંફાં છે.

'સુખ ઉપજે–નો શ્રી મહાવીરનો અટલ નિયમ આજે જૈન માત્રે અમલમાં આણવો જોઇએ. બહારનાં ખોટાં દબાણો કરતાં, અમૃતમીનું વાતાવરણ તૈયાર કરીને જ જનતાના બળને પોતાની દિશામા આકર્ષી શકાય છે. જ્યારે આપણું આંતરિક બળ ઘટતાં,

પૈસાને જોરે બહારના દેખાવોથી દુનિયાની હરિફાઇમા ટકવાના રંક પ્રયાસો આપણે ત્યાં ચાલુ છે. પણ તેમ કરવાથી આપણું અંતર વધારે ખવાશે. જેવા હોઇએ તેવા જાહેર થઇ જવામાં જ આપણું ભલું છે. બહારની ટાપટીપથી બીજાને અંધારામા રાખવા જતાં, આપણા જ માણસોને આપણા જીવનની જમે—ઉધારની બાબતોનો ખ્યાલ આવતો નથી અને પરિણામે આપણી જ વૃત્તિઓ આપણા અહિતમાં પરિણમે છે.

**દીક્ષાની જરૂર**—મધ્યમા અપાપામા શ્રી મહાવીરે સંઘની સ્થાપના કરી. સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા એ ચાર પવિત્ર બળોનો સંઘ બને. શ્રી મહાવીરે સ્થાપેલ સંઘ આજે પણ મોજુદ છે. જૈન માત્ર સાધુ—સાધ્વી પ્રત્યે આદરની નજરે જુએ કેમકે સાધુ—સાધ્વીનાં જીવન શ્રાવક કે શ્રાવિકા કરતાં ઉચ્ચ પ્રકારનાં હોય. શ્રાવક—શ્રાવિકા ઘરની દિવાલો વચ્ચે રમતા હોય જ્યારે સાધુ—સાધ્વીને આખી દુનિયાનું એકજ ઘર હોય.

વ્યાપક—જીવનની તાલીમરૂપ ' દીક્ષા ' ગણાય. દીક્ષા એટલે સંસારના સ્વાર્થી પણાના વાઘા ઉતારી, પરજનહિતાય શ્વાસોચ્છ્વાસ લેવા તે. જૈન દર્શને દીક્ષાને જે શુદ્ધ અર્થમાં ઘટાવી છે, તેટલો શુદ્ધ અર્થ અન્ય સંપ્રદાયના દીક્ષિતો તરફ નજર કરતા નથી જણાતો. દીક્ષા પછી જૈન સાધુ કે સાધ્વી વિશ્વનું ખરૂં ધન બને. સંસારમાં રહેતાં એટલું શુદ્ધ જીવન ન જીવી શકાય, જેટલું સાધુપણામાં જીવવાનુ શ્રી મહાવીરે ફરમાવ્યું છે કે, ' સાધુ—સાધ્વી પવનની જેમ વિહરે, પંચ મહાવ્રતમા અડોલ અને અટલ રહે. એક આંખે વિશ્વમાં આત્માનાં દર્શન કરે, બીજીએ આત્માને વિશ્વની સુસંગતતાનો તાગ કાઢે. ' ત્યાગ એજ જૈન—સાધુને ઓળખવાનુ પ્રશ્ન ચિન્હ છે. સંસારમા અકળાતા માનવોને ત્યાગનો આદર્શ પહોંચાડવા તેમજ સ્વયં ત્યાગમય જીવન ગાળી, સર્વમય બનવા દીક્ષા અંગીકાર કરે તો તેના જેવું કશુ ય નહિ !

સંસારીને દૃષ્ટિ આપવા શ્રી મહાવીરે દીક્ષાનો સિદ્ધાંત પ્રગટાવ્યો. શ્રાવકો આપે તે પર પેટ ગૂજારો કરીને, અહર્નિશ વિશ્વકલ્યાણનો જાપ જપતાં, તેમજ તે દિશામાં શક્ય પ્રયાસો કરતાં, પંચ મહાવ્રતધારી સાધુઓ કેવળ જૈન સંઘના જ નહિ પણ વિશ્વ આખાના હિતચિંતકો ગણાય.

કોઈ એમ પૂછે કે. ઘરમાં રહીને વિશ્વનું અને આત્માનું ભલું નહિ કરી શકાતુ હોય?

દીક્ષાનો જે આદર્શ છે તેને પ્રગટ કરવા માટેના આવશ્યક બળોમાં સર્વ પ્રથમ દીક્ષિતની દૃષ્ટિ વ્યાપક સ્નેહ સભર અને નિર્મળ અને એવું વાતાવરણ તેની આસપાસ પ્રતિપળે સર્જાવું જોઈએ. હવે જ્યાં સુધી ઘરમાં રહેવાય, ત્યાં સુધી ઉક્ત પ્રકારનું વાતાવરણ સર્જી ન જ શકાય અને દીક્ષાના આદર્શને પ્રગટ કરવાનું બળ હાથ આવે નહિ. દુનિયાને કંઈક આદર્શ પૂરો પાડવાની સાથે સ્વકલ્યાણની જેને તમન્ના હોય છે, તે માનવી ઘરમાં રહેતો હોવા છતાં ઘર મૂકીને અનેકનો બને છે અને મરીને જીવી જાય છે.

દીક્ષા પ્રત્યે આજે ઘણાને અણગમો થાય છે. બારીક તપાસ કરતા જણાયું છે કે, આજની સાધુ સંસ્થામાં કલહ અને માયાનાં વાદળ જામ્યાં છે. જામેલાં વાદળને દૂર કરવાં તે આપણી શ્રાવકોની પણ ફરજ છે. પ્રભુ મહાવીરે સાધુ–સાધ્વીની જવાબદારીનો અમુક અંશ શ્રાવક–શ્રાવિકાના હાથમાં અને શ્રાવક–શ્રાવિકાની જવાબદારીનો અમુક ભાગ સાધુ–સાધ્વીના હાથમાં મૂકીને એવી ગજબ સંઘ વ્યવસ્થા કરી છે કે જો શરમ કે શેહમાં દબાયા સિવાય સૌ પોતપોતાનું કર્તવ્ય બજાવતા રહે તો જૈન સંઘમાં કોઈ કાળે પણ સડો ન પેસે, આજે દરેક પોતાનો ધર્મ ભૂલી, અવળા માર્ગે જવા લલચાય છે ને તેનું પરિણામ વિપરીતજ આવે.

જૈનદર્શનમાં જે પ્રકાશ રેલાય છે તેને પ્રગટમાં લાવવાનો પ્રથમ ધર્મ સાધુ–સાધ્વીનો છે. પવિત્ર ધર્મ ગ્રન્થોમાંથી તારવીને જે સાર સાધુ સાધ્વી જન સમાજમાં વહાવે તે મારફતજ જનતાનું જીવન ઘડાય. દુનિયામાં ત્યાગધર્મની જ્યોત અખંડ રાખવા માટે શ્રી. મહાવીર પોતે ત્યાગી બનેલા અને પોતાના આદર્શ ત્યાગમય જીવનની જ્યોતથી અનેકનાં જીવન–કોડિયે જ્યોત પ્રગટાવી જે આજ પર્યંત જળતી રહી છે અને વર્ષો સુધી અજવાળાં રેલાવતી, ભૂલ્યાને સાચો રાહ દર્શાવતી બની રહેશે.

**જીવનઃ**—જીવન સંબંધી શ્રી મહાવીરનો આદર્શ અનુપમ હતો તેઓ કહેતા, 'માનવીમાં પુરૂષાર્થ વડો છે. પુરૂષ પોતાના પવિત્ર પ્રયાસથી પૂર્વ–પશ્ચિમના ખ્યાલને ભૂલી અનંત સત્યનાં કિરણો ઝીલતો થાય છે. જીવનની સીમાઓને ટૂંકાવવાથી સ્ત્રી કે પુરૂષ દુઃખીજ થાય છે ટૂંકાવવા કે લંબાવવા કરતાં શાંત, સુવ્યવસ્થિત અને સંયમી જીવન વહેણુથી સુખ–દુઃખના ભ્રમ તરતજ ઓગળી જાય છે.'

ભાગ્ય માનવીને ઘડે છે એમ બોલવા કે લખવા કરતાં પુરૂષ ભાગ્યને ઘડે છે એજ વ્યાજબી લખાણ જણાય છે. ઘડભાંગની નીતિથી જીવનના સુરમ્ય સંગીતનો તાલ ભેદાય છે અને તેનો પડઘો જીવનારના અંતરમાં વિઘાતક અસર પહોંચાડે છે. ભૂત–ભાવિ કે સાંપ્રતને સમર્યા વિના સતત ગતિએ નિજમાં મસ્ત રહેવાથી જીવનનો આખરી અણમોલ આનંદ જાગૃત થાય છે.

જીવનમાં બળો અનેક હોય છે. ખાસ બે બળો હોય એટલે બસ. સુદૃઢ શરીર અને અડોલ આત્મા. જૈન દર્શન આ બે બળો સિવાય બીજી વસ્તુઓ ઉપર ખાસ ભાર નથી મૂકતું. આ બે બળોથી જીવનમાં સૂર્યની ગરમી અને ચન્દ્રની અમૃતરંગી શાન્તિ ખીલતી રહે છે. રૂંવાટે–રૂંવાટે સર્વમયતાનો સૂર સરતો થાય છે, આ બે બળો ઉત્પન્ન કરવા માટે શ્રી મહાવીરે 'જીવન વિજ્ઞાન અને અધ્યાત્મ તત્ત્વ

ઉભય સબંધી અણુમોલ બોધ કરેલો. આજે જૈનોમાં ફક્ત બે બળો ખાસ કરીને નથી જણાતાં, અરે! દુનિયાનો ઓછો ભાગ આ બે બળોમાં જીવનની સરિતાના સૂર જગવતો હશે.

સરિતાની જીવનની જેમ આપણે પણ વન–નગરમાંથી પસાર થવું પડે, બન્ને પ્રસંગે સમતોલ માનસ રાખવા આત્મા અને શરીરનાં બળોની જરૂર પડેજ. જીવનનો સળંગ આદર્શ પ્રગટ કરવો હોય તો આત્મા અને શરીર બન્નેનાં આવશ્યક બળોની ઉપેક્ષા ચલાવી ન જ લેવી જોઇએ.

**તપ અને નિર્બળતાઃ**—તપ એટલે ત્રિવિધ તાપને શમાવનાર તત્ત્વ. એકાસણું આયંબિલ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપના પ્રકાર. વિવિધ પ્રકારના તપ વડે શ્રી મહાવીરે આંતર બાહ્ય શત્રુઓના તાપને શમાવ્યા. તપથી શરીરને ઘસારો પહોંચે પણ તે ઘસારાની મરામત સત્યના અણુઓથી થઇ જાય.

જૈનધર્મે તપને મહાત્મ્ય અર્પી જનસમાજમાં ઘાતક નિર્બળતાનો ફેલાવો કર્યો છે. એમ ઘણા ખરા અભ્યાસીઓને બોલતાં મેં સાંભળ્યા છે અને જવાબમાં તેઓને સાફ સાફ સંભળાવી દીધું છે કે, 'આરોગ્ય વિજ્ઞાનની દૃષ્ટિએ પણ તપની ભૂમિકા નક્કર ઠરે છે, તો તે સામે તમારે શું બોલવાનું છે?' જવાબ એજ મળે છે કે, 'તમે જૈનોએ તપને વધારે મહત્ત્વ આપ્યું છે.'

વખત વીતતા જગતને તપનાં મૂલ્ય સમજાશે. જીવવાને ખોરાક-ની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર જીવનને શુદ્ધ બનાવવા કાજે તપની છે. સતત પરિશ્રમ પછી આરામનું જે સ્થાન છે, તે જ સ્થાન આહાર પછી તપનું છે. આ વાત થઇ આરોગ્ય દૃષ્ટિએ તપ કરવાની. એના એકે એક સિદ્ધાન્તની યોજના પાછળ જૈનદર્શનની દૃષ્ટિ સદા ઉચ્ચ અને નિર્મળ રહી છે. કોઇ પણ સિદ્ધાન્તનું વહેણ તેણે અધોભૂમિમાં વળવા દીધું નથી. તે જ રીતે તપના સિદ્ધાન્તને

પણ મુક્તિનું જ ધ્યેય છે. ઉચ્ચગ્રામી ધ્યેયને અંતરમાં જાળવી રાખી, તે દિશામાં કાર્યરત થતો માનવી ધ્યેયને કદાચ ન પહોંચી શકે, તો પણ એ પગથિયાં નીચે પોતાનું સ્થાન નિયત કરી શકે છે,

તપ કરવાથી જીવનમાં એક શક્તિ ખીલે છે. જે શક્તિના નિર્મળ શાંત પ્રભાવથી શ્રી મહાવીર ચંડકૌશિક જેવા દષ્ટિવિષ સર્પને પણ બુઝાવી શકયા, જે શક્તિના અખૂટ પારાવાર બળ સામે સંગમ જેવા દેવો પણ હાર પામ્યા. સર્વ પ્રથમ, તપથી મનોબળ મજબૂત થાય, સંયમની વૃદ્ધિ થાય, સામાન્ય વિચારોમાં ફરતી ઇન્દ્રિયો પવિત્ર વિચારના માર્ગે વળે. પછી અંતરમા સમતાનું બળ ખીલે જે બળથી અન્યમાં પણ સમતા જાળવી શકાય. તે પછી શરીરમાં પ્રચંડ તેજબળ ઉભરાય જેના પ્રભાવથી સૂર્ય, ચન્દ્ર પણ ઝંખવાય. શ્રી મહાવીરે તપનો આદર્શ જીવનમાં ઉતારીને જગતને સાબિત કરી આપ્યું છે કે, તપ નિર્બળતાનું કારણ નહિ, પણ સબળમાં સબળ શસ્ત્ર કરતાં પણ વધારે સબળ છે. આત્મશક્તિને પ્રગટ કરવાનું અજબ ઔષધ છે. નિર્બળ વિચારના માણસો જ તપમાં નિર્બળતાના દર્શન કરી શકે.

**પગે ચાલવાની કળાઃ**—શ્રી મહાવીરે બાર કલાકમાં બહોતેર માઇલ લાંબુ જંગલ પગ પર વટાવેલું. જૈન સાધુ–સાધ્વીઓ પગ પર ચાલે છે. કોઈ પણ સંયોગોમાં વાહનની પરાધીનતા સ્વીકારવાની તેમને શાસ્ત્ર તરફથી મના છે.

પહેલી એપ્રીલ સને ૧૯૪૬ ને દિવસે ગુજરાત મેલ દ્વારા હું અમદાવાદથી મુંબઇ તરફ જતો હતો. નડીઆદ આવતાં ગાડી અટકી. એક ભાઈ અમારા ડબ્બામાં ચઢયા. વાતચીત નીકળતાં તેમણે મને સીધોજ પ્રશ્ન કર્યો, " જૈન સાધુ સાધ્વીઓ આજના વિજ્ઞાનના જમાનામાં પગે શા માટે ચાલતા હશે ? મેં સામો પ્રશ્ન કર્યો, ' તેમને વહનનો સ્વીકાર કરવાની શી જરૂર !'

'ધર્મના સિદ્ધાન્તોના ઝડપી પ્રચાર માટે આજના સાધનોનો ઉપયોગ તમને નકામો લાગે છે શું ?' ભાઇએ આંખો ચોળતાં દલીલ કરી.

'પગે ચાલવાની કળા, જીવનને જેટલું તત્ત્વ પીરસે છે, એથી દશમા ભાગનું સત્વ પણ વાહનના આશ્રયે સાંપડતુ નથી ? સમજો કે એક સાધુને અમદાવાદથી મુંબઇ જવુ છે. ગાડીમાં તેમનાથી બેસાય નહિ. પગે ચાલીને તેઓ નિત્યના ૧૦ માઇલ પ્રમાણે જાય છે. માર્ગમાં આવતાં તમામ દશ્યોનો અભ્યાસ તેઓ કરે છે, ગામડામાં જઇને જનતાને ધર્મનો બોધ આપે છે. જ્યારે તેઓ ગાડીમાં ફરે તો કુદરતના દશ્યોનો અભ્યાસ તેમનાથી ન થાય, ઉપરાંતમાં પગ અને પૃથ્વીના સતત સંપર્ક દ્વારા જન્મતા દિવ્ય છંદથી પણ તેઓ અળગા પડી જાય.' પગે ચાલવાની સાધુની નીતિના બચાવમાં મેં મારા વિચારો જાહેર કર્યા.

'આ તો થઇ બચાવની વાતો, વિજ્ઞાન કે અધ્યાત્મ શાસ્ત્રોની દષ્ટિએ પગે ચાલવાની નીતિનો બચાવ તમે નજ કરી શકો ? ભર્યા મગજમાંથી ભાઇએ અર્થસૂચક પ્રશ્ન કર્યો.'

'વિજ્ઞાનથી સાધુ પર ગણાય, કેમકે દીક્ષા પ્રસંગે શરીરને સાધુ માત્ર પરિત્યાગે છે ને અધ્યાત્મની દુનિયામાં વિહરવાની દઢ પ્રતિજ્ઞા લે છે. અધ્યાત્મની દષ્ટિએ સાધુ–સાધ્વીનું પગે ચાલવું તદ્દન વ્યાજબી અને સુસંગત છે. કેમકે તેનાથી દષ્ટિની વ્યાપકતા અને નિર્મળતાને અવનવા રંગ સાંપડે છે અને ડગલે–પગલે અવનવી દુનિયાનાં દર્શન થાય છે; જીવ માત્ર પ્રત્યેની અસીમ કરુણા જીવનમાં ઉભરાય છે.'

વાતચીતમાં વડોદરા આવ્યું. સામા ભાઇને ત્યાં ઉતરવાનું હતું. મારૂ દષ્ટિબિન્દુ વ્યાજબી જણાતાં મારા આભાર સાથે તેઓ ગાડીમાંથી ઉતર્યા.

વિજય-પરાજય:—દુનિયાના મંચ પર અવનવા પ્રસંગો જન્માવતા, વિવિધ પ્રકારનાં બળો સામે, શ્રી મહાવીરે કાયાનો મોરચો માંડેલો. લાંબાં સાડા બાર વર્ષ સુધી તેમને અંદર-બહારના શત્રુઓ સામે સંગ્રામ ખેલવો પડેલો પણ તેમનો સંગ્રામ ભાલા, બરછી કે તીર કામઠાનો નહોતો, તેમજ મશીનગનો કે તોપમારાનો પણ ન હતો. બહારના માનવોના અસીમ ક્રોધ પ્રત્યે તેમણે અસીમ સ્નેહ વહાવેલો ને તેઓ શાન્ત બનેલા. કામ-ક્રોધાદિ આંતરિક શત્રુઓને તેમણે સત્ય સંયમને શાન્તિના અદ્ભુત શસ્ત્રો વડે પરાજિત કરેલા ને એ રીતે શ્રી મહાવીરે વિશ્વ-વિજેતા બનેલા.

હીટલરને વિશ્વવિજેતા બનવું હતુ પણ તેની મુરાદ પાર ન પડી ને અકાળે તે માર્યો ગયો. તેનું મૂળ કારણ તપાસતાં એજ માલુમ પડે છે કે, વિજેતા બનવાનાં તેનાં શસ્ત્રો લોખંડી હતાં અને બળથી દુનિયાનાં પુષ્પ-કોમળ હૈયાના તખ્તે કોઈ પણ માનવ, સમ્રાટ તરીકે આજ સુધી શોભ્યો નથી અને શોભવાનો પણ નથી આજે અમેરિકી પ્રજા, વિશ્વસમસ્તમા પોતાની પ્રતિભા ફેલાવવા અઢળક દ્રવ્યનો અપવ્યય કરી રહી છે તો પહેલી જુલાઇએ અમેરીકાનાજ વિજ્ઞાનવીરોએ પ્રશાંતના અશાંત-ઊર્મિમય હૈયા પર, ૩૦૦૦૦ ફૂટની ઊંચાઇથી અણુ-બોમ્બ ( Atom bomb ) ખેરવેલો. ખેરવવામાં વિજ્ઞાનીઓનો ઉદ્દેશ જગતની પ્રજાઓને ડારવાનો હતો પણ તેમાં તેઓ જોઇએ તેટલા સફળ ન થયા અને જગતે તેમની હાંસી કરી.

માનવી માત્રને માલિક બનવાના કોડ હોય છે. માલિક તરીકેના સદ્ગુણો ખીલવવાની કોઇનેય ભાવના હોતી નથી.

ભૌતિક જગત પરના વિજયને ' જૈનદર્શન ' ખરા વિજય તરીકે આવકારતું નથી ભૌતિક જગતમા જે બળો પથરાયલાં પડ્યાં છે, તેના

કરતાં અનેકગણું બળોની અનેલી એક બીજી દુનિયા છે. જેનું ખાસ નામ માનસિક દુનિયા ( Mental-world ) જે દુનિયાના પ્રભાવથી ભૌતિક દુનિયામાં અવનવા પલ્ટાઓ આવે છે. પ્રથમ માનસિક દુનિયા પર વિજય મેળવવાનો જૈનદર્શન દરેકને સદ્બોધ આપે છે અને જ્યારે તે દુનિયામા આપણા નામનો વિજયડંકો વાગતો થશે, ત્યારે ભૌતિક દુનિયાને સમજતાં અને તેના ગુપ્ત ભેદો ઉકેલતાં આપણને જરા પણ વાર નહિ લાગે.

બહારના વિજયની ગમે તેટલી કિંમત હોય, છતાં આંતરિક વિજય પ્રાપ્તિ સિવાય બહારના વિજયને પરિણામે મળવી જોઈતી શાન્તિનો અંશ પણ મળતો નથી. માટેજ જગતના મહાજનોએ લક્ષ્મીના મૂળમાં સંતોષ, કામના મૂળમાં સંયમ, ક્રોધના મૂળમાં શાન્તિ આદિ અણુ-મોલ તત્ત્વોની યોજના કરી છે, જ્યાં સુધી માનવીને એકજ દિશાનું જ્ઞાન હશે ત્યાં સુધી તે કોઈ પણ જગતમાં ખરા અધિકાર ભોગવી શકવાનો નથી.

સંયમી શાન્ત અને સુવ્યવસ્થિત માનવ જીવનનો પ્રતિઘોષ, દિશાઓની અશાન્તિ પર કાબૂ જમાવી શકે છે, તેથી ઉલ્ટું અશાંત અને બેબાકળું જીવન દીવાળીના દીવામાંથી આગના કાકડાઓ ઊભા કરવાની અધમ વૃત્તિઓને પોષે છે.

**સમજવા જેવું ? :**—શ્રી મહાવીર નિર્વાણને આજે પાકાં ( વિક્રમ સં. ૨૦૦૪+૪૭૦નું અંતર=સરવાળો ) ૨૪૭૪ વર્ષ થયાં અને તેટલી જ ઉંમર તેમનાં અમૃતઝરતાં વચનોની થઈ. છતાં આજે પણ તેમનાં વચનો જેવાં ને તેવાં મીઠાં અને શાંતિપ્રેરક જણાય છે. એ વચનો તેમણે કેવળ જૈનો માટે કે જગતની કોઈપણ એક પ્રજાના ઉદ્દેશપૂર્વક નહિ, પરન્તુ વિશ્વ સમસ્તના હિતને લક્ષમાં રાખીને જ ઉચ્ચારેલાં છે.

'અહિંસામાં જીવ' એ શ્રી મહાવીરનું પ્રથમ અનુપમ જીવન-વેણુ.

'સત્યમાં રમ!' એ બીજું વાક્ય.

'સંયમનાં ઝરણાં વહાર!' એ ત્રીજું ત્રિલોકવ્યાપી સત્ય.

'જરૂરીઆતોનો ગુલામ ન બન' એ ચોથું વચન.

'જ્યાં જાય ત્યાં,' મારી આંખે ન દેખ એ પાંચમી આજ્ઞા.

શ્રી મહાવીરની ઉક્ત પાંચ આજ્ઞાઓ મન વચન ને કાયાથી જે પાળે તે જૈન જેવું જ જીવન જીવી શકે.